અધ્યાત્મજ્ઞાન દિવાકર યોગનિષ્ઠ, શાસ્ત્રવિશારદ,
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિરચિત

# ભજનપદ સંગ્રહ

## ભાવાર્થ વિવેચન સાથે



વિવેચનકાર:
પ્રશાન્તમૂર્તિ આચાર્યશ્રી કીર્તિસાગરસૂરિજી મહારાજ

મૂલ્ય: રૂા. ૫=૦૦

श्रीमद् बुद्धिसागर सूरीश्वरजी ग्रन्थमाळा ग्रन्थांक ११६

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

अध्यात्मज्ञानदिवाकर योगनिष्ठ शास्त्रविशारद
श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी गुरुभ्यो नमः

# भजन-पद संग्रह

## भावार्थ विवेचन साथे

आ श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ता. क.

लेखक

आत्मगुणद्रष्टा प्रशांतमूर्ति आचार्यप्रवर
**श्रीमद् कीर्तिसागरसूरीश्वरजी महाराज**

प्रकाशक
श्रीमद् बुद्धि-कीर्तिसागरसूरि जैनग्रन्थमाळा
तरफथी
**श्री दलसुखभाई गोवींदजी महेता**
साणंद

किं. ५-०-०

सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

## આ ગ્રન્થ મળવાના સ્થળો :–

**શ્રી. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ**
ઠે. ૩૪૭ કાલબાદેવી **મુંબઈ–૨**

**શ્રી. મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ફીકા સ્ટ્રીટ ગોડીજીચાલ **મુંબઈ-૨**

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર**
**વિજાપુર** (ઉ. ગુજરાત)

**શા.. જશવંતલાલ ગીરધરલાલ**
C/o **જૈન પ્રકાશન મંદિર**
૩૦૯/૪ ડોશીવાડાની પોળ **અમદાવાદ**

**શ્રી. સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. રતનપોળ, હાથીખાના **અમદાવાદ**

**શા. અમૃતલાલ સકરચંદ**
ઠે. ઝવેરીવાડ આંબલીપોળ **અમદાવાદ**

**શ્રી. બુદ્ધિપ્રભા કાર્યાલય**
C/o **પં. શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી**
ઠે. દાદાસાહેબની પોળ **ખંભાત.**

**શ્રી. સોમચંદભાઈ ડી. શાહ.**
જીવનનિવાસ સામે, **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

---


વીર સંવત ૨૪૮૭ ] વિક્રમ સંવત ૨૦૧૮ [ ઈ. સ. ૧૯૬૧

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય,
રતનપોળ, અમદાવાદ.

# બે બોલ

શ્રીઅધ્યાત્મજ્ઞાનદિવાકર યોગનિષ્ઠ, શાસ્ત્રવિશારદ આચાર્ય પ્રવર શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ગુરૂદેવે તેમના જીવન કાળ દરમિયાન ઘણા મૂલ્યવાન સાહિત્યનું સર્જન કર્યું છે તત્ત્વજ્ઞાન, ચરિત્ર, સંશોધન, ઇતિહાસ, યોગ વિ.નું ઝીણીજ વિશદતાથી તેમણે તેમના પુસ્તકોમાં વિવેચન કર્યું છે. ગદ્ય સાહિત્યમાં "કર્મયોગ" એતો તેમનો મુગુટમણિ છે. પણ આ ઉપરાંત વધુ તો તેમને અમર બનાવતા તેમના ભજનો છે. કાફીઓ છે. કવ્વાલીઓ છે.

ઇતર ધર્મના સંત સાધુઓની જેમ આપણા ધર્મમાં, ભજનો વગેરે લખનાર એ સંત સૌ પ્રથમ હતા, આપણા તત્ત્વચિંતનો, તીર્થંકર ભગવંતો, શ્રમણ ભગવંતોની આમ જનતા પણ ગાઈ શકે તેવા ભજનોના ઢાળમાં લખનાર કવિ તરીકે એ અગ્રીમ હતા. ત્યાર પહેલાં તેવા ભજનો આપણને કોઇએ આપ્યા નથી.

તેવા ભજનોના ૧૧ સંગ્રહો તેમણે આપ્યાં છે. અનેકવિધ વિષયનું તેમાં સંકલન થયેલું છે. એક એક ભજન પર કલાકો સુધી ચિંતન કરી શકીએ તેવા અનેક ઉત્તમ ભજનો છે.

અનેકાનેક વિષયોને આવરી લેતા બધાજ ભજનોનો ભાવાર્થ આપવો એ ભગીરથ પ્રયત્ન માંગી લે છે. તેમાં ખાસ કરીને સુબોધ કક્કાવળી કાવ્યોની સર્જનતામાં તો અષ્ટાંગ યોગસાધનાસિદ્ધિનો સાક્ષાત્કાર ને ભાવિ ક્રાન્ત દર્શનના ખજાનાથી ભરપૂર છે.

એ બધા તો નહિ જ પરંતુ વાંચકોને રૂચે, તેઓ તેમની પંક્તિઓને ગણગણ્યા કરે અને આત્માને ઉર્ધ્વગામી બનાવે તેવા કેટલાક પસંદ કરેલા ભજનોનો ભાવાર્થ અમે આપવા એક નમ્ર પ્રયત્ન

કર્યો છે. આશા રાખીએ છીએ કે અમારી આ પસંદગી સૌની પણ પસંદગી બની રહેશે.

આ તો થઈ આ ગ્રંથના લેખન વિષેની વાત. પરંતુ તેના પ્રકાશન અંગેના સાથને સહકાર વિના આ સંગ્રહ પ્રગટ ન જ બન્યો હોત.

આ પુસ્તકના પ્રકાશનનો સૌ પ્રથમ યશ તો ખંભાતના સંઘના ફાળે જાય છે. અમારૂં ત્યાં પ્રથમ ચાતુર્માસ હતું. પૂ. પં. પ્ર. શ્રી મહોદય સાગરજી ગણિવર્યે આ પ્રકાશન માટે પ્રેરણા કરી અને ત્યાંના શેઠ શ્રી મૂળચંદ બુલાખીદાસના ઉપાશ્રયના સંઘે તે વાત સહર્ષ વધાવી લીધી. અને શ્રી સ્તંભનતીર્થ તપગચ્છ જૈન સંઘ તરફથી શ્રી જ્ઞાનખાતાની ઉપજમાંથી રૂપિયા ૭૦૦) આપવાની પહેલ કરી, આ શુભ શરૂઆત ૨૦૧૬ ના કપડવંજના ચાતુર્માસમાં આગળ વધી. શેઠ મીઠાભાઈ ગુલાબચંદના ઉપાશ્રયમાં પણ આ પ્રકાશનને ઉમળકાભેર વધાવવામાં આવ્યું. અને ત્યાંના સુપ્રસિદ્ધ દાનવીર સ્વ. શેઠશ્રી વાડીલાલ મનસુખરામ તરફથી રૂા. ૧૦૦૦) નો સહકાર મળ્યો. તેમજ શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસની પ્રેરણાથી શ્રી દેવકરણ મેન્સન સંઘ તરફથી તથા શેઠશ્રી પન્નાલાલ બી. શાહ (જે. પી.) ની પ્રેરણાથી. શ્રી લુહારચાલ સંઘ તરફથી તેમજ શ્રી ગોડીજી પાર્શ્વનાથ જ્ઞાનોદય સમિતિ તરફથી તથા અન્ય ગામોના શ્રાવકોના નાના મોટા સહકારની નોંધ તો ભુલાય જ કેમ? જે સહાયકોની શુભ નામાવલીમાં નોંધ/યાદી પ્રગટ થવા પામેલ છે.

આમ અનેકના સાથ ને સંગાતથી અમે આ સંગ્રહ આપના કરકમળમાં ધરી રહ્યા છીએ. અમે કંઈ તેના માટે બોલીએ તેના કરતાં આ સંગ્રહ જ વધુ કહેશે.

તા. ૨૮-૫-'૬૧
શંખેશ્વર તીર્થ } લે. આચાર્ય શ્રીકીર્તિસાગરસૂરિ



સદ્ગુરૂદેવના ચરણે



આપશ્રીનું આપેલું આપશ્રીના
પાદપદ્મમાં સમર્પણ.

આપનો
વિનિત કીર્તિસાગરસૂરિ

पुस्तक संग्रहः

# પ્રસ્તાવના

**समुल्लासः**

**जन्मांतर संस्कारात्, स्वयमेव किल प्रकाशते तत्त्वं, ।**
**सुप्तोत्थितस्य पूर्वं, प्रत्ययवन्निरुपदेशमपि ॥**

"જેમ નિદ્રામાંથી ઉઠેલા મનુષ્યને પૂર્વે (સૂતા પહેલાં) અનુભવેલાં કાર્યો ઉપદેશ વિના પણ યાદ આવે છે તેમ જન્માંતરના સંસ્કારવાળા યોગીને કોઈના ઉપદેશ સિવાય સ્વયમેવ તત્ત્વજ્ઞાન પ્રકાશિત થાય છે.

**યોગશાસ્ત્ર**—શ્રીમદ્ હેમચંદ્રસૂરિજી ભારત વર્ષમાં સર્વ દર્શનોમાં સાહિત્યનું ઉચ્ચ સ્થાન છે. સાહિત્ય મનુષ્યને માનવતા શીખવે છે. એટલું જ નહિં પણ નીતિ અને ધર્મને અનુસરતું સાહિત્ય બરાબર અધ્યયન કરવામાં આવે તો તેમાં આવેલી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સંપત્તિએ મનુષ્ય પોતાના જીવનમાં સમન્વિત કરે અથવા દોષ દૃષ્ટિ તજીને ગુણોનો આદર કરે તો મનુષ્ય સંસ્કારી બને છે. સંસ્કાર, જીવનનું ઘડતર કરે છે. અને તે દ્વારા ધર્મબુદ્ધિ જાગ્રત થવાથી આત્મા પોતે પોતાના ગુણોનો વિકાસ કરી આદર્શ મનુષ્ય બને છે.

ખાસ કરીને સાહિત્ય સૃષ્ટિમાં જ્યારે ધાર્મિક ભાવના ઓતપ્રોત થયેલી હોય છે ત્યારે તે સાહિત્ય અનેક આત્મા-

ઓને હિતકર નિવડે છે. સાહિત્યમાં પણ કાવ્ય સાહિત્યનો જીવન સાથે અનંતર સંબંધ હોય છે. કાવ્ય સાહિત્ય લાગણીને સ્પર્શ કરનાર હોઈ એકદમ જીવનને રસમય બનાવે છે. પરંતુ તે સીનેમા કે ભોગવિલાસ વધારનારૂં સાહિત્ય નહિ; જે સાહિત્ય આત્માને કલ્યાણમય પ્રવૃત્તિ તરફ દોરી જાય તે જ સાચું કાવ્ય–સાહિત્ય છે. આવું સાહિત્ય જીવન જીવતાં શીખવે છે; શુભ આચાર, શુભ વિચાર અને વિવેક વધારે છે; ધર્મ બુદ્ધિને જાગૃત કરે છે, પાપો તરફ તિરસ્કાર બતાવે છે. ભોગવિલાસને ભૂલાવે છે; વૈરાગ્ય પ્રકટાવે છે. ચારિત્રને ઘડે છે. મૈત્રી વિગેરે ભાવનાઓ વહેવરાવે છે અને છેવટે આત્માનો ઉત્કર્ષ સાધી પરમાત્મપદ પ્રકટાવે છે.

નૈતિક અને આધ્યાત્મિક કાવ્ય–સાહિત્ય અંતર્મુખ-વૃત્તિ ઉત્પન્ન કરે છે; રાગદ્વેષના પરિણામની મંદતા, દુઃખો સહન કરવાની શક્તિ અને આત્મામાં મનની સ્થિરતા વડે જે જે અંશે સદ્બોધ અને આત્મરમણતા થાય અને મનની એકાગ્રતા થાય તેને–અંતર્મુખ વૃત્તિ કહેવાય છે; જૈન દર્શનમાં પરમાત્માએ, આત્માને તરવાનાં અનેક સાધનો બતાવ્યા છે; તેમાંથી જે સાધનથી સાધ્યનું સામીપ્ય થાય, સાધ્યનું દર્શન થાય અને સ્વ અધિકાર મુજબ સમ્યક્ પ્રકારે નિર્વહન થઈ શકે તે સાધન સાધકને ઉપકારક થાય છે; જ્યાંસુધી સંસારમાં આસક્તિ હોય છે ત્યાંસુધી બાહિ-ર્મુખ વૃત્તિનું વિશેષ પ્રાબલ્ય હોય છે; આત્મજ્ઞાનપૂર્વક

સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ થતાં આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખે છે. અને અંતરાત્મા બની જાય છે; આત્મા ઉપાદાન કારણ છે; સત્સંગ, શાસ્ત્ર, વૈરાગ્યમય ભજન–કાવ્યો નિમિત્ત કારણ છે;—આ રીતે આત્મામાં અંતરાત્મ દશામાં સ્વ–પર વસ્તુનો વિવેક પ્રકટે છે.

દરેક જીવ પોતાના પૂર્વકર્મ વડે પોતાની કાર્ય કરવાની શક્તિ ગર્ભમાંથી જ ઉત્પન્ન કરે છે. તેનું નામ જૈન દર્શનના પારિભાષિક શબ્દમાં "**પર્યાપ્તિ**" કહેવાય છે; પોતાના અમુક શરીરમાં, દેશમાં, કાળમાં કે ભાવમાં રહેવાની મર્યાદા પોતે જ અજ્ઞાતપણે બાંધે છે; જન્મ પછી આ પર્યાપ્તિને વધારવા કે શક્તિઓને ખીલવવા તે સ્વતંત્ર છે; આ મર્યાદા અને શક્તિને સંકુચિત પણ એજ જીવ કરી શકે છે. કર્મના જે જે બંધનો મનુષ્યને નડે છે તે તેણે પોતે જ બાંધેલા છે; એ બંધનોને મજબુત કરવા કે ઢીલા કરવા અથવા તોડવા એ તેના જ હાથમાં છે; કુંભાર જેમ માટી લઈને નવ નવા ઘાટ ઘડે છે, તેમ જીવ પણ કર્મદ્વારા પરિણામે કરી નવા નવા કર્મનો સંગ્રહ કરે છે અને ઘાટ ઘડે છે.

વસ્તુસ્થિતિ આમ હોઈ આ માનવ જીવનમાં આત્માએ શુભ આલંબનો લઈ પ્રગતિમાન થવું જોઈએ; આલંબનોમાં પુષ્ટાલંબન **નવપદજી** છે; તો સામાન્ય આલંબનો રૂપે નૈતિક અને આધ્યાત્મિક ઉપદેશો છે. આવા ઉપદેશોને જન સમાજ સમક્ષ કાવ્યો-ભજનો રૂપે સરળ ભાષામાં અધ્યા-

ત્મજ્ઞાન દિવાકર, સ્વ-પરશાસ્ત્ર વિશારદ, કવિરત્ન, યોગનિષ્ઠ એકસોને આઠ મહાગ્રન્થ પ્રણેતા, મહાન્ વિભૂતિ. સ્વ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ લગભગ બાર મહાકાય વિભાગોમાં રચેલાં છે, જે જનસમાજ સમક્ષ અનેક વર્ષો પહેલાં રજુ થયેલાં છે; આ બાર વિભાગોમાંથી તેમની–ગુરૂવર્યના સંસ્કાર બીજેના વારસાની પ્રતિકૃતિ રૂપે વિચરતા અને સરળ ભાષાથી પ્રવચનો આપતા તેમના જ સંયમી, શાંત અને વૈરાગ્ય વાસિત શિષ્યરત્ન પૂ. આ. શ્રીકીર્તિસાગર સૂરીશ્વરજીએ પ્રથમના બે વિભાગોનું સરળ ભાષામાં વિવેચન કર્યું છે; અને સાથે સાથે અનેક લઘુ-દ્રષ્ટાંતો, તથા કથાઓ આપી વિવેચનને સઘન બનાવેલું છે. તે વિવેચન જનસમાજ સમક્ષ પુસ્તક રૂપે સાદર થાય છે.

**"काव्यशास्त्रविनोदेन, कालो गच्छति धीमताम् "**—

આ સુભાષિત પ્રમાણે સ્વ. પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગર-સૂરિજીએ ભવિષ્યની પ્રજાના ઉપકાર અર્થે પ્રવાહબદ્ધ પુષ્કળ કાવ્યો રચ્યાં છે; પરમાત્મા સાથેના એકતાનથી જેમના હૃદય વીણાના તાર ઝણઝણી ઉઠયાં છે તેમના હૃદયના ગુણગાનથી ઉપજેલું ભવ્ય સંગીત—એ પ્રસ્તુત ભજન સાહિત્ય છે; નરસિંહ, મીરાં, ચિદાનંદ, બ્રહ્માનંદ, કબીર વિગેરે ભક્ત કવિઓએ ઉત્તમ ભજનો જગત્‌ને આપેલાં છે; ઉત્તમ ભજનો સાદાં અને સ્વ:ભાવિક હોય છે; સ્વ. પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરજીના ભજનો આધ્યાત્મિક ઉપદેશ-

મય છે; તેમાં અવલવાણી વાળા પણ ભજનો છે. ભજનોની ધૂનનો જાણે અસ્ખલિત પ્રવાહ વહેતો હોય છે; પ્રસ્તુત ભજનોમાં ભક્તિયોગ, ચારિત્રયોગ, વૈરાગ્યયોગ અને ધ્યાન-યોગ દર્શાવવા સાથે વ્યાવહારિક, નૈતિક, ધાર્મિક સદ્-વિચારોનાં પ્રવચનો-શીખામણો અને આત્મગુણોનાં વિકાસ માટેના પ્રશસ્ત ઉદ્બોધનો છે.

પ્રસ્તુ'ત પુસ્તકમાં શ્રીશાંતિનાથ સ્તુતિ, ચેતનજી ચેતો, કોઈ એક યોગિ વિચારે અનુભવ આત્માનો જો કરે, દુનિયા છે દિવાની રે, પરખી લેજો નાણું રે, ભજન કરી લે ભાઈ રે, ચેતાવું ચેતી લેજો રે, મૂરખ મન મારૂં મારૂં શીદ કરે, નિર્ભય દેશના વાસી રે આતમ, જરા જુઓ અંતરમાં તપાસી રે,--વિગેરે વિગેરે લગભગ સાઠ પદો છે. ભિન્ન ભિન્ન સંગીતના રાગમાં બનાવેલા છે. એમના આબાલ-વૃદ્ધ ઉપયોગી ભજનોના ઉપદેશમય સંગીતનું તાર-લય (Lyric) પૂર્વક ગાન કરવામાં આવે તે માટે સંગીત વિશારદોનું મંડલ ઓરકેષ્ટ્રા રૂપે તૈયાર કરાવી જન-સમાજમાં મૂકવાની, તેમ જ રેકર્ડોમાં ઉતારવાની અને રેડીઓમાં વારંવાર આકાશધ્વનિરૂપે યોજવાની-ખાસ આવ-શ્યકતા માટે જૈન સંઘને નમ્ર સૂચના છે.

'સત્યં શિવં સુંદરં'ની જે વ્યાખ્યા માનવજીવનમાં કરવામાં આવે છે તેવા સાર્થક વિશેષણવાળા, કાવ્ય સૃષ્ટિમાં તેમના ભવ્ય પ્રતિભાવાળા ભજનો છે; તેના નમુના તરીકે અહિં નવ આપવામાં આવે છે.

જીવલડા ઘાટ નવા શીદ ઘડે,
પલકની ખબર તને નહિ પડે. ૧

અર્કતણાં આકુલા જેવાં, તન ધન જોબન છે તેવાં;
બાજીગરની બાજી ફોક, અંતે વણશી જાશે રે. ૨

સોહિ ગુરૂને સોહિ ચેલા હેજી.
બુદ્ધિસાગર તું નિજઘર રમજે, સમજે તેની છે આ વેળા;
અરે આ જીંદગીની મનુષ્યભવની એળે જાય છે રે. ૩

ઘડી ક્ષણ વીત્યો તે તો, પાછો કદાપિ ન આયવે રે; ૪
ચાલ્યા અનંતા ચાલશે જગ, વૃદ્ધ યુવાન નરનાર રે
બુદ્ધિસાગર ચલત પંથે, ધર્મનો આધાર રે. ૫

તીન ભુવનનો સ્વામી આતમ, કાયામાંહિ વસીઓ;
આયુષ્ય અવધિ પૂરી થાતાં, દેહ ગેહથી ખસીઓ; ૬
પાર્શ્વમણિ સમ ધ્યાન તારૂં, સિદ્ધ બુદ્ધતા વરે;
પરંબ્રહ્મ સ્વરૂપ પામી, નામ રૂપ નહિં ધરે. ૭

ક્ષાયિક પંચ લબ્ધિ ભોગી,
યોગી પણ જે સહજ અયોગી;
સ્થિતિ સાદિ અનંત વિલાસી,
આવિર્ભાવે શુદ્ધ પ્રકાશી. ૮

તન મન ધનથી જૈન ધર્મ વૃદ્ધિ કરે,
ગુરૂ આણાએ ધર્મ કરે રૂચિકાર જો;
બુદ્ધિસાગર શ્રાવક એવા પાકશે,
ત્યારે થાશે જૈન ધર્મ ઉદ્ધાર જો. ૯

અધ્યાત્મજ્ઞાનદિવાકર, સ્વ–પરશાસ્ત્રવિશારદ, કવિરત્ન, યોગનિષ્ઠ, એકસો ને આઠ મહાગ્રન્થ પ્રણેતા, મહાન્ વિભૂતિ, સ્વ. પૂ. આચાર્ય ભગવંત **બુદ્ધિસાગરસૂરીશ્વરજી** આપણા સમયની વિશિષ્ટ પ્રકારની વિભૂતિ હતા, **કર્મયોગ, આનંદ ઘન પદ સંગ્રહ ભાવાર્થ** વિગેરે મહાકાય ગ્રન્થો **આત્મપ્રકાશ, યોગપ્રદીપ, આત્મદર્શન ગીતા; પરમાત્મદર્શન, પ્રેમગીતા, અધ્યાત્મગીતા; જૈનોપનિષદ્, તત્વવિચાર, ષડ્દ્રવ્ય વિચાર,** વિગેરે અનેક ગ્રંથોના પ્રખર લેખક, પ્રવાહબદ્ધ શીઘ્ર સંસ્કૃત શ્લોકોના સર્જક, પ્રતિભાશાળી વિવેચક, અને તેવી જ રીતે શીઘ્ર કવિ તરીકેના બાર ભજન પદ સંગ્રહો, **કક્કાવલિ સુબોધ, સાભ્રમતી ગુણશિક્ષણ કાવ્ય, માતૃપિતૃભક્તિ, બાલલગ્ન, સાધર્મિક ભક્તિ,** વિગેરે સંખ્યાબંધ કાવ્યો પ્રકટાવ્યાં છે, એમના જ્ઞાનની અગાધતાનું માપ આપણી અલ્પબુદ્ધિ કરી શકે તેમ નથી જ. ખરેખર અનેક જન્મોની તૈયારી લઈ ને આવેલા તેઓશ્રી મહાન્ યોગી હતા.

શ્રીભજનપદ કાવ્યોમાં આવેલું તેમનું વાક્ય '**રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે**' એ ઉપરથી આપણે તેમનું ભાખેલું ભવિષ્ય સાચું પડેલું જોઈ શકીએ છીએ. તેવી જ રીતે તે મહાન્ યોગીએ **કક્કાવલિ સુબોધમાં ભવિષ્ય ભાખ્યું છે કે—"એકવીસમી સદી માંહિ થાશે યુગ પ્રધાનો મોટા ચાર, એક એકથી મહા ચડીઆતા, જૈન શાસન જગત્**

જયકાર. ''—આ ભવિષ્ય હવે પછી સાચું પડશે જ—એમણે શબ્દસૃષ્ટિ ઉપર પાડેલા સંસ્કારો ચિરંજીવ રહેશે. એમણે ઇંદ્રિયાતીત, પરમ તત્ત્વના ભણકારા ઝીલ્યા છે; સ્વકીય અનુભૂતિથી હૃદયમાંથી કાવ્ય ઝરણાં ઠાલવ્યાં છે, તેથી જ કાવ્યો ભાવપ્રધાન બન્યા છે.

ઉપસંહારમા નિવેદન કરવાનું કે, —**શ્રીભગવતી** સૂત્રમાં શ્રીગૌતમ સ્વામીજીએ પ્રભુની **મહાવીર** સ્વામીને પ્રશ્ન કર્યો કે— **किमियं भंते ! कालोत्ति वुच्चइ ?** ના ઉત્તરમાં જીવ અને અજીવનાં પર્યાય રૂપે નિશ્ચય કાળ છે તેમ–ખુલાસો કરેલ છે.તે એ દૃષ્ટિએ આત્મા અને કાળના પર્યાયો ક્ષણે ક્ષણે (Eneraryiug) પલટાય છે. અનંત-કાળથી આત્માના પર્યાયો ભિન્ન ભિન્ન શરીર અથવા અન્ય રૂપે પલટાતા આવ્યા છે પરંતુ આત્માને કાળ ગ્રસી શક્યો નથી—શકશે નહિ; કેમકે અનંત કાળમાં પણ એકરૂપે રહેલો આત્મા વિશ્વમાં શાશ્વત જીવન અનુભવે છે; **સર એસ રાધાકૃષ્ણનૂ** કહે છે કે—''આપણા કમનસીબનું કારણ એ છે કે આપણે આત્માની વાસ્તવિક્તાને પીછાણી શકતા નથી. માનવી કાંઇ કુદરતની અને સમાજની અસહાય કૃતિ નથી, માનવી આધ્યાત્મિક જીવનનો સંદેશવાહક છે, વિશ્વ ઈતિહાસના નાટકમાં તે અગત્યનો ભાવ ભજવે છે અને પ્રલયની શક્તિને તાબે થયા વિના તે કર્મ કરે છે અને સર્જન કરે છે; આ આધ્યાત્મિક જીવનને માટે અવિશ્રાંત યુદ્ધ ચલાવવાનું છે; કારણ આત્માનું બળ અધ્યાત્મ-

વાદમાં છે" કાકા **કાલેલકર** કહે છે કે—પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી જેમ કાવ્ય-સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાળા સળગાવીએ છીએ તેમ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવવી જોઈએ; જીવન એ પ્રકૃતિ છે અને સંસ્કૃતિ એ તેનો ઓપ છે; જીવ જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે." સ્વામી **વિવેકાનંદ** પણ કહે છે કે,—I was never born yet my briths of breath are as many as waves on the sleepless sea.

અર્થાત્—"હું વાસ્તવિક રીતે અજર અજન્મ છું; પરંતુ સ્થૂલ દૃષ્ટિએ મહાસાગરનાં મોજાં તુલ્ય મારા જન્મ અને મરણ થાય છે." આ રીતે ખરેખર જૈન દ્રષ્ટિએ પણ આત્માનું અનાદિકાલથી અસ્તિત્વ હોવા છતાં તેને જન્મ મરણો, સુખ દુઃખ વિગેરે ધંધો શાથી થયાં કરે છે! તે પ્રશ્નનો ઉત્તર સર્વજ્ઞોએ આપેલ છે; તે એ છે કે વ્યવહારથી શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ ઉપર શ્રદ્ધાબળ કેળવો, નિશ્ચયથી આત્મા અને જડ કર્મ વિગેરે પદાર્થોનું પૃથક્કરણ વિચારો અને સાધ્યદ્રષ્ટિ રાખી શુભ વ્યવહાર અને શુદ્ધ વ્યવહારનો કર્મયોગ કેળવો, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જિનપૂજા, તપ, વ્યાખ્યાન શ્રવણ, સત્સંગ વિગેરે સંસ્કારોવડે આત્માનું ચારિત્રબળ કેળવો, સ્યાદ્વાદમય જિનદર્શનનું સુક્ષ્મ સ્વરૂપ જાણો, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રતનો યથાશક્તિ

વિકાસ કરે. આ તમામ સાધનો આત્માને ચારિત્રબળમાં તૈયાર કરાવવા માટે આરસના પથ્થરને ગોળ બનાવવા તુલ્ય ટાંકણાએ છે. આ રીતે **भावित भावो भवेज्वनेकेषु** એ શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકના વચનાનુસાર અનેક જન્મોમાં ઘડાતાં ઘડાતાં પુણ્યાનુબંધી પુણ્યના ફળો ભોગવતાં, શુભ સંસ્કારોની વૃદ્ધિ થતાં અશુભ સંસ્કારો વિલય થતાં જાય છે; કર્મ ચેતના વડે ફલાભિમુખ થયેલી કર્મફળ ચેતના પ્રસંગે જો જ્ઞાન ચેતના જાગૃત બને તો અનેક કષ્ટ પ્રસંગોમાં આત્મા જાગી ઉઠે છે; અને વિચારે છે કે, આ જગત્‌ની પરિસ્થિતિ નિષ્પ્રયોજન નથી. પરંતુ તેની પાછળ કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરૂષાર્થરૂપ પાંચ કારણો છે; છેક માનવ–જીવનમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જીવનનો હેતુ સ્પષ્ટ થાય છે; શ્રદ્ધાબળ, જ્ઞાનબળ અને ચારિત્ર બળના પુરૂષાર્થ માટે આત્મા તૈયાર થઈ સકામ નિર્જરા કરવા માંડે છે ત્યારે ક્રમે ક્રમે અન્ય કારણો નિર્બળ-ગૌણ બની જાય છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ યોગદષ્ટિ સમુચ્ચયમાં કહેલ છે કે— **भव एव महाव्याधि र्जन्ममृत्यु विकारवान्** જન્મ–મરણરૂપ મહાવ્યાધિમય સંસાર ઉપર કાપ મૂકાતો જાય છે. અને આવાં ભજન–કાવ્યોના વારંવાર શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી ભવની મર્યાદા ટૂંકી થતાં આત્માનો વિકાસ જન્મ–જન્માંતરમાં વૃદ્ધિ પામતો જાય છે અને ક્રમે ક્રમે કર્મથી સ્વતંત્ર રીતે આત્મા મુક્ત થાય છે.

પ્રસંગોપાત જણાવવાનું કે અમોને ૭૬ મા વર્ષે અમારા જીવનની સંધ્યા ટાણે પ્રસ્તુત યથામતિ સમુલ્લાસ લખવા પ્રેરણા કરનાર પૂ. મુનિરત્ન શ્રી દુર્લભસાગરજીનો તેમજ ઉપાદાન કારણ તરીકે પ્રસ્તુત ભજનપદ સંગ્રહના વિવેચકનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અંતિમ નિવેદનમાં મંગલમૂર્તિ સંયમપ્રધાન પૂ. આ. શ્રીકીર્તિસાગરસૂરિજી કે જેમની વિવેચન શક્તિ–એક ખળ-ખળ વહેતા ઝરા સરખી છે, સાધનો, દ્રષ્ટાંતો, અને આત્મવિકાસની ચાવી આપતી રહેલ છે. અને તે પણ ઉંડા આત્મ નિરીક્ષણ પૂર્વક—જેથી

એ સ્વામી વિવેકાનંદના વાકયના સત્ત્વને સાર્થક કરતા તેમના વિવેચનવાળા સંવેદનશીલ ગ્રન્થને ગૃહસ્થાવસ્થામાં રચીપચી રહેલ અમો શું ન્યાય આપી શકીએ? છતાં ઈચ્છીએ છીએ કે-પ્રસ્તુત કાવ્યમય પુસ્તકના વાચનથી અમો અને વાચકો આત્મગુણોનો વિકાસ સાધીએ, સાર ગ્રહણ કરી પૂર્વકાળનાં કર્મોને દૂર કરવા પુરૂષાર્થ પરાયણ બનીએ, આ અમૂલ્ય માનવજન્મમાં મુક્તિમાર્ગની તૈયારી કરી લઈ યથાશક્તિ જીવન–સાર્થક કરીએ અને સમસ્ત જીવરાશિની ક્ષમાપના કરી મિથ્યાદુષ્કૃત દઈ આત્મગુણોનો **સમુલ્લાસ** પ્રાપ્ત કરીએ, એ અંતિમ અભિલાષા સાથે પૂ. ઉ. શ્રી**યશોવિજયજી** મહારાજે કાવ્યરૂપે શ્રી**સીમંધર** પરમાત્મા પાસે જે માગણી કરી છે

તેમાં અમારી માગણીનો અલ્પસૂર પૂરાવી નિવેદન કરીએ છીએ કે—

> મુજ હોજો ચિત્ત શુભ ભાવથી,
> ભવ ભવ તાહરી સેવ રે;
> યાચીએ કોડી યત્ને કરી,
> એહ તુજ આગળ દેવ રે.
> સ્વામી સીમંધરા તું જયો.

મુંબઈ—સં. ૧૯૧૭ શ્રા. સુ. ૮
**પાર્શ્વનાથ** મુક્તિ કલ્યાણુક
મંગલમય તીથિ.

ફતેહચંદ ઝવેરભાઈ




યોગનિષ્ઠ આચાર્ય ભગવંત
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી.

## " શ્રી ૧૦૮ ગ્રન્થપ્રણેતા "

**શ્રી શત્રુજયતીર્થે-શ્રીમદ્ યશોવિજયજી જૈન ગુરૂકુલ સંસ્થાના અભિધાન સંસ્થાપન પૂર્વક પુનરુદ્ધારક, શાસ્ત્ર વિશારદ, યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાન દિવાકર, વિશ્વ-વિરલ-દિવ્ય વિભુતિ' શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની "સંક્ષિપ્ત જીવન જ્યોત પ્રભા"**

તપ ત્યાગ ક્રિયાજ્ઞાન, નિજાત્મ ધ્યાન સાધના,
યોગ અધ્યાત્મ પાંડિત્યે, સર્વસુમત સહિષ્ણુતા.
વિશ્વ બંધુત્વ ઓદાર્ય, નિજાનંદની મસ્તીમાં
ૐ અર્હ નાદે ગર્જતા, બુદ્ધિસાગર સૂરીશ્વરા....

**રસગંગાનાં અવતરણઃ—**

**મહાગુજરાતના** પ્રાચીન નગર વિજાપુરમાં કણબી પટેલ શિવદાસને આંગણે વિ. સં. ૧૯૩૦ ના મહા વદિ ચૌદશ, શિવરાત્રીના રોજ શુભ સ્વપ્ન સૂચિત એક ભાગ્યશાળી બાળકનો જન્મ થયો. તેમની માતાનું નામ અંબા હતું. બાળકનું નામ બહેચર પાડવામાં આવ્યું તેમના બીજાભાઈઓ તથા બહેનો પણ હતાં.

**પુત્રનાં લક્ષણ પારણામાંથી—**

આ બાળક દોઢેક વર્ષનો થયો હતો, ઓતરાચિતરાના તાપ પડતા હતા, શિવદાસ પટેલનું આખું કુટુંબ

"**તળાવડી**" નામના ખેતરમાં કામ કરતું હતું. વગડાનાં આંબાવાડિયાં વીંધીને આવતો ઠંડો શીતળ પવન પીલુડીઓનાં જાળામાં સુસવાટા કરતો હતો. પીલુડીની ઘેરદાર ઘટા નીચે કપડાના ખોયામાં આ બાળક ભર નીંદરમાં ઝૂલતો હતો.

અચાનક માતા અંબાબાઈના મોંમાંથી ચીસ પડી ગઇ. ઓ બાપ રે....અને પૂત્ર વાત્સલ્યભરી આંખો પીલુડીના જાળામાં ઝૂલતા ખોયા પર મંડાઈ રહી. કામ કરતાં બધાં તે તરફ ફરીને ખડાં થઇ ગયાં.

ખરેખર રોમાંચ ઉપજાવે તેવું દૃશ્ય હતું ? એક કાળો ભયંકર સર્પ પીલુડીના જાળામાંથી નીકળી ઝાડ પર ચડ્યો હતો. અને ખોયાના દોરડા સામે વીંટળાઈ ને બાળકના મુખ ઉપર ફેંણ માંડીને મોં આમતેમ ફેરવી ગેલ કરતો લટકી રહ્યો હતો. ગુલાબના ફૂલ જેવું બાળક નિરાંતે ઘોરતું હતું. અરે, એક જ પળની વાર, ને બાળકનો ખેલ ખલાસ હતો ?

માતાના અંતરમાં અગ્નિ ભભૂકી ઉઠ્યો, અને મનમાં આર્થી રહ્યાં હતી કે, હે મા બહુચરા ? મારો બાળુડો હીમખીમ રહેશે તો પાંચ દીવા તને કરીશ ? એક પ્રાણની સામે પાંચ દીવા ? પણ કોણ જાણતું હતું કે, એ જનેતાના અંતરમાં અત્યારે કેટલા દીપકનો અગ્નિ પેટાઈ ચૂક્યો હતો.

**श्रद्धा फलति सर्वत्र, न बलं न दैवतम्**,—થોડી જ વારે, સાપ નીચે ઉતરી ધીરેથી જાળામાં સરી ગયો, અને માતાએ દોડીને બાળકને ઉપાડી છાતી સરસો ચાંપી દીધો.

સાંજની વેળાએ ખેતરથી પાછા ફરતાં, આ શ્રમજી-વીઓની જબાન પર એકજ આશ્ચર્યજનક ચર્ચા હતી. આ ઘટના શિવપૂજક પિતા શિવદાસે એક મહંત મહાત્મા ઈશ્વર-દાસજીને કહી સંભળાવી. મહાત્મા થોડીવાર ગંભીરપણે ચિંતન કરીને ધીરેથી બોલ્યા. "**શિવદાસ" એ તેરા લડકા મહાન ભાગ્યશાળી હૈ ? આગે બડામહાત્મા હોગા.** આ આશીર્વાદ. શિવદાસે ઘેર જઈને કહી સંભળાવ્યા. માતા અને આખું કુટુંબ ખરેખર આ છોકરો ભાગ્યશાળી થશે. એવું સાંભળીને રાજીના રેડ થઈ ગયું. માતા કહેવા લાગી કે એના જન્મ પહેલાં પણ મને સારાં સારાં સ્વપ્નો આવેલાં. જે આપણું ખેતર કોઇ બે દેવતાઈ પુરુષો ખેડતા હતા. અને દિવ્ય બાગ બનાવતા હતા.

લાડકોડે ઉછરી રહેલ અસંસ્કારી કૃષિકારનો આ બાળક પાંચ વરસનો થયો. ત્યારે ત્યાંની ગામઠી શાળામાં ગામની ભાગોળે વિશાળ વડલા હેઠળ, લાકડાની પાટી અને વતરડાંની કલમથી ધુળ વડે એકડો લખતો લખતો આગળ વધે છે. મા શારદાનો, ઉપાસક બની સાધનામાં લયલિન બની જાય છે. નિત્ય દીપક પ્રગટાવી હાથ જોડી પ્રાર્થના કરે છે કે, હે મા, શારદા ! તારા ચરણે મારૂં જીવન ઉજ્જવળ દીપક સમાન બનાવજે, બુદ્ધિ દેજે, બળ દેજે, વિદ્યા દેજે. ?

એ રીતે પહેલી, બીજી, ત્રીજી, દરેક ચોપડીમાં પહેલે નંબરે પસાર થવા સાથે વિદ્યા, વિનય, વિવેકમાં સફળતા મેળવી મહાન વિજેતા બનીને શિક્ષક વિ. નો માનીતો થઈ પડે છે.

લાખ્ખોની કીંમતનો હીરો તેજસ્વી હોય. પણ કોલસાની ખાણમાં જ પડ્યો રહે તો એનાં મૂલ શી રીતે અંકાય ? શિક્ષકની નજર આ બાળક પર ઠરી. અને એનું હૈયું વિદ્યા માટેની એની તાલાવેલી, બુદ્ધિશાળી, વિનમ્રપણે જોઈને હરખ પામ્યું. સમય જતાં વિદ્યાર્થીમાંથી શિક્ષક– વિશ્વાટવીનો વિદ્યાર્થી બની નીકળી પડે છે. દૈવયોગે મહાન તપોનિધિ કરુણાવંત, ક્ષમાભંડાર, વચનસિદ્ધ પૂજનીય, સદ્‌ગુરુદેવ, શ્રીમદ્‌ રવિસાગરજીનાં સંયોગ દર્શનથી આંતરચક્ષુ ખૂલે છે. અને માતાપિતાના પરણાવવાના કોડ અધૂરા મૂકી ત્યાગના મનોરથ સેવે છે. પરંતુ માબાપના વાત્સલ્ય –ઉપકારો સ્મરી તેમના જીવતાં ત્યાગી ન થવા નિશ્ચય કરે છે, અને ત્યાગી થવાની ભાવના દૃઢતર થાય છે. આજીવન બ્રહ્મચર્ય ધારણ કરે છે. અલખના અહાલેક દ્વારા દેવી ગુર્જરીને અર્પાઈ, તેની શહીદી મંજુર કરે છે. નવું નવું જોવા, જાણવા, શીખવામાં, મસ્ત બની રહે છે.

જ્યારે વિ. સં. ૧૯૫૭ માં માતા-પિતા સ્વર્ગપંથે સંચરે છે, ત્યારે સદ્‌ગુરુ ચરણે પહોંચી જઈ ગુરુમંત્ર (દીક્ષા) આપવા વિનવે છે. તેમનાં ત્યાગ, વિરાગ, અને હૃદયની વિશાળતાની ખુશબોએ આકર્ષાઈને પાલણપુરનો શ્રીસમસ્તસંઘ ભવ્ય આડંબરથી હાથીના હોદ્દે સં. ૧૯૫૭ ના માગશર સુદિ ૬ ના રોજ વંદનીય શ્રી તપોનિધિ, શ્રીમદ્‌ રવિસાગરજી મહારાજના પટ્ટશિષ્ય શ્રીસુખસાગરજી મહારાજના પાવન હસ્તે દીક્ષિત બનાવે છે. અને બુદ્ધિના

નિધિ ભંડાર, ખજાના રૂપે સ્વ નામ ધન્યપણે મુનિશ્રી બુદ્ધિસાગરજી નામ સ્થાપન કરવામાં આવે છે.

અને પછી તો આ આત્મકલ્યાણના મસ્ત સાધક, વિશ્વના ખૂલ્લા વિશાળ ક્ષેત્રોમાં, વિશ્વને આત્મકલ્યાણ, અધ્યાત્મ, યોગ, સ્વદેશ, સમાજ, અને સ્વધર્મોન્નતિના કલ્યાણતર માર્ગના પયગામ આપતા ફરે છે.

ગુર્જરગિરાને અન્યસમોવડી ભાષાઓથી ઉન્નતશિરા કરવાના કોડ સેવતા શ્રીમદ્, કલમ, વાણી, અને જીવનનાં પુષ્પચંદન સહિત દેવી ગુર્જરીને અર્પાઈ જાય છે. સર્વ સંપ્રદાયો, વિદ્વાનો અને તત્ત્વચિંતકોને સ્વજ્ઞાનાનુભવથી મુગ્ધ કરે છે.

વિ. સં. ૧૯૬૯ માં ગુરૂદેવ શ્રીમદ્ સુખસાગરજી મહારાજના સ્વર્ગગમન થતાં તેઓશ્રીને આખા સંઘાડા (સંઘાટક–પોતાના શિષ્ય અને ભક્ત પરિવાર)ના રક્ષણ વિકાસની જવાબદારી માથે આવી પડે છે. છતાં આ વીર-યોગી, બધાની અસલિયાત સમજી સ્વ ફરજ ખુબ ચીવટાઇથી અદા કરે છે. પછી તો તેમના અગાધ જ્ઞાનપ્રભાવથી મુગ્ધ બનીને શ્રી. પેથાપુરનો જૈનસંઘ તેમને સં. ૧૯૭૦ માં આચાર્યપદ સાડંબર સમર્પે છે. અને તેમનાં કાવ્ય, ન્યાય, તર્ક, વ્યાકરણ, અષ્ટાંગયોગ, અને અધ્યાત્મવાદની ખુશબો, તેમના ગહન ગ્રન્થો દ્વારા કાશી બનારસ સુધી પહોંચે છે. અને વિદ્વતા જ્ઞાનના રસિયા એવા કાશીના અનેક મહા મહોપાધ્યાયો, અને પંડિતો

તેમને શાસ્ત્રવિશારદના મહાન બીરૂદ ( પદવી )થી સન્માને છે. ધીમે ધીમે જૈનો ઉપરાંત હજારો મુસ્લીમો, અંત્યજો, મીરો, પારસીઓ, બ્રાહ્મણો, પાટીદારો, ભીલ, ઠાકરડા, કોળી. વિગેરે અઢારે આલમ તેમના અનન્ય ભક્ત બની રહેવામાં જીવન સાર્થક સમજે છે.

શ્રીમદ્ પણ પોતાના જ્ઞાનની પરબ કોઈ સંપ્રદાય પૂરતી જ અનામત ન રાખતાં પછી તો વિશ્વ સમસ્તનાં પ્રાણીમાત્ર માટે ખુલ્લી મુકે છે. અને પોતે સર્વના,—વિશ્વના બની, વિશ્વને પોતાનું બનાવે છે

તેઓશ્રીનાં સર્વદર્શન મત સહિષ્ણુતા, ગહન ગ્રન્થા-લેખન, યોગ સાધના સિદ્ધિના પ્રગટ ચમત્કારો, વિદ્વતા પૂર્ણ વ્યાખ્યાનોના પરિમલ ઠેઠ વિદ્વદ્ શ્રેષ્ઠ ગુર્જરેશ્વર શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને મુગ્ધ કરે છે. અને તેઓ શ્રીમદ્‌ને પોતાના મોટા અમલદારોને મોકલી પોતાની પાસે વ્યાખ્યાન આપવા આવવા બહુમાન પૂર્વક આમંત્રણ વિનવે છે. અને લક્ષ્મી વિલાસ રાજ મહાલયમાં એક સુશોભિત ઉંચી પાટ ઉપર તેઓશ્રીને વંદન સહિત બીરાજમાન કરી વિનય પૂર્વક પોતે, પોતાના વિદ્વાન પંડિતો, શાસ્ત્રીઓ, આર્ય–સમાજિષ્ટવક્તાઓ, વેદાંતના જ્ઞાતાઓ, દરબારી અમલદારો, નગરના સંભાવિત સદ્‌ગૃહસ્થો, રાજકુટુંબીક વિગેરે હજારોની માનવમેદનીમાં, **'આત્મોન્નતિ'** એ વિષય પર કલાકો સુધી વ્યાખ્યાન સાંભળે છે.

આર્યત્વની પ્રાચીન પરંપરાના એ પ્રૌઢપૂજારી, વિદ્યા

પ્રેમી, મહારાજા સયાજીરાવ પૃથ્વીની પ્રદક્ષિણા દેનાર હતા. દેશોદેશના પ્રસિદ્ધ વક્તાઓને એણે સાંભળ્યા હતા. ગુજરાતના આ મહાન સંતે, વડોદરા નરેશ, અને સભાજનોને પોતાની પ્રવચન ધારાથી ભીંજવી નાખ્યા, અને યોગસિદ્ધિના અનેક ચમત્કારોના પ્રગટ પ્રભાવથી આકર્ષાઇને મહારાજા હર્ષાન્વિત બની બોલી ઉઠ્યા કે **"આહા ? જો આવા થોડા વધુ સંતો ભારતમાં હોય તો દેશોદ્ધાર ઘણો નજીક આવે."** અને બીજી વાર પુનર્મિલન દર્શનની, આશાથી અદ્ભુત આશ્ચર્ય સાથે સભા વિસર્જન થતાં પોતાનો સાથો સાથ સ્પષ્ટ પણે અભિપ્રાય પ્રગટ કર્યો કે છેલ્લાં હજાર વર્ષમાં ગુજરાતે પ્રકટાવેલાં નરરત્નોમાં ખરેખર શ્રીમદ્‌નું સ્થાન શ્રેષ્ઠ છે. અને ચિરંકાળ અમર રહેશે.

વિશ્વબંધુત્વ, જગતકલ્યાણની ભાવનાભર્યા. ગુર્જરી સ્વદેશના લાડીલા, શુદ્ધ ખાદીધારી, વિરલ વિચારક, આત્મજ્ઞાન સુધારસ, શ્રીમદ્ પોતાનો આત્મસંદેશ આપવા ગુજરાત, મારવાડ, મેવાડ, સૌરાષ્ટ્ર, દક્ષિણ મહારાષ્ટ્ર. વગેરે પ્રદેશમાં વિચરી ઘુમી વળે છે. અનેક વિદ્વાનો, રાજવીઓ, ઠાકોરો, યુરોપિયનો, ક્રિશ્ચિયનો, સમાજીસ્ટો, થીઓસોફીસ્ટો, ધર્માચાર્યો, પંડિતો, મુમુક્ષુઓ. અને દરિદ્ર નારાયણોના હૃદય દ્વારે પહોંચી તેમને પાત્રાનુસાર આત્મજ્ઞાન રસામૃત પાયો છે, અલખની ધૂન મચાવે છે. મહાત્મા ગાંધીજી સાથે સ્વદેશોન્નતિની ગૂઢ વિચારણા

ચલાવે છે. લાલા લજપતરાય પંડિત માલવિયા, જેવાઓ સાથે દેશ અને ધર્મોન્નતિની વિચારણાઓ કરે છે, રાવબહાદુર રણછોડભાઈ ઉદયરામ, શ્રી કેશવ હર્ષદ ધ્રુવ, કવિ સમ્રાટ ન્હાનાલાલ વગેરે જેવા સમર્થ સાહિત્યાચાર્યો સાથે ગુર્જર-ગિરાના ઉત્કર્ષના ઉપાયો ચર્ચે છે. જૈનાચાર્યો, જૈન સાધુઓ અને જૈન નરનારીઓને શ્રી મહાવીરનો સંદેશો સમજાવે છે, અને પોતે સર્વથી અલિપ્ત બની નિજાનંદ મસ્તીમાં વધુને વધુ ડુબતા જાય છે.

સાંપ્રદાયિક ભેદ ભાવની વજ્ર દિવાલો તોડી સર્વ સંપ્રદાયોના પ્રાણસમા આચાર્યો ને ભક્તો સાથે પ્રભુ અને આત્માના અલખ ગાનની ધુન મચાવે છે; શીઘ્ર કવિત્વ શક્તિ, ઉગ્ર તત્ત્વ ચિંતન, સુકુમાર કલ્પના શક્તિ અને, ન્યાયતર્ક યુક્ત શાસ્ત્ર પારગામીપણાથી વિદ્વાનોને ચકિત કરે છે, રાત્રિ-દિવસ શંકા સમાધાન અને સ્વાનુભવજ્ઞાનામૃતની પરબે પોતાની તૃષા છીપાવવા, જીવન માર્ગનાં હજારો રસપિપાસુઓ તૃષાતુર બની આવે છે, અને પોતાની તૃષા છીપાવે છે.

આજીવન વિહાર પર્યટન, સ્થળે સ્થળે ચાતુર્માસો, સાધુઆચાર, અને પોતાના શિષ્ય પરિવારના સંરક્ષક અને ત્યાગી, સંયમી અવસ્થાનાં માત્ર ચોવીસ વરસનાજ કાલાવધિમાં બારસો, હજાર, પાંચસો પૃષ્ઠના ડેમી' સાઇઝના, યોગ, અધ્યાત્મક, ઉપનિષદ, કર્મયોગ, વૈરાગ્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, રાષ્ટ્ર, સદ્બોધ, કુદરત વગેરે ઉપર નાના મોટા

શતાધિક ગ્રન્થો લખી નાખે છે. ભજનોના ભંડાર ખુલ્લા મૂકી દે છે, અને કાવ્યોના કેકારવથી ગુર્જરોદ્યાન ગજવી મૂકે છે. હજારો ભક્ત જિજ્ઞાસુઓ તેમની આસપાસ હંમેશા સ્થળે સ્થળેથી આકર્ષાઈ આવી જ્ઞાનામૃત પિપાસાથી તેમના મુખચંદ્રના ચાતક બનાં રહે છે. અંત્યજોના મહારાજ, મુસ્લિમોના ઓલિયા, હિંદુઓના સંત, જૈનોના ગુરૂ, બાલકોનાબાપજી, અને શિષ્યોના તારક ઉદ્ધારક થઈ પડે છે....સર્વ દર્શનના વિદ્વાનો, રાયને રંક તેમના સહવાસના અભિલાષી બને છે. જાહેર વ્યાખ્યાનોથી જનતાને નવચેતનવંત બનાવે છે. વિમલ છતાં વિદ્યુત્ શક્તિભરી તેમની જીવતી વાણીનો અજબ પ્રવાહ હજારોની શંકા સમાવે છે. નદી, કિનારા, કોતર, ગિરિગુફા અને ભોંયરાંઓમાં અલખની મસ્ત ધુનમાં અષ્ટાંગયોગ આત્મપ્રભુથી એકતા સાધે છે. આઠ મણ વજનનું, બાળ બ્રહ્મચર્યનું જ્વલંત તેજે ઝળહળતું નીરોગી શરીર કલાકો સુધી શીર્ષાસન કે અન્યાસનો કરતું જોનારને એમની આત્મશક્તિ નીરખવાની લહાણુ સાંપડી છે.

તેમણે પ્રથમ ચાતુર્માસ સુરત, પછી પાદરા, વિજાપુર, માણસા, મુંબઇ, વગેરે મળી કુલ ચોવીસ ચાતુર્માસો ભિન્ન ભિન્ન સ્થળે ગાળ્યાં છે. ત્યાં અને ક્ષેત્ર સ્પર્શના યોગે વિહારમાં, પાઠશાળાઓ, ધર્મશાળાઓ, ગુરૂકુળો, દહેરાસરો, બોર્ડીંગો, જ્ઞાન મંદિરો, સેનીટેરિયમો પ્રગટાવ્યા છે. સંઘો કઢાવ્યા છે, ઉજમણાં તથા ઉપધાન તપો કરાવ્યાં છે.

તેમજ ધાર્મિક સામાજીક અને રાજકીય ઉત્કર્ષમાં અપ્રતિહત ઉપદેશ આપતા રહ્યા છે.

## નિઃસ્પૃહીતાનો અજબ ઘડવૈયોઃ—

ગુરૂવર ચારિત્રવિજય આવ્યા, ભાવ્યા સિદ્ધગિરિવર પડછાયા ?
સ્થાપી સંસ્કૃત–પ્રાકૃતશાળા ? ...ત્રિભુવન.૦

ફળ્યું સ્વપ્ન બનારસમાં લાધ્યું, આશા સમમકાન પણ બાંધ્યું,
વિદ્યાર્થી વૃંદ ઠીક ઠીક વાધ્યું ? .... ત્રિભુવન૦

પ્રતિકૂળ સંયોગને રેલવડી, જાણે પાઠશાળા આ બંધ થઈ ?
વિદ્યાવાડી કરમાઈ રહી ? .... ત્રિભુવન૦

અવધુતસૂરિ બુદ્ધિસાગરજી, સંજીવની સંસ્થાને અરપી ?
આજ્ઞા ભક્તોને તુર્ત દીધી. .... ત્રિભુવન૦

જીવનચંદ્ર-લલ્લુભાઈ મળ્યા, કેસરીસુત શ્રોફ ફકીર ભળ્યા,
યશોવિજય ગુરુકુળ નામ ધર્યાં. ... ત્રિભુવન૦

જીવનદાતાસૂરિ બુધ્ધ્યાબ્ધિ, ગુરૂકુળને દ્રષ્ટિ નવિન લાધી,
આજે સિદ્ધિ અજબ ગુરૂકુળ સાધી. .... ત્રિભુવન૦

**(ઉધૃત શ્રી આત્માનંદપ્રકાશ પુસ્તક ૫૪ પેજ ૩૧)**

આજથી પચાસ વર્ષ પહેલાં શ્રીશત્રુંજયગિરિરાજની પરમ પાવનકારી શીતળ છાંયડીમાં સ્વ. મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી (કચ્છી)એ ચારિત્રસંસ્કૃતપ્રાકૃતપાઠશાળા તથા છાત્રાલયની સ્થાપના કરી. આસપાસના ગામડાઓમાંથી વિદ્યાર્થીઓની સંખ્યા થોડીઘણી થવા પામી. અને તેના માટે

એક નાનું એવું મકાન પણ બાંધવામાં આવ્યું. પરંતુ પ્રતિકૂળ સંયોગે હવાના કડાકા ને વીજળીના ભડાકા સાથે એક ઘનઘોર રાત્રે, ધોધમાર વરસાદ પડ્યો. ચારેકોર પાણી પાણી ? જળબંબાકારથી નદીમાં પુર આવ્યા. અને એ પુરના પાણી ગામ ઉપર ફરી વળ્યાં. આખું પાલીતાણા પાણીમાં તણાયું. કાચી માટીનાં મકાન બધાં પાણીમાં ડૂબી ગયાં. બીજનાં કોમળ ફણગા સમાન એ વિદ્યાવેલડીને બચાવી લેવા મુનિરાજે ભારે જહેમત ઉઠાવી. પરંતુ તેમની તબીયત નરમ રહેવા લાગી, અને તે વિદ્યાવાડીનું પ્રાણ પંખેરૂ ઉડી જવારૂપે કરમાઈ પડી ?

એ રોપેલા બીજને સં. ૧૯૭૩ માં પુનઃ સિંચન સાથે પ્રાણ સંજીવની નિઃસ્પૃહી અવધૂત સદ્ગુરૂદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ આપીને **શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ** તરીકે નામની સ્થાપના કરી. અને શેઠ શ્રી. જીવણચંદ ધરમચંદ જે હાલના (પૂ. મુ. શ્રી. જીનભદ્રવિજયજી મહારાજ,) તથા સ્વ. શેઠ શ્રી ફકીરચંદ: કેસરીચંદ શ્રોફ તથા સેવામૂર્તિ અનન્ય ગુરૂભક્તવર્ય શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલને બોલાવીને પ્રેરણા કરી. ગુરૂભક્ત, સેવાભાવી, કર્તવ્ય પરાયણ તે ત્રિપુટીએ સંસ્થાનાં સંગીન વ્યવસ્થા કરીને જવાબદારી સ્વીકારી. તેમજ મુંબઈમાં એક વ્યવસ્થાપક સમિતિ સ્થાપવામાં આવી. સ્થાનિક વ્યવસ્થા ભાવનગરના સ્વ. શેઠશ્રી ગુલાબચંદ આણંદજી સ્વ. શ્રી. વલ્લભદાસ ત્રિભવનદાસ. તથા શ્રી ફતેહચંદ ઝવેરભાઈને સોંપવામાં

આવી. અને ગુરૂકુળની ઉન્નતિ માટેની પુરેપુરી તમન્ના સાથે પ્રેરણાઓ, હૃદયના આશિર્વાદો પૂર્વક જીવનના અંત પર્યંત સહાયક રૂપે જીવનદાતા બન્યા. જે સંસ્થા આજે અજબ સિદ્ધિ સાધી રહેલ છે. સદ્‌ગુરૂદેવ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનાં, એ પરમોપકારની સ્મૃતિ, અખંડ રાખવા તરીકે, ગુરૂકુળ કમીટીએ તેઓશ્રીની પ્રતિમાજીની સ્થાપના કરવાનો ઉચિત નિર્ણય લેવાથી ગુરૂદેવના પરમોપાસક અનન્ય ભક્તવર્ય પાટણ નિવાસી શેઠશ્રી. જેશીંગલાલ જગજીવનદાસ શાહ તરફથી તેમનાં પરમધર્મ સંસ્કારી શ્રદ્ધાવંત ધર્મપત્નિ સ્વ. તારાબેનના સ્મરણાર્થે ભવ્ય મૂર્તિ બનાવરાવવામાં આવી. અને ગુરૂકુળ મધ્યે સં. ૨૦૧૫ ના વૈશાખ સુદિ ૬ ના શુભ મુહુર્તે પૂજ્યપાદ્, પ્રશાન્તમૂર્તિ, આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી આદિ શિષ્ય પ્રશિષ્યોના વાસક્ષેપ પૂર્વક યોગ્ય સ્થાને સ્થાપના કરવામાં આવી છે. અમદાવાદ મધ્યે શેઠશ્રી લલ્લુભાઈ રાયજીભાઈ જૈન બોર્ડીંગ તેમજ વડોદરા મધ્યે શ્રી દશાશ્રીમાળી વણિક બોર્ડીંગની વિગેરે થવા પામેલ અનેકવિધ સ્થાપનાઓ તેઓશ્રીનાં પરમ પ્રેરણાનાં પ્રતિક ફળ સમાન અખંડ વિકાસ સિદ્ધિને પામી રહેલ છે.

આધ્યાત્મજ્ઞાન એ તેમનું મુખ્ય મીશન હોઈ તદર્થે આવશ્યકતા જણાતાં, તેમણે સં. ૧૯૬૪ માં દેશના ખૂણે ખૂણેથી અનેક મુમુક્ષુઓને ભેગા કરી માણસામાં એક "શ્રી **અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ**" ની સ્થાપના કરી હતી.

અને એ મંડળે શ્રીમદ્‌ના તમામ ગ્રન્થો લક્ષાવધિ રૂપીઆ ખરચીને પ્રગટ કર્યા છે. કેટલાક ગ્રન્થોની પાંચ સાત આવૃત્તિઓ થઈ ચૂકી છે. બ્રીટિશ અને વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ કેટલાય ગ્રન્થો મંજુર કર્યા હતા. આ મંડળ અત્યારે પણ સારી રીતે ચાલી રહ્યું છે.

ત્યારબાદ આ સરસ્વતી નંદન પોતાનું '**મીશન**' ચાલુ જ રાખે છે. તેમના સદ્‌બોધેલા અંત્યજો ઉત્તમ આત્મજાગૃત દશા મેળવવા લાગ્યા. મુસલમાનો હિંદુ જેવા બન્યા. દયા, અહિંસાનો ઝંડો ફરકવા લાગ્યો, અને સર્વત્ર તેઓ એક મહાન યોગી, પ્રખર વક્તા, મહાકવિ, સમર્થ શાસ્ત્રવિશારદ, સમયજ્ઞ જૈનાચાર્ય, ગૂઢવિચારક, અનેકવાદી વિજેતા, સબળપરમતસહિષ્ણુ, સ્વપરસમયજ્ઞ, અધ્યાત્મજ્ઞાન સુધારસ, વચન સિદ્ધ, અને સમર્થ પંડિતાચાર્ય તરીકે પ્રસિદ્ધિને પામે છે.

વિજાપુરમાં તેઓશ્રીના ઉપદેશથી એક ભવ્ય પથ્થરનું જ્ઞાન મંદિર થયું છે. જેમાં ધ્યાન માટે ભોંયરા તથા લક્ષાવધિની કિંમતના શ્રીમદે સંગ્રહેલાં ષડ્‌દર્શન, સર્વભાષાનાં છાપેલાં, હસ્તલિખિત, તાડપત્રપરનાં પ્રાચિન અર્વાચિન સહસ્ત્રાવધિ પુસ્તકો સંગ્રહાયેલાં છે. આ સર્વ અણમોલ સંગ્રહ શ્રીમદે વિજાપુરના શ્રીસંઘને સ્વાધીન કરેલ છે. અને તે જ્ઞાનમંદિર દિન પ્રતિદિન વિકાસને સાધવા સાથે તેની બાજુમાં શ્રી અધ્યાત્મ પ્રસારક મંડળીના પ્રકાશન પુસ્તકોનો સંગ્રહ રાખવા માટે ભવ્ય આલિશાન મકાન તૈયાર કરવામાં આવેલ છે.

વિ. સં. ૧૯૮૧ માં શ્રીમદ્ પોતાનાં તમામ પુસ્તકો જલદી પ્રગટ કરવા આતુર જણાયા; અને એક સામટા સત્યાવીશ ગ્રન્થો જુદા જુદા આઠ પ્રેસોને સોંપાયા. તે તમામની પ્રેસ કોપીઓ જોઈ જવી, બીજાઓની મદદથી પ્રૂફો તપાસવાં, પ્રસ્તાવનાઓ લખવી, આ બધું જાતે જ કરતા જાય અને કહેતા જાય કે "**હવે વખત ભરાઈ ગયો છે, મહાપ્રયાણની તૈયારી છે.**" પણ ભક્તો તે સાચું માનતા નહિ. કારણ આ વખતે તો જુદાં જુદાં ક્ષેત્રોના કેટલાય સંઘો, ૧૯૮૧ નું ચાતુર્માસ પોતાના ક્ષેત્રમાં કરવા પધારવાને શ્રીમદ્‌ને વિનંતી કરવા આવ્યા હતા; અને શ્રીમદ્ તો તેઓને કહેતા કે "**ભાઈ? હવે કોણ ચાતુર્માસ કરવાનું છે?**" છતાં આ અલમસ્ત વિશ્વ વિરલ દિવ્ય વિભૂતિ યોગ યોગીશ્વરના શબ્દો તેમને ગળે ન ઉતરતાં. જેઠ મહિનાના આરંભમાં શ્રીમદે સોળ પૃષ્ઠનો એક લાંબો પત્ર પોતાના ચુસ્ત અનન્ય ભક્તાવર્ય પાદરાનિવાસી વકીલ મોહનલાલ હીમચંદભાઈ પર લખ્યો. જેમાં "**મૃત્યુ એ એક ધોરણમાંથી પાસ થઈ ઉપલા ધોરણમાં ચઢવા જેવું, યા તો આત્મોન્નતિક્રમની એક ભૂમિકા ઉપર ચઢવા જેવું છે, હું પરવારી ગયો છું. સમય નિકટ છે, તમો પણ ચેતજો**" (આ પત્ર, પત્ર સદુપદેશ ભાગ ત્રીજામાં છપાયો છે) અને વકીલજી પણ સહકુટુંબ મહુડી તીર્થે–(મધુપુરી–વિજાપુરથી ચાર કોશ) ગુરૂ સેવામાં હાજર થઈ ગયા. મહેસાણા નિવાસી મોહન-

લાલ ભાંખરીઆ (ભાંખરીઆ બ્રધર્સ વાવાળા) પણ સહકુટુંબ સાથે સેવામાં જ રહેવા આવી પહોંચ્યા હતા. જેઠ સુદિ પૂર્ણિમા (સ્વર્ગ ગમન પૂર્વે ત્રણ દિવસ) સુધી તો "કક્કાવલિ" સુબોધ ગ્રન્થ તેઓ લખતા હતા. પોતાના નશ્વર દેહનો ત્યાગ યોગીઓ જ પહેલેથી જાણી શકે છે. બીજને દિવસે તેઓશ્રીએ. (શ્રીમદે) એક વિદ્વાન જોશીને બોલાવીને, રાજયોગ કયારે છે, તે પૂછતાં જેઠ વદી ત્રીજ (બીજે જ દિવસે) સવારે આઠ અને નવ કલાકની વચ્ચે બતાવ્યો. મધુપુરી બહુ જ નાનું ગામ હોવાથી વિજાપુરનો સંઘ તેમ જ સહુ ભક્ત વર્ગના આગ્રહથી જેઠ વદિ ત્રીજના સવારે શિષ્ય પરિવારાદિ ભક્તજનો સાથે વિજાપુર પધાર્યા અને "ૐ अर्हम् મહાવીર" તેમનો હંમેશનો પ્રિય ઘોષ ઉચ્ચારવા લાગ્યા. આ વખતે તેમના પટ્ટશિષ્ય પ્રસિદ્ધ વક્તા અનેકગ્રન્થાલેખક, વિદ્વાન આચાર્યશ્રી અજીતસાગરસૂરિજી, શ્રીઋદ્ધિસાગરજી; શ્રીકીર્તિસાગરજી, વગેરે દરેક સાધુ શિષ્યો, સાધ્વી શિષ્યાઓ તથા હજારો ઉપાસક અનન્ય ભક્તો હાજર હતા. વકીલજી તેમની પાસે જ હાજર હતા. "**કોઇને કાંઇ પૂછવું છે? આવવાનું કોઇ બાકી છે?** એમ પૂછતાં અને વકીલ મોહનલાલભાઈ ને નેત્ર સંકેતથી સૂચવતાં શિષ્ય અને ભક્ત સમુદાય સાવધ થઇ ગયો. અને શ્રીમદે અંતિમ ઉપદેશ આપવો શરૂ કર્યો. ત્યારે જ સૌ આ મહાપ્રયાણ સાચું માનવા લાગ્યા કે, ખરેખર વખત ભરાઈ ચુકયો હતો. સૌને છેલ્લા આશીર્વાદ આપી સમાધિપૂર્વક પદ્માસને

બેસી ૐ अर्हम् ના ઉચ્ચાર સહિત શ્રીમદ્ વિરમ્યા. તેમના મુખ ઉપર અલૌકિક હાસ્ય—અને પ્રકાશ પ્રગટ્યાં નેત્ર મીચાયાં. અને બીજી જ ક્ષણે ખુલી ગયાં. બાજી સંકેલાઇ ગઈ. જેઠ વદિ ત્રીજે સવારે સાડા આઠ વાગે, રાજયોગમાં અદ્‌ભુત પ્રકાશ પાથરતો ઉજ્જવળ દીપક બુઝાયો. અને સર્વત્ર શોક અને હાહાકાર છવાયાં. સ્વર્ગગમન સમયે અને તે પછી ચોવીશ કલાક પર્યંત તે મુખશ્રીપર વિલસતું હાસ્ય અને પ્રકાશ કયાંય ન જણાયલાં ન જોવાયેલાં, એવાં હતાં. એમ ડોક્‌ટરોએ પણ જણાવેલ છે. આમ આ મહાપુરૂષની જીવનલીલા સમેટાઈ ગઈ, હસ્તે મુખડે મૃત્યુને ભેટનાર આ. આત્મમસ્ત અવધૂત ફિરસ્તો, વીર કેસરી સુભટ, અનંતધામે પરવર્યાં. અને આજન્મ ગુર્જરીની આરાધના કરનાર, ગુર્જરીનો શહીદ, સમર્થ વિદ્વાન યોગીશ્વર, ગુર્જરી પૂજનમાં ખપી ગયો.

તેઓશ્રીનાં અંગ લક્ષણો ચમત્કારિક હતાં. કપાળમાં ચંદ્ર, કમર સુધી પહોંચતા આજાનબાહુ, (હાથ) હાથ પગનાં આંગળામાં અઢાર ચક્ર, વિશાળ યોગપ્રભા, બાળબ્રહ્મચર્ય તેજે વિભૂષિત, પ્રભાવક, બળવાન, આઠ મણ વજનનો દેહસ્થંભ, ભવ્ય મુખમુદ્રા, પહાડી અવાજ, એક સાચા યોગી તરીકે તેમને વ્યક્ત કરતાં હતાં.

શ્રીમદ્ એક મહાન ગચ્છાધિપતિ આચાર્ય હોવા છતાં; સમર્થ રાજાઓ, ઠાકોરો, શ્રીમંતો, અને વ્યાપારીઓ ભક્ત હોવા છતાં, તેમણે કિંમતી સુપરફાઇન કપડાં કે

કાશ્મીરી કામળ કદી વાપર્યા નથી. પણ આજીવન ખાદી જ વાપરી હતી. કદી પણ અઢેલીને બેઠા નથી. દિવસે નિદ્રા લીધી નથી. મુખવાસ કદી વાપર્યો જ નથી. કોઈ પણ સ્ત્રી વર્ગ સાથે પરિચય કે પત્રવ્યવહાર કર્યો નથી, સ્વાદિષ્ટ ભોજન નિઃરસ કર્યા વિના વાપર્યું નથી. એકજ પાત્રમાં તમામ આહાર આવતો અને વપરાતો, લેખન, વાંચન, ધ્યાન, વિહાર, ધર્મચર્ચા, અને ઉપદેશ સિવાય અન્ય કાર્ય, નિંદા, વિકથા, કે આડંબરમાં તેઓ કદી પડ્યા જ નથી, વિલાયતી દવા કદી વાપરી નથી. સરળ, દંભ રહિત, નમ્ર, શાંત, સંપીલું, પ્રેમભર્યું સાત્વિક યોગી જીવન હંમેશાં ગાળ્યું છે.

શ્રીમદે એકસો અગીઆર મહાગ્રન્થો ત્યાગી અવસ્થામાં લખી ગુર્જર–સાહિત્ય સમૃદ્ધ કર્યું છે. ષટ્ દર્શનનાં પચીસ હજાર ઉપરાંત પુસ્તકોનું વાંચન, મનન કર્યું છે. આવું સાંભળ્યું, વાંચ્યું. કે જાણ્યું નથી કોઈ ઈતિહાસે કે, કોઈ પણ ત્યાગી સંતે. ચોવીસ વરસના પરિચિત કાલાવધિમાં અનેક વ્યવહારો સાચવતાં છતાં આટલી ભાષાઓમાં આટલા ગહન વિષયના, એકસો અગીઆર ઉપરાંત મહા-ગ્રન્થોનાં સર્જન કર્યા હોય, અને આટલા પુસ્તકોનું વાંચન મનન કર્યું હોય.

શ્રીમદ્દના ગૃહસ્થ જીવન, કવિ જીવન, સાધુ જીવન, ભક્ત જીવન, પ્રેમ જીવન, પંડિત જીવન, આધ્યાત્મિક જીવન, મસ્ત ફકીરી જીવન, આદિ પર તો પૃથક્ પૃથક્

ગ્રન્થો ભરાય. આ અતિ સંક્ષિપ્ત જીવનમાં શું લખાય ? છતાં કવિ પ્રેમાનંદની માફક આ સંતે માતૃભાષાને અન્ય ભાષા સમોવડી જ નહિ પણ ઉત્તમ સ્થાનાલંકૃત કરવાનો સંકલ્પ શતાધિક ગ્રન્થાલેખનથી પોતાની અલ્પ હૈયાતીમાં પૂર્ણ કર્યો.

તેઓશ્રીનાં ગ્રન્થો વાંચવા, વસાવવા અને દર્શન કરવા યોગ્ય છે. એ ગુર્જરીની આરાધનાનો પુનિત અવશેષ અત્રે હાજર છે. ગુર્જરીના પૂજકો, તત્ત્વચિન્તકો વિદ્વાનો, વિદુષીઓ, જ્ઞાનપિપાસુઓ, તે જુઓ. અને ગુર્જરીના આ લાડીલાના મહામોંઘા મુલા વારસાને તમારો કરો.

**મહાગુજરાત....** ? ગુર્જરીના આ ભક્ત શહીદ સંતનાં મહાન યોગસાધના અધ્યાત્મજ્ઞાનોપાસનાના આરાધન પ્રત્યે કેટલું બેદરકાર છે. તે કદાચ અમરાપુરીની અટારીએ રહી શ્રીમદ્ જોતા હશે ? તેઓશ્રીનાં અમર આત્માને શાંતિ હો ? અને અમારાં કોટિ કોટિ વંદન હો ? એ રોગ વિજેતા મહાન કર્મયોગી વિશ્વવિરલ દિવ્ય વિભૂતિને ?....

આત્મગુણદ્રષ્ટા પ્રશાન્તમૂર્તિ
આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી



જન્મ : સંવત ૧૯૪૬ દીક્ષા : સં. ૧૯૬૯
પંન્યાસપદ : સં. ૧૯૮૪ આચાર્યપદ : સં. ૧૯૯૬

# ધરતીનો છોડ....

ધ....ડી....મ્...

અને લાઠીના એક જ ફટકે ભેંસ પૂંછ દબાવીને ભાગી ગઈ.

એ ફટકો ચૂક્યો હોત તો સાધુ રામશરણ થઈ ગયો હોત. પણ સાધુ બચી ગયો. ફટકો કામ કરી ગયો. સાધુ જીવી ગયા....

" ભાઈ ? પશુને આમ મારીયે નહિ. "

પણ એ તમારો જાન લઈ નાંખત. એવા હરાયા ઢોર તો લાઠીએ જ પાંસરા થાય.

" ભાઈ ? એને પણ જીવ છે હો. એના આત્માને પણ દુઃખ થાય છે. અને બિચારા એ મૂંગા પ્રાણીઓ એમની વેદના કોને કહે ? મારવામાં ધર્મ નથી ભાઈ ?

શબ્દો હૈયાની ભિનાશ લઈને સરતા હતા. કરુણામાં એ પલળીને ટપકતાં હતાં.

" પણ મહારાજ ? મેં તમને બચાવીને પુણ્ય પેદા કર્યું છે."

" અમારા નિમિત્તે કોઈને મરાય નહિ, અમારે મન તો બધા જ જીવો સરખા છે. "

"બધા જીવો સરખા ? મારવામાં ધર્મ નહિ ? નવું હતું આ બધું. પહેલાં કદીય આ સાંભળ્યું ન હતું. અરે ? આવો કોઈ માનવ જોયો ન હતો.

મોં પર જીવંત શાન્તિ બેઠી હતી. આંખોમાંથી અમાપ કરુણા છલકતી હતી. શરીરમાંથી એક તેજસ્વિતા પ્રકટતી હતી. એવું એ ભાવભીનું બોલતો હતો કે જીવ જાણે અંદરથી એના તરફ ખેંચાતો હતો, અને એવા ધીમે પગલે ચાલતો કે રખેને નાની કીડી પણ એના પગ તળે કચરાઈ ન જાય.

કીશોર એ મહાત્માને જોઈ રહ્યો, એ પગે પડ્યો....

"મહારાજ ? મને પ્રભુ મળે ખરા ? મારે એમનાં દર્શન કરવા છે."

"બેટા ? તું ખૂદ પ્રભુ બની શકે છે."

"મહારાજ ?" એ કેવી રીતે ?

"મારા ઉપાશ્રયે આવજે, એ બધું જ તને હું બતાવીશ .... "

કીશોરનું મન નાચી ઊઠ્યું. હું હવે ભગવાન બની શકીશ. માનવ મટીને હવે હું ઇશ્વર થઈશ.

અને ઇશ્વર બનવાની એની જિજ્ઞાસા ભરી ધૂનમાં એના જીવનનું પાસુ બદલાયું.

ઉપાશ્રય રોજનો થઈ ગયો. જૈન સાધુનો સંગ

નિત્યનો બની ગયો. વીતરાગની પૂજા શરૂ થઈ ગઈ. સ્યાદ્વાદની આરાધના મંડાઈ ગઈ.

ખેતી છૂટી ગઈ. ખેતર ભૂલાવા માંડ્યું.

ખેડૂતનો બાળ જ્ઞાનની સાધના પાછળ લાગી ગયો.

જનમના સંસ્કાર છૂટી ગયાં. જનમની ભાવનાઓ બદલાઈ ગઈ. જીવન આખાનું ધ્યેય પલટાઈ ગયું.

"માનવનું દુઃખ જોઈ બીજા માનવની આંખ રડી ઊઠે છે ત્યારે ભગવાન નિર્દય બને જ કેમ? એ મૂંગો બેસી જ કેમ રહે? ના....ના ...કંઈ મોટી ભૂલ થાય છે. ઇશ્વર સર્જનહાર નથી. ઇશ્વર દુઃખ આપતો નથી. સુખની એ લ્હાણી કરતો નથી.

તો પછી એક દુઃખી ને એક સુખી, કોઈ ગરીબ, ને કોઈ તવંગર, પેલો રોગી ને આ નિરોગી આ બધું કેમ? આવા વિસંવાદ શાથી?

"કર્મ જીવનના ઘાટ ઘડે છે. એજ જિંદગીના અવનવા આકાર સર્જે છે."

કર્મની આ ફિલસુફી એના જીવનને ગમી ગઇ, અને એ એણે જીવનમાં ઉતારી લીધી.

## "કાદવમાંથી કમળ જનમતું હતું"

ધરતીનું એ સંતાન હતો, ખેડૂતનો એ દીકરો હતો, ખેતી એનો ધંધો હતો.

મા વિષ્ણુની પૂજારણ હતી. બાપ શિવનો આરાધક હતો. ને દીકરો વીતરાગનો ચેલો બને જતો હતો.

પણ ધર્મની ત્યારે સાંકડી દીવાલો ન હતી. **સંપ્રદાયોની** જડ પકડ ન હતી. સત્ય એજ ધર્મ હતો. સારું એ બધું મારું હતું. ગુણની પૂજા હતી. ચારિત્ર્યને ત્યારે વંદન હતાં.

બાપને તો એ ઈચ્છા હતી કે દીકરો મારો હળ લે, ખેતી ખેડે, પણ કોઈએ કીધું હતું. "શિવાભાઈ ! દીકરો તમારો કોઈ મહાપુરુષ થવાનો છે."

અને એમણે કોઈ જ રોકટોક ન કરી.

દીકરો ભણવા લાગ્યો, એ લખતો થયો, એ વાંચતો થયો, વિચારો એના મગજમાં ઊભરાવા લાગ્યા, જ્ઞાનની ભૂખ વધવા લાગી.

મહારાજનો ભેટો થઈ ગયો, મંઝિલની પગથાર મળી ગઈ ?

પણ સાચા જૈનત્વના સંસ્કાર એટલા સરળ નથી.

શ્રી. રવિશંકર શાસ્ત્રીએ કીધું—"તને હું ભણાવું પણ રાત્રે ખાવાનું બંધ કરવું પડશે. લસણ–ડુંગળી વિગેરે કંદમૂળ છોડવા પડશે."

એના માટે આ કડક શરત હતી, જે ઘરમાં એ જન્મ્યો હતો એ ઘરમાં એ બધું સ્વભાવિક હતું.

સીમમાંથી પાછા વળતાં અંધારું તો રોજ થઈ જાય, સાંજનું વાળુ તો રાત્રે જ લેવાતું. અને રોટલાનો બટકો ને ડુંગળીનું ડચકું એ જ તો એમનો એક ખોરાક હતો. વળી જન્મગત એ બધાનાં સંસ્કાર હતાં.

પણ અંતરની લગન હતી. આતમની ધૂન હતી. રાત્રે ખાવાનું બંધ કર્યું. લસણ–ડુંગળી મૂકી દીધાં. અને આસન લગાવી એ મા શારદાની..............આરાધનામાં લાગી ગયો.

ભણવાનું ભૂત વળગ્યું હતું જોત જોતામાં તો એ વિદ્યાર્થી મટીને જૈન પાઠશાળાનો અધ્યાપક બની ગયો.

પણ અંતરની ઊર્મિઓ કંઈ જુદી હતી. આતમની ઝંખના બીજી જ હતી. જીવમાં જાણે હજુ કંઈક ખૂટતું હતું. એ, જે માંગતો હતો તે અધૂરું હતું. ઉણપ એને સાલતી હતી. શિક્ષણનો વ્યવસાય એણે માંગીને લીધો હતો. એ માટે એણે રૂપિયાના ઢગ ખડકતી વકીલાત છોડી હતી. પ્રતિષ્ઠા અને આબરૂ આપતી અવલકારકુનીને જતી કરી હતી.

જીવનને કંઈક સાચા અર્થમાં બનાવવું હતું. જિંદગીને ખરા અર્થમાં સંસ્કારવી હતી. એને કંઈક બનવું હતું. અને એ માટે તો સમાજ જેને "પંતુજી" કહે છે એવો એ પંતુજી બન્યો હતો.

પણ એની ભૂખને ધરપત ન હતી. એની તરસને

કોઈ તૃપ્તિ ન હતી. એનું દિલ વિસંવાદ અનુભવતું હતું-એનો મહામંથન અનુભવતો હતો.

"સંસાર સ્વીકારું કે સાધુત્વ ? સાધુત્વ એ જ સાચો રાહ છે."

એના સાક્ષાત્કાર માટે આત્માની ઓળખ એજ એક માર્ગ છે, તો પછી મારી કૌટુંબિક જવાબદારીનું શું ? માતપિતાનું મારા ઉપર ઋણ છે. એનું શું ?

શું આ જિંદગીને બે ચાર માણસોની સરભરામાં ખર્ચી નાખું ? જીવનની શું સાર્થકતા એમાં જ છે ? કર્તવ્ય એમાં જ સમાપ્ત થઈ જાય છે ?

તો પછી મારું આ જ્ઞાન શું કામનું ? આત્માની આ ઝીણી ચર્ચા ને અભ્યાસ શા કામનો ? કર્મનું આ પીંજણ આટલા વરસો સુધી કર્યું તે શું એક સ્ત્રીને પરણીને સંસાર માંડવા માટે ? ભણવું, કમાવું, સંસાર માંડવો, એમાં જ શું જીવનની ઇતિશ્રી કરી દેવી ?

સમાજ પ્રત્યે મારી કંઈ જ ફરજ નહિ ? એનું મારા માથે શું જરાય ઋણ નથી ? જે ધર્મે મારા જીવનને સંસ્કારી બનાવ્યું. જે ધર્મે મને જીવન જોવાની અને જીવવાની સાચી નિર્મળ આંખ આપી, એ ધર્મ માટે શું મારી કોઈ જ ફરજ નથી ?

સંસાર એને જરૂર ખેંચતો હતો, પરંતુ એના ઉપભોગની એને લાલસા ન હતી, એનું અન્તર તો

દોડતું હતું પેલા સાધુત્વ ભણી, એની ઊર્મિઓ. તો નાચતી હતી, પેલા અલખના શિખર ઉપર ૐ **અર્હંમના** ભજનની ધૂન મસ્તીમાં.

રાતની ઊંઘ ગઈ હતી, આ "**મનોમંથનમાં**" જીવમાંથી જંપ ગયો હતો, આરામ ગયો હતો, શાંતિ ગઈ હતી, જીવન હવે ઉકેલ માંગતું હતું, સંસાર કે સાધુત્વ ?

ત્યાં સમાચાર આવ્યા કે "તમારા માત-પિતા ચાર પાંચ દિવસના આંતરે "**દેવલોક પામ્યાં છે.**"

મા-બાપનું મૃત્યુ ? ? ? આંખમાં આંસુ આવી ગયાં, હૈયુ ભરાઈ આવ્યું. પણ આયુષ્ય કર્મ એ ભણીને બેઠો હતો, કર્મનો એ ઊંડો અનુભવ કરીને બેઠો હતો.

આયુષ્ય ખતમ થયું અને દેવો ગૂજરી ગયાં, જનમવું અને મરવું એ જ સંસાર, આ એનું ચિંતન હતું.

એણે શોક ન કર્યો; પોક ન મૂકી, હૈયુ એનું ભાંગી પણ ન ગયું, કર્મની બધી લીલા છે, અને બધો વ્યવહાર એણે પતાવી લીધો.

હવે તો રસ્તો સાફ હતો, બસ હવે એક જ મંઝિલ, જીવનનું હવે એક જ કાર્ય.

"**ગુરૂદેવ**" મારી દીક્ષાનું મુહુર્ત જુઓ, મેં નિર્ણય કરી લીધો છે, આ-જીવન હવે જૈનધર્મને અર્પણ કરૂં છું.

અને ગામડાનો એક ખેડૂત બાળ વિ. સં. ૧૯૫૭ ના માગશર શુદિ ૬ ના રોજ જૈનસાધુ બની ગયો.

હવે કોઈ બંધન ન હતાં. મુક્ત વિહાર હતો. સાધુત્વનું સાહચર્ય હતું. ચારિત્ર્યનો સથવારો હતો. આતમના વિકાસમાં હવે કોઈ રૂકાવટ ન હતી.

અને અલખની ધૂનમાં એ જોગી લાગી ગયો.

પણ ગુફામાં ભરાઈને એ બેસી ન રહ્યો, પદ્માસન વાળીને માત્ર એ આત્માનું ધ્યાન જ ધરીને એ પડ્યો ન રહ્યો.

એ વરસોથી શીખ્યો હતો, મારૂં જે કંઈ છે. એ માનવજાતના કલ્યાણ માટે છે, મારું જ્ઞાન તે માનવના ઉત્થાન માટે છે.

સાધુ બન્યો હતો એ. "ભગવાન મહાવીરનો." પ્રમાદને એ જાણતો ન હતો, પ્રવૃત્તિમાં એ નિવૃત્તિનો સમન્વય કરતો હતો."

એના જીવનમાં એ સદાય જાગ્રત રહ્યો છે. અવિરત જ્ઞાન, ધ્યાન, લેખનમાં એ મશગૂલ રહ્યો છે.

પૂ. આનંદઘનજી પછી એ એક જ અલખનો અવધૂત જોવા મળ્યો છે. પણ એ બધુંય છતાં એ યાદ તો એની સાહિત્યસર્જના માટે રહેશે. અને તેમાંય વિશેષે તો એક ક્રાંતિકારી સાહિત્યકાર તરીકે સદાય અમર બની રહેશે.

એણે નવલકથા એકેય નથી લખી. નાટકનો એકેય અક્ષર માંડ્યો નથી. વાર્તા પણ લખી નથી. મહાકાવ્યના પણ મંડાણ નથી કર્યા. કલ્પનાનો વિહાર એણે નથી કર્યો.

તો કોઈ કહે, તો એ સાહિત્યકાર શેનો ?

પણ એણે ધર્મના તત્ત્વોનું જે ચિંતન સર્જ્યું છે, એની કોઈ જોડ નથી. "જૈન ધર્મને દુનિયા સમજી શકે એવી રીતે મૂકવામાં એણે જે અથાગ શ્રમ વેઠ્યો છે એની કોઈ કીંમત આંકી શકાય તેમ નથી.

માત્ર ગણત્રીના જ વરસોમાં એમણે એકસો અગીયાર ગ્રન્થોની સર્જના કરી છે. એમણે જે કંઈ વાંચ્યું છે, વિચાર્યું છે, અનુભવ્યુ છે, એની યોગ દૃષ્ટિમાં એણે જે ભાવિ જોયું છે. એ બધું જ એણે અક્ષરોમાં ગૂંથ્યું છે.

જૈનતત્ત્વજ્ઞાન એણે ખરા અંતરથી પચાવ્યું છે, અને એક ધર્મને આંધળા ઝનૂનથી નહિ પણ એક સાચા ધર્મની ખરી દાઝથી એણે જૈનધર્મની સમજ આપી છે.

ખ્રિસ્તીઓના આક્ષેપનો "જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો" તથા "ખ્રિસ્તી જૈન સંવાદ" લખીને એનો સચોટ જવાબ આપ્યો છે.

**લાલા લજપતરાયને** પણ જૈન ધર્મનો સુંદર ઉકેલ આપ્યો છે. એણે મૂર્તિ પૂજાનું રહસ્ય પણ શાસ્ત્રાર્થ સચોટપણે સમજાવ્યું છે, "**જનતત્ત્વજ્ઞાન**" **શિષ્યોપનિષદ્** "**તત્ત્વજ્ઞાનદીપિકા**" **જૈન દ્રષ્ટિએ ઇશાવાસ્યોપનિષદ્**

**ભાવાર્થ અને વિવેચન** ઇત્યાદિ અનેક અર્થ ગંભીર ગ્રન્થો લખીને એણે જૈનધર્મનું ખરૂં હાર્દ સમજાવ્યું છે. "જૈનદર્શનના સ્યાદ્વાદ સિદ્ધાંતની એમાં ઘણી જ સુંદરતાથી સરળ સમજ આપી છે.

અને અનેક વિષયો પર, સમાજની અનેક સમસ્યાઓ ઉપર, રાષ્ટ્રના સળગતા સવાલો પર, જીવનના અનેક સંવેદનો પર, ધર્મના તત્ત્વો પર, એણે ભજનો ગાયા છે. એવા એણે અગીયાર સંગ્રહો આપ્યા છે. વિષયોનું વૈવિધ્ય, વિચારોનું જોમ, શબ્દસામર્થ્ય, વિષયને યોગ્ય ચિંતન વિગેરે અનેક બાબતો એમાં જોવા મળે છે.

અલખના એમાં પડઘા સંભળાય છે. વ્યવહારૂ પુરુષોના બોલ એમાં સંભળાય છે. કાન્તદ્રષ્ટાની સુગવાણી એમાં સંભળાય છે. સમાજની નિર્દય વ્યવસ્થા પર આગ ઝરતી જબાન એમાં સંભળાય છે. એમાં એક કુશળ નેતાગીરીનો ઉકેલ પણ જોવા મળે છે.

એને જે સાચું લાગ્યું છે, એ એણે નિડરતાથી કીધું છે, જૈન સમાજ, જૈનો, જૈન સાધુઓ માટે એના જેટલું હિતેચ્છુક, કડક ને નિર્ભય બીજા કોઈએ લખ્યું નથી.

રાષ્ટ્રની સમસ્યાઓ પર પણ પોતાનું ચિંતન એણે આપ્યું છે, પત્રો દ્વારા, ડાયરીના પાના પર, જાહેર વ્યાખ્યાનોમાં, માનવજાતના એક શુભેચ્છક, તરીકે એણે ઘણું લખ્યું છે. ઘણું ઘણું કીધું છે.

કદાચ આ બધુંય કોઈને સાંપ્રદાયિક લાગે, પણ સંપ્રદાયની વાડમાં પૂરાવું એ શીખ્યો ન હતો, સ્યાદ્વાદનો એ સાચો આરાધક હતો.

અને એની સાક્ષી તો એનો મુગુટમણી **"કર્મયોગ"** પૂરે છે.

**"લોકમાન્ય તિલક"** જેવા ગીતાના અડગ અભ્યાસીએ પણ આ માટે લખ્યું હતું જે Haw! Known that you are Writings your "Karm-yoga I might not have written.

My Karmyoga............(sd) B. G. Tilek.

"જો મને આવી ખબર હોત કે તમે આ **કર્મયોગ** લખી રહ્યા છો. તો હું મારો કર્મયોગ કદી ન લખત"

જીવનમાં એણે બીજુ કંઈ જ ન લખ્યું હોત, અને માત્ર આ **"કર્મયોગ"** જ એ જો મૂકી ગયો હોત તો પણ એ અમર બની જાત.

પ્રવૃત્તિ ને નિવૃત્તિ, કર્મ ને ફળ, સંસાર ને સાધુત્વ, ઇત્યાદિ અનેક વિષયોની એણે ઘણી જ દલીલોથી ચર્ચા કરી છે. એ માટે દુનિયાના ઇતિહાસમાંથી એણે દૃષ્ટાંતો આપ્યાં છે. જીવન, પ્રવૃત્તિ માટે છે, જીવન કર્મ માટે છે, એ એક યોગ છે, એ સાધના છે, એની એમાં એણે સુંદર છણાવટ કરી છે, એ આખોય ગ્રન્થ વાંચતા લાગે કે એણે (૨૫૦૦૦) હજાર પુસ્તકો માત્ર વાંચ્યા નથી. એના પર ઊંડું મનન

કર્યું છે. ઝીણું અવગાહન કર્યું છે, અને પછી એણે આ "કર્મયોગ" લખ્યો છે.

એના ગ્રન્થનું તમે કોઈ પણ પાનું ઉથલાવો તો ક્યાંય તમને બીજા ધર્મનો દ્વેષ જોવા નહિં મળે, કોઇ વ્યક્તિની ટીકા વાંચવા નહિ મળે, સત્યની સર્જનાનાજ બધે દર્શન થશે.

અને એના સાધુ વ્યવહારમાં પણ એ એવો જ વિશાળ ને ઉદાર દિલનો હતો, એથી જ તો મહાકવિ નાનાલાલ લખે છે. "જે એના દિલની ઉદારતા અને નિઃસ્પૃહીતા પર સંપ્રદાયીઓને પણ વશીકરણ કરતી.

**જ્ઞાન અને ભક્તિ**—પરમાત્મયોગ માટે જરૂરનાં છે, પણ મનુષ્યોના મનુષ્ય પ્રત્યેના ધર્મને ઘણા વિસરે છે. તે પોતે પોતાના સંકોચના દુર્ગોમાં ભરાઇ રહે છે એ મહાનુભાવ વિરાગતામાં ખેલતા, સંપ્રદાયમાં તો એ શોભતા પણ અનેક સંપ્રદાયીઓનાં સમુદાય સંઘમાં પણ એની તેજસ્વિતાની ઓછી અપ્રગટતા નહોતી.

એ સમર્થ સાધુ હતો, ઊંડો ચિંતક હતો, ક્રાંતિકારી અને અલખનો મહાન દિવ્ય અવધૂત હતો, નિજાનંદ મસ્તીનો કોષ્ઠ કવિ રત્ન હતો, એ અજોડ અદ્વિતીય ગદ્યકાર હતો.

માનવ તરીકે એ મહાન ભવ્ય હતો, સાધુ તરીકે એ દિવ્ય વિભૂતિ હતો, માનવજીવનના ઉત્કર્ષ માટે એણે

જીવનની પળેપળ ખર્ચી નાંખી છે. શેઠશ્રી હીરાલાલભાઈના શબ્દો મૂકું તો—"ગુજરાતના જૈનો, જૈન સમાજ અને ઇતર કોમો માટે એણે હાડચામ વેચી આપ્યાં હતાં."

એ યુગદૃષ્ટા હતો, જીવનનું ભાવિ પણ એણે જાણી લીધું હતું, હવે વધુ સમય પોતે જીવે તેમ નથી એની એને અગાઉથી જ ખબર પડી હતી, અને જાહેરમાં કહી દીધું હતું.

એટલે મુનિરાજશ્રી સિદ્ધિમુનિજીએ શ્રીમદ્‌ને પૂછ્યું કે "જો આપશ્રી વધારે સમય આ સંસારમાં હયાત રહો તો શું મહત્‌ કાર્ય કરો ?"

અથવા જો હયાત ન રહી શકો એમ જ લાગે તો તમારી ઈચ્છાને અનુસરનારાઓને તમો શું કરવા કહો ?

અને એ બુઝાતા દીપે છેલ્લો ઝગારો કર્યો: કે હું હવે ઝાઝો સમય કાઢીશ નહિ, પણ માનો કે હું વધારે જીવું તો. આ મહુડી પ્રદેશમાં એક આદર્શ ગુરૂકુલ માટે પ્રેરણા કરૂં કે જેમાંથી સમર્થ જૈનો બને એવા પિતાઓ તૈયાર થાય, અને સમર્થ આચાર્યો બને એવા નિઃસ્પૃહી નિવડે. તેમજ નેતાઓ થવાને ભોગ આપનારા પણ પાકે. અને જો આ કાર્ય હું ન કરી શકું તો અજીતસાગરસૂરિજી વિગેરે મારા શિષ્યો. અને તમો મળીને તે કાર્ય કરો એમ હું ઈચ્છું છું. બાકી મારું લેખન કાર્ય તો મારી જિંદગીના અંત સુધી લગભગ ચાલુ જ રહેશે. અને વિ.

સં. ૧૯૮૧ ના જેઠ વદ ત્રીજે એ દીપ બૂઝાઇ ગયો! એની જ્યોત વિલાઈ ગઈ....

એ, જન્મ્યો ખેડૂત બનીને, એ ઊછર્યો જૈન થઈને, જીવ્યો એ સાધુ બનીને અને એણે આંખ મીચી ત્યારે એ અવધૂત બન્યો હતો. જ્યારે જ્યોતિર્ધરયોગયોગીશ્વરના અમરપદને પામ્યો હતો.

માતા અંબાબાઈએ એને જન્મ આપ્યો, પિતા શિવાભાઇએ એને મોટો કર્યો, શેઠશ્રી. નથ્થુભાઇ મંછારામે એને ઉચ્ચ જૈન સંસ્કાર આપ્યા, શ્રીરવિશંકર શાસ્ત્રીએ એનું ઘડતર કર્યું. પરમતપોનિધિ વચન સિદ્ધ કરૂણાવંત **ક્ષમાભંડાર** પૂજનીય ગુરૂદેવ શ્રીમદ્ રવિસાગરજી મહારાજે એને અંતરના આશિર્વાદ આપ્યા.

એ ધૂળમાં રમતો હતો ત્યારે કીશોર બહેચર હતો, અને પૂજ્ય વંદનીય ગુરૂદેવ શ્રીમદ્ સુખસાગરજીએ એને શિષ્યત્વ આપ્યું ત્યારે. એ મુનિરાજશ્રી બુદ્ધિસાગરજી બન્યો.

અને જ્યારે દુનિયાને એણે છેલ્લી સલામ ભરી ત્યારે જગતે "લાખ લાખ વંદન હો **એ કર્મયોગી વિશ્વ-વિરલ** દિવ્યવિભૂતિ સમર્થ અધ્યાત્મજ્ઞાન દિવાકર સદ્ગુરૂદેવ **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીને** "આમ કહી એને નમસ્કાર કર્યા.

ધરતીનું સંતાન સંસ્કારદાતા બનીને જીવી ગયો. માટીનું બાળ મહામાનવ બની ગયો.

**લે. ગુણવંત શાહ.**

કોટિવંદન હો. એ, જ્યોતિર્ધર દિવ્યવિભૂતિ શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીશ્વરજીને ?

॥ જાગતો જોગેન્દ્ર ॥

( રાગ–રાખનાં રમકડાં મારા રામે.... )

જાગતા જોગેંદ્ર મારા, ગુરૂજી જોગ જગાવે રે ?
અગમનિગમના પડદા ચિરી; આલમને ડોલાવે રે....
જાગતા૦ ॥ ૧ ॥

રોમેરોમે તાર અનાહત, અવધૂત અંતર માણે,
વજ્ર દેહિ એ દૃઢ આસનથી, પરમતત્ત્વ પરમાણે રે....
જાગતા૦ ॥ ૨ ॥

અધર તખ્ત પર આસન પૂરિયાં, નયને નૂર નીતરિયાં,
સુરતનુરતની વિજલડી ત્યાં, લેતી તાલતલૈયા રે....
જાગતા૦ ॥ ૩ ॥

લોક હૃદય સિંહાસન બેસી, અંતરીચે પરવરિયાં,
કર્મયોગને જ્ઞાન અખાડે, વાદિ વિજેતા ઠરિયા રે....
જાગતા૦ ॥ ૪ ॥

આદિ અંતનાં બંધન તોડી, નયન મીંચાયાં જ્યારે ?
સિદ્ધ બન્યા ગુરૂ બુદ્ધિસુરીશ્વર, વિદ્યાપુરને દ્વારે રે....
જાગતા૦ ॥ ૫ ॥

( રચયિતા—સ્વ. મણીલાલ મો. પાદરાકર )

# ઘર દીવડો....

## [સ્વર્ગસ્થ શેઠશ્રી વાડીલાલ મનસુખલાલ પારેખની જીવન ઝરમર]

ફુલની કળીનું કહી શકાય કે એ ફુલ બનશે. પણ માનવીના સંતાનનું એમ કહી શકાતું નથી. મહાપુરુષના દીકરા મહાપુરુષ બને એવું કંઈ નક્કી નથી. સામાન્ય પુરુષના સંતાન પણ વિભૂતિ બની શકે છે એના ઈતિહાસમાં અનેક દાખલા છે.

માનવ એ તો રાષ્ટ્રની મહામૂલી સંપત્તિ છે. અને તેમાંય સમાજની સર્વવ્યાપી જીવનની પરિકમ્મા પૂરી કરનાર માનવો તો રાષ્ટ્રના અણમોલ રત્નો છે.

સ્વ. શ્રી વાડીલાલ પારેખ એક એવા નરરત્ન હતા. દુનિયાના ખૂણે ખૂણે ઝળહળી ઊઠનાર સહસ્રરશ્મિ ભલે તેઓ ન હતા. પરંતુ ગુજરાતના તો એ ઘરદીવડા બની ગયા છે.

સમાજવાદી સમાજ રચનાના યુગમાં એમની શ્રીસંતાઈ, એમની સખાવતો વ. ની કીંમત ભલે ઓછી અંકાય પરંતુ એક સામાન્ય કુટુંબમાંથી એમણે જે જીવનનું ઘડતર કર્યું છે એ વિચારીએ છીએ ત્યારે એમના જીવનની નોંધ લેવાનું, એમાંથી પ્રેરણા લેવાનું સહેજે દિલ થઈ આવે છે.

બાપ તો તેમને નાના મુકીને જ વિદાય થઈ ગયા હતા. વિધવા માના ખોળામાં એ આજનો સંત ઊછર્યો, સંસ્કાર પામ્યો અને જીવનના ઝંઝાવાત સામે ઝઝુમવાનું બળ પામ્યો.

## સ્વ. શેઠ શ્રી વાડીલાલ મનસુખરામ પારેખ



આ પુસ્તક પ્રકાશનમાં જેમના તરફથી રૂા. ૧૦૦૧)
આર્થિક સહાય મલી છે તે બદલ તેઓશ્રીનો
આભાર માનીયે છીએ.

પ્રકાશકઃ-

તેમની શરૂની જિંદગી કંઈ આશાસ્પદ ન હતી. બાળપણ તોફાની હતું. માને પજવવાનું તેમને ગમતું. માને થકવી નાંખે એવું તેમનું મસ્તીખોર બાળપણ હતું.

ઉંમર વધતી ગઈ. ટેવો પણ એના રંગ પૂરતી ગઈ. અને તેમને પત્તાની ૨ટ લાગી. પત્તા તેમનો શોખ બન્યો. શોખ તેમની ટેવ બની. ટેવ તેમની આજીવિકા બની. કોઈ ખૂણામાં દોસ્તારોની સાથે બેસતા અને કલાકો સુધી હારજીતની બાજી તેઓ રમતા. રોજની રમતે એ પાનાના જુગારી બન્યા. ત્યારે કોને ખબર હતી આ જુગારી એક દિવસ એનું નામ અજવાળશે ? ....

એક દિવસ સોનાની કંઠી જુગારમાં તે હારીને આવ્યા. માને ખબર પડી. માનું દિલ ઘવાઈ ગયું. માની આંખનાં આંસુ દીકરાને બેચેન બનાવી ગયાં. અને તેમણે જુગારને છેલ્લી સલામ ભરી દીધી.

પત્તા મૂકી તે ચોપડીઓમાં ખોવાઈ ગયા. મનથી ભણવાનું નક્કી કર્યું. ત્યારે આજના જેવી લોન ફંડની સગવડો ન હતી. છતાંય ગમેતેમ કરીને તેમણે અભ્યાસ ચાલુ રાખ્યો. કપડવંજમાં જ માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું. પોતાને તો એન્જિનિયર બનવાની મહત્ત્વાકાક્ષા હતી. મોટા મોટા મકાનો, પૂલો. વ. બાંધવાની તેમની તો તમન્ના હતી. પરંતુ માનવીનું ધાર્યું બધું થાય તો જોઈતું'તુ શું ? મીકેનીકલ એન્જિયરીંગની ડીપ્લોમા કરી અમદાવાદના એક કારખાનામાં તેમણે નોકરી સ્વીકારી લીધી. તેઓ કહેતા—

મેં આઠ રૂપિયાના પગારે ફીટર તરીકેની જીવનની શરૂઆત અમદાવાદના એક કારખાનામાં કરેલી.

ઉપલા વર્ગનું તેઓ સંતાન હતાં. પણ મજુરી કરતાં ક્યારેય તેમણે સૂગ નથી બતાવી. દિલ દઈને તેમણે મહેનત કરી. કારખાનાના મેનેજરને પાછળથી ખબર પડી કે આ તો જૈનનો દીકરો છે કે તુરત જ તેમને મજુરની જગાએથી બદલી કરી ડ્રાફ્ટસ મેનના ખાતામાં નિમણુંક કરી દીધી.

એક વરસની તાલીમ બાદ તે અમદાવાદમાં જ કે. સી. વોરાની કંપનીમાં નોકરી રહ્યા. અને આઠ વરસ લગાતાર સુધી એ કંપનીમાં કામ કર્યું. કંપનીમાં તેમની છાપ ઘણી જ સારી હતી. નામા અને હિસાબના ઉસ્તાદ હતા. કંપનીની અનેક ગુંચો તેમણે ઉકેલી આપી હતી.

એક કંપનીના નોકર તરીકે તે પ્રમાણીક હતા. એક વખત કોઈએ તેમને કમીશન આપેલું પરંતુ પોતનું હિત ન જોતાં તે કંપનીને જ વફાદાર રહ્યા. એ કમીશન તેમણે કંપનીના શેઠને જ આપી દીધું. તેમની આવી અનન્ય પ્રમાણિકતાથી કંપનીના બધા માણસો તેમને માન ને આદરથી જોતા હતા.

ઈ. સ. ૧૯૨૨ માં તે મુંબઈની હાલની વિશ્વવિખ્યાત પેઢી બાટલીબોય કું.માં જોડાયા. મશીનો, તેના ઉપયોગ, તેની જાત, તેના ભાવ એ બધાનો તેમને 'ઊંડો અભ્યાસ' હતો.

અને આઠ આઠ વરસના એકધારા અનુભવથી ઑફિસના કામકાજમાં પણ તે પ્રવીણ બની ગયા હતા. ઘરાકો સાથે કેમ વર્તવું, માલનું વેચાણ કેમ કરવું એ બધી બાબતોથી તે ટેવાઈ ગયા હતા. આથી બાટલીબોયના શેઠશ્રી ભોગીલાલ લહેરચંદે તેમને કંપનીના મેનેજર બનાવ્યા. અને એ વિશિષ્ટ જગાને તેમણે સુંદર રીતે દીપાવી. પોતાની વેપારની કુનેહથી ધંધાને તેમણે ખૂબ જ વિકસાવ્યો અને લાખોની આવક ઊભી કરી. પાછળથી તેઓ એ કંપનીના ભાગીદાર બન્યા.

આમ એક સામાન્ય કુટુંબમાં જન્મી, એન્જિનીયર બનવાની મહત્ત્વકાંક્ષા રાખી અને તે ન બની શકતાં એક ફીટરની જિંદગીથી શરૂઆત કરી, મામુલી જીવનની કારકીર્દીથી આરંભ કરી એક મોટી કંપનીના ભાગીદાર બની તેમણે જે શ્રમ કર્યો છે, ધીરજ રાખી છે અને પ્રમાણીક બની હિંમતથી જીવનની બધી આફતોનો જે સામનો કર્યો છે એ ખરેખર પ્રેરણાદાયી છે. આર્થિક જીવનની અંતિમ ટોચ શ્રીમંતાઈને પ્રાપ્ત કરી તેમણે આફતભરી પરિસ્થિતિનો પણ સામનો કરી અને આગળ વધી જે ઉમદા જીવન જીવ્યું છે તે આગળ વધવા માંગતા માનવીના ચેતનને જગાડી જાય તેમ છે.

પરંતુ, તેમણે શ્રીમંતાઇ પ્રાપ્ત કરી એથી જ કંઈ અમે તેમની નોંધ નથી લેતા. સ્વ. શ્રી વાડીલાલ માત્ર પૈસા ને પ્રતિષ્ઠા મેળવીને જ અટકી નથી ગયા. ત્યાં જ

જીવનની ઇતિશ્રી માની એ બેસી નથી ગયા. તેમ જ તેઓ-શ્રીએ કર્યું હોત તો કોઈપણ લેખક કે પત્ર તેમના માટે નોંધ લેવા ન પ્રેરાત.

આથી જ તો યુવાન હૈયાને આકરો આઘાત આપનારા જીવનમાં પ્રસંગ બની ગયાં છતાં પણ તેઓ પોતાના સંસ્કાર ભૂલ્યા ન હતાં. પૈસાને અવળે માર્ગે ખર્ચ્યા નહતાં. હૈયાની વેદનાને ભૂલવા, ઊર્મિઓના આઘાતને વિસરી જવા તેમણે ચારિત્ર્યને બગાડ્યું ન હતું.

શ્રીમંતાઇને મેળવીને તેમણે શ્રીમંતાઇને દીપાવી છે. પૈસો શું છે એ બરાબર સમજ્યા હતા. અને એ પૈસાનો ઉપયોગ પણ તેમણે એવી જ સમજભરી રીતે કર્યો હતો.

જીવનની શરૂઆત કરી ત્યાં જ તેમને નિષ્ફળતા મળી. એન્જિનીયર બનવું હતું છતાં ફીટરની જિંદગીનું સ્વાગત કરવું પડ્યું હતું. કંઈક આશાઓથી તેમણે લગ્ન કર્યાં હતાં. પણ નિરાશા ને નિષ્ફળતાને તેમનું જીવન ગમી ગયું હતું. પહેલી પત્ની શ્રી **પ્રધાનબેન** શ્રી **કસ્તુરભાઇ**ની ભેટ ધારીને સદાય માટે વિદાય થઈ ગઈ! પરંતુ કુદરતને એમની પત્નીના ભોગથી સંતોષ ન થયો. કસ્તુરભાઈને પણ પાછળથી બોલાવી!! પત્ની ગઈ!! પુત્ર પણ ગયો!!!....

જીવનમાં કંઇક કરવાની તમન્ના લઇને નીકળનાર યુવાન માટે આથી તો બીજી કઈ ઘોર નિરાશા હશે?

છતાંય દિલ પર પથ્થર મુકી જીવનને જરાય બગાડ્યા વિના, આત્માને જરાય ગંદો કર્યા વિના તેમણે જીવનના કાર્યો કરવા માંડ્યાં.

બીજું લગ્ન કર્યું. કુદરતને એ પણ મંજુર ન હતું. અને તે લગ્ન પણ મરી ગયું !.......વહાલસોયી બબ્બે પત્નીઓને તેમણે સગી આંખે વિદાય આપી. અને જીવનમાં મૃત્યુનું દારૂણ દુઃખ ભરીને તેમણે **શ્રી મેનાબેન** સાથે ત્રીજું લગ્ન કર્યું.

કુદરત કંઈક હવે શાંત બની હતી. આજ તેમના તે પત્ની હયાત છે. પરંતુ કુદરત ડંખ ભૂલી ન હતી. તેમને એકેય સંતાન ન થયું. અને સદ્દગત બિનવારસ જ વિદાય થઈ ગયા !....

જીવનને સદાય ઉદાસ કરી નાંખે તેવી મૃત્યુની ત્રણ ત્રણ મુલાકાતો, ઊર્મિઓની એ નિષ્ઠુર મશ્કરીઓ, અરમાનોની એ નિર્દય મજાકો અને સંતાનની અતૃપ્ત આશા–ભીતરની આવી ભંગાર જિંદગી છતાંય **શ્રી વાડીલાલે** કર્મની જ એ ઘટના છે એમ માની હસતી આંખે ને અંતરના ઉત્સાહથી જે સામાજિક જીવન ગુજાર્યું છે, સમાજ પ્રત્યેનું જે ખંત ને નિષ્ઠાથી ઋણ અદા કર્યું છે અને અતિ શ્રીમંતાઈમાં પણ સદાય જાગૃત રહી જે પવિત્ર ને સેવાભાવી જીવન ગાળ્યું છે એ ખરેખર એક નવલકથાનો મસાલો બની શકે તેમ છે.

પગમાં દૌલત આળોટે, અંતરના આઘાતને ભૂલવા દરેક પ્રકારની સગવડ ને છૂટ છતાંય આત્માને ગમે તેમ ગંદો ન બનાવતાં તેમણે જે નિર્મળ ને નિખાલસ જીવન વીતાવ્યું છે તે દરેક પાસે માન માંગી લે છે.

ગરીબાઈમાંથી શરૂ કરી શ્રીમંતાઇના ઊન્નત શિખર પર ઊભા રહેવું એ ત્યાં સુધીની તેમની જીવનયાત્રા તાજગીભરી અને ઉત્સાહજનક છે. પરંતુ તેઓ વધુ યાદ તો તેમની સામાજિક સેવાઓ માટે રહેશે. કેળવણી માટે મૃત્યુ પર્યંત તેમણે જે પુરુષાર્થ અને ખંત લીધા છે તે માટે ભાવિ ઇતિહાસકાર જરૂર તેમના તે કાર્યોની નોંધ લેશે.

સદ્‌ગતના લોહીમાં વેપાર હતો. અને તેઓ કુશળ વેપારી હતા. પરંતુ વેપાર સાથેય તેમનામાં બીજા પણ કેટલાક સામાજિક સંસ્કારો ય હતા. તેઓથી એક સફળ સંગઠ્ઠક ( Oryaniscr ) હતા. કેળવણીના અનન્ય ઉપાસક હતા. પ્રવાસી હતા. દૃષ્ટા હતા. અને લેખક પણ હતા. સારા ને કાબેલ સંગઠ્ઠકમાં વકતૃત્વ શક્તિ આવશ્યક છે અને સદ્‌ગતને તે પણ સાધ્ય હતી.

તેઓશ્રી શ્રીવીશા નીમા જૈન જ્ઞાતિના સભાસદ હતા. બીજી જ્ઞાતિઓની જેમ તેમની તે જ્ઞાતિ પણ એકડાઓમાં વહેંચાયેલી હતી. તેને એક કરવાનું અને તેનો સર્વાંગી ઉત્કર્ષ સાધવાનું કામ તેઓશ્રીએ ઉપાડયું હતું.

વેજલપુરના સમસ્ત જ્ઞાતિના અધિવેશનના અધ્યક્ષ પદેથી તેમણે કહ્યું—" આપ સૌ જાણો છો કે આપણે બધા જ આજથી પંદર વરસ પહેલાં એટલે કે અધિવેશન રૂપે આપણે બધાને એકત્રીત થવાનો મોકો મળ્યો તે પહેલાં એક બીજાને ઓળખી શકતાં ન હતાં. વધારામાં એમ પણ લાગતું હતું કે થોડો સમય વધારે જાય તો આપણે એક બીજાને તદ્દન ભૂલી જઈએ એવી સ્થિતિ ઊભી થાય અને તે સંભવિત હતું. આથી આપણી કોમની વીખરાયેલી દશામાંથી આજે આપણે સંગઠ્ઠિત દશામાં ફેરવાઈ ગયા છીએ તેમાં જરા પણ સંદેહ નથી જ. આમ છતાં હજુ આપણે એટલા બધા પછાત છીએ કે આપણે આવા સંમેલનની યાને સંગઠનની કીંમત સમજી શકયા લાગતા નથી."

આમ સંગઠ્ઠનની ભાવના પર ભાર મૂકી, એકતાનો આગ્રહ રાખી એક સામાજિક સેવક તરીકેની જિંદગીની શરૂઆત કરી. પરંતુ તેઓ સેવક તરીકે માત્ર વક્તા જ નહેતા. એક કુશળ કાર્યકર પણ હતા. અને એક એન્જિનીયર તરીકે તો યોજનાઓ ઘડવાના એ કુશળ ઘડવૈયા હતા.

સમાજના ઘડતરની યોજના એ ઘડવા લાગ્યા. જ્ઞાતિના વિદ્યાર્થીઓ કેળવણી લઈ, ધંધાદારી તાલીમ પામી સમાજને સંસ્કારી ને શિક્ષિત રાખે તે માટે તેમણે લોન ફંડની એક યોજના મુકી અને તે દરખાસ્તનો

સર્વાનુમતે સ્વીકાર થયો. ગોધરા અધિવેશનમાં તેને બહાલી પણ આપવામાં આવી. અને ફંડની શરૂઆત પણ પોતાથી જ કરી. અને રૂા. ૨૦૦૦૧) આપવાની જાહેરાત કરી.

યોજનામાં તો એમ નક્કી થયું હતું કે રૂા. ૨૦ હજાર આપનારનું નામ તે ફંડ સાથે મુકવામાં આવશે. પરંતુ સદ્દગતને નામ કરતાં કામની કીંમત ઘણી હતી. તેઓ સાચા અર્થમાં એક સામાજિક કાર્યકર હતા. અધિવેશનમાં જ જાહેર કર્યું—

"હાલ તુરત રૂા. ૨૦ હજાર આપનારનું નામ સ્કીમ સાથે જોડવાની શરત કરેલી છે પરંતુ હું જાહેર કરું છું કે રૂા. ૨૧ હજાર કે તેથી વધારે રકમ બીજા કોઈ ભાઈ આપશે તો હું મારું નામ પાછું ખેંચી લઇશ. પરંતુ રૂા. ૨૦ હજાર આપવાની મારી ઓફર કાયમ રાખીશ."

તેઓશ્રીની આ જાહેરાતમાં શ્રીમંતાઇનું પ્રદર્શન નહિ પણ એક ખેલદીલ (Sportsman) સંગઠ્ઠનના દર્શન થાય છે. કેળવણી માટેના એક અનન્ય ચાહકની તેમાં છબી જોવા મળે છે.

અને આ જાહેરાત જાદુ કરી ગઇ. વેજલપુર વાસી શેઠશ્રી **કાંતિલાલે** પોતાના સ્વ. ભાઇના સ્મરણાર્થે તે રકમ કાઢવાની જાહેરાત કરી, આમ સદ્દગતને હાથે કેળવણીના કાર્યક્ષેત્રે એક નક્કર પાયો નંખાયો. અને તેની એક

સંગીન ઇમારત બને અને તેનો લાભ કાયમ મળ્યા જ કરે તે માટે તેઓશ્રી મૃત્યુ પર્યંત સજાગ ને સક્રિય રહ્યાં છે. એક બે વખત તો એમ લાગ્યું હતું કે લોન ફંડનું નામ નિશાન ભૂંસાઈ જશે. પરંતુ તેઓશ્રીએ અત્યંત ખંત ને અખૂટ ધીરજથી તેમજ પોતાના કુશળ વહીવટથી તે ફંડને ટકાવી રાખ્યું હતું.

જ્ઞાતિના ઉત્કર્ષ માટે, તેના વિકાસ માટે તેમણે ભગીરથ પ્રયત્નો કર્યાં છે. અને તે પ્રયત્નો તેમની જ્ઞાતિ કદી ભુલી શકે તેમ નથી. પરંતુ જ્ઞાતિવાદના તે જડ આગ્રહી ન હતા. સાંકડી વિચાર સરણીના તે ઉપાસક ન હતા. સામાજિક હિત પણ તેમના હૈયામાં વસ્યું હતું.

કપડવંજમાં નવચેતન હાઈસ્કુલની કન્યાઓને મફત શિક્ષણ અને સ્ત્રીઓ પણ કેળવણી લઈ આદર્શ નારી બની નૂતન ભારતના નવસર્જનમાં ભાગ લઈ શકે તે માટે મફત કેળવણીની યોજના શરૂ કરી. તે બધી જ બેનોની–જ્ઞાતિના ભેદભાવ વિના–ફીની જવાબદારી પોતે ઉપાડી લીધી.

અને કર્વે યુનિવર્સીટીના અભ્યાસ માટે એક નવી જ સંસ્થાની સ્થાપના કરી. કેળવણીની સેવાની યશોગાથા ગાતી અને માતૃપ્રેમની પ્રતીક બની રહેલી એ "**શ્રી ગજરાબાઇ મહિલા વિદ્યાલય**" આજ પણ કપડવંજમાં ઊભી છે.

અભ્યાસના પુસ્તકો સિવાય ઇતર જ્ઞાનની પણ

જીવનમાં જરૂર છે. અને વિદ્યાર્થીઓ સિવાય બીજા પણ જ્ઞાનનો લાભ લઈ શકે અને સાહિત્યનો આનંદ ને રસ ચાખી શકે તેમજ વર્તમાનના સમાચારોથી વાકેફ બની દુનિયા ક્યાં જઈ રહી છે ને પોતે ક્યાં છે તે જાણી શકે તે માટે પોતાના સદગત્ પુત્ર શ્રી **કસ્તુરભાઇ**ના સ્મરણાર્થે એક વિશાળ વાચનાલય ને પુસ્તકાલય પણ શરૂ કર્યું.

ધાર્મિક જ્ઞાનના ક્ષેત્રની સેવા પણ ચિરસ્મરણીય બની રહેશે. વ્યાવહારિક કેળવણી સાથે ધાર્મિક કેળવણી પણ આવશ્યક છે એ તે સમજ્યાં હતાં. અને કેળવણીનું તે ક્ષેત્ર તે વિના અપંગ ન રહી જાય તે માટે કપડવંજમાં જ એક ભવ્ય જ્ઞાન મંદિરની સ્થાપના કરી. **શ્રી અભયદેવ સૂરીશ્વરજી જ્ઞાનમંદિરનું** એ આલિશાન મકાન અનેક ધાર્મિક અભ્યાસીઓને આશીર્વાદ રૂપ બન્યું છે.

કેળવણીના ક્ષેત્રે તે બધાં જ તેમનાં અનન્ય સ્મારકો છે. ખાનગીમાં પણ તેઓ અનેકને જરૂર પડે મદદ કરતાં. કેળવણી માટે સદાય તેમનો હાથ છુટો રહ્યો છે. જ્ઞાનની ભૂખે હંમેશા તેમના પૈસાને ફરતા રાખ્યા છે.

"બુદ્ધિપ્રભા" માટે પણ તેમને સારી એવી મમતા હતી. અને આ સામયિકનો વિકાસ થાય ને પગભર બને તે માટે બનતી બધી જ મદદ કરવાની વાત તેમણે કરી હતી. પરંતુ તે વાતો આકાર પામે તે પ્રથમ જ તેઓ વિદાય થઈ ગયાં!....

સામાજિક કલ્યાણની ભાવના પણ તેમનામાં વિશેષ હતી. પોતાની પત્ની શ્રી મેનાબેન પારેખના નામથી કપડવંજમાં આંખની એક મોટી હોસ્પીટલની સ્થાપના કરી. કપડવંજની આસપાસના વિસ્તારમાં આવી મોટી ને સગવડભરી આંખોને અજવાળુ આપતી એ સંસ્થા તે તેમનું ભવ્ય સ્મારક છે.

પોતે ભણી ન શક્યા તેનું તેમને દુઃખ હતું. અને તેઓ ખૂબ જાણતા હતા કે માત્ર પૈસાના અભાવે જ તે એન્જિનીયર ન બની શક્યા. આનું તેમને ઊંડુ દુઃખ હતું. આથી પૈસાને અભાવે બીજા ન ભણી શકે ને તેમની ભાવિ જિંદગી અધવચ્ચેથી જ અટકી ન જાય તે માટે તેઓને મદદ કરવા તે હંમેશ તત્પર રહેતા. કેળવણીના જાહેરક્ષેત્રે તેમનું પ્રદાન ઘણું મોટું છે.

શ્રી ગજરા મહાવિદ્યાલયમાં રૂા. એક લાખ પચાસ હજાર, કોમર્સ કોલેજ માટે એક લાખ પચ્ચીસ હજાર, ક. જૈ. વિ. શ્રી. વિ. ફંડમાં દસ હજાર, શ્રી અભયદેવ સૂરીશ્વરજી જ્ઞાન મંદિરમાં એક લાખ પચ્ચીસ હજાર, શ્રી કે. વા. જૈ. વિ. સો. માં વીસ હજાર, શ્રી મહાવીર વિદ્યાલયમાં દસ હજાર, શ્રી વા. મ. પા. પુસ્તકાલયમાં વીસ હજાર આમ ઘણી મોટી સખાવતો તેમણે જ્ઞાનની ભક્તિ માટે વાપરી છે.

ઘણા શ્રીમંતો પૈસા ખર્ચે છે. લાખોનો ધુમાડો કરે

છે. પરંતુ યુગ પ્રમાણે, જરૂરિયાત પ્રમાણે ને નક્કર કાર્યોમાં પૈસા વાપરનાર શ્રી વાડીલાલ પારેખ જેવા શ્રીમંતો બહુ ઓછા ગણાવી શકાય તેમ છે.

પોતાની શ્રીમંતાઈની ભૂલનો એકરાર કરતાં તેઓએ એક અધિવેશનમાં કહ્યું હતું—

"હું તમોને ધાર્મિક ક્રિયાઓમાં કે જેમાં તમારા આત્માના અધ્યવસાય છે તે ખર્ચાની વાત નથી કરતો. મેં જ્ઞાનમંદિરમાં પૈસા ખર્ચ્યાં તેની પણ વાત નથી કરતો. પણ ઊંધું ઘાલીને તેના ઉદ્ઘાટન અને દીકરીના લગ્ન નિમિત્તે જે પૈસા વધારે પડતા ખર્ચ્યા તે મારી મુર્ખાઈ છે અને તે મને પાછળથી સમજાઈ પણ છે. પરંતુ તે રાંડયા પછીનું ડહાપણ છે. આમાં હું પોતે જ મારી આ ગંભીર ભૂલ કબૂલ કરી આ ક્ષતિથી આપ સૌને દૂર રહેવા જણાવું છું કારણ કે તેવા પૈસાથી આપણે તેનાથી અનેક સારા કામ કરી શક્યા હોત."

જે સાચા દિલથી તેમણે પોતાની ભૂલ કબૂલ કરી અને પૈસાનો જે સુંદર સામાજિક ઉપયોગ કર્યો છે તે તેમના અંતરની નમ્રતાને એક જાગૃત આત્માની યાદ આપી જાય છે.

તેમની શ્રીમંતાઈનું બીજું લક્ષણ પણ ધ્યાન ખેંચે તેવું છે. શ્રીમંતાઈ હોય અને પરદેશ જવું એ શ્રીમંતો માટે આજ શોખ બની ગયો છે. સદ્ગતે વેપાર માટે અનેકવાર ઈંગ્લેંડ–યુરોપનો પ્રવાસ ખેડયો છે. પરંતુ આ

પ્રવાસ માત્ર શોખ માટે તેઓ નહોતા કરતાં વેપાર જ એની પાછળ કામ કરતો હતો. પણ વેપારની સાથેય તે આંખ ઉઘાડી રાખીને ફરતા હતા. પરદેશનું શું સારું છે ને શા માટે સારું છે તેનું એક લેખકની નજરથી અવલોકન કરતાં હતાં.

શ્રીમંતાઈ અને સાહિત્યને મોટે ભાગે નથી બનતું. પરંતુ તેઓમાં તો બન્નેય હતાં. સાહિત્યની ભૂખ પણ હતી. તેની નજર પણ હતી. અને તે પ્રવાસોના સંસ્મરણો પત્રોમાં પ્રગટ પણ કર્યાં છે. જર્મનીના પ્રવાસમાં તેમણે જે જર્મની જોયું અને તેનાથી પોતાના પર શું છાપ પડી તે બતાવતાં તે લખે છે.

"જર્મનીમાં ગયે વર્ષે ૧૯૪૯ માં ગયો ત્યારે ત્યાંના સખ્ત શિયાળામાં ઓરડાઓને ગરમ રાખવા લોકો પાસે બળતણ નહોતું તો એકમેકની અડોઅડ સૂઈ એકબીજાના શરીરની ગરમીથી તેઓ શિયાળા સામે લડતા હતા. રસ્તાઓ ઉપર મૂખ્ય બધા શહેરોમાં બોમ્બમારાના વિનાશનાં ભયાનક ચિહ્નો નજરે દેખાતાં હતાં.

પણ એક વરસમાં જર્મન પ્રજાએ બહાદુરી પૂર્વક નવસર્જનનું કામ ઉપાડી લીધું છે. ઔદ્યોગિક ક્ષેત્રે જે કંઈ બનાવે છે તેની નિકાસ કરી દેશને ઊભો કરવાના કામમાં ત્યાં આબાલવૃદ્ધ સૌ કામે લાગી ગયા છે. જ્યારે આપણાં

દેશમાં સરકારે ખાંડનું રેશનીંગ કર્યું છે અને અનાજનું રેશનીંગ કર્યું છે એથી બૂમો મારી ચારે બાજુ અસંતોષમાં જ આપણે સબડીએ છીએ. બીજા દેશોની મુશ્કેલીઓ આગળ આપણી તકલીફોની કંઈ વિસાત નથી. આપણે ખુમારીથી જીવતાં ક્યારે શીખીશું ?"

આમ આખુંય તેમનું જીવન સામાજિક કલ્યાણની ભાવનાથી સભર ને છલોછલ છે.

રાષ્ટ્રવ્યાપી ભલે તેમનું વ્યક્તિત્વ નહોય પરંતુ તેમણે જે એક કુશળ કાર્યકર તરીકે જ્ઞાતિનું સંગઠન, જ્ઞાતિ માટે કેળવણીની યોજના, પોતાના સ્વજનોના સ્મરણાર્થે ઊભી કરેલી અનેક સામાજિક સંસ્થાઓ, અને ઘણી સંસ્થાઓનો સીધો યા આડકતરો વહીવટ કરી તે સંસ્થાઓને સંગીન બનાવીને મજબૂત પાયા પર ઊભી કરી છે અને જીવનના અંતિમ વરસોમાં વેપારથી લગભગ નિવૃત્ત થઈ પોતાના સમાજના ઉત્કર્ષ માટે ખંત ને ધીરજથી કામ કરતા રહ્યા છે તે બધા જ માટે ગુજરાતના ઇતિહાસમાં એ અવશ્ય યાદગાર બની રહેશે અને, કપડવંજમા તેમની જ્ઞાતિ તેમજ ત્યાંનો ઈતર સમાજ તેમની અનન્ય સેવાઓ માટે સદાય ઋણી રહેશે.

તેમના ચાલ્યા જવાથી આપણને એક ભારે ખોટ

પડી છે. પરંતુ મૃત્યુ અનિવાર્ય છે. અને તેમનો સમય થતા તે વિદાય થઈ ગયાં છે. તેમના મૃત્યુનો શોક ન કરતાં તેમણે જે ભાવનાથી જીવન પસાર કર્યું છે અને જે આદર્શો માટે પોતાનું જીવન ખર્ચી નાંખ્યું છે એ ભાવના અને આદર્શોને આપણે સૌ જીવંત રાખી તેમના અધૂરાં કાર્યને પૂર્ણ કરવા આપણે સૌ પ્રયત્ન કરી તેમને સાચી અંજલિ અર્પીએ........



# ગ્રન્થ પ્રકાશનમાં સહાયકોની શુભ નામાવલી

રૂા. ૧૦૦૧) શ્રી. કપડવંજ નિવાસી સ્વ. શા. વાડીલાલ મનસુખલાલ પારેખ તરફથી હા. તેઓનાં ધર્મપત્નિ મેનાબેન. **કપડવંજ**

રૂા. ૭૦૦) શ્રી. સ્તંભનતીર્થ તપગચ્છ સંઘ તરફથી હા. શાન્તિલાલ અંબાલાલ શાહ. **ખંભાત**

રૂા. ૨૦૧) શ્રી. મુંબઈ દેવકરણ મેન્સન્સ. શેઠશ્રી મુલચંદભાઇ બુલાખીદાસના ઉપાશ્રય તરફથી હા. શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ. **મુંબઇ**

૨૦૦) શેઠશ્રી પનાલાલ બી. શાહ (જે. પી) ની પ્રેરણાથી શ્રી લુહારચાલ. જૈન સંઘ તરફથી (જ્ઞાનખાતાની ઉપજમાંથી.) **મુંબઇ**

૧૦૧) શ્રી સમી જૈનસંઘ હા. વડેચા દેવશીભાઈ ભૂદરભાઈ **સમી**

૧૦૧) પૂજ્યપાદ પ્રશાન્ત મૂર્તિ અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવરશ્રી કીર્તિમુનિજી ગણિવર્યના સદુપદેશથી શ્રી ગોધાવી જૈનસંઘ તરફથી ( જ્ઞાનખાતાની ઉપજમાંથી ) હા. શા. ચીમનલાલ લલ્લુભાઈ **ગોધાવી**

રૂા. ૧૦૧) શા. વાડીલાલ મગનલાલ જીનવાળા તરફથી હા. શ્રી મુકુંદરાય વાડીલાલ **કપડવંજ**

૧૦૦) શ્રી સાગરગચ્છ જૈન ઉપાશ્રય હા. શેઠશ્રી મણીલાલ છોટાલાલ **પાટણ**

રૂા. ૫૧) શા. કાન્તિલાલ વાડીલાલ (ઓઈલ મીલવાળા) **કપડવંજ**

રૂા. ૫૧) શા. કસ્તુરચંદ નગીનદાસ **કપડવંજ**

રૂા. ૨૫) શા મફતલાલ કેશવલાલ **કપડવંજ**

રૂા. ૨૫) શા. ચંદુલાલ મુળજીભાઈ હા. શ્રી મફતલાલભાઈ **કપડવંજ**

રૂા. ૨૫) શા. મણીલાલ પ્રેમચંદભાઈ **જાહેર**

રૂા. ૨૫) શ્રી લાલપુર જૈન સંઘ તરફથી **લાલપુર**

રૂા. ૨૧) સાધ્વીજીશ્રી સૂર્યપ્રભાશ્રીજીના સદુપદેશથી શ્રી ગઢ શ્રાવિકાબેનના ઉપાશ્રય તરફથી (જ્ઞાનખાતાની ઉપજમાંથી.)



# અગાઉથી પડતર કિંમતે નકલો લેનારની શુભ નામાવલી

૨૦૦) શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસર જ્ઞાનોદય સમિતિ તરફથી **મુંબઇ.**

૩૦) શેઠશ્રી કાન્તિલાલ કેશવલાલ ઝવેરી **ખંભાત.**

૧૫) પૂજ્યપાદ્ તપોનિધિ પન્યાસપ્રવર શ્રીમદ્ સૂર્યસાગરજી ગણિવર્યના સદુપદેશથી

૧૫) **પૂજ્યપાદ્ મુનિરાજશ્રી** સુરેન્દ્રસાગરજીના **સદુપદેશથી** શા. આશારામ છગનલાલ ગોધાવીવાળા **અમદાવાદ.**



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ૐ હ્રૌં શ્રૌં જૈનાચાર્ય-બુદ્ધિસાગર સૂરીશ્વરાય નમો નમઃ ઍં ઍં ઍં નમઃ

॥ સદ્‌ગુરૂ શ્રીમદ્‌ જૈનાચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી કૃત ॥

# ભજન પદ સંગ્રહ ભાવાર્થ સહિત

॥ સંસારમાં ભાગ્યશાલીઓ પોતાના દોષોની આત્મ સાક્ષીએ તથા પ્રભુની સાક્ષીએ અગર સદ્‌ગુરૂ સમક્ષ નિંદા, ગર્હા કરવા પૂર્વક સદ્‌ગુરૂ તથા જીનેશ્વરનું શરણુ સ્વીકારનાર નિર્મલ બની આત્મોન્નતિ સાધી શકે છે તે મુજબ આત્મ વિકાસ કરવાની ઇચ્છા જેમને બરોબર લાગી છે. લગની જેમને બરોબર છે. એવા સદ્‌ગુરુ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી શ્રી શાંતિનાથ જીનેશ્વરની આગળ નમ્રતાપૂર્વક સ્તુતિ-સ્તવન કરે છે.

શ્રીશાંતિજીન અલખ અગોચર, દીનાનાથ દયાળુ
દિનમણિ દીનોદ્ધારક દીનપર, કરૂણા કરજો કૃપાળુ,
મોરા સ્વામીરે ભવ પાથો દધિ તારો (૧)
ક્રોધ કપટથી મનડું મેલુ, આડુ અવળુ ભટકે,
તુજગુણ ધ્યાન કરતાં સાહિબ, સટક દઇને સટકે,
મોરા સ્વામીરે ભવપાથો દધિ તારો (૨)
મોહપ્રમાદે આયુષ્ય ગાળુ-લીધાં વ્રત નવી પાળુ,
ડહાપણના દરિયામાં ડૂબી, દીધું સંવર તાળુ.
મોરા સ્વામીરે (૩)

દુનિયાદારી દુર ન કીધી, પાપે કાયા પોષી,
દગાપ્રપંચો નિશદિન કરતાં, બનીયો ભારે દોષી.
મોરા સ્વામીરે (૪)

સાચો સાહિબ નિરખી નયણે, શરણ ગ્રહ્યું સુખકારી,
દોષને ટાળી પાપ પખાળી, થાશુ નિજગુણ ધારી.
મોરા સ્વામીરે (૫)

સેવાભક્તિ નિશદિન કરશું, તુજ આણા શિર ધરશું,
બુદ્ધિસાગર અવસર પાકર, અજરામર થઈ ઠરશું.
મોરા સ્વામીરે (૬)

**અર્થ**—હે શાંતિનાથ જીનેશ્વરજી ? મેઘરથભવમાં આત્મભોગ, એક શરણે આવેલ પારેવાનો બાજથી બચાવ કરવા આપ્યો. કૃપા હાડોહાડ વસેલ હોવાથી સ્વજન વર્ગને અવગણી બાજને ખુશી કરવા ખાતર પોતાના દેહને સમર્પણ કર્યો. તથા શ્રી અચિરાજી માતાના ઉદરમાં પધારતાં જેના પ્રભાવથી રોગ–મારી શાંત થયા. માટે આપ પૂર્ણ દયાળુ –કૃપાળુ છો વિષયોને વિષ સરખા માની વૈરાગને ધારણ કરવા પૂર્વક તથા ચક્રવર્તીપણાની સંપત્તિ–સાહ્યબી વૈભવનો લીંટની માફક ત્યાગ કરી મહાનિષ્ક્રમણ કરવા પૂર્વક અનગારી–મહામુનિરાજ થયા, ત્યારબાદ પરિષહોને સહન કરી ચાર ઘાતીયા, જેવા કે જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–અંતરાય–મોહનીય કર્મો હઠાવી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

લોકાલોકના સૂક્ષ્મ-સ્થૂલ પદાર્થોના જ્ઞાતા થયા-જ્ઞાતા થયા પછી ભવ્યજીવોના ઉદ્ધાર માટે સમવસરણમાં બીરાજમાન થઈ બાર વર્ષદા આગળ યોજન ગામિની દેશના આપી શ્રી સંઘને સ્થાપન કર્યો. દિનમણિ-સૂર્ય તો તિરછાલોકના અંધકારને ફક્ત દૂર કરે છે. પરંતુ અજ્ઞાનાંધકારને ટાળવા સમર્થ નથી. આપે તો લોકાલોકના ભાવો જાણી અજ્ઞાન-મિથ્યાત્વ-ભ્રમણાને ટાળી ભવ્યપ્રાણીઓનો ઉદ્ધાર કર્યો. તેથી દિનમણિ સૂર્ય કરતા અત્યંત પ્રકાશક-સ્વપરોદ્ધારક છો. અગર દિન કહેતાં ભ્રમણામાં ભૂલા પડેલને, સન્માર્ગે આરૂઢ કરનાર-તથા સમ્યગ જ્ઞાન-દર્શન-ચરિત્રરૂપ ભાવ પ્રાણો-ભાવ સંપત્તિ અર્પણ કરનાર આપ છો એવા આપને શરણે આવીને મારી આપવિગત-વીતી કહું છું. તે મારા સ્વામી-શાહીબાન સાંભળો, જો કે તમો સ્વપરનો ઉદ્ધાર કરી આઘાતી કર્મોને હઠાવી અલક્ષ્ય બન્યા. તથા ઇન્દ્રિયો -મનથી પણ જાણી શકાય નહિ એવા અધુના છો. તથાપિ ઉલ્લાસે તમોને વિનવું છું.

ક્રોધ કપટથી માનસિક વૃત્તિ મલીન બની આડી અવળી ભટકે છે. આ વૃત્તિને વશીભૂત કરવા પ્રયાસ કરવાથી થોડીવાર કબજે આવે છે. પણ જ્યારે તમારા ગુણોનું ધ્યાન કરવા બેસુ છું ત્યારે લાગ મળવાથી જલ્દી સટકી અન્યત્ર પરિભ્રમણ કરે છે માટે અરે મારા સ્વામી ભવરૂપી સમુદ્રથી તારો. ક્રોધ, અભિમાનનો અનાદિકાલનો સંબંધી છે. ભલે પછી બહાર જાહેરમાં દેખાતો હોય

નહિ પણ મનમાં તો વસેલો હોય છે. તે માનસિક ક્રોધ, ....અભિમાન–અદેખાઇને આમંત્રણ આપે છે અને કહેતો હોયની શું કે હું જાહેરમાં દેખાઉ નહી તોપણ તારી માનસિક વૃત્તિમાં નિવાસ કરવો સુગમ છે. એટલે દ્વેષને આવતા વિલંબ થશે નહિ એટલે ક્રોધ અને માન દ્ધષના ઘરના છે. ઘણા પ્રયત્ન દ્વારા દ્વેષને હઠાવું છું–ત્યારે માયા કપટ તથા લોભ હાજર થાય છે. આ બે પણ રાગના ઘરના છે આ મુજબ રાગ–દ્વેષાદિકથી મનડું મલીન બનેલ છે તેથી કબજામાં આવતુ નથી–કબજે કરવા અધિક મહેનત કરૂ તો અધિક જોરમાં આવી જાણી શકાય નહિ તે પ્રમાણે ખસી જાય છે. આવા મનડાને વશ કરવા તમારા ગુણોનું ધ્યાન કરવા બેસું તોપણ કબજે આવતું નથી. સદાય એટલે નિશદિન, માસ વર્ષો સુધી ભટકતું રહેલ છે. માટે રાગ–દ્વેષ મોહરૂપી દરિયામાં ડુબકીયો ખાતા ઘણા સંકટમાં ફસાએલ છું. તેમાંથી બહાર નિકળવા માટે તમારૂ શરણુ ગ્રહ્યું છે, માટે દયાના દરિયા આ સંકટમાંથી તમો ઉદ્ધાર કરો. તમારા સિવાય અત્યંત કષ્ટદાયક સાગરમાંથી કોઈ પણ બચાવ કરવા સમર્થજ નથી, સાચા તારક તો તમે જ છો–તમારૂ શરણ લીધા છતાં પણ મોહપ્રમાદનું અધિક જોર હોવાથી મોંઘેરા માનવભવની અને તેના યોગે પ્રાપ્ત થએલ આયુષ્યની સફલતા અને સાર્થકતા કયાંથી થાય ? મોહપ્રમાદ મારા મહાન્ શત્રુ છે. કેમેય કરીને ખસેડવા મથું છું છતાં ખસતા નથી એટલે મળેલ મનુષ્ય ભવની

સામગ્રી વિફલ બનતી જાય છે. આમ સમજી તમારૂ શરણુ અને તમારી આજ્ઞાના પ્રેમથી અને બલથી તે મોહપ્રમાદને હઠાવવા વ્રતોને ધારણુ કર્યા, પણુ તે રીતસર પાળી શકાતા નથી, જો કે શાસ્ત્ર આગમાદિકનો અભ્યાસ કરેલ છે છતાં અનાદિકાલનો અભ્યાસ હોવાથી તે મોહ અને પ્રમાદ વિગેરે લાગ મળતા દગો દે છે એટલું જ નહી પણુ અવળાપાટા બંધાવી, ધર્મધનને હરી લઈ ઉન્માર્ગે ધકેલી દે છે. તેથી દુન્યવી ડહાપણુના દરિયામાં બૂડી-ડુલી જે સંવરની આરાધના કરવાની હતી તેમાં તાળુ વાસ્યું. એટલે જ્ઞાનનું ફલ વિરતિ, અને વિરતિનું ફલ સંવર મળવું જોઈએ તે મળ્યું નહી- આશ્રવ આવતો રહ્યો. આશ્રવને આવતા જાણી તેને હઠાવનાર તમારૂ શરણુ લીધું-તથા દુનિયાદારી-દુન્યવી વ્યાવહારિક કાર્યોમાં ઘણો રસ લીધેલ હોવાથી તે દુનિયાદારી કેમેય ટળતી નથી. પરાણે આવીને વળગે છે તેથી જ પાપે કાયા પોષાય છે. તે પાપો ખસતા નથી. આમ પાપો-અપરાધો વડે દગા પ્રપંચો કરાય છે. જો કે માઠા લાગે છે. છતાં તેઓને ખસેડવાની તાકાતના અભાવે ખસેડી શકાતા નથી. માટે હે દીનાનાથ સાચા દયાળુ એવી શક્તિ આપો કે તે પાપો ખસે. અને જે દોષો લાગ્યા છે. ભૂલો થએલી છે. તેના યોગે દોષી બન્યો છું તે નિર્દોષી બનું. નિર્મલ થઈ તમારી સેવાઆજ્ઞામાં પરાયણુ થાઉં. જગતના સર્વે સંયોગો સાચા નથી, વિનશ્વર છે. આમ તમારૂ શરણુ લીધાથી હવે પણુ સાચી સમજણુ આવી અતએવ તેના યોગે હે પ્રભો ?

તમારી સેવા ભક્તિ પૂર્વક આજ્ઞાનુપાલન કરીને કર્મોને ખપાવી અજરામર–મોક્ષને પ્રાપ્ત કરીશું–એ ચોક્કસ છે. તમારૂ શરણ વૃથા જશે નહી જ.

આ પ્રમાણે જીનેશ્વર તીર્થંકર શ્રી શાન્તિનાથજીની સન્મુખ સ્વદોષોની નિંદા અને પ્રભુના ગુણોને ગ્રહણ કરી નિર્મલ બનવા પૂર્વક ભવ્યજનોને મોહપ્રમાદને હઠાવવા માટે ઉપદેશ આપે છે કે અન્તરાત્મા બની પરાત્માની સાથે મનોવૃત્તિને જોડશો ત્યારે જ માયા–મમતા–મોહ પ્રમાદાદિ ખસવા માંડશે મોહાદિકે તમોને ભ્રમણામાં નાંખી આત્મશક્તિ–શુદ્ધિ હરી લીધી છે. તેથી દુન્યવી નશ્વર સુખની ખાતર નવા નવા ઘાટ ઘટ્યા કરો છો તે ઘાટોથી લેશમાત્ર સત્યશાંતિ પ્રાપ્ત થવી અશકય છે. આ મુજબ ફરમાવતા પદની રચના કરે છે.

જીવલડા ઘાટ નવા શીદ ઘડે,
પલકની ખબર તને નહિ પડે.
માયામાં મસ્તાન થઈ અરે, દુર્ગતિ રડવડે,
સદ્ગુરૂનો સંગ કરે ભાઇ, મારગ સાચો જડે. જી૦ ॥૧॥
જેહ ઘરે ઘડીઆલ વાગે, નોબત ગડગડે,
તેહ ઘેરે જો કાગ ઉડે ભાઇ, ગીધયુથ આથડે. જી૦ ॥૨॥
મોહમદિરા પીને મર્કટ, કૂદી છાપરે ચડે,
મનડુ મર્કટ થાય વશ તો,
મુક્તિપુરી જઈ અડે. જી૦ ॥૩॥

**કર પ્રીતિ પરમાત્મ સાથે, ફોગટ કયાં આથડે,**
**બુદ્ધિસાગર આત્મધ્યાને, તુજને નહિ કો નડે. જી૦॥૪॥**

**અર્થ**—સંસારમાં જ્યારે કોઈ પણ માનવ-દાનવ-શેઠ-શઠ-શંકર કે કિંકર પોતાના વિચારો-ઉચ્ચારો અને આચારોથી વિરૂદ્ધ વર્તન રાખે ત્યારે તે માનવ વિગેરે તેઓને હઠાવવા વિવિધ ઘાટ-પ્રપંચો રચે છે અને મનમાં માને છે કે તેઓને હઠાવી પરાજય કરૂ, મ્હારા કથન પૂર્વક તેઓ વર્તે તો હું ખરો ? આ મુજબ દરરોજ અભિલાષા રાખતા હોવાથી તેઓને સદ્ગુરૂ અષ્ટાધિકશત ગ્રન્થના કર્તા શ્રીમદ્ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી શિખામણ આપે છે અરે તમે સામાને પરાજય કરવા-હઠાવવા ઘાટ ઘડો છો પણ એક પલકની ખબર તમોને છે ? નથી જ. એક ક્ષણમાં આસ્માની સુલતાની થાય છે, રાજા રંક અને રંક રાજા થાય છે. પૃથ્વી ઉપર પગ પણ નહિ ધારણ કરતા રાજા-મહારાજા-શેઠ શાહુકાર, ખેડૂત બની ખેતર ખેડતા-ખેડાવતા માલુમ પડે છે. જે અધિકારીઓ પોતાની સત્તાથી બીજાઓને દબાવતા-હઠાવતા, હેરાન પરેશાન કરતા હોય છે. તે ધિક્કારપાત્ર બને છે. પોતાની શારીરિક શક્તિ વધારવા ખાતર રસાયણાદિક ખાય છે તે વિલાસીજનોનો વિનાશ થતો માલુમ પડે છે અને હેરાન પરેશાન થએલ છે. પુનઃ

સાધન સામગ્રીના યોગે સત્તાધારી અધિકારી બને છે. આવા આવા વિવિધ બનાવો બનતા જાય છે ત્યાં તમારા ઘાટ-પ્રપંચ-દગા વિગેરે કારગત થશે નહિ ॥

ચંડપ્રદ્યોતમહારાજાએ કૌશાંબી નગરના શતાનિક નૃપના પુત્ર, વત્સરાજ ઉદયનને દગો-પ્રપંચ કરી કેદમાં નાંખ્યો. કારણુ કે તે ઉદયનનૃપ, સંગીત કલાનો પારગામી હોવાથી તથા ન્યાયનીતિ પૂર્વક રાજ્ય ચલાવવાની રીતિ હોવાથી, ચંડપ્રદ્યોતને પોતાની કીર્ત્તિમાં ઝાંખાશ થતી જાણી અદેખાઈ થઇ, તેથી તેને કારાગ્રહમાં બનાવટી હાથીનો પ્રયોગ કરી ફસાવ્યો, તે કારાગ્રહમાં સંગીતદ્વારા માનવોનું મન-પશુ પંખીઓ પણુ એકતાન બન્યા-એકદા ચંડપ્રદ્યોતની યૌવન વતી વાસવદત્તાએ તેનુ સંગીત આનંદ પૂર્વક સાંભળ્યું. સંગીત કલા શીખવાની પૂર્ણું અભિલાષા થઈ પોતાના પિતાને સ્વેચ્છા જણાવી-છેવટે ઉદયનની પાસે અભ્યાસ કરવાનો નિર્ણુય કર્યો પણ એવો ઘાટ ઘડયો કે તેઓ બે પ્રેમી બને નહિ. ઉદયનને કહ્યું કે મારી પુત્રી કાણી છે અને વાસવદત્તાને કહ્યું કે, સંગીતકાર ઉદયન-કોઢીઓ છે માટે સામાસામી જોવામાં ચેપ લાગે, માટે વચ્ચે પડદો નાંખી સંગીત શીખ, પડદો નાંખીને-પડદામાં રહીને વાસવદત્તા-ઉદયન નૃપની સાથે સંગીત શીખે છે એક વખત કાંઇક ભૂલ થતાં ઉદયને કહ્યું કે અરે કાણી રાજપુત્રી વારે વારે કેમ ભૂલી જાય છે વાસવદત્તાએ કહ્યું કે હું કાણી નથી પણ તમો દુષ્ટ રોગવાળા કોઢીયા છો. સામ સામી બોલા બોલીમાં વચ્ચેનો પડદો દૂર કર્યો. વાસવદત્તાએ ઉદયન નૃપને દેખ્યો તેણે રાજપુત્રીને દેખી માંહો માંહી સ્નેહ-પ્રેમ થયો અને છેવટે હાથી ઉપર નાસીને કૌશાંબીમાં

આવી લગ્ન કર્યું. ચંડપ્રદ્યોતનો ઘડેલો ઘાટ વૃથા થયો. આ પ્રમાણે મહાન્ નૃપના ઘડેલા ઘાટ નકામા થાય છે તો અરે ભાઈઓ તમારા ઘડેલા ઘાટ સફલ થશે ? હરગીઝ થશે નહી. લાંચ લેવાની ભાવનાવાળાઓ તથા અન્યજનોને છેતરવાની ઇચ્છાવાળાઓ પણ અનેક ઘાટ ઘડવામાં બાકી રાખતા નથી પરંતુ તે ઇચ્છાઓ ભાવનાઓ સફલ થવી પુણ્યાધીન છે પુણ્યોદય હોય તો જ તે ઘડેલા ઘાટ સફલ બને છે. પણ તે સફલતામાં પુણ્યનો ક્ષય છે. તે તેઓને માલુમ પડતું નથી, પુણ્ય ખતમ થયે તે ઘડેલા ઘાટ ઘડનારની બરોબર ખબર લે છે તેને હેરાન–પરેશાન કરે છે કદાચિત્ આ ભવમાં હેરાન કરે નહી પણ તેની ભયંકરતા છૂપી રહેલી છે તે ગુપ્ત રહેલી ભયંકરતા અન્ય ભવમાં હાજર થાય છે આમ સમજી સંસાર સંબંધી સર્વ ઘાટોનો ત્યાગ કરી કરેલા દુષ્ટ કર્મોને ટાળવા માટે ઘાટ ઘડવા તે શ્રેયસ્કર છે અન્યથા તે દુન્યવી ઘાટ, માયા મમતામાં મસ્તાન બનાવશે અને તેમાં મસ્તાન બની અકાર્ય કરી બેસીશ. ન બોલવાનું બોલીશ, તેથી કર્મોનો ચીકણો બંધ થશે અને તેનો ઉદય થતાં દુર્ગતિમાં રખડવું પડશે ત્યાં પરાધીનતા–ક્ષુધા–તૃષા તાપ શોક–સંતાપાદિકની વિડંબના પાર વિનાની હાજર થશે માટે આવી વિડંબના ભોગવવાનો વખત આવે નહિ તે માટે પ્રથમથી જ ચેતી જા અને ચેતીને સદ્ગુરૂ સંયમી આત્મજ્ઞાનીની સોબત કરી તેમની વાણીનું પાન કરીને સન્માર્ગે–સંયમના માર્ગે ગુમાનનો ત્યાગ કરવા પૂર્વક ગમન

કર. તેથી સંયમના માર્ગે વળતા સાચો માર્ગ કહેતાં અનંત અવ્યાબાધ મોક્ષ સુખનો માર્ગ હાથમાં આવશે. પછી આધિ–વ્યાધિ ઉપાધિ આવશે ખરી પણ નડશે નહી, સદ્‌-ગુરૂની સંગતિ, કરોડો ભવોના પાપોનો ત્યાગ કરાવી આત્મ-જ્ઞાન–શક્તિ સત્તાની ઓળખ કરાવે છે. જડની ખેંચ દૂર કરાવી દુર્ગતિના દ્વારો બંધ કરાવે છે. એટલું જ નહિ પણ સદ્‌બુદ્ધિને સ્થાપન કરી વ્યાવહારિક અને ધાર્મિક કાર્યોમાં ઓછો કર્મબંધ કરાવી આત્મિક વિકાસ કરવામાં પરમ સાધન છે. માટે હે માયાબદ્ધ માનવીઓ? ક્યાં સુધી માયાના મીઠા મારને સહન કરી ખુશી થશો તમારો રાજીપો ક્ષણમાં નાશ પામશે ત્યારે અપાર સંકટમાં ફસાવું પડશે. માયામાં મસ્તાન બનેલ એક માનવીએ રૂપૈયા કમાવાનો કીસ્સો ઉભો કર્યો. સંન્યાસીનો લેબાશ–વેષ પહેરી એક નિર્જન સ્થલે બગની માફક ધ્યાન કરવા લાગ્યો, જનસમુ-દાયને માલુમ પડવાથી દરરોજ પાયે પડવા આવે છે અને કોઈ રૂપૈયો બે–ત્રણ સોનામહોરો પણ ભેટ તરીકે મૂકી આશીર્વાદ માગે છે, આ મુજબ અનુક્રમે સંન્યાસીને ઘણા રૂપૈયા, તથા સોનામહોરો એકઠી થઈ. સંન્યાસી તે ભેગી થએલ મુડી દેખી ઘણો રાજી રાજી થાય છે અને મનમાં મલકાય છે કે આ ધંધો ઠીક હાથમાં લાગ્યો. વિના મહેનતે પુંજી એકઠી થઈ, વળી ઘણો લોભ થયો અને મંત્ર યંત્ર ખરા કે ખોટા બતાવી લોકો પાસેથી ધનાદિક ધુતવા લાગ્યો અને ખુશી થવા લાગ્યો. આ માયામાં મીઠાશ એવી આવે

છે કે સ્નાન ભોજન–પ્રભુ સ્મરણ પણ ભૂલી જાય છે. દિવસે ધન ધૂતવામાં વખત કાઢે છે અને રાત્રીમાં તેનું રક્ષણ કરવામાં નિદ્રા પણ પૂરી આવતી નથી. લેતો નથી, એકદા ધૂતી એકઠી કરેલ માયા–સોનામહોરો તથા રૂપૈયાની ગણત્રી કરી રહેલ છે. તે અરસામાં એક ધૂર્તે આવીને તે ધનને દેખી, સમગ્ર ગ્રહણ કરવાની ઇચ્છા થઇ. તેની પાસે સમગ્ર ધનની માગણી કરી, પણ તે શેનો આપે? આપતો નહિ હોવાથી પેલા ધૂર્તે માર મારવાનો આરંભ કર્યો. માર ખાય છે છતાં આપતો નથી. ત્યારે ખંજર લગાવી બેહોશ કર્યો. બેભાન થયો ત્યારે કાંઇ પણ શક્તિ રહી નહી. પેલા ધૂર્તે સમગ્ર ધન લઈ લીધુ. ભાન આવ્યા પછી મારની ખબર પડી. મારેલા ખંજરની ઘણી વેદના થતી હોવાથી વારે વારે રડવા લાગ્યો આનંદ–રાજીપો ક્યાં નાસી ગયો, તેનો ખ્યાલ રહ્યો નહીં. કહો હવે માયામાં મસ્તાન બનેલને માલ મળ્યો કે માર મળ્યો. આ પ્રમાણે દરેક પ્રાણીઓને માયા મમતાથી ઓછો–વધારે માર પડતો જાય છે છતાં ભ્રમણામાં ભૂલા પડેલને ભાન રહેતુ નથી. આ કેવી બુદ્ધિમત્તા?

માયામાં મસ્તાન, એટલે આસક્ત બનવાથી કદાપિ આનંદ આવતો નથી પણ હૃદયદાહ–ચિન્તાઓ વારે વારે સતાવ્યા કરે છે. તેથી જ પુણ્ય પાપ બંધની માલુમ પડતી નથી, ક્યાંથી પડે? ચિન્તાઓ શુભ વિચારો હઠાવે છે ત્યારે શુભ વિચારોને આવવાનો અવકાશ મળતો નથી છતાં તે અશુભ વિચારોજન્ય ચિન્તાઓને ટાળવા માટે સદ્ગુરૂની

સંગતિ કરવાની જરૂર છે કે જેથી હૃદયદાહ—ચિન્તાઓ નષ્ટ પામે અને દુર્ગતિમાં રખડપટ્ટી બંધ થાય. સદ્‌ગુરૂ સિવાય જગતમાં સન્માર્ગ દેખાડનાર કોણ છે? કોઈ નથી કારણ કે સગાંવહાલાં પોતાનો સ્વાર્થ સાધવા પૂરતો સ્નેહ રાખે છે, અને સ્વાર્થ પૂરવામાં મોક્ષમાર્ગ–સન્માર્ગનું દર્શન હોતુ નથી. સ્વાર્થના ત્યાગમાં સન્માર્ગનું દર્શન હોય છે તેથી સદ્‌ગુરૂ કહે છે કે, માયા મમતામાં મુગ્ધ બનેલ સ્વજન વર્ગ તને મોક્ષ માર્ગ દેખાડશે નહિ. દેખાડશે તો સદ્દગુરૂ. માટે તેમનો સદુપદેશ શ્રવણ કરવા પૂર્વક શ્રદ્ધાને ધારણ કરવા પૂર્વક આત્મહિત સાધવા માટે પ્રયાસ કરો. જગતમાં આપણે જોઈએ છીએ કે, વિવિધ વેપાર કરીને જે શ્રીમંતોએ લાખો કરોડોની કમાણી કરીને મહોટા મહેલો બંધાવ્યા છે. તેજ મહેલો વખત વ્યતીત થતાં જમીનદોસ્ત થતાં અને થએલા દેખાય છે અને જે મહેલો ઉપર નોબત તથા ઘડીઆળ વાગી રહેલ હોય છે, ગડગડી રહેલ હોય છે તે સ્થલે કાગડાઓાં તથા ગીધના ચુથો કોલાહલ કરી રહેલા હોય છે. પ્રજાસત્તાક. લોકશાહી રાજ્યની સત્તા આવતાં કંઈક મહારાજાઓના મહેલો જમીનદોસ્ત થયા અને તે જગ્યાએ સંડાસ જેવી સ્થિતિ થઈ. કાગડા–કુતરા–ગીધાદિ પ્રાણીઓ, આથડવા લાગ્યા. તે નજરે દેખાય છે માટે તે મ્હોટા મહેલોની મમતાનો ત્યાગ કરી સન્માર્ગે વળવું હિત-કર અને કલ્યાણકર છે.

કોઇ કહે છે કે, ભલે મહેલ–મકાનો નષ્ટ થયા પણ

કાયા–દેહ તો છેજ ને? તે દેહ દ્વારા પુનઃ મકાનો બંધાવીશું અને મહેલ બંધાવી મહાલીશું. તે ઠીક છે. પરંતુ દેહનો વિશ્વાસ ગેહની માફક કરવા જેવો નથી, વિવિધ વ્યાધિઓ ઉપસ્થિત થઇ કાયાને ક્યારે ઘેરી લેશે અને ઉપક્રમ આઘાત લાગતા ક્યારે નષ્ટ થશે ને જાણી શકાશે નહીં. આઘાત લાગતા નષ્ટ થએલ કાયા, મહેલને બદલે ચિતાનું શરણ લેશે. ત્યાં તે કાયા અગ્નિથી બળી ખાખ થવાનીજ, અને કાવાદાવા કરીને મેળવેલ મુડી–ધનાદિક જે જગ્યાએ રાખેલ હશે તે સ્થલે પડી રહેશે અને કરી, કરાયેલી મહેનત વૃથા જશે. સાથે એક પાઇ પણ આવશે નહી. પુત્રાદિક પાસે આવેલ ધનાદિક પુણ્યોદય તેમનો હશે તો જ ભોગવટો થશે અન્યથા જેમ-તેમ પાપારંભોમાં ખલાસ થશે માટે તેનો પણ મોહ મુકવા જેવો છે. તે મોહ મમતામાં પરલોકમાં કલ્યાણ થાય એવું સધાયુ નહિ. માટે મોહ મદિરાનો ત્યાગ કરી સદ્ગુરૂનો ઉપદેશ શ્રવણ કરો. તેથી જ સન્માર્ગે આરૂઢ થવાશે અન્યથા મોહમદિરાનો ત્યાગ કરશો નહિ તો મર્કટ જેવી સ્થિતિ થશે. મર્કટ–વાંદરાને કોઈએ મદિરાનું પાન કરાવ્યું હોય, તે મર્કટ પોતે તો ઘણો ચંચલ હોય છે. અને મદિરાનું પાન કર્યું તેથી ઘણો તોફાની બની કુદંકુદા કરવા અનેક છાપ-રાઓ ઉપર ચઢે છે. અને જો પતરાવાળા છાપરા હોય તો તેના અવાજથી અધિક કુદંકુદા કરી તોફાની બને છે તેની માફક મનુષ્યો મોહમદિરાનું પાન કરી તથા પોતાનું ભાન

ભૂલી વિવિધ તોફાન–ગાળા ગાળી–મારા મારી–કાવાદાવા કરીને તથા વિષય કષાયાદિકમાં મુગ્ધ બની સ્વપરને નુકશાનકારક–હાનિકારક બને છે તેથી કોઈ બાબતમાં આલોકમાં કે પરલોક કલ્યાણ સાધવાનું તેઓને અશક્ય બને છે માટે તે મનુષ્યો જો મન મર્કટને મદિરાનું પાન કરાવે નહિ તો અને અભ્યાસ તથા વૈરાગ્ય–સંવેગાદિનું આલંબન સાથે લે તો પરંપરાએ મુક્તિપુરીમાં જઇ અનંતસુખના ભોક્તા બને. સઘળી વિડંબનાઓ સ્વતઃ નાશ પામે. જીવાત્માને દુઃખમય–દુઃખજનક અને દુઃખની પરંપરા રૂપ સંસારમાં બે મ્હોટા કારણો છે એક અહંકાર અને બીજું મમત્વ, આ બે કારણો દ્વારા રાગ–દ્વેષ અને મોહાદિક ઉત્પન્ન થાય છે અને રાગ–દ્વેષ–મોહમાં મુગ્ધ બનેલ, આસક્ત બનેલને સન્માર્ગનું ભાન ક્યાંથી થાય ? કદાપિ થાય નહીં. માટે સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી તેમાં દ્રઢ શ્રદ્ધા કરી વર્તનમાં મૂકવામાં આવે તો જ અહંકારાદિક અલ્પ થતાં અનુક્રમે નાશ પામે છે. અને જીવાત્મા પોતાના સત્ય સ્વરૂપમાં રમણતા કરે છે માટે સાચા સુખનો લાભ લવો હોય અને સંસારની વિડંબના સર્વથા ટાળવી હોય તો સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી અહંકારાદિક ટાળવા કોશીશ કરવી.

આ પ્રમાણે સદ્ગુરૂશ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી હૃદયમાં કરૂણા લાવીને ફરમાવે છે કે અરે દેવદુર્લભ મનુષ્યભવ પામી મોહ મદિરાનું પાન કર નહીં. અહંકાર મમતાદિકનો ત્યાગ કરવા પૂર્વક પરમાત્મ પ્રભુ–જીનેશ્વરની

સત્કારાદિ સન્માન વિગેરે સહિત પ્રીતિ ભક્તિકર–તને મતિ બુદ્ધિ–વિજ્ઞાન પ્રાપ્ત થએલ છે. છતાં વૃથા સુખ માટે ક્યાં બાથડીઆ ભરે છે. આથડતા અગર અન્યત્ર પરિભ્રમણ કરતાં સંસાર દુઃખમય–દુઃખજનક અન દુઃખ પરંપરાવાળો બનશે. માટે પ્રથમ સમજી બુદ્ધિસાગર–પરમાત્મા સાથે પ્રીતિ ભક્તિ કરીને તેમના ગુણોને ગ્રહણ કરો. તેથી આ જગતમાં કોઈ પણ પદાર્થ તમોને નડશે નહી. મોક્ષમાર્ગ–સુગમ–સરસ સરલ બનશે. માટે પ્રથમ પરમાત્માનું પૂજન કરી તેમના ગુણોને કાયમ ગ્રહણ કરવા, કે જેથી આત્માની ઓળખાણ થાય. ઓળખાણ થયા પછી આત્મિક શક્તિનું–જ્ઞાનનું ભાન થાય, અને બહુ આદરમાન વધે અને રાગ–દ્વેષ મોહાદિકના વિકારો તોફાનો સ્વયમેવ શમી જાય. આ મુજબ ફરમાવતાં સદ્ગુરૂ કહે છે કે, અરે ભાગ્યશાલીઓ, સર્વશક્તિ–જ્ઞાન વિગેરે સદ્ગુણો તમારામાં સત્તામાં રહેલા છે પણ અહંકાર–મમતાજન્ય રાગ–દ્વેષાદિ કે દબાવી દીધા છે, તેથી સત્ય સુખની ઝાંખી પણ થતી નથી. તે દબાણો દૂર કરવામાં આવે તો જ અનંત સુખના સ્વામી બનાશે. કોઇ પ્રકારની વિડંબના રહેશે નહિં. ઉદ્યમ કર્યા સિવાય આત્મવિકાસ ક્યાંથી સધાશે ? ઉદ્યમ–સાહસ પરાક્રમાદિ કરો છો તો તે તમારો સંસાર વધારનાર બન્યો અને બનશે માટે અધુના એવો ઉદ્યમ–સાહસ–પરાક્રમ કરો કે અહંકાર–મમતા જન્ય-રાગદ્વેષ ટળે અને સમત્વને આવવાનો અવકાશ મળે. પરંતુ જ્યારે પુણ્યોદયે સાધન સંપન્ન બનતાં–શ્રીમંત બનતાં

તેમાં જ સાધ્ય માનતા હોવાથી તે સાધનો જ્યારે ખસવાનો વખત આવતા તે ધનાઢ્ય ક્રોધાતુર બની ઘણો ઉત્પાત મચાવી પોતે મહાસંકટમાં ફસાઈ પડે છે તે જ સાધનો તેને કષાયનો આધાર લઈ દુર્ગતિમાં ધકેલી મૂકે છે. કારણ કે સાધનો દ્વારા જે સાધ્ય મેળવવાનું હતું તે મેળવ્યું નહિ અને સાધનને સાધ્ય માની તેનું રક્ષણ કરવા સઘળુ જીવન વિતાવ્યું." રંક શેઠની માફક—પાલી શહેરમાં કાકુ અને પાતક બે ભાઈઓ હતા. તેમાં પાતક મ્હોટો અને કાકુ નાહનો હતો—તે બે ભાઈઓ ખેતીનો ધંધો કરતા—આજીવિકા રીતસર ચલાવતા—પાતક, નાના ભાઈ કાકુને ખેતી કરતાં વારે વારે પ્રેરણા કરતો તેથી તેને કંટાળો આવતો પણ શરમથી તે બોલી શકતો નહિ. એક દિવસ રાત્રિમાં પાણીની નેક તૂટેલી હોવાથી સઘળુ પાણી ક્ષેત્રની બહાર જતું હોવાથી પાતકે કાકુને કહ્યું કે તું ક્ષેત્રમાં જા અને નેકને સમારી આવ, ભરનિદ્રામાં ઉઠીને રાત્રિએ ખેતરમાં જઇને નીકને સુધારી પણ કંટાળો આવવાથી બોલવા લાગ્યો કે આવી દુઃખદ સ્થિતિ ક્યારે દૂર જશે. તેવામાં કોઈ અદૃશ્ય વ્યક્તિએ કહ્યું કે તું વલ્લભીપુરમાં જા, ત્યાં તારૂ ભાગ્ય ફળશે અને સાંસારિક સારા સાધનો મળશે. આ મુજબ સાંભળી પોતાના ઘેર આવી સવારમાં મ્હોટા ભાઇને પુછી સ્ત્રી સાથે તે પાલીનગરમાંથી નીકળી અનુક્રમે વલ્લભીપુર (વળા) નગરમાં આવ્યો. અને નગરની બહાર એક ઘર ભાડે રાખી ઘી વેચવાની દુકાન માંડી.

રબારણોની પાસેથી ઘી વેચાતું લઈને નગરમાં વેચી સારો લાભ મેળવે છે. તેવામાં એક રબારણ ચિત્રાવેલી સહિત વેલડીઓની એક ઉંઢાણી, સુંથરું બનાવી માથા ઉપર ઘીનો ઘડો મૂકી વેચવા આવી. આ રબારણને ખબર નથી કે આ ઉંઢાણીમાં ચિત્રાવેલી છે. કાકુ ઘી લે છે પણ ઘડામાંથી ઘી ઓછુ થતુ ન હોવાથી સમજી ગયો કે આ ઉંઢાણીમાં ચિત્રાવેલી હોવી જોઈએ. નહિતર ઓછુ થવું જોઈએ. આમ વિચારી રબારણ પાસેથી ઉંઢાણી સહિત બધો ઘીનો ઘડો મોં માગ્યા પૈસા આપી વેચાતો લીધો. રબારણ ખુશી થઈ તેના કરતા કાકુ અધિક રાજી થયો. ભાગ્યોદય ખીલે છે ત્યારે અલ્પ પ્રયાસ કરતાં મનમાન્યું આવી મળે છે. ભાગ્ય–પુણ્યોદય આ ભવમાં કે પરભવમાં સારી ભાવનાથી બાંધ્યું હોય તો વખત જતાં ફલીભૂત બને છે. પરંતુ મોહમદિરાનું પાન કરી જેમ જેમ તેમ તેમ વિષય કષાયોના વિકારોમાં મસ્તાન બનવાથી ભાગ્ય–પુણ્યબંધ થતો નથી–પણ પુણ્યોદયનો ભોગવટો કરતાં પાપ બંધ થાય છે. માટે પુણ્યોદય દ્વારા સંસારમાં અનુકુલતાના સાધનો મળતાં બહુ ચેતવાનું છે કે અનુકુલ સાધન સામગ્રી મળતાં સુખ મનગમતું મળે છે. પણ ધર્મ વિના તે સુખ, પુણ્યનો ક્ષય કરે છે. માટે હે ચેતન ચેત ? અને ધર્મની આરાધના કરી સ્વપરનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિ કર, આવી ભાવના અને પ્રવૃત્તિ હોય તો જ પુણ્ય બંધ થાય છે અને પાપ ભીરૂ બની પાપક્રિયાઓથી પાછુ ખસાય છે. પરંતુ જયાં સુધી આવો

વિચાર પણ આવે નહિ ત્યાં સુધી પ્રાપ્ત થએલ સાધનોમાં સાધ્ય માનવાથી પુણ્યનો બંધ થાય નહિ. પરંતુ પાપ બંધ તો જરૂર થાય માટે ચેતીને ચાલવા જેવું છે. કાકુ ચિત્રાવેલી દ્વારા ઘણો ધનાઢ્ય બન્યો. ઉપરા ઉપરી લાભ થવા લાગ્યો તેમ તેમ ધનાદિકમાં અધિક લુબ્ધ બન્યો અને લોભે બરોબર ઘેરો નાંખ્યો. એક દિવસે એક સિદ્ધ યોગી સુવર્ણ રસતુંબીકાને ગ્રહણ કરીને ગમન કરતાં કાકુના ભાગ્યયોગે રસતુંબીકામાંથી એવો અવાજ આવવા લાગ્યો કે અરે કાકુ શેઠ, આ રસતુંબીકા જાય છે—જાય છે, આમ બહાર આવતા અવાજને સાંભળી યોગી ગભરામણમાં પડ્યો. શેઠને તુંબીકા સોંપી અન્યત્ર સ્થલે ચાલ્યો ગયો. લોહના ભાજનમાં રસબિન્દુ પડતાં તે ભાજન સોનાનું બન્યું. તેથી અધિક ખુશી થઈ લોહને ખરીદી સોનું બનાવવા લાગ્યો. અને વિચાર કરવા લાગ્યો કે કદાચિત સિદ્ધ યોગી પાછો આવી રસતુંબીકાની માગણી કરશે તો પાછી આપવી પડશે માટે તેને પાછી આપવી પડે નહી તે માટે મકાનને નગરમાં બંધાવી તે સ્થલે રહું. પ્રથમનું મકાન પડેલું દેખી તે યોગી બીજે જશે આમ વિચારી વલ્લભીપુરમાં સાત માળનો મહેલ બંધાવી મહાલવા લાગ્યો અને થાળી વાટકા વિગેરે જે ભાજનો હતા તે સોનાના બનાવ્યા—અરે પોતાની દીકરીની મસ્તક ઓળવાની કાંસકી પણ સોનાની બનાવી. દીકરી ઘણી ખુશી થઈ. રત્નજડિત સોનાની કાંસકી વડે માથુ ઓળવા લાગી. શાલીવાહન નૃપની દીકરી તેની ગોઠણ બની, તેણીએ

માથું ઓળતી કાકુશેઠની દીકરીની પાસે રત્નજડિત સોનાની કાંસકી માગી. પણ ગર્વથી આપી નહી. તેથી શાલીવાહન નૃપને તેની દીકરીએ કાકુશેઠની દીકરીના અભિમાનની બીના કહી, નૃપે કાકુશેઠ પાસે કાંસકી માગી છતાં ગુમાનમાં આવી આપી નહી. અને ધનના કેફમાં રાજાનો તિરસ્કાર કર્યો. નૃપની સત્તાથી ધનાદિ લઇને શેઠને બીજે સ્થલે નાશી જવું પડયું. અને ઘણો વૈર વિરોધ કરવો પડયો. માટે સાધન સામગ્રી મળ્યા પછી તેનો ગર્વ મૂકીને અન્તરાત્મ બની પરાત્મ બનવા માટે પ્રયત્નશીલ બનવું. તે સાધનની સફલતા છે. આ પ્રમાણે સદ્ગુરુદેવે પ્રથમ શાંતિનાથની સ્તુતિ કર્યા પછી જીવડલા ઘાટ નવા શીદ ઘડે પલકની ખબર તને નહિ પડે. આ પદ કહ્યુ તેની વિવેચના કરવામાં આવી. હવે "બીજા પદની વ્યાખ્યા કરવામાં આવે છે" હવે મને હરિનામ શું નેહ લાગ્યો—એ રાગમાં આચાર્ય–બુદ્ધિસાગર સૂરીશ્વરજી પદની રચના કરતા ફરમાવે છે કે,

**ચેતનજી ચેતો કોઇ ન દુનિયામાં તારૂ, મિથ્યા માને**
**છે મારૂ મારૂ રે૦ ચેતન ૧**

**લાખ ચોરાશીમાં વાર અનંતી, દેહ ધર્યા દુઃખ પામી,**
**મળીયો માનવભવ હાર ન આતમ, ઉદ્યમમાં રાખ**
**નહિ ખામી રે૦ ચેતનજી—૨**

**કાયારે બંગલો મુસાફર જીવડો, જોજે તું આંખને ઉઘાડી,**

ઉચાળો અણધાર્યો ભરવો પડશે, પડયાં રહેશે ગાડી
વાડી રે૦ ચેતનજી—૩

રામરાવણને પાંડવ કૌરવ, મૂકી ચાલ્યા સહુ માયા,
બણીઠણી શું ફુલી ફરે છે, પડતી રહેશે તારી કાયા રે
ચેતનજી—૪

માયા મમતાને આળસ છંડી, ધ્યાન ધરો સુખકારી,
બુદ્ધિસાગર સદ્ગુરુના પ્રતાપે–પામો જીવ ભવપારી રે
ચેતનજી—૫

સદ્ગુરૂ ફરમાવતા કહે છે કે, કર્મોને લીધે કાયા માયા મલી છે. એકદમ અકસ્માત્ મનુષ્યભવમાં કાયા અને માયા મળી નથી, પ્રથમ અવ્યવહાર રાશીમાંથી ક્યારે નીકળ્યો કે જ્યારે એક અન્તરાત્મા ધર્મ ધ્યાન પૂર્વક શુકલ ધ્યાનને સારી રીતે ધારણ કરવા પૂર્વક ઘાતિક–અઘાતિક મલરૂપ કર્મોને ખપાવી સિદ્ધિપદને વર્યા ત્યારે આ જીવાત્મા અનાદિ નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવ્યો. વ્યવહારરાશીમાં પણ અનંતકાલ પરિભ્રમણ કર્યું. ત્યાં ચાર પ્રાણો સિવાય અન્ય સાધનનો અભાવ હતો. તેથી અકામ નિર્જરા અને ભવિતવ્યતાના યોગે બેઇન્દ્રિયપણાને પામ્યો. તેમાં પણ અસંખ્યાતો કાલ જીવાત્મા રઝળ્યો આ મુજબ અકામનિર્જરા અને ભવિતવ્યતાના યોગે ત્રીઇન્દ્રિય–ચતુરિન્દ્રિય પંચેન્દ્રિયપ્રાણી બન્યો ત્યારે પાંચેય ઇન્દ્રિયો મન–વચન–

અને કાયબલ તથા શ્વાસોશ્વાસ તેમજ આયુષ્ય, આ મુજબ દશપ્રાણો અને છ પર્યાપ્તિઓ મળી. તે ઘણી યાતનાઓ-સંકટો, અસહ્ય વેદનાઓ ભોગવી-સહન કરી ત્યારે મળી છે. દશપ્રાણો અને છ પર્યાપ્તિઓ પશુપંખીઓને પણ હોય છે અને મનુષ્યોને પણ હોય છે. પરંતુ પશુપંખીઓને આ સાધન સામગ્રી પ્રાપ્ત થાય છે પણ તેનો ઉપયોગ આહાર સંજ્ઞા-ભયસંજ્ઞા-મૈથુન અને પરિગ્રહ સંજ્ઞામાં થતો હોવાથી પ્રાયઃ તેઓ આત્મિકોન્નતિ કરવા અશક્ત બને છે. એટલે માનસિક વિચારણા-આ સંજ્ઞા પૂરતી હોય છે. પાંચ ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓને કબજે કેમ કરવી તેનો ખ્યાલ હોતો નથી. પણ મનુષ્યોને વિચારણા-વિવેકશક્તિ હોવાથી મળેલ સાધનસામગ્રીનો સદુપયોગ કરી ધારે તો આત્મિક વિકાસ સાધવા સમર્થ બને. પરંતુ કાયામાયામાં જ આસક્ત બની કાયામાં બીરાજમાન અનંતજ્ઞાન-દર્શન-વિગેરે ગુણોને ધારણ કરનાર આત્માને ઓળખે નહી-બહુમાન કરે નહી તો પશુપંખીની માફક ગણાય, તેથી ગુરૂદેવ ફરમાવે છે. ચેતનજી ચેતો કોઈ નહિ દુનિયામાં તારૂ, મિથ્યા માને છે મારૂ મારૂ રે, મિથ્યા શા માટે કહે છે તે સમજો, દેવદુર્લભ મનુષ્યભવમાં કલ્પવૃક્ષ-કામધેનુ-ચિન્તામણિ કરતાં અચિન્ત્ય લાભ આપનાર-મોક્ષ નગરીમાં પહોંચાડનાર આ કાયા તને મળી છે. તે કાયાને, માયામાં મિથ્યા વેડફી નાંખ નહિ. તેમાં વિષય કષાયના વિકારોને ભર નહિ પરંતુ તે કાયા, માયાને સાધન તરીકે માની ધર્મધ્યાનમાં જોડ, તેથી કાયા

–માયા, સફલતા ધારણ કરશે. દેવદુર્લભ ઔદારિક કાયા મળી છે. તેમાંથી અપૂર્વ શક્તિ–જ્ઞાનાદિ મેળવે તો જ તું માણસાઇને પામ્યો માની શકાય. મનુષ્ય ભવને ફેરો ફળે માટે હે ચેતનજી ચેતો એટલે વિચાર–વિવેક કરો કે દુનિયામાં કોણ તારૂ છે. જે આલોકમાં અને પરભવમાં સાથેને સાથે રહે તો તારૂ કહેવાય. ઘર–શરીર–કુટુંબ પરિવાર વિગેરે પરલોકમાં સાથે આવે છે? નથી આવતા તો તારૂ કેમ કહી શકાય ? પરલોકમાં પુણ્ય–પાપના જે સંસ્કારો પડયા છે. તે સાથે આવનાર છે માટે પાપબંધના સંસ્કારો પડે નહિ તે માટે ખાસ ચેતવાનું છે જો તેવા સંસ્કારો પડશે તો કોઈ પ્રકારે અનુકુલતા રહેશે નહિ અને પ્રતિકુલતા અનિચ્છાયે હાજર થશે. દુન્યવી પદાર્થોમાં મારા પણું માની આસક્ત બનશો તે પદાર્થોની જીંદગાની સુધી સંભાળ રાખશો–તોપણ તે વસ્તુઓ હે ચેતન ? તારી થવાની નથી જ, શા માટે મારાપણું માની ફોગટ ચિન્તાતુર થાઓ છો. રગડા–ઝગડા–શોક–સંતાપ કરી હૈયાને બાળો છો. અને સાથેને સાથે આર્ત્તધ્યાન કરી દુઃખી બનો છો. માટે ચેતીને એવી મનોવૃત્તિ અને કાયાની પ્રવૃત્તિને બરોબર કેળવો કે શોક સંતાપ–પરિતાપાદિક થાય નહિ. અરે ભાગ્યશાલી ? ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિઓમાં દેહાદિકને ધારણ કરી અનંતીવાર વિડંબનાઓ વિપત્તિઓની પીડાઓ સહન કરીને પુણ્યોદયે માનવભવ પામ્યો. માનવભવ પામ્યાની સાર્થકતા સફલતા સાધી લે ? તે માનવભવને

રાગ–દ્વેષ મોહાદિ દ્વારાં હારી જા નહી. માટે સાર્થકતા સફલતા કરવા માટે એવો ઉદ્યમ–સાહસ–પરાક્રમ વિગેરે કર કે અન્યભવમાં આનંદથી જીવન પસાર થાય અને સાથેને સાથે આત્મિક વિકાસ સધાય. આધિ–વ્યાધિ અને ઉપાધિ દૂર ભાગે. ઉદ્યમ એવો કરવો કે, પ્રથમ જીનેન્દ્ર પૂજા પૂર્વક તેમના ગુણોને ગ્રહણ કરી તથા ગુણાનુરાગી બનવું અને સદ્‌ગુરૂની ઉપાસના કરી પ્રાપ્ત ગુણોમાં દૃઢતા રાખીને સ્થિરતા ધારણ કરવી. આ મુજબ જ્યારે સ્થિરતા થશે ત્યારે દરેક પ્રાણીઓ ઉપર મૈત્રીભાવના–પ્રમોદભાવના અને અનુકંપાને આવવાનો અવકાશ મળશે એટલે વૈરી ઉપર વૈર વાળવા વૃત્તિ કે પ્રવૃત્તિ થશે નહિ અને સુખેથી જીવન પસાર થશે. પરંતુ ગુરૂદેવના શ્રીમુખની વાણીનું શ્રવણ કર્યા સિવાય મૈત્રીભાવાદિ આવી શકશે નહિ માટે વચનામૃતનું દરરોજ પાન કરીને તેને પચાવ ? વચનામૃતનું પાન કરી તે મુજબ શકય વર્તન કરવામાં આવશે ત્યારે નવજીવનના અપૂર્વ લહાણો મળશે. નવજીવનના લહાણ મળ્યા પછી આત્મધર્મની સાધકતા સધાશે. બાધકતા જેવું રહેશે નહી. તેથી વ્યાવહારિક કાર્યોની આંટીઘુંટી પણ સુગમતાયે ઉકેલાશે. એટલે વિઘ્નો શોક–ચિન્તા વિગેરેને સ્થાન મળશે નહી. માટે શાંતિ–આનંદ પૂર્વક વ્યવહાર ચલાવવો હોય તો ઉપર પ્રમાણે ઉદ્યમ–સાહસ–પરાક્રમ વિગેરે કરવામાં આળસ કર નહિ અને ખામી રાખ નહિ. આ સિવાય ઉન્નતિ કરવાનો ઉપાય નથી. માટે ચેતીને સંસારમાં વ્યવહારના

કાર્યો કરવા. સંસારમાં તો કંટકો સાથે ગુલાબ–ચંપા–મોગરાના પુષ્પો પણ રહેલા છે. ઉપયોગ રાખવામાં આવશે નહિ તો કંટકો વાગશે. પથરાએલ પથ્થરોમાં પણ ટીચાવાનો વખત આવશે માટે સદ્‌ગુરૂદેવ કહે છે એવો ઉદ્યમ કર કે ટીચાવાનો ટાઈમ આવે નહી. અને સુવાસ આવતી રહે. સુવાસ–જીનેન્દ્ર પૂજાપૂર્વક ગુણાનુરાગી બની, ગુણી બનવાથી જરૂર આવશે. અરે ભાઇ, કાયારૂપી બંગલો ઘણી કિંમત ભરવાથી પ્રાપ્ત થયો છે. તે તો ચાર ગતિમાં મુસાફરી કરતા પુણ્યોદયે મળ્યો છે. પણ સદાય તે બંગલો સ્થિર રહેવાનો નથી. આયુષ્યની અવધિ પુરી થતા તેનો ત્યાગ કરી અન્યત્ર જવું પડશે માટે તે બંગલાને પણ તારો માનીશ નહિ. પણ જ્યાં સુધી કાયારૂપી બંગલામાં નિવાસ કરીને રહેલ છે. ત્યાં સુધી એવા સુંદર અને સરસ કાર્યો કર કે અનુક્રમે જન્મ–મરણ અને જરાના સંકટો ટળે. માટે આ મુસાફરીમ કાયારૂપી બંગલો મળ્યો છે. તેનાથી ઘણું કલ્યાણ સધાશે અને ભવોભવની વિટંબનાઓ ટળી જશે. માટે કાયા રૂપી બંગલામાં ભલે નિવાસ કર્યો, પણ તેમાં આસક્તિનો ત્યાગ કરી સ્વહિત સાધી લે. તે બંગલો વ્યાધિઓથી તથા આયુષ્ય પૂર્ણ થતાં પડી જાય તે પહેલાં ચેતી આત્મકલ્યાણ સાધવા માટે પ્રમાદ કરો નહિ. કદાચ પાપોદયથી લક્ષ્મી વિગેરે ખસી જવાની તૈયારી કરતી હશે તો પણ ધાર્મિક ક્રિયા અને કાર્યો તથા નિસ્પૃહતાના યોગે ખસી જશે નહી, અને ભલે ચંચલ છે છતાં કાયમ રહેશે. એક સદ્‌ગુણી ધાર્મિક

શેઠની માફક....

એક શહેરમાં ધાર્મિક અને સદ્‌ગુણી શેઠ–પુત્રપરિવાર વિગેરેથી સહિત હતા. જે પરિવાર હતો તે પણ સદાચારી અને ગુણાનુરાગી હતો. તેથી ધાર્મિક કાર્યોમાં તેને અનુકુલતા રીતસર રહેતી, અને જીવન આનંદપૂર્વક વ્યતીત થતું. ઘરમાં લક્ષ્મીની સારી રીતે મહેર હતી–તેથી વ્યાવહારિક કાર્યોમાં વિઘ્નો આવતા નહિ. દાન–શીયલ–તપ–ભાવનામાં પ્રીતિ રાખી આનંદમાં મહાલતા. પરંતુ એક દિવસે લક્ષ્મી દેવી શેઠને કહેવા લાગી–અરે શેઠ તારા ઘરમાંથી હવે બીજે સ્થલે જવાની છું. કારણ કે તારૂ પુણ્ય ખતમ થવા આવ્યું છે. અમે તો પુણ્યોદયે કામ આપી શકીયે. શેઠ નિસ્પૃહ હતા તેથી ચિન્તા શોક સંતાપાદિક થયા નહિ અને કહ્યું કે હે દેવી તમો ક્યારે ગમન કરશો ? દેવીએ કહ્યું કે સાત દિવસ ગયા પછી. ભલે પધારશો, આ મુજબ કહી શેઠે પુત્ર પત્ની પરિવારને બોલાવી લક્ષ્મીદેવીના જવાની બીના કહી અને કહ્યું કે આમ તો સાત દિવસ પછી ઘરમાં લક્ષ્મી રહેશે નહિ તો સાત દિવસમાં સઘળી મિલ્કત સાત ક્ષેત્રમાં વાપરીને પુણ્યબંધ શા માટે ન બાંધીયે ! પુણ્યબંધના યોગે લક્ષ્મી અન્યત્ર જશે નહિ. માટે તમારો વિચાર શો છે ! પુત્ર પરિવારે કહ્યું કે સુખેથી સાત ક્ષેત્રોમાં વાપરો. લક્ષ્મી દાનાનુસારિણી હોય છે શેઠે શીયળ–તપ–સુંદર ભાવના સાથે સાત ક્ષેત્રોમાં સઘળી મિલ્કત વાપરી. એક વાલની વીંટી પણ રાખી નહિ તેથી પુણ્યબંધ થવા પૂર્વક તરત પુણ્યોદય

થયો. આ પુણ્યોદયના યોગે લક્ષ્મીદેવી વિચાર કરે છે આવો નિસ્પૃહ અને ધાર્મિક શેઠ આ શહેરમાં નથી. માટે આ શેઠના ઘરમાં કાયમ રહી ધાર્મિક કાર્યોમાં મદદગાર બનું. બીજે સ્થલે જવાની ઇચ્છા માંડીવાળી. સાતમા દીવસની રાત્રીમાં શેઠ નિશ્ચિંત સૂતા છે ત્યાં આવીને પાછી કહેવા લાગી. હે શેઠ, તેં તો મ્હને બાંધી રાખી સાત ક્ષેત્રોમાં સઘળી લક્ષ્મીનો સદ્વ્યય કર્યો તેથી બીજે સ્થલે જવાની ઇચ્છા નથી. તેં કાયા-માયાને ઉતારી દાન-શીયળ તપ-ભાવના વિગેરે સદાચારો દ્વારા જે પુણ્ય બાંધ્યું. આ મુજબ સદાચારોનું પાલન અને પોષણ કરનાર આ નગરમાં નથી. તેથી બીજે સ્થલે જઇશ નહિ. કાયા-માયા-કહેતાં પોતાની શરીરની મમતા તથા મિલ્કત પુત્ર પરિવારની મમતાનો ત્યાગ કરનાર કોઇ વિરલ હોય છે. આ મુજબ દેવીનું વચન સાંભળી શેઠ ખુશી થયા. અને કહેવા લાગ્યા કે એક વાલની વીંટી પણ રાખી નથી તો તમો આવશો કેવી રીતે. દેવીએ કહ્યું, બાવાનું રૂપ ધારણ કરી તારા ઘરમાં આવીશ. તે વેળાએ તે બાવાને સાત ધોકા લગાવજે. તરત તે સોનાનો પુરૂષ બનશે. આ પ્રમાણે કહી દેવી અદૃશ્ય થયા. સવારમાં એક જટાધારી બાવો આવ્યો. તેને બોલાવી ઘરમાં લઇને સાત ધોકા લગાવ્યા કે તરત સોનાનો પુરૂષ બન્યો. તે વખતે એક હજામ બાવાને સોનાનો પુરૂષ થએલ છે આમ દેખી બાવાને બોલાવી ધોકા મારવા લાગ્યો. પણ બાવો હતો બલવાન્. તેથી હજામને ધોકા મારવા લાગ્યો.

હજામે માર ખાધો પણ માલ મળ્યો નહિ. ક્યાંથી માલ મળે ? કાયા—માયાની મમતાનો ત્યાગ કરવો નથી. અને માલ—સોનાનો પુરૂષ જોઈએ છીએ તે ક્યાંથી પ્રાપ્ત થાય. શેઠે કાયા—માયાની મમતા ઉતારી અને મિલ્કતનો સદ્‌વ્યય કર્યો ત્યારે જ ઘરમાં સોનાપુરૂષ રહ્યો અને હજામને સોનાના બદલે માર પડ્યો. માટે ગુરૂદેવ કહે છે કે કાયારૂપી બંગલાનો અને માયારૂપી મમતાનો ત્યાગ કરી વ્યાવહારિક કાર્યો કરતાં પ્રભુને તથા આત્માને યાદ કરજો. તેમના ગુણોને ભૂલતા નહી. અને કાયામાયને કાયમ રહેવાની ભ્રમણામાં પડશો નહિ. કારણકે ઉચાળો અણધાર્યો ભરવો પડશે અને તે કાયા અને માયા દગો દઈ અહિં જ પડી રહેશે. સાથે આવશે નહિ. માટે ચેતી લો ? દુનીયામાં પ્રસિદ્ધ થએલ પાંડવો અને કૌરવો, આયુષ્યપૂર્ણ થયા પછી સાથે કાંઈપણ લઈ ગયા નથી. તો તમે ક્યાંથી લઈ જશો. પડી રહેવાની વસ્તુઓ માટે કયો માણસ તેમાં વિશ્વાસ ધારણ કરવા પૂર્વક આસક્ત બને ? કારણ કે સમજુ શાણાઓ તો તે વસ્તુઓને વ્યાવહારિક કાર્યોમાં કાંઈક સહકાર આપનાર માને છે પણ સાધ્ય માનતા નથી તેથી તેમાં મુગ્ધ બનતા નથી પણ તે કાયામાયાની મદદ લઈ આત્મવિકાસ સાધી આગળ વધતા રહે છે માટે શાણા સમજુ થઈને આળસ પ્રમાદનો ત્યાગ કરી શ્રી બુદ્ધિસાગરસૂરિજીનો ઉપદેશ માની શ્રી બુદ્ધિજ્ઞાનના સાગર—અનંત જ્ઞાનના ધારણ કરનાર એવી જીનેશ્વરની આજ્ઞાને માથે ઉઠાવી હાડોહાડ—માંસે માંસે પરીણામ પમાડી

તેમની આજ્ઞા મુજબ વર્તન રાખી આત્માનું કલ્યાણ કરો. આત્મ કલ્યાણ કરવાની તમારામાં તાકાત ભરપુર ભરી છે. પણ આળસને લઈને તાકાતને તમોએ જાણી નથી અને અનુભવી પણ નથી. તાકાત હોય તે પણ આળસે તે શક્તિને દબાવી દે છે. તેથી ઉદ્યમ--સાહસ-પરાક્રમ જેવો જોઈએ તેવો થતો નથી. એક આળસુ જેઠ માસમાં મૃગ નક્ષત્રના યોગે કેરીઓથી રચી રહેલા આંબાના ઝાડ નીચે સુતો છે. વાયરાના યોગે પાકેલી કેરીઓ તેની સમીપમાં પડેલી છે. અને પડી રહેલ છે તથા તે આળસુને કેરીઓ ખાવાની પણ અભિલાષા છે છતાં પોતાનો હાથ લંબાવતો નથી અને આંબાને કહે છે કે મારા મુખમાં કેરીઓને કેમ નાંખતો નથી. અને મારાથી દુર નાંખે છે, જા, જા, તને જોશે ત્યારે આંબો હાંસી કરતો હોયની શું? તેમ વાયુના યોગે ડાળાં હલાવતો કહે છે ત્હારા જેવા પ્રમાદીના મુખમાં અમે નાંખીયે નહીં. એક તો પ્રમાદી છે અને ઉદ્યમ કર્યા સિવાય તને કેરીઓ આપવામાં આવે તો વધારે એદી બને. આ મુજબ સાંભળી અફસોસ કરતો તે સ્થલે થઈને જતાં ઉંટવાળાને કહે છે કે, અરે ઉંટવાળા મારી પાસે પડેલી કેરી મારા મુખમાં મૂકે તો ઘણો ઉપકાર થશે. ઉંટવાળાએ કહ્યું કે આવો ઉપકાર અમો કરતા નથી. તારી પાસે જ પડેલી કેરીઓને સહજ હાથ લંબાવી ગ્રહણ કર. આવો એદી કેમ બન્યો છે?

આ પ્રમાણે કહીને ઉંટવાળો ચાલતો થયો. આળસુ

અફસોસ કરતો પડી રહ્યો છે પણ હાથ લંબાવતો નથી. કહો ત્યારે એદી કેરીનો રસ ચાખશે ? નહી જ. આ દૃષ્ટાંત મુજબ આપણે પણ એદી બની પાસેને પાસે રહેલ સદ્‌ગુણોને ગ્રહણ કર્યા નહીં તો અફસોસ-ચિન્તા કરવાનો અવસર લાગી આવે, માટે આળસ પ્રમાદનો ત્યાગ કરી આત્મજ્ઞાન મેળવી આત્મજ્ઞાની બનો. જે અભિલાષા છે તે અધુરી રહેશે નહિ અને આનંદમાં ઝીલશો. ઘણાયે મહાભાગ્યશાળીઓ કાયામાયાની મમતાનો ત્યાગ કરવા આળસ પ્રમાદને નિવારી જીનેશ્વર પ્રભુના ગુણોને ઓળખી-ગ્રહણ કરી તથા આત્મિક ગુણોને પ્રાપ્ત કરી પરમાનંદને પામ્યા છે. માટે હવે ચેત ? આળસ-પ્રમાદને ત્યાગ. અને ઉદ્યમ કરી સત્યાનંદને મેળવ.

હવે સદ્‌ગુરૂ મહારાજ ત્રીજું પદ, સુંદર હૃદયના ભાવથી જનસમુદાયના કલ્યાણ માટે કહે છે કે, જે મનુષ્યજન્મ પામીને ભાગ્યશાલી હોય તેજ મોહમદિરાનો તથા આળસ પ્રમાદનો ત્યાગ કરીને શૂરવીર બને છે. સત્ય શૂરવીરતા, શરીરને પુષ્ટ બનાવવાથી આવતી નથી, શરીરને પુષ્ટ બનાવવાથી જો શૂરવીરતા આવતી હોય તો પંખીઓમાં ગરૂડ તથા અષ્ટાપદ તથા દેવો-દાનવો ઘણા બલવાન્ હોય છે. પરંતુ તેઓ મોહ-મમતા વિગેરેનો ત્યાગ કરવા સમર્થ હોતા નથી. તેથી સદ્‌ગુરૂ ફરમાવતા કહે છે કે, શરીરની સાથે માયા મમતાનો ત્યાગ કરી પ્રભુના પંથે ચાલી શૂરવીરતા લાવો. જેથી વિવિધ પ્રકારની વિડંબનાઓ ટળે.

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો—આ રાગ.)

મુક્તિના પંથે શૂરવીર ચાલશે રે જાગી,
કાયર તો જાય ત્યાંથી ભાગીરે. મુક્તિના પંથે (૧)
સુભટનો વેષ પહેરી પવૈયા સૈન્યમાં,
ચાલે છે સહુની રે આગે,
ખરાખરીનો જ્યારે ખેલ આવે ત્યારે,
મુઠ્ઠી વાળીને ભીરૂ ભાગેરે. મુક્તિના પંથે (૨)
સતીનો ડોળ ભલે રાખે સહુ નારીયો,
પતિની સાથ સતી બળશે,
ભક્તિયું તેલ માગે ખરા ભક્તની,
ભક્તિ તે ભાવ માંહિ ભળશેરે. મુક્તિના પંથે (૩)
દીક્ષા લઇને સાધુ કહાવે સહુ, વિરલા સંયમથી વિચરતા,
કરી કેશરીયાં મોહ હઠાવી,
જય લક્ષ્મી કેઇ વરતારે. મુક્તિના પંથે (૪)
લીધો વેષ તેને ભજવે છે શુરજન,
બોલે છે બોલ તેવો પાળે,
બુદ્ધિસાગર શુરવીર સાધુઓ,
શિવપુર સન્મુખ ચાલે રે, મુક્તિના પંથે (૫)

શૂરવીરતા, શારીરિક, માનસિક અને આત્મિક. આમ ત્રણ પ્રકારની છે પુદ્ગલાનંદી—અને ભવાનંદી જીવ, બાહ્યાત્મા કહેવાતા હોવાથી સાચી શૂરવીરતાને પ્રાપ્ત કરી શકતા

નથી. ભલે પછી શારીરિક પોષણ દ્વારા લષ્ટપુષ્ટ બનેલ હોય, પરંતુ તે લષ્ટપુષ્ટતા દ્વારા અભિમાન અહંકાર–તથા આસક્તિના યોગે શારીરિક બલને ગુમાવતા હોય છે ત્યારે માનસિક શૂરવીરતા, ધર્મ ધ્યાનના યોગે આવી હાજર થાય છે, એટલે બાહ્યાત્માનો ત્યાગ કરી પોતાના થએલા દોષો અને થતા દોષોનો ત્યાગ કરવા પૂર્વક માનસિક શૂર-વીરતા મળે છે, આત્મિક શૂરવીરતા તો જ્યારે આત્મ રમણતા કરીને કેવલ જ્ઞાન મેળવે ત્યારે જ આવી શકે છે. જગતમાં યુદ્ધવીર–દાનવીર ઘણા મળી આવશે પણ સત્યવીર તો વિરલા હોય છે. સાચા શૂરવીર તો મોહાદિકની સાથે યુદ્ધ કરી તથા દેહગેહની મમતાનો ત્યાગ કરી અનંતસુખ મોક્ષસુખનો માર્ગ સરલ અને સુગમ બનાવી તે માર્ગે આનંદપૂર્વક ચાલે છે. કારણ કે દુન્યવી પદાર્થોના–માયા મમતાના બંધનો તેમને હોતા નથી. તેથી તે દ્વારા જે વિઘ્નો હોય છે તે ટલી જતાં હોય છે. કદાચ તે બંધનો ઉપસ્થિત થાય તો વીરતા વાપરી તેમાં લેપાતા નથી. અતએવ નિર્ભય બની પોતાના સન્માર્ગે આગળ વધતા રહે છે. મુક્તિના પંથમાં શારીરિક શક્તિની તથા માનસિક બલની પણ ખાસ અગત્યતા રહેલી છે. શારીરિક બલ સિવાય માનસિક બલ મળવું અશકય છે. પણ તે બલ એવું હોવું જોઈએ કે દુન્યવી આસક્તિને તથા માનસિક શક્તિને હરી લે છે. માટે મુક્તિના માર્ગે બે શક્તિઓની જરૂર પડવાની, ફક્ત શારી-રિક બલ ખપમાં આવશે નહિ. માટે માનસિક શુદ્ધિ વડે

વીર બનો અને સુગમતાએ મુક્તિના માર્ગે ગમન કરો. કાયર હોય તે તો ભાગી જાય છે. કદાચિત્ મોહગર્ભિત-કે દુ:ખગર્ભિત વૈરાગ્ય દ્વારા મોક્ષ માર્ગે ગમન કરવાને તૈયાર થએલ હોય પણ મુક્તિમાર્ગે ચાલતાં પાછો હઠી જાય છે. કારણ કે પાંચ ઇન્દ્રિયો તથા માનસિક અશુભ વૃત્તિ-ઓને શુદ્ધ કરી નથી અને મોક્ષ માર્ગે ગમન કરવામાં કેવી શૂરવીરતા રાખવી જોઇએ તે જાણતો નથી અને આદરતો નથી, તેથી દુન્યવી આકર્ષણ-લોભમાં પડી પાછા હઠે છે. માટે અનંત સુખના લ્હાણુ લેવા હોય તો અંતવાળા અને સંયોગે મળેલા તથા પરાધીન સંબંધો અને સુખનો ત્યાગ કરવો જરૂરનો છે. જો કે મોહગર્ભિત-દુ:ખગર્ભિત દીક્ષા ગ્રહણ કરે છે તો પણ ગીતાર્થ ગુરૂવર્યની નિશ્રા યાવજ્જીવ સ્વીકારે તો તે જ્ઞાન ગર્ભિત બની સ્વપરના કલ્યાણ કરવામાં સમર્થ બને પરંતુ તેઓ આત્મજ્ઞાની ગીતાર્થ ગુરૂમહારાજની નિશ્રા સ્વીકારે નહી તો મોહ અને દુ:ખથી પાછો પડે. માટે તેઓએ ગીતાર્થની નિશ્રા સ્વીકારવી તે આવશ્યક છે. તેમની નિશ્રાના યોગે સમ્યગ્જ્ઞાન પૂર્વક રીતસર અનુભવ મળે છે અને અનુભવ મળતા મોહને હઠાવી તથા દુ:ખોને પરિસહોને સહન કરી આગળ વધતા રહે છે. પણ કાયર થઇને ભાગી જતા નથી. કારણ કે ગીતાર્થ ગુરૂનો સહારો તેઓને સારી રીતે મળે છે. જો આ મુજબ વર્તન રાખે નહિ અને સ્વચ્છંદતાએ ફરે તો લીધેલ વેષની સાર્થકતા મેળવે નહી.

વય-અને વેષથી સાધુતા હાજર થતી નથી. પણ વય

વેષ તથા ગુણો વડે સાધુતા ઉપસ્થિત થાય છે. વય અને વેષની જરૂર તો છે જ, પણ ગુણો વિના ચારિત્ર ગુણ સિવાય તે શોભાસ્પદ બનતા નથી. માટે તે મેળવીને સમ્યગ્ જ્ઞાની બનવા પૂર્વક મોક્ષમાર્ગે આનંદ પૂર્વક ગમન કરે છે. ગુણો વિના તો નહિ. સુભટનો વેષ ધારણ કરનાર પવૈયો–કહેતાં કાયર ભલે લશ્કરમાં આગળ ચાલે અગર સૈન્યમાં બહાદુરી બતાવે પણ જ્યારે ખરેખરો ખેલ આવે ત્યારે નાશી જાય છે. મોટા નૃપે પોતાના તાબામાં રહેલા સામંત નૃપો આજ્ઞા માનતા નહિ હોવાથી તેઓને કબજે કરવા સેનાપતિને યુદ્ધ કરવા હુકમ કર્યો. સૈન્ય તૈયાર કરવામાં આવ્યું. તે વખતે એક કાયર સુભટ પણ તૈયાર થઇ, સુભટનો વેષ ધારણ કરી, સૈન્યમાં આવી, ઉપર ઉપરનો ઘમંડ–આડંબર દેખાડવા સર્વે સુભટોની આગળ ચાલવા લાગ્યો. પોતાની વાણી ચાતુરીથી અને દમામથી સુભટોને ખુશ કર્યા. બહાદુર સુભટોએ જાણ્યું કે આ ભાઈ લડાઈ વખતે ઘણો સહકાર આપશે તેથી જરૂર યુદ્ધમાં જયમાલા મળશે. આમ ધારી તેની પ્રશંસા કરવા લાગ્યા. પરંતુ જ્યારે સામા સામંત રાજાઓ યુદ્ધ કરવા આવ્યા, તેઓને દેખી આ કાયરના મનમાં ભીતિએ પ્રવેશ કર્યો, અરે આ રાજાઓ તો ઘણા બલવાન્ છે, તેઓની આગળ કેવી રીતે લડાઈ કરી શકાશે, "ભય ભણકારા પણ હૃદયને નિર્બલ બનાવે છે" જો કદાચ એક તલવારનો ઘા વાગ્યો અગર એક ગોળી વાગશે તો અહીં જ ખપી જઇશ.–બૈરાં–છોકરાં મારા વિના રઝળી મરશે.

આવા આવા અનેક વિચારોના યોગે હતાશ બન્યો. હજી યુદ્ધ ચાલુ થયું નથી, તલવારોની તાળીઓ પડતી નથી, ગોળીઓની ગર્જના થતી નથી તે પહેલાં જ પાગલ જેવો બન્યો. શરીરે કંપ થવાથી ધ્રુજવા લાગ્યો. આ ધ્રુજારો દેખીને સુભટો હાંસી કરવા લાગ્યા–કે તમારી બહાદુરી ક્યાં ગઈ ?

આ મુજબ સુભટો તે કાયરને કહી રહેલા છે તેવામાં સામા સામંતોએ તલવારો ચલાવી, ગોળીઓની ગર્જના થવા લાગી. આ પ્રમાણે દેખી કાયર ભાગી જવા લાગ્યો. સારા સુભટો તે કાયરને ઉત્સાહ આપે છે. છતાં ભીતિથી –અને ઘરમાં રહેલ પુત્ર પત્નીના સ્નેહરાગ–કામરાગના યોગે કોઈ પણ સુભટની શીખામણને અવગણી નાશી ગયો. આ મુજબ મોહગર્ભિત અને દુઃખગર્ભિત વ્યક્તિ સાધુ થયા પછી જો ગીતાર્થની નિશ્રામાં રહે નહિ તો મોહ–મમતા–અદેખાઈનો યોગ થતાં ભલે જનસમુદાયમાં વાણીવિલાસ કરતો હોય તોપણ લીધેલ સંયમની આરાધના કરવા સમર્થ બનતો નથી, અને નાશી જઈ ઘર ભેગો થાય છે. માટે આવા કાયરો મોક્ષમાર્ગે કહેતાં ચારિત્રની આરાધના કરી શકતા નથી. આરાધના કરનાર તો કાયરતાનો ત્યાગ કરી, સ્નેહરાગ–કામરાગનો ત્યાગ–કરી તથા પરિસહોને સહન કરી મોહ મમતા ઉપર જય મેળવે છે.

તથા પ્રશંસા પાત્ર થવા ખાતર સામાન્ય સ્રીઓ,

મહાસતીઓનો ડોળ રાખે, ઉપરનો આડંબર દેખાડે પણ મનમોહક અને અલંકૃત થએલ પુરુષોને દેખી તેમના ઉપર રાગી બની પોતાનું ભાન ભૂલે છે. અને વિવિધ અનાચારોને સેવી અધોગતિનું ભાજન બને છે. એટલે કરેલો આડંબર–ડોળ વૃથા જાય છે. સતી સ્ત્રીઓ તો પોતાના પતિનો પ્રભુ તરીકે સ્વીકાર કરી પ્રભુની સેવા માફક પતિની આજ્ઞામાં તન–મન–ધનને અર્પણ કરી અન્ય પુરુષોમાં રાગી બનતી નથી. પતિના વિયોગે રંગરાગમાં આસક્તિના અભાવે સદાચારનું પાલન કરી સ્વાત્માની ઉન્નતિને સાધવા સમર્થ બને છે. પ્રથમ સમયમાં વિધવાનું કષ્ટ સહન થતું ન હોવાથી પતિની સાથે ચિતામાં સતી થતી. સત્યમહાસતીઓ તો પતિ વિદ્યમાન હોતે પણ પતિની આજ્ઞા લઈ સંયમના –મોક્ષમાર્ગે સંચરી આત્મવિકાસને સાધવામાં સ્વશક્તિને વાપરતી મહાસતી પ્રભાવતીની માફક–એક દિવસે ઘર દેરાસરમાં ઉદયન નૃપ વીણા બજાવે છે અને જીનેશ્વર સન્મુખ રાણી પ્રભાવતી નૃત્ય કરે છે. નૃત્ય કરતી રાણીનું મસ્તક નૃપે દેખ્યું નહિ. તેથી રાજાને ક્ષોભ થયો અને તેના યોગે હાથમાંથી વીણા પડી. રાણીએ વીણા પડી જવાનું કારણ પુછ્યું. જ્યારે ઘણો આગ્રહ કર્યો ત્યારે ઉદયન નૃપે કહ્યું કે–નૃત્ય કરતા તારૂ મસ્તક દેખ્યું નહિ તેથી મને ક્ષોભના યોગે વીણા પડી. આ મુજબ સાંભળી રાણી પ્રભાવતી, વિચાર વિવેક કરીને કહેવા લાગી કે, મારૂ મસ્તક તમોએ દેખ્યું નહિ તેથી એમ માનું છું કે મારૂ આયુષ્ય ઓછું

છે માટે તમો સંયમ લેવાની—ભાગવતી દીક્ષા લેવાની આજ્ઞા આપો. નૃપને ઘણો રાગ હોવાથી પ્રથમ તો રજા આપી નહિ. પરંતુ થોડા દિવસે એવો બનાવ બન્યો કે જીનેશ્વરની પૂજા કરવા દાસીએ શ્વેત વસ્રો લાવી મૂકયા પણ રાણીએ લાલ દેખ્યા તેથી ખીજાઈને કહ્યું કે અત્યારે પૂજા અવસરે રક્ત વસ્રો કેમ લાવી, આમ કહી ક્રોધના આવેશમાં હાથમાં રહેલ અરીસો દાસીના લલાટે લગાવ્યો, મર્મસ્થલે વાગવાથી મૂર્ચ્છા આવી ને દાસી મરણ પામી. ત્યારે, ધોળા વસ્રો દેખવાથી રાણીને ઘણો પસ્તાવો થયો. અને નિર્ણય કર્યો કે, હવે દીક્ષા લેવામાં વિલંબ કરવો નહિ. કારણ કે આ બે નિમિત્તોથી અલ્પાયુષ્ય લાગે છે. માટે નૃપને આગ્રહપૂર્વક મનાવીને સંયમની આરાધના કરૂ, નૃપને સઘળી બીના જણાવવાપૂર્વક દીક્ષા લેવા આગ્રહભરી વિનતિ કરી. નૃપ સમયજ્ઞ હતો. તેથી કહ્યું કે સંયમની સારી રીતે આરાધના કરી દેવ તરીકે થયા પછી મને પ્રતિબોધ આપવા આવે તો આજ્ઞા આપું. રાણી પ્રભાવતીએ એકરાર કર્યો. નૃપે રજા આપી. તેથી મહત્તરા સાધ્વીજીની શિષ્યા તરીકે થયા. સંયમની સારી રીતે આરાધના કરી, બાકી રહેલા થોડા આયુષ્યમાં કઠીન કર્મને ખપાવી દેવલોકે દેવ તરીકે થયા. ત્યાર પછી પોતાના પતિ ઉદયનનૃપને પ્રતિબોધ આપી, સંયમ—મોક્ષમાર્ગે વિચરતા કર્યા. નૃપે પણ અહિંસા—સંયમ અને તપની સુંદર રીતે આરાધના કરી કર્મોને સર્વથા ખપાવી કેવલજ્ઞાન પામી અનંત સુખના સ્વામી બન્યા. આવી સતીઓ કષ્ટો સહન

કરી સ્વપરનું કલ્યાણ સાધે છે. તેમને આડંબર કે હુંસા-તુંસી હોતી નથી. પણ સતીઓનો ડોળ-ઘમંડ કરનાર તો જ્યારે કર્મ ખપાવવાના પ્રસંગે અગર પુણ્યોપાર્જનના પ્રસંગે મોહમાયામાં મુંઝાઈ, મુગ્ધ બની, વિષય કષાયના વિકારોમાં ફસાઈ, સ્વહિત બગાડે છે. કારણ કે ભૌતિક પદાર્થોમાં તેણીઓને સાચા સુખની ભ્રમણા હોય છે. ત્યારે સતીઓને તેવા પદાર્થો, ક્ષણ વિનાશી હોવાથી શ્રદ્ધા હોતી નથી. તેથી ભ્રમણા થતી નથી. આવી સતીઓને નમન-સ્તવન કરી જનસમુદાય ખુશી થાય છે.

તથા દુન્યવી પદાર્થોને મેળવવા ખાતર પણ ઘણા ભક્ત બને છે. પરંતુ તે સાચા ભક્ત હોતા નથી. ખરાખરીનો વખત આવે ત્યારે બગભગત જેવા માલુમ પડે છે. એક શહેરનો ગુણાનુરાગી રાજા સહેલગાહે નગરની બહારથી નીકળી જંગલની શોભા જોઈ રહેલ છે. તે અવસરે એક સાચો ભગત ખેતરમાં માળો બાંધી ઇષ્ટદેવની માળા ફેરવી રહ્યો છે. માળા ફેરવી રહ્યા પછી પ્રભુસ્તુતિ કરતાં પ્રાર્થના કરે છે કે, હે પ્રભો ! ઉપકારીના ઉપર ઉપકાર કરૂં પણ અપકાર કરૂં નહિ. તથા અપકારીના ઉપર પણ અપકાર કરૂં નહી પણ ઉપકાર કરૂં એવી શક્તિ આપજો. તથા મોહમોકાણ-માયા, અભિમાનનો ત્યાગ કરૂં એવી તાકાત આપજો, તથા કુટુંબકબીલાના કંકાસ પ્રસંગે સમતા -સહનતા કાયમ રહે તેવું સમ્યગ્ જ્ઞાન આપજો. તથા દેવદુર્લભ મનુષ્યભવની સાર્થકતા-સફલતા સધાય તેવા

સાધનો અર્પણ કરજો. કાયા—માયા-દેહ—ગેહ અહિયાં જ પડી રહેવાના છે. એક ફક્ત તમારી પ્રાર્થનાથી જે ફલ થશે તે સાથે આવશે. ભલે દુનિયા કહે કે જીવ ખાલી હાથે આવ્યો અને ખાલી હાથે ગયો. આમ હું માનતો નથી પણ જેવા સંસ્કારો—વાસનાઓ પડી હોય છે. તે સાથે લઇને જાય છે. આમ માનતો હોવાથી તમારી હું પ્રાર્થના કરૂં છું. આ મુજબ આ ભક્તાની એક પ્રાર્થના સાંભળી રાજા ઘણો ખુશી થયો. પાસે રહેલા દીવાનને આજ્ઞા ફરમાવી—કે આ ભગતનો કરવેરો બંધ કરવો. કોઈ પ્રકારનો કરવેરો લેવો નહિ. દીવાને આજ્ઞાનો સ્વીકાર કર્યો. સારા શહેરમાં વાત ફેલાણી કે, જે ભગત, હાથમાં માળા લઇને ફેરવે છે. તેનો કરવેરો રાજા માફ કરે છે. આ મુજબ સાંભળી સર્વે ખેડૂતો ખેતરમાં માળાને ફેરવવા લાગ્યા. ગુણાનુરાગી રાજાએ સર્વે ખેતરવાળાનો કરવેરો માફ કર્યો. તેથી રાજાની તિજોરી ખાલી થવા લાગી. દીવાનને ચિન્તા થઈ કે આ પ્રમાણે કરવેરો કોઈ ભરશે નહિ તો રાજાના જે જનહિત કાર્યો કરવાના છે. તે થશે નહિ. તેમજ આ સઘળા ભગતોમાં સાચો ભગત કોણ છે તેની પરીક્ષા લેવી. કારણ કે કેટલાક બગભગતો ખોટો લાભ ઉઠાવે છે તે ઉઠાવી શકે નહિ. આમ વિચારી એક યુક્તિ શોધી કાઢી અને નગરમાં ઉદ્દઘોષણા પૂર્વક જાહેર કર્યું કે, આપણા રાજાને પેટમાં ઘણી પીડા થઈ છે. બોલાવેલા વૈદ્યે કહ્યું કે ભગતના કાળજાનું તેલ લગાડવામાં આવે તો આ પીડા મટે. માટે દરેક માળા ફેરવનારા ભક્તોએ

રાજાના મકાન પાસે હાજર થઈ હૃદયના કાળજાને આપવું. આ મુજબ જાહેરાત સાંભળી બનાવટી ભગતોના દીલો-હૃદયો કંપવા લાગ્યા. અને ભયભીત બની વિચાર કરે છે. કે હૈયાને કાપ્યા સિવાય કાળજું આપી શકાય નહિ. હૈયાને કાપવામાં આવે તો પ્રાણો ક્યાંથી રહે. જીવીશું તો સર્વે કાર્યો કરીશું, મરણ પામ્યા પછી બધું અહિઆં જ પડી રહેવાનું જ. માટે ભગત થવામાં તો મ્હોટું કષ્ટ આવ્યું. માટે માળાઓનો ત્યાગ કરી હતા એવા બનવામાં મજા છે. આમ વિચારી બનાવટી ભક્તોએ એક પછી એક રાજાના મહેલ પાસે માળાઓ મૂકી દીધી. એ અરસામાં રાજા ત્યાં આવી સઘળી માળાઓને દેખી દીવાનને પુછે છે કે, આ બધી માળાઓ કેમ એકઠી કરેલ છે. દીવાને કહ્યું કે આ-સઘળી માળાઓ બગભગત-બનાવટી ભગતોએ મૂકી દીધી છે. મેં એવી જાહેરાત કરી કે રાજાને પેટમાં પીડા થઈ છે. વૈદ્યે કહ્યું છે કે, જે ભગતો હોય તેના કાળજાનો રસ લગાડવામાં આવે તો તે પીડા ટળે. આ મુજબ સાંભળી ભયભીત બની સર્વે ભગતોએ માળાઓનો ત્યાગ કર્યો, માટે તેઓની પાસેથી કરવેરો લેવો. આ મુજબ વાત થઈ રહેલ છે. તેટલામાં સત્યભક્ત હાજર થઈને કહેવા લાગ્યો. જો રાજાની પીડા મારા કાળજાના રસથી નાશ થતી હોય તો હું તૈયાર છું. સુખેથી મારું કાળજું કાપો. આ શરીર તો અંતે નષ્ટ થવાનું છે. તો તેમાંથી કાળજું ખપમાં આવે તો શરીરની સફલતા થાય. અને નશ્વર દેહની

સાર્થકતા સધાય, આ પ્રમાણે સાચા ભક્તની વાણી સાંભળી દીવાને રાજાને કહ્યું કે. મહારાજન્. આ સાચો ભગત છે. માટે તેનો કરવેરા જે બંધ કર્યો તે ચોગ્ય છે. તે પેલા બનાવટી હતા. સાચા હતા નહિ. તેથી કાળજાની વાત સાંભળીને ભય પામી, માળાઓ મૂકી ભાગી ગયા. આ મુજબ સત્યસંવેગી–વૈરાગી અને ત્યાગી–જે હશે તે મરણના ભયનો ત્યાગ કરી સંયમ–મોક્ષમાર્ગે વિચરે છે. અને વિચરશે. આ સિવાય અન્ય પાછા હઠી ભાગી જવાના, સાચાભક્ત તો સાંસારિક સંચોગો, બાહ્ય–આભ્યંતર સંચોગોથી મુક્ત બની, જેમ રણસંગ્રામમાં કેશરીયા કરનાર શૂરવીર, શત્રુઓ સાથે સઘળી માયા–મમતાને મૂકી લડાઈ કરે છે. તે પ્રમાણે તે સત્ય મોક્ષનો અર્થી, આભ્યંતરના શત્રુઓ અહંકાર–મમકારનો ત્યાગ કરી તે શત્રુઓનો પરાજય કરવા પૂર્વક વિજયમાલા વરે છે. અનંત સુખ સમૃદ્ધિનો સ્વામી બને છે. “ આન્તરિક રાગ–દ્વેષ, મોહાદિક તે ખરેખરા શત્રુઓ છે. તેઓને સમૂલ ટાળ્યા પછી બાહ્યના શત્રુઓ ઉપસ્થિત થતા નથી. કદાચિત્ હાજર થાય તો આન્તર જ્યોતિની શક્તિ દ્વારા તેઓને દૂર કરે છે. પરંતુ કાયર બનીને ભાગી જતા નથી. “દૃઢપ્રહારીની માફક” તે જો કે મ્હાટોચોટ્ટો હતો. અને મ્હોટી હિંસાનો કરનાર હતો. છતાં સદ્ગુરુની વાણી સાંભળી–મહાવીરસ્વામીનું શરણ સ્વીકારી સત્યસંવેગી–વૈરાગી–ત્યાગી બન્યો. અને અન્તરના શત્રુઓને હઠાવી પંચમીગતિને પ્રાપ્ત કરી. તેણે જનસમુદાયના મેંણા

—તિરસ્કાર, ધિક્કારોને સહન કર્યા. કેટલાક, ધૂળ ઉછાળે છે. કેટલાક લાઠીઓના માર મારે છે. છતાં પણ તે તરફ લક્ષ ન દેતાં આભ્યંતર શત્રુઓને હઠાવવામાં પરાયણ બની તથા દબાએલ આત્મિક તાકાતનો આવિર્ભાવ કરી તેણે અંતરના શત્રુઓની સામે ઝઝુમીને આત્મવિકાસ સાધ્યો. તે પ્રમાણે સાચા મુનિવર્યો શક્ય પ્રયાસ કરી આત્મિક તાકાતને ફોરવે તો અનુક્રમે અનંત સુખના સ્વામી બને. "જે સાધુવેષ લીધો છે. તેને શૂરવીરો જ ભજવે છે." અને જે બોલ બોલે છે. જે પ્રતિજ્ઞાઓ લીધી છે, તેઓનું પાલન કરવામાં ખામી રાખતા નથી, શક્ય પ્રયાસ કરવા પૂર્વક પ્રમાદ–આળસ કરતા નથી. વિકથા, વિષય વિચારો અને વિકારોનો ત્યાગ કરી મોક્ષમાર્ગે સુગમતા–સરલતાસહિત ગમન કરી જન્મ–જરા–મરણને ટાળે છે. સદ્‌ગુરુબુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે આવા શૂરવીર સાધુઓ, શિવપુર સન્મુખ મોહ માયાનો ત્યાગ કરી નિરન્તર ચાલે છે. તેથી જ તેમને હૈયા હોળી- ચિન્તા–સંતાપાદિક સતાવતા નથી. આધિ-વ્યાધિ ઉપાધિજન્ય વિડંબનાઓ વેગળી ભાગતી જાય છે. અને આનંદપૂર્વક મુક્તિમહેલે બીરાજમાન થાય છે. માટે અરે ભાગ્યશાલીઓ ભાગ્યયોગે દેવદુર્લભ મનુષ્ય જન્મ પામી, મોહમમતાયે દબાવી રાખેલ આત્મિકશક્તિનો આવિર્ભાવ કરી સત્તામાં રહેલી તે તાકાતદ્વારા શૂરા બની મુક્તિના પંથે સંચરો. મુક્તિના પંથે વિચરતા જે-જોઇશે તે મળી રહેશે પેટ–પરિવાર કે પટારાની ચિન્તા વિકલ્પો

કરો નહિ. મોક્ષમાર્ગે શૂરા થઇને સંચરતા, પુણ્યાનુબંધી પુણ્ય—અને દેશથી નિર્જરા પણ થાય છે. તેના યોગે તમારે દેહગેહની ચિન્તા રહેશે નહિ. તે પુણ્ય જે બાંધ્યું છે. તે જ તમારા જન્મ પહેલા સર્વ વ્યવસ્થા કરવા સમર્થ છે. જે તમારે બાલ્યાવસ્થામાં—યુવાવસ્થામાં—અને વૃદ્ધાવસ્થામાં સાધન સામગ્રી જોઇતી હશે તે મેળવી આપશે. જો પુણ્યાનુબંધી પુણ્યમાં ખામી હશે તો ખામી જરૂર રહેવાની જ. જન્મ થયા પછી માતાના સ્તનમાં તમારા માટે ધાવણ કોણે ઉત્પન્ન કર્યું ? તમારા પુણ્યથી જ ધાવણ ઉત્પન્ન થએલ છે. નહિતર કેટલીક માતાને ધાવણ હોતું નથી. પ્રેમ તો ઘણો હોય છે. જન્મ પામનારનું પુણ્ય હોતું નથી. તે પુણ્યની ખામી છે. છેવટે બકરીના દુધનો ઉપયોગ માતાપિતા કરે છે. તે દુધનું પાન કરીને મ્હોટા થવાય છે. એવા બાળકને તથા પ્રકારની પુણ્યની ખામી માલુમ પડે છે. માટે એવી પ્રવૃત્તિ કરો કે પુણ્યાનુબંધી પુણ્યના ભોગવટામાં નિર્જરા પણ થાય તો જ મુક્તિ પંથે શૂરવીર થઈ સુગમતા સાથે ગમન કરી શકાય. સહજપ્રતિકુલતા આવતા કાયર—ભયભીત બનાશે તો મનની મનમાં રહી જશે. અર્થાત્ સંસારની પરિભ્રમણતા ખસશે નહિ. માટે કષ્ટ સહન કરીને મોક્ષ માર્ગે સંચરો. હવે ચતુર્થપદની રચના કરતાં સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, સંસારની મુસાફરી કરતાં અર્થાત્ પરિભ્રમણ કરતાં ભાગ્યયોગે કાયારૂપી મહેલ તને મળ્યો છે. તેમાં આસક્ત બનીને તેને શાશ્વતો માનતો

નહિ. જેમ માટી–ચૂનો–સીમેંટ–કાંકરેટ–રેતી–અને લોહ વિગેરેથી બનેલ મહેલ પણ વિવિધ કારણો મળતાં–એટલે વિજળી–અણુબોંબ વિગેરે દ્વારા જમીનદોસ્ત બને છે. તથા તે કાયારૂપી મહેલ પણ અસાધ્ય વ્યાધિઓ જેમકે ક્ષય–રોગ–કેન્સર–કાસ–શ્વાસ વિગેરેથી પડી જશે. માટે તારો માન નહિ. આમ જણાવતાં કહે છે કે,

**મુસાફર જીવડા કાયાનો મહેલ નથી તારો,**
**માને શું મોહે મારો મારો રે, મુસાફર જીવડા,**
**હવે મને હરિનામ શું (૧)**
**લાખ ચોરાશીમાં દેહ ધર્યા બહુ,**
**જન્મ જરા દુઃખ પામી,**
**માનવ ભવ એળે ચુક ન જીવડા,**
**ભજી લેને અન્તરયામીરે, મુસાફર૦ (૨)**
**કાયા મહેલનો કાંઈ ભરૂસો, જલમાં ઉઠેલ પરપોટો;**
**અમૂલ્ય શ્વાસોચ્છવાસ વહે છે,**
**સૂરખ વાળ નહિ ગોટોરે. મુસાફર૦ (૩)**
**કળા કરો કાયા માટે કરોડ પણ**
**તારી થાય ન કોઈ કાળે;**
**ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નિજ,**
**પડ નહિ મોહની જંજાળેરે. મુસાફર૦ (૪)**
**આ રે જગમાં જન્મીને જીવડા,**

શું ? ધર્મ સાધન તેં તો સાધ્યું;
ક્ષણ ક્ષણમાં ભૂલ્યો ભાન પોતાનું,
મનડું તો મોહ માંહી વ્યાધ્યું રે, મુસાફર૦ (૫)
વિષય વાસનાના અવળા જે ઘાટો,
ઓળંગી ચાલજે રે વાટે,
બુદ્ધિસાગર ખેલ નથી બાળકનો,
શિવસુખ છે શીર સાટે રે. મુસાફર (૬)

અનાદિકાલથી આઠ કર્મની પ્રકૃતિઓના યોગે ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં, તે દરમીયાન અનંત સહ્ય સંકટો, યાતનાઓ, વિપત્તિ–વિડંબનાઓને સહન કરવા પૂર્વક ભાગ્ય-યોગે મનુષ્ય ભવમાં કાયારૂપે સુંદર મહેલ મળ્યો. તેમજ આર્ય દેશ, ઉત્તમજાતિ, કુલ. પાંચ ઇન્દ્રિયોની પટુતા, આરોગ્ય વિગેરે પ્રાપ્ત થએલ છે. છતાં તે કાયારૂપી મહેલ તારો નથી. પાપોદયના યોગે અનેક વ્યાધિઓથી પડી જશે. માટે તારો માનીશ નહિ. પરંતુ જ્યાં સુધી વ્યાધિઓએ આવી ઘેરી લીધો નથી ત્યાં સુધી કાયા મહેલમાં રહીને આત્મોન્નતિ સાધી લે. પરંતુ મિથ્યાત્વ મોહના જોરથી મારો મારો માનીશ અને કાંઈ પણ આત્મિક હિત–કલ્યાણ સાધીશ નહિ તો પછી પસ્તાવું પડશે કે ઉમદા સાધનો મળ્યાં પણ ઓળખાણ બરોબર થઇ નહિ. અને ખાન–પાન ગાન, વિષય, વિલાસમાં વખત ગુમાવ્યો. પશુ પંખીની માફક જીવન વ્યતીત કર્યું, પશુ પંખીઓને પણ તેઓના યોગ્ય

કાયાનો બંગલો મળે છે બલ–સાધન પણ હોય છે. છતાં ભ્રમણાથી તે સ્વહિત સાધી શકતા નથી. તે મુજબ મારે કરવા જેવું નથી. નહોતુ, આ મુજબ પસ્તાવો થાય નહિ. માટે સદ્‌ગુરૂ ફરમાવે છે કે પશુપંખીની માફક વર્તન રાખ નહિ. તે તો પશુ પંખીઓ છે અને તું–તમો મનુષ્ય છો, તેમાં ફેરફાર હોવો જોઇયે. આમ સમજી કાયામાં વાસ કરીને તે તમારો છે એમ માનશો નહિ. આ કાયારૂપી મહેલ મળ્યો છે તે ચિન્તામણિ–કામઘટ–કામધેનુ–ચિત્રાવેલી કરતાં પણ અત્યંત લાભદાયક છે. પારસમણિ, ચિન્તામણિ વિગેરે જે માગશો તેજ આપશે. માગ્યા સિવાય આપશે નહિ. માગણી મુજબ અર્પણ કરશે પણ તે વસ્તુઓ ક્ષય વિનાશી હશે; અને સમીપમાં પણ સમીપ રહેનારી હશે નહિ. પરંતુ કાયા રૂપી મહેલની પાંચ ઇન્દ્રિયો તથા માનસિક વૃત્તિઓ કબજે કરી ન્યાય–નીતિ અને ધર્મ ધ્યાનરૂપી આરાધના કરવામાં આવે તો માગ્યા વિના પણ અચિન્ત્ય, અમુલ્ય, શાશ્વત સુખ મળે તેવા સાધનો અર્પણ કરશે. અને ભવોભવની વિડંબનાઓ ટળી જશે. માટે કાયા મહેલને મેળવી ન્યાય નીતિ ધર્મની આરાધન કર.

પણ જેમતેમ વિષય વિલાસમાં વેડફી નાંખ નહિ. સ્થિરતાને ધારણ કરીને પ્રાપ્ત થએલ મહેલની સફલતા સાધી લે નહિતર–એક બ્રાહ્મણ જેવું થશે.

એક બ્રાહ્મણ આજીવિકાના અભાવથી ઘણો દુઃખી હતો. વારે વારે ચિન્તારૂપી ચિતાથી સંતાપ–પરિતાપ પામતો

સંતાપને કરતા આ બ્રાહ્મણુને દેખી તેના મિત્રે કહ્યું કે સંતાપ કરવો તે મનુષ્યનું કર્તવ્ય નથી. પણ બલ ફોરવી ઉદ્યમ કરવો. જેથી ચિન્તા સંતાપ વિગેરે ટળે. બ્રાહ્મણે કહ્યું કે આજીવિકા માટે ઉદ્યમ–પ્રયાસ કરૂ છું. તો પણ આજીવિકા પુરતુ મળતું નથી. અને પુત્ર પરિવાર ઉદર ભરવા માટે કંકાસ કરે છે. હવે કોઇ ઉપાય હોય તો હે મિત્ર દર્શાવ ?

મિત્રે કહ્યું કે ઉપાય તો છે પણ તારાથી બનવો દુષ્કર છે. ગમેતેવો દુષ્કર હશે તો પણ હું દુઃખ સહીને કરીશ. બતાવ ભાઈ, મિત્રે કહ્યું. રત્નદ્વીપમાં રત્નની ખાણુ છે. તેની અધિષ્ઠાત્રી રત્નાદેવી છે તેની જો તન–મનથી આરાધના કરવામાં આવે તો પ્રસન્ન થએલ તે લાખ રૂપૈયાનું રત્ન આપશે. તેથી આજીવિકાનું કષ્ટ દૂર જશે. અને સુખ પૂર્વક દિવસો ગુજારીશ. માટે તું તે સ્થલે જા, દેવીની આરાધના કર. આ મુજબ મિત્રની વાત સાંભળી દોરીલોટો લઈને રત્નદ્વીપ તરફ તેણે પ્રયાણુ કર્યું, અનુક્રમે ભીક્ષા માગતા અને પેટ પોષણુ કરતા, મહાકષ્ટે રત્નદ્વીપમાં આવી રત્નાદેવીની આરાધનાનો પ્રારંભ કર્યો. છ મહિના પછી દેવી પ્રગટ થઈને કહેવા લાગી. તું જે રત્ન માટે આવી આરાધના કરે છે પણ તારૂ તથા પ્રકારનું પુણ્ય નથી. માટે પાછો જા. રત્ન મળશે નહિ. બ્રાહ્મણે કાલાવાલા પૂર્વક આજીજી કરીને કહ્યું કે, છ માસ સુધી તારી આરાધના કરી અને રત્ન આપીશ નહિ તો તારો પ્રભાવ જગતમાં પ્રસિદ્ધ છે

તે રહેશે નહિ. કોઇ પણ તારી આરાધના કરશે નહિ. જો રત્ન નહિ અર્પણ કરે તો તારી સમક્ષ મસ્તકને કાપી અર્પણ કરીશ. દેવીએ વિચાર્યું કે આ બ્રાહ્મણ મરણીયો થયો છે. જો રત્ન આપીશ નહિ તો હત્યા આપશે. છેવટે કંટાળી લાખ રૂપૈયાનું રત્ન અર્પણ કર્યું. બ્રાહ્મણ ખુશી થઇ ભિક્ષા વડે પેટને ભરતો, વચ્ચે દરિયો આવવાથી વહાણમાં બેઠો. વહાણમાં બેઠેલા મુસાફરો સાથે વાત કરતાં દેવીની પાસેથી રત્ન કેવા કષ્ટે મેળવ્યું તે પણ વાત કરી. મુસાફરોએ કહ્યું કે કષ્ટ સહન કર્યા સિવાય કોઇ પણ વસ્તુ મળવી અશક્ય છે. સારૂ થયું કે તને દેવીએ રત્ન આપ્યું. હવે સંભાળી રાખજે. "વસ્તુઓને પ્રાપ્ત કર્યા પછી તેની સંભાળ રાખવામાં ઘણો ઉપયોગ રાખવો પડે છે. જો બરોબર ઉપયોગ–લક્ષ રાખવામાં આવે નહિ તો તે મળેલી વસ્તુઓને ખસતા વિલંબ થતો નથી. જોઈએ તો ખરા? કેવું રત્ન મળ્યું છે. બ્રાહ્મણે રત્નને દેખાડી તેની તારીફ–પ્રશંસા કરવા લાગ્યો. અને મનમાં વિવિધ વિકલ્પો કરે છે. હવે તો આ રત્નના યોગે ધનાઢ્ય બનીશ. મ્હોટો મહેલ ચણાવીશ, અને મનગમતી રસવતી ખાઇને લહેર કરીશ. પુત્ર પરિવાર પણ આનંદમાં રહેશે. ગામમાં આગેવાન તરીકે પ્રસિદ્ધિ થશે. આ મુજબ રાત્રીના સમયમાં વિચાર કરે છે તેવામાં ચંદ્રમા ઉગ્યો. પોતાના પ્રકાશથી દરેકને આનંદ આપતો દેખી બ્રાહ્મણે વિચાર કર્યો કે આ પ્રાપ્ત થએલ રત્નનું તેજ અધિક છે કે ચંદ્રમાનું. આમ વિચારી હસ્તમાં

રહેલ રત્નનું તેજ દેખે છે તેવામાં તે રત્ન દરિયામાં ગબડી પડ્યું. બ્રાહ્મણને પરિતાપનો પાર રહ્યો નહિ. અન્ય મુસાફરો ઘણો ઠપકો આપવા લાગ્યા. અનુક્રમે ઘેર ખાલી હાથે આવ્યો ત્યારે સગાવહાલાએ અને મિત્રે પણ સઘળી બીના સાંભળી તિરસ્કાર કરવામાં બાકી રાખી નહિ. આ મુજબ કાયારૂપી રત્ન મહાકષ્ટે મળ્યું છે તેની સંભાળ રાખવા ઘણો ઉપયોગ રાખવાની જરૂર છે. જેમતેમ વિકથાની વાર્તામાં, વિષય કષાયના વિચારો અને વિકારોમાં વેડફી નાખવું નહિં. પુણ્યોદયથી રત્ન વિગેરે મળે છે અને કાયારૂપી મહેલ પણ પ્રાપ્ત થાય છે. છતાં નીતિ ન્યાય અને ધાર્મિક ક્રિયા દ્વારા તેની સંભાળ રાખવામાં આવે નહિ તો બ્રાહ્મણની માફક, તે રત્ન અગર બંગલો પડતાં વાર લાગતી નથી. તેથી સદ્-ગુરૂદેવ કહે છે કે કાયાનો મહેલ તારો નથી. શા માટે મારો માની મુંઝવણમાં પડે છે. તે તો સાધન છે. તે દ્વારા સાધ્ય જો નહિ મેળવીશ તો અન્યત્ર ભટકવું પડશે. રોટલો તથા બેસવા ઓટલો મળશે નહિ. કેટલાક પુણ્યહીન માણસોને તથા પશુઓને બેસવા માટે ઓટલો મળતો નથી. તેમજ ખાવા માટે રોટલો મળતો નથી. તેનું કારણ એ જ છે કે જન્મ ધારણ કરવાની સાથે સાધનો મળ્યા પણ સાધ્યની ખામી રહી. માટે કાયાના મહેલને મેળવી, આસક્તિનો ત્યાગ કરી વિષય-કષાયના જે બંધનો છે તેઓને હઠાવો. ચોરાશી લાખ યોનિઓમાં ભટકતા ઘણીવાર કાયારૂપી મહેલો મળ્યા પણ તેમાં આસક્ત બનવાથી સ્વહિત સાધ્યું નહિ.

અને તે મહેલ–મકાનો પડી ગયા. તેથી મહાસંકટ–વિપત્તિઓ ઉપસ્થિત થવાથી ઘણીવાર અત્યંત દુઃખી થયો. આમ દુઃખ–કષ્ટ સહન કરતાં પાછો મનુષ્યભવ પામ્યો છે. હવે તો તે ભવ હારી જવાય નહિ તે માટે ખામી રાખ નહિં. એવો ઉદ્યમ કર કે, આસક્તિ ટળે અને આત્મિક વિકાસ સધાય. અનંત ભવમાં સાધ્ય ચૂકી, ઘણી ભૂલો અપરાધો તથા અનાચારો કર્યા. પણ હવે સદ્ગુરૂનો બોધ પામીને ભૂલો કરીશ નહિ. અને અન્તરયામી કહેતાં આત્મિક ગુણોને ભજી લે. એટલે આત્માના ગુણોને ઓળખી, તે ગુણોને પ્રાપ્ત કરવા જીનેશ્વરના ગુણોને ગ્રહણ કરી કર્મ કાટને દૂર કર. જેમ પાણીના પરપોટા ક્ષણવારમાં નાશ પામે છે, તેમ કાયાના મહેલની એવી અવસ્થા છે. ક્યારેક વ્યાધિઓ–અસાધ્ય રોગો, ઉપસ્થિત થઇ કાયાને નષ્ટભ્રષ્ટ કરશે તે જાણી શકાશે નહિં. સનતકુમાર ચક્રવર્તી હતા. એટલે ચૌદ રત્નો, છન્નુ કરોડ ગામના નાયક હતા. તથા ચોસઠ હજાર પટ્ટરાણીઓ હતી. નવનિધિના સ્વામી હતા. રીદ્ધિ–સિદ્ધિ–સમૃદ્ધિનો સારી રીતે પ્રગટ પ્રભાવ હતો તથા ઘણા રૂપવાન્ હતા. જેનું રૂપ જોવાને ઇન્દ્ર મહારાજાએ પ્રશંસા કરેલ હોવાથી બે દેવો જોવા માટે આવ્યા. નિરખીને ખુશી થયા. પરંતુ જ્યારે સ્નાન કરવા પૂર્વક અલંકારો પહેરી રાજસભામાં આવી સિંહાસને આરૂઢ થયા ત્યારે દેવો આવી પુનઃ તેમના રૂપને નિહાળે છે ત્યારે વિવિધ અનેક રોગોથી ઘેરાયેલ કાયા દેખી તે દેવો અફસોસ કરવા લાગ્યા. અફસોસ કરતા દેવોને

દેખી સનતકુમાર ચક્રીએ પુછયું કે, મસ્તકને હલાવતા અફસોસ કેમ કરો છો, ભલે તમે રૂપવાન્ તથા રીદ્ધિ–સિદ્ધિના તથા સમૃદ્ધિના સ્વામી છો પણ શરીરમાં વ્યાધિઓએ આવી ઘેરો ઘાલ્યો તેથી અમો દીલગીર થયા. અને રૂપ પણ વિરૂપ બનવાની તૈયારીમાં છે. આ મુજબ દેવોના વચનને સાંભળી સઘળી સાહ્યબીનો લીંટની માફક ત્યાગ કરવા પૂર્વક દીક્ષા ગ્રહણ કરી. અહિંસા–સંયમ–તપની આરાધનાદ્વારા અન્તરયામીને ભજવા લાગ્યા. તપસ્યા કરતાં વિવિધ લબ્ધિઓ પ્રગટ થઈ છે. છતાં તે ઉપર લક્ષ નથી. ફક્ત અન્તરયામીને ભજી આત્મોન્નતિ સારી રીતે સાધી લઉં. આજ ભાવના હોવાથી વૈદ્ય થઇને આવેલા દેવોને આશ્ચર્યમગ્ન બનાવ્યા, દેવોએ કહ્યું કે તમારા રોગોની દવા કરીયે. રોગો રહેશે નહિ. ત્યારે તેમણે કહ્યું કે અનાદિકાલીન કર્મરોગને ટાળવાની સંપૂર્ણ ભાવના છે. દેહના રોગ જવાથી કર્મરોગ ટળતા નથી. કાયાના રોગ ટાળવાથી કર્મરોગ કદાપિ ટળતા નથી. આમ કહી પોતાના થૂંકવડે આંગળીને ચોપડી. સૂવર્ણવાળી થએલી આંગળી દેવોને દેખાડી.

દેવો પ્રશંસા કરતા સ્વર્ગે ગયા. મુનિમહારાજ, પોતાના સંયમમાં રમણતા કરવા લાગ્યા. આ પ્રમાણે અરે ભાગ્યશાલી મુસાફર, તારો કાયારૂપી બંગલો છે. માટે તેનો વિશ્વાસ રાખીશ નહિ અને જ્યાં સુધી નિરોગી છે ત્યાં સુધી–અન્તરયામી આત્માના ગુણોની સેવના કર, આ કાયામાં જેની કિંમત પણ દેવો પણ કરી શકે નહિ તેવા શ્વાસોશ્વાસ

વડે છે. તે શ્વાસોશ્વાસે અરિહંત ભગવાનની યાદી કરી લે. તે સ્મરણની આત્મા ઉપર સારી અસર થશે. અને રીતસર અસર થવાથી કર્મમલ દૂર ખસશે પછી નિર્મલ થઇશ. જે પ્રથમભવના સંસ્કારોદ્વારા વાસના વળગી છે તેથી ક્ષણેક્ષણે ખરાબ વિચારો વિકલ્પો કરી ગોટાળો વાળે છે. તે ખસી જશે. ગોટો વાળવાથી મલીન થએલ આત્માને અધિક મલીન બનાવે છે. માટે બરોબર ઉપયોગ રાખી, દુષ્ટ વિચારોને દૂર કરી, શ્વાસોશ્વાસે અન્તરયામીના ગુણોની યાદી કરી તેમની સેવના કર, અરે મુસાફર, કાયાને ટકાવવા ખાતર કરોડ કળાઓ કરશો તોપણ તે કાયા તમારી, તારી થશે નહિ જ. ભલે પછી માલમલીદા વાપરી, રસાયણાદિનો ઉપયોગ કરશો. અગર વિવિધ અનેક જાતિના તેલો વડે માલીશ કરશો. તોપણ કાયમ ટકશે નહિ. આયુષ્યની અવધિ પૂરી થતાં પડી રહે છે. અને જે સંસ્કારો દ્વારા વાસના પડી છે. તે સાથે આવશે. જેવી વાસના પડી છે. તેવી ગતિ મળશે. માટે સદ્ગતિનું ભાજન થવું હોય, તે સદ્ગતિમાં અનુકુલતા મેળવવી હોય તો ક્ષણેક્ષણે અરિહંત દેવને ભજી લે, કે જેથી સદ્ગતિ પ્રાપ્ત થાય. કહેવાય છે કે, ભાવેભાવના ભાવીએ, ભાવે કૈવલ્યજ્ઞાન, " અરિહંત અરિહંત સ્મરતા, લાધે મુક્તિનો માર્ગ. આ મુજબ ગોટાઓનો ત્યાગ કરી અન્તરયામીને ભજી લે, અશુભ વિચારો અને વિકારો ખસવા માંડશે અને આત્મપ્રદેશો નિર્મલ થશે.

પાણીવડે સ્નાન કરવાથી તો ક્ષણભર કાયા ચોખ્ખી

થશે. કાયમ સ્વચ્છ રાખવી હોય તો વિચારોને અરિહંતનું સ્મરણ કરી પ્રથમ નિર્મલ કરો. વિચારો દ્વારા સંસ્કારો પડે છે. જેવા સંસ્કારો તેવી અવસ્થા આવી મળે. માટે શુભવિચારોદ્વારા સ્નાન કરો, ફક્ત જલના સ્નાનમાં આસક્ત બનો નહિ. કાયાને ટકાવવા માટે રીદ્ધિ-સિદ્ધિ વાપરી, કષ્ટ વેઠીને પ્રય.સ કરશો તોપણ તે કાયા જડના ઘરની છે. ઔદારિકવર્ગણાની બનેલી છે. તે તમારી ક્યાંથી થાય ? માટે વલોપાતનો ત્યાગ કરી હે ચેતનજી ચેતો ? પોતાના સ્વરૂપનો આવિર્ભાવ કરવા માટે મોહમમતાનો ત્યાગ કરી, અરિહંત દેવાધિદેવને ભજી લે. "કહે ? હે ચેતન, આ જગતમાં જન્મ ધારણ કરી તેં સુકૃત-પુણ્યકમાણી કેટલી કરી, તેતો બતાવ, જણાવીશને ? દાન-શીયલ-તપ, ભાવના રૂપી ધર્મસાધન કેટલું સાધ્યું, સુદેવ-સુગુરુ-સુધર્મની આરાધના કેટલી કરી તે જણાવ ? સુખશાંતિ માટે ઘણી તમન્ના છે. ઘણી ચાહના છે. પણ ધર્મની સાધના સિવાય તે કેવી રીતે હાજર થશે ? ક્ષણક્ષણમાં પોતાનું ભાન ભૂલી આળપંપાળમાં પડે છે. તેથી મિથ્યાત્વ જન્ય ભ્રમણામાં પડી સ્વકાર્ય જે કરવાનું હોય છે. તે કરતો નથી. અને દુઃખજનક-દુઃખ પરંપરાને વધારનાર કાર્યો કરી બેસે છે. તેથી મોહમમતાનું જોર વધે છે, કેવી રીતે ? ખાનપાનમાં રસિયો બની એવું કરી બેસે છે કે, શારીરિક શક્તિ ઘવાય છે કે વધે છે. તેનું ભાન રહેતું નથી. વિષયસુખમાં એવો આસક્ત બને છે. કે કરેલી પુણ્ય પૈસાની કમાણી નષ્ટ થાય છે. અને

દુઃખદાયક-પ્રસંગો હાજર થાય છે. તેનો પણ ખ્યાલ રહેતો નથી. ક્રોધ-માન-માયા-લોભ, અદેખાઈ વિગેરેમાં એવો મગ્ન બને છે. કે સઘળું જીવન નષ્ટ-ભ્રષ્ટ થાય છે. આ મુજબ વિષય કષાયના વિકારોના વિષમ-અવળા ઘાટો-માર્ગો રહેલા છે. તેમાં આસક્ત બનવાથી જે સાચા સુખની ચાહના છે. તે ઇચ્છા ક્યાંથી પૂર્ણ થશે ? એવા અવળા ઘાટોમાં તો ટીચાવાનું-પરિભ્રમણ કરવાનું થશે. માટે તારીમેળે વિચાર-વિવેક લાવી, અગર સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળી એવા અવળા માર્ગનો ત્યાગ કરી સન્માર્ગના વાટે વળજે "ચીલાતી-પુત્રની માફક.

એક નગરે ધનદત્ત શેઠના ઘરમાં ચીલાતી દાસી હતી. તેને પુત્ર થયો. તેનું નામ ચીલાતી પુત્ર પાડયું. ઉંમર લાયક થએલો આ ચીલાતી પુત્ર, શેઠની પુત્રીને રમાડતો કુચેષ્ટા કરવા લાગ્યો. તેથી તેને શેઠે ઘરની બહાર કાઢી મૂક્યો. આ બહાર ભટકતો ચોરની પલ્લીમાં ભળ્યો. બલવાન્ હોવાથી ચોરોએ તેને અગ્રેસર બનાવ્યો. ગામ નગરમાં ધાડ પાડી, લૂંટીને લોકોને ઘણો ત્રાસ આપતો. વિષય કષાયમાં આસક્ત બની પોતાનું ભાન ભૂલીને પણ પોતાને બહાદુર-શૂરો માનતો વિષયના વિલાસોમાં મગ્ન બનેલો બહાદુરી ક્યાં બતાવવી અગર શૂરાપણુ ક્યાં સફલ કરવું તેનું ભાન ક્યાંથી હોય ? ધનદત્ત શેઠની સુસીમા પુત્રી ઉપર અત્યંત કામરાગ હોવાથી, એકદા ચોરોને કહ્યું કે આજે ધનદત્ત શેઠના ઘરમાં ધાડ પાડવી છે. તે શેઠ ધનાઢ્ય છે.

ધાડ પાડી મેળવેલ માલ તમારો. મ્હોટી થએલ સુસીમાને હું ગ્રહણ કરીશ. આ મુજબ ઘાટ ઘડી શેઠના ઘરમાં રાત્રીએ પ્રવેશ કરી સઘળી મિલ્કત ચોરી લીધી. અને સુસીમાને ચીલાતી પુત્રે ઉપાડી. શેઠ જાગ્યા. તે ચોરોની પાછળ પકડવા પુત્રો સહિત દોડ્યા. ભીતિ પામેલા ચોરો ચોરીનો માલ મૂકી નાશી ગયા. ચીલાતી પુત્ર, સુસીમાનો ત્યાગ કરતો નથી. નજીક દોડતા આવતા શેઠને દેખી તેણે સુસીમાનું મસ્તક કાપી, પોતાના હાથમાં મોહને લઈ તે મસ્તકને ગ્રહણ કરી, અધિક જોરથી નાઠો.

શેઠ અને તેના પુત્રો, કપાઈ પડેલ ધડને દેખી શોક –સંતાપ કરતા પાછા વળ્યા. પેલો તો પોતે જોરથી દોડતો ભરજંગલમાં આવે છે. તે અરસામાં પ્રભાવશાલી–તપસ્વી, મુનિરાજને દેખી તેમને પુછે છે કે, ધર્મ કયો ? બતાવ, નહિતર મસ્તક કાપી નાંખીશ. નિર્ભય મુનિરાજે કહ્યું કે ઉપશમ–વિવેક અને સંવર. આમ કહી આકાશમાર્ગે ચાલી ગયા. મુનિરાજે ઉપદેશેલ આ ત્રણપદીનો પોતાની મેળે વિચાર કરતાં ક્ષયોપશમના આધારે ક્રોધાદિકષાયોનો ત્યાગ કરવો તે ઉપશમ, અને જડ ચેતન વસ્તુઓની વહેંચણી કરવી તે વિવેક. અને આવતા પાપોને રોકવા–નિરોધ કરવો તે સંવર. આ મુજબ વિચારણાના યોગે અર્થ સમજી તલવારની સાથે જે માથું પકડી રાખ્યું હતું તેનો ત્યાગ કરવાપૂર્વક, મુનિરાજ જે સ્થલે હતા તે સ્થલે રહીને ઉપશમ –વિવેક અને સંવરની વિચારણાનાયોગે બરોબર સ્થિરતામાં

આવ્યા. શરીરે લોહી ચોંટેલ હોવાથી કીડીઓ વિગેરે આવીને કરડવા લાગી. પણ લેશમાત્ર ચલાયમાન થતા નથી. શરીરને ચાલણી જેવું બનાવ્યું તોપણ ક્રોધ કરતા નથી. તેથી ઘણા પાપકર્મોની નિર્જરા થઈ અને ધર્મધ્યાનના યોગે સદ્ગતિ પામ્યા. અને અનુક્રમે પરમપદને પામશે. આ પ્રમાણે વિષય કષાયના અવળા ઘાટો મુનિરાજના ઉપદેશદ્વારા તથા પોતાની વિચારણાના યોગે ઓળંગી ગયા અને મોક્ષપંથે વળ્યા ત્યારે જ સદ્ગતિને પામ્યા. આ પ્રમાણે અરે મુસાફર ચેતનજી– વિષયાદિના વિકારોના અવળા ઘાટ–વિષમમાર્ગોને ઓળંગી પોતાના સાચા સુખના સુગમમાર્ગે ગમન કરે. જે સદ્ગુરુ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે આ શિવ–મોક્ષમાર્ગ, સંસારના સુખમાં રસિલાને ઘણો જ દુષ્કર છે. ભલે પછી તે રસિલાઓ યુવાન હોય–કે વૃદ્ધ હોય, તે બાલક જેવા કહેવાય. બાલક, વિષમ પંથને ઓળંગી શકતો નથી. તેતો શીર સાટેનો માર્ગ છે. શીર સાટે એટલે મસ્તક કાપીને માલ લેવો એવો અર્થ નથી. પરંતુ સંસારનું મહાકારણ અહંતા અને મમતાને મારી, તથા વિષયકષાયના આવિર્ભાવોને વશ કરવા, કબજે કરીને ત્યાગ કરવા. તે શીર સાટે કહેવાય કે ફક્ત મસ્તક, કાપવાથી કે કાશીએ જઈ કરવત મૂકાવવાથી મુક્તિ મળતી નથી. પણ અહંકાર મમકારને મારી, અગર અહંકારદ્વારા આત્માને ઓળખી અને આત્મિક ગુણોમાં મમત્વ ધારણ કરવાથી શિવસુખનો માર્ગ મળે છે. અને તે સુખ અનુક્રમે હાજર થયેલ છે. અને થાય છે. માટે

બાળકની ચાલનો ત્યાગ કરી શિવસુખને મોક્ષસુખને પ્રાપ્ત કરવું હોય તો શીર નમાવી નમ્રતા–સરલતા–સંતોષ વિગેરેને ધારણ કરો. મોહાદિકનું મસ્તક કપાઈ જશે. પછી ચાર ગતિમાં ચોરાશીલાખ યોનિમાં પરિભ્રમણ કરવાનું ટળી જશે. આ મુજબ મુસાફરને ઉપદેશ આપે છે. છતાં અનાદિકાળની વાસનાથી જીવ માનતો નથી. તેથી ઉન્માર્ગે ગમન કરતા જીવને ઉપાલંભ આપતા " પાંચમું પદ સદ્‌ગુરુ કહે છે.

**કાનુડો ન જાણે મારી પ્રીત. આ રાગ૦**

**જીવડા હજી જરા તો ચેત, બાજી આ છે છેલ્લી રે !**

**નિન્દા કરવામાં શૂરો, પાપ પાખંડે પૂરો, લોભી**
**સ્વારથમાં તૈયાર,**
**પરમાં માની મારૂંરે, જીવડા હજી જરા તો ચેત,**
**બાજી આ છે છેલ્લી રે ॥૧॥**

**મોજ મજા મન લાગી મીઠી, પરનારી પ્રેમે દીઠી;**
**મનમાં તૃષ્ણાનો નહિ પાર, માની મારૂ રે.**
**જીવડા૦ ॥૨॥**

**વિકથાની વાતો પ્યારી, કીધી તેં ચોરી જારી:**
**માયા પરિણતિમાં મશગુલ, આખી ઉમર હારિ રે.**
**જીવડા૦ ॥૩॥**

**લક્ષ્મીનો લાલચ લાગી, બહિરાત્મ પદનો રાગી;**
**મૂરખ લજવી જનની કૂખ, ફોગટ ભારે મારી રે.**
**જીવડા૦ ॥૪॥**

મળીયું છે ઉત્તમ ટાણું, પરખી લે નયણે નાણું;
નાવે સાથે કંઈ તલભાર, શાને મોહ ધરે છે રે.
જીવડા૦ ॥૫॥

અર્કતણાં આકુલાં જેવાં, તન ધન જોબન છે તેવાં;
બાજીગરની બાજી ફોક, અંતે વિણશી જાશે રે.
જીવડા૦ ॥૬॥

નરનારી મૂરખજન ડાહ્યા, સાચી માનીને માયા;
ભવમાં ભટકતા વારંવાર, જન્મ જરા દુઃખ પામી રે.
જીવડા૦ ॥૭॥

સાચી શીખામણ માની, થા તું આતમનો ધ્યાની;
બુદ્ધિ સાગર સાચી સેવ, પ્રભુની અન્તર ધારી રે.
જીવડા૦ ॥૮॥

સદ્ગુરુ આચાર્ય, બુદ્ધિસાગર સૂરીશ્વરજી સંસાર રસિલાઓને વળી ઠપકો આપતા ફરમાવે છે. હે જીવડા! તને શીખામણ આપવામાં આવે છે. તે શા માટે કે, ઉન્માર્ગનો ત્યાગ કરી, સન્માર્ગનો સ્વીકાર કરે. પણ તેં તો તે માર્ગનો ત્યાગ કર્યો નહિ અને સન્માર્ગે પ્રયાણ કર્યું નહિ તેથી તને કહું છું કે આ છેલ્લી બાજી છે. છેલ્લી ઠપકા સાથે શીખામણ આપવામાં આવે છે કે, અરે ભાઈ હવે જરા ચેત ? ક્યાં સુધી લોક સંજ્ઞા–હેડીમાં પડી જન્મ ગુમાવે છે. કારણ કે નિન્દા કરવામાં તું શૂરો છે. એટલે

નિદ્રા આવતી નથી. નિન્દા કરવામાં એવો રસ પડે છે કે, ચાર-પાંચ કલાકો જાય, ફોગટ જાય તો પણ ખબર પડતી નથી. ચાર પાંચ કલાકો અગર બે ઘડી પણ પોતાના દોષોની નિન્દા કરવામાં નિદ્રા આવે છે. તેથી પાપ બંધ થાય છે. તેની માલુમ કયાંથી પડે! પાપના બંધથી પુણ્યનો માર્ગ સૂઝે કયાંથી ? પાપોના બંધમાં પાખંડો હાજર થાય છે. એટલે જગતમાં સારાનો દેખાવ કરવા માટે બહુધા કપટકલા કરીને પાછો પોતાને હુશીયાર માને છે. તેથી સરલતા આવતી નથી. અધિકાધિક, પાપ કાદવમાં ઉંડો ઉતરતો જાય છે. તેથી લોભી બની, સ્વાર્થ સાધવામાં તૈયાર બની, સગાંવહાલાને તથા સાધર્મિક બંધુઓને પીડા કરવામાં ખામી રાખી નહિ. છતાં સંતોષ આવ્યો નહિ. અને પાપથી પેટ-પટારો ભરવા લાગ્યો. પણ અભિલાષા તારી અધૂરી જ રહી, પૂર્ણ થઈ નહિ. કયાંથી થાય ? પર વસ્તુઓને પોતાની માની. ક્ષણ વિનાશી પદાર્થોને પોતાની માનનાર માનવી કદાપિ સંતોષી બનતો નથી. અસંતોષી બની સુખની ખાતર અવળા અવળા રસ્તા લઈ અધિક દુઃખી થાય છે. અસહ્ય પીડા સહન કરે તો પણ પાછો વળતો નથી. આવા માણસોની પાસે સંપત્તિ હોય તો પણ તે સંપત્તિથી અધિક દુઃખદાયક માર્ગનો સ્વીકાર કરે છે. એક માણસની પાસે વડીલોએ મેળવેલી ઘણી સંપત્તિ હતી. એટલે નીતિ ન્યાયથી પૈસા મેળવવાની પ્રવૃત્તિ જાગી નહિ. પણ કોઈ બી રીતે પાપ સ્થાનકો સેવીને પ્રથમની સંપત્તિમાં વધારો કરવો. આવા માણસોને સાત ક્ષેત્રોમાં વાવ-

વાની વૃત્તિ ક્યાંથી થાય? વધારો કરવાની ભાવના પૂરેપૂરી હોવાથી પ્રથમ આબરૂ–સાખ પડે તે માટે ન્યાયનીતિ મુજબ ચાલવા લાગ્યો. તેથી ઘણા માણસોનો તેના ઉપર વિશ્વાસ બેઠો. એકદા તેનો મિત્ર પાસે આવી છાનોમાનો કહેવા લાગ્યો કે આ ગામમાં ધંધો, વ્યાપાર, સારી રીતે કમાણી થાય તે મુજબ ચાલતો નથી. અને સારી રીતે કમાણી થાય તો જ સુખશાંતિમાં દીવસો તથા જીવન પસાર થાય. પરંતુ આ ભાઇને ખબર નથી કે પાપસ્થાનકો સેવી પેદા કરેલા પૈસા, શારીરિક અને માનસિક પીડાઓને અને ચિન્તાઓને હઠાવી શકશે નહીં. ઉલ્ટી તે પીડાઓ અને ચિન્તાઓ ઉપસ્થિત કરશે. સુખશાંતિનો લાભ લેવો હોય તો સંતોષ રાખી સંપત્તિનો સદ્ઉપયોગ કરવો, આવો ખ્યાલ લોભી લાલચુને ક્યાંથી હોય? મિત્રની વાત સાંભળી અધિક ધન મેળવવા બન્ને જણ તૈયાર થયા. એક શહેરમાં આવી ધમધોકાર વ્યાપાર કરવા લાગ્યા. ચામડા વિગેરેનો નીચ–હલકો ધંધો કરીને ધન તો મેળવ્યું, પણ ધર્મને ભૂલવાથી તદ્દન નીચ માનસિક વૃત્તિને લાગ ફાવ્યો. અને અન્યોઅન્ય વિચાર કરવા લાગ્યા કે આજે કમાણી થઇ છે તેમાંથી અડધો ભાગ પડશે. સઘળી મિલ્કત હાથમાં આવશે નહિ. માટે એવો ઉપાય કરવો કે મિત્ર મરણ પામે. આવો વિચાર બીજા મિત્રને પણ આવ્યો. માંહેમાંહી એકબીજાને મારી નાંખવા લાગ તપાસે છે. પણ લાગ મળતો નથી. માર્ગે લાગ મળશે. આમ ધારણા રાખી બે જણાએ સઘળી મિલ્કતની સોનામહોરો ખરીદી, વાંસળીમાં

ભરી ચાલવા માંડયું. ચાલતા ચાલતા માર્ગે મ્હોટો કુવો દેખી ત્યાં ભાતુ ખાવા માટે બેઠા. ભાતુ ખાઈ રહ્યા પછી પાણી લાવવા મિત્રને કહ્યું. મિત્ર કુવામાંથી પાણી લે છે તેવામાં પેલા માણસે પાસે આવીને ધક્કો મારી તેને કુવામાં નાંખી દીધો. કુવામાં ઘણું પાણી હોવાથી જીવનનો બચાવ કરી શકયો નહિ અને મરણ પામ્યો. મિત્રના મરણ પછી પેલો હર્ષાતુર બન્યો અને વિચાર કરતો પાણીનું પાન કરી આગળ ચાલે છે તેટલામાં સાપના દરમાં પગ પડવાથી સાપે દંશ દીધો. સર્વ અંગે વિષ વ્યાપ્ત થયું. બચવા માટે ઘણા પોકારો કરે છે પણ ભરજંગલમાં કોણ સાંભળે? છેવટે હાય હાય કરંતો તે પણ મરણ પામી દુર્ગતિનું ભાજન બન્યો. વિશ્વાસઘાતી મહા પાપી કહેવાય છે. તે પાપના ઉદયે મનુષ્યોને સુખશાંતિ કયાંથી મળે? એક તો નીચ-હલકો ધંધો કરે છે અને બીજી તરફ વિશ્વાસઘાત કરે છે અને વિશ્વાસઘાત કરીને મેળવેલ ધન દ્વારા સુખ-શાન્તિ મળશે. દુઃખ ટળશે એવો વિચાર કરીને મનમાં મલકાય છે. પરંતુ કરેલ મહાપાપ, તેવા લોભીની બરોબર ખબર લે છે માટે લોભી બનવું નહિ અને વિશ્વાસ કદાપિ જીવંત પર્યંત પણ ધનમાં કરવો નહિ. લોભી પોતાના સ્વાર્થો સાધવા ખાતર વિવિધ પાપસ્થાનકો સેવી હરખાય છે. ખરો, પણ તે હર્ષ ટકતો નથી. એવા સંયોગો-નિમિત્તો મળતાં તે હરખને બદલે શોક-સંતાપાદિક આવીને હાજર થાય છે. કદાચ પુણ્યોદયે વિઘ્નો-વિડંબના-વિપત્તિ આવતી

નથી અને મોજમજામાં દિવસો ગુજારે છે. પણ બુદ્ધિ-મતિમાં એવી મલીનતા થાય છે કે તે બુદ્ધિ, સાત વ્યસ-નોમાં આનંદ મનાવી એવી રીતે ફસાવી નાંખે છે કે તેમાંથી બહાર નીકળી શકે નહિ અને વિવિધ વિપત્તિઓ આવી લાગશે તેનો ખ્યાલ પણ રહે નહિ. માંસ–મદીરા–પરનારીમાં આસક્ત બની પોતે પોતાની જાતને મોટી વિડંબનામાં નાંખી દુઃખી થાય છે. માટે ચોરી–જારીનો ત્યાગ કરવા પૂર્વક ગુરૂદેવે બતાવેલ સન્માર્ગે વળવું. પરંતુ અરે જીવડા સદ્ગુરૂના ઉપદેશની અવગણના કરી, હાંસી કરી, ઉપેક્ષા કરી લીધેલ ઉન્માર્ગનો ત્યાગ કર્યો નહિ અને વિષયોમાં આસક્ત બની તૃષ્ણા નદીમાં તણાયો. તૃષ્ણા નદી તો સંસાર સાગરમાં ગમન કરીને ભેગી ભળી તેમાં ધકેલી દે છે. પછી નીકળવાનો માર્ગ સુઝતો નથી અને મુંઝવણનો પાર રહેતો નથી. એક કાગડાએ મરણ પામેલ હાથીનુ કલેવર દેખી ખુશી થતો પાછળના ભાગને કાપી તેમાં પેઠો. તેના માંસમાં મસ્તાન બન્યો. તે કલેવરમાંથી બહાર નીકળવાની ઇચ્છા થતી નથી. પરંતુ હવા રીતસર આવતી ન હોવાથી બહાર નીકળતો પાછો ઘડી બે ઘડી હવામાં મ્હાલી તે કલેવરમાં પેસી માંસનું ભક્ષણ કરીને આનંદમાં રહેતો. વર્ષાઋતુ આવી ને વર્ષાદ મૂશળધારાએ વર્ષવા લાગ્યો. નદીનાળાં વર્ષાદના પાણીથી ઉભરાવા લાગ્યા. કાગડો જેમાં આસક્ત બની રહેલ છે તે કલેવર પણ નદીના પ્રવાહમાં તણાવા લાગ્યું. અંતે તે કલેવર સાગરમાં આવ્યું. હવે કાગડાને મુંઝવણના યોગે

બહાર નીકળવાની ઇચ્છા થઈ. બહાર આવી જુએ છે તો ચારે બાજુ દરિયાનું પાણી દેખી અધિક મુંઝવણમાં પડ્યો. કોઈ સ્થલે આરામ લેવાની જગ્યા મળી નહિ અને કલેવર દરિયાના ખારા પાણીથી સડી ગયું. કાગડો પણ મરણ પામી માછલાંનું ભોજન બન્યો. આ મુજબ આવા માણસો વ્યસનોમાં આસક્ત બની મહા સંકટમાં સડે છે. અરે ભાઈ, આ માર્ગને જો લીધો હોય તો તેનો ત્યાગ કરજે. ત્યાગ નહિ કરે તો કાગડા જેવી અવસ્થામાં મરણ પામવું પડશે. કોઈ પણ આધાર રહેશે નહિ. જ્યારે વખત મળે ત્યારે વિકથાની વાતો, જેવી કે સ્ત્રીકથા–ભક્તકથા–દેશકથા–તથા રાજકથા અગર ગમે તે કુથલીની વાતોમાં ટાઈમ ગુમાવે છે તે યોગ્ય નથી. તથા લક્ષ્મીની લાલચમાં અને વિષયોના વહાલમાં તથા મોજમજામાં જીવન પસાર કર્યું. પણ ક્યારે જીવનનો અંત આવશે તે કહી શકાય નહિ. માયા–મોહના વિકારોમાં શો આત્મિક મેળવ્યો ? તેનો પણ વિચાર–વિવેક કર્યો પણ નહિ. આવા મનુષ્યો માતપિતાને લજવે છે. માતાની કુક્ષીને ભારે મારે છે. માટે તારે આમ કરવું ઉચિત નથી. મનમાં વિચાર કર ? વિવેક કર ? મનુષ્ય જન્મની ઉત્તમ મોસમ મળી છે. ઉત્તમ ટાણું મળ્યું છે. તેની સફલતા કરવા માટે સત્ય નાણું છે તેને પરખી લે. પૈસા–સોનામહોરોને પરખી પરખી સારી રીતે તેનો સંગ્રહ કર્યો તે તારો નથી. પાપોદયે ખસી જશે. માટે સાચુ નાણું સમ્યગ્ દર્શન. જ્ઞાન–ચારિત્ર છે. તેને પરખી, સંગ્રહ કર્યો

હશે તે ત રે। છે. અને તે સાથે સાથે આવશે. તેના જે સંસ્કારો પડ્યા છે તે નષ્ટ થશે નહિ. વિપત્તિ-વિડંબનાની ઘડીમાં સારી રીતે સહકાર કરશે. આર્તધ્યાન શોક–સંતાપાદિક ટળી જશે માટે સાચુ નાણું જે બતાવેલ છે તેમાં પ્રીતિ રાખ ? જન્મ, જનની, અને જન્મ ભૂમિકાને સફલ કર ! કે જેથી પ્રાપ્ત થએલ મોસમ, અને અવસર ફોગટ જાય નહિ. ધીરધારનો ધંધો કરનાર, ગાનતાન–વિષયના વિકારોમાં મોજમજા માણતો નથી. તે સમજે છે કે મોજમજામાં મગ્ન બનવાથી દેવાદાર ધીરેલ નાણા જલ્દી આપી શકતા નથી. આમ સમજી દેવાદારની પાસે જઈને ઉઘરાણી કરે છે. ભલે પછી પ્રાતઃકાલ હોય કે બપોર કે સાંજે. તથા શીયાળો હોય કે ઉનાળો હોય કે વર્ષાદ ધમધોકાર વર્ષતો હોય તો પણ ચીવટ–લાગણી રાખીને તેને ઘેર જાય છે. ત્યારે પોતાના ઘરમાં જે ઉઘરાણી કરવાથી પ્રાપ્ત થએલ હોય તેનો સંગ્રહ કરે છે. તેથી પેટ પીડા ટળતી જાય છે. પેટ પીડા ટાળનાર ઘણા હોય છે. પણ માનસિક ભૂખ પીડાને ટાળનારા ઘણા ઓછા હોય. તેથી તેઓ મનુષ્ય જન્મને સફલ કરવા બેનસીબ રહે છે. ભલે પછી છ ખંડનું સામ્રાજ્ય મળ્યું હોય, સત્તા–સમૃદ્ધિ–અને પરિવારથી સંપન્ન હોય તો પણ મનની પીડાઓ ટળતી નથી. ઉલ્ટી વધતી રહે છે. માટે માનસિક પીડાનો ત્યાગ કરવા, તેમજ આત્મિક વિકાસ કરવા પ્રમાદ–આળસ કર નહિ. સંગ્રહ કરેલ, સંયોગે મળેલ હોવાથી સાથે આવશે નહિ. અને કોઈની પણ સાથે આવેલ નથી. એક તલભાર

સોનું પણ સાથે આવે તેમ નથી માટે શાને દુન્યવી પદાર્થોમાં મુંઝાય છે. વેઠ કરીને શાને સંકટોમાં સપડાય છે. આપણે જોઈએ છીએ કે, કોઈપી રીતિએ, દગા પ્રપંચો કરીને પણ પ્રાપ્ત કરેલ પરિગ્રહ પૈસાઓને ચોરી જનારાઓ પણ હોય છે. જો ઉપયોગ રાખવામાં આવે નહિ તો અગ્નિ પણ બાળી નાંખે. કુટુંબી માણસોની નજર પણ હોય છે. જો તેમને માગ્યા પ્રમાણે આપવામાં આવે નહિ તો કરડી નજરે, ત્રાંસી નજરે જુએ છે. અને તે ભેગું કરેલ ધન લેવાનો લાગ જોયા કરે છે. પિતા, પુત્રને માગ્યા મુજબ આપે નહી તો કોર્ટે ચઢી, પૂર્વોપાર્જીતનો દાવો માંડી, પિતાને હેરાન કરવામાં તે પુત્ર ખામી રાખતો નથી. અરે માગ્યા મુજબ ભાઇ–બેન–ભાણેજ વિગેરેને આપવામાં આવે નહિ તો કૃપણનો ઇલકાબ આપીને તરછોડે. તિરસ્કાર–ધિક્કારના વેણ સંભળાવે. આવા આવા કારણોના પ્રસંગે ભેગુ કરનારને ઘણું સહન કરવું પડે છે. જો સહી લે નહિ અને સામા થઈને તેનો પ્રતિકાર કરે તો જોઈ લો. “ ભુંગળ વિનાની ભવાઈ. ” સંબંધોને ભૂલી શત્રુઓ જેવા માની વૈરવિરોધાદિકમાં આગળ વધી પોતે પોતાનું અનિષ્ટ કરવા તૈયાર થાય છે. માટે પરિગ્રહની મમતાનો ત્યાગ કરી, પ્રભુના ગુણોને ગાઈ, તે ગુણોને મેળવી ગુણી બન ? પણ પાછો ગુણાનુરાગી બનજે. ગુણીજનો ઉપર ઈર્ષ્યા અદેખાઈ કરતો નહિ. ઘણાય દુનિયામાં ગુણી તરીકે પ્રસિદ્ધ થએલ હોય છે. પરંતુ સાચા હોતા નથી. કારણ અન્યજનોની પ્રશંસા સાંભળી હૈયામાં

અદેખાઈ ધારણ કરી બળતા હોય છે જે ગુણો પ્રાપ્ત થએલ હોય છે તે રહી શકતા નથી. માટે પ્રભુની સેવા ભક્તિની સાથે ગુણી બન. તથા ગુણાનુરાગી બની આત્મ-કલ્યાણ સાધ !

જો આ પ્રમાણે વર્તન રાખીશ નહિ તો આકડાના આકુલાં કહેતા રૂની માફક સઘળી રીદ્ધિ-સિદ્ધિ ઉડી જશે. અસ્તવ્યસ્ત બનશે. તનધનાદિક સ્થિર રહેશે નહિ. બાજીગર પોતાની ચાલાકી વડે વિવિધ હસ્તકલા દેખાડે છે. અગર નજરબંધી પ્રયોગના આધારે કાંકરાને સાકરરૂપે દેખાડે છે. પણ તે કલા ફોગટ છે. સત્ય નથી. તે મુજબ બધી કલાથી મેળવેલ માયા પણ અંતે વૃથા બનવાની. માટે આ સંસારમાં આવી તેં પણ બાજીગરની માફક બાજી માંડી અનેક કલાઓ દેખાડી માયાને ભેગી કરી છે. તે બાજી સાચી નથી. આકડાના ફુલની માફક વખત આવતાં ઉડી જશે. માટે ચેતી જા, અધિક શું કહેવું, શાણાને શીખામણ શાનમાં હોય છે. મુગ્ધને અનેકવાર, વિડંબના-વિપત્તિ આવી લાગે અગર ધોકાઓનો માર પડે તો પણ સન્માર્ગે વળે નહિ. અને હાય હાય કરતાં, પોકારો પાડતા, જીંદગાની પસાર કરે છે. એક માણસ લોભી અને લાલચુ હતો. લોભમાં અને લાલચમાં સઘળા દોષો રહેલા છે.

તથા કહેવત પણ છે કે, જ્યાં લોભીયા હોય ત્યાં ધૂતારાને ફાવટ આવે છે. આ લોભી બોલવામાં ચાલાક

હતો. ભોળા લોકોને આડુઅવળુ સમજાવી, ધન ભેગું કરતો. અન્યાયથી મેળવેલ ધનાદિકથી બુદ્ધિમાં પણ મલીનતા આવી નિવાસ કરે છે. તેથી જ તેને પરદારાનું વ્યસન લાગુ પડ્યું. આ વ્યસન ભલભલાને સુખની ભ્રમણામાં નાંખી સર્વસ્વ લૂંટી લઈ પાગલ જેવો બનાવે છે. આ લોભીને પણ પરદારાનું વ્યસન લાગુ પડ્યું. એક રૂપવતી અને લટકા-ચટકા મટકા કરનારી પરદારાનો રાગી બન્યો. ઘરમાં રહેલ પત્ની પુત્રાદિક પરિવાર ઘણી વેળા ઠપકો આપે છે કે પૈસાની તથા પુણ્યની ખુવારી કેમ કરો છો ? આ વ્યસનથી આબરૂને ધક્કો લાગે છે. જનસમુદાય પણ તમારા ઉપર વિશ્વાસ કરતો નથી. માટે સમજણના ઘરમાં આવી આવા દુરંત વ્યસનનો ત્યાગ કરો. જ્યારે સગાંસંબંધી તરફથી ઉપાલંભો-ઠપકા મળે છે ત્યારે તેઓને યદ્રા તદ્રા સમજાવે છે. પણ જે વ્યસન પડેલ છે તે મૂકતો નથી. એકદી, પેલી પરદારાએ રૂપીયા સોની માગણી કરી. અને કહ્યું કે અત્યારે હું ઘણી ભીડમાં આવી છું. એક બે માસમાં સોના બદલે સવાસો તમને આપીશ. એક તો લોભી હતો ને પાછો કામરાગી બન્યો. તેથી રાગને લઈને સો રૂપિયા આપ્યા. પેલીએ ખુશી થઈ લોભીના વખાણ કર્યા. અહો તમે તો ઘણા પરોપકારી અને પરગજુ છો. આ મુજબ બોલતી અને લટકા-ચટકા કરતી પોતાને ઘેર આવી. બે મહિના બાદ વિશ્વાસ બેસાડવા સવાસો રૂપિયા આપી ગઈ. લોભી ખુશી ખુશી થઈ ગયો અને મનમાં માનવા લાગ્યો કે વિષય સુખની સાથે પૈસા બી મળે છે. આ ધંધો

સારો. મહેનત કરવી પડતી નથી અને રૂપિયા મળી આવે છે. હવે બન્યું એવું કે ચારેક મહિના વિતવ્યા પછી પેલી પરદારા આવી. લટકા-મટકા કરતી કહેવા લાગી. મારા દીકરાને પરણાવવો છે. ઘરમાં છાબમાં મુકવા માટે સોનાના, મોતીના દાગીના નથી. અને પલ્લામાં દાગીના મુકયા વિના કન્યાનો બાપ પરણાવે નહિ. માટે દીકરાને પરણાવી ચાર મહિના ગયા પછી તમને સઘળા દાગીના પાછા આપીશ. અને પચાસ રૂપિયા વ્યાજ તરીકે અધિક આપીશ. ગમે તેમ કરીને દાગીના આપો. અને મારી આબરૂ રાખો. આ લોભી કામીને કામરાગમાં વિચાર સરખો પણ આવતો નથી કે દીકરાને પરણાવવો છે. અને દાગીના મારી પાસે માગે છે, અને વળી પચાસ રૂપૈયા અધિક આપવાનું કહે છે. તે કયાંથી લાવશે ? અને કામરાગમાં પાછા મંગાશે પણ નહી. પરનારીનો વિશ્વાસ કેવો ? કદાચ અર્પણ કરશે નહિ તો હું કરીશ શું ? પરંતુ કામરાગીને આવો વિચાર કયાંથી આવે ? જન્માંધ કરતા કામરાગી ખરાબ કહેલો છે. કાગડો રાત્રિએ દેખે નહિ. ઘુવડ દિવસે દેખે નહિ. તેતો ઠીક છે. પણ કામાંધ તો દિવસે અને રાત્રિએ દેખતો નથી અને કોઈ સન્માર્ગે વાળે તોપણ વળતો નથી. જન્માંધ તો વાળ્યો વળે અને સન્માર્ગે વળી જાય. પેલીને દાગીના આપવા માંડયા. ઘરના માણસો કકળાટ કરે છે. ઘણું સમજાવે છે, છતાં તેઓને તરછોડી દાગીના આપ્યા. પંદર વીસ હજારની કીંમતના દાગીના લઈ હરખાતી પેલી

સ્વગૃહે આવી. દીકરાને પરણાવી અધિક ખુશી થઇ. ચાર માસ વ્યતીત થયા તોપણ તે દાગીના પાછા આપવા આવી નહી. પુત્રાદિક વારે વારે કહેવા લાગ્યા. જે દાગીના પેલીને આપ્યા છે. તે આપવા આવી નથી. માટે જાતે તેણીની પાસે જઇને માગણી કરો. તે રાંડ પાછા આપવા આવશે નહિ. લોભીએ પરદારાની પાસે જઇને માગણી કરી ત્યારે કહેવા લાગી. આવી અધીરાઈ શી ? તે દાગીના શું અમે ખાઈ જઇશું. પુત્રવહુ તે દાગીના પહેરી પીયર ગઈ છે. તે અહિં આવશે ત્યારે પાછા મોકલી આપીશ. પાછા ઘેર જાઓ. પ્રીતની રીત તો જાણો. જલ્દી માગતા શરમ આવતી નથી. શું અમો તે દાગીના ગળી જઇશું ? આ મુજબ સાંભળી વધારે નહિ બોલતો તે ઘરે આવ્યો. છાનોમાનો ચૂપ થઇને બેઠો.

સગાંવહાલા પૂછે છે કે, દાગીના અને પચાસ રૂપૈયા લાવ્યા કે ? શો ઉત્તર આપે ? ઘણું કહ્યું ત્યારે ઠાવકુ મુખ રાખીને કહ્યું કે, બે મહિનામાં આપી જશે. ઉતાવળ શા માટે કરો છો. તે ખાઈ કે ગળી જવાની નથી. માટે ધીરજ રાખો. આપી જશે. બે ત્રણ માસ વિત્યા છતાં તે પાછા આપી ગઈ નહિ. તેથી સ્વજનવર્ગે પુનઃ કહ્યું કે અદ્યાપિ પેલી આપી ગઈ નથી માટે જાઓ, અને પાછા લઈ આવો. તે તેણીની પાસે જઈને દાગીનાની માગણી કરે છે. ત્યારે મુખનો મટકો કરવાપૂર્વક કહેવા લાગી કે, જ્યારે મારી વહુ પિયરમાંથી આવી ત્યારે તમે આવ્યા હોત

તો જરૂર છાની રીતે પણ તમારા દાગીના પાછા આપત, પણ થોડા દીવસ રહી દાગીના પહેરી તેના ભાઇનું લગ્ન હોવાથી પાછી પિયરમાં ગઈ છે. તે અહિંઆ આવશે ત્યારે જરૂર ગમે તેમ કરીને પાછા આપીશ. અધીરા બનો નહિ. આટલી બધી ઉતાવળ શી ? આ પ્રમાણે તે લંપટી, દાગીનાની માગણી કરવામાં આવે છે ત્યારે જુદા જુદા બાના બતાવી આપતી નથી. પેલાને ઘરના માણસો પણ ઘણું ઘણું કહે છે. હવે પસ્તાવાનો પાર રહ્યો નથી. છેવટે કંટાળી તે ધુતારીની પાસે કહેવા લાગ્યો કે, તુ દરેક વખતે જુદા જુદા બાના કાઢીને દાગીના આપતી નથી. તે દાગીના મારા પરિવારના છે, માટે આજે લીધા સિવાય જવાનો નથી. આમ કહીને ધામો લગાવ્યો. પેલી ઘેર આવેલી પુત્રવધુને કહે છે કે, દાગીના મને આપ. પણ તે આપતી નથી. અને કહે છે કે, આ દાગીના મારા પક્ષના છે. માટે કદાપિ આપીશ નહિ. અને એવા ગુપ્ત સ્થલે સંતાડયા કે શોધ્યા હાથમાં આવે નહિ. હવે એકેય ઉપાય નહિ હોવાથી તે ધૂતારીએ કહ્યું કે તમારા દાગીના હું લાવી જ નથી, તેની વાત પણ હું જાણતી નથી અને વારે વારે મારા ઘરમાં આવી નાહક ઉઘરાણી કરો છો. હવે જો આવશો તો માનમરતબો સચવાશે નહિ. દાગીનાની વાત કરતા નહિ, પાછા જાઓ. તે લોભી, લાલચુ તેમજ લંપટી, પરદારાના વચનો સાંભળી આભો બની ગયો. અને કહેવા લાગ્યો. તેં મારી પાસેથી દાગીના લઈ

જઇને ઘરમાં રાખ્યા છે. ત્હારી વહુની પાસે છે. છતાં આપતી નથી. અહિંથી લીધા વિના હવે પાછો જઈશ નહિ. આ મુજબ સાંભળી પેલીએ ખરેખર તોફાન કર્યું. કજીઓ ઘણો કર્યો, પણ દાગીના આપ્યા નહિ. આબરૂ સાથે દાગીના પણ ગયા. બેઆબરૂ થયો. હવે તેનો વિશ્વાસ, સ્વજનવર્ગ પણ રાખતો નથી. છેવટે દીન-હીન બન્યો. માટે આવી દશા આવે નહિ તે માટે જે જે દોષો છે, તેઓનો ત્યાગ કરી રીદ્ધિ-સિદ્ધિનું રક્ષણ કરો. રીદ્ધિ-સિદ્ધિ પણ પુણ્યયોગે મળે છે. પરંતુ તેને પરદારા સેવનમાં તથા ઘણા મોટા આરંભ-સમારંભોમાં વાપરવામાં આવે તો પુણ્યની સાથે રીદ્ધિ-સિદ્ધિ ખતમ થાય છે. ખતમ થતાં માણસો દીન-હીન બની દુઃખદાયી અવસ્થામાં આવી પડે છે. માટે ચેતીને સંસારમાં વર્તન રાખો. સંસારમાં ચેતવાના, તરવાના, સન્માર્ગે આરૂઢ થવાના ઘણા નિમિત્તો-સંયોગો મળી આવે છે. અને આબરૂ-પ્રતિષ્ઠા-પુણ્ય-પૈસા તથા શારીરિક તાકાતને ગુમાવવાના પણ ઘણા અને પુનઃ પુનઃ કારણો મળી આવે છે; સાધનો સુખજનક છે. દુઃખજનક અને દુઃખની પરંપરાને વધારનાર પણ સાધનોનો પાર નથી. માટે બુદ્ધિ -મતિ હોય તો તેનો ઉપયોગ કરી તે મળેલા સાધનો, સુખજનક, અને સુખની પરંપરા વધારનાર બને તે મુજબ કષ્ટ સહીને પણ વર્તન રાખો. તો કોઈ પણ દુઃખ-કષ્ટ આપવા સમર્થ નથી, પોતાના અપરાધો-ભૂલોથી જ અનિષ્ટ સંયોગોને આવવાનો અવકાશ મળે છે, કંટકતરૂને વાવી,

કલ્પતરૂના ફલ ક્યાંથી મલે! ધંતુરાની જગ્યાએ ગુલાબના-ચંપાના-માલતી મોગરાના પુષ્પો પ્રાપ્ત થશે નહિ. માટે જીવનભરમાં એવું વાવો. એવું વર્તન કરો કે, કંટકો રૂપી કષ્ટ આવી મલે નહિ. સાચા સુખને પ્રાપ્ત કરવામાં દરેક દોષોનો ત્યાગ કરવો જોઇએ, એ જ સુજ્ઞનું કર્તવ્ય છે.

પરંતુ ડાહ્યા અને મૂર્ખ, નરનારી, માયા મમતાને જ સાચા સુખનું સાધન માની તેને માટે જીવનમાં અથાગ પ્રયાસ કરે છે, કે કોઈ રીતે સુખ મળે. પણ માયા-મમતા તે સત્ય સુખનું સાધન નથી. તેનું ભ્રમણામાં ભૂલા પડેલાને ભાન હોતું નથી. તેથી જીવનભર એવો પ્રયાસ કરે છે કે આલોક, પરલોક, દુઃખમય જનક, અને દુઃખની પરંપરા વધે. અને અનેક ભવમાં ભટકી જન્મ-જરા, અને મરણની અસહ્ય વિપત્તિ આવી લાગે. સુખનો માર્ગ સદ્ગુરુને પૂછતો નથી, અને લોકસંજ્ઞામાં ફસાઈ એવો માર્ગ ગ્રહણ કરે છે કે, શોક-સંતાપ-પરિતાપાદિક સિવાય અન્ય પ્રાપ્ત થાય નહિ. માટે હે ચેતન! અરે જીવ! લોકહેડીનો ત્યાગ કરી, સદ્ગુરુની પાસે જઈને સન્માર્ગે-મોક્ષમાર્ગે સુગમતાએ જવાના ઉપાયોને પુછ. જેથી ભવપરંપરા અટકી પડશે. મોક્ષમાર્ગ, હસ્તગત થશે. આમ ક્યાં સુધી ભવની પરંપરામાં ભટક્યા કરીશ. સદ્ગુરુ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, અમારી પાસે આવ. અમારી સાચી શીખામણ માન. કોઈ તને કષ્ટ આપશે નહિ. માટે આડા અવળા ભટક્યા વિના આત્માનો ધ્યાની થા. એકદમ, અકસ્માત્ ધ્યાની થવાશે નહિ. માટે

પ્રભુની પૂજના, આદરમાન, સત્કાર દ્વારા તેમના ગુણોને ગ્રહણ કરવાથી અને શકયતાયે તે મુજબ વર્તન કરવાથી જે સત્યસુખની ચાહના છે. તે સફલીભૂત થશે જીનાજ્ઞાએ ધર્મ જરૂર થવાનો. અને તે મુજબ સંયમની આરાધના કરવાથી ભવોભવના કષ્ટો ચાલી જશે. માટે અન્તરમાં પ્રભુની સાચી સેવના, આજ્ઞાપૂર્વક અમલમાં મુક. આજ્ઞા મુજબ શકય વર્તન કરવામાં આવતું નથી. તેથી માગી લાવેલ ઘરેણા, આભૂષણોમાં પોતાના માની રાચી, માચી રહ્યો. જ્યારે તેનો વિયોગ થયો ત્યારે વલોપાત કરવા લાગ્યો. માટે આવી પરિસ્થિતિ આવી લાગે નહિ તે માટે હે ચેતન, ચેતી જા. આત્મહિત સાધ !

છઠ્ઠા પદમાં સદ્ગુરુ આચાર્ય મહારાજ બુદ્ધિસાગર સૂરીશ્વરજી, જે સાંસારિક પદાર્થોમાં રાચી માચી રહેલા છે. તેનો ત્યાગ કરવાનો તથા પ્રાપ્ત અમુલ્ય, અવસરની સફલતા કરવાનો ઉપદેશ આપતા ફરમાવે છે.

**રાગ–વૈદર્ભી વનમાં વલવલે.**

**ચેતી લે તું પ્રાણીયા, આવ્યો અવસર જાય,**
**સ્વારથીયા સંસારમાં, હેતે શું હરખાય.**
**ચેતીલે તું પ્રાણીયા ॥૧॥**

**જન્મ જરા મરણાદિકે, સાચો નહિ સ્થિર વાસ,**
**આધિ, વ્યાધિ ઉપાધિથી, ભવમાં નહિ સુખ આશ.**
**ચેતીલે૦ ॥૨॥**

રામા રૂપમાં રાચીને, જોયું નહિ નિજરૂપ,
ફોગટ દુનિયા ફંદમાં, સહતો વસમી ધુપ.
ચેતીલે૦ ॥૩॥
માત પિતા ભાઈ દિકરા, દારાદિક પરિવાર,
મરતાં સાથ ન આવશે, મિથ્યા સહુ સંસાર.
ચેતીલે૦ ॥૪॥
ચિન્તામણિ સમ દોહિલો, પામ્યો મનુ અવતાર,
અવસર આવો નહિ મળે, તાર આતમ તાર.
ચેતીલે૦ ॥૫॥
જેવી સંધ્યા વાદળી, ક્ષણમાં વિણશી જાય,
કાચો કુંભ કાયા કારમી, દેખી શું હરખાય.
ચેતીલે૦ ॥૬॥
માયા મમતા પરિહરી, ભજો શ્રી ભગવાન્,
કરવું હોય તે કીજીએ, તપજપ પૂજા દાન.
ચેતીલે૦ ॥૭॥
કોઈક ઘાલ્યા ઘોરમાં, બાળ્યા કેઈ મસાણ,
આંખ મીંચાએ શૂન્યમાં, પડંતા રહેશે પ્રાણ.
ચેતીલે૦ ॥૮॥
વૈરાગ્યે મન વાળીને, ચાલો શિવપુર વાટ,
બુદ્ધિસાગર માંડજો, ધર્મ રત્નનું હાટ.
ચેતીલે૦ ॥૯॥

આધિ-વ્યાધિ-ઉપાધિની વિડંબનામાં ફસાઈ પડેલા મનુષ્યોને સદ્‌ગુરુ સૂરીશ્વરજી ચેતાવે છે કે, તે વિડંબનાઓને હઠાવવા માટે અરે માનવીઓ સારો-સુંદર અવસર મળ્યો છે. તે અવસરને સાંસારિક સુખ ખાતર ફોગટ ગુમાવ નહિ. કાલનો પણ વિશ્વાસ રાખો નહિ. જે કાળ, એટલે મૃત્યુને જીતે છે તે કાલને જીતે છે. આવતી કાલમાં કયા કયા બનાવો બનવાના છે, તે સર્વથા સંપૂર્ણ કહી શકાય નહિ. જે કાર્યની સફલતા કરવા માટે ધારણા રાખી હોય, તે એવા નિમિત્તો મળતાં વિફલ થાય છે. શ્રી દશરથ નૃપને, શ્રી રામચંદ્રને સિંહાસનમાં બેસાડી, અભિષેક કરવાપૂર્વક રાજા બનાવવાની સાચી ભાવના-ઇચ્છા હતી, કે ન્યાયી-વિનયી નમ્રતા-સરલતાયુક્ત અને સંતોષવાન્ પુત્રને અયોધ્યાની ગાદી સોંપી હું ધર્મધ્યાનમાં દિવસો વ્યતીત કરૂ. તેમજ રાજ્યાભિષેક કરવાનું મુહૂર્ત આપનાર વસિષ્ઠ ઋષિ હતા. સારા શહેરમાં રામચંદ્રજીને અયોધ્યાની ગાદી મળશે તે મુજબ વાત પણ ચાલી રહેલી હતી. પણ પિતાશ્રીની પ્રતિજ્ઞાનું પાલન કરવા રાજ્ય સુખને તિલાંજલી આપી વનવાસ સ્વીકાર્યો. તેથી જ્ઞાની કહે છે કે, આવી અભિલાષાનો ત્યાગ કરી, આવતી કાલે આત્મ કલ્યાણ સાધીશું. આજે તો મોજમજાહ કરી લેવા દે. પણ કાલ કોણે દેખી છે. ધારેલી ધારણા અધુરી રહે અગર નાશ પામે. માટે આજે જ અગર અબઘડીમાં આત્મહિત જો બુદ્ધિ હોય તો સાધી લે ? ભાગ્યોદયે મળેલ અમુલ્ય અવસરને જેમ તેમ વેડફી નાંખો નહિ. અવસર

વિત્યા પછી વલોપાત કરશો તોપણ કાંઈ વીતેલો અવસર પાછો વળશે નહિ. સંસારમાં સંબંધો વડે સારા સંયોગો મળ્યા છે. તેમાં હર્ષને ધારણ કર નહિ. કારણ કે તે સંયોગોનો વિયોગ થતા વિલંબ થશે નહિ. માટે તે સંબંધોમાં હરખને ધારણ કરી આસક્ત બનીશ નહિ. શા માટે હરખાય છે. હરખમાંને હરખમાં જે અગત્યનું, આવશ્યકનું સાધવાનું હશે તે સધાશે નહિ. અને માયા-મમતાનું જોર વધશે. માટે તે સંબંધોમાં આસક્તિનો ત્યાગ કરી ભવિષ્યમાં, પરલોકમાં આધિ-વ્યાધિ-વલોપાત ટળે એવું કાર્ય સાધી લે. આ જગતમાં માત-પિતા ભાઈ-દીકરા પત્ની વિગેરે પરિવારનું પોષણ કરવા અહોનિશ ચિન્તાઓ કરી. પણ જે અનાદિકાલથી વૈરી-શત્રુ તરીકે રહેલા છે એવા ક્રોધાદિકને ટાળવા માટે અને સાચા સુખને અર્પણ કરનાર, અને અવસરને તથા દુન્યવી સાધનોને પણ સફલ કરનાર, આત્મિક ગુણોને જે વિકારોથી દબાણ રહેલું છે તે દબાણને ટાળવા માટે તથા તે ગુણોને પુષ્ટ બનાવવા માટે લક્ષ દીધું નહિ. તેથી વિવિધ યાતનાઓનો ભોગ થવાનો વખત આવ્યો. અવસર મળ્યો ત્યારે નિન્દા, વિકથા વિગેરે પ્રમાદમાં ગાળ્યો. અને જે કર્તવ્ય હતું તેનું વિસ્મરણ થયું. અને ધર્મસાધન કરવાનું ભવિષ્યકાળને ભળાવ્યું. ભવિષ્યકાળમાં વર્તમાનકાળની તૈયારી હશે તો ધર્મસાધન થશે. ભવિષ્યકાલને સફલ કરનાર વર્તમાનકાળ જયવંતો હોવો જોઈએ. વર્તમાનકાળમાં કરેલી શુભ અગર અશુભ કરણી ભવિષ્યમાં વિપાક દેખાડે છે.

અને વિપાક યોગે સુખ દુઃખના ભોક્તા બનાય છે, શુભ કરણી કરશો તો સુખના સાધનો મળશે. અશુભ કરણી કરવાથી સુખના સાધનો કયાંથી મળશે ? દુઃખના નિમિત્તો હાજર થવાના. માટે મળેલા શુભ અવસરમાં એવી કરણી કરો કે દુઃખના સંયોગો ઉપસ્થિત થાય નહિ. અને સુખનો અનુભવ કરવો હોય તો સમ્યગ્ જ્ઞાનને મેળવો. કારણ, સમ્યગ્ જ્ઞાનથી દુઃખો આવી લાગે તે સમયે મુંઝવણમાં પડાતું નથી. અને તે વખતે સહન કરવાની તાકાતનો આવિર્ભાવ થાય છે. એટલે તે વેળાએ દુઃખ જેવું ભાસતું નથી. પરીક્ષા તરીકે મનાય છે. માટે સુખમાં અને દુઃખમાં સમ્યગ્ જ્ઞાનની જરૂર છે. સુખના સંયોગો પણ જો જ્ઞાન હશે નહિ તો મુંઝવણ ઉભી કરશે. અને આસક્ત બનતા એવા કર્મો બંધાશે કે અસહ્ય વિડંબના ભોગવતા પણ છૂટશે નહિ. માટે મળેલા અવસરને સફલ કરવા સમ્યગ્ જ્ઞાનની સાથે સમ્યક્ ચારિત્રની પણ આવશ્યકતા છે. જ્ઞાન અને તે મુજબ ક્રિયા હશે તો જ ધર્મસાધન સાર્થકતા ધારણ કરશે. માટે મનુષ્યભવમાં આજ કરવાનું છે. પેટ પરિવારાદિકનો વલોપાત રહેશે નહિ. પેટ પરિવારાદિકનું પોષણ, જ્ઞાન ક્રિયા યોગે જ થઈ શકે છે. અને ચીકણાં કર્મ બંધાતા નથી. માટે સુંદર રૂપવતી સ્વનારીના રૂપમાં પણ મુગ્ધ બનવું તે પણ સ્વહિતની હાની છે. ગુરૂદેવ કહે છે કે, રામાના રૂપમાં રાચી પોતાના આત્માનું રૂપ નિરખ્યું નહિ, તેમાં જ સુખ માની લેવાયું. પણ અંતે તેનો વિયોગ

થતા અત્યંત વલોપાત—સંતાપ થયો. કહે ? શું ફલ મેળવ્યું. માટે રામાના રૂપમાં એટલે પોતાની કે પારકાની રામા—સ્ત્રીમાં તથા તેના રૂપરંગમાં રાચીમાચી રહેવું નહિ. અને પોતાનું સ્વરૂપ જે સત્ય છે તેને નિહાળવામાં સદાય તત્પર બન. સદાય તત્પર બનાય નહિ તો, નિજરુપ જોવાની બાર તિથિઓ, શાસ્ત્રકારોએ ફરમાવેલ છે, તેમાં આરાધના કરવા પરાયણ બન. અગર બે ઘડી દશ મનના, દશ વચનના અને બાર કાયાના દોષોને નિરખવા પૂર્વક તેઓને ટાળવા સામાયિક કર. સમતા તરંગોમાં સ્નાન કર. તેથી આત્મરૂપનું ભાન થશે. આનંદનો અનુભવ આવતાં સંકલ્પ વિકલ્પો સ્વયમેવ ટળી જશે. માટે રૂપરંગનો મોહ મૂકી નિજરૂપને નિરખવા લક્ષ દેવાની પણ જરૂર છે. દુન્યવી પદાર્થોમાં રાચીમાચી રહેવું તે ફંદ છે, મોહમાયાની જાળ છે. તેમાં ફસાએલને કદાપિ સુખશાંતિનો અનુભવ આવતો નથી. કંટાળો સદાય રહેલો હોય છે. માટે આવા ફંદમાં ફસાઈને શા માટે વસમી વિપત્તિનો ભોગ બને છે. કાંઈક સમજ. દુન્યવી પદાર્થોમાં રાચીમાચી રહેવાથી માતપિતા ભાઈ દીકરા વિગેરેના સંબંધો સાચવવા ઘણો પ્રયાસ કર્યો. પણ તે સંબંધો તારા વડે સચવાયા છે ? ક્યાંથી સચવાય, તે જ પદાર્થોને માટે જેવાં કે, જર, જમીન અને જોરૂ માટે ઘણો ઉત્પાત મચાવ્યો. તકરાર-કલેશ—કંકાસ કર્યો. તો આવી મોહની જાળમાં શા માટે પ્રયાસ કરી દુઃખી થાય છે. સંબંધો રીતસર સાચવવામાં ઘણી યોગ્યતા રાખવી પડે

છે. તે યોગ્યતા પ્રાપ્ત કરવામાં પણ કેટલી મહેનત કરી? દરેક સંબંધોની આસક્તિ જ્યારે મૂકાય છે ત્યારે સંબંધો સાચવવાની શક્તિ ઉત્પન્ન થાય છે. આવી તાકાત ઉત્પન્ન થયા વિના માતપિતા પુત્ર પરિવારમાં જે મુગ્ધ બને છે તે આત્મકલ્યાણ કરી શકતા નથી. મરતાં તે પરિવાર સાથે આવનાર નથી. અને પરિવાર માટે કરેલાં પાપસ્થાનકોના યોગે પાપબંધો થાય છે. માટે સમજી, પ્રથમ દુન્યવી પદાર્થોની મમતાનો ત્યાગ કર. એટલે મમતાનો ત્યાગ થતાં પરિવારમાં મુગ્ધ બનાશે નહિ. માટે ચિન્તામણિ. પારસમણિના સરખા અરે તેથી પણ અત્યંત લાભ આપનાર જૈન ધર્મને અજ્ઞાનતાના યોગે ફગાવી દે નહિ. અજ્ઞાનતાના યોગે જે અત્યંત લાભદાયક વસ્તુઓ પરખાતી નથી, અને લાભ લઇ શકાતો નથી. એક જમાઈની માફક-કોઈ ભીલ્લ વગડામાં સૂકા લાકડા કાપી શહેરમાં વેચી પોતાની તથા પરિવારની આજીવિકા ચલાવતો. એક દિવસ કુઠાર-કુઠારી લઈ જંગલમાં લાકડા કાપવા ગમન કરી રહેલો છે. પણ કુઠારીની ધારને બુઠ્ઠી થએલ દેખી તિક્ષ્ણ કરવા પથરાઓ શોધવા લાગ્યો. ચળકતા એક પથ્થરને દેખી કુઠારી ઘસવા લાગ્યો. તેવામાં તેણીની ધાર પીળી થઈ. સાથે કુહાડી પીળી થઈ. આ પથ્થર નહોતો પણ મુલ્યવાન્ પારસમણિ હતો. તેની અજ્ઞાનતાથી તેને ખબર પડી નહિ. કુહાડીની ધાર પણ નરમ પડેલ હોવાથી અફસોસ-ચિન્તા કરવા લાગ્યો કે આ કુહાડીથી લાકડા કપાશે નહિ. માટે લુહારની પાસે

જઈ ને બીજી કુહાડી લાવું, એમ વિચારી તે ચિન્તા કરતો લુહારની પાસે આવી કહેવા લાગ્યો કે કુઠારીને ઘસતા પીળી, અને નરમ થઈ તેથી લાકડા કપાશે નહિ. માટે બીજી આપ. લુહારે જાણ્યુ' કે પારસમણિ સિવાય લોઢાની કુહાડી સોનાની બને નહિ. આ કુહાડી તેના સ્પર્શે સોનાની બની છે. માટે તે પથ્થર પારસમણિ હોવો જોઈએ. આમ વિચારી લુહ.રે પેલા અજ્ઞાની ભીલ્લને કહ્યુ' કે તે પથ્થર દેખાડ ? પછી તને કુહાડી આપીશ. પૈસા પણ લઈશ નહિ. આ મુજબ ભિલ્લે જે સ્થલે પથ્થર પડ્યો હતો તે તેને દેખાડ્યો. તે પારસમણિને ઓળખી સાથે લઈને પોતાના ઘેર આવી ભિલ્લને બીજી સુંદર ધારવાળી કુહાડી આપી. ભિલ્લ રાજી રાજી થયો. અને લુહારને હર્ષના પાર રહ્યો નહિ. ભિલ્લ કુહાડી વડે લાકડા કાપવા લાગ્યો ત્યારે જાણકાર લુહાર લોઢાને પારસમણિના યોગે સોનું બનાવવા લાગ્યો. સુવર્ણ એટલું બધુ બનાવ્યું કે રાજા કરતાં અધિક વૈભવવાળો બન્યો. પોતાના ઘરમાં થાળી વાડકા–પ્યાલા વિગેરે વાસણો પણ સોનાના બનાવી વાપરવા લાગ્યો. તેમજ સાધન સંપન્ન બનેલ હોવાથી મોટા નરપતિની માફક વિષય વિલાસમાં મહાલવા લાગ્યો. પુત્રની અભિલાષા તો ઘણી હતી, પણ પુત્રને બદલે એક પુત્રી હતી. તેણીને લાડકોડથી મોટી કરી. મોટી થયા પછી આ પુત્રી ઘણી ચાલાક હોવાથી વિચાર કરવા લાગી. આ સઘળો વૈભવ–સાધન સામગ્રી પારસમણિના પ્રભાવે મળી આવી છે. માટે જ્યારે મારા પિતા મને પરણાવે ત્યારે મારા પતિ

દ્વારા પારસમણિની માગણી કરાવીશ, અને પિતા પણ પ્રેમે આપશે. આ મુજબ વિચારણા કરે છે. તેવામાં એક બલવાન અને રૂપાળા વર સાથે તેણીને પરણાવી. તેણીએ પોતાના પતિને કહ્યું કે મારા પિતા તમોને માગણી કરવાનું કહે ત્યારે પારસમણિની માગણી કરજો. આ સિવાય અન્ય વસ્તુની માગણી કરતા નહિ. પારસમણિના યોગે નૃપતિની સમાન સાહ્યબીવાળા આપણે થઈશું. તેના પતિએ જ્યારે તેના સસરા પાસે પારસમણિની માગણી કરી ત્યારે પુત્રીના પ્રેમથી તેને અર્પણ કર્યો. અને ઉદાર મનથી વિચાર કરવા લાગ્યો કે મારી પાસે સાત પેઢી સુધી ખૂટે નહિ તેવી સોનાના યોગે સાહ્યબી છે. ભલેને દીકરી અને જમાઈ મારા સરખા વૈભવવિલાસો વાળા બને. દીકરો થાય અને આ સઘળી સંપત્તિનો ભોગવટો કરે એમ કહી શકાય નહિ. દીકરી પણ દીકરા જેવી છે. આમ ધારણા કરી ખુશીથી પારસમણિ અર્પણ કર્યો હતો. પણ જ્યારે જમાઇના હાથમાં પારસમણિ આવ્યો ત્યારે અજ્ઞાની જડ જેવા તેણે આ પથ્થર શું આપશે. મારી સ્રીએ મને આ સિવાય અન્ય વસ્તુઓ માગવામાં છેતર્યો. અને આ પથ્થરની માગણી કરાવી. અને પિતા ઉપર ઘણો પ્રેમ હોવાથી બીજી સુંદર વસ્તુની માગણી કરાવી નહિ. આ મુજબ વિચાર કરી રહેલો છે. તેવામાં જાનને વળાવી લુહાર સ્વગૃહે આવ્યો. જાનની સાથે આ વરવહુ માફામાં બેસી પોતાના વતન તરફ વળે છે. તેવામાં ભાતુ ખાવા જાને પડાવ નાંખ્યો. દંપતિ પણ ભાતુ ખાવા બેઠા.

સામે સરોવર ઘણું ગંભીર ને ઉંડુ હતું. ભાતુ ખાતા તેણીનો પતિ ઠપકો આપે છે. આ પથ્થરની જ માગણી તેં કરાવી. આ સિવાય અન્ય વસ્તુઓ ઘણી કીંમતી હતી તેની માગણી કરાવી નહિ તે ઠીક કર્યું નહિ. આ પથ્થરથી શો લાભ થવાનો ? આમ કહીને અજ્ઞાનતાના યોગે તે પારસમણિને પથ્થર માની સરોવરમાં ફગાવી દીધો. તેની પત્ની ઘણો વલોપાત કરવા લાગી અને વિચાર કરવા લાગી. પતિ બલવાન્ અને રૂપવાન્ છે છતાં જડ જેવા લાગે છે. મારા પિતાએ પ્રેમથી પારસમણિ આપ્યો પણ તેમણે ફગાવી દીધો. હવે બીજીવાર ક્યાંથી મળે ?

આ પ્રમાણે દેવદુર્લભ મનુષ્યભવમાં ચિન્તામણિ અગર પારસમણિ સમાન જૈનધર્મ તમોને મળ્યો છે. તેને અજ્ઞાનતા યોગે, અહંકાર–અભિમાન–માયા મમતામાં વૃથા ગુમાવો નહિ. સરોવરમાં લુહારના જમાઈએ ફેંકી દીધેલ પારસમણિને શોધનારને કદાચિત્ હાથ લાગે પણ મનુષ્યભવમાં પારસમણિ કરતાં અચિન્ત્ય સંપત્તિ–સાહ્યબીને આપનાર જૈનધર્મને બરોબર ઓળખાણ કર્યા સિવાય જેમતેમ એટલે સાંસારિક સુખ માં ફગાવી દેશો તો અનંતભવ સુધી પણ હાથમાં આવશે નહિ. જૈનધર્મની રીતસર આરાધના કર્યા વિના સાચી સાહ્યબી તમે જે જંખી રહ્યા છો, તે મળવી અશક્ય છે. માટે જૈન ધર્મરૂપી પારસમણિ તમોને જે મળ્યો છે તેની માયા મમતાનો ત્યાગ કરવા પૂર્વક સારી રીતે આરાધના કરો. જે શરીરને મજબૂત બનાવવા ખાતર અનેક અભક્ષ્ય અનંત-

કાયને વાપરી ખુશી થાઓ છો. તેમજ તૈલાદિકથી માલીશ કરી, પુષ્ટ બનાવો છો. તે કાયા–દેહ કાચા કુંભની સરખી છે. અસાધ્ય વ્યાધિ લાગતાં નાશ પામતા વિલંબ થશે નહિ. નાશ પામતી કાયાને માટે દવા–ઔષધમાં લાખો રૂપિયાનો વ્યય કરશો તો પણ એક ક્ષણ માત્ર પણ ટકી શકશે નહિ. આયુષ્ય ખતમ થતાં ક્ષણ માત્ર પણ જીવી શકાતું નથી જ. કારણ કે આયુષ્યને તુટવાના ઘણા નિમિત્તો છે. સંક્ષેપમાં શાસ્ત્રકારોએ સાત દર્શાવેલ છે. પણ વધારાનો એક પણ ઉપાય નથી. જ્યારે આયુષ્યનો નાશ થએ છતે કાયા પણ નાશ પામવાની જ. જેવી સંધ્યાની વાદળી અગર સંધ્યા મનોહર લાગે છે. દેખતા આલ્હાદક છે. છતાં તે નાશ પામે છે અને અંધકાર છવાઇ જાય છે. તેમ કાયાની પણ આવી જ સ્થિતિ છે. આયુષ્ય નાશ પામ્યા પછી કોઇક, પડી રહેલ કાયાને જમીનમાં દાટે છે અને ઉપર દરગાહ બનાવે છે. કોઇક વળી કાયાને દાટી તેના ઉપર દેવલ બનાવે છે. કોઇક વળી ચિતામાં સુવાડી અગ્નિ દ્વારા ભસ્મીભૂત કરે છે. આવી હાલત છેવટે બને છે. માટે તે કાયાના પોષણ ખાતર કોણ દુઃખદાયક ભયંકર પાપ કરે? જેને દુર્ગતિના ભાજન થવું હોય તે જ કરે. એટલું જ સાચું અને સુંદર કહી શકાય કે, કાયાની સંભાળ રાખવા સાથે ધર્મની આરાધના કરીને પાપ આવતાં બંધ થાય અને પુણ્યનો બંધ અગર કર્મ-નિર્જરા થય તે માટે કાયાની સંભાળ રાખવી પડે છે. તે રાખવી. કારણ દેહના આધારે ધાર્મિક કાર્યો બની શકે છે.

અશક્ત બનતાં રીતસર બની શકતા નથી. એટલે ધર્મની આરાધના કરવા માટે સાત્વિક વસ્તુઓથી દેહની સંભાળ રાખવી પડે. અન્યથા તો દેહને પુષ્ટ કરવાની જરૂર નથી. જેમતેમ રાજસિક અને તામસિક વસ્તુઓ વાપરવામાં આવે તો માનસિક વૃત્તિઓ વશમાં રહેશે નહિ. અને કાયાની પ્રવૃત્તિઓને ઉન્માર્ગગામી બનાવશે. માટે કાયાની સંભાળ અગર પોષણ આત્માની ઉન્નતિ માટે જ કરવી જોઈએ કે જેથી મોક્ષપદ–પરમપદ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી સર્વ પ્રકારે શાંતિ રહે. અનુકુલતાએ જીવન પસાર થાય. નહિતર અધર્મના યોગે ભવોભવ દુઃખની વિડંબનાની પરંપરા વધારી દુઃખી દુઃખી થવાનું જ. યાતના સંકટ વગેરે જે દ્વારા વધે તેવા સાધનો અગર કાયાથી શો લાભ મળવાનો ? માટે સંવેગ–વૈરાગ્યમાં માનસિક વૃત્તિઓને વાળી, આત્મવિકાસને સાધો કે જેથી ચિકણાં કર્મો દૂર ખસે અને સત્ય શાંતિ હાજર થાય. હાટ માંડવું હોય તો એવું હાટ માંડજો કે શિવપુરની વાટ દેખાડે. પણ દુર્ગતિની વાટ દેખાડે એવી દુકાન માંડશો નહિ. પૈસાઓ પેદા કરવા હોય તો પુણ્યવાટ હસ્તગત થાય તેવું હાટ માંડશો. અન્યથા તે પૈસાઓ પાપ-બંધની વાટ–માર્ગ દેખાડશે. કાયા દ્વારા તે યોગે દરેક વ્યવહારના કાર્યોમાં એવી વાટ લેશો કે, પાપ ઓછું થાય અને પુણ્યની વાટમાં પ્રેમ વધે. એવો માર્ગ–રસ્તો લેજો કે જેથી પરંપરાએ આધિ–વ્યાધિ અને ઉપાધિની વિડંબના ભાગતી જાય. અને સુખશાંતિને આવવાનો અવકાશ મળે.

એક શેઠની માફક—એક વાણીઆએ ઘીનું હાટ માંડયું છે. રબારણોને છેતરી વધારે ઘી લે છે. અને ઘી પ્રમાણે પૈસા આપતો નથી. એક દિવસ ભોળી રબારણની પાસેથી પાંચ શેર ઘી લીધું. અને ચાર શેર ઘીના રૂપિયા આપ્યા. ભોળીને ખબર પડી નહિ તેથી ચારશેરના રૂપિયા લઈ પોતાના ઘેર ગઈ. વણિકે જે શેર ઘી રબારણને છેતરી લીધું હતું તે પોતાના ઘેર મોકલી અને કહેવરાવ્યું કે આજે શેર ઘીના ઘેબર કરજો. મારે ઘેબર ખાવાની ઘણી અભિલાષા છે. દુકાનેથી આવેલા ઘીના તેની સ્ત્રીએ ઘેબર બનાવી તૈયાર રાખ્યા. અને જ્યારે ઘેર આવશે ત્યારે તેને જમાડીશું. આમ વિચાર કરી રહી છે. તેટલામાં તેનો જમાઈ આવ્યો અને કહ્યું કે જે તૈયાર હોય તે જમવા માટે આપો. મારે અગત્યનું કામ હોવાથી જલ્દી જવું છે. આ મુજબ સાંભળી બીજી રસોઈ બનેલ નહિ હોવાથી જે ઘેબર તૈયાર હતા તે જમાડયા. જમાઈ તો સઘળા જમીને ચાલ્યો ગયો. હાટે બેઠેલ વણિક ભાવના ભાવે છે કે આજે ઘેબર જમવામાં મજા પડશે. દરરોજ સાદી રસવતી જમવામાં આવતી હતી. તેમાં મજા પડતી નહોતી. આમ વિચારી ભાઈસાહેબ સ્વઘરમાં આવ્યા. ન્હાવાનું પણ ભૂલી ઘેબરની માગણી કરવા લાગ્યા. સ્ત્રીએ કહ્યું કે ઉતાવળા થાઓ નહિ. સ્નાન તો કરો. તેટલામાં રોટલા—રોટલી બનાવી જમાડું. કેમકે મોકલેલા ઘીના ઘેબર બનાવી તમારે માટે તૈયાર રાખેલ હતા. તેટલામાં જમાઈ આવીને કહેવા લાગ્યો કે જે તૈયાર હોય તે જમવા માટે

આપો. બીજી રસોઈ તૈયાર હતી નહિ અને જલ્દી જવાની ઉતાવળ કરતો હોવાથી સઘળાએ તૈયાર કરેલ ઘેબરને જમીને ચાલ્યો ગયો. તેને જો ન જમાડીએ તો ખોટું દેખાય. આ મુજબ સાંભળી વણિક વિચાર કરવા લાગ્યો કે પેલી રબા-રણને ઠગીને શેર ઘી વધારે લીધુ અને તેના બનાવેલ ઘેબર જમાઇ જમી ગયો. તેણીને છેતરી પાપ મેં કર્યું અને દુર્ગતિની વાટ લીધી. આ મુજબ ખાનાર ખાઇ જાય છે અને પાપના વિપાકો--દુઃખો મારે ભોગવવા પડશે. માટે ચેતન કાંઇ સમજણના ઘરમાં આવ.

આમ વિચારી દગા પ્રપંચ-છેતરપંડીનો ત્યાગ કરી, નીતિ, ન્યાય, પ્રમાણિતા પ્રમાણે વર્તવા લાગ્યો. અનુક્રમે જ્ઞાની મુનિવરના ઉપદેશથી ધર્મની દુકાન-હાટ માંડી અને શિવપુરની વાટ લીધી. અને આ લોકમાં અને પરલોકમાં સુખી થયો. સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે સાંસારિક સુખની ખાતર હાટ માંડીને દગા-ફટકા-પ્રપંચ કરી જે મેળવશો તે બીજા ખાઇ જશે અને પેટ ભરીને માર તમારે ખાવો પડશે. માટે આવા હાટનો ત્યાગ કરી શિવપુરની વાટ દેખાડે તેવું હાટ માંડો. તેથી કોઇ ભવમાં માર ખાવો પડશે નહિ. માટે વૈરાગ્યે મનને વાળી મોક્ષમાર્ગની વાટ લો. આ મુજબ છઠ્ઠા પદમાં ઉપદેશ આપી સાતમા પદનો આરંભ કરે છે.

**કોઈ એક ભુમીયાંને ભાવેરે આંબો અમર છેજી. એ રાગ,**

**અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર તારૂં, ઉપદેશ વૃષ્ટિધાર આત્મ,**

હાં રે વીરા આજનો દિન રળીયાત. હેજી.
અસંખ્ય પ્ર૦ ॥૧॥
ક્રિયાની કરી કોદાળીને, વિવેક બાંધો પાળ આત્મ,
હાં રે વીરા અલખનાં બીજ વવરાવ. હેજી.
અસંખ્ય પ્ર૦ ॥૨॥
વાડ કરો સમકિતની ત્યાં, સદ્ગુરૂ ટોયો મેલ આત્મ,
હાં રે વીરા ! નગુરા પંખી ઉડાડ હેજી.
અસંખ્ય પ્ર૦ ॥૩॥
અનુભવ રસની વૃષ્ટિ થાતાં, પાકી ખેતી પૂર આત્મ,
હાં રે વીરા ! સઘળી ફળી તબઆશ, હેજી.
અસંખ્ય પ્રદેશી૦ ॥૪॥
આત્મ ધર્મનો ખેતી પાકી, ભાગી ભવની ભૂખ આત્મ,
હાં રે વીરા ! ચુકવ્યાં દેવાં તેણીવાર હેજી.
અસંખ્ય પ્રદેશી૦ ॥૫॥
આપ સ્વભાવે થઈગયો ત્યાં, જીવ તે શિવસ્વરૂપ આત્મ,
હાં રે વીરા, બુદ્ધિસાગર ગુણ ગાય હેજી.
અસંખ્ય પ્રદેશી૦ ॥૬॥

સદ્ગુરુ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ખેતર ખેડનારાઓને ઉપદેશ આપતા ફરમાવે છે કે, અરે ભાઈઓ ખેતરો ઘણી વખત, દરેક વર્ષોમાં વારંવાર ખેડી ધાન્ય ઉત્પન્ન કર્યું. અને દેહગેહાદિનું પોષણ કર્યું. પણ એક

ક્ષેત્ર ખેડવાનું બાકી રહ્યું છે. જો તે ખેતરને ખેડશો તો ભવોભવની ભૂખ ભાગશે. સાંસારિક ક્ષેત્રોને ખેડી, અનાજ પકવ્યું, અને દેહગેહાદિ પરિવાર વિગેરેનું પોષણ કર્યું, છતાં ભવોભવની ભાવટ-ભૂખ ભાગી નહિ. ભૂખ્યા અને તરસ્યા રહ્યા. તેમજ યાચના, દીનતા, અને હીનતા નષ્ટ થઈ નહિ. હવે ભવોભવની ભૂખ ભાગવી હોય તો આત્મિક ક્ષેત્રને ઓળખો. અને આ ક્ષેત્રને ખેડી ભવોભવની ભાવટ-ભૂખ ભાગે તેવું ધાન્ય પકાવશો તો ધન્ય બનશો. ભૂખ-તરસ્યા-યાચના-દીનતાદિ દૂર ખસશે. માટે અરે ભાગ્યશાલીઓ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર તારૂ જ છે. અન્ય ક્ષેત્રોને તું મારા માને છે, અને તે ક્ષેત્રો ખાતર કોઈ કોઈ વેલાએ લડાઈ -કંકાસ-ઝગડાઓ કરે છે. તથા કોર્ટે પૈસાઓ ખરચી પાયમાલ બને છે. તે ક્ષેત્રો તારા નથી જ. જો તારા હોય તો પરભવમાં સાથે આવવા જોઈએ. પરંતુ સાથે એક ઈંચ -તસુ ક્ષેત્રની જમીન આવતી નથી. તે તો તમો જાણો છો કે, તમારા જોડીઆ-સંબંધીઓ કે મિત્રો, પોતાની સઘળી જમીન ક્ષેત્રો મૂકી ગયા. અને સાથે તસુ માત્ર પણ લઈ ગયા નથી. તો તારી સાથે શું તે આવશે ? નહિ જ આવે. તે તમોને અનુભવ છે. માટે અસંખ્ય પ્રદેશીક્ષેત્ર સિવાય અન્યક્ષેત્રો માટે લડાઈ, તકરાર કરો નહિ. કરશો તો માયા, મમતા તમોને મીઠો માર મારી, એવી કારમી કતલ કરશે કે ભવોભવ તે માર કે કતલ બરોબર સાલશે. ભયંકર વિપત્તિ, વિડંબનાઓમાં ફસાવશે. માટે સદ્ગુરુની

પાસે જા, અસંખ્ય પ્રદેશી આત્મક્ષેત્રને ઓળખ. અન્યક્ષેત્રોના ખેડાણમાં ખરેખરૂ સાચુ સુખ આપનાર ખેતરને ભૂલી જવાયું છે. તેની સામે નજર સરખી પણ કરી નથી. માટે સદ્ગુરુની પાસે જા. એકાગ્રતાએ જે ઉપદેશ આપે તે સાંભળ.

આત્મિકક્ષેત્રમાં અનાદિકાલથી માયા, મમતાના યોગે વિષય કષાયોના વિચારો અને વિકારોરૂપ ભંઠ, ગોખરૂ, અને નકામા જાળા વળગ્યા છે. તેને કાઢયા સિવાય ખેડાણ થવું અશકય છે. જ્યારે તે ભંઠો વિગેરેને કાઢવાનો પ્રયાસ કરશો ત્યારે જ ખેડાણ બની શકશે. માટે પ્રથમ ખેડાણ કર્યા પહેલાં તેવા વિચાર, વિકારોને દૂર કરો. આમ સદ્ગુરુ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે. આમ ઉપદેશરૂપી વાણીની વૃષ્ટિને ચિત્તમાં ધારણ કરો. અરે વીરાઓ ? તમોએ ઉપદેશરૂપી વાણીને હૈયામાં રીતસર ધારણ કરી તેથી આજનો દિવસ રળીઆમણો છે. આનંદ ઉપજાવનાર છે. હવે ખેતરનું ખેડાણ કરવા ક્રિયાઓરૂપી કોદાળી લઈ, વિષય કષાયોના ઝાંખરાઓને દૂર કરો. તેથી રીતસર ખેડાણ થશે. ખેડાણ થયા પછી હૈયામાં જે ઉપદેશરૂપી પાણીની વૃષ્ટિ ધારી રાખી છે, તે વૃષ્ટિને રીતસર નીક કરીને અસંખ્ય પ્રદેશી ખેતરમાં લઈ જાઓ. અને જે નીક કરી છે તે તૂટી જાય નહિ તે માટે વિવેકની પાળ બાંધો. તેથી ઉપદેશની વૃષ્ટિ વૃથા બહાર જશે નહિ. ખેતરમાં બરોબર પરિણામ પામશે એટલે, પેલા વિકારોરૂપી ઝાંખરા નરમ પડશે અને નરમ પડયા પછી

તેઓને દૂર કરવાની સુગમતા અને સરલતા થશે. તે દૂર થયા પછી અલખના બીજ વાવજો. અલખ એટલે નજરે દેખાય નહિ, મન, વચનથી પણ જાણી શકાય નહિ. એવા સાકારી કે નિરાકારી અરિહંત કે સિદ્ધો છે. તેઓના ગુણોને ગ્રહણ કરવા ॥ नमो अरिहताणं, नमो सिद्धाणं ॥ વિગેરે પરમેષ્ઠિના નામરૂપ બીજને વારંવાર વાવો. એટલે તે બીજના જોરે વિષયકષાયના ભંઠો, ગોખરૂ, અને ઝાંખરાઓ ઉગશે નહિ. કદાચ ઉગે તો ખ્યાલ રાખી દૂર કરવા કોશીશ કરવા ખામી રાખશો નહિ. અને વાડ, સમ્યકત્વ–સમકિતની કરજો કે, જેથી અદેખાઈ, નિન્દા, તિરસ્કાર વિગેરે પશુઓ તથા પંખીઓ આવી બગાડે નહિ. માટે ખાસ વાડની જરૂર રહેવાની જ. વાડ વિના અને પાળ વિના વાવેલા બીજનું રક્ષણ થઈ શકે નહિ. કારણ કે પશુઓ અને પંખીઓનો એવા સ્વભાવ છે કે લાગ મળતાં ખેતરમાં પેસી ખાવા માંડે. આમાં શંકા કરવા જેવી નથી. શંકા કરશો તો ધાર્યા મુજબ લાભ લઈ શકાશે નહિ.

એક પટેલની માફક—એક પટેલની પાસે ઘણા ખેતર હતા. પરંતુ તે શંકાતુર બની એકપણ ક્ષેત્ર ખેડી શકતો નહિ. કદાચિત્ ખેડવા તૈયાર થાય તેટલામાં કોઈ આવી, એવું મગજમાં ભુસુ ભરાવે કે, અલ્યા ? ખેતર ખેડીને બીજ વાવીશ તો પણ મોલ પાકશે નહિ. કરેલી મનગમતી મહેનત ફોગટ જશે. કારણ કે જમીનની અંદર ખાર છે. તેમજ ઉધેઇનો પાર નથી. આ મુજબ સાંભળી બીજા

ખેતરને ખેડવાની તૈયારી કરે છે. તે અરસામાં પોતે શંકા ધારણ કરવા લાગ્યો કે પ્રથમના ક્ષેત્રની માફક આ ક્ષેત્રમાં ખાર તથા ઉધેઈ હશે તો પાકશે નહિ. આ મુજબ સ્વયં શંકાતુર હોવાથી એકેય ખેતર ખેડી શક્યો નહિ. તેને કહેનારા પણ એવા મલ્યા કે પટેલ શંકાતુર બને. તેથી એકેય ખેતરના ખેડાણના અભાવે અનાજ પાકયું નહિ. તેથી પોતે તથા પરિવાર ઘણા દુઃખી થયા. આ મુજબ અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં ખેતી કરવાને તૈયાર થએલને એવા એવા આવી મલે છે. અને વિવિધ શંકાઓ કરાવીને તૈયાર થએલ ભાગ્યશાલીને હતાશ બનાવે છે. શંકાઓ, મનુષ્યોને હતાશ બનાવી વ્યાવહારિક કાર્યો તથા ધાર્મિક કાર્યો રીતસર કરવા દેતી નથી. ને તેઓને ભવોભવ વિડંબનાઓ ઘેરી લે છે. માટે સમ્યગ્ જ્ઞાનીના વચનમાં, ઉપદેશમાં, શંકા લાવવી જોઇએ નહિ. સમ્યગ્ જ્ઞાની તમોને પીડાજનક–શોક સંતાપ વિગેરે ઉત્પન્ન થાય તેવો ઉપદેશ કદાપિ દેતા નથી. એ તો નિઃકારણ. એટલે કારણ વિના, સ્વાર્થ વિના, જીવાત્માનું કલ્યાણ થાય તેવો ઉપદેશ સદાય આપતા રહે છે. શંકા–કાંક્ષા વિગેરેનો ત્યાગ કરી તેમના ઉપદેશ મુજબ વર્તવામાં આવે તો આ લોકમાં પણ આધિ, ઉપાધિ, વ્યાધિ, ટળે. માટે સદ્ગુરુ કહે છે કે આત્મામાં રહેલા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, વિગેરેરૂપી જે ઝાંખરાઓ ઉગ્યા છે; તેઓનો ત્યાગ કરી સદ્ગુરુની વાણીની વૃષ્ટિનું તે ખેતરમાં સિંચન કરો. ખેડાણ કરવાપૂર્વક સમકિતનું બીજ વાવી,

વિવેકની વાડ કરો. તેથી જ દિવસ રળીઆમણો બનશે. નકામો વૃથા જશે નહિ. હવે આત્મક્ષેત્રનું ખેડાણ કરી, ઉપદેશ વૃષ્ટિ ધારણ કરીને બીજને વાવ્યું. તથા વિવેકની પાળ બાંધી. અને અલખના બીજ જે વાવ્યા છે તેથી સઘળી સાધન સામગ્રી મળતાં મોલ ઉગવાની તૈયારીમાં છે. પણ નગુરુરા પંખીઓ એટલે જેઓને અસંખ્ય પ્રદેશી આત્મામાં શ્રદ્ધા નથી, અને સદ્ગુરુનો ઉપદેશ સાંભળવાની જેને રૂચિ નથી, એવા ગુરુ વિનાના પંખીઓને ઉડાવવા માટે તું તૈયાર થજે, અગર સદ્ગુરુને ટોયા તરીકે સ્થાપન કરજે. એટલે સદ્ગુરુ ને આત્મજ્ઞાની, સૂરિમહારાજની ટકોર અગર કર્કશ વચનોનો સ્વીકાર કરી જે આત્મવિકાસ રૂપી મોલ તૈયાર થએલ છે તેનું રક્ષણ કરજે. પ્રમાદ આળસ પણ કરતા નહિ. તેમજ શ્રદ્ધા વિનાના માણસોની સોબત અગર તેની સાથે વાતચિત પણ કરતા નહિ. જો ટોયારૂપી સદ્ગુરુની ટકોરને હૈયામાં સ્થાપન કરશો તો નગુરુરા પંખીઓ ઉડી-ઉડી જશે. અન્યથા તો જે વિકાસ સધાયો છે તેમાં આવરણ આવશે. પ્રમાદ-આળસને આવવાનો અવકાશ મળશે. માટે ટોયાની તેમજ ટકોરની પણ ઘણી જરૂર છે. કારણ કે અનાદિકાલના સંસ્કારો હોવાથી આત્મ-ક્ષેત્રને ખેડવામાં જીવ પ્રમાદી-આળસુ બન્યો છે. નિન્દા-વિકથા વિગેરે વહાલા લાગેલા છે.

આવા ઝાંખરા હોવાથી બરોબર ખેડાણ પણ થઈ શકતું નથી. સારો માલ તૈયાર કરવામાં અગર સુંદર ફલ

પ્રાપ્ત કરવામાં આળસનો ત્યાગ કરી તેના સાધનો જરૂર મેળવવા જોઈએ. તો જ મોલ તથા ફલ હાથમાં આવે છે. અન્ય નગુરાના કહેવાથી ખેતીને બગાડી નાંખવામાં આવે અગર મધુરા ફલના વૃક્ષને ઉખેડી નાંખવામાં આવે તો જીવન બરબાદ થાય. જીદંગાની દુઃખજનક નીવડે. " એક રાજાની માફક—એક રાજાની પાસે એક મુસાફરે આધિ–વ્યાધિને હઠાવનાર આમ્રફલ ભેટ તરીકે મૂક્યું. આ ફલનો એવો મહિમા–પ્રભાવ છે કે વ્યાધિ હેય તે હઠાવે અને યુવાવસ્થા જેવી તાકાત આપે. અશક્તને શક્તિમાન બનાવે. આ પ્રમાણે સુખદાયક ફલનો પ્રભાવ દર્શાવેલ હોવાથી રાજા પ્રસન્ન થયો. અને રીતસર, સત્કાર સન્માનાદિ પૂર્વક જવાની આજ્ઞા આપી. રાજાએ તે ફલનો આસ્વાદ કરીને બરોબર અનુભવ લીધો. અને અતિ હર્ષાતુર બની ફલના વખાણ કરવા પૂર્વક મુસાફરની પ્રશંસા કરી. તે આંબાના ફલના ગોટલાને પોતાના બાગમાં માળી પાસે રોપાવ્યો. કેટલાક વર્ષો વિત્યા પછી આંબે મહોર–મંજરીઓ આવી. અને સમય આવી લાગતાં સુંદર ફલોનો પ્રગટ ભાવ થયો. તેવામાં સમળી, સાપને પુંછડે પકડીને ગમન–ઉડી રહી છે, તેથી સાપના મુખમાંથી વિષ, એક, બે કેરીઓ ઉપર પડ્યું. તે કેરીઓ વિષમય બની. અને જલ્દી પકવ બની જમીન પર પડી. માલીએ બે સાખો પડી છે એમ માની મહારાજાને ભેટ તરીકે મૂકી. તે કેરીઓ પોતે ન ખાતાં નોકરોને ખવરાવી. તે કેરીઓ વિષમય હોવાથી તે નોકરો કેરી ખાઇને મરણ પ્રાયઃ

બન્યા. તેથી રાજાને અફસોસ થયો. એટલામાં કેટલાક નગુરા માણસો આવી કહેવા લાગ્યા. હે નૃપતિ! આંબાના સઘળા ફલો વિષમય છે. માટે તેનો મૂલમાંથી નાશ કરો. અન્યથા અજ્ઞાત માણસો ખાઇને મરણ પામશે. તેની વિષમયતા તમોએ નજરે દેખી. રાજાએ નગુરા અજ્ઞાનીઓનું કહ્યું માની, તે આંબાને મૂલમાથી નષ્ટ કરાવ્યો. પણ બરોબર વિચારી તપાસ કરી હોત તો તે આંબાને નાશ કરવાનો અનિષ્ટ પ્રસંગ આવત નહિ. કરણ કે તે બે કેરીઓ સાપનું વિષ પડેલ હોવાથી ખરાબ, વિષ મિશ્રિત બનેલ હતી. આ સિવાયની કેરીઓ પ્રભાવવાળી હતી. પરંતુ એવાઓના કથનમાં વિશ્વાસ ધારણ કર્યો. તેથી તે લાભથી રાજા વંચિત રહ્યો. ત્યારપછી જે વ્યાધિવાળા હતા તે અન્ય કેરીઓ ખાઈ વ્યાધિ રહિત બન્યા. તથા અશક્તો હતા તે શક્તિમાન્ બન્યા. અને આનંદથી સ્વજીવન પસાર કર્યું. નગુરા—અજ્ઞાનીઓની સોબત કરત. નહિ. એટલે નગુરા પંખીઓને ઉડાડજો. નહિતર જે મોલ ઉત્પન્ન થએલ છે, જે આત્મોન્નતિ સાધી છે, તે નાશ પામશે. અને રાજાની માફક લાભ મળશે નહિ. અને કરેલી મહેનત બરબાદ જશે. હવે અલખના બીજ વાવી, સમકિતની વાડ કરી તથા પાણી બહાર જાય નહિ તે માટે નીક કરી, વિવેકની પાળ બાંધી. નગુરા—ખરાબ પંખીઓને તથા પશુઓને ઉડાડી પેસવા દીધા નહિ. તેથી ખેતી બરોબર પાકી. મોલ ધાર્યા કરતાં પણ સારો અને સરસ હાથમાં આવ્યો. આ મુજબ આત્માની ખેતી કરનાર,

અલખના બીજ વાવી, સમકિતની પાળ બાંધી, વિવેકની વાડ કરી, નગુરાની સોબતનો ત્યાગ કરે તો આત્મોન્નતિ કરવા રીતસર સમર્થ બને. આ સિવાય તેં ઘણીવાર ખેતી કરી. તેમજ અનાજ ઉત્પન્ન કર્યું. પણ આશા, તૃષ્ણા અને તેની પરંપરા ટળી નહિ. માટે આત્મધર્મની પણ ખેતી કરવા ભૂલશો નહિ. જે મહાભાગ્યશાલીએ આત્મિક ધર્મની ખેતી કરી કર્મના દેવા ચુકવ્યા છે, કર્મ મેલને સર્વથા દૂર કરેલ છે, તેની સર્વ ઇચ્છા પૂર્ણતાને પામી છે. અને આશાઓ ફલીભૂત બની છે. જ્યારે સર્વથા–સર્વદા કર્મનો મેલ ખસે છે ત્યારે આત્મા પરમાત્મા બને છે. વિભાવદશાનો ત્યાગ કરવા પૂર્વક સ્વભાવે અનંતસુખમાં ઝીલે છે. અનંતસુખના સ્વામીઓ જે પાંચમે અનંતે રહેલા છે. તેના ગુણો સદ્દગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી અહોનિશ ગાય છે. અને અલખના બીજ વાવી, સમકિતની વાડ કરવા પૂર્વક, નગુરા પંખીઓને ઉડાડી આત્મધર્મની ખેતી કરવા દરરોજ લાગણી–તત્પરતા રાખે છે. તે પ્રમાણે તમો પણ આત્મધર્મની ખેતી કરો.

તમો પણ પરમાત્મ સ્વરૂપે બનશો. અને અનંત સુખમાં ઝીલશો. હવે સાંસારિક રાગ દ્વેષ અને મોહમાયામાં બદ્ધ બનેલ મનુષ્યોને આત્મ સ્વરૂપનું ભાન થવું દુષ્કર છે. અને દુન્યવી પદાર્થોમાં જ સુખ માની બેઠેલાઓને વિડંબનાઓનો પાર નથી. તે વિડંબનાઓને દૂર હઠાવવા અને સાચા સુખનો આસ્વાદ કરાવવા માટે સદ્દગુરૂ સૂરીશ્વર આઠમા પદની

રચના કરતાં ઉપદેશ દે છે.

॥ કોઈ એક ભુમોયાને ભાવેરે આંબો અમર છે જી. ॥
કોઇ એક યોગિયો વિચારે રે, આત્મ અમર છે રેજી;
જરા વિચારી દેહ નગરીમાં જુઓ ત્યારે;
અનુભવ આત્મ જડશે રેજી.
અસંખ્ય પ્રદેશી તખતે બેઠો,
જ્ઞાનીજન હાથમાં હિચડશે રે. આત્મ૦ ॥૧॥

કાયા મનવાણી થકી જુદો પાડી ધરો ધ્યાન,
ધ્યાન સદા સુખવાસીરે હેજી,
ગંગા યમુના તીર્થ સરસ્વતી, અન્તર પ્રગટે કાશી રે.
આત્મ૦ ॥૨॥

દિલ દરિયામાં જુવો અમર દીવો છે ભાઇ,
કબહુ ન કાળે ઓલવાયે રે હેજી;
તીન ભુવન જસ અંદર ભાસે,
તેહિ તું અલખ લખાયો રે. આત્મ૦ ॥૩॥

નહિ નામ રૂપ જેનાં જ્યોતિરૂપ તે તો સહિ,
નિજમાં નિજ પરખાયો રે હેજી;
નિર્ભય દેશી શુદ્ધ પ્રદેશી, જ્ઞાનીજન સોહિ બતલાયોરે.
આત્મ૦ ॥૪॥

ધરી ધ્યાન એક તાન લહી નિજ ઘર ભાન,

**સો હિ ગુરૂને સો હિ ચેલારે હેજી,**
**બુદ્ધિસાગર તું નિજઘર રમજે, સમજે તેની છે આ વેળા.**
**આત્મ૦ ॥૫॥**

ગુરૂદેવ કરૂણા લાવી, બાહ્યાત્માને પ્રતિબોધે છે કે, અરે માનવગણ, કેટલાક યોગીઓ એમ વિચારે છે કે, આત્મા અમર છે. કેવી રીતે? તે યોગીઓએ સંસારના સ્વરૂપને રીતસર જાણ્યું, તેમાં કાંઈ લાભ દેખ્યો નહિ. તેથી જ જેમ-જેમ સાંસારિક સુખની સામગ્રી મળી, તેમ તેમ તેની રક્ષણ કરવાની ચિન્તા પાછળ દોડતી આવી. અને જ્યારે સામગ્રી ધાર્યા મુજબ મળી નહિ ત્યારે પણ ચિન્તાઓ હૈયાને બાળતી હતી. મળેલી સુખ સામગ્રીમાંથી કોઈ ભાગ માગે ત્યારે તો ક્રોધાતુર બની યુદ્ધ કરવા પણ તૈયાર થવાય છે. સાધનો મળી આવે ત્યારે હર્ષનો પાર રહેતો નથી. એવો હર્ષ થાય કે હયાને પણ ધક્કો લાગે. જ્યારે વિયોગ થાય ત્યારે કપાલે હાથ મુકીને વિવિધ વિલાપો થાય છે. વળી અનુકુલ સાધન સામગ્રી મળી ત્યારે તેના ભોગવટામાં શારીરિક શક્તિ ઓછી થાય છે કે વધે છે? તેમજ મોહમાયા મમતામાં પ્રતિબદ્ધ બનાય છે કે, સ્વાધીનતા મળે છે. પુણ્ય ખવાય છે કે વધે છે, તેનું ભાન પણ રહેતું નથી. સ્વાદમાં અને સ્વાર્થમાં મુગ્ધ–લુબ્ધ બનાય છે. કોઈ સ્વજન વર્ગ સાથે હૃદયથી સંબંધ રહેતો નથી. સીદાતાસ્વામી બંધુઓ તરફ નજર પણ પડતી નથી. આ સઘળી અમોએ મેળવેલી સામગ્રી મારી જ છે. બીજાઓની નથી. અને જો કોઈ પ્રતિકુલ

કારણવશાત્ માગણી કરવા આવે તો ધૂત્કારી કાઢી મૂકું. આવા આવા જુદા વિચારો, ઉચ્ચારો અને આચારો થતાં હોવાથી આત્માનો ઉદ્ધાર ક્યાંથી થાય ? થાય નહિ જ. અને જે યોગીઓને આત્માનો ઉદ્ધાર કરવા ખરેખર તમન્ના જાગી છે. આ મુજબ વિચારી તે યોગીઓ વિચારે છે કે આમાં, આ પદાર્થોમાં, આ સંયોગોમાં કઈ વસ્તુ અમર છે ? નિત્યસ્થાયી રહેનાર છે ! આવા વિચારના યોગે દુન્યવી પદાર્થોની, નિમિત્તો અને અનુકુલ સંયોગોની પણ ક્ષણ ભંગુરતા જાણી, તે પદાર્થો તરફની માયા મમતાનો ત્યાગ કરવા પૂર્વક, અમર–નિત્યશાશ્વતો આત્મા, તે પદાર્થો જોવા તત્પર થાય. દરરોજ નિરીક્ષણ કરતાં પોતાનો આત્મા અમર છે. એમ ખ્યાલ આવ્યો. તેથી નશ્વર પદાર્થોની આસક્તિને છંડી, નિત્ય આત્માની, આત્મસ્વરૂપની સંભાળ લેવા લાગ્યો. પોતે પોતાનો ચોકીદાર બન્યો. તેથી અહંકાર–અને મમતા ખસવા લાગી. તેથી જેટલા અંશે મોહ–માયા ટળી તેટલા અંશે આનંદ આવ્યો. ત્યારે તે યોગીઓ ઉત્સાહ પૂર્વક જનસમુદાયને કહે છે કે આત્મા અમર છે. તેને ઓળખો. પ્રથમ મનુષ્યોનું સુખ માટે કર્તવ્ય છે. અન્યત્ર પરિભ્રમણ કરશો તો ધક્કા–રખડપટ્ટીનો પાર આવશે નહિ. જ્યાં સુખનો ભંડાર ભરપુર છે, કદાપિ નષ્ટ થનાર નથી, કોઈ છીનવી લેનાર નથી જ. આવા આત્માને ભૂલી બીજે ધક્કા ખાવામાં કાંઈક તાકાત મળી છે તે, ગુમાવી બેસાશે.

સદ્ગુરૂ ફરમાવે છે કે, તમોએ ઘણી નગરીઓનું

નિરીક્ષણ કરી, તેમાં રહેલ પ્રજાઓને—અધિકારી—શેઠ—શાહુકાર—શંકર—કિંકર વિગેરેને પણ જોયા હશે. પણ એક નગરી જોવાની બાકી રહી છે. તે કઈ? તમારી પાસે છે. દૂર નથી. તે નગરી દેહ નગરી છે. તેમાં અન્યત્ર પરિભ્રમણ કરતી, માનસિક વૃત્તિઓને બરોબર વાળી, તપાસ કરશો ત્યારે આત્માનો અનુભવ આવશે. પાંચ ઈન્દ્રિયોથી કે મનની વૃત્તિઓથી અનુભવ આવવો દુઃશકય છે. કારણ કે, તેઓનો સ્વભાવ અનાદિકાલથી બહાર ભટકવાનો છે. માટે તેઓને બરોબર પાછી વાળી, એકાગ્રતા ધારણ કરવાપૂર્વક દેહ નગરીમાં જોવાની ખાસ જરૂર છે.

દેહ નગરીમાં અસંખ્ય પ્રદેશી—અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક ગુણોને ધારણ કરનાર, આત્મા, બીરાજમાન રહેલો છે. પરંતુ વિષય કષાયાદિના બલ વડે દબાએલ છે. તેથી સાંસારિક સુખના અભિલાષીઓને હાથમાં આવેલ નજરે પણ દેખાતો નથી. કારણ કે તેઓને વિષય વિલાસોમાં પ્રેમ હોવાથી કયાંથી અનુભવમાં આવે. અનુભવ તો, મન, વચન અને કાયાની બહાર ભમતી વૃત્તિઓને તથા પ્રવૃત્તિઓને, વારંવાર વાળનાર જ્ઞાનીજનને આવે છે. તે સિવાય જે સત્ય છે અનુભવ તે આવતો નથી. કારણ કે બહાર પરિભ્રમણ કરતી તે વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા ઘણા કર્મોરૂપી ઝાંખરા અને ચીકાશ આત્માને વળગેલી છે. તેથી તેણીઓને દૂર કર્યા સિવાય આનંદાનુભવ કયાંથી આવે?

એક શેઠની માફક—એક શેઠ ઘીનો, તેલાદિકનો વેપાર

કરતો. અને બીજે સ્થલે, ગામ–ગામાન્તર પણ મોકલતો. તેથી મોટા પ્રમાણમાં ઘી તેલની દશબાર લોઢાની કોઠીઓ ભરી રાખતો. અને જ્યારે સારો મનમાન્યો ભાવ આવતો ત્યારે ભરેલ ઘી તેલને વેચી, મનગમતો લાભ મેળવી, ખુશી થતો. એક વખત તેણે ઘી તેલની કોઠીઓ ભરી રાખી છે. ઘણો ટાઈમ–વખત થયો છતાં પણ મનગમતો ભાવ આવ્યો નહિ. વર્ષ–બે વર્ષ રાખે તો તે ઘી તેલ ખરાબ–ખોરૂ બને. તેથી સસ્તા ભાવે તે માલ વેચવો પડ્યો. તેથી ઘણી નુક-શાની થઈ. અનુક્રમે ગરીબ હાલતમાં આવ્યો. પણ હિંમત રાખી, અધિક ખરચને દૂર કરી, સાદાઈમાં દિવસ ગુજારે છે. નીતિ પ્રમાણિકતા પૂર્વક જીવન વ્યવહાર ચલાવતાં, એક દિવસ ગામાન્તર ગમન કરતાં, એક તેજસ્વી ચળકતા પથ્થરને દેખી, હાથમાં લઈ બરોબર તપાસ કરતાં માલુમ પડે છે કે, આ તો પારસમણિ છે. પારસમણિ હસ્તગત થવાથી ઘણો ખુશી થયો. અને પોતાના ઘરમાં આવી લોઢાની કોઠીમાં નાખ્યો. તે જાણતો હતો કે પારસમણિના સ્પર્શથી લોહ તે સોનુ થાય છે. પણ લોહની કોઠી સોનાની થઈ નહિ. તેથી અફસોસ કરવા લાગ્યો કે પારસમણિના સ્પર્શે પણ લોહની કોઠી સોનાની થઈ નહિ. હું કેવો કમનશીબ છું. સારામાં સારી વસ્તુ મળી છતાં લાભ મળતો નથી. ક્યાંથી મળે? કારણ કે, તે લોઢાની કોઠીમાં, તે ખાલી પડેલ હોવાથી રજ પડવાથી ઘણી ચીકાશ ચોંટેલી હતી. જો તે સાફ થાય તો સોનાની બનવામાં વિલંબ લાગે નહિ. આ શેઠને ચીકાશની

ખબર નથી, અને વારે વારે વલોપાત કર્યા કરે છે. તેવામાં એક જ્ઞાની મહાત્માએ તેને પુછયું કે, અરે શેઠ? કેમ સંતાપ, પરિતાપ કરો છો. આમ વલોપાત કરવાથી કાંઈ પણ મળે નહિ. તે કોઠીમાં ખરેખર તપાસ કરો કે તેમાં મલીનતા–ચીકાશ વળગી છે કે નહિ. વળગેલી હોય તો દૂર કરો. દૂર કર્યા પછી સોનાની કોઠી થાય નહિ તો મને કહેજો. શેઠે સારી રીતે તપાસ કરી. ખરેખર નિરીક્ષણ કરવાના યોગે, રજની સાથે ચીકાશ ચોંટેલી હતી તે માલુમ પડી. જ્ઞાનીના કહેવાથી તે ચીકાશને સાધન દ્વારા તન, મનથી ઘણો પ્રયાસ કરીને દૂર કરી. અને કોઠી સ્વચ્છ બની કે તરત સોનાની થઈ. તેથી શેઠ ઘણા ખુશી થયા. અને બાકીની કોઠીઓને પ્રયાસ કરી, સાધનો વડે સ્વચ્છ કરી કે તરત તે કોઠીઓ પણ સોનાની થઈ. હવે ચિન્તા જેવું રહ્યું નહિ. પ્રથમની માફક જાહોજલાલી થઈ. આ પ્રમાણે જ્યારે દેહ કોઠી સ્વચ્છ થાય છે ત્યારે આત્માનુભવ રીતસર આવે છે. અને આત્મ હીરો હાથમાં આવે છે. આ મુજબ ગુરૂદેવ ઉપદેશ આપતાં કહે છે કે, કાયા–મન–વાણીથી આત્માને જુદો પાડો. કારણ કે કાયા–મન–વાણી, તે આત્મા નથી. પણ તેઓનાથી ભિન્ન છે. એવા આત્માનો અનુભવ લેવો હોય તો સઘળી અહંકાર–મમતા દ્વારા જે પ્રવૃત્તિ થાય છે તેણીને દૂર કરી, દેહઘટમાં ધ્યાન ધરો. આર્ત્તધ્યાનનો ત્યાગ કરી, ધર્મ ધ્યાનમાં એકાગ્રતા ધારણ કરો. તેથી અનાદિકાલની કર્મ ચીકાશ દૂર ખસતી જશે. અને તેના યોગે જે મલી-

નતા થઈ છે તેની શુદ્ધિ થશે. પછી સત્ય સુખ કેવું છે તેનો અનુભવ આવતો રહેશે. પછી સુખને માટે જે તમારી ચિંતાઓ છે તે રહેશે નહિ. તમે જે કાયા અને માનસિકની મલિનતા દૂર કરવા, અને સ્વચ્છ થવા, ગંગા–યમુના–સરસ્વતીમાં સ્નાન કરી ખુશી થાઓ છો. તથા કાશી વિગેરે તીર્થમાં જઈને આનંદ માણો છે. તેના કરતાં દેહઘટમાં ધર્મધ્યાન લગાવવાથી અત્યંત સ્વચ્છ થશો. અને આનંદની ઉર્મિઓનો આવિર્ભાવ થશે. ભલે ગંગા વિગેરે નદીઓમાં સ્નાન કરી અને ચોસઠ તીર્થોની યાત્રા કરો. પણ ધર્મધ્યાનને ભૂલો નહિ. બાર ભાવનાઓ ભાવવા માટે પણ ટાઈમ કાઢો તો, કરેલ સ્નાન અને યાત્રાઓ સફલ બને. એટલે દ્રવ્ય અને ભાવથી જે મલીનતા છે તે ટળી જાય.

ઘરમાં અંધકાર હોય છે ત્યારે મૂકેલી વસ્તુઓની માલુમ પડતી નથી. તેથી દીપક કરવો પડે છે. અને વસ્તુઓ દેખાય છે. પણ તે દીવો દિવેલ હોય ત્યાંસુધી પ્રકાશ આપે છે. તેમજ મોટરમાં પેટ્રોલ હોય ત્યાં સુધી ઇષ્ટ સ્થલે પહોંચાય છે. પરંતુ તેલ અને પેટ્રોલ ખલાસ થતા તે દીપક બુઝાય છે. અને અંધકાર ફેલાય છે. તેમજ મોટર અટકી પડે છે. પરંતુ દિલ દરિયામાં તો અખંડ દીવો છે. તે કદાપિ બુઝાતો નથી. કાયા–માયા પડી જાય તો પણ તે દીપક પ્રકાશ આપતો રહે છે. તેને કોઇ પ્રકારના વિઘ્નો નડતા નથી. અગ્નિ તેને બાળતો નથી. પાણીની અસર તેને લાગુ પડતી નથી. વાયરાનો વેગ તેને શાંત કરતો નથી. એ

દીપક કયો? આત્મજ્યોતિ સદાય ઝળહળી રહેલ છે તે. આત્મજ્યોતિ અનાદિકાલીન છે, અને અનંતકાલ સુધી રહેશે. તેનો નાશ કરવાની કોઇ દેવ દાનવાદિકની તાકાત છે જ નહિ. આવા દીવાને જોવા માટે વખત કાઢવાની ખાસ જરૂર છે. મ્હોટા શહેરોમાં દીવાળીના દિવસે દીપક જોવા માટે વખત કાઢો છો ને? પણ તે દીવાઓ તો દીવાળી સુધી. દીવાળી વીતી ગયા પછી જે સાધારણ દીવાઓ થાય તેજ થાય, કાયમ થતા નથી. પણ દિલ દરિયામાં સદાય દીપક જળ હળી રહેલ હોય છે. તેને જોવા માટે બે ઘડી પણ ટાઇમ કાઢો નહિ અને જુઓ નહિ તો, મિથ્યાત્વ રૂપી અંધકારમાં અથડાવાનો પ્રસંગ આવી લાગશે. જે અથડામણી વડે કલેશ, કંકાસ વિગેરે ઉત્પન્ન થાય છે. તે અજ્ઞાનથી જ થાય છે.

એક પિતા પુત્રની માફક—આધેડ ઉમ્મરે એક શેઠને સ્વસ્ત્રી દ્વારા પુત્ર પ્રાપ્ત થયો. તેથી ધન મેળવવાની તમન્ના જાગી. મનમાં વિચાર કરે છે કે ધન વિગેરેથી પુત્ર, સુખ શાતામાં જીવન ગુજારશે. અને ધનાઢ્ય બનતાં આબરૂ, મહત્તા—પ્રતિષ્ઠા પણ સારી રીતે જામશે. આમ વિચારી, એક વર્ષના બાળકને મુકી, તથા પત્ની પરિવારનો ત્યાગ કરી, શેઠ પરદેશ કમાવા ગયા. પંદર વીસ વર્ષો સુધી પ્રમાણિકતાથી વેપાર કરવાથી વીસેક લાખ રૂપિયા મેળવ્યા. પછી વતન તરફ વળવાની ભાવના થઇ એટલે જે રૂપિયા મેળવ્યા છે તેના હીરા—મોતી માણેક ખરીદી લઇ, સ્ટેશને આવી તાર

કર્યો કે, હું અમુક સ્ટેશન ઉપર જે ધર્મશાળા છે. ત્યાં અમુક દિવસે આવીશ. આ મુજબ પોતાના ઘેર તાર કરેલ હોવાથી તેની પત્ની પુત્રને કહે છે કે, ભાઈ, તારા પિતા અમુક સ્ટેશનનાં ધર્મશાળામાં અમુક દિવસે જરૂર આવશે. માટે તું સામે જા. અને આદર સત્કારપૂર્વક સાથે આવજે. માતાના કહેવાથી વીસ વર્ષનો પુત્ર સામે આવ્યો. અમુક સ્ટેશનની ધર્મશાળા જે બતાવી હતી. ત્યાં આવી પોતાનો બિસ્તરો સ્થાપન કર્યો. શેઠ પણ સ્ટેશને આવેલી ગાડીમાંથી ઉતરી આ ધર્મશાળામાં આવ્યા. પણ તેમની પહેલાં ધર્મશાળા, મુસાફરોથી ચીકાર ભરેલી હોવાથી, સરસામાન મુકવાની જગ્યા મળી નહિ. સરસામાન મૂકવાની ઉતાવળમાં શેઠ, પુત્રની પાસે આવી જગ્યા કરી આપવા કહેવા લાગ્યા. હવે પુત્રને પિતા ઓળખતો નથી. અને પુત્ર પિતાને પિછાનતો નથી. એક વર્ષનો મુકીને પરદેશ ગયા હોવાથી અજાણ્યા અથડામણીમાં આવ્યા. શેઠ પુત્રને કહે છે કે, મને જગ્યા કરી આપ. તારી પાસે સામાન ઓછો છે. મારી પાસે વધારે છે. ત્હારી પાસે ફક્ત બીસ્તરો છે. તેની જગ્યા કરી આપીશ. પણ આ જુવાનીયો શેનો માને ? માન્યું નહિ ત્યારે શેઠે તેનો બીસ્તરો બહાર ફગાવી દીધો. અજ્ઞાત પુત્રે પણ પિતાનો સરસામાન બહાર ફગાવવા માંડ્યો. બન્નેને માંહી માંહી અથડામણી થઈ. કંકાસ થયો. બેત્રણ કલાક પછી ભાડે કરેલી ગાડીમાં સઘળો સામાન મૂકી, તેમાં બેસી, ગાડીવાનને પોતાના ઘર તરફ ચાલવાનું કહ્યું. ગાડી ચાલે છે તેની પાછળ આ જુવાનિયો પુત્ર પણ

ચાલે છે. શેઠે કહ્યું કે અલ્યા કેમ પાછળ પડ્યો છે? અમારી પાછળ કેમ આવે છે? શું હજી તકરાર, અથડામણી કરવાની બાકી રાખી છે, પુત્રે કહ્યું કે તમે જે ગામમાં જવાનો માર્ગ લીધો છે. તે જ મારા ગામનો માર્ગ છે. એટલે બીજા માર્ગે શા માટે જાઉં. આ પ્રમાણે જવાબ આપ્યા પછી ગામ આવ્યું, પોળ–પાડો–વાડો આવ્યો. ત્યાં પણ પાછળ આવતા અજાણ્યા પિતાએ કહ્યું કે, અદ્યાપિ પીછો મૂકતો નથી. પાછળને પાછળ આવ્યા કરે છે. પુત્રે જવાબ આપ્યો કે, તમે જે પોળ–પાડો–વાડામાં જઈ રહેલ છો, તે પોળમાં મારે પણ જવાનું છે. અને ત્યાં મારું ઘર છે. શેઠ શાંત બન્યા. પછી ઘરમાં પેઠા. સ્ત્રીએ સારો આદર સત્કાર કર્યો. તે અરસામા પુત્રને પણ પોતાના ઘરમાં પેસતો દેખી શેઠ તાડુક્યા. અલ્યા? પાછળ આવી મારા મકાનમાં કેમ પેસવા માંડ્યું છે. પુત્રે કહ્યું કે આ ઘર પણ મારૂ છે. શા માટે આવું નહિ? મારી માતાએ મારા પિતા આવવાના હતા તેમની સામે મોકલેલ હતો. પણ મારા પિતાને મેં ઓળખ્યા નહિ તેથી પાછો આવ્યો. મારી બાને પુછો? પત્નીએ પતિને કહ્યું કે, આ જ આપણો પુત્ર છે. તમારા સામે મોકલ્યો હતો. આ મુજબ સાંભળી પિતાને તથા પુત્રને અફસોસ થયો. કે જેને માટે પરદેશ કમાવા ગયો હતો. તે પુત્રની સાથે તકરાર–અથડામણ કરી. પુત્ર પણ પરિતાપ કરવા લાગ્યો કે, મારે વિનય–આદરસત્કાર કરવો જોઈ તો હતો. તેના બદલે પિતાની સામે ઝઘડો કર્યો. જાણ્યા પછી

પ્રેમ વધ્યો. અને પિતા પુત્ર ભેટી પડ્યા. આ પ્રમાણે દિલ દરિયામાં દીપકને જોવામાં આવે છે ત્યારે અજ્ઞાન–અંધકાર દૂર ખસે છે. અને આત્માની ખરી ઓળખાણ થાય છે. આત્માની સાથેના ઘાતીયા કર્મોનો જ્યારે ઘાત થાય છે ત્યારે મોહનીય, જ્ઞાનવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મોરૂપી અંધકારનો મૂલમાંથી નાશ થાય છે. અને ત્રણ ભુવનના પદાર્થો હસ્તમાં રહેલ આમળાની માફક; દ્રવ્ય–ગુણ–અને પર્યાયો રૂપે જે રહેલા છે. તેનો સાક્ષાત્કાર થાય છે. ઉર્ધ્વલોક, મધ્યમલોક અને અધોલોકમાં રહેલ સર્વ વસ્તુઓ સાક્ષાત્ દેખાય એવો આત્મા સમર્થ બને છે. આવો અલખ આત્મા, સંસારમાં બાહ્યાત્માથી પરખાતો પણ નથી. તે તો મન, વચન અને કાયાને રીતસર કબજે કરનાર સમ્યગ્ જ્ઞાનીઓ જ પારખી શકે છે. અને કર્મ-મલને અહિંસા, સંયમ, અને તપવડે શુદ્ધ કરે છે. દુન્યવી માણસો જ્યારે વસ્ત્રો મલીન થએલ હોય, અને ચીકાશ લાગી હોય ત્યારે તે વસ્ત્રોને નિર્મલ કરવા ઉના પાણીમાં ખારો નાંખી, સાબુ વડે ઘણા પ્રયાસ કરે છે, ત્યારે વસ્ત્રો શુદ્ધ થાય છે.

સાધનસામગ્રી હોય પણ પ્રયાસ કર્યા સિવાય શુદ્ધ ક્યાંથી થાય ? તે પ્રમાણે આત્મા અનાદિકાલથી મલીન છે. એને સ્નેહરાગ–કામરાગ અને દ્રષ્ટિરાગની ચીકાશ લાગી છે. તે અહિંસા, સંયમ અને તપ વિના શુદ્ધ થશે નહિ. માટે મન, વચન, અને તનને વશ કરવાપૂર્વક અહંકાર–મમતાનો

ત્યાગ કરવા માટે દિલ દરિયામાં દીપકને તપાસો. અગર જ્ઞાની મુનિવર્ય, વિગેરેની પાસે જઇને આત્મ દીપકની કેવી રીતે પીછાન થાય તે જીજ્ઞાસા ધારણ કરીને પુછો. તેજ આત્મા સમ્યગ્ જ્ઞાનીઓ વડે ઓળખાયો છે, લખાયો છે, કે જેનું નામ–રૂપાદિ છે જ નહિ. એવો આત્મા પછી પોતાની મેળે જ પરખાશે. અને અન્તરમાં આનંદની ઉર્મિઓ ભરપુર ઉભરાશે. આવો નિર્ભયદેશી–શુદ્ધ પ્રદેશી જે આત્મા છે. તેજ જ્ઞાનીજનોએ બતલાવ્યો છે. તેથી ગુરુદેવ કહે છે કે, આવો આત્માનો અનુભવ દરેક માણસોને આવે છે. પણ જો જીજ્ઞાસા તથા લગની હોય તો જ. માટે અરે ભાગ્યશાલીઓ ? ધર્મધ્યાનમાં બરોબર તાન લગાવો. આજે દેહગેહાદિ દેખાય છે. તે તમારૂ નથી. માટે સત્ય, નિજ ઘરનું ભાન એટલે જ્ઞાનની સાથે ઓળખાણ કરી, માયા–મમતાને નિવારો. આ પ્રમાણે વર્તન કરશો તો જ પોતે ગુરુ અને પોતે ચેલા બનશો. એટલે ગુરુની પાસે જઇને ઉપાસના પણ કરવી પડશે નહિ. સ્વયમેવ કર્મમેલને કાઢવા માટે માર્ગને શોધી કાઢશો. ધર્મધ્યાન અને તેમાં એકતાન લગાવ્યા સિવાય શુદ્ધ થવાનો માર્ગ હાથમાં આવશે નહિ. હવે કયાં સુધી આધિ, અને વિડંબનાની પીડાઓ સહન કરશો ! માટે સદ્ગુરુ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, હે આત્મન્ ? નિજ ઘરમાં રમણુતા કરજે. જે સમજે તેની આ વેળા છે. સમજવા માટે વેળા મળી રહે છે. અને તે વેળામાં વલોપાત વિગેરેનો ત્યાગ

કરવાપૂર્વક આત્મશુદ્ધિ માટે ધ્યાન-તાન લગાવી, તે વેળાને સફલ કરે છે. જ્ઞાનીઓ, વેળાને વૃથા ગુમાવતા નથી. વિકથાની વાતોમાં ગુમાવેલી વેળા પુનઃ આવતી નથી. માટે મનુષ્યભવની વેળા-મોસમ મળી છે. તેને ગુમાવતા નહિ. અને આળસ પ્રમાદને મુકી આત્મધ્યાનમાં તત્પર બનો. આવતી કાલનો વિશ્વાસ રાખતા નહિ. આવતી કાલ કેવી આવશે તેની તમોને ખબર નથી. છતાં તમો આવતી કાલે ધર્મધ્યાન, દાન, શીયળ, તપ, ભાવના વિગેરે ધર્મ કરીશું. આવા વિચારોને માંડીવાળો. અને અબઘડીને સાર્થક કરવા તાન લગાવો. "હસ્તિનાપુરે મહારાજ યુધિષ્ઠિરની પાસે સમાજ સેવકોએ આવી સહકાર માટે માગણી કરી. મહારાજાએ કહ્યું કે કાલે જોઈ લેવાશે. આ મુજબ સાંભળી પાસે બેઠેલા, ભીમસેનજીને આ વાત ગમી નહિ. અને મહારાજાને સભા સમક્ષ કહેવાય નહિ. તેથી ભીમસેન આયુધ શાળામાં જઈને મોટી નોબત વગાડવા લાગ્યા. સમગ્ર શહેરમાં કોલાહલ થયો. કારણ કે જ્યારે કોઈ રાજા યુદ્ધ કરવા આવતો હોય, અગર અન્ય રાજા પર વિજય મેળવ્યો હોય, ત્યારે મોટી નોબત વગડાતી હતી, પ્રજાને કોઈ રાજા ચઢી આવે છે તેવી શંકા થઈ, તેથી નગરના સંભવિત પુરુષો આવીને નમ્રતાપૂર્વક વિનતિ કરવા લાગ્યા કે, કયો રાજા યુદ્ધ કરવા ચઢી આવે છે. મહારાજાએ કહ્યું કે, કોઈ પણ નહિ. તો પછી શા માટે નોબત વગડાવો છો. આ મુજબ સાંભળી મહારાજાએ તપાસ કરાવી તો ભીમસેનજી જોરથી

વગાડી રહ્યા છે. આમ જાણી તેમને બોલાવી પુછે છે. અરે ભાઈ ભીમસેન ? શા માટે બડા જોરથી નોબત વગાડે છે. ભીમસેનજીએ કહ્યું કે આજે અમારા મહારાજા-મ્હોટા ભાઇએ મહાન્ વિજય કર્યો છે. આ મુજબ સાંભળી યુધિષ્ઠિર મહારાજા વિચારમાં પડયા કે, કોઈની સાથે યુદ્ધ કરીને તેને પરાજય કરીને વિજય મેળવ્યો નથી. છતાં શા માટે મહાન્ વિજય પ્રાપ્ત કર્યો છે. આમ કહે છે ? ભીમસેનજીએ કહ્યું કે મહારાજા ? કોઈ નૃપતિ, દેશ, નગરાદિકને જીતે છે. પરંતુ આપે તો કાળને જીત્યો. કોઈનાથી કાળ જીતાતો નથી. કેવી રીતે ? આપની પાસે આવેલ સમાજસેવકોએ સહારાની માગણી કરી ત્યારે તમોએ કહ્યું કે કાલે આવજો. જોઈ લેવાશે. તેથી મેં કહ્યું કે તમોએ મહાન્ વિજય મેળવ્યો. માટે તમોએ કાલ એટલે કાળ જીત્યો હશે ? એમ માનું છું. મહારાજા યુધિષ્ઠિર સમજ્યા. અને સમાજ-સેવકોને જોઈતા પ્રમાણથી પણ અધિક સહકાર આપ્યો. તે સહારાના યોગે દીન-દુઃખીઓનો સંતાપ, પરિતાપ દૂર કર્યો. માટે મેળવેલી વેળા-મોસમને સફલ કરવા ધર્મધ્યાનમાં રહેવાની ખાસ જરૂર છે. કે, જેથી આત્મવિકાસ સધાય, અને જન્મ, જરા, અને મરણની પીડા ટળતી રહે. કહેવાય છે કે, મરણની પીડા ઘણી છે. પરંતુ તેના કરતાં ગર્ભની પીડા ઓછી નથી. અરે તેના કરતાં અનંતગુણી અધિક છે. આવી પીડાઓ તો અનંતીવાર સહન કરી છે. તેને ટાળવાનો ઉપાય, આત્મા સાથે લાગેલા કર્મોને દૂર કરી, આત્મિક

ગુણોમાં રમણતા કરવી તે છે. શ્રદ્ધા, લાગણી હોય તો વખત –વેળા મળી રહે છે. વ્યાવહારિક કાર્યોને સાધવા પ્રમાદ કેમ કરતા નથી ?

આળસ, પ્રમાદ કરો તો તે કાર્યો સધાય ક્યાંથી ? એમ તમે કહો છો. તો પોતાના આત્માના સત્ય સુખ માટે તો અવશ્ય આળસનો ત્યાગ કરવો અગત્યનો છે. આ મુજબ ઉપદેશની અસર કોઈ મહા ભાગ્યશાલીને લાગે છે. તેથી આત્માના ગુણો સાથે પ્રીતિ લાગેલ હોવાથી સદ્‌ગુરુદેવ શ્રીબુદ્ધિસાગરજી કવિવર્ય, નવમા પદની રચના કરતાં વચનામૃતનું સિંચન કરે છે.

**વાણીયા રે મન માયા લગાડી,**
**મત જાજો રે વેપારી. એ–રાગ**

**આત્મા રે મને પ્યારી લાગી રે, તારી પ્રીતડી વૈરાગી,**
**યોગી રે યતિજન તને શોધતા રે,**
**આત્મા રે ગુણો અવિનાશી કેરા–**
**ગાય રે વૈરાગી, આત્મા રે મન પ્યારા,**
**લાગી રે તારી પ્રીતડી૦ (૧)**

**સાત નયોનું દુર્બીન કરીને આત્મા રે;**
**તેથી દેખું રે ગુણધામ રે વૈરાગી, આત્મા રે. (૨)**
**રત્ન ભરેલી પેટી પારખી રે આત્મા રે,**
**તાળા ખોલીને ધન દેખિયું વૈરાગી, આત્મા રે. (૩)**

ઉગ્યો રે સૂરજ જ્ઞાન દીપતો રે આત્મા રે;
માયા અંધારૂ નાઠું, દુર રે વૈરાગી, આત્મા રે. (૪)
જાગો રે યોગી જનમુનિ ચિત્ત ધરી રે આત્મા રે,
ત્યાગી સંન્યાસી ફકીર રે વૈરાગી, આત્મા રે. (૫)
માયાના સાગરને જાઓ તરી રે આત્મા રે,
બુદ્ધિસાગર પેલે પાર રે વૈરાગી,
આત્મા રે મન પ્યારી લાગી રે (૬)

સદ્ગુરુદેવ, હવે જેને ઉપદેશની અસર લાગી છે તેને વધારે ઉપદેશ આપે છે. તેથી તે આત્મજ્ઞાની, આળસ, નિન્દા, અદેખાઈનો ત્યાગ કરીને આત્મા, તથા તેના ગુણોનો આવિર્ભાવ કરવા માટે લગની લગાડે છે. એટલે દ્રવ્ય અને ભાવથી માયા મમતાનો પરિહાર કરીને, ધર્મ ધ્યાનમાં તાન લગાવેલ હોવાથી, સ્વસ્વરૂપ સત્યતાયે જે રહેલ છે. તેને રીતસર પીછાની, આનંદની ઉર્મિઓ આવવાથી, કહે છે કે, અરે આત્મા હવે તું મને ઘણો પ્યારો થયો છે. આજસુધી સાંસારિક પદાર્થોમાં સુખ ખાતર આસક્ત બનેલ હોવાથી, તારી સાથે પ્રેમ લાગ્યો નહોતો. વિષયોમાં સુખ તો નહોતું, પણ સુખાભાસ અગર દુઃખનો પ્રતિકાર હતો. તે પણ સ્થાયી રહ્યો નહિ. ઘડી બે ઘડીમાં પુનઃ હાજર થયું; એટલે સુખાભાસ પણ દુઃખથી મિશ્રિત મળ્યો છે. દુઃખ, પીડા, સંતાપ, ચિન્તા વિગેરે દૂર કરવા જે ઉપાયો લીધા તે ફોગટ ગયા. કરેલી મહેનત માથે પડી.

તેથી કંટાળી સદ્ગુરુ શ્રી બુદ્ધિસાગરજી પાસે જઈને તેમની વાણીરૂપી નિર્મલ પાણીમાં સ્નાન કરી નિર્મલ થયો. સુખાભાસની કે દુઃખના પ્રતિકારની જે ઘેલછા લાગેલી હતી તે દૂર ભાગી. અને આત્માની પ્રીતિ પ્યારી લાગી. તેથી સઘળી મિથ્યાત્વ મોહનીયની જાળને ફગાવી દઈ, દૂર કરીને, હે આત્મા ? હવે તારા ગુણમાં ગુલ્તાન બન્યો છું. આત્માના ગુણોમાં મગ્ન બનવાથી જે ભ્રમણા હતી, જે આસક્તિના યોગે વારે વારે વલોપાત થયા કરતો, તે હવે દૂર ખસ્યો છે. હવે નિર્ભેળ સુખનો કાંઇક અનુભવ આવતો હોઈ આનંદ આપી રહેલ છે. આનંદની જે ખુમારી આવે છે. તે કોઈનાથી પણ ઉતારી ઉતરે એમ નથી. ભલે પછી કરોડો પ્રયત્નો કરે. તેથી શું ?

યોગીજન, મુનિજન, તથા દરેક આત્માર્થી ભાગ્યશાલીઓ પણ દુન્યવી વિડંબનાઓ ટાળવા માટે આત્માનું ધ્યાન ધરે છે. અને અવિનાશી પ્રભુના ગુણોને દરરોજ ગાય છે. શા માટે ? અવિનાશી અનંતગુણના સ્વામીના જે ગુણો છે તે ગુણોને પ્રાપ્ત કરવા માટે. તે ગુણો સ્નેહરાગ, કામરાગ અને દૃષ્ટિરાગનો ત્યાગ કર્યા સિવાય મળવા જ અશક્ય છે. માટે ગુણાનુરાગી બની, અરિહંતના જ ગુણોની સ્તુતિ, સ્મરણ કરી જે રાગો છે તે રાગો તેઓને ટાળે છે. તે વૈરાગી, સંવેગી થએલ હોવાથી અન્ય દેવોના ગુણોનું ધ્યાન ધરતા નથી. જે વીતરાગ છે તે સત્યદેવ છે. કારણ કે રાગ, મૂલમાંથી દૂર ગએલ હોવાથી, કોઈના ઉપર દ્વેષ થતો નથી.

અને જેઓએ રાગ–દ્વેષજન્ય મોહ મમતા–અહંકારાદિકનો ત્યાગ કરેલ હોય છે. તેઓ અનંત સુખ શક્તિના સ્વામી બને છે. આવા પરમપ્રભુના અનંત ગુણોનો ત્યાગ કરી, શાંત ગુણોવાળા અન્ય દેવોનું કોણ ધ્યાન ધરે ? જેઓને સાંસારિક સુખ પ્રિયતમ લગતા હોય તેજ. તેઓનું ધ્યાન ધરે છે. યોગી, મુનિજનને તો વિષયજન્ય સુખમાંથી પ્રીતિ નષ્ટ થએલ છે. તેથી જ તેઓ વિશેષ પ્રકારે વીતરાગના ગુણોનું ધ્યાન ધરી, સર્વ સંતાપાદિકને ટાળવા સમર્થ બને છે. યોગી, મુનિ, સૂરિજન કહે છે કે, સાતનય–અને સપ્તભંગીરૂપી સ્યાદ્‌વાદના દુર્બીન સિવાય આત્માનો અનુભવ આવશે નહિ. અને સઘળાવાદોની વિષમતા ટળશે નહિ. ભલે પછી સમાજવાદ, સામ્યવાદ, સર્વોદયવાદ, કે લોકશાહી હોય તો પણ વિષમતા તો રહેવાની જ. માટે વિષમતા, વિષવાદનો ત્યાગ કરવો હોય તો સપ્તનયાદિ સ્યાદ્‌વાદનો સ્વીકાર કરો. અમોએ પણ જ્યારે સ્વીકાર કર્યો ત્યારે જ આત્મિક ગુણોની પીછાન થઈ. તે ગુણો પ્રિયતમ બન્યા. અને આ સિવાય અન્ય વાદોમાં જે પ્રથમ પ્રેમ હતો તે રહ્યો નહિ. કારણ કે સર્વે વાદો સ્યાદ્‌વાદમાં સમાએલા છે. આ સ્યાદ્‌વાદનો ત્યાગ કરી અન્ય વાદો વિષમતા ટાળવા સમર્થ છે જ નહિ. ધનાદિકમાં કદાચિત સમાનતા આવશે તોપણ સુખ–દુઃખમાં તો વિષમતા રહેવાની જ. તેથી અમોએ સપ્તનય સપ્તભંગીરૂપી સ્યાદ્‌વાદનું દુર્બીન બનાવી, અનંત ગુણોનો તથા અનંતશક્તિનો સ્વામી, એવો નિર્મલ આત્મા ઓળખ્યો અને સારી રીતે આદર કર્યો.

તેથી જ સાચા અવિનાશી રત્નોની પેટી પરખી, અને સદ્ગુરુઓએ તે પેટીનું ઉદ્ઘાટન કરવા સાચી ચાવીઓ બતાવી. જે અનાદિકાલના મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના તાળા વાસેલા હતા. તે ચાવીઓ, સૂચનાઓ, ઉપદેશ દ્વારા ઉઘડી ગયા. આ મુજબ જ્યારે ચાવીઓ મળે છે ત્યારે તે વાસેલા તાળાંને ઉઘાડતા વાર લાગતી નથી. અને ચાવીઓ દ્વારા તાળા ઉઘાડ્યા પછી પેટીમાં રહેલ રત્નો રૂપી સત્યધન હસ્તગત થાય છે. હવે હાથમાં આવેલ તે સાચા ધનને, ચોરોને ચોરવાની, અગ્નિને બાળવાની, પાણીના પ્રવાહને તાણી જવાની તાકાત છે જ નહિ. કદાચિત્ મિથ્યા-ત્વાદિક ચોરો છીનવી લેવા આવે પણ, આત્મિકરૂપી સૂર્યોદય દેખી ભાગાભાગી કરી નાશી જાય છે.

સૂર્યોદય થયા પછી નિશાચરોનું જોર ચાલતું નથી. અત એવ સમ્યગ્ જ્ઞાની; યોગી–સૂરિજન કહે છે કે, સ્યાદ્-વાદનો આધાર લઈ, જે તમારૂ ધન દબાણમાં આવેલ છે તેનો આવિર્ભાવ કરો. તેથી માયા–મમતાદિક જે અંધકાર વ્યાપી રહેલ છે. તે દૂર ખસશે. અને સર્વે અભિલાષાઓની સફલતા થશે. દુન્યવી સુખની અભિલાષાઓ કોઇની સંપૂર્ણ થઇ નથી. અને થશે પણ નહિ. પૂર્ણ કરવી હોય તો આત્મજ્ઞાન રૂપી સૂર્યનો સ્વીકાર કરો. જેટલા ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો વિગેરે મહાન્ શક્તિને ધારણ કરનારા હતા. પરંતુ તેઓની અભિલાષાઓ પૂરી થઈ નથી. તો તમારી આશાઓ કેવી રીતે સફલ થશે. કારણ કે તમારી

પાસે ચક્રવર્તીઓ જેવી સાધન સામગ્રી નથી. તેમજ તાકાત પણ છે જ નહિ. છતાં આત્મજ્ઞાન દ્વારા આત્માના ગુણોમાં એવી અનન્ય શક્તિ-તાકાત રહેલ છે કે, તમારી સઘળી અભિલાષા–તૃષ્ણાને પૂર્ણ કરી સ્થિર કરો. સાંસારિક વિષયોની અભિલાષામાં તો ઘણી ચંચલતા–અસ્થિરતાએ નિવાસ કરેલ છે. ત્યાં સ્થિરતા ક્યાંથી હોય? માનસિક ચપલતાએ અને એકાંતવાદે આત્માની ઘણી ખરાબી કરેલ છે. તેથી મિથ્યાત્વાદિક ચોટ્ટાઓને ધનાદિક છીનવી લેવાનો લાગ ફાવ્યો છે. માટે સઘળી આશા તૃષ્ણાને ફલવતી બનાવવી હોય તો એકાંતવાદનો તથા ચંચલતાનો ત્યાગ કરી સ્યાદ્વાદ સૂર્યનો આધાર લો? અંધકાર રહેશે નહિ, અને રત્ન ભરેલી પેટી પરખાશે. ગુરૂગમની ચાવીઓ લઇ તે પેટી ઉઘાડી શકશો. સત્યધન મલ્યા પછી કોઈની પરાધીનતા–ઓશીયાળી રહેશે નહિ. ધનાદિક ખાતર જે બીજાની સન્મુખ દીનતા દાખવો છો. તે રહેશે નહિ. અને અક્ષય ધનના અધિકારી બનાશે. તથા સ્યાદ્વાદ વિના–અને ચંચલતા ટાળ્યા સિવાય પ્રભુના ગુણો પણ પરખાતા નથી. દરેક વસ્તુમાં વિવિધ અનેક ધર્મો રહેલા છે. માનો કે પુત્ર છે તે, બહેનની અપેક્ષાએ ભાઈ કહેવાય છે. તથા ભાણેજની અપેક્ષાએ મામો કહેવાય. ભાભીની અપેક્ષાએ દીયર તથા પત્નીની અપેક્ષાએ પતિ કહેવાય. પોતાના પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય.

આ મુજબ દરેક વ્યક્તિમાં અનેક ધર્મો સમાએલ છે. પુત્ર એમજ કહે કે, હું ભાઇ, મામો, દીયર; પતિ અને

પિતા નથી, પણ પુત્ર જ છું. આમ બોલતાં એકાંતથી વ્યાવહારિક કાર્યોમાં ઘણી ગરબડ થાય. અને ધારેલા કાર્યો સફલ થાય નહિ. આ મુજબ એકાંતનો જો સ્વીકાર કરવામાં આવે તો ધર્મની આરાધના પણ થવી અશક્ય છે. રાગ-દ્વેષ અને મોહ મમતાને ટાળવા માટે સ્યાદ્‌વાદનો આધાર સ્વીકાર્યા સિવાય કોઈના રાગ-દ્વેષાદિ ખસતા નથી. માનો કે બે માણસોને માંહોમાંહી તકરાર થઈ. એકબીજાની ભૂલો કાઢે છે. અને દોષો દે છે. આમ કરવાથી કદાપિ તકરાર, તથા વિરોધ દૂર ખસતો નથી. કારણ કે એકાંતે બીજાનો દોષ નજરે આવે છે. પણ પોતાના દોષને દેખતો નથી. તેથી બોલાબોલીમાં-મારામારીમાં તૈયાર થાય છે. પરંતુ જો પોતાના દોષો દેખે તો સઘળો વિષમવાદ શમી જાય છે. માટે સદ્‌-ગુરૂ ફરમાવે છે કે અનેકાંતને હૃદયમાં ધારણ કરો. તેથી રાગ-દ્વેષ-મોહાદિકનું જોર ચાલશે નહિ. દીવાના પ્રકાશથી કે સૂર્યના પ્રકાશથી અંધકાર નાશ પામે છે. તેમ મિથ્યાત્વ-અવિરતિ-કષાય-અને દુષ્ટ યોગોને આવવાનો અવકાશ મળશે નહિ. અને રત્ન ભરેલી પેટી પરખાશે. એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નોથી ભરેલ આત્માની ઓળખાણ થશે. ઓળખાણ થયા પછી દરેક ચેતન અને જડ પદાર્થોનું સ્વરૂપ સમજાશે.

કરકંડુ ભૂપાલે એક બ્રાહ્મણ મિત્રને કહ્યું હતું કે, જ્યારે મને રાજ્ય મળશે ત્યારે તને મનપસંદ એક સુંદર ગામ આપીશ. તેથી તે બ્રાહ્મણ મિત્રે, કરકંડુ મહારાજાની

પાસે આવી સુંદર ગામની માગણી કરી. તે માગણી પણ ચંપા નગરીના મહારાજાના રાજ્યમાં રહેલ ગામની માગણી કરી. તે ગામમાં તેના પરિવારનો નિવાસ હતો. કરકંડુ ભૂપાલે કહ્યું કે, ત્યાં મારી સત્તા નથી. છતાં ચંપાનગરીના નરેશ ઉપર પત્ર લખી આપું છું. તે તને ગામ આપશે. પત્રમાં લખ્યું કે મહારાજા–ચંપાનગરીના નરેશને પ્રણામપૂર્વક જણાવવાનું કે પત્ર લઈ ને આવેલા બ્રાહ્મણ મિત્રને તેની મરજી મુજબ મનોહર ગામ આપશો. તેના બદલે તમે કહેશો તેવું મન પસંદ ગામ આપીશ. આ રીતે લખેલ પત્રને લઈ ને તે બ્રાહ્મણે, મહારાજા–દધિવાહન પાસે આવી પત્ર આપ્યો. નૃપતિએ માગણીનો સ્વીકાર કર્યો નહિ, અને તેને પાછો કાઢ્યો. ગામ નહિ આપવાથી, કરકંડુ મહારાજાને ગુસ્સો ચઢ્યો. ક્રોધાતુર બની ચંપાનગરીના નરેશ–દધિવાહન ઉપર ચઢાઈ કરી. માંહોમાંહી યુદ્ધ થયું. કરકંડુ નરેશને ખબર નથી કે દધિવાહન રાજા મારા પિતા થાય. તેમ દધિવાહન નરેશને પણ માલુમ નથી કે આ સામે લડાઈ કરનાર પુત્ર થાય.

મોહ મમતાના અંધકારના પડદામાં માંહોમાંહી ટીચાય છે. યુદ્ધ થાય તે કારમો કેર છે. એક ગામ આપ્યું હોત તો લડાઈ થાત નહિ. પણ અહંકાર અને મમતા એક તુચ્છ વસ્તુને આપવા દેતી નથી, લડાઈ ચાલુ થશે અને હજારો સુભટો મરણ પામશે. હિંસાનો પાર રહેશે નહિ. આમ વિચારી કરકંડુ રાજાની માતા, પદ્માવતી જે સાધ્વી થએલ છે, તેના મનમાં ઘણી ચિન્તા અને પીડા થઈ, તેથી

પોતાના ગુરૂણીની આજ્ઞા લઇને લડાઇના મોખરે રહેલ કરકંડુ પાસે આવીને સમજણ આપવા લાગ્યા. હે રાજન્ હું તારી ગૃહસ્થપણાની માતા છું. અને તું જેની સાથે યુદ્ધ કરે છે. તે તારા પિતા થાય. મેં દીક્ષા લીધા પછી માલુમ પડી કે પુત્રે પિતા સાથે એક ગામ માટે યુદ્ધ આરંભેલ છે. એક ગામ ખાતર લડાઈમાં હજારો સુભટોની તથા હાથી ઘોડાની કતલ થાય તે યોગ્ય નથી. તમારા જેવા પુત્રે સમજવું જોઇએ કે, લડાઈમાં કાંઇ માલ નથી. અને દુર્ગતિમાં ફસાઈ પડાય છે. આ પ્રમાણે સમજણ આપી છતાં માન્યું નહિ, ત્યારે દધિવાહન રાજા પાસે ગયા. રાજાએ ગૃહસ્થપણાના પત્ની તરીકે ઓળખ્યા. અને ઘણો આદર-સત્કાર કર્યો. સાધ્વીએ કહ્યું કે તમો જેની સામે લડાઈ કરી રહેલા છો. તે તમારો પુત્ર છે. પુત્રનો જન્મ ક્યાં થયો? કેવી રીતે રાજ્ય મલ્યું? તે સઘળી બીના દધિવાહનને જણાવી. તેથી પુત્રની ઓળખાણ થઈ. લડાઈ બંધ કરી. પુત્રની પાસે આવી ગદ્ગદ્ વાણીએ કહ્યું કે, અરે પુત્ર એક ગામ તો શું? સમગ્ર રાજ્ય તને અર્પણ કરૂ છું. માટે મારી સાથે આવ. રાજ્યનો માલીક બનાવું. માંહોમાંહી પુત્ર પિતાની ઓળખાણ થઈ. તે મુજબ આત્માની ઓળખાણ થાય તો જ લડાઇ-કંકાસ-અદેખાઇ વિગેરે ટળી જાય. દધિવાહને દીક્ષા લીધી. કરકંડુને રાજ્ય મલ્યું. આ મુજબ પોતાના સ્વરૂપનું ભાન થતાં અક્ષય સામ્રાજ્યના સ્વામી થવાય છે. માટે સદ્ગુરૂએ બતાવેલી ચાવીઓનો

સદુપયોગ કરી, જ્ઞાનદીપકના અજવાળે રત્નોની પેટી બરોબર પીછાનો. જન્મ મરણ વારે વારે કરવા પડશે નહિ.

જેણે મનુષ્ય ભવ પામીને દાન–શીયળ–તપ–ભાવનાઓ દ્વારા સ્વાત્માને ભાવિત કર્યો નથી. દેહગેહ–પરિવાર વિગેરેની સંભાળ કરવામાં અને પોષણ કરવામાં જીંદગાની વીતાવી છે. તેને સદ્‌ગુરૂ મહારાજ ઉપદેશ દ્વારા કાવ્યની રચના કરતાં ફરમાવે છે કે—

પદ–૧૦

વહાલા વીર જીનેશ્વર અગર વિમલા ન કરશો ઉચાટ. એ—રાગ.

અરે આ જીંદગાની મનુષભવની એળે જાય છે રે,
ઘડી ક્ષણ વીત્યો તે તો પાછો કદાપિ ન આય છે રે.
અરે આ ॥૧॥

મન ચિંતા તું કદિય ન થાતું,
પાપે ભરીયું જીવતર ખાતું,
માયામાં મસ્તાનો થઈ મલકાય છે રે. અરે આ ॥૨॥

પ્રભુભજન પલવાર ન કીધું, સાધુ સંતને દાન ન દીધું;
વિષયારસ વિષ પીને હરખાય છે રે. અરે આ ॥૩॥

જન્મમરણની નદીઓ વહેતી,
ખર ખર ચાલતાં એમ કહેતી;
અસ્થિર ચંચલ સત્તા ધન વરતાય છે રે. અરે આ. ॥૪॥

**સફલ કરી લે મનુ જન્મારો, આતમરામ ભજી લે પ્યારો;**
**બુદ્ધિસાગર ચેતે તો સુખ પાય છે રે. અરે આ ॥૫॥**

અરે ભાગ્યશાલી, આ મોંઘેરૂ મનુષ્ય જીવન એળે-વૃથા ગુમાવ નહિ. કારણ કે મહાન્ શક્તિશાળી દેવેન્દ્ર, દેવો જે ઉત્તમ કાર્ય કરવા સમર્થ છે નહિ. તે કાર્ય કરવા તું સમર્થ છે. મિથ્યાત્વ-અવિરતિ-કષાયાદિનો ત્યાગ કરવા તે દેવો શક્તિમાન્ નથી. કારણ કે દેવલોકમાં સદ્‌ગુરૂની જોગ-વાઈ નથી. અહીંઆ તો જ્ઞાની-ધ્યાની સદ્‌ગુરૂની જોગવાઈ મળી શકે એમ છે. માટે તેમની પાસે જઈ ધર્મનો લાભ લે. અને દયા-દાન-વ્રત-નિયમ-શીયળ અને તપસ્યા તથા અનિત્ય અશરણુ-વિગેરે ભાવનાઓ ભાવીને મળેલા સાધ-નોની સફલતા કર. પુણ્યોદયે પ્રાપ્ત થએલ તે સાધનોને બૂડવાના બનાવી વિફલ કર નહિ. જો વિફલ કરીશ તો પુણ્ય દ્વારા મળેલ જીંદગાની એળે જશે. હાલમાં જે જે કાર્યવાહી કરી રહેલ છે, તેથી તો જીવન એળે જાય છે. માટે પોતાનું ભલું કરવા માટે સદ્‌ગુરૂનો ઉપદેશ હૈયામાં પચાવીને, પાપસ્થાનકોથી પાછો હઠ. અને પુન્યબંધનો માર્ગ સ્વીકાર કર. જે જે ક્ષણુ અગર ઘડી-મુહૂર્ત વિગેરે વ્યતીત થાય છે, તે પુનઃ પાછા આવશે નહિ. તું જાણે છે કે, હું ઉંમરે મોટો થાઉ છું પણ આયુષ્ય ખવાતુ જાય છે. તેની ખબર છે? જ્યારે અમુક જન્મનું આયુષ્ય પૂરૂ થયું ત્યારે બીજો જન્મ ધારણ કરવા માતાના ગર્ભે તું આવ્યો, ત્યાંથી આરંભી બાંધેલ આયુષ્ય ઓછુ થતુ જાય છે. તથા માતાના

ગર્ભમાં ઉંધે મસ્તકે રહેવું પડશે. માતાએ લીધેલા આહાર વિગેરે રસનો આહાર લેવો પડશે. જન્મ થતાં પણ અનંત કષ્ટ સહન કરવું પડશે. એનો તને ખ્યાલ નથી જ. તેથી મ્હોટો થયા પછી ગુમાનને ધારણ કરી જીંદગાનીને વૃથા ગુમાવે છે. તેં આયુષ્ય પુરૂ થતાં શું મેળવ્યું! તે તો કહે? મેળવેલ ધનાદિક સાથે આવતા નથી. અને તને હાંસી પાત્ર બનાવતાં સાથે જનસમુદાયમાં તારો ફજેતો કરાવશે. માટે એક ક્ષણ ધર્મ વિના ગુમાવ નહિ. પાપો જીવનને ખાઈ જાય છે. પુણ્યક્રિયા પરોપકારાદિક કરવા દેતા નથી. તેની ચિન્તા તું કેમ કરતો નથી?

પાપો કરવાથી દુઃખ–વિપત્તિ અને વારેવારે વિડંબનાઓ જ વળગવાની. વલોપાત કરવાથી કે વિલાપો કરવાથી તે ટળશે નહિ. અને જ્યારે વિડંબનાઓ વળગશે ત્યારે કોઈ પણ સહકાર આપી શકશે નહિ. કોઈ સહારો આપશે તો પણ દુઃખ તો તારે પોતાને ભોગવવું પડશે. નરક નિગોદમાં ગએલ જીવોને કોણ સહારો આપે છે? કોઇ નહિ. માટે આગલા ભવની અને ચાલુ જીવનની ચિન્તા કરવા પૂર્વક મળેલા સાધનોની સફલતા કર. સાંસારિક માયાજાલમાં મસ્તાનો થઇ મલકાય છે. પણ અધિક પરાધીનતાનો વિચાર કરતો નથી. બીલાડો દુધને દેખે છે, પણ ડાંગને દેખતો નથી. તેની માફક વર્તન કરવું ઉચિત જ નથી. તું જોતો જા. કોશેટો મુખમાંથી લાળ કાઢી પોતાનું ઘર બનાવી મલકાય છે કે, કેવો આનંદ ભોગવું છું પણ

જ્યારે ઉના ખળખળતા પાણીમાં નાંખવામાં આવે છે ત્યારે તો અસહ્ય વેદનાનો પાર રહેતો નથી. તેની માફક દેહ-ગેહ-ધનાદિકને પ્રાપ્ત કરી મલકાઈશ તો હે ચેતન તારી અવસ્થા આવી લાગશે. ત્યારે આવી વેદનાઓ ભોગવવી પડે નહિ તે માટે પુણ્યના કાર્યો કર. એટલે માયાદ્વારા સ્વાદમાં અને સ્વાર્થમાં આસક્ત ન બનતા જીનેશ્વરના ગુણોનો રાગી બની આત્માના ગુણોને મેળવવા અતિશય શક્તિ-બલને સ્ફુરાયમાન કર. આનાથી પુણ્યાનુબંધી પુણ્યની સાથે આત્માનો ઉઘાડ થશે. માયાના આવરણો ખસવા માંડશે. મોહમાયાના આવરણોએ જીવાત્માની શક્તિ અને શુદ્ધિ અનાદિકાલથી દબાવેલી છે. તે બલ ફેરવ્યા સિવાય ખસે એમ નથી જ. અને આત્મિક સત્ય રીદ્ધિ-સમૃદ્ધિ અને શુદ્ધિ મળી શકશે નહિ. માટે વિષયોની આસક્તિનો ત્યાગ કરી શુદ્ધિને કરવા પૂર્વક, એક ભક્તની માફક બલને ફેરવવાની જરૂર છે.

એક ધાર્મિક મહારાજાએ નગરીમાં એવી જાહેરાત કરી કે, જે કોઈ સાતમે માળે રહેલા મને આવીને ભેટે તેને સઘળી સમૃદ્ધિ-સંપત્તિથી ભરપુર રાજ્ય આપવામાં આવશે. આ ધાર્મિક નૃપને રાજ્યની સંપત્તિ-સમૃદ્ધિ મળી પણ હૈયાની હોળી-ચિન્તા નષ્ટ થઈ નથી. અને સંકલ્પ-વિકલ્પ ટળ્યા નથી. ટળે પણ ક્યાંથી ? ચિન્તાઓને ટાળવા અને સત્ય શાંતિને મેળવવા, ત્યાગ-સંયમાદિક સિવાય અન્યોપાય જ નથી.

આમ વિચારી જાહેરાત કરે છે. અને રાજમાર્ગે તથા

પોળ, પાડા, વાડા, શેરીમાં વિવિધ જાતિની મેવા મીઠાઈ ગોઠવી છે. તેમજ દરેક સ્થલે મનોહર સુગંધી દ્રવ્યોના ભાજનો મૂકયા છે. જે દેખીને સ્વાદમાં મુગ્ધ બનેલા તથા સુગંધ આસક્તજનો આગળ વધી શકે નહિ. તથા વિવિધ પ્રકારના નાટકો, સીનેમા, તથા વીણા, સારંગી, સતારને જોવાના અને સાંભળવાના રસિક માણસોને આનંદ પડે તેથી, ત્યાંથી એક પગલું ખસે નહિ. તે મુજબ સઘળા સાજ–સાધનો મૂકાવ્યા છે. તેમજ રૂપવતી વારાંગના પણ વિવિધ નૃત્ય, હાવભાવ સાથે કરી રહેલ છે. આમ શા માટે ધાર્મિક નૃપે કર્યું હશે. એવી વિચારણા જાગશે. પરંતુ નૃપનો એવો વિચાર હતો કે રાજ્ય આપવું તે કોઈ નિસ્પૃહને! રાજ્ય તેને અર્પણ કરવું કે તેનો સદુપયોગ સ્વપરનું હિત કલ્યાણકર થાય. અન્યથા જેવા તેવાને આપવાથી તેનો દુરૂપયોગ પણ થાય.

આમ વિચારી ધાર્મિકની પરીક્ષા માટે સઘળી ગોઠવણ કરાવી છે. નૃપની જાહેરાતને સાંભળી દરેક માણસો રાજ્ય લેવાની અભિલાષાવાળા બન્યા. અને રાજ્ય લેવા માટે દરેક માણસો પોતાના ઘરમાંથી બહાર નીકળે છે. તેવામાં આ સુંદર મેવા મીઠાઇને આરોગીને જઇશું આમ વિચારી મેવા મીઠાઈ ખાવામાં બે ત્રણ કલાક કાઢી નાંખ્યા. ત્યાંથી આગળ વધે છે. તેવામાં સુગંધી દ્રવ્યો જેવા કે, હીનાનું, ગુલાબનું અત્તર દેખી તેમાં લલચાઈ ગયા. સુગંધ લેવામાં એવા તો મુગ્ધ બન્યા કે ત્રણ કલાક પછી ભાન આવ્યું.

કે, રાજ્ય લેવા નીકળ્યા છીએ, પણ ખાવા–પીવાના સ્વાદમાં ઘણો ટાઈમ વ્યતીત કર્યો. વળી પાછા આગળ વધ્યા, અને મનોહર સંગીતમાં મન ચોંટ્યું. રાજ્ય લેવાનું ધ્યેય રહ્યું નહિ. સંગીત સાંભળતાં ચાર–પાંચ કલાક વીતી ગયા. વળી પાછું ભાન આવ્યું અને આગળ વધે છે. તેવામાં વારાંગનાઓના નાચમાં, હાવભાવમાં તેઓ ગુલ્તાન બની ગયા કે સાંજ પડી, સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં છે. ત્યારે પાછું ભાન આવ્યું. પરંતુ તે ધાર્મિક નૃપની એવી જાહેરાત હતી કે, જે કોઈ અસ્ત થયા પહેલાં મને મળશે તેને જ રાજ્ય આપવામાં આવશે. બીજાઓને પાછા જવું પડશે. આવી જાહેરાત હતી. પણ આ સ્વાદ રસિકો વિગેરેને ખાનપાનાદિમાં ખ્યાલ રહ્યો નહી. અને દોડાદોડી કરવાપૂર્વક દરવાજામાં આવ્યા કે તરત સૂર્ય આથમી ગયાથી પાછા પોતાના ઘેર પસ્તાવો કરતાં જવું પડ્યું. અને ઘેર આવી વલોપાત કરવા લાગ્યા. પણ હવે વલોપાત કરવાથી વળે શું ? અને મળે શું ?

તે માણસો પૈકી પાંચ ઇન્દ્રિયોના વિષયોની માયા જાલમાં મસ્શુલ નહિ બનનાર એક નિસ્પૃહ ધર્માર્થી ભક્ત જન, સર્વે વિષયનો ત્યાગ કરી એટલે ખાનપાન, સુગંધ, સંગીત, નાટકચેટક વિગેરેનો ત્યાગ કરી સુગમતાએ અને સરલતાપૂર્વક નૃપતિને પ્રણામ કરીને ભેટ્યો. આ રાજાએ તે ભક્તને પુછ્યું કે તું કેવી રીતે આવ્યો ? ભકતે કહ્યું કે સઘળા વિષય વિકારોની સામગ્રી દેખી. પણ મારૂ ધ્યેય,

ભાન, રાજ્ય લેવાનું હતું, તેથી તેઓનો ત્યાગ કરી વિજય મુહૂર્તે તમને ભેટયો. આ મુજબ સાંભળી આનંદપૂર્વક આ ધાર્મિક ભક્તને રાજ્ય અર્પણ કરી, પ્રવ્રજ્યા, દીક્ષા લીધી. અને સાચું સામ્રાજ્ય લઈ, આધિ, વ્યાધિ અને ઉપાધિને હઠાવી. આ મુજબ જે કોઈ નિસ્પૃહ બની વિષયના વિકારોમાં મુગ્ધ બનતા નથી તેઓ સત્ય સામ્રાજ્યના સ્વામી બને છે. એટલે મોંઘેરા મનુષ્ય જન્મને એળે. વૃથા ગુમાવતા નથી. આ સિવાય જે વિષય કષાયના વિકારો-આવિર્ભાવોમાં ગુલ્તાન બને છે. તેઓ મનુષ્યભવને વૃથા, એળે ગુમાવી, ભવોભવની પરંપરા વધારી, દુર્ગતિના મહેમાન બની, અત્યંત પીડાઓ ભોગવે છે. માટે સદ્ગુરુ ઉપદેશ આપે છે કે, અરે મનુષ્ય જેવા મનુષ્ય થઈને માણસાઈ લાવી મળેલી સામગ્રીદ્વારા તેનો દુરૂપયોગ કરીને જન્મને એળે ગુમાવતા નહિ. અરે મનુષ્યભવ પામીને તથા સાનુકુલ સાધનો મેળવીને પણ એક પળવાર, ક્ષણવાર પ્રભુ ભજન કર્યું નહિ. પૈસાને પ્રભુ માની તેનું ભજન કર્યું. સાધુ, સંત, મુનિવર્યને પણ દાન દીધું નહિ. અને વિષયના રસમાં મલકાયો. તે ઉચિત કર્યું છે? નહિ. તે તો વિષય રસ નથી પણ વિષ છે તે નક્કી જાણજે.

તે વિષનું પાન કરી મલકાવા જેવું નથી. હૈયામાં ઉલ્લાસ પામવા જેવું નથી. કારણ કે કેટલાક વિષ એવાં હોય છે કે, બે ઘડી પછી મારે. કેટલાક વિષ એવાં છે કે, છ માસ, બાર મહિના સુધી મારે. અને કેટલાક એવા

હોય છે કે સાત ધાતુ સડવી નાંખે. પણ વિષય વિષ એવું છે કે આરંભમાં મધુરૂ લાગે અને પરિણામે તથા પરલોકમાં મારે. અરે ? ભવની પરંપરા સુધી તેની અસર ખસતી નથી. માટે વિષય વિષનું પાન કરી કેમ મલકાય છે ! ગર્વ ધારણ કરે છે ! તે વિષથી જન્મમરણની પરંપરામાં એવી પીડાઓ સહન કરી કે મુખે કહી શકાય નહિ. તે જન્મમરણ રૂપી નદીઓ ખળ ખળ ચાલતી એમ કહે છે કે, અરે મુગ્ધ બની તેમાં કેમ ફસાઈ પડેલ છે ? અને સત્તા, સંપત્તિ, સાહ્યબી, તેમજ ધનાદિક મારી માફક સ્થિર નથી. ચંચળ અને ક્ષણ વિનાશી છે. આમ સમજી, હૈયામાં ધારણ કરી મનુષ્યજન્મને સફલ કરવા આત્મારામને ભજી લે. આત્મારામને ઓળખવા સત્તા, સંપત્તિ, સાહ્યબી વિગેરેમાં જે આસક્તિ છે, તેનો જરૂર ત્યાગ કરવો પડશે. ત્યાગ કર્યા સિવાય જીનેશ્વરની શક્તિ–સંપત્તિ અને સત્તા –સુખની ઓળખાણ પણ થશે નહિ. તો પછી ઉપાદેયપણું –ગ્રહણતા તો ક્યાંથી આવે ! અને જ્યાં સુધી વીતરાગ જીનેશ્વરના ગુણોની ઓળખાણ તથા ઉપાદેયતા આવી નથી ત્યાંસુધી સત્તા, સાહ્યબી ભલે હોય, તો પણ સ્વપ્નમાં સત્ય સુખ મળે નહિ. મળશે નહિ. કારણ કે સત્તા–સંપત્તિ વિગેરે પ્રાપ્ત કરવા માટે કરેલા વિચારો સ્વપ્નમાં પણ સતાવે છે. જો સત્તા માટે અગર સંપત્તિ, ધનાદિક માટે કાવાદાવા, કલેશ, ઝગડા કરેલ હોય તો, નિદ્રામાં સ્વપ્નદ્વારા કાવાદાવા, કલેશ, ઝગડા વિગેરેનો પ્રાદુર્ભાવ થાય છે. તેમાં

પણ સંસ્કારો પડવાથી એવા એવા આવિર્ભાવ ઉત્પન્ન થાય છે કે, જાગ્રત થયા પછી મનમાં દુઃખ થાય છે. કાપડના વેપારીની માફક–એક કાપડનો વેપારી હતો. પ્રમાણિક હોવાથી ઘણા ગ્રાહકો કાપડ લેવા આવતાં. આ વેપારી કાપડનો જે ભાવ કહે તેનાથી લેનાર ગ્રાહક ઓછા ભાવે માગે ત્યારે પોતાની પ્રવીણતાથી ગ્રાહકોને સમજાવી, કહ્યા મુજબ કાપડ ફાડી આપતો. અને સારી રીતે કમાણી કરી ખુશી થતો. દરરોજ ગ્રાહકો આવે અને તેઓને સમજતા વાર પણ લાગે. પણ વેપારી માલ વેચ્યા પછી જ આનંદમાં આવતો. પણ તેના સંસ્કારો નિદ્રામાં પણ જંપવા દેશે નહિ. વિઘ્નો કરશે તેનું ભાન નહોતું. એક દિવસ ઘરાકોને સમજાવી ઘણું વેચવાપૂર્વક સાંજરે વાળુ કરીને ભાઈસાહેબ રાત્રીના દશ વાગે સૂઈ ગયા. નિદ્રામાં કાંઇક શાંતિ જેવું છે. તેટલામાં દિવસના પડેલા સંસ્કારોનો પ્રગટ ભાવ થયો. સ્વપ્નમાં એક ઘરાક આવ્યો છે, તે વેપારી કાપડનો વધારે ભાવ કહે છે. ગ્રાહક ઓછા ભાવે માગે છે. પણ સમજાવતા ઘરાકનું મન મનાવી બે વાર કાપડ ફાડે છે. આવા સ્વપ્નના યોગે નિદ્રામાં તો કાપડ હોય કયાંથી? પણ પોતાનું થેપાડું જે પહેરેલું હતું તે ફાડી નાંખ્યું. તેનો અવાજ સાંભળી સ્ત્રીએ કહ્યું કે, તમોએ ઉંઘમાં પણ શું ફાડયું. અરે દશ રૂપૈયાનું થેપાડું ફાડી નાખ્યું. કાંઈ ભાન છે કે નહિ? વેપારી જાગ્યો. અને પસ્તાવો કરવા લાગ્યો કે નિદ્રામાં પણ તે સંસ્કારો ખસતા નથી. આતો વેપારીનું

દ્રષ્ટાંત છે. ત્યારે કાવાદાવા કરનારને તથા સત્તા–સંપત્તિને પ્રાપ્ત કરનારને સંસ્કારો દ્વારા કેવા દુઃખદાયી સ્વપ્ન આવતા હશે? તે તો જાણીએ ત્યારે માલુમ પડે. પરંતુ એક જાણેલ દૃષ્ટાંત કહેવામાં આવે છે. કોઈ એક વ્યક્તિને સત્તા, સંપત્તિને મેળવવાનો ઘણો પ્રેમ હતો. જો કે તે સત્તા, સંપત્તિ વિગેરે શારીરિક કાર્યો સાધવામાં સહારો આપે છે. પરંતુ તે સાધ્ય છે, તે તો નથી જ. સત્ય સાધ્ય તો એવું છે કે, કર્મકાટ ખસે અને અનાદિકાલનો મલીન આત્મા છે તે નિર્મલ થાય અને સાચા સુખના લ્હાણનો અનુભવ લીધા કરે. પરંતુ આ માણસને તો સત્તા–સંપત્તિ વિગેરેનું સાધ્ય હોવાથી પ્રતિકુલતાના પ્રસંગે કપટ, પ્રપંચ કરવામાં ખામી લાવતો નહિ. જો તેમાં ફાવટ આવે નહિ તો જબરો હોવાથી બોલાબોલી તેમજ ક્રોધાતુર બની મારામારી પણ કરતો. અને પોતાની ધારણા પુરી કરીને ખુશી થતો. આ મુજબના સંસ્કારો પડેલ હોવાથી એક દિવસ રાત્રીમાં આ ભાઈ સૂઈ ગયા છે. નિદ્રા પણ આવી ગઈ છે. એટલામાં પડેલા સંસ્કારોએ જોર પકડયું. એવું સ્વપ્ન આવ્યું કે, સામે એક માણસ ઉભો છે. અને પોતાના કથન મુજબ માનતો નથી. તેને કપટ, પ્રપંચ કરીને પણ સમજાવે છે. છતાં માનતો નથી ત્યારે ઉંઘમાં જ બોલાબોલી કરવા મચી પડ્યો છે. અને મારામારી કરવા, હાકોટા કરવા પૂર્વક પાસે પડેલી લાઠીને હાથમાં લઈને સામાને લગાવે છે. તે લાઠી પાસે સૂઈ રહેલ સ્ત્રીને વાગવાથી બૂમ પાડતી

કહે છે કે, તમે શા માટે મને લાઠી લગાવી. ઉંઘમાં ને ઉંઘમાં શું કરી રહેલ છે. આ ભાઈ જાગ્યા. સ્વપ્ન ખતમ થયું. ખીને લાઠી વાગવાથી અને ખરાબ સંસ્કારો પડવાથી ઘણો વલોપાત કરવા લાગ્યા. આ પ્રમાણે મનુષ્યભવમાં કાર્યો કરવામાં જો ખોટા સંસ્કારો પડશે તો આત્મારામને શાંતિ ક્યાંથી મળશે ? માટે સદ્‌ગુરુ કહે છે કે....ધાર્મિક કાર્યો કરીને આત્મારામ, પ્રભુને ભજી લે. કે જેથી કલેશ–દાયક, ખરાબ સંસ્કારો પડે નહિ. અને નિદ્રામાં પણ શાંતિ રહે. શ્રીબુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે કે આ ઉપદેશને સાંભળી હે ચેતન ! અરે ભવ્ય ? તું ચેતી જા.

કેટલાક મુગ્ધજનો ચોરી જારીમાં આનંદ માનતા હોવાથી રાત દીવસ તેના વિચારો કરવાપૂર્વક, લાગ મળે ત્યારે ચોરી જારીમાં વખત વીતાવે છે. તેઓને ઉદ્દેશી સદ્‌ગુરુ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી ઉપદેશ આપતાં ૧૧મા પદના કાવ્યની રચના કરતા ફરમાવે છે કે—

અરે મનુષ્યો ? તમોને આત્મોન્નતિ કરવાના સાધનો મળી શકે એમ છે છતાં, સંસારમાં અત્યંત સંકટ, વિડંબનાઓ આવી લાગે એવા કયા ઉન્માર્ગે આરૂઢ થયા છો. તેવા માર્ગે લેશ પણ શાંતિ નથી. સાંભળો.

**જુઓ ઝપાટો જુઓ ઝપાટો કાળનો વિકરાળ રે,**
**ભજન કરી લે. એ—રાગ**
**જગત જીવને પાશ પકડી, કરતો નિત્ય ફરાળરે.**
**જુઓ૦ ॥૧॥**

રાજા રંક અરૂ બાદશાહને, માલીકને મહીરાણરે;
ગોંદી ઘાલ્યા ઘોર માંહિ, ચાલ્યા કેઈ મસાણરે.
જુઓ૦ ॥૨॥

ચોરા જારી ચુંગલીમાં, કાઢે દિનને રાતરે;
તેના શરીર મળી ગયાં, માટીમાંહિ કોઈ ન પુછે
વાત રે. જુઓ૦ ॥૩॥

રાત ન ગણશે દિન ન ગણશે, વૈધૃતિ વ્યતિપાત રે,
જોતાં ટગમગ ચાલવું જીવ, માતપિતાને ભ્રાતરે.
જુઓ૦ ॥૪॥

ચાલ્યા અનંતા ચાલશે જગ, વૃદ્ધ યુવાન નર નારરે;
બુદ્ધિસાગર ચલત પંથે, ધર્મનો આધાર રે.
જુઓ૦ ॥૫॥

સદ્ગુરુ ઉપદેશ આપે છે કે, અરે મોહથી વિકલ બનેલ માનવીઓ? તમો ધારતા હશો કે અમો અમર થઈને આ જગતમાં રહેવાના. અને રહીશું. આમ વિચારણાના યોગે દુન્યવી વિષય વિલાસો કોઇણી રીતે માણી લઇએ. શા માટે મોજમજા માણીએ નહિ. જે સાધન સામગ્રી મળી છે, તે ભોગ–ઉપભોગ માટે જ મળી છે. આવા વિચારયોગે વિકરાળ–કોઈ પણ તેનો પરાજય કરી શકે નહિ એવો, કાળનો ઝપાટો આવી રહેલો છે. તેને પાછળ વળીને જુઓ. તમોને માલુમ પડશે કે કયાં સુધી ભોગ

વિલાસો માણી લેવાશે. તે કાળ–વિકરાળ બની મોહમાયા, અહંકાર, અદેખાઈ વિગેરે પાશના બંધનો દ્વારા પકડી, જગતના જીવોને દરરોજ ફરાળ કરતો રહે છે એટલે મરણ શરણ કરે છે. તમોને પણ લાગ આવી મળતાં મરણને શરણ લઈ જશે. માટે બરોબર તલસ્પર્શી વિચાર કરી તપાસ કરો. જુઓ. વિષય વિલાસમાં, ભોગઉપભોગના વિલાસોમાં વિનાશ સમાએલ છે. તેનો અનુભવ તમોને થતો રહે છે, છતાં મોહમદિરાના ફંદમાં, કેફમાં એવા ફસાઈ પડયા છો કે પાછું વાળીને તપાસ કરવાનો વખત મળતો નથી. આ કેફ એવો તો મીઠો માર મારે છે કે, માર ખાતાં પણ મીઠાશને જાણો છો ? પણ પરિણામે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે કે, તે મીઠો માર ખાધા પછી ઉભા થઈ શકો જ નહિ. એક ચોર, જારની માફક—એક ભિલ્લ, ચોરી, જારી કરવામાં ઘણો કુશળ હતો. કોટવાળ, પોલીસોથી પણ પકડાતો નહિ. પોતાના ઘરમાં ખોદેલા કુવામાં ચોરીનો માલ નાંખી જાહેરમાં શાહુકારી બતાવી મલકાતો. ઘરમાં ભીલડી નારી, બીજાને આ બીના, અનાચાર કહી દેશે. આમ ધારી તેણીને પણ મારી નાંખી. વ્યભિચારી બન્યો. જારકર્મ કરતાં પેટ ભરીને માર ખાતો. છતાં આરંભમાં મીઠાશ લાગતી તેથી આ વ્યસનનો ત્યાગ કરતો નહિ. વ્યભિચારમાં તો વારે વારે માર ખાવો પડે. છે. માટે પૈસા ખર્ચીને પણ બીજી ભીલડી લાવું. આમ વિચારી બીજી ભીલડીને પરણ્યો. તેના તરફ પણ શંકા

કરતો કે, આ બાયડી મારા ઘરની વાત અન્યજનોને કહેશે તો સઘળી પોલની જાહેરાત થશે. ફોજદાર, પોલીસને ખબર પડશે તો સઘળો ચોરીનો માલ કબજે કરશે. એટલું જ નહિ પણ મને પકડી સખત શિક્ષા–સજા કરશે. માટે આ સ્ત્રીને ઘણા વર્ષો સુધી જીવતી રાખવી નહિ. ચોરી, જારી કરનારને કરૂણા હોય કયાંથી ? તેવાઓને વિષય, વિલાસ અને સંપત્તિ સિવાય અન્ય કોઈ વહાલું લાગતું નથી. ભલે પછી સગાં વહાલાં હોય, પરણેલી તે ભીલડીની સાથે થોડા દિવસો વિષય વિલાસો કરીને તેણીને પણ મારી નાંખી. પણ વિષય વિલાસની મીઠાશના પાશમાં પકડાએલ, પાછો ગુપ્ત રીતે વ્યભિચાર કરવા લાગ્યો. પ્રથમ જે માર ખાધેલ હતો તે ભૂલી, એક ઘરમાં પેઠો. તેવામાં તે ઘરના માલીકે લાઠી વડે એવો માર્યો કે ઉભો થઈ શકે નહિ. પરાણે પરાણે પગ ઘસતો પોતાના ઘરમાં આવ્યો. એ માર એટલો બધો સાલ્યો કે જીવનભરની ખોડ ભૂલી ગયો. ઘણા દિવસે સાજો થયો. હવે બાયડી વિના અને ચોરી કર્યા વિના ચાલશે નહિ. આમ ધારીને ત્રીજી બાયડી કરી. તે ઘણી ચાલાક, અને રૂપાળી હતી; અને તેને ખુશ કરવામાં પણ કુશળ હતી; તેણીને મારી નાખવાનું મન થતું. પણ મારી શકતો નહિ. બાર મહિનામાં તો તેણીએ દીકરાને જન્મ આપ્યો. દીકરો પણ બોલવામાં હુંશીયાર થયો. તેથી દીકરા તરફથી પણ શંકાને કરવા લાગ્યો કે, આ છોકરો ચાલાક અને બોલકણો હોવાથી મારા ઘરની

વાત કહી દેશે. માટે પ્રથમ તેની માતાને મારી, પછી તેનો ઘાટ ઘડું. આમ વિચારી તેણીને મારી નાંખી. તેથી તેનો દીકરો ભય પામી નાઠો. બહાર આવીને બોલવા લાગ્યો કે, મારી બાને મારા બાપે મારી નાંખી. લોકો એકઠા થયા. ફોજદાર વિગેરે હાજર થયા. તે ભીલને પકડી સખ્ત સજા કરી. જીવનપર્યંત કેદખાનામાં સખ્ત મજૂરી કરવી પડી. અને સઘળો ચોરીનો માલ, ફોજદાર વિગેરેએ કબજે કરી રાજાને સોંપ્યો. રાજા પ્રમાણિક હતો તેથી જાહેરાત કરી કે, જેનો માલ ચોરાએલ હોય તે રાજાની પાસે રહેલ છે. તે ઓળખી લઈ જાય. જેનો માલ ચોરાએલ નહિ હોય અને લેશે તેને સખ્ત સજા કરવામાં આવશે. દરેક માણસોએ જેનો માલ ચોરાએલ હતો તેઓજ ઓળખી લઈ ગયા. ભીલ જીવંતપર્યંત કેદખાનામાં સખ્ત મજુરી કરવાથી ઘણો દુઃખી થયો. અને મરણ પછી પણ દુર્ગતિમાં અત્યંત દુઃખ વેઠવું પડયું. આમ સમજી ચોરી, જારીનો ત્યાગ કરવો જરૂરી છે. અને કદાચ પકડાય નહિ તો પણ કાળ તો પાછળ ઝપાટાબંધ દોડતો આવે છે. આમ સમજીને પ્રમાણિકતાયે વર્તન રાખવું. કાળ કોઈને પણ છોડતો નથી. ભલે પછી રાજા, રંક કે સઘળી પૃથ્વીનો સમ્રાટ હોય. તોપણ છેવટે કાળના પાશમાં પકડાવું પડે છે. બાદશાહ કે બહાદુર હોય, શેઠ હોય કે શાહુકાર હોય તોપણ કેટલાક મરણબાદ ઘોરોમાં દટાયા. કેટલાક ભૂમિકાઓમાં ઘલાયા. કેટલાકના શરીરો ચિતાની અગ્નિમાં બળી રાખ

થયા. કાળ આવે છે ત્યારે વિધૃતિ કે વ્યતિપાતને દેખતો નથી. વિલંબ વિના પ્રાણોને ખતમ કરે છે. એકલાને પુણ્ય અને પાપના સંસ્કારો લઇને પરલોકમાં જવું પડે છે. માટે કાળ, ઝપાટો લગાવે તેની પહેલાં પરોપકાર જે પુણ્યના કારણો છે. અને ધાર્મિક ક્રિયાઓ જે આત્મશુદ્ધિના કારણો છે. તે સઘળા પ્રમાદનો ત્યાગ કરવાપૂર્વક સાધી લે. તે સઘળા કારણોને સાધી લઇશ તો જ પરલોકમાં અને આ લોકમાં આશાને પૂર્ણ કરવાના અનુકુલ સાધનો મળી રહેશે. જેવાં બીજ વાવ્યા હોય તેવા ફલ મળે છે. બંટી વાવી હોય તો બાજરી ક્યાંથી મળે ? બાવળીઓ વાવવાથી આંબા મલે નહિ જ. ફક્ત ભાગ્યના ભરોંસે રહેશો અને સદુધ્યમ કરશો નહિ તો ભાગ્ય પાંગળુ બનવાથી ફલીભૂત થતું નથી. એટલે ભાગ્યને ફળવામાં સારા ઉદ્યમની આવશ્યકતા છે. તમે કહેશો કે અમે ઘણે સ્થલે જોઇએ છીએ કે ઉદ્યમ કર્યા વિના ભાગ્યાનુસારે કેટલાક ભાગ્યશાલીઓ સંસારમાં વિવિધ વિલાસો કરવાપૂર્વક મોજમજા માણી રહેલા છે. તેઓએ ઉદ્યમ કર્યો નથી. છતાં રાજા, મહારાજા, અધિકારીઓ બની, આનંદથી જીવન વીતાવે છે. તે કેમ ? તેના ઉત્તરમાં સમજવાનું કે ભલે તેઓને ઉદ્યમ કરતા દેખ્યા નહિ. પરંતુ તેઓ પ્રથમભવમાં પરોપકારાદિક પુણ્ય કરીને, તથા તેના સંસ્કારો સાથે લઇને આવ્યા છે. તે સંસ્કારો સારા ઉદ્યમ સિવાય પડતા નથી. માટે આ ભવમાં તમે ઉદ્યમ કરતા દેખ્યા નહિ, છતાં ઉદ્યમ કરીને આવેલા છે અને સૂક્ષ્મથી

એટલે તમારી નજરમાં આવે નહિ તેવી રીતે ઉદ્યમ તેઓ કરી રહેલા છે જ. માટે સુખશાંતિ સાથે જીંદગાની પસાર કરવી હોય તો ધાર્મિક કાર્યો કરવાનો પુરુષાર્થ કરો. કાળનો ઝપાટો શરીર ઉપર વાગે છે. પણ આત્મા ઉપર તેનું જોર ચાલતું નથી જ. માટે આત્મશુદ્ધિ માટે પણ વખત કાઢી, ઉદ્યમ કરવાની જરૂર છે. સદુદ્યમ કરશો નહિ. અને મોજ મજામાં, ભોગ–ઉપભોગના વિલાસોમાં જીવન વ્યતીત કરવામાં આવશે તો પરોપકારાદિક પુણ્યના કાર્યો કરવાનો વખત ક્યાંથી મેળવશો ? ભોગ–ઉપભોગના વિલાસોની સાથે ધાર્મિક કાર્યોનો અત્યારનો વિરોધ નથી. પણ અનાદિકાલનો છે. વિલાસોમાં રાચી માચી રહેલાઓ જ્યારે કાળનો ઝપાટો વાગવાની તૈયારીમાં હોય છે. ત્યારે માત, પિતા, પત્ની, પુત્ર વિગેરે સ્વજનવર્ગ સન્મુખ જોયા કરે છે. તેમજ પોતે પાપો કરીને બંધાવેલ, મકાન, મહેલ, સત્તા, સંપત્તિ વિગેરેને દેખી ગાઢ વલોપાત, ચિન્તા, સંતાપ કરતા હોય છે. છતાં તે દુઃખમાં કે સંકટમાંથી ભાગ પડાવતા નથી. તેઓની સન્મુખ ટગમગ જોતાં કે મીંટ માંડીને જોતાં કાળ કોળીઓ કરી જાય છે. તે તો તમારી અનુભવની બીના છે. તો તમોને તે કાળ ક્યાંથી બાકી રાખશે. તમારા જેવાં કે વૃદ્ધ–યુવાન કે બાળકને પણ કાળનો ઝપાટો છોડતો નથી. માટે કાળનો ઝપાટો વાગે નહિ તે પહેલાં શ્રી બુદ્ધિસાગર; જ્ઞાનના દરિયા–રૂપ કેવલજ્ઞાનીએ દર્શાવેલ માર્ગે ચાલ ? સદ્ગુરુ શ્રીબુદ્ધિસાગરજી

કવિવર્ય કહે છે કે, કેવલજ્ઞાનીએ બતાવેલ ધર્મના માર્ગે ચાલ્યા વિના પરિતાપ, સંતાપ વિગેરે ટળશે નહિ. અને સાચા સુખની ચાહના દરરોજ કરી રહેલા છો તે ચાહના –અભિલાષા ક્યાંથી ફલીભૂત થશે ? ઘણાએ ભાગ્યશાલીઓએ ભોગ વિલાસો કર્યા છે પણ તેમાં સાચા સુખનો લવલેશ દેખ્યો નહિ ત્યારે કેવલી ભગવાને દર્શાવેલ માર્ગે ચાલી, દુ:ખોથી મુક્ત બની સાચા સુખના સ્વામી બન્યા છે. તમે પણ તે સન્માર્ગે ચાલશો તો સંતાપ, પરિતાપાદિકથી મુક્ત બનશો. સત્ય સુખના ભોક્તા બનશો.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ફરમાવે છે કે, બાળક, યુવાન કે વૃદ્ધને અન્યજનનું શરણું લેવાની ઇચ્છા થાય છે. સંસારની મુસાફરીમાં સહારો હોય તો જ, મુસાફરી, સરલતા–સુગમતાએ કરી શકાય છે. અને ઇષ્ટ સ્થલે પહોંચાય છે. તેની માફક મોક્ષનગરીમાં જવા માટે, અરિહંત ભગવાનની સહાયતા–શરણું લીધા સિવાય ઇષ્ટ, મોક્ષનગરે સુગમતાએ પહોંચી શકાતું નથી. માટે પ્રથમ જીનેશ્વરનું શરણુ–સહારો ગ્રહણ કરો. તેનો ઉપદેશ આપતા બારમા પદના કાવ્ય દ્વારા ફરમાવે છે કે—

**(૧) ભજન કર મન ભજન કર, મન,**
**ભજન કર ભગવંત રે;**
**મૃત્યુ માથે ગાજતું તુજ, મનમાં શું હરખંત રે,**
**ભજન કર મન ભજન કર મન. ॥૧॥**

મૂછ મરડી મહાલતાને, ગરવે દેતા ગાળ રે;
રાવણુ જેવા રાજવી પણુ, કોળીયા થઈ કાળ રે.
ભજન૦ ॥૨॥

દેતા હસી હસી તાળીયોને, માયામાં ગુલતાન રે,
પરભવ વાટે ચાલીયા તે, ભૂલી ભમે નાદાન રે.
ભજન૦ ॥૩॥

રજની થોડી વેશ ઝાઝા, આયુ એળે ન ગુમાવરે,
ફરી ફરીને નહિ મળે જીવ, ધર્મ કરણુનો દાવ રે.
ભજન૦ ॥૪॥

જરૂર જન્મી જાવું એક દિન, કોઈ ન જગ ઉગરંતરે,
બુદ્ધિસાગર શરણુ કરી લ્યો, દેવ શ્રી અરિહંત રે.
ભજન૦ ॥૫॥

સદ્ગુરુ ફરમાવે છે કે, જે માનવગણુ પોતાની મુસાફરી, સંસારમાં સુગમતાએ થાય અને આધિ-વ્યાધિની વિડંબનાઓ વળગે નહિ તે માટે સાંસારિક સાધન સામગ્રીનું શરણુ લઈ, તેના ઉપર સુખનો આધાર રાખે છે તેને સમ્યગ્ જ્ઞાની કહે છે કે, તેવા સાધનોનું શરણું, આધાર સ્વીકારી કોણુ સુખીયો થયો ? કોના હૈયાની ચિન્તા ઓાછી થઈ? કોને નિર્ભેળ સાચા સુખની પ્રાપ્તિ થઈ! તે તો કહો ? કોઈને પણુ નહી. તેવા સાધનો ઉપર સુખનો જે વિશ્વાસ રાખ્યો હતો તે જ સાધનોએ દગો

દીધો. વિષયકષાયના વિકારોમાં અધિકાધિક ફસાવ્યા. આવા સાધનો સાચા સુખને દેનારા કેમ કહેવાય? માટે તેના ઉપર જે ભરોસો છે તેનો ત્યાગ કરી, શ્રીઅરિહંતનું ભજન કરો. તેમનું શરણ, આધાર સ્વીકારો તો જ આધિ, વ્યાધિ અને ઉપાધિજન્ય ચિન્તાઓ અને વિડંબનાઓ ટળશે. અને અપૂર્વ, કોઈ દિવસે નહિ પ્રાપ્ત થએલ આનંદની લહેરીઓનો આવિર્ભાવ થશે. આ મુજબ મનને નિત્ય શીખામણ આપવાની જરૂર છે કે, અરે મનડા? જ્યાં દુ:ખની ગર્તાઓ છે, તેમજ તેમાંથી નીકળવાનો ઉપાય નથી, ત્યાં શા માટે ભટકે છે, તેનું ભજન કરે છે, અને મનની સાથે અરે માનવીઓ, તમો કયાં ભટકાઓ છો? માટે માનસિક વૃત્તિઓને વશ કરી, શ્રી અરિહંત ભગવાનનું ભજન કરો. તેમનું ભજન કરવાપૂર્વક, તેમની આજ્ઞા મુજબ સંસારમાં રહો. એટલે ધર્મનો આદર કરી, જન્મમરણના અત્યંત કષ્ટદાયક સંયોગો, નિમિત્તોને દૂર કરો. પ્રભુ ભજન, ચાર દોષોને દૂર કરીને કરવું જોઇએ. તો જ માનસિક વૃત્તિઓ કબજે આવી, સ્થિરતા ધારણ કરે છે. તે ચાર દોષો, જેવા કે, દગ્ધ, શુન્ય, અવિધિ, અને અતિપરિણુતિ. આ ચાર દોષો ટાળ્યા વિના ભજન કરનારનું મન સ્થિર થતું નથી; દુન્યવી ચિન્તાઓ કરતા જે વિધિ બતાવી છે, તે મુજબ ભજન થતું ન હોવાથી, ઇષ્ટ ફલ મળતું નથી. તવાની ઉપર રોટલી મૂકી હોય, પણ વિધિપૂર્વક ફેરવવામાં આવે નહિ તો તે બળી જાય. તે મુજબ, દુન્યવી ચિન્તા કહો

કે, ચિંતા કહો. તેના ઉપર રાખેલ ભજન ફલીભૂત થતું નથી. માટે ચિન્તાઓનો પ્રથમ ત્યાગ કરવો જરૂરનો છે. તથા શૂન્ય દોષને પણ ટાળવાની અગત્યતા છે. તમો જાણો છો કે, ઉપયોગ, ખ્યાલ, ધ્યાન રાખ્યા વિના એકેય કાર્ય સુધરતું નથી. મનને જેમ તેમ દોડવતાં જે ઉપયોગ જોઈએ તે રહેતો નથી. એથી ભજનમાં ભૂલો પડે. માટે શૂન્ય દોષને દૂર કરવા જેવો છે. તથા અવિધિ દોષનો પણ ત્યાગ કરવો. વિધિમાં ધ્યાન રાખવાના બદલે, મનની ઇચ્છા મુજબ ક્રિયા કરે તે અવિધિ દોષ કહેવાય. તથા અતિપરિણતિ દોષને ત્યાગ કરવાની જરૂર છે. જે ક્રિયામાં જે જે વિધાન બતાવેલ છે, તેથી પોતાની કુશળતા બતાવવા અધિકાધિક કરે તે અતિપરિણતિ દોષ કહેવાય આ મુજબ ચાર દોષોને ટાળવાથી ધાર્મિક ક્રિયાઓ ફલવતી બને છે. પછી સામાયિકની ક્રિયા હોય કે, પ્રભુની પૂજા હોય કે, જ્ઞાન ધ્યાન હોય. દરેકમાં ઉપરોક્ત દોષોનો ત્યાગ કરવો જરૂરી છે. દોષોને ટાળી ભજન, કીર્તન કરનારાઓના દોષો તથા પાપો ખસવા માંડે છે. તેથી દોષો અને પાપો ખસતા, સાંસારિક પદાર્થોમાં જે આસક્તિ છે તે નાશ પામે છે. વ્યાવહારિક કાર્યોમાં ચીકણા કર્મ બંધનો અભાવ થાય છે. માટે અરે ભાગ્યશાલીઓ! અનુકુલ સાધન સામગ્રી મળતાં અમો જ સુખી છીએ. અમોને હવે દુઃખ આવવાનું છે નહિ. આમ વિચારણા કરી મનમાં શું હરખાઓ છો? અને મલકાઓ છો? અનુકુલ સાધનો હોતે પણ જરા, મરણ

તો પાછળ દોડતું આવે છે ને ? તેનો વિચાર કરવામાં આવે તો હરખાવા કે મલકાવા જેવું છે જ નહિ. ક્યારે આવીને બાજ, ચકલીને ઝડપી લે, તેની માફક મૃત્યુ ઝડપી લેશે તેની ખબર પડશે નહિ. માટે પ્રભુ ભજન વિગેરે શુભ ક્રિયાઓ, માનસિક, વાચિક, અને કાયિક વૃત્તિઓની એકતા કરીને ધ્યાન રાખવા ઉપયોગ રાખો. મધુ બિન્દુના દૃષ્ટાંત માફક વર્તન રાખશો નહિ.

એક પથિક, મુસાફર, ગંભીર અને ભયંકર અટવીમાં માર્ગ ન જડવાથી પરિભ્રમણ કરી રહેલ છે. નીકળવાનો માર્ગ સુઝતો નથી. તેવામાં એક વિકરાળ હાથી તેની પાછળ પડચો. તેથી અધિક ભયભીત બની, પ્રાણો બચાવવા દોડા દોડી કરતા ખ્યાલ ન રહેવાથી એક ગોઝારા કુવામાં ભૂસકો માર્યો. તેવામાં એક વડલાની વડવાઈ પકડી લીધી, અને ભયને દૂર કરી નિર્ભયતાયે રહ્યો છે. પણ તે ગોઝારા કુવામાં નીચે મુખ વિકાસી રહેલ, અજગર દેખતો નથી. તથા પાછળ પડેલો હાથી પોતાની સૂંઢ વડે વડલાને હચમચાવી રહેલ છે. અને કાળો અને ધોળો આ બે ઉંદરો વડલાના મૂળને કાપી રહેલા છે. તે પણ દેખતો નથી. પણ વટમાં રહેલ મધપૂડામાંથી મધના જે બિન્દુઓ પડીને મુખ આગળ આવતા હતા. તેને ચાટી રહેલ છે. તેમાં જ મીઠાશ માની મુગ્ધ બનેલ છે. પણ ક્યાં મીઠાશ આવશે તેની ખબર નથી. તેથી મલકાઈ રહ્યો છે. અને હરખાઈ રહ્યો છે. એ અરસામાં એક વિદ્યાધરે વિમાનમાં બેસી, તે સ્થલે ગમન કરતાં, મધુ-

બિન્દુઓની મીઠાશમાં ગુલ્તાન થએલ તેને દેખ્યો અને કરૂણા આવવાથી મલકાતા તે મુગ્ધને દેખીને કહેવા માંડયું. કે, અરે મધુબિન્દુઓમાં મીઠાશ માની મુગ્ધ બનેલ માનવી? ઉપર અને નીચે તપાસ કરી વિચાર કર. દેખ તો ખરો? આ વડલાના મૂળને બે ઉંદરો કાપી રહેલ છે. તેમજ ભયંકર હાથી આ વડલાને હચમચાવી રહેલ છે. તથા કુવાની નીચે અજગર મુખ વિકાસી પડી રહ્યો છે. આવી જીંદગાનીના જોખમમાં પણ, મધુબિન્દુઓની મીઠાશમાં આસક્ત બની હર્ષઘેલો બન્યો છે. તે જો. ઉંદરો મૂલ કાપતા હોવાથી, તું આ ગોઝારા કુવામાં પડીશ તો, અજગર તારૂં જીવન ખતમ કરશે. માટે તારા ઉપર કરૂણા આવે છે. તારી અભિલાષા હોય તો, આ વિમાનમાં બેસાડી ઇષ્ટ નગરે લઈ મૂકું. છે ઇચ્છા? જીવનના જોખમને દેખી રહ્યો છે! બોલ? તને વિમાનમાં લઇ જવા પ્રયત્ન કરૂં. આ મુજબ સાંભળી વડવાઈને પકડી લટકી રહેલ તથા મીઠાશમાં મુગ્ધ બનેલ તેણે કહ્યું કે, તમે જે કહો છો તે બરોબર છે. જોખમને જાણી રહેલ છું. પરંતુ આ મધુબિન્દુઓની મીઠાશને મુકી શકું એમ નથી. આ મધપુડો ખલાસ થયા પછી આવજો. મરણ કરતાં મીઠાશ અધિક પ્યારી લાગે છે. આ મુજબ સાંભળી વિદ્યાધર ખેદ કરતો ચાલી ગયો. હવે તે વડલો પડતા વિલંબ થાય ખરો કે? અને અજગરના મુખમાં પડતા વાર લાગે ખરી કે? નહિ જ આ મુજબ વિષયની મીઠાશમાં મલકાઈ રહેલ માનવીઓ મહા

મોંઘેરા મનુષ્ય ભવને ખતમ કરે છે. શુકલ અને કૃષ્ણપક્ષ આયુષ્યને કાપી રહેલા છે. અને સંસારની ભયંકર અટવીમાં ભૂલા પડેલાની પાછળ આધિ, વ્યાધિ, વિડંબના રૂપી હાથી પડેલો હોવાથી કાંઈક, પુણ્યયોગે મધુબિન્દુઓ જેવી અનુકુલ સામગ્રી મળી છે, પણ તેમાં મોહઘેલો બનેલ હોવાથી, અજગર જેવા કાળને દેખતો છતાં વિદ્યાધર, મુનિવર્ય, આચાર્ય મહારાજના વચનોને માનતો નથી. કહો હવે આવા જોખમમાં હાલત શી થાય? તે માટે કરૂણા લાવી સદ્‌ગુરૂ ફરમાવે છે કે, આ વિષય સુખની મીઠાશ મધુબિન્દુઓ જેવી છે. તેમાં મહાલવા જેવું નથી. ક્યારે આયુષ્ય ખતમ થશે તેની ખબર નથી. કારણ કે આયુષ્યને તૂટવાના ઘણા નિમિત્તો છે. તૂટતાં આયુષ્યને સાંધવાનો એકેય ઉપાય નથી. માટે અરિહંત ભગવાનની આજ્ઞાને મસ્તકે ઉઠાવી, આસક્તિનો ત્યાગ કરવા પૂર્વક ધર્મની આરાધના કરો. અરે મુગ્ધ માનવીઓ ? તમારા જેવા પ્રાપ્ત થએલ સાધન સામગ્રીમાં, વૈભવ વિલાસમાં મલકાઈ હર્ષઘેલા બની પાછળ જોતા નથી કે, આ વલોપાતના જ નિમિત્તો છે. સંતાપ–પરિતાપાદિકના કારણો છે. કેવી રીતે ? સાંભળો ? ભાગ્યમાં હોય ત્યાં સુધી રહે, અને ભાગ્યોદય ખતમ થતાં તે સાધન સામગ્રીનો વિયોગ થતાં વાર લાગતી નથી. તમને માલુમ તો હશે કે વિષય–વિલાસોમાં ભાગ્ય–પુણ્ય ખલાસ થતું જાય છે. જ્યારે પુણ્ય ખતમ થશે ત્યારે સંતાપ–પરિતાપ–વલોપાત–વિગેરે અનિચ્છાયે પણ આવી વળગશે. માટે ભાગ્ય ખતમ થાય તેની

પહેલાં ધર્મની આરાધનાના યોગે પુણ્યના કાર્યો કરો કે, જેથી સંતાપ વિગેરે થશે નહિ. આ મુજબ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરશો તો, રાવણ જેવી દશા આવી લાગશે. રાવણની પાસે ભરતખંડના ત્રણ ખંડની સત્તા તથા સાહ્યબી, વૈભવ હતો. ને શત્રુઓનો પરાજય કરવા ચક્ર વિગેરે અસ્ત્ર શસ્ત્રો હતા. અને મહાવિદ્યાઓની પણ સાધના કરેલી હોવાથી તે હાજરા હજુર હતી. મંદોદરી પ્રમુખ ઘણી મહારાણીઓ હતી, છતાં મહા સતી સીતાજીમાં મુગ્ધ બન્યો. સીતાજીને ખુશ કરવા વિવિધ ઉપાયો કર્યાં. અરે પગમાં પડ્યો. આ કેવી વિષયની ઘેલછા? આવા મહાન્ રાજાઓ પણ, મૂછો મરડી, હર્ષઘેલા બની તથા સાહ્યબીના ગુમાનમાં ને ગુમાનમાં બીજાઓને ગાળો દેતા, તિરસ્કાર–ધિક્કાર વિગેરે કરતાં મરણને શરણ થયા છે. તો પછી તમારૂં ગજુ શું? માટે સમજીને આત્મકલ્યાણ થાય તેવો માર્ગ સ્વીકારવો તેજ જીવની સફલતા છે. અને સાર્થકતા છે. હેડીમાં જીવનને ખલાસ કરો નહિ. રજની થોડી ને વેશ ઝાઝા. આયુષ્ય એળે ગુમાવો નહિ. આયુષ્ય અલ્પ છે અને કાર્યો ઘણાં કરવાના છે. માટે આયુષ્ય હોય ત્યાં સુધી સંસારની વિષય સુખની મીઠાશનો ત્યાગ કરી, ધર્મની આરાધના સાધી લો? વારે વારે ધર્મક્રિયાઓ કરવાનો દાવ–લાગ મળવો દુષ્કર છે. તેમજ અશક્ય પણ છે કારણ કે સાંસારિક વિષય વિલાસોમાં મુગ્ધ માણસો, અજ્ઞાનતાના યોગે એકેન્દ્રિયની યોનીમાં જઈ પટકાય છે. અગર મહાપાપારંભોના યોગે,

તિર્યંચ જેવા કે પશુપંખી થાય છે. અગર નારકી બની અસહ્ય યાતના-દુઃખોની વિડંબનાઓને સહન કરતા, પોકારો પાડતાં મળેલ ભવ વીતાવવો પડે છે. પશુપંખીના ભવમાં કેવી અસહ્ય પરાધીનતા રહેલી છે, તે તમો સાક્ષાત્ નિહાળો છો. માટે આવી હલકી ભૂમિકા, યોનિમાં જવાય નહી, અને મનુષ્ય, સ્વર્ગો વિગેરેની ઉચ્ચ ભૂમિકા મળે, તે માટે ભગવંત અરિહંતની સેવા, ભક્તિ, ભજનાદિકના યોગે શુભ સંસ્કારોને આત્મા સાથે ઓતપ્રોત કરો. જેઓએ જન્મ ધારણ કર્યો, તેઓને જરૂર પરલોકે જવું જ પડશે. દરેક પ્રાણીઓ અમરપટ્ટો લઈને આવેલ નથી. છતાં સારી ભાવનાઓના યોગે શુભ સંસ્કારો પડેલ હોવાથી અમરપટ્ટો આ મનુષ્ય ભવમાં જ મળી શકે છે. અને પરમપદની પ્રાપ્તિની પણ અહિંઆ જ તૈયારી કરી શકાય છે. તે સ્મરણમાં રાખીને, એવી કરણી કરો કે નીચ ગતિના બારણા બંધ થાય. વિષય સુખો તે સાધ્ય નથી, પણ ત્યાગ કરવા લાયક છે આમ વિચારી, જલકમલવત્ નિર્મલ બનવા પ્રયત્ન કરવાની જરૂર છે. પ્રભુની સેવા-ભક્તિ અને ભજનનાં યોગે જ સારી ભાવના ઉત્પન્ન થશે. તે ભાવનાના યોગે શુભ સંસ્કારો પડશે. શુભ સંસ્કારો આત્મામાં પાડવા તેજ સત્ય કમાણી છે. અને મૂડી છે. દુન્યવી મૂડીના યોગે કરેલ કમાણી તો અહિંઆ જ પડી રહેશે. સાથે આવશે નહિ. સાથે આવનાર તો પુણ્ય પાપના વ્યાપારો દ્વારા પડેલ શુભ અશુભ સંસ્કારો છે. આમ સમજી શુભ સંસ્કારની સારી

કમાણી માટે જ વિચારો, વિવેકને ધારણ કરો. આ મુજબ ઉપદેશ આપી સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ભવ્યજનોને પુછે કે, તમોએ મનુષ્ય જન્મને ધારણ કર્યો; જન્મને ધારણ કરી શું શું કાર્ય કર્યું ? તે ઉપર ૧૩ મા પદની કાવ્ય રચના કરતાં કહે છે કે,

(૨) માયામાં મનડું મોહ્યું રે જાગીને જો તું,
નરભવનું જીવન ખોયું રે જાગીને જો તું. આ-રાગ.
માતાની કૂખે આવી, નવ માસ ઉંધો રહિયો,
ત્યાં દુઃખ અનંતુ લહીયો રે. જાગીને જો તું ॥૧॥
બાલપણામાં સમજ્યો ન દેવગુરૂ સેવા,
રમવું ને મીઠા મેવા રે. જાગીને જો તું ॥૨॥
જુવાનીમાં જુવતીના સંગ બહુ ખેલ્યો,
તેં ધર્મને પડતો મેલ્યો રે. જાગીને જો તું ॥૩॥
પૈસા માટે પાપો કર્યાં તેં બહુ ભારી,
તેં આતમને વિસારી રે. જાગીને જો તું ॥૪॥
રાગ દ્વેષે વાહ્યો અજ્ઞાને ભરમાયો,
નાહક જ્યાં ત્યાં ધાયો રે. જાગીને જો તું ॥૫॥
સુખે દુઃખે પ્રાણીને એક દિન મરવું,
પણ કામ વધાર્યું વરવું રે. જાગીને જો તું ॥૬॥
કરીશ તું જેવું પામીશ ભાઇ તેવું,
કોઇને કાંઈ ન કહેવું દેવું રે. જાગીને જો તું ॥૭॥

સ્વપ્નાની જુઠી બાજી, રહ્યો શું તેમાં રાજી.
કોઇને કાંઇ ન છાજી રે. જાગીને જો તું ॥૮॥
બુદ્ધિસાગર કહે ભવ્યો ચેતજો વિચારી,
સમજો નર ને નારી રે. જાગીને જો તું ॥૯॥

સદ્ગુરૂ દેવ ફરમાવે છે કે, મનુષ્ય ભવના પહેલા ભવમાં ધાર્મિક ક્રિયાના યોગે શુભ ભાવના આવી. અને સારા સંસ્કારો પડવાથી, મનુષ્ય ભવના આયુષ્યનો બંધ પડ્યો. કંઈ અકસ્માત્ મનુષ્ય ભવના આયુષ્યનો બંધ પડયો નથી. તે બંધનો અબાધાકાલ પૂરો થયા પછી; અને પ્રથમ ભવનું આ આયુષ્ય પૂર્ણ થયું ત્યાર પછી, માતાની કૂખે તું આવ્યો. તે પણ જરા મરણના અસહ્ય કષ્ટ વેઠીને, માતાની કુક્ષીએ તારો અવતાર થયો. જન્મ થયા પહેલાં માતાની કુખે લગભગ નવ મહિના ઉંધે મસ્તકે તું રહ્યા છે. તે અંધારી કોટડીમાં, જેમ ગુન્હેગાર કેદી રહે તે મુજબ તું રહ્યો છે, માતાના રૂધિરનું તથા પિતાના વીર્યનું ખાનપાન કરીને, નવ માસ લગભગ વ્યતીત કર્યા. માતા જે ખાનપાન કરે તેના રસથી તારૂ પોષણ થયું. અંગોપાંગની સાથે દશ પ્રાણો અને છ પર્યાપ્તિની પૂર્ણતા થઈ. ત્યારે, મહાકષ્ટે-મહા-દુઃખે હે ભવ્ય તારો જન્મ થયો. તે દુઃખ એવું હતું કે, સાડાત્રણ ક્રોડ રોમ રાજીમાં કેઈ ઉનો તપાવેલો સોયો લગાવે ને જે દુઃખ થાય તેવું દુઃખ વેઠીને જન્મ થયો છે. આવા દુઃખો વેઠ્યા પછી પણ તેનો અંત આવ્યો નહિ. જેમ જેમ ઉમ્મરમાં મોટો થતો ગયો, તેમ તેમ વ્યાધિઓ

પણ વધતી રહી. વરાધ. ઝાડા, દાંત આવવા. તાવે પણ કષ્ટ આપવામાં બાકી રાખી નહિ. તથા બાલપણામાં રમત-ગમતમાં તથા મેવા મીઠાઈમાં મગ્ન બન્યો. તે અવસ્થામાં માતપિતાની પરાધીનતા પણ ગઈ નહિ. ત્યારબાદ નિશાળ પાઠશાળામાં તથા કોલેજમાં વ્યાવારિક-સાંસારિક કેળવણી લેવા ઘણો પ્રયાસ કર્યો. યુવાવસ્થામાં યુવતી સાથે વિષય સુખોમા આસક્ત બન્યો. અને આ લોકમાં પણ આધિ વ્યાધિની વિડંબના દૂર કરનાર જે ધર્મ છે, તેને ભૂલી ગયો. ફક્ત પૈસાઓને પાપારંભો કરીને તથા પ્રયત્ન કરવા પૂર્વક મેળવવામાં જ રાચી માચી રહ્યો, છતાં મલ્યા ખરા, પણ રહ્યા નહિ. ભાગ્યોદયે પૈસાઓ પ્રાપ્ત થાય, પણ સાથે સાથે તેનું રક્ષણ કરવાનું પણ પુણ્ય-ભાગ્ય જોઈએ. તથા તેના ભોગવટામાં પણ પુણ્ય-ભાગ્યની જરૂર તો છે જ. આ સિવાય મેળવેલા પૈસાનું રક્ષણ અને ભોગવટો થવો અશક્ય છે. માટે સઘળી ઇચ્છાઓ સફલ કરવી હોય તો ધર્મની આરાધના કરવા તત્પર બનવું જોઈએ. ધર્મની આરાધના કર્યા વિના, ફક્ત ધન માટે રાત દિવસ પ્રયાસ કરશો તો, આશા અધુરી રહેવાની જ. અને પાપોદયે અનેક વિપત્તિઓ આવી વળગવાની. કોઈક વેલાએ મરણ પણ થાય.

સાગર શેઠની માફક-સાગર શેઠની પાસે ચૌદ કરોડ સોનામહોરો તથા સ્થાવર મિલ્કત પુષ્કલ હતી. છતાં ધનની ઈચ્છા અધિક જોરમાં આવતી. પોતાના ઘરમાં પુત્રો તથા પુત્રવધુઓને સારા કીંમતી વસ્ત્રાભૂષણ પહેરવા દેતો નહિ.

વારે તહેવારે પણ મેવા મીઠાઈને પુત્રો લાવતા, અગર પુત્રવધુઓ મનોહર રસોઇને બનાવતી ત્યારે ક્રોધાતુર બનીને ઘણો ઠપકો આપતો. અને કહેતો કે, તમને તો ખાવાપીવામાં મજા પડે છે. પણ પૈસાઓ કેવા પ્રયાસો કરવાથી પ્રાપ્ત થાય છે તેની ખબર છે? ફક્ત ખાઇપીને મસ્તાન બનીને મહાલવું. ખબરદાર? જો આવો, ખાવા-પીવામાં ખરચ કરશો તો તમારી બરોબર ખબર લેવામાં આવશે. આ મુજબ ધમધમાવતો હોવાથી સગાંવહાલાં કંટાળી ગયા. આ કૃપણ શેઠ, ચૌટામાં વેપાર કરવા જાય તો પણ ઘર તરફની ચિન્તા કરતો જાય. રખેને વધુઓ પિયરમાં કે મોસાળમાં, ઘરમાંથી કોઈ વસ્તુ આપી દે. આવી આવી ફીકરના યોગે જલ્દી પાછો ઘેર આવીને તપાસ કરી, પાછો બજારમાં ગમન કરતો. એકદી, એક **સિદ્ધયોગિની** આકાશ માર્ગે સ્વવિદ્યાના પ્રતાપે જઇ રહેલ છે. તેવામાં પુત્રવધુઓને અફસોસ કરતી દેખી, નીચે આવીને પુછવા લાગી કે, તમો કેમ સંતાપ-વલોપાત કરો છો? તેણીઓએ સઘળી વીતક વાત કહી. તેથી દયા આવવાથી, તે વધુઓને આકાશ-ગામિની વિદ્યા આપી. અને કહ્યું કે, તમો એક સુકા લાકડા ઉપર બેસી આ વિદ્યા ગણુશો ત્યારે, જ્યાં જવું હશે ત્યાં જઈ શકશો. આ પ્રમાણે કહી, તે યોગિની આકાશમાર્ગે ચાલી ગઈ. હવે પુત્રવધુઓ એકત્ર થઇને વિચાર કરે છે કે, આ સસરો કોઈ જગ્યાએ જવા દેતો નથી. તથા કોઇને મળી શકાતું નથી. તેમજ વિવિધનગર,

ગામ વિગેરે પણ જોઈ શકાતા નથી. સારી વસ્તુઓ ઘરમાં આવે, અગર વસ્ત્ર, આભૂષણો પહેરવામાં આવે તો, ધમધમાટ કરવામાં બાકી રાખતો નથી. દિવસે તો કોઈ સ્થલે જઈ શકાશે નહિ. પણ રાત્રીએ વિદ્યાના પ્રભાવે જઈ શકીશું. માટે આપણે સસરો-પતિઓ વિગેરે નિદ્રાવશ થાય ત્યારે જવું. આમ વિચાર ગોઠવી, જ્યારે સઘળો પરિવાર ઉંઘી ગયો ત્યારે, એક સુકા લાકડા ઉપર બેસી, વિદ્યા ગણી, અને સુવર્ણ દ્વીપમાં જવાની ઇચ્છા હોવાથી તે સ્થલે પહોંચી. ત્યાં જોવાલાયક સ્થલોને દેખી પાછી જલ્દી ઘેર આવીને નિદ્રાવશ બનતી ઉંઘી જતી. જ્યારે મોડી ઉઠતી ત્યારે તે શેઠ, ધમધમાવતો હતો; પણ સારી સારી નગરીમાં સુંદર વસ્તુઓ અને જગ્યાઓ જોવામાં આનંદ પડતો હોવાથી, ગણકારતી નહોતી. ભલેને બોલ્યા કરે. આપણે તો જેમ કરતા હતા તેમ કરીશું. આમ વિચારી શાંતિમાં રહેતી.

એક દિવસ રત્નદ્વીપ જોવાની ભાવના થઈ. તેથી, તે વધુઓ રત્નદ્વીપમાં ગઈ. આ દ્વીપમાં જોવાલાયક સ્થલો તથા વસ્તુઓને દેખી, બે ત્રણ કલાકમાં વિદ્યાના પ્રભાવે પાછી ઘરમાં આવીને સૂઇ જઈ જતી. આ મુજબ દરરોજ જુદા જુદા સ્થલોમાં ગમન કરી આનંદપૂર્વક જીવન ગુજારતી. ઘરમાં આવેલ હજામ, લાકડાને કેશરના છાંટા અને ધૂપની સુગંધીવાળું દેખી વિચાર કરવા લાગ્યો કે, આ લાકડા ઉપર બેસી પુત્રવધુઓ બહાર ફરવા જતી હશે.

લાવને હું પણ આ લાકડાની પોલમાં પેસીને, આ સ્ત્રીઓ ક્યાં ક્યાં જાય છે તે તપાસું. આમ વિચારી સાગર શેઠ ઉંઘી ગયા પછી તરત છાની રીતે લાકડાની પોલમાં પેસી ગયો. સસરાને ઉંઘી ગએલા જાણી પુત્રવધુઓ લાકડા ઉપર બેસી, કેશરના છાંટા અને ધૂપ કરવાપૂર્વક વિદ્યાનું સ્મરણ કર્યું કે, તરત વિમાનની માફક સુવર્ણદ્વીપમાં તે સઘળી ગઈ. ને ત્યાં જોવાલાયક વસ્તુઓ જોવા લાગી. એ અરસામાં લાગ મળવાથી, પોલમાં પેઠેલો હજામ, બહાર નીકળી. જેટલું લેવાય તેટલું સોનુ લઇને. જલ્દી પાછો તે પોલમાં પેસી ગયો. બીજે દિવસે તે વહુઓ રત્નદ્વીપમાં ગઈ. ત્યાં પણ લાગ મળતાં, કીંમતી રત્નો જેટલા લેવાય તેટલા ગ્રહણ કરી, જલ્દી તે લાકડાની પોલમાં છૂપાઈ રહ્યો. ત્યાં પણ પદાર્થો અને જગ્યાઓ દેખીને. લાકડા પર બેઠેલી વહુઓ પોતાના ઘેર આવીને સુઈ ગઈ. પેલો હજામ કોઈ જાણે નહિ તે મુજબ પોતાના ઘેર ગયો, તેની સ્ત્રીએ પુછયું કે તમે ક્યાં ગયા હતા. તેણે સઘળી બીના કહીને સોનુ તથા રત્નો દેખાડયાં, તેથી તે પણ ખુશી થઈ. અને કહેવા લાગી કે, હવે કોઈના પણ ઘેર જઇને હજામત તથા પગચંપી કરવાની જરૂર નથી તમોએ લાવેલ સોનુ તથા રત્નોવડે આપણે લહેર કરીશું. નવા મકાનો બંધાવીશું. તથા તેમાં આરીસા ગોઠવીશું હવે કોની પરવા છે. હજામ પણ હવે કોઈની પણ હજામત કરવા, તથા પગચંપી કરવા જતો નથી. અને લહેરમાં રહે છે. સાગર શેઠે તેને

બોલાવી પુછયું કે, અરે શામલા ? હવે હજામત કરવા કેમ આવતો નથી. નવલશા હીરજી થઈને મહાલ્યા કરે છે. શું માલ મિલ્કત કોઈ જગ્યાએથી મલી છે ? ઘણો આગ્રહ કર્યો ત્યારે પુત્રવધુઓની સઘળી વાત કહી. કહેલી વાત સાંભળી શેઠ પણ ખુશી થયા. અને ધનમાં ઘણી આસક્તિ હોવાથી, કોઇપણ જાણે નહિ તેમ લાકડાની પોલમાં પેસી, અંગોને સંકોચી, ગુપ્ત રીતે રહેલ છે. તેવામાં વહુઓ પણ લાકડા ઉપર બેસી, વિદ્યાના પ્રભાવે સુવર્ણદ્વીપમાં ગઈ લાગ મળવાથી સાગર શેઠે ઘણું સોનુ ઉપાડી લીધું. અને પોલમાં પેસી ગયા. ત્યારબાદ વખત ઘણો હોવાથી રત્નદ્વીપમાં ગઈ. ત્યાં લાગ ફાવવાથી શેઠે ઘણા રત્નો ગ્રહણ કર્યા. લોભને થોભ હોતો નથી. જેમ લાભ થાય તેમ લોભ વધતો જાય છે. આ શેઠની પાસે ધનની ખામી નહોતી. ચૌદ કરોડ સોનૈયા હતા. તથા બીજી આવક પણ ઘણી હતી. છતાં લાકડાની પોલમાં પેસી, સુવર્ણદ્વીપમાંથી મન માન્યું સોનુ ઉપાડયું. અને રત્નદ્વીપમાંથી ઘણા રત્નો ઉપાડયા. અને જેમ તેમ કરીને પોલમાં પેઠા. પછી તે વધુઓએ આવી. અને વિદ્યા ભણી એટલે લાકડું આકાશ માર્ગે ચાલ્યું. પરંતુ ભાર વધી ગએલો હોવાથી, ધીમે ધીમે ચાલે છે. વહુઓ માંહોમાંહી બોલવા લાગી. કે, આ લાકડું આજે ધીમે ધીમે ચાલે છે. અને ઘણું મોડું થશે. સસરો જાગશે તો ધમધમાવશે અને પુછશે કે, તમે કયાં ગઈ હતી. અને જાહેરમાં ફજેતી કરશે. માટે આ દરિયામાં

એક લાકડું તરતું જઈ રહ્યું છે. તેના ઉપર બેસી જલ્દી ઘેર પહોંચીયે. તથા આ લાકડાને દરિયામાં ફગાવી દઈએ. આ પ્રમાણે સાંભળી. સાગર શેઠના હૈયામાં ફાળ પડી. રખેને આ વહુઓ છુપાઇને રહેલા એવા મને આ લાકડા સાથે દરિયામાં નાંખી દેશે તો મારા રામ રમી જશે. મરણ પામીશ. અને સઘળું ધન પણ નાશ પામશે. માટે ચેતાવું આમ વિચારી. લાકડાની પોલમાં પેઠેલા તેણે કહ્યું કે, આ લાકડાને દરિયામાં નાંખી દેશો નહિ. મેં ઘણું સોનુ લીધું છે. અને ઘણા રત્નો લીધા છે. તેથી ધીમે ધીમે લાકડું ચાલે છે. હવેથી તમોને કાંઈ પણ કહીશ નહિ તમો ખાઈ પીને લહેર કરજો, આ મુજબ સાંભળી અરસપરસ વિચારણા કરવા લાગી કે, અત્યારે સસરો આપણને મનગમતુ બોલે છે. તે કયા કારણથી કે, મરણના ભયથી, અન્યથા ઘેર પહોંચ્યા પછી તો, તેમનો સ્વભાવ ખસવાનો નહિ. પાછો લોભથી ધમધમાવશે. માટે ટાઢા પાણીએ ખસ કાઢીએ. કે, જેથી આનંદથી જીંદગાની પસાર થાય. આમ વિચારી ધીમે ધીમે ચાલતા લાકડાને ફગાવી દઇને દરિયાનું લાકડું લીધું. તેમાં બેસીને પોતાના સ્થલે આવી. આનંદમાં રહેવા લાગી. સાગર શેઠ તો. રૌદ્ર ધ્યાનના યોગે અત્યંત દુઃખદાયક નરકની ભૂમિકામાં ગયો. ત્યાં સુખશાંતિ કયાંથી ? માટે દીર્ઘદર્શી જનોએ ધનાદિકને માટે લોભ કરવો નહિ. અને રાગદ્વેષ કરીને પોતાના આત્માને છેતરવો નહિ. ધનાદિકને માટે રાગ દ્વેષ કરવાથી

કાંઇપણ લાભ થતો નથી. અને તેના યોગે આત્માને લેશ માત્ર પણ શાંતિ મળતી નથી. માટે ધનાદિકમાં જેમ મમતા છે, તેવી આત્માના ગુણોની મમતા રાખવામાં આવે તો જ, રાગ-દ્વેષ તથા મોહાદિકને ટાળવાની શક્તિનો પ્રગટ ભાવ થાય છે. અજ્ઞાનતાના યોગે પ્રાણીઓ પાપારંભો કરવામાં બાકી રાખતા નથી. તેથી જ પુણ્યને આવવાનો માર્ગ બંધ થાય છે. અજ્ઞાનતાથી ભ્રમણા થાય છે. અને ભ્રમણાના યોગે જીવાત્માઓ જ્યાં ત્યાં સુખશાંતિ માટે ભટક્યા કરે છે, મનમાન્યું સત્યસુખ તો મળતું નથી, પણ દુઃખના દરિયા હાજર થાય છે. માટે અરે માનવી ? પૈસા પરિવારાદિક માટે કયાં ભટકાય-ટીચાય છે. પ્રથમ તારી સ્થિતિનો વિચાર તો કર. પુણ્યના યોગે જીવનનિર્વાહ થાય તેટલું તને મળેલ છે. તેનો તો સદુપયોગ કરી, સ્થિરતાને ધારણ કરવાપૂર્વક તારી કાયામાં જ બીરાજમાન આત્માની ઓળખાણ કર. જગતની વસ્તુઓને પ્રયત્ન કરીને ઓળખી અને મેળવી. પરંતુ એક સાચી વસ્તુ છે, અને કાયમ રહેનાર છે. કદાપિ તેનો ક્ષય થનાર નથી. એવી વસ્તુને ઓળખી છે ? તે વસ્તુ તારો પોતાનો આત્મા. તેને પણ ઓળખવાની ખાસ જરૂર છે. પૈસા પરિવાર વિગેરે મળી જશે. પણ આત્માની સાથે મિત્રતા કરવી દુષ્કર છે. જગતમાં જેટલાએ જન્મ ધારણ કર્યો તેટલા કાયમ રહેતા નથી. આયુષ્યની અવધિ પુર્ણ થતાં પરલોકમાં જવું જ પડે છે. તે દરમીયાન જેવું કરે છે. તેવું મળે

છે. અરે જીવાત્મા ? તેં કેવું કાર્ય કર્યું તે તો બતાવ ? જો ઉત્તમ કાર્ય કર્યું હશે તો ઉત્તમ સંયોગો અને નિમિત્તો મળશે. અને વરવા કહેતાં વિરૂપ–અધમ કાર્યો કર્યા હશે તો ઉત્તમ સાધનો ક્યાંથી મળશે ? ઉમદા સંયોગો તથા નિમિત્તોને મેળવવાની અભિલાષા હોય તો, સઘળી જંજાળનો ત્યાગ કરી, આત્મિક ગુણો તરફ નજર રાખ. દુન્યવી પદાર્થોના આકર્ષણ દ્વારા ખેંચાઈશ નહિ. એટલે સારૂં કાર્ય કર્યું હશે તો; સારૂં સુખ મળશે. સુખે અગર દુઃખે એક દિવસ તો દરેક પ્રાણીઓને મરણને શરણ થવાનું છે જ. તો પછી પરલોકે સારા સંયોગોદ્વારા સુખશાતા રહે તે માટે, કેમ ઉત્તમ કાર્ય ન કરવું ? અને બુરા–અધમ કાર્યોનો ત્યાગ કેમ ન કરવો ? જરૂર ત્યાગ કરવો. વ્યાવહારિક કાર્યો કરતાં પણ જો રાગ–દ્વેષ અને મોહાદિકને ધારણ નહિ કરે તો, તે કાર્યો ઉત્તમ બનશે. અને ધાર્મિક કાર્યો કરતાં ઇર્ષ્યા–અદેખાઈ કરીશ તો તે કાર્યો ઉત્તમ કહેવાશે નહિ. માટે દરેક કાર્યોમાં ઇર્ષ્યા, અદેખાઈ થાય નહિ તે માટે લક્ષ રાખવું જરૂરનું છે. આવા અવગુણો, કરેલ ધર્મને સફલ કરવા દેતા નથી.

કુંતના રાણીની માફક—એક રાજાને જૈનધર્મનું પાલન કરનારી કુંતના નામે મહારાણી હતી. તથા બીજી રાણી શોકય તરીકે હતી. પણ જૈનધર્મની આરાધક હતી. કુંતના રાણીને દેરાસર બંધાવવાની ઇચ્છા થઈ. રાજાને પોતાની ઇચ્છા જણાવી. નૃપે લાખો રૂપિયા ખરચી બાવનજીનાલય

બંધાવીને તેમાં પ્રભુપ્રતિમાને પ્રતિષ્ઠા કરાવીને સ્થાપના કરી. તથા અન્ય પ્રતિમાઓની પ્રતિષ્ઠાપૂર્વક સ્થાપના કરી. તેથી રાણી ઘણી ખુશી થઇ. પોતે જાતે આંગીઓ બનાવી, ગાન, તાન, નૃત્યાદિ કરીને પ્રભાવના કરે છે. તેથી નગરની પ્રજા ૨રરોજ દર્શન કરવા આવે છે. પ્રભાવના લઈ, પોતાના ઘેર આવી, રાણીની ઘણી પ્રશંસા કરે છે. કેટલાક પ્રશંસા કરે છે. કેટલાક પ્રશંસા, અનુમોદના કરવાપૂર્વક સમકિત પામી, પ્રભુ પૂજામાં પરાયણ બન્યા. અને પુણ્ય કમાણી કરી સાચા ધનાઢ્ય બન્યા. બીજી રાણીએ પણ દેરાસર બંધાવ્યું. પણ પ્રથમના દેરાસરની માફક ઉજળામણ અને ગાન, તાન, પ્રભાવના વિગેરે નહિ હોવાથી, કુંતના રાણી નિંદા કરવા લાગી કે, તે શોકયમાં ઉજળામણ હોય તો દેરાસરે ધામધૂમ પૂર્વક પ્રભાવના કરેને? તેનામાં કયાં ઉજળામણ છે એણીએ મારી પ્રશંસા સાંભળી, પોતાની પણ પ્રશંસા થાય તે ખાતર, દેરાસર બંધાવેલ છે. આ મુજબ કર્ણોપકર્ણ સાંભળી, તેણી પણ રાજાની આજ્ઞા લઈ, કુંતના રાણીની માફક ગાન, પ્રભાવના, પૂજા વિગેરે કરવા લાગી. અને સમ્યકત્વ પામી. આત્માને ઉજ્વલ કરવા આનંદમાં રહેવા લાગી. પણ કોઇની નિન્દા—અદેખાઈ વિગેરે કરતી નથી. આ પ્રમાણે વર્તન કરતી હોવાથી પ્રજાજનો અધિક પ્રશંસા કરવા લાગ્યા. કુંતના રાણી હૈયામાં બળવા લાગી કે, મારા કરતાં દરેક માણસો તેણીની પ્રશંસા કરે છે. પણ તે મારાથી શું વધારે કરે છે. પૂરી આંગી પ્રભુની

જાતે કરતી નથી. ગાનપૂર્વક નૃત્ય કરતાં પણ આવડતું નથી. તેણીમાં કશીય આવડત નથી. ભોળી ભદલ જેવી છે. આ મુજબ દાસ, દાસી, આગળ અદેખાઈ કરવાથી, તિર્યંચ ગતિના આયુષ્યનો બંધ પડયો. જો કે, ધાર્મિક ક્રિયાઓ ઉમદા કરે છે. છતાં અદેખાઈ વિગેરે દોષોને દૂર કરતી ન હોવાથી, આયુષ્યના અંતે મરણ પામી કુતરી થઈ. કહો હવે કુંતના કુતરી શાથી થઈ! તે તમોએ જાણ્યું. માટે કોઈ પણ વ્યાવહારિક કાર્યો કરતાં, તેમજ ધાર્મિક કાર્યો કરતાં ઈર્ષ્યા–નિન્દા વિગેરે દોષો દૂર કરવા જોઈએ. તો જ તે કાર્યો નિષ્કામભાવે કરતા સફલ થાય છે. અને પ્રભુ–ભજન ભક્તિ, સેવા નકામી વૃથા જતી નથી. માટે સદ્ગુરૂ કહે છે કે; જેવું કરીશ તેવું પામીશ. “બંટી વાવીને, બાજરીની જે આશા રાખી છે. તે ફળશે નહિ. માટે જાગ્રત થા? મિથ્યાત્વ મોહમાં અજ્ઞાનતા ભારોભાર છે. જ્યાં મિથ્યાત્વ મોહ છે, ત્યાં અજ્ઞાનતા રહેલી છે જ. અને અજ્ઞાનતાના યોગે, પ્રયાસ કરવા પૂર્વક પ્રાપ્ત કરેલી વસ્તુઓમાં સુખ શાંતિની અભિલાષા છે. તેજ પદાર્થો સ્વપ્નાની બાજી જેવા છે. વિવેકદ્વારા જ્યારે જાગ્રત થવાય છે, તથા સમ્યગ્ જ્ઞાન થાય છે, ત્યારે તે મેળવેલી વસ્તુઓ સ્વપ્નાની બાજી જેવી લાગે છે. તથા કદાચિત્ ઈન્દ્રના જેવી સાહ્યબી-વૈભવ વિગેરે હોય તો પણ છાજતો નથી. છેવટે તો તેનો ત્યાગ કરવો પડે છે. અગર ત્યાગ કર્યા પહેલાં તે વસ્તુઓ પોતે ખસી જાય છે. તો પછી તે ખસી જાય તે પહેલાં, તેઓના ઉપર મમતાનો

ત્યાગ કરી, સદુપયોગ થાય તો સંતાપ, પરિતાપાદિ થાય નહિ. પેટ પરિવારાદિકની ચિન્તા કરવાની પણ રહેશે નહિ. કારણ કે જે મમત્વનો ત્યાગ કરી, ધાર્મિક કાર્યોમાં તત્પર બને છે. તેઓને પ્રતિકુલતા રહેતી નથી. અરે દેવતાઈ વૈભવ મલે તો, પેટ પરિવાર વિગેરે સાધનો ન મળે ? જરૂર મળે છે. એમાં શંકા રાખવા જેવી નથી. શ્રદ્ધાના આધારે શુભ કાર્યો કરશો તો પુણ્ય, ભાગ્ય સારી રીતે વધવાનું અને પુણ્યના યોગે અનુકુલતા રહેવાની જ. અનુકુલતા જ્યારે હોય છે ત્યારે ચિન્તા, સંતાપાદિ થતા નથી. માટે યુવાવસ્થામાં ધર્મકરણી પણ સાથે સાથે કરી લે. ધર્મકરણીના આધારે જુવાની સાર્થક થાય છે. આ જુવાની ધર્મકરણી કરવાની મોસમ છે. વૃદ્ધાવસ્થામાં થવી દુઃશકય છે. માટે આવતી કાલનો જે વિશ્વાસ રાખ્યો છે, તે ભરોસો રાખવા જેવો જ નથી. વૃદ્ધાવસ્થામાં શક્તિ–સ્મૃતિ, ઓછી થાય છે. તેવી અવસ્થામાં મનની મનમાં રહી જશે. પસ્તાવાનો પાર રહેશે નહિ. માટે સદ્ગુરુ કહે છે કે, આળ પંપાળનો ત્યાગ કરીને ચેતો. મળેલી આ યુવાવસ્થાની મોસમ પુનઃ મળવી અશકય છે.

એક ધનાઢય વૈભવવાળા શેઠની માફક–એક નગરમાં એક શ્રીમંત કરોડોપતિ હતા. ધનની આવક લાખોની હતી. છતાં સંતોષના અભાવે પાપારંભોના કાર્યો કરી, અધિકાધિક દોલતને મેળવી, બહુ ખુશી થતો. કોઈ મુનિવર્ય કે વ્રતધારી શ્રાવક ઉપદેશ આપે ત્યારે કહેતો કે, અત્યારે ધનને મેળવવાની મોસમ છે. ઘડપણમાં મેળવી શકાશે નહિ.

માટે મોસમને સફલ કર્યા પછી, વૃદ્ધાવસ્થામાં ધર્મકરણી, સતોષ રાખીને કરશું. તેના જવાબમાં મુનિવર્યે કે શ્રાવકે કહ્યું કે, ઘડપણમાં કાંઈ બની શકશે નહિ. તો પછી વૃદ્ધાવસ્થામાં ધર્મકરણીનો લાભ, સારી રીતે કયા પ્રકારે મેળવશો. તે તો કહો. અંગ ગળી ગયું હશે, તાકાત હશે નહિ, દાંત પણ પડી ગયા હશે, વિગેરે હાલતમાં તમારી મનની આશા મનમાં રહી જશે. ધનની કરતા, ધર્મની કમાણી દરેક દશામાં સુખશાંતિ આપશે. પણ આ ભાઇ માને શેના? યુવાવસ્થામાં જ વિવિધ વ્યાધિઓ આવીને વળગી. કાસ, શ્વાસ, દમ લાગુ પડવાથી, વલોપાત તો ઘણો કરે છે. તો પણ દવામાં ઘણો વ્યય કરે છે. છતાં પણ આરામ થયો નહિ અને મૃત્યુએ ઘેરી લીધો. ધનાદિક સાથે ગયું નહિ. માટે ચેતીને હે ભાઈઓ ધર્મકરણી કરો.

અનાદિકાલથી માયા-મમતામાં મુગ્ધ બનેલ પ્રાણીઓને, માયા-મમતાના યોગે, પોતાનો આત્મા અને આત્માના ગુણો મલીન થયા છે. તે મલીનતાને દૂર કરવાનું ભૂલી, ફક્ત શરીરનો શૌચ કરવામાં રાચીમાચી રહેલા છે. તેનો ઉપદેશ આપવા સદ્ગુરૂ ૧૪ મા પદની કાવ્ય રચના કરતાં ફરમાવે છે કે,

**(૩) જુઓ આ કાચી કાયા રે, જેવા પાણીના પરપોટા,**
**જે જે ભાવો નિરખે નયણે, જાણી જરૂર મન ખોટા.**
**જુઓ૦ ॥૧॥**

**હાડમાંસ રુધિર ને ધાતુ, ઉપર ચામડી કાચી,**

વિષ્ટા મૂતર લીંટ કોથળી, રહ્યો શું ? તેમા રાચી.
જુઓ૦ ॥૨॥
શત ઘટ જલના ઉપર રેડે, તો પણ કાયા મેલી,
પવિત્રતા એમાં કયાં દીઠી, અવસર આવે ઘેલી.
જુઓ૦ ॥૩॥
તીન ભુવનનો સ્વામી આતમ, કાયા માંહિ વસિયો,
આયુષ્ય અવધિ પૂરી થાતાં, દેહ ગેહથી ખસિયો.
જુઓ૦ ॥૪॥
થઇ નહિ કોઇની થશે ન તારી, માને મારી મારી,
બુદ્ધિસાગર ચેતી લેજે, ચિદ્ઘન અન્તર્ધારી.
જુઓ૦ ॥૫॥

અરે માણસો ? તમોને આ કાયા મળી છે. તે કાચી છે. તેમાં જ આસક્ત બની, જે તમો તેને શુદ્ધ કરવાનો પ્રયાસ કરી રહેલા છો. તો તે કદાપિ શુદ્ધિને ધારણ કરતી નથી. અને મોહમમતાના મેલને વધારે છે. પાણીના પરપોટા જેવી તેની પરિસ્થિતિ છે. શત ઘડા પાણીના તેના ઉપર રેડો તો પણ મેલીને મેલી રહેવાની જ. કારણ કે, કાયામાં હાડ, માંસ, રૂધિર, ધાતુ, વિષ્ટા, મુત્રાદિક રહેલા છે તે સર્વ અપવિત્ર છે અને તેના ઉપર ચામડી છે તેથી દેખાતા નથી. માટે તે કાયામાં મુગ્ધ બની, તેણીને શુદ્ધ કરવા પ્રયાસ કરી રહેલા છો. તો તે કાયા કદાપિ શુદ્ધ થવાની કે ? શુદ્ધ થાય જ નહિ. ઉલ્ટો મમતાનો મેલ લાગવાનો જ. ગમે તેવી રીતે શુદ્ધ કરશો તો પણ અવસર

આવે ઘેલી થવાની જ. હાજત થતાં સંડાશ વિગેરે સ્થલોએ જઈ ને, પાછી મલીન થવાની જ. જ્યારે રેચ વિગેરે લાગશે ત્યારે તેની શુદ્ધિ કરતાં પણ કંટાળો આવવાનો જ. પાણી દ્વારા કરેલી શુદ્ધતા કયાં સુધી રહેવાની ? તે તો તમો જાણો છો જ. માટે પાણીથી જ કાયાની શુદ્ધિ થશે, આ માન્યતા તમારી ભ્રમણાજનક છે. માટે આત્માની શુદ્ધિ કરવા લક્ષ દેવાની જરૂર છે. અહિંસા, બ્રહ્મચર્ય, તપસ્યા અને સંયમની રીતસર આરાધના કરવાથી આત્માની, તેમજ શરીરની શુદ્ધતા પણ આવી મળશે. ફક્ત જલ રેડવાથી શુદ્ધિ થશે નહિ. આમ સમજી, સત્ય શુદ્ધિ કયા કારણો દ્વારા થાય છે તે બરોબર જાણી, તે સાધનોનો આદર કરો. જ્યારે જરા કે આઘાતો લાગતાં, આયુષ્ય ખતમ થશે ત્યારે આત્મા એક ક્ષણ માત્ર પણ રહેશે નહિ. અને મલીનતા યોગે જે ખરાબ વાસના અને સંસ્કારો પડ્યા છે. તે સાથે લઈ ને જ પરલોકે જશે ત્યારે, તમો કયારે આત્મિક શુદ્ધિ કરશો. અમૂલ્ય અવસરને કાયાની શુદ્ધિ કરવામાં વ્યતીત કર્યો, અને આત્માની શુદ્ધિ કરવાનું ભાન રહ્યું નહિ. તેથી જન્મ. જરા અને મરણના કષ્ટોએ પીછો મૂકયો નહિ. અને અનંતા દુઃખો સહન કરવાનો અવસર આવ્યો. અનંત શક્તિનો સ્વામી આ કાયામાં વસેલો છે. કાંઈ દૂર નથી. માટે તેને વિવેક લાવી, અગર ગુરૂગમને ગ્રહણ કરવા પૂર્વક શુદ્ધ કરવા માટે બે ઘડી પણ વખતને કાઢો. વધારે વખત લેવામાં આવે તો ઘણું સારૂં. પણ બે ઘડી તો જરૂર મન, વચન.

અને કાયાને કબજે કરવા વખત કાઢવો જરૂરી છે. તે બે ઘડીમાં માનસિક દશ દોષો તથા વચનના દશ દોષો અને કાયાના બાર દોષોને ટાળવા માટે ખાસ ધ્યાન રાખવાની અગત્યતા છે. જરૂર છે. એને દૂર કરવા માટે લગની બરોબર લગાડી રહેવું તે આવશ્યક છે. કાયાની શુદ્ધિ ખાતર કેટલો બધો ટાઇમ કાઢો છો? તેનો હિસાબ રાખ્યો છે? તેની શુદ્ધિ કરતાં બત્રીશ દોષોમાંથી કેટલા દોષો દૂર કર્યા. નહિ જેવા. માટે દોષોને ટાળવા હોય તો બે ઘડી સમતાને ધારણ કરો. સમત્વના જે જે સંસ્કારો જામશે–પડશે, તેજ સંસ્કારો દ્વારા શુદ્ધ બની, આત્મા પરલોકે જશે. ત્યાં પણ આત્મિક શુદ્ધિ કરવાના વિચારો જાગ્રત થશે. તમોને વસ્ત્રની વાસણની. દેહગેહની મલીનતા ગમતી નથી. તેથી આળસ કર્યા વિના જલ્દી શુદ્ધ કરો છો. ફક્ત આળસ, આત્માની શુદ્ધિ કરવામાં આવે છે. તે કેવી બુદ્ધિમત્તા? કાયાની શુદ્ધિ કરતાં આત્માને ભૂલશો નહિ જ. તમોએ તમારી પાસે રહેલ, તેમજ કબજામાં રહેલ વસ્તુઓની સંભાળ રાખવા ઘણી ચિન્તાપૂર્વક પ્રયાસ કર્યો, પણ તે વસ્તુઓના દ્રષ્ટા અને જ્ઞાતાને ભૂલી ગયા છો. તેની સંભાળ ક્યારે લેશો? જીવન તો પ્રાયઃ પાણીના પ્રવાહની માફક વીતી જાય છે. છતાં ઈચ્છાઓનો અંત આવ્યો નહિ. અપૂર્ણ ઇચ્છાના યોગે ચિન્તાઓ અને વલોપાત થયા કરે છે. વલોપાતમાં આત્મવિકાસ કેવી રીતે સધાશે? નહિ સધાય. કાયાની શુદ્ધિ કરતાં આત્માના ગુણોની શુદ્ધિથી ભવની પરંપરા નાશ

પામશે. અને ઘાતીયા કર્મો દૂર ખસતાં, કૈવલ્ય જ્ઞાનના યોગે પરમપદ પમાશે. તે જ સાધ્ય રાખવાની જરૂર છે. અન્યથા જલમાં માછલાંઓ ન્હાય છે. અને સદા રહે છે. તો તેમનો આત્મા વિકાસ પામવો જોઈએ, પણ તે બનવું જ અશકય છે. એક કાયાની શુદ્ધિમાં જ આત્માની શુદ્ધિ માનનાર વૈષ્ણવ હતો. તે દીવસમાં ઘણી વખત સ્નાન કરતો. બાજરૂ જાય ત્યારે સ્નાન કરે તે તો, ગૃહસ્થના આચાર મુજબ ઠીક ગણાય. પરંતુ બજારમાં કે, સગાંવહાલાંને મળવા તેમને ઘેર જાય, ત્યાંથી પાછો વળી, પોતાને ઘેર આવી, સ્નાન કરી, પોતાના આત્માની શુદ્ધિ માનતો. ઘરમાં કોઇ પુત્રાદિક, ગમે ત્યાં ગમન કરીને પાછા આવે અને ન્હાય નહિ ત્યારે બહુ કોપાતુર બની, તેઓને ધમધમાવતો, તેથી ઘરમાં ઘણો કંકાસ થતો. ઘરના માણસો કહેતા કે કાયાની શુદ્ધિથી આત્મા નિર્મલ બનતો હોય તો, કોઇ સંતો, પ્રભુના ગુણોનું ધ્યાન કરી, આત્મા નિર્મલ કરવા, મન, વચન, અને કાયાને કબજે કરે નહી. તમોને ભ્રમણા થઇ છે. અને દરરોજ ન્હાવા માટે અમોને કંકાસ કરાવો છો. અને ક્રોધાતુર બની, પોતે જાતે આત્માને મલીન કરો છો. આવા કલેશથી ખાવા-પીવાનું પણ ભાવતું નથી. હંમેશાં કલહમાં અમારૂ જીવન વ્યતીત થાય છે. પ્રભુ સેવામાં પણ ચિત્ત ચોટતું નથી. કાં તો તમે જુદા સ્થલે જાઓ, અગર અમો બીજા ઘેર રહીયે. કે જેથી, શાંતિ પૂર્વક વ્યવહારના કાર્યો થાય. એક પાડોશી આવીને કહેવા લાગ્યો કે, તમોને આ ઘર કે બીજા સ્થલો

પસંદ પડશે નહિ. જ્યાં જશો ત્યાં માણસો કે જાનવર વિગેરે હશે. તે તમોને અટકી પડશે. ત્યારે પણ તમોને ક્રોધ પૂર્વક કંકાસ થશે. માટે અહિંથી દશ ગાઉ દૂર, શેરડીના ક્ષેત્રો રહેલા છે. ત્યાં આનંદ પડશે. રસ પીજો ને જીવનને વ્યતીત કરજો. એટલે તમોને તથા ઘરના માણસોને સુખ શાંતિએ રહેવાશે. પાડોશીએ કહેલી વાત, આ વૈષ્ણવને પસંદ પડી. અને પોતાનું ઘર મુકીને પાડોશીએ બતાવેલ સ્થલે ગયો. ત્યાં શેરડીના રસનો ઉપયોગ કરે છે. પણ, શેરડીનો રસ કાઢવા માટે બહુ મહેનત કરવી પડે છે. છતાં ત્યાં રહીને દીવસો વ્યતીત કરે છે. પણ ફક્ત રસથી પેટ ભરાતું નથી. તેથી ફલાદિકને શોધવા લાગ્યો. પરંતુ ત્યાં ફલ વિગેરે ક્યાંથી હોય ? તેથી ઘણો અફસોસ કરવા પૂર્વક, કાંઈક પણ ખાવા માટે મળશે, આમ ધારી, શોધતાં શોધતાં વાંદરાના લીંડાને ખાવા લાયક પદાર્થ માની તેઓને ખાવા લાગ્યો. ભૂખમાં માલુમ પડી નહિ કે આ શો પદાર્થ છે, આમ તો તે લીંડા મીઠાશવાળા લાગતા. કારણ કે વાંદરાઓ શેરડી ખાઈને તે ખેતરમાં વિષ્ટા કરતા. તેથી તે લીંડામાં મીઠાશ રહેતી. આ પ્રમાણે લીંડાઓને ખાઈને આનંદમાં રહેતો. તેવામાં એક ખેતરવાળો ત્યાં આવીને કહેવા લાગ્યો કે, તમે અહી શું ખાઓ છો. જે ખાઓ છો. તે તો, વાંદરાની વિષ્ટાના લીંડા છે. અરેરે ? તમારા જેવા, શૌચવાદીને આ લીંડા ખાવા યોગ્ય નથી. આમ તો, કોઇ અડકી જાય ત્યારે સ્નાન કરો છો. અને

કોઈ ન્હાય નહિ ત્યારે કલહ કરવામાં બાકી રાખતા નથી. અને લીંડા ખાવામાં પવિત્રતા માનો છો. તમારી બુદ્ધિની આ કેવી બલિહારી! કાયાની પવિત્રતા માટે આ જગ્યાએ આવ્યા. પણ લીંડા ખાવાથી તો અધિક મલીનતા થઇ. કાંઈ ભાન છે? આહાર પાણી પણ સાત્વિક જોઇએ ને? આ પ્રમાણે સાંભળી આ ભાઈ તો, અધિક અફસોસ કરવા લાગ્યો. આ તો ઘરના બળ્યા વનમાં ગયા. ત્યાં પણ લ્હાય લાગી એના જેવું થયું. હવે ઘેર જવા દે. ત્યાં સુખેથી રહેવાશે. અહિંઆ રહેવામાં તો હાંસીપાત્ર થવાયું. ભાઇસાહેબ પાછા પોતાના ઘેર આવ્યા. પુનઃ પાડોશીએ કહ્યું કે ત્યાં પવિત્ર થઈ ને આવ્યા કે? તેણે પોતાની આપવીતી બરોબર કહી. તેથી ઘરના માણસો પણ હસવા લાગ્યા. અને કહેવા લાગ્યા. કે, અમોને અપવિત્રને અડશો નહિ. આ મુજબ સાંભળી, પોતે શરમાયો. અને વારે વારે જે ન્હાવાનું કરતો, તેનો ત્યાગ કરી, બાકીના વખતે પ્રભુ પૂજામાં, ધ્યાનમાં મળેલા સમયની સફલતા કરવા લાગ્યો. ગૃહસ્થોને સ્નાન કરી પ્રભુ પૂજામાં તથા ધ્યાનમાં રહેવાની જરૂર છે કે, જેથી, આત્માના ગુણોની ઓળખાણ થાય. અને અનાદિકાલના માયા મમતાના આવરણો ખસવા માંડે. વળી સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે, માયા અને કાયા કોઇની થઈ નથી. અને કદાપિ થવાની નથી. વિવિધ ખોરાકોના આધારે પોષેલી કાયા, રસાયણ, કે કાયા કલ્પથી શક્તિમાન થએલી હોય તો પણ, જરા-વ્યાધિ વિગેરે લાગુ પડતાં અશક્ત બને છે.

માટે બાહ્ય શૌચની આસક્તિનો ત્યાગ કરવા પૂર્વક, આન્તરિક શૌચમાં પ્રીતિ રાખો. આત્મારૂપી નદીમાં સ્નાન કરો. કારણ કે તે પાણી વિનાની નથી. ભરપૂર જલથી પૂર્ણ છે. પરંતુ સંયમ રૂપી પાણીવાળી આ નદીને, મિથ્યા મોહ–મમતા શુષ્ક બનાવે છે. માટે સંયમરૂપી પાણી વડે આત્માને ભરપૂર કરો. તેથી જ સત્ય, સમક્તિ, શ્રદ્ધા, સમ્યગ્ જ્ઞાન અને ચારિત્રનો પ્રવાહ સારી રીતે વહેતો રહેશે. તથા વ્યભિચારી બની, તે નદીના કીનારાને આઘાત પહોંચે નહિ તે માટે, શીયલ, બ્રહ્મચર્ય ધારણ કરવાની પણ જરૂર છે. કે જેથી, નદીનું પાણી અસ્તવ્યસ્ત થાય નહિ. સદાય કાયમ રહે. આ મુજબ જ્યારે આત્મારૂપી નદી, સંયમરૂપી પાણીથી પૂર્ણ હોય છે, અને સત્યાદિકનો પ્રવાહ વહેતો હોય છે, તેમજ કીનારો બરોબર હોય છે ત્યારે, દયારૂપી ઉર્મિઓ ઉછળતી હોય છે. આવી આત્મા રૂપી નદીમાં સ્નાન કરો કે જેથી મન, તનનો મેલ ખસે અને આત્મા નિર્મલ બની સ્વશક્તિનો આવિર્ભાવ કરે. ફક્ત કાયા ઉપર પાણી રેડવાથી આત્મા નિર્મલ થતો નથી. આ મુજબ શ્રીકૃષ્ણ મહારાજ, શ્રી અર્જુનને ઉપદેશ આપે છે. માટે ચિદ્‌ઘન એટલે અનંત જ્ઞાનના સ્વામી એવા જીનેશ્વરને હૈડામાં ધારીને ચેતો. અને આત્માને નિર્મલ કરો. જીવન, વાયુ માફક ચંચલ છે. તથા દુન્યવી સુખ, સંધ્યાના રંગ જેવું છે. જરા રાક્ષસી પાછળ પડેલી છે. સંયોગો, વિયોગવાળા છે. સગાંવહાલા સ્વાર્થી છે. પ્રતિકુલ થતાં ક્યારે દગો દેશે તેની ખબર પડશે નહિ.

તમોએ સ્વજન વર્ગના પોષણ માટે અને શારીરિક શુદ્ધિ ખાતર જેવી કાળજી રાખી, તેવી શરીરમાં નિવાસ કરીને રહેલા આત્માની પણ શુદ્ધિ કરવા માટે લાગણી રાખવી જોઈએ જ. તોજ જીંદગાની સાર્થક થાય છે. તમારી પાસે જે સંયોગે મળેલ છે તે તમારૂં નથી. તમારી વસ્તુઓ હોત તો, પરલોકમાં સાથે આવવી જોઈએ. પણ પડી રહેતી હોવાથી, તે કાયા અને માયા તમારી છે જ નહિ. તે સદ્-ગુરૂ કહે છે. તે બરોબર છે. શંકા ધારણ કરો નહિ. શંકાને ધારણ કરનારાઓ, ચિદ્‌ઘન આત્માને ઓળખી શકતા નથી. અને આત્માને ઓળખ્યા વિના સર્વે ક્રિયાઓ યથાર્થ ફલવતી બનતી નથી. માટે ચેતી આત્માને ઓળખો.

હવે આત્માને ઓળખવાનો માર્ગ દર્શાવે છે. તે માટે સદ્‌ગુરૂ ૧૫ મા પદની રચના કરતા કહે છે કે,

**(૪) આત્મ ધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું,**
**કર્માધીન છે સૌ સંસારી, કોઇને કાંઈ ન કહેવું.**
**આત્મ૦ ॥૧॥**

**કોઇજન નાચે કોઇજન રૂવે, કોઇજન યુદ્ધ કરંતા,**
**કોઇજન જન્મે કોઇજન ખેલે, દેશાટન કેઇ ફરતા.**
**આત્મ૦ ॥૨॥**

**વેળુ પીલી તેલની આશા, મુરખ જન મન રાખે,**
**બાવળીઓ વાવીને આંબા, કેરી રસ શું ચાખે.**
**આત્મ૦ ॥૩॥**

વૈરી ઉપર વૈર ન કીજે, રાગીથી નહિ રાગ,
સમભાવે સૌ જનને નિરખે, તો શિવસુખનો દાવ.
આત્મ૦ ॥૪॥

જુઠો જગની પુદ્દગલ બાજી, ત્યાં શું રહીયે રાજી,
તન ધન યૌવન સાથ ન આવે, આવે ન માત પિતાજી.
આત્મ૦ ॥૫॥

લક્ષ્મી સત્તાથી શું થાવે. મનમાં જોશો વિચારી,
એક દિન ઉઠી જાવું અંતે, દુનિયા સૌ વિસારી.
આત્મ૦ ॥૬॥

ભલભલા પણ ઉઠી ચાલ્યા, જોને કેઈક ચાલે,
બીલાડીની દોટે ચડીયો, ઉંદરો શું મહાલે.
આત્મ૦ ॥૭॥

કાળ ઝપાટો સૌને વાગે, યોગીજન જગ જાગે,
બુદ્ધિસાગર આત્મ અર્થી, રહેજો સૌ વૈરાગે.
આત્મ૦ ॥૮॥

સદ્દગુરૂ મહારાજ કહે છે કે, અરે ભાગ્યશાલીઓ ? તમારી મરજી મુજબ તમારા સગાંવહાલાં વર્તે નહિ, અને મનગમતુ કરે. ભલે પછી, પુત્ર--પુત્રી–પત્ની અગર અન્ય પરિવાર હોય કે, મિત્રાદિક હોય, તો પણ તે સર્વે કર્મા-ધીન છે. આમ વિચારી તેઓને શિખામણ આપવી. પણ, ક્રોધાતુર બની, ગાળો--તિરસ્કાર--તથા ધિક્કાર વિગેરે કરવો

નહિ. કારણ કે, સંસારના સંયોગો સર્વથા નિર્દોષ હોતા નથી. જે તમારી પાસે પુત્ર–પત્ની વિગેરે પરિવાર છે. તેઓનો જુદો જુદો સ્વભાવ છે. તથા તે પરિવાર જુદી જુદી ગતિમાંથી આવીને મલ્યો છે. કોઇ મનુષ્ય ગતિમાંથી, કોઈ પશુ પંખીમાંથી, કોઈ નરકમાંથી, તથા કોઈ દેવ ગતિમાંથી આવી, સંયોગ સંબંધે મળ્યો છે. એકઠો થએલ છે. તથા તે સઘળા પરિવારની ભિન્ન ભિન્ન રુચિ હોય છે. જુદી રુચિ હોવાથી તમારૂ કહેલ તેઓ માને નહિ, તે બનવા જોગ છે. તેથી ક્રોધાતુર બની જેમતેમ બોલવામાં માલ નથી. તેથી સદ્‌ગુરૂ કહે છે કે, કોઇને કાંઇપણ કહેવું નહિ. જેટલો વખત તેઓને કહેવામાં, અગર શિખામણ આપતા માને નહિ. તેઓને કર્કશ વચનો કહેવામાં વખત વ્યતીત કરવા કરતાં, આત્મધ્યાનમાં રહેવું હિતકર છે. ન માને તો મૌનને ધારણ કરી, આત્મધ્યાનમાં રહેવું. જેથી કર્મબંધ થાય નહિ. કોઈ એક ગામમાં, કોઈ એકને કન્યા મળતી ન હોવાથી, લાગવગથી પૈસા ખર્ચીને પરણ્યો. પણ વખત જતાં બન્નેને બનતું નથી. પતિ કહે તે પત્નીને પસંદ પડતું નથી. અને પત્ની કહે તે આ પતિને પસંદ પડતુ નથી. તેથી હરરોજ કંકાસ–ઝગડો કરે છે. બાયડી ઘરચોળા માગે, ત્યારે, ધણી કહે કે, ધણી ધાગા પહેરે છે, અને તારે ઘરચોળા પહેરવા છે. જેટલા પૈસા હતા તેનો વ્યય કરી તને લાવ્યો છું. પરણ્યો છું. હવે ઘરચોળા અગર ઘરેણા ઘડાવવાના રૂપિયા મારી પાસે નથી. જ્યારે રૂપિયાની કમાણી થશે ત્યારે ઘરચોળા

અગર તારી મરજી મુજબ વસ્ત્રો લાવવામાં આવશે. તેમજ સોનાના, મોતીના, અરે રત્નના દાગીના લાવીને પહેરાવીશું. હાલમાં શાંત બનવામાં આનંદ છે. સામું બોલવામાં, તકરાર કરવામાં તો દ્વેષ અને ક્રોધના વિકારો જન્મે છે. આ પ્રમાણે સાંભળી સ્ત્રીએ કહ્યું. ગમે તેમ કરી હાલ ને હાલ જ લાવો. મારે ઘરચોળા અને ઘરેણાં પહેરવાની ઈચ્છા છે. તારી ઇચ્છા ગમે તેવી હોય પણ, "**વસુ વિનાના નર પશુ સમાન છે**" શું ચોરી કરવા જાઉં ? માટે હાલમાં શાંતિમાં રહેવાની જરૂર છે પણ, બાઈ સાહેબ શેના માને ? એટલે દરરોજ દરેક બાબતમાં કલહ, કજીઓ થતો. હવે ભાઇ-સાહેબ પસ્તાવો કરે છે કે, લગ્ન કયાં કર્યું ? આના કરતાં તો કુંવારાપણામાં કુશળતા હતી. લહેરમાં જીવન પસાર થતું. આ મુજબ પસ્તાવો કરતાં, તે ભાઈને સમ્યગ્ જ્ઞાની શિખામણ આપે છે કે ભલેને તારી નારી બૂમો પાડે, અગર મેણા મારે, તો પણ તારે મૌન ધારણ કરવું. સામે બોલવું નહિ. તે બોલી બોલીને થાકશે. તું કાંઇક બાનું કાઢી થોડા દિવસો બહારગામ જા. તેથી પોતાની મેળે શાંત થશે. તારે કહેવું પડશે નહિ. પણ ભાઈસાહેબ શેના માને ? ભાઇને બાઇ વિના ચાલે નહિ, અને બાઈને ધણી વિના ચાલે નહિ. જ્યારે કંટાળો આવે ત્યારે કપાળ કુટે. આવા માણસોને સદ્ગુરૂ કહે છે કે, આત્મધ્યાનમાં રહીને કોઈને કાંઈ કહે નહિ. બોલનારા બોલાબોલી કરીને થાકશે. અને તારે પસ્તાવો કે વલોપાત કરવાનો વખત આવશે નહિ. ચિત્ત દઈને

સાવધાન થઇને સંસારની માયા, આસક્તિ કેવો ફેર કરે છે તે સાંભળ? સંસાર સુખમાં મગ્ન બનેલ માણુસો, જુદા જુદા વેશ પહેરી વિવિધ નૃત્ય કરે છે.

ઈલાપુત્રની માફક–ઈલાપુત્ર, ધનદત્ત શેઠનો લાડીલો દીકરો હતો, તેથી લાડમાં ને લાડમાં મોટો કર્યો છે. ભણી-ગણીને તે પણ હોંશીયાર થએલ છે. આ યુવાવસ્થામાં આવેલ હોવાથી બજારમાં મહાલવા જતા એક નટ્ટ કન્યાને દેખી, તેણીમાં જ આસક્ત બન્યો. માત–પિતાએ સારી રીતે સમજાવ્યો. છતાં માન્યું નહિ, કર્માધીન, મોહમુગ્ધ બન્યા પછી, કોઈની પણ શિખામણ માનતો નથી. માતપિતાએ કહ્યું કે, હે પુત્ર? તને પદ્મણી નારી પરણાવીએ. તેની સાથે વિલાસ કર. આ નટ્ટ કન્યામાં કેમ મુગ્ધ બન્યો છે. કુલવાન્ તો કુલવતી, સારા ઘરની કન્યાને પરણે. તારા જેવાને આ પ્રમાણે વર્તન રાખવું યોગ્ય નથી. છતાં તે વચનોને અવગણી, નટ્ટ સાથે ચાલ્યો. ખભે વાંસડો લીધો છે. અને નટ્ટ કન્યાને પુનઃ પુનઃ નિરખી, તેના પિતાને કહે છે કે, મને તેણી સાથે પરણાવો. નટ્ટ કહે છે કે, નટ્ટની સઘળી કળાઓ શીખી, કોઈ રાજાની આગળ દોરડા ઉપર નાચ કરો. રાજા રીઝયા પછી દાન આપશે. ત્યારપછી પરણાવીશ. આ મુજબ ઇલા પુત્રે સઘળી નટ્ટકલા શીખી. અને ગામેગામ, નગરે નગરે નૃત્ય કરવા લાગ્યો. આ પ્રમાણે જ્યાંસુધી સંસારની વિષય વાસના વહાલી લાગે છે. ત્યાંસુધી જીવા-ત્માઓને વિવિધ પ્રકારનું નાચવાનું કહે છે. તથા જ્યારે

ઇષ્ટ, પ્રિય વસ્તુઓનો વિયોગ થાય છે. ત્યારે જ્ઞાનાભાવે રૂદન કરવામાં ખામી રાખતા નથી. એક માણસે પોતાના પુત્રને કરજ કરીને હુન્યવી કેળવણીમાં કુશળ કરાવ્યો. તથા ઘણા પૈસાઓનો વ્યય કરવા પૂર્વક પરણાવ્યો, પણ પરણ્યા પછી કેવી રીતે વર્તન કરવું અને શરીરની તાકાત નષ્ટ થાય નહિ તે મુજબ રહેવું તે બરોબર શીખ્યો નહિ. રીતસર બ્રહ્મચર્યનું પાલન નહિ કરવાથી અને વિષય વિલાસમાં આસક્ત બનવાથી, તાકાત ઓછી થવા લાગી. વ્યાધિઓ લાગુ પડી. કાસ–શ્વાસાદિ લાગુ પડવા પૂર્વક ક્ષયરોગ હાજર થયો. રોગને નષ્ટ કરવા ઘણા પૈસા ખરચી, દવાઓ કરાવી. પણ આ રોગ ગયો નહિ. અંતે મરણ પામ્યો. તેથી તેના માત–પિતા તથા પત્ની વિગેરે વિવિધ વિલાપો કરીને રડવા લાગ્યા. આ મુજબ બનાવો બનતા હોવાથી બહુ માણસો રડે છે. કલ્પાંત કરે છે. છતાં તે વહાલાઓ પાછા મળતા નથી. અત એવ સદ્ગુરૂ કહે છે કે, નાચવાનું અને રડવાનું મુકી દઈ આત્મધ્યાનમાં સદા મગ્ન રહેવું. નહિ રહો તો સાંસારિક લહાવા લેવા ખાતર કોઈ વખતે યુદ્ધ કરશો. ઘણાય રાજા–મહારાજાઓ, સંતોષના અભાવે યુદ્ધ કરે છે અને કરશે. અને શક્તિ અને સાધનોમાં વધારો કરતા, સાધનો વિનાના રાજાઓ સાથે લડાઈ કરી તેઓને પરાધીન બનાવે છે. અને બનાવશે. એટલું જ નહિ. પણ દાસની માફક હલકી સ્થિતિમાં મૂકે છે અને મૂકશે. છતાં તેઓને સંતોષ થતો નથી અને પ્રજા ઉપર કારમો કર મુકી મહાલતા ફરે છે. પરંતુ તેઓને

ખબર હોતી નથી કે, યુદ્ધ કરવાપૂર્વક, પ્રજાઓના ઉપર વિવિધ કર નાંખી તથા બળ વાપરી, સત્તા જમાવીને, લક્ષ્મી એકઠી કરી. તે લક્ષ્મી તમારી હાંસી કરે છે કે, આત્મજ્ઞાન —ધ્યાનને ભૂલી જવાવાળી લક્ષ્મી મારામાં આસક્ત બનેલ છે. હું તો કોઇની થઈ નથી, અને થવાની પણ નહિ. હા એટલું તો ખરૂં કે, જે આત્મજ્ઞાન—ધ્યાનમાં રહી વ્યાવહારિક કાર્યો કરે છે. તેઓની પાસે સદા નિવાસ કરૂં છું. કદાપિ ખસતી ખસુ નહિ. પરલોકમાં સાથે સાથે ગમન કરૂં. **ધન્યકુમાર** તથા **શાલીભદ્ર** વિગેરે ભાગ્યશાલીઓની માફક. આ સિવાય, મોટા સત્તાધારિઓ, મહારાજાઓને તથા શ્રીમંતોને દુર્ગતિના ગંભીર ગર્તાઓમાં ઘસડીને પટકું છું. માટે અરે બુદ્ધિમાનો ? બુદ્ધિનો કયાં દુરૂપયોગ કરો છો ! તમારા આત્માનું કલ્યાણ કરવા માટે વિવેક કરો. તથા કેટલાક વિચારણા અને વિવેક વિહીન માણસો, આત્મજ્ઞાન —ધ્યાન વિગેરેની કમાણીનો ત્યાગ કરી દેશાટન કરે છે. પરદેશમાં નિવાસ કરે છે. પણ પુણ્ય અને પવિત્રતા વિનાના તેઓ મૂડીને ગુમાવી પામર જેવા બને છે. આ પ્રમાણે સઘળું આયુષ્ય વીતાવી મરણ પામે છે. અને પાછા જન્મને ધારણ કરી, દુઃખની પરંપરાને વધારી, મહાવિપત્તિમાં ફસાઈ પડે છે. તેથી સદ્ગુરુ કહે છે કે, ભ્રમણામાં ભૂલા પડી કયાં ભટકો છો ! વેળુ, રેતી પીલી, તૈલની આશા રાખનારાઓ ! મૂર્ખની કોટીમાં ગણાય છે. રેતી પીલીને તૈલની ઇચ્છા કોની ફલવતી બની છે, તે તો કહો ? કોઇની

નહિ જ. તે મુજબ સાંસારિક પદાર્થોમાં સાચા સુખની જે અભિલાષા રાખી રહેલા છે. તે શું સફલ બનશે ખરી? નહિ જ બને. આવળ–કે બાવળીઓ વાવીને, સુગંધ કે કેરીનો રસ શું પ્રાપ્ત થાય છે! કદાપિ નહિ. માટે ઇષ્ટનો વિયોગ થતાં તથા અનિષ્ટનો સંયોગ આવી લાગતા, કયાં! શા માટે રૂદન કરો છો! અને શા માટે દેશાટન કરો છો! ઘરમાં સ્થિરતા કરી બેસો. અને જ્ઞાન–ધ્યાન પૂર્વક સાચી કમાણી કરો. આ મુજબ વર્તન રાખશો નહિ તો ઘણી નુકશાનીમાં અને ખરાબ હાલતમાં આવવું પડશે.

"એક માણસ દુન્યવી કેળવણી લઈ સ્ટેશન માસ્ટર બનેલ છે. પગાર સારો મળતો હોવાથી પુત્ર પરિવારનું રીતસર પોષણ કરી રહેલ છે. પણ સંતોષના અભાવે, વધારે પૈસા કેવી રીતે મેળવવા, તેની યોજનાઓ, ઘાટો ઘડી રહેલ છે. તે અરસામાં એક ઝવેરી, પચાસ હજારનું ઝવેરાત લઈને, એક રાજાને આપવા માટે એક સ્ટેશને આવ્યો. ત્યારે રાત્રી પડેલ હોવાથી, સ્ટેશન માસ્તરને કહ્યું કે પાસે રહેલા મકાનમાં પચાસ હજારના ઝવેરાતની બેગ મૂકું? આ ઝવેરીને ખબર નહોતી કે સ્ટેશન માસ્તરની દાનત કેવી છે! માસ્તરે તો, આ સાંભળી ખુશીથી મૂકો એમ કહ્યું. ઝવેરી વિશ્વાસથી તે ઝવેરાતની બેગ મૂકી, ઢાળેલા ખાટલામાં સૂઈ ગયો. ત્યારબાદ ઝવેરાતને છીનવી લેવાની દાનત હોવાથી, બે માણસો સાથે ગુપ્ત વાત કરતો જાણી, ઝવેરી ચેતી ગયો. માસ્તરે ઝવેરીને મારી નાંખવા માટે કહ્યું.

જો તમે તેને મારી નાંખો તો પાંચ પાંચ હજારનું ઝવેરાત આપવામાં આવશે. આ બે માણસો, "હા" પાડીને મારી નાંખવા તૈયાર થયા. મધ્યરાત્રીએ, ઝવેરી વિચાર કરવા લાગ્યો કે, અર્થ, અનર્થ કરનાર જે શાસ્ત્ર કહે છે તે, બરાબર છે. રખેને આ બે માણસો મને મારી નાંખે તો, માટે પાસે રહેલા લીંમડા ઉપર ખાટલામાં ઓશીકુ મૂકીને ચઢી જાઉ. આમ વિચારી ખાટલાની વચ્ચે ઓશીકુ મૂકી, તેના ઉપર ચાદર ઓઢાડીને, લીંમડા ઉપર ચઢી બેઠો. તે અરસામાં માસ્તરનો દીકરો, નાટક જોવા ગયો હતો. તે જોઈને આવ્યો. નિદ્રા આવતી હોવાથી, આ ખાટલામાં ઓશીકુ અને ચાદરને દૂર કરી સુઈ ગયો. એકદમ નિદ્રામાં ઘેરાયેલ છે. તેવામાં સંકેત કરીને રાખેલા બે માણસોએ આવીને ઝવેરીની ભ્રમણાથી, માસ્તરના જ દીકરાને ગળુ દબાવી મારી નાંખ્યો. આ બનાવ દેખી, ઝવેરી વિચાર કરવા લાગ્યો કે, જો હું આ વૃક્ષ ઉપર ગયો ન હોત તો મારી પણ આ દશા થાત. સઘળી રાત્રી જાગતો રહીને કાઢી. માસ્તરને ખબર નથી કે, આ બે માણસોએ કોને માર્યો. તે તો સમજે છે કે, ઝવેરીને મારી નાંખ્યો હશે. અને સઘળું ઝવેરાત હાથમાં આવશે. વૃક્ષ ઉપરથી નીચે ઉતરી, ઝવેરી, બેગ લેવા માટે તે હોલમાં આવ્યો, ત્યારે ખબર પડી કે, આતો જીવતો છે. ત્યારે આ માણસોએ કોને મારી નાંખ્યો; આમ વિચારીને, ખાટલા પાસે આવીને તપાસ કરે છે. ત્યારે પોતાનો પુત્ર મરેલો જાણી, છાતી

ફાટ રડવા લાગ્યો. ઝવેરી તો, રાજાએ સામા મોકલેલ સુભટો સાથે ભેગ લઈ તે નગરમાં ગયો. અને રાત્રીએ બનેલ સઘળી બીના રાજાને કહી. રાજાએ મોકલેલ ફોજદારે, ત્યાં આવીને તપાસ કરી. માસ્તરને બેડીઓ પહેરાવી, રાજા સન્મુખ હાજર કર્યો. એક બાજુએ પુત્ર મરી ગયો તેનો પરિતાપ, અને બીજી બાજુએ બેડી પડી તેનો સંતાપ, બન્ને બાજુએ સંતાપથી, માસ્તર બળવા લાગ્યો. તેમાં વળી, સખ્ત મજુરી કરવાની સજા થઇ. કહો હવે દીકરો મરી ગયો. કેદખાનામાં સખ્ત મજુરી કરવી પડી. શો લાભ થયો. માટે લોભનો ત્યાગ કરી, આત્મજ્ઞાન, ધ્યાનમાં રહેવાની જરૂર છે. જેમ તેમ પૈસા માટે ભટકવાથી, ટીચાવાથી અંતે ગેરલાભ થાય છે. કાવાદાવા, કપટ કરવાથી અંતે ખરાબી જ થાય છે. તેથી સદ્ગુરુ સૂરીશ્વરજી કહે છે કે, **"વૈરી ઉપર વૈર ન કીજે"** કારણ કે ખરેખર વૈરી તો કષાય છે. તે જ વૈર વિરોધાદિક કરાવે છે. ધાર્મિક ક્રિયાઓમાં વારે વારે વિઘ્નો ઉપસ્થિત કરે છે. દુનિયાના વૈરી કાયમ નથી. અનુકુલતા આવતાં, તે પાછા સંબંધી બને છે. કષાય કદાપિ સંબંધી બનતો નથી. માટે હૈયાને શાંત રાખવું હોય તો; તથા સ્થિરતા ધારણ કરવી હોય તો, વૈરનો બદલો સામા સાથે વૈર રાખવાથી વળતો નથી. પણ પ્રેમ રાખવાથી વળે છે. અને માનસિક વૃત્તિ પણ નિર્મલ થાય છે. માનસિક વૃત્તિઓને વશ કરવી હોય, તથા આનંદમાં રહેવું હોય તો પ્રેમ રસાયણનો ખપ કરવો. જો

પ્રેમ રસાયણનો ખપ કરશો નહિ તો, ગમે તેવું શક્તિવર્ધક, દુન્યવી રસાયણ લેશો તોપણ, આનંદપૂર્વક જીવન વીતાવશો નહિ. ભલે મહાસત્તાધારી ચક્રવર્તી હોય કે, મહોટી વિદ્યાવાળો હોય, તો પણ, કલેશ, કંકાસ, યુદ્ધાદિ કરી, દુર્ગતિના ભાજન બને છે. “ બ્રહ્મદત્ત ચક્રીએ બ્રાહ્મણોનું વૈર લેવા માટે તેમની આંખો ફોડાવી, ડોળાઓ એકઠા કરી, પીસવા લાગ્યો. છતાં, વૈર વળ્યું નહિ. અને વૈરનો બદલો લેતાં, સાતમી નરકે જવું પડયું. તથા સુભૂમચક્રવર્તીએ, ક્ષત્રિયોને મારી, તેમની દાઢાઓ એકઠી કરનાર પરશુરામને હણ્યો, તોપણ, વૈર વળ્યું નહિ. પણ વૈરમાં વધારો કરી દુર્ગતિના પાત્ર બન્યા. માટે કોઇના ઉપર વૈર વિરોધાદિ રાખવો તે પણ, આત્મવંચના તથા ધાત છે. તથા રાગી ઉપર રાગ પણ રાખવો નહિ. કારણ કે, રાગમાં આગ સમાએલ છે. રાગ રાખવો અગર કરવો હોય તો, આત્મિકગુણો–સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઉપર રાખવો; કારણ કે તેમના ઉપર રાગ રાખવાથી વૈરાગ્ય–સંવેગ અને પ્રશમાદિક આવીને હાજર થાય છે. સત્ય વિરાગ અને સંવેગ વિગેરે તે તે સાંસારિક રાગને દૂર કરવાનો સાચો ઉપાય છે. કે જેથી, આગ ઉત્પન્ન થાય નહિ. અને ધાર્મિક ક્રિયાઓ દ્વારા બંધાએલ પુણ્યનું રક્ષણ થાય. તેમજ આ આત્મિકશક્તિનો વિકાસ થાય; “રાગમાંથી જ દ્વેષ ઉત્પન્ન થાય છે. અને દ્વેષથી કષાય ક્રોધાદિક ઉત્પન્ન થઇ, આત્મિ શક્તિનો તથા પુણ્યનો ઘાત કરી, પાપોને વધારી મુકે છે. પાપોના ઉદયે

જ, વિવિધ વિડંબના હાજર થાય છે. એટલે દેવદુર્લભ મનુષ્યભવ સાર્થક બનતો નથી. પરભવમાં પ્રતિકુલતા પુનઃ પુનઃ જન્મે છે.

જિતશત્રુ રાજાને સુકુમારિકા નામની રાણી ઉપર ઘણો રાગ હતો. તેથી તેણીમાં આસક્ત બની, સ્વરાજ્યની સંભાળ રાખતો નહિ. સદાય તેણી પાસે રહેવામાં આનંદ માનતો. અન્ય સામંત રાજાઓને માલુમ પડી કે, હવે તેનું રાજ્ય કબજે કરવામાં વિઘ્ન આવશે નહિ. મંત્રીઓને ખબર પડી. તેથી રાણી અને પલંગ સાથે આ જીતશત્રુને, જ્યારે વિલાસ કરીને નિદ્રાવશ બનેલ છે. ત્યારે જંગલમાં મુકીને, તેના મોટા પુત્રને રાજ્યનો અધિકારી બનાવ્યો. અને શીખામણ દીધી કે, રાજ્યની તેમજ પ્રજાની પુનઃ પુનઃ સંભાળ લેવી. પણ રાણીઓના વિષય વિલાસોમાં મુગ્ધ બનવું નહિ. અન્યથા તમારા પિતા જેવું કષ્ટ ભોગવવું પડશે. વિષય વિલાસોમાં રક્ત બનેલ રાજાઓ સ્વપરનું અહિત કરે છે. પોતે દુઃખી થાય છે. અને પ્રજાને પરાધીન બનાવી દુઃખી બનાવે છે. આ મુજબ મંત્રીઓની શીખામણને ધ્યાનમાં રાખી રાજ્ય ચલાવે છે. ત્યારે તેનો પિતા, રાણી સાથે પ્રાતઃકાલે જાગે છે. ત્યારે ઘણો વલોપાત કરે છે. રાણીમાં અત્યંત રાગ રાખવાથી, રાજ્ય ગુમાવ્યું. અને વનવગડામાં મંત્રીઓએ આપણને લાવી મૂક્યાં. હવે પાછા જવામાં માલ નથી. પ્રધાનો, મંત્રીઓ વિરૂદ્ધ બનેલ છે. માટે આગળ ચાલવું. આમ વિચારી, આગળ ચાલતાં,

ખાડા–ટેકરાઓ આવતાં, નીચે ઉતરવું તથા ઉપર ચઢવું પડે છે. માર્ગે પડેલા કાંકરા અને કાંટાઓ પણ, ઘણી વખત વાગે છે. આ દુ:ખ તથા સંકટ સહી શકાતું નથી. તેથી ફરતા વધારે સંતાપ, કર્યા કરે છે. અને મનમાં વિચારે છે કે, વિષય વિલાસોમાં મગ્ન બનવાથી આવી દશા ઉપસ્થિત થઈ છે. વિષય વિલાસો જ વિનાશને આમંત્રણ આપે છે. હવે પછી તેઓમાં આસક્ત બનવું નહિ. હે આત્મન્! હવે સહન કરી લે. વલોપાત કરવાથી કાંઇ વળે એમ નથી. સુકુમારિકા તો, એક ગાઉ ચાલતાં થાક લાગવાથી બેસી જાય છે. અને વિવિધ ચિન્તા કરે છે. તેવામાં તાપની ગરમીથી ઘણી તરસ લાગવાથી, નૃપની પાસે પાણીની માગણી કરે છે. પાણી માટે નૃપે સર્વ સ્થલે સારી રીતે શોધ કરી પણ, પાણી પ્રાપ્ત થયું નહિ. પાણી વિના રાણીની પાસે જઈશ તો તે મૂર્ચ્છા પામશે. આમ વિચારી તેણે છરી વડે હાથની નસ કાપી. નિકળેલા લોહી વડે પત્રનો પડીયો ભરીને, તેણીની પાસે જઇને કહ્યું કે, આંખો મીચીને પીજા. "**રાગને લઇને માણસો શું શું નથી કરતા**" વળી આગળ જતાં ભૂખ લાગી. ત્યારે વગડામાં ફળાદિક નહિ મળવાથી સાથળ કાપી માંસ ખવરાવ્યું. આમ કરતાં કોઈ એક ગામમાં ગયા. રાજા આજીવિકા માટે મનગમતો ધંધો કરવા લાગ્યો. જ્યારે રાજા ધંધા માટે બહાર જાય છે ત્યારે રાણી એકલી મકાનમાં રહેલી મુંઝાય છે. અને ચિન્તા કર્યા કરે છે કે, મને એકલા રહેવું

બીલ્કુલ ગમતું નથી. માટે તમે મારી પાસે રહો. રાણી પાસે રહેવાનું પસંદ છે. પણ ધંધા વિના ભૂખે મરવું પડે તેથી, એક પાંગળા, લૂલા માણસને તેની પાસે રાખ્યો. આ રાખેલો પાંગળો છે. છતાં સંગીત રીતસર જાણતો હોવાથી. દરરોજ વિવિધ ગાન કરી રાણીને ખુશ કરે છે. આમ સંગીત સાંભળવાથી તેના ઉપર અત્યંત રાગ થયો. અને રાજા ઉપરથી રાગ અલ્પ થયો. સંગીતકાર લૂલ ઉપર અત્યંત રાગ થવાથી, વિચાર કરવા લાગી કે, રાજાને મારી નાંખી, આની સાથે રહેવું હશે તો આનંદપૂર્વક રહેવાશે. અને પેટ ભરાશે. કારણ, સંગીત જાણતો હોવાથી, ઘણા સંગીતરસિકો પૈસા આપશે. રાજાની પાસે રહેવાથી પેટ પૂર્ણ ભરાતું નથી. આમ વિચારી રાજાને મારી નાંખવા માટે લાગ જોઈ રહેલ છે. તેવામાં રાજાએ કહ્યું કે, આ ગામમાં, આપણા ત્રણ માણુસોનું પેટ ભરાય તેવો ધંધો ચાલતો નથી. માટે સારા શહેરમાં જઈએ. ત્યાં ધંધો મળશે, અને પેટ ભરાશે. આ મુજબ સાંભળી, ત્રણેય આ ગામમાંથી નીકળી મોટા શહેર તરફ ગમન કરી રહેલ છે. તેવામાં ગંભીર અને ઉંડા પાણીવાળી નદી આવી. તેથી નૌકામાં બેઠા. બેઠા પછી રાણીએ રાજાને મારી નાંખવા ઘાટ ઘડયો. અને કહેવા લાગી કે, હે સ્વામી ? આ નદીમાં કેટલું બધું પાણી છે. અને મગરમચ્છો કેવા મકરકુદીં કરી મહાલી રહ્યા છે. તે જોવા માટે રાજા નૌકામાંથી ઉભો થઈને જુવે છે. તેવામાં તેણીએ પાછળ ધક્કો મારી નદીમાં

નાંખ્યો. નૌકામાં રહેલા માણુસો આગળ વિવિધ વિલાપ કરવા લાગી. છેવટે, નદી ઉતરી, પાંગળાને ખભા ઉપર બેસાડી, કોઈ એક શહેરમાં આવી. આ લૂલો સંગીતદ્વારા જનસમુદાયને ખુશ કરે છે જે મળે તેનાથી મોજ મજાહ કરે છે. અને રાણી લોકો આગળ કહે છે કે, મારા પિતાએ આની સાથે પરણાવી. તેથી આને ખભે બેસારીને પેટ ભરવા ખાતર પરિભ્રમણ કરૂં છું. શું આનો ત્યાગ થાય, તેનો ત્યાગ કરવો તે સતી નારીનો ધર્મ નથી. સુખમાં કે દુઃખમાં સાથે રહેવું જોઇએ. જે કુલટા હોય તે, આવા પાંગળા પતિનો ત્યાગ કરી અન્યત્ર જાય. અને આબરૂ ગુમાવી હાંસીપાત્ર બને. મારે તો પિતાએ પરણાવ્યો તે પ્રભુ સમાન છે. આ મુજબ સાંભળી, જનસમુદાય અધિક ખુશ થઇને, કોઈ રૂપૈયા આપે છે, કોઈ સોના મહોર આપે છે. તેથી આ બે જણાં અધિક આનંદપૂર્વક વિલાસો કરે છે. હવે રાજા નદીમાં પડ્યા પછી, તરતાં આવડતું હોવાથી, તથા એક પાટીયું હાથમાં આવેલ હોવાથી, નદીને પાર ગયો. જેમ સમક્તિરૂપી પાટીયાને પ્રાપ્ત કરીને, ધાર્મિક પુરૂષાર્થ કરી, માણસ, નદીરૂપી તૃષ્ણાને તરી જાય છે, તે પ્રમાણે નદીને તરી કોઈ એક સ્થલે બેસી વિચાર કરે છે કે, નામ તો જિતશત્રુ છે. એટલે જીતેલ શત્રુઓ જેણે. પણ, હું તો રાગ-દ્વેષ અને મોહાદિવડે જીતાએલ છું. મારા નામને પણ સાર્થક કર્યું નહિ. વિષય વિલાસોમાં આયુષ્યનાં સાથે રાજ્યને વૃથા ગુમાવ્યું. જો વિલાસોનો ત્યાગ કરી. આત્મ-

જ્ઞાન-ધ્યાનાદિકમાં જીવન વ્યતીત કર્યું હોત. તથા રાજ્યની સારવાર કરી હોત તો આવી દશા ઉપસ્થિત થાત નહિ. પટ્ટરાણીમાં પ્રીતિ રાખી, વિશ્વાસ ધારણ કર્યો. પરંતુ તેણીએ દગો દીધો. અને ગંગા નદીમાં ધક્કો મારીને પેલા પાંગળા સાથે રાગી બની ચાલી નીકળી અરે રાગ! તેં તો કારમી કતલ કરી. રાજ્યથી પણ ભ્રષ્ટ કર્યો. હવે ચેત્યો છું. અને વિલાસોમાં જ વિનાશ સમાએલ છે તે જાણ્યું. હવે તો બાકી રહેલ જીવન, પરોપકાર વિગેરે ધાર્મિક ક્રિયામાં વીતાવું. તોજ, કલ્યાણ સાધી શકાય. આમ કરતાં. વૈરાગ્ય વાસિત બની, એક સારા શહેરની ભાગોળે પીંપળાના વૃક્ષ નીચે બેઠેલ છે. તેવામાં આ નગરનો રાજા, પુત્ર વિનાનો મરણ પામેલ હોવાથી, રાજ્ય માટે પીત્રાઇઓ. ઝગડા કરીને લડાઈ કરે નહિ તે માટે પટ્ટહસ્તિની શુંઢમાં પાણી ભરેલો કળશ આપ્યો છે. અંબાડીમાં છત્ર, ચામર વિગેરે સ્થાપન કર્યાં છે. અને જાહેર કર્યું કે, આ જય-મંગલ હાથી જેના ઉપર કળશનો અભિષેક કરે તેને રાજ્ય-ગાદી ઉપર આરૂઢ કરવો. આમ સર્વેની સલાહ લઈ શહેરમાં ફેરવે છે. પણ, કોઈના ઉપર આ હાથી કળશદ્વારા અભિષેક કરતો નથી. સઘળાં સગાં-વહાલાં નિરાશ બન્યાં છે. તેટલામાં શહેરની બહાર, આ નૃપ બેઠેલ છે ત્યાં આવીને, તેના ઉપર અભિષેક કર્યો. છત્ર, ચામર ધારણ થયાં. મંત્રીઓએ તથા સ્વજનવર્ગે તેમજ પ્રજાએ વધાવી લઈ, નગરમાં ધામધૂમપૂર્વક પ્રવેશ કરાવી, રાજ્યગાદી ઉપર સ્થાપન કર્યો.

હવે જિતશત્રુ રાજાને પાછી રાજ્યગાદી મળી, ત્યાર પછી વિષય વિલાસોના રાગનો ત્યાગ કરી, ધાર્મિક વૃત્તિ વડે રાજ્ય ચલાવે છે. પ્રજાઓને પણ સંતોષ થએલ છે. પોતે પણ સંતોષી બની, આનંદનો અનુભવ લીધા કરે છે. નગરમાંથી સાત વ્યસનોને દૂર કરાવી, આત્માની પણ તાકાતને વધારે છે. તેવામાં પેલી જે રાણી હતી તે, પાંગળાને ખભે બેસાડી, આ નગરમાં આવી. સતીત્વનો આડંબર દર્શાવે છે. અને કોઈ પુછે ત્યારે કહે છે કે, મારા પિતાએ આ પતિ સાથે પરણાવી. ભલે પતિ પાંગળા છે. પણ, તેનો ત્યાગ કરી શકાય નહિ. તેમ કરવામાં વિશ્વાસઘાત કર્યો કહેવાય. સતી નારીનો આ ધર્મ છે જ નહિ. તેથી ખભા ઉપર બેસાડી, ગામેગામ ભ્રમણ કરતાં આ શહેરમાં આવી છું. આ શહેરની પ્રજા તેણીની પ્રશંસા કરે છે કે, આવી સ્ત્રી કોઈક વિરલ હોય છે. ધન્ય છે આ સતી સ્ત્રીને કે, દુઃખી દશામાં ખભે લઈ પોતાના પતિની સાર સંભાળ રાખે છે. આવી પ્રશંસા સાંભળી, નૃપે પણ તેણીને બોલાવીને પુછયું. તેણીએ પણ રાજાને બરોબર ઓળખ્યા વિના, સતીત્વનો ડોળ કરી, પોતાની સ્થિતિને દર્શાવી. જિતશત્રુએ બરોબર ઓળખી લીધી. એક કટાક્ષમાં કહ્યું કે, વાહ રે વાહ તારૂ સતીપણું ? જંગલમાં તૃષા લાગવાથી સાચા પતિના હાથનું લોહી પીધું, ભૂખ લાગવાથી સાથળને કાપી જેણે તારી ભૂખ મટાડી, અને ઘરમાં એકલા ગમતું ન હોવાથી જેણે પાંગળાને પાસે રાખ્યો. છતાં. તેના

ઉપર અત્યંત રાગી બની સત્ય પતિને નદીમાં ધક્કો મારી પાડ્યો. આ તારૂં સતીપણું કેવું! અજબ ને ગજબ છે. આ વૃતાન્ત નીચુ મુખ રાખીને સાંભળી રહી. શો જવાબ આપે ? રાજાએ કરૂણા લાવીને નગરમાંથી કાઢી મૂકી. અંતે ઘણી દુ:ખીઆરી બની. રાજા વૈરાગ્યના આધારે સુખી થયો. માટે સદ્ગુરૂ કહે છે કે, રાગી ઉપર રાગ કરવો નહિ અને દ્વેષ, અદેખાઈને દૂર કરવા. સદ્ગુરૂના ઉપદેશામૃતનું પાન કરવા પૂર્વક પ્રયત્નશીલ બનવું. તો જ સમત્વ આવીને નિવાસ કરે. સમત્વ આવ્યા પછી, શિવ સુખને પામવાનો લાગ મળે છે. માટે શિવસુખ એટલે અનંતસુખ, તેનો કોઈ પણ કાળે વિયોગ થાય નહિ. તેમજ જન્મ, જરા, મરણના સંકટો ટળે. આધિ, વ્યાધિ તથા વિડંબનાને આવવાનો અવકાશ મળે નહિ. આવા શિવસુખના લાભો ક્યારે મળે કે, જ્યારે પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયો અને તેના બસો બાવન વિકારોનો ત્યાગ કરો ત્યારે જ. ત્યાગ કરવાની મનુષ્યોમાં તાકાત છે. પણ, વિલાસોએ તે શક્તિને દબાવી છે. તે દબાણને દૂર કરો ત્યારે સમતાની સાથે શિવસુખના લ્હાવા મળે. અન્યથા તો સંસારમાં અથડાવાનું તો છે જ. શિવ સુખને પ્રાપ્ત કરવું તે તમારા હાથમાં છે. અને સાંસારિક સુખને મેળવવું તે પણ તમારા હાથમાં છે. જેવી ઇચ્છા હોય તે મુજબ પ્રયાસ કરો. કોદરા વાવશો તો કોદરા મળશે, ઘઉં વાવશો તો ઘઉં. પરંતુ કોદરા વાવીને ઘઉં કદાપિ મેળવી શકશો નહિ.

ખસખસ, ક્ષેત્રમાં વાવવાથી અફીણ મળે છે ને ? અમૃત ક્યાંથી મળે ! જેવું બીજ તેવો મોલ પાકે છે. માટે શિવસુખના લ્હાવા લેવા હોય તો, રાગ, દ્વેષ અને મોહાદિકનો ત્યાગ કરી, આત્મજ્ઞાન–ધ્યાનવડે સમત્વામૃતનું પાન કરો ? સંસારની રાગ, દ્વેષે જુઠી બાજી માંડી છે. તેને બરોબર સમજી, તેમાં રાચી રહેવા જેવું છે જ નહિ. પાંડવો અને કૌરવો હારેલા રાજ્યને પાછુ મેળવવા, પાસાની બાજીમાં રાચી માચી રહ્યા. આ બાજી કપટ ભરેલી છે. તે પાંડવો સમજ્યા નહિ. તેથી વનવાસનું કષ્ટ ભોગવવું પડયું. પણ પોતે સત્યવાદી હોવાથી, પાછુ રાજ્ય મેળવી, સમત્વને ધારણ કરી, શિવસુખને પ્રાપ્ત કર્યું. અને યુદ્ધ કરીને પણ, દુર્યો-ધન વિગેરે પોતાની પાસે જે સંપત્તિ હતી તે પણ પ્રાણો સાથે ગુમાવી બેઠા. માટે આ સંસારની જુઠી બાજીમાં ફસાવા જેવું નથી. આ બાજી બરોબર પરખી લો. પરખી લીધા પછી રાજી રાજી થવાશે નહિ. પણ નિર્લેપતાયે રહીને જીવન પસાર થશે. અન્યથા માછલાં, જેમ ખાવાની ચાહ-નાએ, માછીમારે નાંખેલી જાળમાં સપડાઈ, પ્રાણો ગુમાવે છે. તથા હરણો સંગીત નાદમાં મોહ પામી, પ્રાણો ગુમાવે છે તે મુજબ પુદ્ગલ બાજીમાં કોઈ પ્રકારનો લાભ મળશે નહિ. અને કદાચિત્ પ્રાણો ગુમાવવાનો પ્રસંગ આવી લાગે. તે માટે પુદ્ગલ બાજીથી અલગા રહેવા માટે, સમ્યગ્ જ્ઞાનને મેળવવાની જરૂર છે. આ સિવાય નિર્લેપતાએ રહી શકાશે નહીં જ. તન, ધન અને યૌવન તથા માતપિતા

વિગેરે પુદ્ગલ બાજીમાં ફસાએલ, તમોને બહાર કાઢી શકવા સમર્થ બનશે નહિ. સમર્થ બનશે સદ્ગુરૂની સંગતિ. માટે તેમની વાણી સાંભળી હૈયામાં પચાવો. અને જલકમલવત્ નિર્લેપ રહો, તન, ધન, યૌવન વિગેરે અનંતીવાર તમોને મલ્યા. પણ સદ્ગુરૂની વાણીનો લાભ મળ્યો નહિ. તેથી પુદ્ગલ બાજીને સુખદાયક માની આત્મધર્મને ભૂલાયો છે. તેથી જ સંસારમાં આધિ, વ્યાધિની વિડંબનાઓ આવીને વળગી છે. તનની સંભાળમાં, અને ધનને મેળવવા ખાતર વિવિધ ધંધાઓ કર્યા. પણ પાપબંધનું ધ્યાન રાખ્યું નહિ. તેથી જે જે ધંધાઓ કર્યા, તેમાં ધમાલ થઈ. અને ધર્મને ભૂલ્યા. ધમાલ કરીને ધન મેળવ્યું. તેણે આધિ, વ્યાધિને મૂલમાંથી નષ્ટ કરી છે? નહી જ. એટલે ચિન્તાઓને દૂર કરવા ધન મેળવ્યું. પણ શાંતિને બદલે ધમાલ અને ચિન્તા —સંતાપ આવી લાગ્યા. તથા તન અને યૌવનની સારસંભાળ કરી જીવનને વ્યતીત કરશો તો પણ, જરા રાક્ષસીને દયા આવશે નહિ. આયુષ્ય ભોગવતાં પણ ઉપાડી જઈ ખતમ કરશે. સત્તા તમોએ પ્રાપ્ત કરી પણ આત્મસત્તાને ભૂલ્યા. તેથી તે સત્તાએ પણ સતાવવામાં ખામી રાખી નથી. માટે તન, ધન, યૌવન અગર સત્તાનો એક દિવસ ત્યાગ કરવા પૂર્વક, જરૂર પરલોકે જવાનું થશે. અરે? સઘળી દુન્યવી વસ્તુઓને વિસારી જવાનું થશે. તે વખતે તમોને સહાય આપનાર કોણ હશે? તેનો વિચાર કર્યો છે? ન કર્યો હોય તો કરજો. તમારી સમક્ષ ભલભલા શ્રીમંતો તથા તન, યૌવ-

નની નિરંતર સાર બંભાળ રખનાર સર્વનો ત્યાગ કરી, પરલોકે ચાલી ગયા છે. તેઓની ખબર નથી કે, કઈ ગતિમાં ગયા. સારી ગતિ તો, પરોપકારાદિક ધાર્મિક ક્રિયામાં સમા- એલી છે. તેના સંસ્કારોના યોગે સદ્ગતિ પ્રાપ્ત થાય છે. માટે, તન, ધન, યૌવન, સત્તા, સત્ય સુખને અર્પણ કરશે તેવો વિશ્વાસ રાખશો નહિ. ક્યારે તેઓને ત્યાગ કરાશે, તે કહી શકાય નહિ. કંચનપુરના રાજાને તથા તેની પટ્ટરાણી મલયાગીરિને અને તેમના બે પુત્રો, સાયર અને નીરને અણધારી વિડંબના ઉભી થઈ. રાજ્ય, વૈભવ, સત્તા વિગે- રેનો ત્યાગ કરવો પડ્યો. અને અન્યત્ર પરિભ્રમણ થયું. ચંદનનૃપને તેની કુલદેવીએ તથા હિતસ્વી બંધુઓએ કહ્યું કે, તમારા ઉપર અણધારી વિપત્તિ, વિડંબના આવવાની તૈયારી થઇ રહેલ છે. અન્ય રાજાઓ, તમારા રાજ્યને યુદ્ધ કરી કબજે કરવા સૈન્યને એકત્ર કરે છે. માટે તેઓની સાથે લડાઈ કરવી કે, ન કરવી તે તમારી ઇચ્છા ઉપર આધાર રાખે છે. ચંદનરાજાએ વિચાર કર્યો કે, લડાઇમાં પ્રજાની ખુવારી, અને કોણ જીતે અને કોણ હારે તે કહી શકાય નહિ. આ રાજ્ય તે, સાચુ રાજ્ય કહેવાય નહિ. સત્ય રાજ્ય તો, સાચુ શીયળ, બ્રહ્મચર્યનું પાલન કરી રાગ-દ્વેષ અને મોહની સાથે યુદ્ધ કરી, કોઈનાથી પણ લઈ શકાય નહિ, તેવું મેળવીએ તે સત્ય રાજ્ય. આ રાજા રાજ્યની સાર- સંભાળ રાખતો. છતાં નિર્લેપ રહેતો. એટલે મમત્વ નહોતું. તેથી બીજા રાજાઓ યુદ્ધ કરી લેઇ લે તેના કરતાં પોતે

તેનો ત્યાગ કરવામાં ઘણો લાભ છે. પ્રજાને પણ શાંતિ રહેશે, અને ભાગ્યમાં હશે તો પુનઃ પ્રાપ્ત થશે. આમ વિચારી મલયાગીરી અને પુત્રો સાથે રાજ્યનો ત્યાગ કરી, કુશસ્થલ નગરમાં દેવનો પૂજારી બની આનંદમાં મ્હાલે છે. રાણી મલયાગીરી, જાતમહેનતમાં સુખ સમાએલ છે એમ માનતી હોવાથી, જંગલમાંથી સુકા લાકડા કાપી, નગરમાં વેચી, આજીવિકા ચલાવતી. શરીર નીરોગી રહેતું. ચિન્તા ઘણી થતી નહિ. તેણીને વિયય વિલાસોમાં આસક્તિ નહોતી. પણ, શીયળ પાળવામાં અત્યંત પ્રીતિ હતી, જાતમહેનતે વિકારો દૂર ખસે છે. અને આનંદપૂર્વક બ્રહ્મચર્યનું પાલન થાય છે. વિષય વિલાસોમાં, પાપ સિવાય અન્ય બંધ પડતો નથી. પુણ્યબંધ અને સત્તા, શક્તિ અને શાણપણ શીયળમાં રહેલ છે. એમ સમજતાં હોવાથી, કદાપિ રાજ્યના ત્યાગની, ચિન્તા પણ કરતા નહિ. એ અરસામાં, એક સાર્થવાહ વેપારી, વાહનોમાં વિવિધ કરીયાણા ભરીને આવ્યો છે. તેને મલયાગીરીમાં અત્યંત રાગ થયો. તેથી લાવેલ લાકડાની ભારીની કિંમત, બમણી આપતો હોવાથી, ત્યાં વેચીને, પોતાને સ્થલે જતી. પરંતુ શા માટે બમણા પૈસા આપે છે. તે સરલ હોવાથી જાણતી નહોતી. બે મહિના લગભગ માલ વેચાયા પછી, મલયાગીરીને પૈસા આપવાના બહાને, દુર લઈને, તૈયાર રાખેલ વાહનમાં, પરાણે બેસાડીને નાસી ગયો. ચંદનરાજા, રાણીને સાર્થવાહ પરાણે હરણ કરી ગયો તેથી, સંતાપ, પરિતાપાદિ કરવા પૂર્વક,

બે પુત્રોને સાથે લઈ, તે સાર્થવાહને પકડવા પ્રયાસ કરવા લાગ્યો. ઘણે દૂર ગયો પણ પત્તો લાગ્યો નહિ. તેથી બે પુત્રોની સાથે આગળ જાય છે. તેટલામાં નદીમાં પૂર આવેલ હોવાથી, એક પુત્રને, નદીના કીનારે રહેલા વૃક્ષની પાસે રાખી, બીજાને સાથે લઈ, નદીને તરી, સામા કીનારે આવી તેને પણ ત્યાં રાખી, પ્રથમ પુત્રને લેવા નદીમાં તરવા માંડયું. પણ ઘોડાપુરે તેને પ્રવાહમાં તાણી નાંખ્યો. તણાતા, તણાતા, દશબાર ગાઉ દૂર, પાટીઆના યોગે તરીને, બહાર નિકળ્યો. અને એક સ્થલે બેસી અફસોસ કરે છે કે, " કિહાં ચંદન કિહાં મલયાગીરી, કિહાં સાયર કિહાં નીર; જેમ જેમ પડે વીતડી, તેમ તેમ સહે શરીર. " આ મુજબ ચિન્તવન કરતાં, અનિત્ય વિગેરે ભાવનાઓ ભાવીને શોક સંતાપનો ત્યાગ કરી બેઠેલ છે. તેવામાં શ્રીપુરનગરનો રાજા મરણ પામેલ છે. પુત્ર વિનાનો હોવાથી, સગાંવહાલાં રાજ્ય માટે ઝઘડો કરે નહિ. જેના ભાગ્યમાં, રાજગાદી મળવાની હશે તેને મળશે. આમ વીચારી જયમંગલ નામના હાથીની સુંઢમાં પાણી ભરેલ કળશ આપી, સારા શહેરમાં ફેરવે છે. પણ, કોઇના ઉપર અભિષેક ન કરતાં, બહાર આવી, ચંદનનૃપના ઉપર અભિષેક કર્યો. તેજસ્વી રાજાને દેખી, સઘળા ખુશી થયા. ચંદનનૃપ, પુનઃ રાજ્ય મળ્યું છતાં, ઉદાસી રહેવા લાગ્યા. પ્રધાનોએ, બીજી રાણી પરણવાની આગ્રહભરી વિનંતિ કરી. પણ એક પત્નીમાં, સ્વદારા સંતોષ અને પર-દારાના ત્યાગનું સ્થૂલથી વ્રત હોવાથી માન્યુ નહિ. અને

આશા હતી કે, મલયાગીરી સતી છે. એટલે પ્રાણાંતે પણ શીયળનો ભંગ કરશે નહિ. કોઈ વેળાએ આવી મળશે. જેને એક પત્નીમાં સંતોષ હોય છે. તેને બીજી પરણવાની ઈચ્છા થતી નથી. “ તેથી, શાંતિપૂર્વક રાજ્ય ચલાવતા, બાર વર્ષો વીતી ગયા. પણ, બીજી પરણ્યા નહિ, પેલા સાર્થવાહે, બાર વર્ષ સુધી, મલયાગીરીને ખુશ કરવા, બનતા પ્રયાસો કર્યા. પણ, તેના સન્મુખ નજર પણ કરતી નથી. કાલાવાલા પૂર્વક પ્રાર્થના કરે છે. છતાં, જ્યારે સન્મુખ જોતી નથી ત્યારે, ક્રોધાતુર બની, પીડા થાય તેવો માર મારે છે. મહારાણી કહે છે કે, શરીરનો ઘાત કરે તો પણ તારી સામે જોઈશ નહિ. આ પ્રમાણે સાંભળી, નિરાશ બનેલ આ વેપારી ગામો ગામ, નગરે પરિભ્રમણ કરતાં, શ્રીપુર શહેરમાં આવ્યો. તે દરમ્યાન, નદીના બે કીનારે રહેલા, સાયર અને નીરને એક પ્રામાણિક અને વ્રતધારી સાર્થવાહે દેખ્યા. દયા આવવાથી, તે બેને સાથે લઈ, પોતાના સ્થલે આવી, તેઓનું પાલન પોષણ કરીને, મોટા કર્યા. બળવાન્ અને તેજસ્વી, આ બે યુવાનો, સાર્થવાહની આજ્ઞાને લઈને શ્રીપુર શહેરમાં આવી, કોટવાળના નોકર તરીકે રહ્યા. ઘણા બહાદુર હોવાથી, ધારેલ કાર્યો જલ્દી કરવાથી, કોટવાળને પુત્રોની માફક આનંદ આવવા લાગ્યો- તેઓની હુંશીઆરી હોવાથી ચોરો ચોરી કરતા નથી. પ્રજા પણ, આ બે ભાઈઓની પ્રશંસા કરે છે. હવે પેલો દુરાચારી વેપારી, દાણ, માફ થાય તે ખાતર, ભેટ લઈને, ચંદન રાજાની પાસે આવી,

ભેટ મુકીને બેઠો. રાજાએ, દાણ ન લેવા માટે, કોટવાળને તથા દાંણીને કહ્યું કે, આ વેપારીને દાણની માફી આપવામાં આવી છે. ત્યારપછી, તે અનાચારીએ, ચોરની શંકાથી, રાજા પાસે રખવાળોને માગ્યા. રાજાએ કોટવાળને કહ્યું. કોટવાળે, એ ભાઈઓને રક્ષક તરીકે નિમ્યા. બે ભાઈઓ રાત્રીએ પહેરો ભરે છે. બીજા ચોકીદારો પણ છે. તેઓ પોતપોતાના જીવનની વાત કરે છે. તે સાંભળી, સાયર અને નીર પણ, પોતાના માત–પિતાની, અને પોતાની જીવન ચર્યાની વાત કહે છે. આ સઘળી વાત સાંભળી તંબુમાં રહેલ મલયાગીરી બહાર આવીને પુછે છે. કે, તમે કોણ છો. તમારા માતપિતા કોણ છે? સઘળી બીના કહી. તેથી, નક્કી થયું કે, આ તો મારા બે દીકરાઓ છે. આ મુજબ બરોબર ઓળખી, હર્ષાતુર બનેલ મલયાગીરીએ, પોતાની વીતક વાતને કહી. આ મુજબ, પરસ્પર માતાને પુત્રની ઓળખાણ થવાથી, આનંદનો પાર રહ્યો નહિ. સાર્થવાહને ખબર પડી કે, આ બે રક્ષકો, કોટવાળે મૂકયા તે તો, આ મલયાગીરીના પુત્રો છે. હવે હાથમાંથી બાજી ગઈ. તેથી માતાને અને પુત્રોને ખુબ દમદાટી આપવા લાગ્યો. અને કહ્યું કે, રાજા પાસે જઈને ફરિયાદ કરીશ કે, આ બે રક્ષકોએ મારી પાસે રહેલ સ્ત્રીની સાથે વાતો કરીને, કંઈ પણ રખવાળુ કર્યું નથી. રાજાની પાસે જાઓ. અને ખુશીથી ફરિયાદ કરો. આ મુજબ બે રક્ષકોના કહેવાથી તેણે રાજા પાસે જઈને ફરિયાદ કરી. તેથી તેઓને બોલાવ્યા. માતાની

સાથે તે બે પુત્રોને દેખીને, ચંદનરાજાને પણ આનંદ થયો. અને કહેવા લાગ્યો કે, ધીરજ રાખવાથી બાર વર્ષે પણ રાણી સાથે પુત્રો મલ્યા. કોટવાળને શીરપાવ આપ્યો. સાર્થવાહને નગરની બહાર નિકળવાની આજ્ઞા આપી. તે બહાર જઈને પસ્તાવો કરવા લાગ્યો કે, કામરાગના વિકારોએ મહાસતીને ઘણું સંકટ મેં આપ્યું. પણ તે મહાસતી, લેશ માત્ર પણ, ચલાયમાન થઈ નહિ. અને મને ઘણું નુકશાન થયું. ધન્ય છે તે ભાગ્યશાલીઓને ? આ પ્રમાણે, મહાન્ નૃપને પણ, રાજ્ય, સગાંવહાલાનો વિયોગ થવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. તે પ્રસંગે, કોઈએ પણ સહારો આપ્યો નહિ. સહકાર આપનાર, જે શીયળ વ્રત તથા ધૈર્ય તેને ધારણ કર્યું. તે સમર્થ બન્યું. માટે ધીરજને ધારી, ધર્મની આરાધના કરો. જેનો ઇષ્ટ વિયોગ થએલ છે. તે, ધર્મના પસાયે પુનઃ પ્રાપ્ત થશે. વલોપાત કરવામાં તો, વિપત્તિ, અધિક દુઃખ આપે છે. તેવા પ્રસંગે, ચંદનનૃપની માફક ધર્મને ભૂલો નહિ. જો ધર્મને ભૂલ્યા તો સર્વસ્વના નાશ પૂર્વક, પ્રાણોને પણ ગુમાવવાનો વખત આવશે. ભલભલા વિપત્તિમાં વલોપાત વિગેરે કરીને તથા ધર્મને ભૂલી, પ્રાણોને ગુમાવી ચાલ્યા ગયા છે. અને ચાલશે. "બીલાડીની દોટે ચડીયો ઉંદરડો, ક્યાં સુધી મહાલે! રહી શકે ?" બીલાડી જેવી વિપત્તિની વિડંબનાઓથી, મનુષ્યો ક્યાં સુધી મહાલી શકે ? અગર, જરારૂપી રાક્ષસીએ, બિલાડીનું સ્વરૂપ ધારણ કરેલ છે. અને વિપત્તિની વિડંબનામાં ફસાએલ મનુષ્ય

ઉંદરડા જેવો છે. તે ક્યાંથી, ક્યાં સુધી મહાલ્યા કરે ? મહાલી શકે નહિ. આ પ્રમાણે અંતે પણ કાળનો ઝપાટો દરેક પ્રાણીઓને લાગે છે. તે દરમ્યાન યોગીજન એટલે મન, તન, અને વચનને વશ કરનાર ક્ષણે ક્ષણે જાગે છે. પોતે પોતાનો ચોકીદાર થાય છે. અને કાળને આવતા પહેલા, ધર્મની રીતસર આરાધના કરી તૈયાર થાય છે. તે જ અલ્પભવમાં કાળનો પણ કાળ કરે છે. માટે, અરે ! તમોને જે બુદ્ધિ, શક્તિ અને સંપત્તિ મલી છે. તેનો સદુપયોગ કરો. વૈરાગ્ય ધારણ કરશો ત્યારે જ, નિષ્કામ ભાવે વર્તન કરી શકશો. અને નિર્મલતા આવ્યા પછી, સાચો વૈરાગ્ય, તમોને અનુક્રમે અનંતશક્તિ, સમૃદ્ધિને અર્પણ કરવા સમર્થ બનશે. માટે, દુન્યવી આળપંપાળનો ત્યાગ કરી, વૈરાગ્યવાસિત બનો. જગતમાં, આળપંપાળમાં ફસાએલ ભલભલાની પરિસ્થિતિને બરોબર તપાસો. તમોને માલુમ પડશે કે, આ લોકો ક્યાં સુધી મહાલે છે. બહુ બહુ તો યુવાવસ્થા સુધી જ. પછી તેમની ભયંકર દશા આવી લાગે છે. કાંતો ક્ષયરોગ લાગુ પડે છે. કાંતો કેન્સર અગર અશક્તિ વિગેરેની વિપત્તિમાં વલોપાત કરતા હોય છે. તે વલોપાતને હઠાવવામાં વૈરાગ્ય શક્તિમાન છે. માટે, સદ્ગુરુ કહે છે કે, **રહેજો સૌ વૈરાગ્યે** ? વૈરાગ વાસિત થવાથી શોક સંતાપ થશે નહિ. સુખમાં પણ દુઃખ સમાએલ, તે માલુમ પડશે. તેથી તે સાંસારિક સુખોમાં આસક્ત બનાશે નહિ. અને સંકટમાં સંતાપ વિગેરે થશે નહિ. એટલે

કાળને જીતવાની શક્તિ આવશે. અને સમર્થ બનશો. કોઈની પરાધીનતા રહેશે નહિ. આ મુજબ ઉપદેશ આપી, હવે ગુરુમહારાજ કાળને જીતવાનો ઉપાય બતાવતાં અને આત્માની ઓળખાણ કરાવતા, સોળમા પદની રચના કરતા ફરમાવે છે કે,

(૫) અરે જીવ શીદને કલ્પના કરે. એ રાગ

અનુભવ આત્માનો જો કરે,
તદા તું અજરામર થઈ જશે;
દેહદેવળમાં ઉંઘ્યા દેવને, ઘડી નહિ સુખ અરે;
સુરતા ઘંટે ઉંઘ ભાગે, જાગે દેવ દુઃખ હરે.
તદા તું અજરામર થઈ જશે. (૧)
ત્યાગે ન જલ જ્યું માછલુ ભાઇ,
તેમ ગુણ નિજવરે; અલખ અવિહડ આત્માની,
દશા કબુ નહિ ફરે. તદા૦ (૨)
પાર્શ્વમણિસમ ધ્યાન તારૂ, સિદ્ધબુદ્ધતા વરે;
પરંબ્રહ્મ સ્વરૂપ પામી, નામરૂપ નહિ ધરે. તદા૦ (૩)
ગાડી માંહી બેસીને ઝટ, ચાલજે નિજ ઘરે;
સારથી મનડું અશ્વ ઇન્દ્રિય,
સાચવે સુખ સરે. તદા૦ (૪)
છેલ્લી બાજી જીતી લે ભાઇ, માયાથી શીદ મરે;
બુદ્ધિસાગર ચેત ઝટપટ, ચેતના કરગરે. તદા૦ (૫)

આચાર્ય સદ્ગુરુ બુદ્ધિસાગર સૂરીશ્વરજી! ફરમાવે છે કે, અનાદિકાલથી આત્મા દેહદેવળમાં ઉંઘેલ હોવાથી, એક ઘડી પણ સત્ય સુખ પ્રાપ્ત થએલ છે? નહિ. ઉંઘ, નિદ્રા એટલે મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય અને સમ્યગ્-મોહનીય. આ દર્શનાવરણીય મોહનો સ્વભાવ છે. આ મોહે સંસારના વિષય સુખની મદિરાનું પાન કરાવ્યું છે. તેથી જાગતો અને જીવતો હોવાથી પણ ઉંઘતો કહેવાય છે. કારણ કે, મોહનીય કર્મે જ્ઞાનાવરણીય કર્મ સાથે મિત્રતા કરી છે. તેથી, જે જે કાર્યો કરે છે. તે આત્મઘાતક બન્યા છે. આત્મિક ગુણોને બરોબર દબાવ્યા છે. તેથી, એકઘડી પણ આત્માને સુખ નથી. તે કર્મોએ, પોતાવી જાળ એવી પાથરી છે કે, તેમાં જ આત્માને સુખ ભાસે છે. પણ, અંતે તેના ફલ કષ્ટદાયક બનેલ હોવાથી, પોતે ત્રાસ પામે છે. અને વિવિધ ચિન્તાઓ કરી, પોતે જાતે જ દુઃખી થાય છે. સાંસારિક માયામાંથી, સાચું સત્ય મેળવવાની આશાએ; ધન, પત્ની, પરિવારને એકઠો કર્યો. પણ, તે પરિવાર પ્રતિકુલ થતાં આત્મા પસ્તાવો કરે છે. પણ તેની આસક્તિને મૂકતો નથી. અને સમજે છે કે, આમાંથી જ સત્ય સુખ સાંપડશે. જેમ વાયદાનો સટ્ટો કરનાર, ધનમાલ ગુમાવે તોપણ, તેમાં આસક્ત હોવાથી, મનમાં માને છે કે, આમાંથી જ ધન મળશે. આમ ધારીને, માલ, મકાનો ગીરો મુકવાનો વખત આવે તોપણ, વાયદાનો વેપાર મૂકતો નથી. તેમ વિષયસુખમાં રાચીમાચી રહેનાર અશક્ત બને.

કોઈપણ કાર્ય કરવાની તાકાત રહે નહિ તોપણ, તે છંદને મૂકતો નથી. ચોરી કરવામાં લાગી રહેલ, પેટ ભરીને માર ખાય, અગર કેદખાનામાં, સખ્ત મજૂરી કરવી પડે તો પણ, તે કુટેવનો ત્યાગ કરી શકતો નથી. તે મુજબ માયામાં મસ્તાનો બની ઘણો દુઃખી થાય છે. છતાં, તેમાં જ સુખ શોધી રહ્યો છે. દેહદેવલ મળવું દુર્લભ છે. તે સમજતો નથી. તેના આધારે, આત્મ ધર્મની અગર નીતિ ધર્મની સારી રીતે આરાધના કરી શકાય છે. નહિ સમજતો હોવાથી, ઉંધ્યા કરે છે. જાગ્રત થઇ, વિષય કષાયના વિકારોનો ત્યાગ કરવાપૂર્વક, ધર્મકરણી કરતો નથી. મનુષ્ય યોગ્ય જ્ઞાન મલ્યું છે. છતાં ચાર, દશ, સંજ્ઞામાં વેડફી રહ્યો છે. આહાર સંજ્ઞા, ભય, મૈથુન, અને પરિગ્રહ સંજ્ઞા, ઘણી પ્યારી લાગી છે; પણ સમજતો નથી કે, પ્યારી લાગેલી આ ચાર સંજ્ઞાઓએ, અન્ય ક્રોધ, માન, માયા, અને લોભ સંજ્ઞાઓ સાથે મિત્રતા કરી છે. આ પ્રમાણે આઠેયે એકઠી થઈ, આત્માને લોકસંજ્ઞામાં તથા ઓઘસંજ્ઞામાં ધકેલી દીધો છે. કે જેથી, દેવદુર્લભ મનુષ્યભવમાં શું કર્તવ્ય છે. કેવી રીતે આત્મા ઉર્ધ્વગામી બને. તેનું ભાન રહ્યું નથી. તેથી, પીડાઓ ભોગવે, પોકારો પાડે, સંતાપ પરિતાપાદિક કરે, તેમાં આશ્ચર્ય શું ! કેટલાક, દયાના દરિયા કહે છે કે, પ્રભુએ આ જીવાત્માની આવી દશા કેમ કરી ! તેથી નવીનતા ભાસે છે. પણ પ્રભુ તો દયાના સાગર છે. તે તો આવી દશા કરે જ નહિ. પણ, આજ્ઞા મુજબ

વર્તન રાખે નહિ તો આવી દશા થાય જ ને !

આવા દેહદેવલમાં, ઘોર નિદ્રામાં પડેલને, સુખ ક્યાંથી હોય ? આવી ઘોર નિદ્રામાં ઘેરેલા આત્માને, સદ્ગુરુ મહારાજ કહે છે કે, જો તને દુઃખ, કષ્ટ અગર સંકટ, પ્રિય લાગતું હોય નહિ તો, તેઓને દૂર કરવાના ઉપાયો છે જ. જો આત્માનો અનુભવ કરે તો, અજરામર થઈને સિદ્ધ થાય. અને સિદ્ધ ક્યારે થવાય ? જ્યારે જીવાત્માઓ, મોહનીય કર્મોને હઠાવી, ચાર ઘાતિયા કર્મોને દૂર કરે ત્યારે સિદ્ધ થવાય છે. ઘાતિક કર્મોને દૂર કરવા, સમ્યગ્ જ્ઞાન, દર્શન પૂર્વક સંયમની રીતસર આરાધના કરવામાં આવે તો જ તે કર્મો દૂર ખસે છે. ત્યાર બાદ, કેવલજ્ઞાન પામતાં, અઘાતિક કર્મોને ખપાવવા, શૈલેશી કરણ કહેતાં, પર્વતની માફક જ્યારે સ્થિર થવાય. ત્યારે જ, તે અઘાતિક કર્મો ખસે છે. અને અજરામર પદ પ્રાપ્ત થાય છે. પછી જન્મ મરણની વિડંબના રહેતી નથી. તો પછી, આધિ, વ્યાધિ, ઇચ્છા, આશા કે તૃષ્ણા ક્યાંથી રહે ? રહે જ નહિ. માટે અરે મહાનુભાવ ? દેહદેવલમાં નિદ્રાવશ બનેલ આત્માને જાગ્રત કર. અને સંયમની આરાધનામાં જોડાય, તે મુજબ પ્રયત્નશીલ બનાવ ? જ્યાં સુધી આત્મા ઉંઘી રહ્યો છે, ત્યાં સુધી તેને, સંયમની વાત પસંદ પડતી નથી. અને સંયમ સિવાય સત્ય સુખની અભિલાષા અધૂરી રહે છે. પૂર્ણ થતી નથી. તથા સંયમની સારી રીતે આરાધના સિવાય, આધિ, વ્યાધિ અને વિવિધ ઉપાધિઓ ખસતી

નથી. તેઓના યોગે, સંસાર દુઃખમય, દુઃખજનક અને દુઃખની પરંપરા વધારનાર બન્યો છે. કોની માફક ? તેનું એક દૃષ્ટાંત સાંભળ.

કોઈ એક દુઃખી માણસ, સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો ત્યાગ કરી, પૈસાઓના આધારે જ, દુઃખ, સંતાપ વિગેરે દૂર જશે. આમ સમજી, ધન ખાતર, ધર્મનો ત્યાગ કરીને, વિવિધ ધંધાઓ કરે છે. પણ, ઇચ્છા મુજબ ધન મળતુ ન હોવાથી, ધમાલ કર્યા કરે છે. કોઈ વેળાએ કલહ, કંકાસ, ઝગડો કરી બેસે છે. કોઈ વખત દગા, પ્રપંચો કરી તથા તકરાર કરવા પૂર્વક અધિક દુઃખી બને છે. કહો ત્યારે, આવા માણસને સુખ અને સંપત્તિ કયાંથી સાંપડે ? પ્રાપ્ત થાય નહિ. છતાં, તે ધમાલનો ત્યાગ કરતો નથી. જ્યારે અસહ્ય કષ્ટ પડે છે. ત્યારે, લમણે, કપાળે હાથ મુકીને રડયા કરે છે. પણ ધમાલનો ત્યાગ કરતો નથી. ધંધામાં ધમાલ હોય નહિ. ધન, ભાગ્ય અને પ્રયત્નના આધારે મળી રહે છે. અન્યથા તો, અધમ કોટીમાં ગણાય છે. કુશળ ધંધો કરનાર, જ્યારે ધમાલ કરતો નથી. ત્યારે ધનની કમાણી કરે છે. નહિતર, મૂડી પણ ગુમાવવાનો પ્રસંગ આવે. આ મુજબ, ધંધામાં પણ સંયમ ધર્મની જરૂર છે. પણ આ ભાઇને ધનમાં જ સુખની આશા હોવાથી, ધર્મની આરાધના કરવી તે કયાંથી સુઝે ? ત્યારે કષ્ટ ભોગવે, તેમાં નવાઈ શી ? લમણે હાથ મુકીને રૂદન કરતા તે દુઃખીને, કોઈ જાણકાર માણસે કહ્યું કે, અરે ?

રૂદન કરવાથી કષ્ટ દૂર ખસશે નહિ. અને ધન મળશે નહિ. રડવાથી દુઃખ દૂર ખસતુ હોય, અને ધન મળતું હોય તો, ધર્મ કરવાની જરૂર રહેતી નથી. ધનાદિક મળતું હોય તો, ધર્મને આધારે. માટે, ધમાલ અને રૂદનનો ત્યાગ કરી, કોઈ સિદ્ધ મહાત્મા પાસે જા. અને વિનય પૂર્વક, તેમની સેવા, ભક્તિ સહિત, તે આજ્ઞા ફરમાવે તે મુજબ વર્તે તો, સર્વપ્રકારે સંતાપ, વિડંબના દૂર જશે. આ સાંભળી, તે મહાત્મા પાસે જઈને, વિનયસહિત સેવાભક્તિ કરવા લાગ્યો. આ સિદ્ધ મહાત્માએ, તેના વિચારો જાણી, દયા આવવાથી, પાસે રહેલ પારસમણિ આપીને કહ્યું કે, સાત દિવસમાં લોહને સુવર્ણ બનાવીને, આઠમા દિવસે, પ્રાતઃકાલે, આ પાર્શ્વમણિને તરત પાછો આપી જજે. નહિ આપીશ તો, બલાત્કારે પણ લઈ જઈશ. આ ભાઈએ, કહેલ આજ્ઞાનો સ્વીકાર કરી, પારસમણિને લઈને, પોતાના ઘેર આવ્યો. પોતાના ઘરમાં, લોહ મનમાન્યું હતું નહિ. તેથી, ગામમાં શોધવા લાગ્યો. મણ બે મણ મળ્યું. પણ પસંદ પડ્યું નહિ; તેથી મોટા નગરમાં જઈને સો મણ લોઢાને લાવ્યો. ત્યારે આજ માફક રેલ્વે હતી નહિ. તેથી, પંદર ગાઉ દૂર, તે નગરમાં જતાં, બે દિવસ વીતી ગયા. એક દિવસ પોતાના ઘરમાં અને બે દિવસ ગામમાં, લોહ એકઠું કરવામાં વીતી ગયા છે. હવે નગરમાંથી, સો, મણ લોહને; ગાડાના આધારે લાવતા, બીજા ત્રણ દિવસ વીતી ગયા. લોહું તો મળ્યું. પણ, સાત દિવસો પૂરા થયા તેનું

ભાન રહ્યું નહિ. અને રાત્રીમાં ઘોર નિદ્રામાં ઘેરાયો. આઠમા દિવસે મહાત્મા આવી, તે પાર્શ્વમણિને લઈ ગયા. કાલાવાલા તો ઘણા કર્યા. પણ માન્યું નહિ. અને ઠપકો આપ્યો કે, અરે મૂર્ખ શીરોમણિ, તારા ઘરમાં જેટલું લોહ હતું. તેનું જો, સોનું બનાવ્યું હોત તો, તને કષ્ટ રહેત નહિ. અને વધારે મેળવવાની આશામાં ને આશામાં, સાત દિવસો ગુમાવ્યા. અધિક લેવા જતાં અલ્પ ગુમાવ્યું. અધિક સોનુ બનાવીને પણ સંયમની આરાધના તારાથી ક્યાંથી બની શકે ? બની શકત નહિ. અને ઉલ્ટો તે આધારે, મોજમજામાં મસ્ત બની, આત્મશક્તિનો હ્રાસ કરત. આમ સમજી, તારી પાસેથી લઈ લીધો. આ ભાઈ પસ્તાવો કરવા લાગ્યો કે, ઘરમાં રહેલ લોહનું સોનુ બનાવ્યું હોત તો, રીતસર આજીવિકા ચાલત. મહાત્મા તો, પાર્શ્વમણિને લઈ ચાલ્યા ગયા. હવે મને લોભી તથા મૂર્ખ જાણીને આપશે નહિ. આ મુજબ દેહ દેવલમાં, જીવાત્માને, સુવર્ણની માફક નિર્મલ થવાની ઇચ્છા તો છે જ. પરંતુ ઇન્દ્રિયોના પોષણમાં સર્વ તાકાત વેડફી રહેલ હોવાથી, નિદ્રાવશવર્તી કહેવાય છે. હવે જો ખરેખરો પસ્તાવો થતો હોય તો, જાગ્રત થા. અજરામર બનવાની કોશીશ કર. જો તું, જાગ્યા પછી આત્મા સાથે તથા અનંત ગુણોના સ્વામી સાથે, સુરતા, નજર બરોબર લગાવે, અગર તે નજરને સ્થિર કરવા, જીનેશ્વરની પ્રતિમા તથા જીનેશ્વરે કહેલ આજ્ઞા પ્રિયતમ ગણે તો, ગુમાવેલ તાકાત

પુનઃ પ્રાપ્ત થાય. અને પ્રાપ્ત થએલ તાકાત, સર્વ પ્રકારના કષ્ટોને કાપી, સુખ શાંતિ આપે. માનસિક, વાચિક અને કાયિક દોષો દૂર ખસતાં, સુખશાતા સારી રીતે આવીને હાજર થાય છે. પછી અન્યત્ર ભટકવાનું અને ટીચાવાનું થશે નહિ. પાંચ ઇન્દ્રિયોના પોષણ ખાતર, ધમાલ કરવી પડશે નહિ. માટે, બહાર પરિભ્રમણ કરતી નજરને, પ્રભુના ગુણોમાં સ્થિર કર. ઉતાવળ કરીશ નહિ. અનાદિકાલીન દોષો, એકદમ ખસતા નથી. નજરને સ્થિર કરવા ટાઇમની જરૂર તો છે જ. બે ઘડી પ્રભુના ગુણોમાં સ્થિર થયા પછી, પોતાના આત્મિક ગુણોમાં સ્થિરતાના યોગે, દોષો દૂર ભાગશે, અને આત્મા નિર્લેપ બનશે. માછલા, જલ વિના જીવી શકતા નથી. તેથી તેઓ પાણીનો ત્યાગ કરતા નથી. તેવી પ્રીતિ, ભક્તિ પ્રભુમાં અને આત્મામાં હોવી જોઇએ. પ્રીતિ અને ભક્તિ જો રીતસર થાય તો જ, તેમની આજ્ઞાના પાલનમાં, દેહગેહની પરવા પણ રહેતી નથી. ભક્ત ભાગ્યશાલી જાણે છે કે, દેહગેહ, કર્મયોગે અનંતીવાર ધારણ કર્યા. પણ પ્રીતિ, ભક્તિ પૂર્વક પ્રભુની આજ્ઞાનું પાલન થયું નહિ. તેથી ભવોભવ ભટકવાનું થયું. અને નિદ્રા વશવર્તી બનવું પડયું. હવે તો આ મનુજભવ સફલ કરવા જાગ્રત થઇ, એવી પ્રીતિ વિગેરે કરૂં કે, ભવોભવની ઉંઘ ભાગે અને આત્મા અનુક્રમે સિદ્ધ, બુદ્ધ બને. સદ્ગુરૂ આચાર્ય, બુદ્ધિસાગર સૂરીશ્વરજી પણ કહે છે કે, સિદ્ધ, બુદ્ધ, પરમાત્મ બનવાની તારામાં તાકાત છે. માટે,

ઉંઘને નિવારી, જાગ્રત થયો છે. માટે આત્માના ગુણોમાં રમણુતા કરવા, દષ્ટિને બહારમાંથી ખેંચી, પ્રથમ પ્રભુના ગુણોમાં સ્થિર કર. તેથી તારા પોતાના જે અનંત ગુણો સહજ સ્વભાવે રહેલા છે. તે સ્વયં આવિર્ભાવ પામશે. તે સહજ સ્વભાવે પ્રગટ થએલા અનંત ગુણો. કદાપિ ખસશે નહિ. માયા, મમતાના આવરણોનું જોર ચાલશે નહિ. એટલે અલખ, અવિહડ, આત્માની જે નિર્મલ અવસ્થા હાજર થઈ છે, તે કદાપિ ફરશે નહિ, કારણ કે, તારૂ ધ્યાન, તારી નજર, પાર્શ્વમણિ સમાન છે. તે નિર્મલ હોય તો, લોહને સોનું બનાવી શકે છે. તેમ જાગ્રત થએલાને, અન્તરાત્મા બનાવી પરમાત્મા બનાવે છે. પણ, તારૂ ધ્યાન નિર્મલ હોવું જોઈએ, સંકલ્પ, વિકલ્પો શમવા જોઈએ. જો તારે, પરમાત્મ પદની ઈચ્છા હોય તો, એવો સંયમ અને તપસ્યા કર કે, જેટલી દુન્યવી પદાર્થોને મેળવવાની લાગણી, તમન્ના છે. તે સઘળી દૂર ખસે. જ્યારે તે તમન્ના દૂર ખસે છે ત્યારે તે જન્ય વિકલ્પો પણ ખસવા માંડે છે. અને સ્થિરતા, રમણુતા હાજર થાય છે. માટે, પ્રથમ, સંયમ અને તપસ્યાની પણ આવશ્યક્તા તો છે જ. તેથી ધ્યાનમાં રસ જામે છે. અને રસ જામ્યા પછી બીજા સંકલ્પ, વિકલ્પો વિલય પામી જાય છે. પછી, અરે જાગ્રત થએલ મહાભાગ? તારી દશાનો હેવાલ તું જ જાણી શકશે. બીજાને વૈખરી વાણીથી કહી શકાશે નહિ. પરંતુ બીજાઓ તારા ચારિત્ર મુજબ વર્તન કરશે. તેઓ પણ તારી માફક નિર્મલ બની,

કેવલજ્ઞાની બની, સિદ્ધ બુદ્ધતા વરશે. પછી પરમપદ પામી, તું નામરૂપ, ધરશે નહિ. બીજાઓ પણ પરમપદ પામી, નામરૂપ ધારણ કરશે નહિ. માટે, મિથ્યાત્વાદિ મોહની નિદ્રાનો ત્યાગ કરવા પૂર્વક જાગ્રત થઈ, વિષય વિલાસોને નિવારી, પ્રભુની ભક્તિ વિગેરેમાં વિલાસ કર. પ્રભુ આજ્ઞા મુજબ વર્તન રાખી, આત્માના ગુણોમાં પ્રીતિને સ્થિર કર. જેથી ભવોભવની વિડંબનાઓ ટળે. અને સત્યસુખ હાજર થાય. સત્યસુખ–એટલે, અનંતસુખ મેળવવા માટે ઉમદા સાધનો મળ્યા છે. તેઓને સફલ કર. તને સાધનો જે મલ્યા છે તે દેવોને પણ મળ્યા નથી. દેવો પણ સમ્યકતત્વના યોગે, તારા જેવા સાધવાના સાધનો ઇચ્છી રહેલા છે. ક્યારે મનુષ્યભવ પામી, જ્ઞાન ધ્યાનના યોગે અન્તરાત્મા બની, પરમાત્મ દશા પ્રાપ્ત કરીયે. તમોને તો, સઘળા સાધનો પ્રાપ્ત થએલ છે. ઔદારિક કાયા મળી છે. તેમાં દેવ, ગુરૂ અને ધર્મના પસાયે શુભ મનકું મળ્યું છે. આ મનરૂપી સારથીની બરોબર સંભાળ રાખશો તથા પાંચ ઇન્દ્રિયો રૂપી બલવાન્ અને નિરોગી અશ્વો મલ્યા છે. તેઓને, કબજામાં રાખીને, પોતાના ઘર તરફ પ્રયાણ કરજો. આ ઘરમાં પહોંચ્યા પછી અન્ય ઘરમાં જવું પડશે નહિ. કારણ કે, ત્યાં અવ્યાબાધ, અક્ષય સ્થિતિ છે. આવા પોતાના ઘર તરફ પ્રયાણ કરવામાં ઘણી સાવધાની રાખવી પડે એમ છે. કારણ કે, માર્ગે ચાર ઘાતિક પર્વતો ખડાખડા ઉભા છે. તેઓને બહાદુરી રાખી ઉલ્લંઘવા પડશે. તે ઓળંગવાની તમારામાં

શક્તિ છે. માટે, ઉંઘનો ત્યાગ કરી, બરોબર જાગ્રત થઈને ચાલવાનું છે. જો બરોબર તકેદારી, સાવધાની રાખશો નહિ તો, રાગ. દ્વેષરૂપી મોટા યોદ્ધાઓ તમને હરાવવા માટે, માર્ગે ઘણા વિઘ્નો ઉપસ્થિત કરશે. " એક ગામમાં, પંડિત, ધનાઢ્ય, અને ધંધો કરનાર વેપારી, આ ત્રણ જણાને અવ્યાબાધ, સાચા ઘરમાં જવાની ઘણી અભિલાષા વર્તે છે. તેથી, તેઓ તે માર્ગ તરફ જવા નીકળ્યા. પરંતુ માર્ગે તેઓ વિચાર કરે છે કે, શ્રેષ્ઠ, સદ્‌ગુણી હશે તે, પરમ સ્થાન રૂપી જે ઘર છે ત્યાં પહોંચશે, માટે, આપણામાં શ્રેષ્ઠ અને સદ્‌ગુણી કોણ છે? પંડિતે કહ્યું કે, હું સદ્‌ગુણી અને બુદ્ધિમાન્ છું. એટલે જરૂર મને પરમપદ પ્રાપ્ત થશે. આ સાંભળી ધનાઢ્યે કહ્યું કે, તું શેનો બુદ્ધિમાન્ અને સદ્‌ગુણી છે? દરરોજ, વાદવિવાદમાં જ અને અન્યોને પરાજય કરવામાં શ્રેષ્ઠતા માની રહેલ છે, પણ, અન્યોની સાથે વાદ-વિવાદમાં તો, વિષમવાદ થએલ છે. અને ઘણો વિરોધ પણ થએલ છે. તેથી હે પંડિત તું શ્રેષ્ઠ કહેવાય નહિ, શ્રેષ્ઠ હું. પંડિતે કહ્યું કે, તમે શેના શ્રેષ્ઠ? કાવાદાવા પૂર્વક પૈસાઓ ભેગા કર્યા. તે ભેગા થએલ ધન દ્વારા પાપસ્થાનકના કાર-ખાના ઉભા કર્યા. તેથી શું શ્રેષ્ઠ બનાય છે? કારખાના ચલાવવામાં શ્રેષ્ઠતા આવતી હોય તો, અધમતા ક્યાં જઈને વસે? આ બે વાદવિવાદમાં વિષમવાદ જાણી, ધંધો કરનાર, સામાન્ય વેપારીએ કહ્યું કે, તમારા બેમાં હું જ શ્રેષ્ઠ અને મહાન્ છું. કારણ કે, મારે ઘણો આરંભ સમારંભ નથી.

અને તમારા બન્નેના કરતાં શાંતિથી જીવન ગુજારૂં છું. ત્યારે તમો તો ધનના લોભમાં નિશ્ચિંતપણે ખાઇ પી શકતા નથી. જ્યારે ભોજન કરવા બેસો ત્યારે પણ, ફોન આવતા હોવાથી. "હલાઉ હલાઉ" ના શબ્દો સાંભળવા પડે છે. અને તેવા શબ્દો બોલવા પડે છે. કદાચિત્ લાભ જણાતો હોય તો, અડધા ભોજને ઉભા થઈ, વાહનમાં બેસી ગમન કરો છો. બાલકોના મધુરાં વચનો પણ પસંદ પડતા નથી. કહો ત્યારે, તમો શેના મહાન્ ને શ્રેષ્ઠ? તમારા કરતા અમે ઘણા સારા. આ મુજબ સાંભળી બે જણાને ગુસ્સો ચઢ્યો. અને કહ્યું કે, અરે શેખાઇ કરતો બોલ નહિ. તું પણ ગ્રાહકોને મીઠા વચનો બોલી, ઓછું આપે છે. અને વધારે લે છે. માલમાં ભેળસેળ કરે છે. અને પાછો શેખાઇ કરે છે; આ પ્રમાણે, વાદવિવાદો કરવા પૂર્વક, દેહગાડીને દોડાવે છે. તેવામાં, સમ્યગ્ જ્ઞાનીનો ભેટો થયો. તેને પુછે છે કે, અમારામાંથી કોણ મહાન્ અને શ્રેષ્ઠ? જ્ઞાની કહે છે કે; તમારૂં કહેલ અમોએ સાંભળ્યું. આમ વાદવિવાદ કરવાથી મહત્તા અને શેઠાઈ આવતી નથી જ. જ્યારે માર્ગાનુસારીના ગુણો આવે ત્યારે, સમ્યગ્ દર્શન અને જ્ઞાનનો લાભ થાય છે. તે લાભના યોગે મોહમમતા, અહંકાર, અદેખાઈ, વિગેરે ત્યાગ થાય ત્યારે, શ્રેષ્ઠતા, મહત્તાને આવવાનો અવકાશ મળે છે. વાદો કરવાથી કાંઈ પણ ગુણો આવતા નથી. માટે પ્રથમ કહેલા ગુણોને પ્રાપ્ત કરવા પૂર્વક દેહગાડીને મોક્ષ માર્ગ તરફ દોડવો. પણ સારથીની તેમજ ઘોડાઓની અવળી

ચાલની બરોબર સાવધાન બની ખબર રાખશો. રખેને તોફાની બની ઉન્માર્ગે લઈ જાય નહિ. બરોબર સાવધાન બનશો તો જ, ધારેલ સુખ મળશે અને સચવાશે, સાવધાની રાખશો નહિ તો તે તોફાનો કરી સંકટના ખાડામાં લઇ જશે. જેમ બાજીગર, માંડેલી બાજીમાં સાવધાન હોય છે, તેમ, તમોએ પણ આ સંસાર બાજી માંડી છે. માટે તેને જીતવા માટે સાવધાની રાખવી પડશે જ. માટે જીતેલી બાજીને, નિદ્રાવશ બની, માયા મમતામાં મસ્તાન બની, હારી બેસો નહિ. માયા મમતા, રાગ, દ્વેષમાં પ્રાણીઓને એવા ફસાવે છે કે, જીતેલી બાજી હોય તો પણ, હરાવી મૂકે છે. માટે સદ્ગુરૂ ફરમાવે છે કે, અરે સંસારના બાજીગર! જાગ્રત થઈ જલ્દી ચેતી જા. આસક્તિનો ત્યાગ કરી, મોક્ષ માર્ગ તરફ ગાડીને દોડાવ? ચેતના તારી પાસે જ રહેલી કરગરે છે. કાલાવાલા કરે છે કે, સાધનો સુંદર મળ્યા છે. તેનો સદુપયોગ કરવા પૂર્વક, સત્ય અને અવ્યાબાધ, અનંતસુખ પ્રાપ્ત કરવા માટે વાપરો? ક્યા સુધી ઉંઘમાં ઘેરાએલ રહેશો. પથ્થરની નૌકાએ બેસી, કોઈ સંસાર–સાગરને તરી શકતો નથી. રેતીને પીલી કોઈ તેલ મેળવી શકશે ? જલ વલોવીને કોઈ ઘી મેળવી શકશે? નહિ જ. તે મુજબ, વિષય કષાય રૂપી સંસારમાં આસક્ત બનનાર, સર્વ સંકટોથી, સર્વ વિડંબનાઓથી મુક્ત બનતો નથી. મુક્ત બનવાની રીતિ પ્રથમ નીચે પ્રમાણે છે. પોતાના વિષય કષાયના વિચારોનો ત્યાગ કરી નવપદ, સિદ્ધચક્રના જાપમાં

માનસિક વૃત્તિને જોડે. તો તેવા વિચારો ખસવા માંડે. તેથી વિચારો નિર્મલ થાય. અને સિદ્ધચક્રજીના ગુણોનાં વિચારણાના યોગે, અનુક્રમે સ્થિરતાને આવવાનો અવકાશ મળે.

એક વેપારીની માફક—એક ધનાઢ્ય વેપારીને ચારે દિશાએ દુકાનો હતી. ગુમાસ્તા, નોકરો અને મુનીમોને રાખેલા હોવાથી, ઘણો પગાર આપવો પડતો.છ તાં, તે સઘળા ધાર્યા મુજબ કાર્યો કરતા નહિ. આ શ્રીમાનને કંટાળો આવતો. મનમાન્યો પગાર આપવા છતાં દુકાનોના કામો અધૂરા રહે છે. તે મુનીમ વિગેરે બરોબર કામો કરી શકતા નથી. આ મુજબ સંતાપને કરતા વેપારીને દેખી, એક માણસે કહ્યું કે, તું એક ભૂત, વ્યંતરને સાધે તો, જલ્દી તારી ધારણા મુજબ કાર્યો પૂરાં કરે. અને પગાર પણ આપવો પડે નહિ. આ પ્રમાણે શ્રવણ કરી, ભૂતવ્યંતરને, વશ કરવાનો આરંભ કર્યો, પાંચ, છ માસે, વ્યંતરભૂતે પ્રસન્ન થઈને કહ્યું કે, તારી દુકાનોનું કામ જલ્દી કરીશ. પગાર પણ લઈશ નહિ. પરંતુ જ્યારે નવરો પડીશ. અગર કામ બતાવીશ નહિ ત્યારે, તે કામના અભાવે તને ખાઈ જઈશ. બોલ કબુલ છે? શેઠે "હા" કહી. વ્યંતર, ભૂતને લઈ શેઠ દુકાને આવ્યો. જે જે દુકાનોના તથા ગૃહના કામો બતાવે છે, તે સઘળા સ્વશક્તિના આધારે કરીને, શેઠની પાસે કરવાના કામ માગે છે. શેઠ વિચાર કરે છે કે, જલ્દી કામો કરશે એમ ધાર્યું નહોતું. પણ, સઘળા કામો તરત કરીને, કામ બતાવ. નહિતર તને જ ખાઉં. આ પ્રમાણે

કહે છે. એકયે કાર્ય બાકી નથી. હવે શો ઉપાય કરવો. અરેરે ! પેલા ગુમાસ્તા, મુનીમો, આના કરતાં તો, સારા કે અધૂરાં કામો બીજે દિવસે કરતા. પણ નુકશાન, હાનિ તો કરતા નહિ. આ ભૂત તો કહે છે કે, કામ બતાવ. નહિતર તને જ ખાઉં ? હવે શું કરવું ? આ તો "બકરૂ કાઢતાં ઉંટ પેઠું" હવે તેને કેવી રીતે કાઢવું, અગર વશ કરવું. આ મુજબ પહેલાં અધુરાં કામો રહેતાં ત્યારે, ચિન્તા, સંતાપ કરતો, જ્યારે ભૂત કામ માગતો, ત્યારે પણ કામના અભાવે, પ્રથમ કરતાં અધિક પરિતાપ કરવા લાગ્યો. આથી વધારે વલોપાત અને તેના સંતાપાદિકને સાંભળી, એક સમ્યગ્ જ્ઞાનીએ, શાંત કરતાં કહ્યું કે, વલોપાત, પરિતાપાદિક કર નહિ. ભૂત વ્યંતરને કામના અભાવે, વશવર્તી બનાવવાનો ઉપાય બતાવું. તું સદ્ગુરૂ પાસે જા. અને તારી વાતને કહે. આ શેઠ શ્રીમંતને, ગુરૂ પાસે જઇને વંદના કરવાનો વખત પણ મળતો નહિ. પરંતુ હવે તો, પ્રાણો ગુમાવવાનો પ્રસંગ ઉપસ્થિત થએલ હોવાથી, અનિચ્છાએ સદ્ગુરૂ પાસે જઇ, વંદના પૂર્વક વીતેલી સઘળી બીના કહી. ગુરૂદેવે કહ્યું કે, તમારા જેવાને સુખશાંતિ કે સ્થિરતા ક્યાંથી હોય ? ભલે પછી તમારી પાસે. અગર તમારા જેવાની પાસે, મન માની સંપત્તિ, સમૃદ્ધિ હોય. તો પણ સંતાપાદિ આવીને વળગે છે. સારી બુદ્ધિ સુઝી કે, તમે અમારી પાસે વલોપાતાદિકને દૂર કરવાનો ઉપાય પુછવા આવ્યા, વ્યંતરભૂત ગમે તેવું બળવાન્ હશે. તો, બતાવેલ ઉપાયથી

વશ થશે. તેને કાઢી મૂકવું તને પરવડશે નહિ. માટે ઘેર જઈને એક થાંભલો ભૂમિમાં સ્થાપન કરજે. જ્યારે કામ માગે ત્યારે કહેવું કે, આ થાંભલા ઉપર ચઢ અને ઉતર. આ મુજબ કહેવું. અને જ્યારે જરૂર પડે ત્યારે કાર્યોમાં લગાવવું. આ મુજબ સાંભળી, વંદના કરવા પૂર્વક સ્વગૃહે આવી, એક થાંભલો સ્થાપન કર્યો. જ્યારે ભૂત નવરૂ પડે ત્યારે ભૂતને કહ્યું કે, આના ઉપર આરૂઢ થા, અને પાછો ઉતર. આ મુજબ કહેવાથી પેલુ ભૂત થાકી ગયું. અને પ્રાણો લેવાનું ભૂલી ગયું. તે મુજબ કરવાથી વશવર્તી બન્યુ. ઇચ્છવી કાર્યો થયા. અને પ્રાણોનું પણ રક્ષણ થયું. આ પ્રમાણે મનભૂત વ્યંતરને, તમોએ અનાદિકાલથી વળગાડયું છે. તે ધારેલ કામ કરી શકે છે. પણ જ્યારે નવરૂ પડે ત્યારે તમારા ભાવપ્રાણોને ખાવા તૈયાર બને છે. પાંચ ઇન્દ્રિયો અને મન, વચન અને કાયબલ તથા શ્વાસોશ્વાસ અને આયુષ્ય તે દશ પ્રાણો કહેવાય. અને સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ, ભાવ પ્રાણો કહેવાય. આ માનસિક ભૂત એવું છે કે, દશ દ્રવ્ય પ્રાણોને તથા ચાર ભાવ પ્રમાણના પ્રાણોને, નવરૂ પડતાં ખાવા તયાર થાય છે. ત્યારે ગમે તેવા જીવાત્માઓને, પરિતાપાદિક થાય. તેમાં નવાઈ શી ? માટે સદ્ગુરુ કહે છે કે, સિદ્ધચક્રને હૈયામાં સ્થાપન કરીને, જ્યારે નવરૂ પડે ત્યારે કહેવું કે, આની આરાધના કર. તેથી તે સ્થિર થશે. અને રીતસર સારથી બનીને મોક્ષ માર્ગ તરફ ગમન કરશે. માટે ચેતી, સન્માર્ગે ચાલો !

હવે સત્તરમા પદમાં દુનિયાની દેખાદેખી મુજબ ચાલનાર માણસને ઉપદેશ આપતાં સદ્ગુરુ કાવ્ય કથે છે કે,

( રાગ. ધીરાનો )

દુનિયા છે દીવાની રે, તેમાં શું તું ચિત્ત ધરે,
જોને જરા જાગી રે, માયામાં મુંઝી શાને ફરે. ॥૧॥
દુનિયાદારી દુઃખ કરનારી, દૃષ્ટિ ફેરે ફેર,
જેવી દૃષ્ટિ તેવો તું છે, સમજે નહિ તો અન્ધેર,
માયાના બાંધ્યા જીવો રે, કારજ કાજે કરગરે.
દુનિયા છે ॥૨॥
દુનિયા જીતી નહિ જીતાશે, તેમાં શું રાખે ચિત્ત;
જશ અપજશમાં મન જો વર્તે, તો નહિ થાય પવિત્ત,
જગત ભાન ભુલે રે, કારજ સહુ સહેજે સરે.
દુનિયા ॥૩॥
ઘડીમાં સારો ઘડીમાં ખોટો, દુનિયા બોલે બોલ,
ખોટાને સારો કોઈ કહેવે, કોણ કરે તસ તોલ,
સમજીને સૌ સહેવું રે, કરશે જેવું તેવું ભરે.
દુનિયા ॥૪॥
સ્વપ્ના જેવી દુનિયાદારી, દર્પણમાં મુખ છાંય,
આત્મવિના પુદ્ગલમાં ખેલે, સુખ કદી નહિ થાય;
સમજે સમજુ શાણા રે, ચિદ્ઘન અર્થી શાંતિ વરે.
દુનિયા ॥૫॥

સૌથી ન્યારો ચિદ્દઘન પ્યારો, અંતર આત્મ લેખ,
પરમાત્મ પરગટ પોતે તું, શુકલ ધ્યાને દેખ;
બુદ્ધિસાગર સમજી રે, વળજો ચિદાનન્દ ઘરે.
દુનિયા. ॥૬॥

આ સત્તરમા પદે સદ્દગુરૂ ફરમાવે છે કે, પોતાની મરજી મુજબ ચાલનારી દુનિયા દીવાના જેવી છે. તેમાં શા માટે ચિત્તને ધારણ કરે છે. વીતરાગ જીનેશ્વરે ફરમાવેલ આજ્ઞામાં જો ચિત્ત ધારણ કરે તો, પોતાની ઈચ્છા મુજબ ચાલનારી દુનિયા, કેવા ખેલ કરી રહેલ છે, કેવા દગા-પ્રપંચ કરી રહેલ છે તેની બરોબર ખબર પડે. મિથ્યાત્વના યોગે જે જે અર્થ અને કામની ખાતર દોડાદોડ કરી રહેલ છે. છતાં જ્યારે તેની અભિલાષા પૂરી થતી નથી ત્યારે કાં તો કલેશ-કંકાસ-યુદ્ધાદિકની હોળી સળગાવે છે. જ્યારે તેમાં ફાવી જાય નહિ ત્યારે ફાગમાં હોળીયાની સાફક પરિભ્રમણ કરવા પૂર્વક પાગલ જેવી બને છે. આવી દુનિયામાં ચિત્ત, માનસવૃત્તિ ધારણ કરી અરે ભાઈ તું કયો લાભ ઉઠાવીશ ? પાગલ જેવા બનવું પડશે. માટે સદ્દગુરૂ દ્વારા સમ્યક્ત્વને પામીને જગતના વિવિધ નાટક-ખેલમાં જે મન રાખ્યું છે. અને તે નાટક દેખી ખુશી ખુશી થાય છે તેમાંથી ચિત્તને વાળી જાગ્રત થા ? અર્થ અને કામની આસક્તિમાં ધર્મની આરાધના કરી મનુષ્યભવ સફલ કરવાનો છે તે થશે નહિ. વિફલ બની અકથ્ય

કર્મોના બંધ પડશે, તે પણ ચીકણા કર્મનો બંધ થશે, માટે અર્થ અને કામની દોડાદોડીમાં, પ્રવૃત્તિમાં ધર્મને ભૂલીશ નહિ. જો ભૂલીશ તો અર્થ કામની દોડધામ ફળશે નહિ. પણ કુટશે. એટલે ઘડીભર ચેન પડશે નહિ. નંદરૂપે અર્થ અને કામની સિદ્ધિ માટે ધર્મને ભુલી પોતાના કબ્જામાં રહેલ પ્રજા પાસેથી મન માન્યું સોનુ પરાણે પડાવીને નવ સોનાની ડુંગરીઓ બનાવી. પણ આખર ખપમાં આવી નહિ. આર્ત્ત, રૌદ્ર ધ્યાનના યોગે દુર્ગતિનું પાત્ર બનવુ પડયું. આમ શાસ્ત્રકારો કહે છે કે, જગત તો અર્થ અને કામની ઈચ્છનીય પૂર્તિમાં સુખશાતા માની રહેલ છે. તે મેળવીને કોણે હૈડાની હોળી શાંત કરી! કોણે ચિન્તા રૂપી ચિતાને બુઝાવી! તે તો કહે? ધર્મ વિનાના તે બીચારા, બેં બેં કરતા બકરાની માફક કસાઇ વાડામાં અસહ્ય પીડા ભોગવી મરણ પામે છે. માટે જાગ્રત થઈ અર્થ કામની આસક્તિનો ત્યાગ કરી, વીતરાગ જીનેશ્વરે કહેલ આજ્ઞામાં ચિત્તને સ્થિર કર. તેથી હૈયાની હોળી શાંત થશે, અર્થ કામની પ્રવૃત્તિનો માર્ગ પણ સરલ થશે. ભટકવું, ટીચાવું પડશે નહિ. ધર્મની રીતસર આરાધના કરનાર એક શ્રાવકે, સાંજનું પ્રતિક્રમણ કરવા પૂર્વક દિવસમાં અજાણતા પણ થએલ મન વચન અને કાયાના દોષોની માફી માગી. પુનઃ થાય નહિ તે માટે એકરાર કરી, અને ગુરૂદેવની પાસેથી નીકળી પોતાના ઘર તરફ જાય છે તેવામાં માર્ગે પડેલ પથ્થરની ઠેસ વાગી. શ્રાવકને થોડી પીડા તો થઈ. પરંતુ બીજાઓને આ માર્ગે

ગમન કરતાં ઠેસ વાગે નહિ તે માટે તે પથ્થરને ઉપાડી બીજે સ્થલે મૂકતાં સોનામહોરોથી ભરેલ નિધાન દેખ્યું. પરંતુ તે નિધાન ગ્રહણ કર્યું નહિ. કારણ કે પરિગ્રહ પરિમાણનું શેઠને વ્રત હતું. પોતાના ગૃહે આવી ધર્મપત્નીને તેની બીના કહી. તેણીએ પણ તે વ્રત લીધેલ હોવાથી કહ્યું કે, સારૂં થયું કે ગ્રહણ કર્યું નહિ. તે નિધાનનો માલિક રાજા કહેવાય. અને આપણને પરિગ્રહ પરિમાણનું વ્રત છે. આ મુજબ રાત્રીમાં દંપતી વાત કરી રહેલ છે, તેવામાં ખાતર પાડવા ચોરો તેના ઘરમાં પેઠા. તેઓએ આ વાત સાંભળી વિચાર કર્યો કે, આ દંપતી જાગી રહેલા છે. માટે ચોરી થશે નહિ. માટે જે સ્થલે નિધાન નીકળ્યાની વાત કરી રહેલ છે તે સ્થલે જઇને ઉપાડી લઇએ. તે ચોરો ત્યાં આવ્યા. નિધાન, ચરૂ પણ નિરખ્યો. પણ તેમાં હાથ નાંખતા તેના ઉપર રહેલ વીંછીઓએ ડંખ માર્યો. તેથી તેઓ ઘણી પીડા પામ્યા. અને રીસ ચડી કે શેઠની વાતના આધારે અત્રે આવ્યા. પણ સોનામહોરોના બદલે વીંછીઓ કરડ્યા. તે વીંછીઓ શેઠને અને શેઠાણીને ડંખ દે, તો આનંદ થાય. રીસ વળે. આમ ધારી તે ચરૂને ઉપાડી શેઠના ઘરમાં ઠાલવ્યો, દંપતી જાગતા હોવાથી સોનામહોરોનો અવાજ થયો તેથી, દીવો કરીને તપાસ કરી તો સોનામહોરો દેખી અફસોસ કરવા લાગ્યા. કે આ મહોરો કોણે નાંખી. અમારે તો વ્રત છે. ચોરો પણ શોક કરવા લાગ્યા કે અમે લેવા ગયા ત્યારે વીંછીઓ કરડ્યા. અને શેઠના ઘરમાં સોનામહોરો થઈ.

અરેરે. આપણું ભાગ્ય જ નહિ. દુર્ભાગ્યના યોગે સોનામહોરો તો મળી નહિ. પણ પીડા પામ્યા અને કરેલો પરિશ્રમ ફોગટ ગયો. આપણે પણ દંપતીની માફક વ્રતને લઇએ તો સુખી થઇએ. આમ વિચાર કરતા ત્યાંથી ચાલી નિકળ્યા. શેઠે, સ્વવ્રતનું પાલન કરવા નૃપની પાસે જઇને સોનામહોરોનો ચરૂ દેખાડયો. જ્યાંથી નિકળ્યો હતો તે જગ્યાની જાણ કરી. ન્યાયસંપન્ન નૃપે વિચાર કર્યો કે, તે સ્થલે ઘણા માણસો, જતાં આવતાં હશે. પણ તેમના હાથમાં આવ્યો નહિ અને શેઠના ઘરમાં પ્રયાસ વિના તે આવી મળ્યો. માટે તેમના ભાગ્યની સોનામહોરો છે. તે શેઠને પાછી આપવી જોઇએ. રાજાએ ગ્રહણ કરી નહિ અને આગ્રહ પૂર્વક પાછી અર્પણ કરી. શેઠ તે લઇને પોતાના ઘેર આવી વિચાર કરે છે. આ સોનામહોરો જે પરિગ્રહનું પરિમાણ કર્યું છે. તેથી બહુ અધિક છે. માટે તેમાંથી એક પણ સોનામહોર મને ખપે નહિ. ગ્રહણ કરીએ તો સ્વીકારેલ વ્રતનો ભંગ થાય. માટે તેમાં ચિત્તને નહિ ધારણ કરતાં, મોહમમતાનો ત્યાગ કરીને વ્રતધારી સ્વામીબંધુઓને ધર્મમાં સ્થિર કરવા, સહકાર આપવા માટે વાપરી. બાકી રહેલ અન્ય શુભક્ષેત્રોમાં વાવી મહોટો લ્હાવો લીધો. આ વ્રતધારી શેઠને સાત ક્ષેત્રોમાં બરોબર શ્રદ્ધા હતી. કે, તેમાં વાવેલ વૃથા જશે નહિ. દુન્યવી બેંકોમાં જમે મૂકનાર શ્રીમંતોએ આ વ્રતધારી શેઠનું અનુકરણ કરવું જોઇએ. કે જેથી કોઇ વખતે નુકશાન થાય નહિ અને અનંતગણું વ્યાજ

મળતું રહે. આ શેઠે જ્યારે વ્રતના આધારે તે નિધાનમાં ચિત્ત ધારણ કર્યું નહિ ત્યારે મોહ, મમતા દૂર ભાગી. અને સ્વામી-ભાઈ એવા બુદ્ધિમાન્ બંધુઓને માટે તથા અન્ય શુભ ક્ષેત્રોમાં વાવવા શુભ પ્રયાસ થયો. વ્રત વિનાના માનવગણુ તો જ્યારે ધાર્યા મુજબ ધન મળે ત્યારે માળાઓ બંધાવે. ચાલીઓ બંધાવી તેમાં વાપરે. પણ ધાર્યા મુજબ ભાડે આપેલ મકાનોનું ભાડું બરોબર ન મળે ત્યારે ચિન્તા શોક કરવા માંડે છે. તો તેના કરતાં જે સાત ક્ષેત્રો શાસ્ત્રકારોએ બતાવ્યા છે તેમાં વાપરે તો, અગર નિષ્કામભાવે વાવે તો ભાવના મુજબ પુણ્ય ધનની પ્રાપ્તિ થાય. આવા વિચારો પણ તેઓને ક્યાંથી આવે? કારણ કે તેઓનું ચિત્ત દુનિયાદારીમાં ચોટયું છે. દુનિયા જેમ કહે તેમ કરવું પણ સમ્યગ્જ્ઞાની કહે તેમ કરવું નહિ. આવી વિચારણા હોવાથી શોક સંતાપાદિ ક્યાંથી ખસે? સંકટ વિડંબનાઓ, વિઘ્નો આવી હાજર થાય ત્યારે વલોપાત કર્યા કરે. તે માટે સદ્ગુરૂ પ્રતિબોધે છે કે અરે ધનના ધણીઓ જરા જાગીને જુઓ. સમ્યગ્જ્ઞાનીના ઉપદેશને ચિત્તમાં ધારણ કરો અને ધનાદિકની માયા-મમતામાં મુંઝાઓ નહિ. દુનિયાદારી તો દુઃખ દેનારી છે. તેમાં દાટ ક્યાં મૂકી છે? તમારી દૃષ્ટિને ફેરવશો તો જ તમારી વિચારણાનું પરિવર્તન થશે. અને દુનિયાદારીમાં જે ચિત્ત ચોટયું છે. તે જ ચિત્ત ધર્મક્રિયામાં લાગશે. જેવી દૃષ્ટિ, જેવા વિચારો તેવા તમો બનશો, નહિ સમજો તો મિથ્યા માયાનું અંધકાર

તો રહેલું છે જ. કારણ તેમાં બંધાએલ, આસક્ત બનેલ પોતાના કાર્ય ખાતર અન્યની પાસે જઈને કરગરે છે.

જગતના પદાર્થોની પરાધીનતામાં પકડાએલ પ્રાણીઓ, જ્યારે તે તે પદાર્થો પોતાની પાસે હોય નહિ ત્યારે કરગરી, કાલાવાલા કરવા પૂર્વક અન્યજનોની પાસેથી મેળવવા ઈચ્છા રાખે છે. તે પદાર્થોની પ્રાપ્તિ થાય ત્યારે તેમાં જ આસક્ત બની સુખ મેળવવા મથે છે. પણ ઇષ્ટ સુખ મળે નહિ ત્યારે પણ તેઓની ભ્રમણા ટળતી નથી. અને આસક્તિનો ત્યાગ કરતા નથી. આ કેવી માણસાઈ ? કે બુદ્ધિમત્તા ? આતો બાલીશતા જ કહેવાય ? અરે દુનિયાના પદાર્થોની જ ફક્ત અભિલાષા હોતી નથી, જો સત્તા, સંપત્તિ વિગેરે હોય તો સારી દુનિયાને જીતવા ખાતર પ્રયાસ કરે છે. પણ કોઈ દિવસ સારૂ ય જગત જીતાય ખરૂ કે ? કદાપિ જીતી શકાતુ નથી. તો પણ મોહમમતા જન્ય વિષય કષાયના વિકારોને જીતવા એક ઘડી પણ પ્રયાસ કરતા નથી. સત્ય એ છે કે, વિષયકષાયોને પરાજય પમાડી દૂર કરાય. તો જ આત્માની સાથે જગત જીતાય છે તેનું ભાન નહિ હોવાથી તે સત્તાધારીઓનો પ્રયત્ન નિષ્ફલ થાય છે. અરે જગતને જીતવા માટે નીકળેલ સત્તા સંપન્નને કોઈ વખાણશે. પ્રશંસા કરશે ત્યારે કોઈ વખોડશે, અવહેલના કરશે. ત્યારે કહી શકાય નહિ તેવો ઉત્પાત ઉત્પન્ન કરી સ્વપરની પરિસ્થિતિ એવી હલકી કોટીમાં મૂકી દે કે પુનઃ ઉચ્ચ સ્થિતિમાં આવી શકાય નહિ. માટે

સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે અરે બુદ્ધિમાનો ? જગતને જીતવા પ્રયાસ કરો છો તેના કરતાં કષાયોને, અહંકાર, મમત્વને જીતવા તમારી સત્તા, શક્તિનો સદુપયોગ કરો. કે જેથી જશ, અપજશમાં ચિત્ત ચોંટશે નહિ. દુનિયાને જીતવા માટે જે પ્રયાસ કરી રહેલ છો તેમાં તો યશ, અપયશનું વાતાવરણ ખડું થશે. તે વખતે તમારા મનમાં શાંતિ રહેશે નહિ. માટે તમારા આત્માને પણ જીતવા પ્રયત્ન કરો. તેમાં, યશ, અપયશમાં માનસિક વૃત્તિઓને લગાડશો નહિ. નિષ્કામ ભાવે કાર્ય કરતા રહો. અન્યથા ચિન્તાનો પાર આવશે નહિ.

એક ગામના ચાર માણસો યાત્રાએ નિકળ્યા. પ્રથમ દ્વારિકાની યાત્રા કરવાની અભિલાષા હોવાથી એક ધર્મશાળામાં ઉતરી, રાત્રીમાં પૂર્વ દિશા તરફ મસ્તક અને પશ્ચિમ દિશા તરફ પગ કરીને સૂતા. તે વેળાએ એક ભગત આવીને કહેવા લાગ્યો કે, અરે યાત્રાળુઓ! દ્વારિકાની યાત્રા કરવી છે. અને તે તરફ પગ કરીને સૂતા છો તે ઉચિત કહેવાય નહિ. માટે પગને ફેરવો. આ લોકોએ તે ભગતના વચનો સાંભળી પૂર્વ દિશા તરફ પગ કર્યા. તેટલામાં એક ઘડી ગયા પછી બીજો ભગત આવીને કહેવા લાગ્યો. અરે જાત્રાળુઓ ? તમે તો શ્રદ્ધા રહિત માલુમ પડો છો. કેમ ભાઈ ? ભગતે કહ્યું કે, પૂર્વ દિશામાં જગન્નાથજી છે. તે દિશામાં પગ થાય ? ભાન ભૂલી ગયા લાગો છો ? આ સાંભળી ઉત્તર દિશામાં પગ લાંબા કરી સૂતા. પુનઃ એક માણસે આવીને કહેવા માંડ્યું કે અરે

ભાન ભૂલેલાઓ, આટલી પણ ખબર પડતી નથી કે ઉત્તર દિશામાં શ્રીબદ્રીનારાયણ છે. તેમની સામે પગ કરીને કેમ સુવાય ? કાંઇક વિચાર અને વિવેક કરો. આ મુજબ ત્રણ ભગત, બરાબર સંભળાવીને ગયા. ત્યારે તેઓ દક્ષિણ દિશા તરફ પગ કરીને સૂતા. વળી એક વાચાળે આવીને કહ્યું કે, મસ્તક ઉત્તર દિશામાં થાય નહિ. મરણ પામેલનું માથુ ઉત્તર દિશા તરફ કરવામાં આવે છે. અને દક્ષિણ તરફ પગ કરીને સૂતા છો. તેથી તમારામાં કેટલી મતિ, બુદ્ધિ છે તે માલુમ પડે છે. તથા શું તમોને ખબર નથી કે દક્ષિણમાં શ્રીરામેશ્વર તીર્થ છે. તે તરફ લાંબા પગ કરીને સૂતા છો. કાંઇક ભાનમાં આવો. આ મુજબ ચારે કહી ગયા પછી આ ચારે જણા ચિન્તા કરવા લાગ્યા. હવે કઈ દિશાએ સૂઈ જવું. તેમાં એકે કહ્યું કે પગ ઉંચા કરી અને મસ્તક નીચે ભૂમિમાં રાખી સૂઇ જઈશું તો કોઈને કહેવાનું રહેશે નહિ. ચારેય યાત્રાળુઓ વૃક્ષાસનની માફક ઉભા રહ્યા. તે અરસામાં વળી એક ભગતે આવીને કહ્યું કે ઉંચા પગ કરીને વૃક્ષાસનની માફક રહ્યા છો, પણ ઉર્ધ્વ દિશામાં વૈકુંઠ છે. તે તરફ પગ થાય નહિ. ત્યારે આ લોકો મસ્તક ઉંચે રાખી અને પગ નીચે રાખીને ઉભા રહ્યા. તો પણ શાંતિથી લોકોએ રહેવા દીધા નહિ અને કહેવા લાગ્યા. નીચે પાતાલમાં બલીંદ્રની પાસે હાલમાં કૃષ્ણ મહારાજ રહ્યા છે. માટે આ પ્રમાણે કેવી રીતે ઉભા રહ્યા છો ? કાંઇક ખ્યાલ કરો. આ મુજબ સાંભળી ચિન્તાનો ત્યાગ કરી એકે કહ્યું કે, ભલે ભગતો અગર લોકો જેમ ફાવે તેમ બોલે, તેથી

આપણે ચિત્તમાં કાંઇ દુઃખ લાવવું નહિ. જુઓને કેટલાક સમજુ આપણને વખાણે છે. ત્યારે કેટલાક વખોડે છે. તેના ઉપર ધ્યાન રાખવું નહિ. ભલે બોલે ? નિરાંતે સૂઈ જઈએ તો જ સવારમાં યાત્રા સારી રીતે થશે. આ મુજબ નિશ્ચિંત બની સૂઈ ગયા. અને પ્રાતઃકાલે રીતસર યાત્રા થઈ. આ પ્રમાણે જનસમુદાયના વચનો ઉપર વિશ્વાસ રાખવામાં આવે તો ચિન્તા, વિકલ્પોથી ચિત્ત પવિત્ર બનતું નથી. પણ સંયમ, તીર્થયાત્રામાં તીર્થંકર કેવલજ્ઞાનીની જે આજ્ઞા છે તે અનુસારે શાસ્રકાર મહારાજ ઉપદેશ આપી રહેલ છે. તે મુજબ વર્તન થાય તો જ ચિત્ત કે મન પવિત્ર બને. એટલે યશ અપયશમાં ચિત્ત ચોંટે નહિ. અને પવિત્ર બને. પરંતુ પોતાનું ભાન ભૂલી જગત, સ્વકામ સાધવા ખાતર રાગ, દ્વેષ અને મોહની જંજાળમાં લપટાઈ યશ, અપયશના ઉપર ઘણી ધારણા રાખે છે. તેથી જે કાર્ય સહેજે સરવાનું હોય છે તે તરત સરતુ નથી. તેને માટે પછી ભ્રમણામાં ભૂલથાપ ખાઈ રોદડાં રડે છે. " એક શ્રીમંતના આલીશાન બંગલામાં ચારેય બાજુએ આરિસા હતા તેથી તે આરિસા ભુવન તરીકે પ્રસિદ્ધ હતું. આવા બંગલામાં ત્રણચાર કુતરા પેશી ગયા. અને આરિસામાં પડેલા પોતાના પડછાયાને સાચા કુતરા માની તેના સન્મુખ ભસવા લાગ્યા. તેઓનો એવો સ્વભાવ છે કે, પોતાના સામે બીજા કુતરાઓને દેખે કે તરત ભસવા લાગે. જો ખસી જાય નહિ તો સાંહો માંહી લડાઇ આરંભી મારામારી કરી બેસે. પડછાયાને સત્ય કુતરા

આની બંગલામાં પેસી ગએલા તેઓ ભસાભસ કરવા લાગ્યા. પણ પડછાયા જે પડ્યા છે તે ક્યાંથી ખસે! તે કુતરાઓ ખસી જાય તો પડછાયા પણ રહે નહિ. આવુ ભાન તેઓને નહિ હોવાથી આરિસા ઉપર લડાઇ આરંભી. બચકા ભરવા લાગ્યા. પણ તે પડછાયા ખસ્યા નહિ. અને આરિસા મલીન થયા. અને હાનિ પહોંચી. આ મુજબ જગતના જીવો પોતાના કાર્યો સાધવા ખાતર, અપયશ કે યશના પડછાયારૂપી સાચા સાધનો માટે જે ધમાધમ કરી રહેલા છે. તે પોતાના આદર્શ જીવનને મલીન બનાવી હાનિ પહોંચાડે છે. એટલે જે સહજ સ્વભાવે કાર્ય સાધાવાનું હોય છે તે સધાતુ નથી. અને અપવિત્ર બની ઈર્ષ્યા, અદેખાઈ વેર વિરોધ વિગેરે કરીને મહામોંઘેરા મનુષ્યજીવનને બરબાદ કરી નાંખે છે. અતએવ પવિત્રજીવનના જે લ્હાવા મળવાના છે તે મળતા નથી. તેથી સદ્ગુરૂ કહે છે કે, દુનિયાના અભિપ્રાયોમાં વિશ્વાસ ધારણ કર નહિ. કારણ કે, જગતના માણસો, તમારા તરફથી કાર્યો સધાતા હશે તો તમોને સારા કહેશે. નહિ સધાય ત્યારે ખોટા કહેશે. ખોટાને સારા કહે અને સારાને ખોટા કહે તેનો તોલ કોણ કરવા સમર્થ છે! સમ્યગ્જ્ઞાની જ કરી શકે. માટે સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ સાંભળી, હૈયામાં પચાવી, સારી રીતે સમજી દુનિયા કહે તે સર્વ સહન કરવું. પણ રાગ, દ્વેષના વિચારો અને વિકારોમાં ફસાઇ પડવું નહિં. પણ તેઓને દૂર કરવા ટેવ પાડવી. તે વિચારો અને વિકારો એકદમ ખસશે નહિ. પરંતુ જ્યારે તેઓએ

કેટલી હાનિ કરી છે. તેનો બરોબર ખ્યાલ આવશે અને તેઓને ખસેડવા માટે તમો સ્વયં પુરૂષાર્થ ફેરવશો ત્યારે ખસવા માંડશે. માટે સમજીને સહિષ્ણુતા રાખવી. તેથી જ આદર્શજીવન જીવાય. દુનિયાદારી કહેલી છે તે એટલા માટે કે, તેમાં સત્યસુખની ઝાંખી પણ છે જ નહિ. પણ મોહ મમતાની રાગ, દ્વેષની જંજાળ છે અને તે સ્વપ્ના જેવી છે. સ્વપ્નામાં હીરામોતીના અલંકારો દેખ્યા હોય અને પહેર્યા હોય તો પણ જાગ્રત થતાં તે દેખાતા નથી. તથા ખીર ખાંડના ભોજન જમ્યા હોય, તો પણ ભૂખ લાગતી નથી. જાગ્યા પછી ભૂખ લાગે છે. અગર નિદ્રામાં રાજ્ય વૈભવના સ્વપ્ના આવે છે. પણ તે વૈભવ ક્યાં સુધી? એક માણસને સ્વપ્ન આવ્યું. તેમાં મિષ્ટાન્નના કોઠારો દેખ્યા. તેણે તેને સાચા માની પ્રાતઃકાલે સગાંવહાલાં તેમજ જ્ઞાતિજનોને જમવા માટે આમંત્રણ દીધું. સઘળાઓ જમવા આવ્યા. આ માણસે બધાઓને બેસાડી ઘરમાં જઈને તપાસ કરી તો કાંઈ પણ દેખ્યું નહિ. આવેલા બેસીને રાહ જોયા કરે છે. અને કહે છે કે ક્યાં સુધી બેસાડી રાખશો. પેલાએ કહ્યું કે બેસો? ઉતાવળા થાઓ નહિ. જ્યારે હું સુઈ જઈશ તે દરમ્યાન સ્વપ્ન આવશે ત્યારે તમોને જમાડીશ. આવેલા હાંસી કરતા પોતાના સ્થાને ગયા. આ મુજબ દુનિયાદારીને સત્ય માનતા કામ સરતુ નથી. અને તેમાં આત્મવિકાસનો વિશ્વાસ રાખીયે તો હાંસીપાત્ર બનાય તેમાં આશ્ચર્ય શું? દર્પણમાં મુખને દેખો છો. તે મુખનો પડછાયો છે કે

તે સત્ય મુખ છે તે કહો? દર્પણમાં જે પડછાયો પડ્યો છે તે સાચુ મુખ કમલ નથી. તે મુજબ દુનિયાદારી કહેતાં રાગ, દ્વેષ, મોહ, મમતા, અહંકાર વિગેરે દોષોની ખાણુ છે. તેને સત્ય શાંતિનો ખજાનો છે તેમ કેમ માની શકાય! આત્મોન્નતિના સાધનો સિવાય જગતમાં સંકટ, વિડંબના, યાતનાઓ ભારોભાર રહેલી છે. આ મુજબ માનશો ત્યારે જ તેને દૂર કરવાનો ઉપાય જડશે. આ સિવાય સઘળે ભટકવાનું છે જ. વળી સદ્ગુરૂ ફરમાવે છે કે, આત્મજ્ઞાન તથા તેના સાધનોનો ત્યાગ કરીને જે જગત, સંયોગે મળેલા પુદ્ગલોના ખેલ ખેલી રહ્યું છે, તે જગત, કદી સુખને પ્રાપ્ત કરી શકતું નથી. "સોનાની થાળીમાં લોહની માફક" કાંઈ ને કાંઈ વિકલ્પો, સંતાપ વિગેરે થયા કરે છે. એટલે જ્યારે સંયોગે મળેલ સર્વ પ્રતિકુલ ભાસે છે ત્યારે અતીવ ઉકળાટ થાય છે. માનસિક સ્થિરતા રહેતી નથી. ક્યાંથી રહે? અનુકુલતા જોઈએ છીએ તેના બદલે પ્રતિકુલતા ભાસી. માટે જે સુખશાતા હોય છે તે ભાગી જાય છે. માટે આત્મજ્ઞાન અને તેના સાધનોની આવશ્યક્તા છે. જો આત્મજ્ઞાન હશે તો તેના સાધનોને મેળવવા તત્પર બનાશે. ભલે પછી પ્રતિકુલતા આવશે તો પણ તે ભાસશે નહિ. અને તેમાંથી અનુકુલતા મેળવવાની ચાવીઓ હસ્તગત થશે "પ્રતિકુલતા અગર અનુકુલતા ભાસવી તેમાં મનનું કારણ અને કર્મનું કારણ છે જો આત્મજ્ઞાન હશે તો "વિપત્તિમાં સંપત્તિ સમાએલ છે" આમ સમજાશે. અન્યથા તો કદી શાંતિ

મળવાની નથી. સામાન્ય સ્થિતિવાળા કરતા સત્તાધારી તથા અધિકારીઓ તેમજ શ્રીમંતોને જે વધારે વલોપાત થાય છે તેનું કારણ એ છે કે, તેઓને આત્મધર્મની સમજણ નથી. સ્વયં સાધન સંપન્ન હોતે છતે પણ અધિક અધિક પુદ્ગલો પ્રાપ્ત કરવા પરાયણ હોય છે. તેઓને જ્ઞાનાભાવે ખ્યાલ આવતો નથી કે, પુદ્ગલોનું સ્વરૂપ કેવું છે? પૂરાય અને ગળી જાય. તેવું છે. ચાલણીમાં નાંખેલ પાણીને નીકળી જતાં વાર લાગે છે? નહી. તેની માફક તેનું સ્વરૂપ છે. આવા પુદ્ગલો આત્માનું કેવી રીતે કલ્યાણ કરે! કદાચિત્ મનમાં માનવામાં આવે કે, પેટ પટારો અને ખટારો તો ભરાય છે ને? પરંતુ તે ક્યાં સુધિ ભરાએલ રહે? બહુ બહુ તો પુણ્યોદય હોય ત્યાં સુધી, પુણ્યોદય ખતમ થયા પછી પાપોદય થતાં કેવી હાલત થાય છે તે તમો જાણો છો. રહેવા માટે મકાનોને વેચવા પડે અને ભાડે રહેવાનો વખત આવી લાગે છે. અરે અતીવ પાપોદયમાં રોટલો કે ઓટલો મળતો નથી. વસતિ કે વસ્ત્રો વહાલાં થતા નથી. "નલ નૃપની માફક" માટે પુદ્ગલોની પ્રીતિ નિવારી આત્મધર્મે પ્રીતિ લગાવવી ઘણી કલ્યાણકારી છે, હિતકારિણી છે. નહિતર એક અધિકારી, ધનવાન્ જેવી દશા આવે. એક માણસે શહેરમાં દુનિયાના સુખ મેળવવાની ઇચ્છાએ ઘણો પ્રયાસ કરી સાંસારિક જ્ઞાન, વિજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તેથી તેણે ન્યાયાધિકારીની પદવી મેળવી, પણ ધનનો લોભ હોવાથી લાંચ લેઇને ન્યાય ચૂકવતો. જનસમુદાય પણ જલ્દી કામ પતી જાય અને પોતાના

તરફ લાભ થાય તે માટે લાંચ આપવા લાગ્યો. પણ ન્યાયાધીશને ખ્યાલ રાખવો જોઈએ કે લાંચ લઈને કેવી રીતે સુખી થઇશ. લાંચ લેવી તે પણ લોહી છે. જનસમુદાય તો પોતાનો સ્વાર્થ સાધવા લાંચ આપે. પણ ન્યાયાધીશથી કેમ લેવાય ? લેવાય નહિ. પોતે સાધન સંપન્ન હોતે પણ વિચાર વિવેક કરતો નથી. આ કેવો ન્યાય ? આવા ન્યાયાધીશની પાસે એક કેસ આવ્યો. એક શેઠે રાજાની ખવાસણને પાંચસો રૂપિયા ધીર્યા છે શેઠ આપતા નહોતા. પરંતુ જ્યારે ખવાસણે ઘણા કાલાવાલા કર્યા ત્યારે આપ્યા. અને કહ્યું કે બાર મહિનામાં વ્યાજ સહિત પાછા આપવા પડશે. પેલીએ કહ્યું કે છ મહિનામાં વ્યાજ સાથે પાછા આપીશ. ખવાસણ રૂપિયા લઇને સ્વસ્થાને ગઇ. બાર મહિના વીતી ગયા તો પણ તેણીએ આપ્યા નહિ. શેઠ ઘણી વખત ઉઘરાણી કરે છે. ત્યારે બાના બતાવી રૂપિયા આપતી નથી. જેમતેમ બોલી શેઠને ધિક્કારે છે "ખવાસની જાતમાં વિચાર અને વિવેક ઓછા પ્રમાણમાં હોય છે. આમ વિચારી શેઠે તકરાર કરી નહિ અને નાણા નહિ આપતી હોવાથી દાવો કર્યો. અને પેલા લોભી ન્યાયાધિકારીની પાસે જઈ ને કહ્યું કે, સાહેબ ? મારો દાવો સત્ય છે. પાંચસો ધીર્યા છે અને છ માસમાં આપી જવાનું કહી, ખવાસણ લઇ ગઇ છે. બાર મહિના થયા પણ આપતી નથી. અને જેમતેમ બોલી તિરસ્કાર કરે છે. એટલે ના ઈલાજે દાવો કર્યો છે. જો મને રૂપિયા અપાવશો તો પચ્ચીશની પાઘડી આપીશ. આપણને

બન્નેને લાભ થશે. આ મુજબ કહીને ગયા પછી ખવાસણે આવીને કહ્યું કે, આ દાવામાં મને લાભ અપાવશો તો હુંઆણી ભેંસ પચ્ચાસ રૂપિયાની કિંમતની આપીશ. લોભી ન્યાયાધીશે ભેંસ મળવાની જાણી ખવાસણને નિર્દોષ ઠરાવી શેઠનો દાવો કાઢી નાંખ્યો. ત્યારે શેઠે કહ્યું કે મારો દાવો સાચો હતો. અને પાઘડી તમને મળત, ન્યાયાધીશે કહ્યું કે, તારી પાઘડી ભેંસ ચાવી ગઇ. આ મુજબ સાંભળી નિરાશ થઈ શેઠ ઘેર ગયા. કોઈએ પુછયું કે શેઠ ? દાવાનું શું થયું. તેમણે જવાબ આપ્યો કે જ્યાં લોભી ન્યાયાધીશ, અધિકારીઓ હોય ત્યાં સત્ય ન્યાય ક્યાંથી મળે ? લોભની ખાતર સત્ય હતું છતાં દાવો કાઢી નાંખ્યો, અને કહ્યું કે ભેંસ પાઘડીને ચાવી ગઈ. હવે શો ઉપાય ? જ્યાં વાડ ચીભડાને ખાય ત્યાં વનેચરને શું કહેવાય ? આ વાત સઘળા શાહેરમાં પ્રસિદ્ધ થઇ. રાજાને કાને વાત ગઈ. શેઠને બોલાવીને પુછયું. શેઠે જે બીના બની હતી તે સત્ય કહી. રાજાએ તે અધિકારી, ન્યાયાધીને બાતલ કર્યો. અને પૂરેપૂરી ફજેતી થઈ. કોઈ પણ તેના ઉપર વિશ્વાસ રાખતું નથી. છેવટે મહાદુઃખી બની હલકી હાલતમાં જીવન ગુજારવું પડયું. ધનના લોભે જે સ્વધર્મને ભૂલે તેની આવી દશા જરૂર થાય છે. માટે ધર્મને ભૂલી ધનલોભી, પુદ્‌ગલોમાં ખેલ ખેલતા હોવાથી તેઓને સુખશાંતિ ક્યાંથી પ્રાપ્ત થાય ? માટે સમજુ શાણા સમકિતીએ પુદ્‌ગલોના ખેલનો ત્યાગ કરી સ્વધર્મ કહેતાં આત્મધર્મમાં અને તેના સત્ય સાધનોમાં માનસિક વૃત્તિઓને

વાળી ભાગ્યોદયે જે મળ્યું છે તેમાં સંતોષ ધારણ કરવો જરૂરનો છે. ચિદ્દઘનના અર્થીઓ જરૂર, વ્રત નિયમોને ગ્રહણ કરી પરમ સંતોષના સ્વામી બને છે. તેથી જ તેમને આધિ, વ્યાધિ વલોપાતાદિ નડતા નથી તેથી. ગુરૂદેવ કહે છે કે, સર્વ પુદ્દગલોથી ન્યારો ચિદ્દઘન આત્મા છે. તેના ઉપર પ્રીતિ ધારણ કર. ધનાદિકમાં જો પ્રેમ હોય તો તેથી ચિન્તા વિગેરે દુઃખો દૂર ખસતા નથી. અને તમોને તમારો આત્મા પ્યારો હોય તો અંતરમાં રહેલ સમત્વને ધારણ કરી તેને દેખો ? તેથી સર્વ સંકટો, પરિતાપ, વેરવિરોધાદિ દોષો રહેશે નહિ. સહજ સ્વભાવે પરમપદની પ્રાપ્તિ થશે. પછી દુઃખજનક, દુઃખમય, અને દુઃખની પરંપરાને વધારનાર રાગ, દ્વેષ અને મોહજન્ય વિષય કષાયોના વિકારો સાથે તે કષાયો પણ મૂલમાંથી નાશ પામતાં અનંતો આનંદ આવશે. તે પણ કોઇપણ ભવમાં અનુભવેલ નહિ હોય એવો ? તમે પોતે જ પરમાત્મ પદને પ્રગટ કરશો. પરંતુ જ્યારે પુદ્દગલોના ખેલનો ત્યાગ કરવા પૂર્વક, ધર્મધ્યાનને ધારણ કરી શુકલધ્યાન ધરશો ત્યારે પરમાત્મ પદ પ્રગટ થશે. બીજીવાર ધારણ કરવો પડશે જ નહિ. માટે જ્ઞાની બુદ્ધિસાગરજી કહે છે કે, સમજીને ચિદાનંદમાં લગની લગાવો ? તો જ તમારી ચતુરાઈ છે. તે સાર્થક થશે. સાંસારિક ચતુરાઇથી તો આત્મધર્મને જાણતા નહિ હોવાથી બંધનમાં સપડાશો. રાગ. દ્વેષના બંધનમાં પડ્યા પછી પરિણામે પરાધીનતાની બેડીમાં બંધાવું પડશે. તે

સત્ય ચિદાનંદની જે અભિલાષા છે તે અધુરી રહેશે. એક પોપટની માફક.

એક ઋષિના આશ્રમમાં રહેલ શુક, પૂર્વ ભવનો સંસ્કારી હોવાથી અને સહવાસે મધુરા વચનો બોલી માણસોને ખુશી કરતો. એક દિવસ રાજકુમારે તેની બોલવાની ચતુરાઈ જાણી નૃપની પાસે તે પોપટની યાચના કરી. રાજાએ એક વાઘરીને કહ્યું કે ઋષિના આશ્રમમાં રહેલ શુકને કોઈ પણ ઉપાયે પકડી લાવીશ તો ઇચ્છા મુજબ શીરપાવ આપીશ. વાઘરી તેને પકડવા માટે ઘણા ઉપાયો કરે છે. છતાં તે આશ્રમમાંથી પકડાતો નથી. હવે પોપટને જાંબુડા ખાવાની ઇચ્છા થઈ. તેથી આશ્રમમાંથી ઉડી સરોવરના કીનારે ઉગેલા જાંબુ વૃક્ષ ઉપર બેઠો. પાકાં પાકાં જાંબુડાનો સ્વાદ લઈ ખુમારીમાં બોલવા લાગ્યો. તે વખતે પેલો વાઘરી ત્યાં આવેલ હતો. તેની વાણી સાંભળી વૃક્ષ ઉપર જાળ નાંખીને વાઘરીએ તેને પકડ્યો. જ્યાં સુધી બોલતો નહોતો ત્યાં સુધી પકડાતો નહિ. પોતાની ચતુરાઈ દર્શાવવા બોલવા લાગ્યો. પણ ખબર પડી નહિ. કે, આ માણસ, પકડવા આવ્યો છે કે, વાણી સાંભળવા માટે આવ્યો છે. ચતુરાઈ વાપરી પોપટ બોલ્યો તો ખરો, પણ પકડાયો ત્યારે પસ્તાવો કરવા લાગ્યો. કે, આ માનવી, મને મારી નાંખશે કે શું કરશે ? વાઘરીએ ધનની લાલચે રાજાને તે અર્પણ કર્યો. ધન મળવાથી તે ખુશી થયો. રાજાએ પોતાના કુંવરને સોંપ્યો. તેણે સોનાનું પંજર બનાવી તેમાં રાખ્યો. મેવા વિગેરે

મળે છે. છતાં પરાધીનતાના યોગે તે પોપટ પીડા પામે છે. કયાં આશ્રમમાં ઋષિઓનો સહવાસ, કયાં વિવિધ ફલવાળા વૃક્ષો ઉપર બેસી આસ્વાદ લેવાનો આનંદ ? બિચારો બનેલો તે પોપટ ઘણી ચિન્તા કરે છે. પણ હવે છૂટવાનો કોઇ ઉપાય નથી. રાજકુંવરને ઘણો પ્રિય હોવાથી તેને તે કદાપિ મુક્ત કરતો નથી. ભલે રહેવાનું સોનાનું પંજર હોય તેમજ મેવા મીઠાઈ ખાવાની મળી હોય, છતાં પણ મુક્તપણામાં જે લહેર હતી તે તો અહિં કયાંથી મળે ? પોપટ મનમાં વિચારે છે કે, જો ચતુરાઈ વાપરી ન હોત તો આનંદ કરત. માટે સંસારમાં ચતુરાઇનો ત્યાગ કરી આત્મધર્મમાં તેને વાપરો. તે ચતુરાઈ સદાય લહેર આવશે. અને પરાધીનતાની બેડી તૂટવા માંડશે. માટે ચિદ્ઘન આત્માના સ્વરૂપને ઓળખી તે માર્ગે વળો. તમારી કુશળતા પ્રવીણતા કે ચતુરાઈ, ક્યારે સાર્થક થાય કે જ્યારે મોક્ષમાર્ગે પ્રયાણ કરો ત્યારે જ. મોક્ષમાર્ગે ગમન કરતાં, જેટલાં બંધનો છે. જેટલી પરાધીનતા છે. તે ખસવા માંડશે અને સ્વતંત્રતાનો અનુભવ હાજર થશે.

હવે સંસારની પરાધીનતાના બંધનોને તોડવા માટે સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ૧૮ મા પદની રચના કરતાં ઉપદેશ આપે છે.

( ચેતે તો ચેતાવું તને રે પામરપ્રાણી....એ રાગ )

**ફુલ્યો શું ફરે છે ફુલીરે, મૂરખ પ્રાણી,**
**કાયા, માયા જુઠી કેવી, ઝાંઝવાના નીર જેવી,**

તેને તુચ્છ કરી દેવી રે. મૂરખ પ્રાણી૦ ॥૧॥
આઉખું જાવે છે ખૂટી, કરે શું તું માથાકૂટી,
ખૂટી તેની નહિ બૂટી રે. મૂરખ પ્રાણી૦ ॥૨॥
પાણી તણા પરપોટા, ખેલ સહુ એમ ખોટા.
માન નહિ મન મોટા રે. મૂરખ પ્રાણી૦ ॥૩॥
કુટુંબ કબીલો સારો, માન નહીં મન મારો.
એક દિન થશે ન્યારો રે. મૂરખ પ્રાણી૦ ॥૪॥
આંખે જે જે દેખે સારૂ, તે તે ભાઇ નહિ તારૂ.
માને કેમ મારૂ મારૂ રે. મૂરખ પ્રાણી૦ ॥૫॥
ચેતી લેને જાય ચાલી, કરી માથાકૂટ ખાલી.
માયામાં શું રહ્યો વ્હાલી રે. મૂરખ પ્રાણી૦ ॥૬॥
કાયા માયાથીરે ન્યારો, અરૂપી અલખ ધારો.
બુદ્ધિસાગર મન પ્યારો રે. મૂરખ પ્રાણી૦ ॥૭॥

સદ્ગુરૂ, સાંસારિક વિલાસોમાં મગ્ન બનેલાને કરૂણા લાવી ઉપદેશે છે કે, તમોને પૂર્વના પુણ્યયોગે ધન, તન અને મન વિગેરે મળેલ છે. તેને દુન્યવી મોજમજા, વિલાસોમાં વેડફી નાંખો નહિ. તમારા વિલાસોમાં ધન, તન અને મનની તાકાત વેડફાય છે. છતાં ફુલાઇને ફર્યા કરો છો. પણ વિચાર તથા વિવેક લાવી નિરીક્ષણ કરશો કે, આ તો વિલાસ છે કે, વિનાશ છે! વિલાસ એવો હોવો જોઈએ કે, તન, મનની તાકાત ઉત્તરોત્તર વધતી રહે, અને સંકલ્પ વિક-

લ્પોનો વલોપાત દૂર ખસવા માંડે. તાકાત ઓછી થાય તે વિલાસ કેવી રીતે કહેવાય ? કહેવાય નહિ. જે વિલાસ પ્રારંભમાં રૂડા લાગે અને પરિણામે પરિતાપાદિ ઉત્પન્ન કરે. અધમ, નીચ વિચારો કરાવી તદ્દન હલકી કોટીમાં સપડાવે તે વિલાસ કહેવાય કે વિનાશ! તે તમો કહો ? છતાં આંધળાનું અનુકરણ કરવા પૂર્વક માતેલા સાંઢની માફક મહાલ્યા કરો છો. તેથી સદ્‌ગુરૂ કહે છે કે, અરે મૂર્ખ પ્રાણી તને દ્રવ્ય દશ પ્રાણો તથા અગ્યારમો પ્રાણ પૈસો મળ્યો છે. વિવેક લાવી તેનો સદુપયોગ કર.

સદ્‌વિચાર અને વિવેક કરીશ ત્યારે તને માલુમ પડશે કે, કાયા માટે કરેલા ઉપાય અને માયા ખાતર કરેલા પ્રપંચો સાચા નથી. પણ ખોટા છે. ગમે તેવી કાયાની સાર-વાર કરશો તો પણ ઘડપણ તો આવવાનું જ. અને આયુષ્ય પૂર્ણ થતાં મરણને શરણ થવાનું જ. ઝાંઝવાના નીર, શું સાચા હોય છે! તેના પાણીને સત્ય માની તરશ છીપાવવા જનાર હરિણોની કેવી દશા થાય છે તે તમો જાણતા હશો. નિરાશ બની તાપથી આકુલવ્યાકુલ બની અંતે મરણ પામે છે. એવી કાયા અને માયાની પરિસ્થિતિ છે. તેને સત્ય, શાંતિના ઉપાય માની દોડાદોડ કરશો તો પણ સુખની જે ઝંખના છે તે વેગળી રહેશે. ફલવતી બનશે નહિ. માટે તે કાયા માયાના પ્રપંચોનો ત્યાગ કરવા સત્ય સુખના દાતાર સુદેવ–સુગુરૂ અને સુધર્મની આરાધના કરવી જરૂરી છે. કારણ કે તે પ્રપંચો, તુચ્છ, હલકા છે. તેથી પરિણામે કોઈની પણ ઈચ્છા, આશા અને તૃષ્ણા શાંત બની નથી જ. ગરીબ, સો

રૂપિયાની ઇચ્છા રાખે છે. સો રૂપિયા વાળો હજારની આશામાં વિવિધ વ્યાપારો કરે છે. હજાર રૂપિયાની આવકવાળો. દશ હજાર, લાખની ઇચ્છાથી ધર્મનો ત્યાગ કરી દગા ફુડ કપટ કરવા પૂર્વક તેને મેળવે છે. છતાં અસંતોષી બની દશ-લાખ, કે, કરોડાધિપતિ બનવાને ચાહે છે. કરોડાધિપતિ, અબજોના સ્વામી બનવા ખાતર મહારંભો કરે છે. તો પણ સંતોષના અભાવે તેથી વધારે મેળવવા દેવતાની સહાય પણ પ્રાપ્ત કરવા ચાહે છે. આ મુજબ કાયા અને માયાની ખાતર જે સત્ય કર્તવ્ય છે. તે કરવા બેનસીબ બને છે. માનો કે દેવતાઇ મળી કે, ઇન્દ્રપણું મળ્યું, તો પણ અંતે તે મૂકવાનું જ છે, તે તેમને ભાન હોતું નથી. તુચ્છ અને ક્ષણ ભંગુર લાભ માટે કોણ દોડાદોડ, ધમાલ કરે? જેને પોતાના આત્માનું ભાન નથી તેજ. આવા મુગ્ધ માણસો મળેલ દુર્લભ મનુષ્યભવની સામગ્રીની સાર્થકતા કે સફલતા ક્યાંથી કરે? એટલે સદ્ગુરૂદેવ કહે છે કે, અરે ભાગ્યશાલી! આયુષ્ય, ચિન્તાથી, પરિતાપ, વલોપાત અગર ઉપક્રમ, આઘાતથી ક્ષણે ક્ષણે તૂટતું જાય છે. માયામાં આસક્ત બનેલને એટલી પણ ખબર નથી કે, આયુષ્ય ખતમ થયા પછી મનની મનમાં રહી જશે. કાંઇ પણ કાર્ય સધાશે નહિ. આ ભવમાં જે કાયા, માયાની સંભાળ રાખવાના સંસ્કારો પડ્યા છે તે સંસ્કારો બીજા ભવમાં પણ અનેક વિઘ્નો ઉભા કરીને સુખશાતામાં વારેવારે સ્ખલના કરશે. માટે શા કારણે માથાકુટ કરે છે. એટલે કાયાની શક્તિ વધારવા ખાતર

વિવિધ પ્રયત્નો શા માટે કરે છે? આત્મધર્મની આરાધના કર. અને જે માયા મળેલી છે તેની સાચવણીમાં કયાં માથાકુટ કરે છે. જે તૂટે છે તેની બુટ્ટી નથી. તૂટ્યા પહેલાં જે શુભ કાર્યો કરવાના છે તે ચિત્ત દઈને કરી લે. શુભ કાર્યો કરવાનો આ અમુલ્ય અવસર મળ્યો છે. તેને વૃથા ગુમાવી તુચ્છ વસ્તુઓ ખાતર કયાં માથાફોડ કરે છે. જે વંદના કરવા લાયક નથી, ત્યાં માયા મેળવવાની ઈચ્છા, આશાએ માથુ નમાવી કાલાવાલા કરે છે. તે તમને શું આપશે? તથા જ્યાં ઇચ્છા, આશા અને તૃષ્ણાને શાંત કરવાનો સત્ય ઉપાય બતાવનાર છે ત્યાં તો જતો નથી. તથા રૂચિને પણ ધારણ કરતો નથી. આવી માથાકુટ કોણ કરે છે? જે વસ્તુઓ માટે આટલી બધી મહેનત, કષાયાદિ કરે છે. તે પાણીના પરપોટા જેવી છે. તેની જહેમતનો ત્યાગ કરી આત્મ સ્વરૂપના સાધનોને પ્રાપ્ત કર. તેથી માથાકુટ રહેશે નહિ. જગતમાં સુખ ખાતર જે ખેલો ખેલી રહ્યો છે. તે જ ખેલ તને દગો દેશે ત્યારે પસ્તાવાનો પાર રહેશે નહિ. તે નક્કી સમજજે. કાયા અને માયાના સુખમાં ગુલ્તાન બનેલ એક માણસ ન ખાવા લાયક, અભક્ષ્યનું ભક્ષણ કરીને શરીરનું પોષણ કરતો. તેને માલુમ હતી. છતાં મોહઘેલો બની તેવા અભક્ષ્યમાં આસક્ત બન્યો. તેથી તેની બુદ્ધિમાં બરોબર મલીનતા આવી. દારૂ માંસાદિ વાપરનારમાં જે સદ્બુદ્ધિ હોય છે તે નષ્ટ થાય છે. તેથી ઘરમાં પુત્ર પરિવાર વિગેરે કહે છે કે, આ વ્યસનનો ત્યાગ કરો. પૈસાઓનો અને શારીરિક શક્તિનો

વ્યય કરીને ગાંડા, પાગલ બનો છો. તેથી આબરૂ પ્રતિષ્ઠા વિગેરે રહેતી નથી. આવક કરતાં જાવક ઘણી થાય છે. પરિણામે સઘળું કુટુંબ ઘણું દુઃખી થશે તેનો વિચાર કરવો જોઈએ. આ મુજબ સાંભળી આ મુગ્ધ જેમ તેમ બોલી ક્રોધાતુર બની મારઝુડ કરતો હોવાથી હવે શો ઉપાય કરવો તેનો વિચાર પરિવાર કરે છે. તેવામાં દારૂ, મદિરા પીને મસ્ત બનેલ એવા તેને સામે આવતી મોટરની ટક્કર વાગી. નીચે ગર્તામાં ગબડી પડ્યો. તે ખાડામાં પથ્થર હોવાથી શરીરે ઘણી ઈજા થઇ. લોહીલુહાણ બન્યો. સ્વજનવર્ગને ખબર પડવાથી લાજે, શરમે પોતાને ઘેર લાવીને ઘણી સારવાર કરી ત્યારે એક મહિને સાજો થયો. પછી ઘણો પસ્તાવો કરવા લાગ્યો. કહેવત છે કે, જે, વાર્યા રહે નહિ તે છેવટે હારી, કષ્ટ ભોગવી સમજે. હવે આ ભાઇને ઘણું કષ્ટ પડયું ત્યારે ધીમે ધીમે તે છંદને મૂકી દીધો. સગાં વહાલાં તેમજ મિત્રો ખુશી થયા. શરીરે તાકાત આવી. દુર્વ્યસનમાં જે વ્યય થતો હતો તેનો બચાવ થયો. સદ્બુદ્ધિને આવવાનો અવકાશ મળ્યો. તેથી નીતિન્યાય પૂર્વક વર્તન કરવાથી સુખી થયો. તેમજ ધર્મ કરવાની જીજ્ઞાસાથી, દેવાધિદેવની ઉપાસના કરવાથી ધર્મધ્યાનમાં આરૂઢ થયો. માટે હે મહાનુભાવો ? જેમ તેમ ખાઈ પીને ફુલ્યા કરો નહિ. તમારા શરીરનો તો વિચાર કરો. આત્મિકગુણોનો આવિર્ભાવ કરવા માટે પ્રયત્ન કરશો તો બહુ સારૂ થશે. તથા કેટલાક, ન્યાય, વ્યાકરણ વિગેરેનો અભ્યાસ કરી પંડિતો થાય છે. તેઓને પણ જ્ઞાનનો કેફ

ચઢ્યો હોવાથી ફુલી ફુલી ફર્યા કરે છે. અને મનમાં માને છે કે અમારા જેવા કોઈ બુદ્ધિમાનો જગતમાં છે જ નહિ. તેઓ પણ પોતાના આત્માને ભ્રમણા, ભૂલોમાં નાંખે છે. વાદવિવાદમાં પડી આત્મભાન ભૂલે છે. સત્યજ્ઞાન કોને કહેવાય તેનું પણ ભાન રહેતું નથી. તેથી આત્મસિદ્ધિ કેવા પ્રકારે ઉપલબ્ધ થાય તેનો ખ્યાલ ક્યાંથી આવે ! તેઓ ફક્ત પોતાની પંડિતાઈના જોરે પૈસા મેળવવામાં જ મશ્ગુલ બનેલ હોય છે. તેથી તેઓ પણ અંતે આર્તધ્યાનન યોગે હલકી ગતિને પ્રાપ્ત કરી બહુ દુઃખોને ભોગવે છે. જો કે પ્રાપ્ત થએલ પૈસાના યોગે, પુત્ર, પત્ની, પરિવાર વિગેરે ખુશી થઈને અભિનંદન, શાબાશી આપે છે. પણ તેઓ ધર્મધ્યાનના અભાવે જે કષ્ટ ભોગવે છે. તેમાં ભાગ પડાવતા નથી. આશ્વાસન આપે તેથી કાંઈ કષ્ટ ઓછું થતું નથી. માટે વિપત્તિ, સંકટોના દુઃખને દૂર કરવા માટે પંડિતાઈની સાર્થકતા કરવા, તેમજ આ ભવમાં અને પરભવમાં પરભાવનો ત્યાગ કરવા આત્મધર્મમાં રહેવાની જરૂર છે. તેથી જ પંડિતાઈ સફલતાને સાધે છે. અને શાતા રહે છે. તથા શ્રીમંત ધનાઢ્યની વાત તો શી કરવી ! તે તો ધનના ઘેનમાં ફુલ્યા ફરતા હોવાથી અને માલમલીદામાં મગ્ન બનેલ, એવા તેઓ સીદાતા સ્વામી બંધુઓ સામે નજર પણ કરતા નથી. કદાચિત્ સ્વામીભાઇ કંઇ લેવા માટે આવેલ હોય તો તેને ઉધડો લઈ કહેવા મંડી પડે છે કે, શરીર તો મજબુત છે. જાતમહેનત કેમ કરતો નથી ! અને મારી પાસે મદદ માગવા આવી લાગ્યો છે. જા. જાતમહેનત કર. આવેલ ભાઈ કહે છે કે, ધંધો,

વ્યાપાર કરવાની મારી પાસે મુડી નથી. તો કેવી રીતે જાતમહેનત પૂર્વક વ્યાપાર કરૂં ! માટે સો બસો રૂપિયા આપો. કમાયા પછી તમોને પાછા આપીશ. તમોએ આપેલ મદદને ઓળવીશ નહિ. આ મુજબ કહેતાં પણ તે બધીર બનેલ હોય નહિ શું ? તેમ તેનું કથન સાંભળતા નથી. અને પાછો મોકલે છે. પરંતુ જ્યારે તે શ્રીમંતને કોઈ સભાના પ્રમુખ બનાવી ભૂરિ ભૂરિ પ્રશંસા કરવામાં આવે કે, તમો દાતા છો. તથા કૃતજ્ઞ, સમયજ્ઞ છો. ત્યારે બરોબર ફુલાઈ હજાર, બે હજાર અગર લાખ, બે લાખ આપવા તૈયાર થાય. તેઓને કોઈ પ્રશંસા કરનાર મળે તો જોઈ લો. તેમની ફુલાઈ ? આવા ધનાઢ્યો પોતાનું કે પારકાનું કેવી રીતે કલ્યાણ કરે. સર્વે શ્રીમંતો એવા હોતા નથી. કેટલાક ભાગ્યશાલીઓ તો પ્રશંસા, પ્રસિદ્ધિનો ત્યાગ કરી શકય તેટલો સાધર્મી બુઝર્ગને તથા ધાર્મિકોને સહારો આપી આગળ વધારે છે. અને નિષ્કામ ભાવે સેવા ભક્તિ કરે છે. આવા શ્રીમંતો ફુલાતા નથી. પણ નમ્રતાદિ ગુણોને ધારણ કરી સ્વપરનું હિત સાધે છે. તેઓ સગાંવહાલાં વિગેરેને ખોટા માનતા નથી. પરંતુ આત્માથકી પર માનતા હોવાથી તેઓને સ્વજન ઉપર વધારે મમત્વ હોતુ નથી. તેથી આલોકની અને પરલોકની સુખની અભિલાષા ન હોવા છતાં સત્ય સુખશાતા સ્વયમેવ હાજર થાય છે. માટે સદ્ગુરૂ કહે છે કે, ભલે કુટુંબ કબીલો સારો માનો, પણ મમત્વને ધારણ કરી મારો મારો માનશો નહિ. તારો, તમારો કુટુંબ કબીલો તો, ઉપશમ, વિવેક અને સંવર,

નિર્જરા વિગેરેને સાધવામાં છે. કે, જેથી આત્મવિકાસ સધાય અને અનુક્રમે પરમપદની પ્રાપ્તિ થાય. નહિતર ચારે ગતિમાં પરિભ્રમણ કરવાનો દુઃખદ વખત આવશે. આ મુજબ ઉપદેશને માની કેટલાક મહાશયો, મમત્વનો, અહંકારાદિકનો ત્યાગ કરી સ્વપરના કલ્યાણુ કામી બને છે. ધનાદિક વિદ્યમાન હોતે છતે પણ ફુલાતા નથી. પણ સરલતા ધારણ કરી મોક્ષમાર્ગે સંચરે છે. પરંતુ કેટલાક તો એવા હોય છે કે જે જે આંખે દેખે તેને સારૂ માની, તેનો સંગ્રહ કરતા જીવન વ્યતીત કરે છે. તેઓને સદ્ગુરૂ કહે છે કે, તે તારૂ નથી. ભલે સારૂ માની સંગ્રહ કર્યો પણ વખત આવે ત્યારે ખસી જનાર છે. તારૂ તારી પાસે સમીપમાં જ છે. તેને ઓળખ? કાયામાં રહેલો આત્મા, કાયાથી ન્યારો છે. તેમજ માયા કહેતાં ધન, મન, પુત્ર, પત્ની, પરિવારથી પણ ન્યારો છે. જુદો છે. માયા અને કાયાની સારવાર કરવામાં ઘણો અમુલ્ય વખત વીતાવ્યો. પણ તેમાં રહેલની સંભાળ લીધી નહિ. તેથી જ અંતે ચાર ગતિના ચક્કરમાં પરિભ્રમણુ કરવાનું જ રહ્યું. મ્હોટા મહેલની દરેક વર્ષે અગર દરરોજ દેખરેખ રાખી. પરંતુ તે મહેલમાં રહેલ પોતાની દેખરેખ કરી નહિ. જેની વિદ્યમાનતાયે સર્વ ક્રિયાઓ કરી શકાય છે. તેના તરફ નજર કરી નહિ. ફક્ત બાહ્ય રહેલ બંગલાની સાર સંભાળ કરી. આનંદમાં મહાલ્યા કર્યું. તે આનંદ ક્યાં સુધી રહેશે! તેનો પણ વિચાર કર્યો નહિ. ફક્ત આત્માથી પર, જે વસ્તુઓ, જેવી કે, ધન, ધાન્ય, ધાતુ વિગેરેની મમતા

કરી. તેથી શો લાભ થશે. તે વસ્તુઓને પ્રાપ્ત કરવામાં તેમજ તેઓનું રક્ષણ કરવામાં ચિન્તા, સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન કરી, આત્મા ઉપર મમત્વના યોગે અધિક મલીનતા ચોંટાડી. તેથી જે ઇચ્છા અને આશા હતી તે અધુરી રહી. હવે પૂરી કરવી હોય તો તન, મન, ધનાદિકથી ન્યારા આત્માને બરોબર ગુરૂગમદ્વારા ઓળખી, જે મલીનતાના આવરણો આવ્યા છે. તેઓને દૂર કરવા અતિશય વીર્ય, બલને ફોરવો. વસ્ત્રાદિક જ્યારે મલીન થાય છે ત્યારે એક ઘડી પણ સાફ કરવા વિલંબ કરતા નથી. તેનું કારણ એ છે કે, તે મેલા કપડાં તમોને પસંદ, રૂચિકર થતા નથી. તો પછી તે મલીનતાના જ્ઞાતા, અને દ્રષ્ટા એવા આત્માની મલીનતા કેમ ગમતી હશે ? પસંદ પડવી જોઇએ નહિ.

એક યુવાનની માફક—એક યુવાનને મળેલા અનુકુલ પરિવાર ઉપર અતીવ પ્રેમ હતો. પરિવાર પણ યુવાન ઉપર ઘણી પ્રીતિ રાખતો. સહજ માથુ દુઃખવા આવે ત્યારે ઘણો વલોપાત કરવા પૂર્વક કહેવામાં બાકી રાખતો નહિ કે, ભાઇ ! તારૂ મસ્તક દુઃખે છે. તેથી અમોને ઘણો સંતાપ થાય છે. તારા બદલે અમારૂ મસ્તક દુઃખે તો બહુ સારૂ. પુત્ર, પત્ની, માતાપિતા તથા અન્ય સગાં-વહાલાંની સંભાળ રાખવાની તે ચિન્તા કરતો હોય છે ત્યારે પરિવાર કહે છે કે, તમે ચિન્તાતુર બનો નહિ. તમારી ચિન્તાથી અમો હૈયામાં બળી મરીએ છીએ. આ મુજબ પુનઃ પુનઃ કહેતા હોવાથી યુવાનને ઘણો પ્રેમ થાય છે. અને મનમાં માને છે કે, સહજ ચિન્તા થતાં અગર કષ્ટ

પડતાં પત્ની, માતાપિતા અડધા અડધા થઇ જાય છે. આ પ્રેમ અજબ છે. આવી પ્રીતિ અન્ય કુટુંબમાં દેખવામાં આવતી નથી. માટે આ સઘળો પરિવાર દુઃખમાં, અસહ્ય વેદનામાં ભાગ પડાવશે. તેથી પીડાઓ ઓછી થશે. આમ ધારણા રાખી અધિકાધિક સાર સંભાર કરવામાં યુવાન ખામી રાખતો નથી. પણ મમત્વના યોગે પ્રેમને ધારણ કરનાર આ ભાઈ સાહેબને ખબર નથી કે, આ સઘળો પરિવાર ફક્ત આશ્વાસન આપી રહેલ છે. પણ કષ્ટમાં કે પીડા થતી હોય ત્યારે લેશ માત્ર તે દુઃખની ભાગીદારી કરતા નથી. આ વસ્તુ તો પોતે સાક્ષાત્ અનુભવે છે. છતાં મોહમાયાના બંધનના યોગે તેના આત્માની સાર, સંભાળ રાખતો નથી. કયા કારણે આધિ, વ્યાધિ વિડંબના વિગેરે આવીને વળગે છે તેની તે ભાઈને માલુમ નથી. કે, આઠેય કર્મોના વળગાડથી આ સઘળી પીડાઓ, ચિન્તાઓ ઉપસ્થિત થાય છે. તે કર્મોને હઠાવવા યુવાનીમાં પ્રયાસ કરૂં. આત્મિક ગુણોમાં પ્રેમ રાખું. "આત્મિક ગુણોમાં પ્રીતિ રાખવાથી આધિ, વ્યાધિ વિગેરે દૂર ભાગે છે અને અનન્ય પ્રકાશનો પ્રગટ ભાવ થાય છે." આવા વિચારો આ મમત્વવાળાને આવે ક્યાંથી? તે તો પરિવારના પોષણમાં પ્રયત્ન કરી રહેલ છે અને ચિન્તાઓ પણ કર્યા કરે છે. એક દિવસે ઉપાશ્રયે આવેલ એવા તેને ગુરૂદેવે કહ્યું કે, અરે ભલા? પ્રત્યાખ્યાન, વ્યાખ્યાન વિગેરે માટે કેમ આવતો નથી. તેણે કહ્યું. પુત્ર, પત્ની, માતાપિતા વિગેરે સ્વજન વર્ગનો મારા ઉપર ઘણો પ્રેમ છે. સહજ

ચિન્તાતુર બનતા પણ તેઓ અતીવ કષ્ટ અનુભવે છે. દુઃખી થાય છે. એટલે તેમના પાલન પોષણમાં હું આસક્ત થયેલ હોવાથી આવી શકાતું નથી. ગુરૂદેવે કહ્યું કે, તને દુઃખ થતાં તેઓ દુઃખી થાય છે. પણ ભાગ પડાવતા તો નથી ને ? તેઓ દુઃખી થાય છે તે સ્નેહરાગને લઈને ? માટે તારે પાલન પોષણ કરવું. પણ ધર્મની આરાધના ભૂલવી નહિ. પ્રત્યાખ્યાન કરવા તથા વ્યાખ્યાન સંભાળવા પણ તારે ઉપાશ્રયે આવવું જોઈએ. તે ભાઈએ કહ્યું કે, સ્નેહરાગાદિકથી આવી શકાતું નથી. ગુરૂમહારાજે કહ્યું કે, તે રાગ પણ જ્યાંસુધી તું પાલન પોષણ કરે છે ત્યાંસુધી જાણવો. અને પોતાના પ્રાણો ઉપર જ્યારે વાત આવશે ત્યારે ખસી જતાં વિલંબ કરશે નહિ. યુવાને કહ્યું કે, મરણ વખતે પણ તેઓ પ્રાણો આપવા તૈયાર છે. માટે કેવી રીતે રાગ મૂકી શકાય ? અલ્યા ! આ તને ભ્રમણાં થઈ છે ના ! સાચી બીના છે. ઘણી વખતે ચિન્તાતુર બનતા, અગર વ્યાધિ આવતાં તેઓ કહે છે કે, અમોને વ્યાધિ થાય તો બહુ સારૂ ? ઠીક છે. આ સઘળુ બોલવામાં છે. તારે સ્નેહરાગાદિકની પરીક્ષા કરવી હોય તો તને પ્રાણાયામનો અભ્યાસ કરાવું. આ મુજબ ગુરૂદેવે કહ્યા પછી પ્રાણાયામનો સારી રીતે અભ્યાસ કરી મસ્તકે બેત્રણ કલાક પ્રાણોને સ્થિર કરવા લાગ્યો: ત્યારે ગુરૂદેવે કહ્યું કે, ઘરમાં વ્યાધિનું બહાનું કાઢી, પથારીમાં સુઈને મસ્તકે પ્રાણો સ્થિર કરજે. પછી કેવી બીના બને છે તે ખ્યાલમાં રાખજે. આ પ્રમાણે ઘરમાં પ્રાણાયામ વડે પ્રાણો મસ્તકે સ્થિર કરીને તે સુઈ ગયો. તેથી પરિવાર આવીને પુછે છે કે ભાઈ ? તને

શું થાય છે! જવાબ ન મળવાથી તેઓ ચિન્તાતુર બન્યા. ઉપચારો કરવા લાગ્યા. પણ તે બોલતો ન હોવાથી મરણ પામ્યાની ભ્રાન્તિ થઈ. તેથી રડારોડ કરવા લાગ્યા. તે અરસામાં ગુરૂદેવે આવીને કહ્યું કે, તમે કેમ રડારોડ કરો છો! જુઓને મહારાજ ? બોલાવ્યો બોલતો નથી. શ્વાસોશ્વાસ પણ ચાલતા નથી. તમો કોઈ ઉપચાર કરો તો બહુ સારૂ. ગુરૂદેવે ઉના પાણીથી ભરેલો પ્યાલો મંગાવીને કહ્યું કે, મારા મંત્રના પ્રભાવે જીવતો થશે. પણ પાણી તેના શરીર ઉપર ફેરવી આ પ્યાલાનુ પાણી જેને પીવા આપુ તેનું મરણ થાય ? બોલો કોણ પીવાને તૈયાર છે! મરણના ભયથી સગાંવહાલાં કંઈ કંઈ બહાના કાઢવા લાગ્યા. વૃદ્ધ માતાને કહ્યું કે, તમારે કાઢ્યા એટલા કાઢવાના નથી. બહુ બહુ તો બે ત્રણ વર્ષના મહેમાન છો. માટે તમો આ મંત્રેલો પ્યાલો પી જાઓ તો તમારો પ્યારો પુત્ર જીવતો થાય. વૃદ્ધ માતા કાલાવાલા કરવા પૂર્વક કહેવા લાગ્યા કે તમે કહ્યું તે ઘણું સારૂ છે. પણ ત્યાંસુધી આ વૃદ્ધની સાર–સંભાળ કોણ રાખે! વધારે વર્ષો જીવાય તો આ વૃદ્ધની બેહાલ દશા થાય. માટે તેના પિતાને પીવરાવો. પિતાએ કહ્યું કે, હવે તો ધર્મની આરાધના કરવાનો વખત આવ્યો છે. યુવાનીમાં આરાધના બની શકી નથી. માટે તેની પત્નીને આપો. તે પુનઃ પુનઃ કહે છે કે, જો તેવો વખત આવે તો પ્રાણોને પણ જતાં કરૂ. આ મુજબ તેની પત્નીએ કહ્યું. અને સાથે કહ્યું કે, મારા ખોળામાં ધાવણું બાળક છે. માતા વિના આ બાળક કેવી રીતે જીવી શકે! મરણ પામે તો વંશવેલો રહે

નહિ. આ મુજબ માતાપિતા પત્ની વિગેરે જે બોલી રહ્યા છે તે સઘળુ આ ભાઇ સાંભળી રહ્યા છે. અને વિચાર કરે છે કે, જગતમાં કોઈ કોઈનું છે જ નહિ. હું રાગને લઇ ભ્રમણાની ભૂલમાં અટવાયો. અને ધર્મની આરાધના કરવાની હતી તેનો ત્યાગ કર્યો. હવેથી વ્યવહારથી સગાંવહાલાંની સાર–સંભાળ કરવી. પણ ધર્મની આરાધનાનો ત્યાગ કરવો નહિ જ. આ મુજબ નિર્ણય કર્યો. પછી ગુરૂદેવે તેના નિકટના માતાપિતા, પત્ની વિગેરેને કહ્યું કે, તમે મંત્રેલો પાણીનો પ્યાલો પીતા નથી, તો હું પી જાઉં, અને તમારા પુત્રને સજીવન કરૂ ? અહો તમારા જેવા સમર્થનું આ કામ છે. અમો તો ભયભીત બન્યા. કમે કદાચ મરણ પામશો તો સ્વર્ગે જશો. અહિ પણ તમોને સુખશાંતિ છે. ત્યાં સ્વર્ગમાં પણ સુખશાતા રહેવાની જ. માટે તમો જ પાન કરો. દેખો તો ખરા. દુનિયા બીજાના પ્રાણોના ભોગે પોતાના પ્રાણોનો બચાવ કરીને સુખ સાહ્યબીમાં જીવન ગુજારવા દરરોજ રાચીમાચી રહેલ હોય છે. “ગુરૂદેવને તો, તે યુવાનને રાગ કેટલો છે! અને ક્યાં સુધી રહે છે. તે બતાવવાનું જ હતું. તેથી મંત્રેલો પ્યાલો પોતે પીને તે યુવાનને કહ્યું કે, હવે ઉભો થા, આ સગાંવહાલા બરાબરીનો ખેલ આવ્યો ત્યારે ખસી ગયા. હવે તારૂ કોણ ? આત્મા સિવાય તારૂ અન્ય કોઇ જગતમાં છે નહિ. માટે આત્મકલ્યાણ સધાય તે મુજબ આચરણા કરવી તે આવશ્યક છે. આ મુજબ ઉપદેશ આપી મહારાજ ઉપાશ્રયે પધાર્યા. યુવાનની પણ ભ્રમણા ભાગી. અને

જલમાં કમલ રહે તે મુજબ માયા, મમત્વ, આસક્તિનો ત્યાગ કરી વ્યાવહારિક કાર્યોમાં નિર્લેપ રહીને આત્મકલ્યાણ સાધવામાં તૈયાર થયો. વ્યવહારના કાર્યો કરે છે પણ પ્રત્યાખ્યાન, વ્રત, નિયમ, દાન, શીયળ, તપ, શુભ ભાવનાઓ ભૂલતો નથી. તેથી કર્મોનું દબાણ અલ્પ થતું ગયું. સાથે જે મલીનતા રાગની હતી તે પણ ઓછી થઈ. તેથી આત્મ-વિકાસમાં આગળ વધી આનંદનો અનુભવ તેને આવ્યા કરે છે. કદાચ પૂર્વ કર્મની વાસનાના યોગે મલીનતા આવે તો તેણીને આત્મજ્ઞાનના યોગે દૂર ખસેડી મૂકે છે. માટે અરે મનુષ્યો ? સુરૂગમને મેળવી સર્વ સંયોગે મળેલી વસ્તુઓથી ન્યારા એવા આત્માને ઓળખી તેને નિર્મલ કરવા તૈયાર થાઓ. આત્મા પાંચ ઈન્દ્રિયો તથા મનથી પરખાશે નહિ. કારણ કે તે અલખ અને અગોચર છે. જે તમો નિરખો છો તે બાહ્ય પદાર્થો છે. આત્મા નથી. તે તો સ્થિરતાના યોગે જ પરખાય છે. જ્યાંસુધી ઈન્દ્રિયોની તથા મનની ચપલતા છે અને તે સંયોગ સંબંધે મળેલા પદાર્થોમાં એકાંતે સુખની ઇચ્છા અને આશા છે ત્યાંસુધી, અનુભવ ગમ્ય આત્માની ખબર ક્યાંથી પડે ? દુન્યવી પદાર્થો તથા કરેલા સત્યકાર્યો પણ સ્થિરતા સિવાય યાદીમાં આવતા નથી. તો અનાદિકાલથી તન, મન, અને વચન દ્વારા બંધાએલ કર્મોના દબાણથી, તિરોભાવે રહેલા આત્માનો અનુભવ ક્યાંથી ઉપલબ્ધ થાય ? જ્યારે સ્થિરતાના યોગે તે દબાણને દૂર કરવા બલ ફેરવશો ત્યારે જ તે દબાણ દૂર થતાં અનુભવ આવતો રહેશે. તે

માટે સદ્‌ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, જગતના પદાર્થો ઉપરથી પ્રેમને હઠાવી આત્મામાં પ્રીતિને યોજો. બુદ્ધિનાસાગર, કેવલજ્ઞાની એવો આત્મા, અને વીતરાગ જીનેશ્વર મને અતીવ પ્યારા છે. અને હોવા જોઈએ. ગમે-તેવા પદાર્થોના સંયોગે અનુકુલતા પ્રાપ્ત થએલ હોય તો પણ, ચંચલતા અને એકાન્તતા દૂર ભાગતી નથી. તેથી માનસિક વૃત્તિઓ સારી દુનિયામાં દોડ્યા કરે છે. તેથી આત્મજ્ઞાન, તેના પ્રકાશ અને શક્તિનો પ્રગટ ભાવ થતો નથી. તેથી વૈરાગ્ય, સંવેગ અને પ્રશમયોગે, શ્રી કૌશાંબી નગરના મહીપાલના પુત્ર સર્વ વિરતિ સંયમની આરાધ-નામાં પરાયણ બની, વિહાર કરતાં રાજગૃહી નગરીના ઉદ્યાનમાં કાયોત્સર્ગે--એટલે તન, મન અને ધન-રાજ્યના સંકલ્પ વિકલ્પોને દૂર કરવા માટે ધ્યાનમાં રહેલા છે. તે અરસામાં શ્રી શ્રેણિક નરેશ્વર રાજવાડી-સહેલગાહે નીકળ્યા છે. ધ્યાનમાં રહેલા તે મુનિવર્યને તેમણે પુછ્યું કે, અરે મહામુનિ ? યુવાનીમાં સંયમની આરાધનામાં કેમ તત્પર બન્યા છો ! શરીર તેજસ્વી તથા બલવાન્ છે. આ અવસ્થામાં તો ભોગવિલાસો કરવા જોઇએ. તેના બદલે તેઓનો ત્યાગ કરી કઠીન સંયમ કેમ આદર્યો છે ? મુનીશ્વરે કહ્યું કે, મારો કોઇ નાથ, યોગ-ક્ષેમ કરનાર નહોતો. તેથી જ સર્વ વિરતિરૂપ સંયમની આરાધ-નામાં પરાયણ બન્યો છું. નરેન્દ્રે કહ્યું કે, તમારો નાથ કોઇ હોય નહિ તો હું યોગ-ક્ષેમ કરનાર નાથ બનું ? અને જે જે સાધનોની જરૂર હોય તે તે હાજર કરૂં. બોલો શી ઇચ્છા

છે ? મુનિમહારાજે કહ્યું કે, અરે નૃપતિ તમે પણ અનાથ છો. જે અનાથ હોય તે નાથ કેવી રીતે બની શકે ? તમારી પાસે સામ્રાજ્ય છે. તેનું રીતસર પાલન કરો છો. અને ભોગ વિલાસોમાં મહાલ્યા કરો છો પણ મન, તનાદિકની ચંચલતા તો દૂર ભાગી છે! સ્થિરતા આવી છે ? કહો નહી જ. જ્યાંસુધિ સ્થિરતા આવે નહિ ત્યાંસુધી અનાથ જ કહેવાય. નાથ ક્યારે બનાય કે, સ્થિરતાના યોગે મોહમમતા રાગ–દ્વેષની જંજાલ ખસે અને આત્માના ગુણોમાં લયલીન બનાય. ત્યારે પોતે પોતાનો નાથ બનવા સમર્થ થાય. શ્રેણિક મહારાજે કહ્યુ કે, એવી સ્થિરતા મને મળી નથી. તો તમે પણ અનાથ જ છો. તેથી તમે કેવી રીતે નાથ બનશો ? નહિ બનો. મુનિવર્યે કહ્યુ કે, તમે જે જે સાધન સામગ્રી હાજર કરવાની ઈચ્છા દર્શાવો છો. તે સઘળી સાધન સામગ્રી મારી પાસે હાજર હતી. કૌશાંબી નગરીના નરેશ, મહીપાલ મારા પિતાજી થાય છે. જે જે ઈચ્છા મુજબ હું માગણી કરૂ તે તે હાજર કરતા. કોઈ બાબતની ખામી રાખતા નહિ. માતાજીનો સ્નેહરાગ ઘણો હતો. ઘરમાં ગોરી, પત્ની ગુણીયલ હતી. નોકર ચાકર, છીંક ખાતાં ખમાખમા કહેતા. પાણી માગતા સ્વજન વર્ગ દુધ હાજર કરતાં. કોઈ બાબતમાં ખામી હતી નહિ. પણ માનસિક ચંચલતાના યોગે સુખશાતા રહેતી નહોતી. સ્વજન વર્ગ સુખશાતા રહે તે માટે ઘણી તકેદારી રાખતા. તેથી હું એવુ માનતો કે હવે મને ક્યારે પણ વ્યાધિ નડશે નહિ. પરંતુ એક વખત એવું બન્યું કે, ચક્ષુઓમાં વ્યાધિ થવાથી અતિશય પીડા થવા લાગી.

તેથી ખાવા પીવાનું પણ પસંદ પડતું નહોતું. તેમજ કોઇ સુખશાતા પુછે તો પણ ખીજવાઇ જતો. જો કે માતપિતાએ ઘણા ઉપચારો કર્યા. છતાં તે પીડા ગઈ નહિ. તેમજ કોઇ પણ સ્વજન વર્ગે પીડાનો ભાગ પડાવ્યો નહિ. કારમી પીડા એકલા મેં પોતે સહન કરી. તેથી નિર્ણય કર્યો કે, દુઃખ આવે છતે કોઇ પણ ભાગ પડાવતું નથી. માટે આ જે પીડા, દુઃખાદિ આવીને ઉપસ્થિત થાય છે તેનું મૂલ કારણ તો કર્મો જ છે. માટે તે કર્મોને ટાળવા પ્રયત્ન કરવો જરૂરી છે. તે કર્મો, સંયમની રીતસર આરાધન કર્યા સિવાય ખસે એમ નથી. આ મુજબ વિચાર કરવા પૂર્વક નિર્ણય કર્યો કે, આ પીડા જો નષ્ટ થાય તો બીજે દિવસે સઘળી માયા, મમતાનો ત્યાગ કરી સંયમમાં તત્પર બનું. આવી સુંદર ભાવના અને વિચારણાના યોગે પીડા શાંત થઈ. તેથી બીજે દિવસે સદ્ગુરૂ પાસે ગમન કરી દીક્ષા લીધી. જો કે માત, પિતાનો ઘરમાં રાખવાનો ઘણો આગ્રહ હતો. પણ ગૃહસ્થ-પણામાં કર્મોને ટાળવા હું ક્યાંથી સમર્થ બનીશ! સમર્થ બની શકીશ નહિ. તેથી હે શ્રેણિક મહારાજા ? સદ્ગુરૂ પાસે સમ્યગ્ જ્ઞાન મેળવી સંયમની આરાધના કરૂ છું. આ મુજબ શ્રવણ કરી નૃપતિ અતિ હર્ષાતુર બની, નમન-વંદન કરીને પાછા ગયા. અને મનમાં સમજ્યા કે, આટલી સાહ્યબી, વૈભવ હોતે પણ હું અનાથ છું. કારણ કે સંયમની સારી રીતે આરાધના કરવા પૂર્વક, આત્મિક ગુણોને મેળવ્યા નહિ. તથા આત્માને ઓળખ્યો પણ નહિ. તેથી આધિ, વ્યાધિ અને

વિડંબનાઓ ટળવાની જ નહિ. જ્યારે આત્માની ઓળખાણના યોગે અહંત્વ, મમત્વ વિગેરેની મલીનતા ખસશે ત્યારે સત્ય સુખશાતા સ્વયમેવ આવીને હાજર થશે. "સદ્ગુરૂ પણ ફરમાવે છે કે," અનાથી મુનિરાજની માફક સર્વ જંજાળનો ત્યાગ કરી, સંયમની રીતસર આરાધના કરી, આત્માને ઓળખશો ત્યારે જ તમારી ફુલાઈ સફલ થશે. અન્યથા દેડકાની માફક મહા અનર્થકારી બનશે. માટે અમોને આત્મા પ્યારો છે તેમ તમે પણ આત્મામાં પ્યાર રાખી, દુન્યવી વસ્તુઓ મળતાં ફુલાઓ નહિ. અને આત્મજ્ઞાન મેળવી કર્મોના કાટને કાઢવા તત્પર બનો. જેથી જન્મ, જરા અને મરણની અસહ્ય પીડાઓ રહેશે નહિ.

આ પ્રમાણેના ઉપદેશને નહિ માનતા મનુષ્યોને ઉપાલંભ આપતાં પુનઃ સદ્ગુરૂ ૧૯ મા પદથી કહે છે કે,

**પરખીને લેજો નાણું રે, આ આવ્યું ઉત્તમ ટાણું,**
**ટેં ટેં કરતા તુરત વારમાં, આવે જમનું આણું રે.**
**પરખી૦ ॥૧॥**

**હું હું કરીને હસતાં આવ્યું, પરભવનું પસ્તાનું રે,**
**ફુલણ ફાંફાં મારે શું તું, પડતું રહેશે ભાણુ રે.**
**પરખી૦ ॥૨॥**

**શું મસ્તાનો થઇને મહાલે, ચાલ્યા લાખ નવાણું રે,**
**મોહ માયાના વશમાં પડતાં, પડયું ઝાઝમાં કાણું રે.**
**પરખી૦ ॥૩॥**

માથે કાલ ઝપાટો વાગે, ઉંઘણ શું ઉંઘાણું રે,
થાતાં એહી આળસનો તું, નર્કનું પામે લ્હાણું રે.
પરખી૦ ॥૪॥
પ્રભુને પ્રેમે કદિ ન ભજતાં, દુઃખ વાદળ પથરાણું રે,
જન્મ જરાના દુઃખડાં ટાળે; તો તને જોગી જાણું રે.
પરખી૦ ॥૫॥
હા હા કરતા વર્ષો ગાળે, આત્મિક ધન ભૂલાણું રે,
બુદ્ધિસાગર ચેતો ચેતન, અન્તર ગાનો ગાણું રે.
પરખી૦ ॥૬॥

સદ્ગુરૂ મહારાજ કહે છે કે, અનંતભવોમાં નહિ મળેલ એવો અવસર, ટાણું આ ભવમાં પ્રાપ્ત થએલ છે. નિરોગી શરીર, આર્યક્ષેત્ર, આત્મિક વિકાસના સાધનોને અર્પણ કરનાર ધાર્મિક માતાપિતા, તથા સુદેવ, સુગુરૂ વિગેરે પ્રાપ્ત થએલ છે. જો કે મનુષ્યભવ, અનંતભવો પૈકીના ભવોમાં મળેલ હશે. દુન્યવી સાધન સામગ્રી મળી હશે, શરીરે આરોગ્ય મળ્યું હશે, તે દ્વારા મોજમજા કરતા હશો. તેથી તમારી ચિન્તા કેટલી નાશ પામી ! તે તો કહો ? સાંસારિક સાધન સંપન્નતાથી કદાપિ ચિન્તાઓ ટળતી નથી. પણ વધે છે. આ ભવમાં પણ કેટલી ચિન્તા અગર વ્યાધિ, વિપત્તિ દૂર થઈ. તે તો તમો જાણો છો. અને તમો આધિ, વ્યાધિ, ઉપાધિની વિડંબનાઓને દૂર ખસેડવા ઈચ્છા રાખ્યા કરો છો. તે ઈચ્છિત દુન્યવી સાધનોથી ખસશે નહિ માટે સદ્ગુરૂ કહે

છે કે, આ ઉત્તમ અવસર મળ્યો છે. અને આધિ, વ્યાધિ વિગેરેને દૂર કરવાના સાધનો પુણ્યયોગે પ્રાપ્ત થયા છે. માટે સત્ય નાણું કહેતાં ધન પ્રાપ્ત થાય તેમજ સમ્યગ્ જ્ઞાનપૂર્વક ચારિત્ર પણ પ્રાપ્ત થાય, એવા નાણાને બરોબર પરખી સંગ્રહ કરવા પૂર્વક, સંરક્ષણ કરવા ચિત્તવૃત્તિઓને સ્થિર કરજો. તે વૃત્તિઓ સ્થિર હશે તો જ તે સમ્યગ્ જ્ઞાન, ચારિત્ર રૂપી નાણું સચવાશે. સાંસારિક વિલાસો કરવા માટે નાણું, ધનાદિકને ભેગું કરશો તો વિવિધ વિડંબના ઉભી થવાની જ. તેથી તે વિડંબનાના યોગે તમે ધારો છો તેવી સુખશાતા રહેશે નહિ. પરંતુ અનેક અથડામણ થવાની જ. તમે કહેશો કે ધનાદિક દ્વારા ભોગોપભોગની ચિન્તા, સંતાપ વિગેરે રહેશે નહિ. આ વાત ઠીક છે. પરંતુ તે દ્વારા અજ્ઞાનતા ટળતી નથી. તેથી મોહમાયાની આસક્તિ દૂર ખસતી નથી. તેથી પાછી ચિન્તા વિગેરેની વિડંબના વળગવાની જ. કહો ? તમોએ કેટલી આધિ, વ્યાધિને ખસેડી ? તમે કહેશો કે, તે તો ખસી જ નથી. તો પછી હવે કેટલા ભવો સુધી ચિન્તા, સંતાપ, વ્યાધિ વિગેરેની હોળીમાં બળવું છે ! તેનો અંત આવવાનો જ નથી. માટે ધનાદિક નાણાને ગૌણ કરવા પૂર્વક સત્ય નાણું પરખી લો. અને તેનું રક્ષણ કરવા શક્ય તેટલું સંયમમાં ચિત્તને ચોંટાડો. એટલે ધનાદિક પ્રાપ્ત કરવામાં ક્રોધ, માન, માયા અને લોભ તમને બહુ સતાવશે નહિ. અત એવ સત્ય નાણાને મેળવવાની વૃત્તિ જાગ્રત થશે. " એક, ધનાદિકની આસક્તિવાળાએ પેટે પાટા બાંધી, ક્ષુધા, તરસને

સહન કરી ઘણી સોનામહોરો મેળવી. તેને દરરોજ જોયા કરતો ને રાજી રાજી થતો. અને માનતો કે આ સાચું નાણું છે. સંકટ, વિપત્તિ વેળાએ ખપમાં આવશે. આમ ધારણા રાખી સાચવવા ખાતર ઘણી કોશીશ કરતો. એક દિવસ તે સોના-મહોરોને ગણી રહેલ છે તે વેળાએ એક મિત્ર તેને મલવા આવ્યો. તેણે નાણાને દેખી પચ્ચીશ સોનામહોરોની માગણી કરી. અને આજીજી પૂર્વક કહ્યું કે, અત્યારે મારે ઘણી ભીડ છે. માટે તેને હઠાવવા માટે આપો. થોડા વખતમાં ભરેલા માલનો ભાવ વધતાં તને પાછી આપીશ. તારા જેવો મિત્ર ભીડના વખતે સહારો નહિ આપે તો અન્ય કોણ આપશે ? આ મુજબ આજીજી કરી. પણ આ ભાઈ શેના સાંભળે ? ચોખ્ખી ' ના ' કહી. તેથી નિરાશ બની તે મિત્ર ચાલ્યો ગયો. એવામાં એક ધૂર્ત મિત્રે પોતાના ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણ સાંભળી ભાઇસાહેબ ખુશી ખુશી થઈ ગયા. અને વિચાર કરવા લાગ્યા કે, આજનું ભોજન ખર્ચ બચ્યું. આ સોનામહોરોની મમતાવાળાને કોઈનો વિશ્વાસ નહોતો. તેથી તે મહોરોને બેગમાં ભરી તે બેગ સાથે લઈ ધૂર્ત મિત્રના ઘેર આવીને જમવા લાગ્યો. આ મિત્રે પણ સત્કાર, સન્માન વિગેરેમાં ખામી રાખી નહિ. જમવામાં ઘણો રસ પડવાથી બેગ ક્યાં મૂકી તેનું ભાન રહ્યું નહિ. પોતાની પાછળ મૂકેલી બેગને તે ધૂર્ત મિત્રે એવી સફાઈથી છીનવી લીધી કે, તેનો ખ્યાલ તેને રહ્યો નહિ. સારી રીતે જમી રહ્યા પછી બેગને તપાસે છે. પણ ક્યાંથી

હાથમાં આવે ! સાથે લાવેલ બેગ કોણ લઇ ગયું ? આ મુજબ બોલતાં ધૂર્ત કહેવા લાગ્યો કે, અહિંથી કોણ લઈ જાય ! તમે સાથે લાવ્યા જ નહિ હો. તમને સાથે લાવ્યાની ભ્રમણા થઈ છે. અગર રસવતીમાં ઘણો આનંદ પડવાથી ભૂલી ગયા લાગો છો. આ પ્રમાણે સાંભળી ભાઇસાહેબ વીલા મુખે પોતાના ઘેર ગયા. અને પરિતાપ કરવા લાગ્યા. આ ધૂર્તને ઘેર જમવા ગયો ન હોત તો સારૂ થાત. હવે તેને અધિક કહી શકાય એમ નથી. વધારે કહીશું તો અવળો બાઝશે. અરેરે પેલા મિત્રને માગ્યા મુજબ સહારો આપી શક્યો નહિ. તેમજ લોભને લઇ સન્માર્ગે વાપરી શકાયું નહિ. હવે પછી પ્રાપ્ત થએલ પૈસા પરથી આસક્તિનો ત્યાગ કરી, આત્મહિત સધાય તેમ જરૂર કરવું જોઈએ. અને કરીશ. જેથી સાચું નાણું મળે તો, તે નાણાને કોઇપણ છીનવી લેવા સમર્થ બનશે નહિ. આ પ્રમાણે સમજણના ઘરમાં આવી આત્મકલ્યાણના માર્ગે મુસાફર બન્યો. અને સત્ય જ્ઞાન મેળવી સુખી થયો. ત્યારે કેટલાક મુગ્ધ માણસો ઈષ્ટ વસ્તુઓનો વિયોગ થતાં અગર કોઇ માણસ તેઓને છીનવી અગર બળજબરીથી લઈ જતાં ગુરૂદેવ કહે છે કે, જીવન પર્યંત " ટેં ટેં ટેં કરવા લાગે છે એટલે સંતાપ, પરિતાપાદિ કરવા લાગે છે. પણ યમરાજાની નોટીસ આવે તો જાગતો પણ નથી. દાંત સઘળા પડી ગયા હોય, આંખે દેખાતું હોય નહિ. શરીર અસક્ત બન્યું હોય અને લાકડીના ટેકે ઉભું થવાતું હોય તો પણ ટેં ટેં ટેં મુકતો નથી. વલોપાતાદિકનો ત્યાગ

કરી આત્મહિત સાધતો નથી. એટલામાં આયુષ્ય ખતમ થયુ. અને પરલોકે સિધાવ્યા. કહો શું લઈ ગયા? કરેલા વિકલ્પોની વાસના સાથે ગઈ. વળી કેટલાક, શરીરે બલવાન્ હોય, સ્વજનવર્ગ વિગેરે અનુકુલ હોય, તેમજ સારી રીતે આવકના યોગે વિલાસો કરતા હોય, ત્યારે મદઘેલા બની પોતાનાથી ઉતરતા દરજ્જાના માણસોની હાંસી કરતા હોય છે. પણ જ્યારે તેઓની પાસે કોઇ મદદની માગણી કરવા આવે ત્યારે હું હું હું કરવા પૂર્વક તોછડા વચનો કહી ઉપેક્ષા કરતા હોય છે. અને હાંસી કરવામાં ખામી રાખતા નથી. પણ પરભવનું પસ્તાનું થતા ચેતતા નથી. જીવનપર્યંત હાંસી કરવામાં બાકી રાખી નથી. હવે પરભવમાં પ્રયાણ કરવાની તૈયારી થઈ છે. માટે લાવ, કાંઇક પણ શુભ કાર્ય, કરી સાથે લઇ જઉં. એવી ભાવના પણ થતી નથી. આવા મનુષ્યોના વિચારો પણ સારા ક્યાંથી હોય?

એક શ્રીમંત, લક્ષ્મીના ઘેનમાં કોઇ માણસ સારા કામ માટે ધનની માગણી કરવા લાગે કે, દુઃખી દીનનો ઉદ્ધાર કરવા રૂપિયાની મદદ કરો. એમ કહે ત્યારે તેની હાંસી કરતા કહેતો કે, તમારી પાસે કયાં ઓછું છે કે, મારી પાસે માગણી કરવા આવેલ છો. વાહ વાહ, પોતાના પૈસાનું રક્ષણ કરવું છે. અને આવા સારા કામ માટે બીજા પાસે માગણી કરવી છે. તમે કેવા કલાબાજ છો! આવેલ કહે છે કે, અમારી સંપત્તિ મુજબ પૈસા ભરાવ્યા છે. પણ આટલાથી ઉદ્ધારનું કામ બની શકે નહિ. તેથી તમોને શ્રીમાન્ જાણી તમારી પાસે

આવવું પડયું છે. થોડા પૈસા, રૂપિયાથી કામ સરતું હોય તો બીજે કોણ માગણી કરે ? માટે હાંસીને મુકી તમારી શક્તિ પ્રમાણે ટીપમાં ભરાવો. લીધા વિના અહિંથી જઇશ નહિ. ભલે પછી ગમે તેમ બોલો! આ ધનાઢયે જાણ્યું કે, હવે આ લપ જવાનું નથી. માટે બહાર સારૂં દેખાય તે મુજબ યુક્તિ કરવી. અરે ભાઇ આવતી કાલે આવજો. તમોને રાજી રાજી કરીશ. બીજે દીવસે આ પરગજુ ભાઈ આવ્યો ત્યારે કહ્યું કે, અમોએ કેળવેલી અને કુશળ બીલાડી તમોને આપવામાં આવે છે. તેને વેચવાથી જે રૂપિયા આવે તે ટીપમાં લખજો. આ બીલાડીને દેખી ઉંદર નાસી જાય છે. ઉંદર વસ્રો કાપી શકતા નથી. ખોરાકી પણ ઓછી ખાય છે. માટે લેનારા ઘણા રૂપિયા આપીને જરૂર લઇ જશે. મનમાં ઓછું લાવશો નહિ. આ મુજબ સાંભળીને સ્વયંસેવકે કહ્યું કે, શ્રીમાન્ શેઠ! હવે વૃદ્ધાવસ્થા આવી છે. પરભવમાં પ્રયાણ કરવાની તૈયારીમાં છો. આવી હાંસી કરતા કરતા મરણ તમોને મુક્ત કરવાનું નથી. માટે કાંઈ ભરાવો. શેઠે કહ્યું કે, હજાર રૂપિયા ટીપમાં લખાવું. ભરાવેલા રૂપિયાને દેખી બીજા પૈસાદારો ટીપમાં ઘણી સારી રકમ ભરાવે. પણ ટીપમા જે લખેલ છે તે મુજબ દેવાના નહિ. સમજ્યા ? આ સ્વયંસેવક નિરાશ બનીને પાછો ગયો. અને મનમાં સમજ્યો કે, શેઠને ધનમાં ઘણી આસક્તિ છે. તેથી બીજા પાસે જવું તે ઉચિત છે. ધનાઢ્ય શેઠ પણ મોહમમતા, અહંકારના સંસ્કારોને સાથે લઈ મોટે ગામ ગયા. કહો. શું ! એક વાલની

વીંટી પણ સાથે લઇ ગયા ? પુનઃ ગુરૂદેવ કહે છે કે, દુન્યવી સાધન સામગ્રી અનુકુલ મળેલ હોય છે. ત્યારે પાપ ભીરૂતાનો તેમજ ભવભીરૂતાનો ત્યાગ કરી, ગમે ત્યાં ગમન કરી કુલણ બનવા પૂર્વક સુખ ખાતર ફાંફાં મારે છે. કોઈની હિત શીખામણ માનતો નથી. અને ભોગ ઉપભોગના વિલાસોમાં મસ્તાન બનેલ છે. પણ ક્યારે ખાતાં ખાતાં અને રસવતીના સ્વાદમાં ભરેલ ભાણું પડતું રહે છે. અને રહેશે. તેની ખબર પડશે નહિ. અણચિન્તવ્યો કાળ, કોળીયો કરી જશે. માટે મસ્તાના થઈને મહાલો નહિ. તમારા જેવા વિલાસો કરતા લાખો, કરોડો, હર્ષઘેલાઓ, જમતાં જમતાં, હસતાં હસતાં, તાળીઓ દેતાં મરણ પામ્યા છે અને પામશે.

એક ધનાઢ્યને પુત્ર થયા પછી ચિન્તા વધી. તેથી સાધન સંપન્ન હોતે છતે પણ અધિક ધનની આશાએ લાખો રૂપિયાનું કરીઆણું વહાલા ઝાઝમાં ભરી દરિયા માર્ગે ગમન કરી રહેલ છે. મનમાં હર્ષનો પાર નથી. ઘણી કમાણી કરીને આવીશ તો પત્ની, પુત્રાદિક, સુખશાંતિમાં દિવસો ગુજારશે. અને ચિન્તા જેવું કાંઇ રહેશે નહિ અમે પણ સારી રીતે પ્રસિદ્ધ બનીશું. દરેક સમુદાય મારી સલાહ લેવા આવશે. અને દરેક સભાઓમાં પ્રમુખ તરીકે સ્થાપન થઈશ. આવી આવી આશાઓમાં રાચીમાચી રહેલ છે. તેવામાં ભરદરિયે ઉત્પાત જાગ્યો. વાયરો પણ તોફાને ચઢ્યો. ચઢી આવેલ વાદળામાંથી વિજળીઓની પણ ગર્જના થવા લાગી. વહાણ, વાયરાના ઝપાટાથી બે બે, ત્રણ ત્રણ, હાથ આકા-

શમાં ઉંચે ઉછળી નીચે પટકાવા લાગ્યું. તેવામાં વહાણ ખરાબે પટકાઈ પડવાથી ઝાઝમાં કાણું પડયું. અને કાણાં પડવાથી, પાણી ભરાએલ હોવાથી, ભરપૂર વસ્તુઓથી ભરેલ વહાણ દરિયાના તળે જઈ બેઠું. માલ તો ગયો. પણ જીવનનું જોખમ આવી લાગ્યું. અફસોસ, પરિતાપનો પાર રહ્યો નહિ. આયુષ્યનો બલીયો હોવાથી એક પાટીયું હાથમાં આવ્યું. સાગર તરીને કિનારે આવ્યો. પણ લાખો રૂપિયાનો માલ, દરિયામાં ડૂબી ગએલ હોવાથી હૈયામાં ઘણો આઘાત થયો. આશાઓની સાથે હૃદય બંધ પડવાથી ત્યાંજ મરણ પામી, હલકી ગતિનું ભાજન બન્યો. આ પ્રમાણે અનેક ધનાઢ્યોને પણ બને છે. વિવિધ પ્રકારે, કોઇની ઈચ્છા, આશા પૂર્ણ થતી નથી. માટે દરેક પ્રાણીઓને જુદા જુદા પ્રકારે મરણ શરણ થવું પડે છે. મરણ કોઈને પસંદ નથી. તેથી મરણનો ભય દરેકને હોય છે. ત્યારે સમ્યગ્જ્ઞાની કહે છે કે, મોહ મમતાની નિદ્રાનો ત્યાગ કરી જાગ્રત થાઓ. અને મૃત્યુની ભીતિ હોય તો જન્મધારણ કરવો પડે નહિ તે માટે અધિક પ્રયત્ન કરો. આત્મધર્મની પ્રાપ્તિ માટે પ્રયાસ કરશો તો થોડા ભવોમાં મરણનો ભય રહેશે નહિ. પરંતુ ધર્મની આરાધનામાં આળસુ, એદી બની ઉંઘ્યા કરશો અને સાંસારિક વિષય વિલાસો ખાતર મહારંભો કર્યા કરશો તો, નરકનું લહાણું લેશો. એટલે તે સ્થલે એક ઘડી પણ સુખશાતા પ્રાયઃ રહેશે નહિ. કદાચ પશુ, પંખી થશો અગર મનુષ્યભવ પામશો તો પણ દુઃખના, વિપત્તિઓના વાદળોથી ઘેરાવું

પડશે. માટે પ્રભુના ગુણો ગાવાના અભાવે, માયા અહંકારનું જોર વધવાનું જ. તેના યોગે પ્રભુની ભક્તિ, સેવા, અને આજ્ઞામાં ચિત્ત ચોટશે નહિ. માટે ચેતી આત્મધર્મમાં ચિત્તને ચોંટાડો. કે, જેથી વિપત્તિના વાદળો ખસી જાય. હવે વિપત્તિના વાદળોને દૂર કરવા માટે એક દુઃખ ગર્ભિત માણસે તપ તપવા માંડયું. કોઈ વખતે સૂર્ય સન્મુખ બની તેનો તાપ લીધા કરે છે. કોઇ વેળાએ પોતાની આગળ પાછળ પંચાગ્નિને સળગાવી તાપ લે છે. તેથી શરીર સૂકાય છે તો ખરૂં. પણ, વિષય કષાયનો રસ સુકાતો નથી તપ કરી રહ્યા પછી ભીક્ષા માગવા જતાં. જ્યારે કોઇ પોતાને અનુકુલ ભિક્ષા આપે નહિ, ત્યારે આ યોગીનો ક્રોધ ઉછળે છે. પણ ગૃહસ્થોને તે શું કરી શકે ? કોઇ વેલાએ અનુકુલ ભિક્ષા મળતાં આ યોગી હર્ષઘેલો બની, ભોજન કર્યા પછી ચલમમાં ગાંજો ભરી દમ લગાવે છે. આવી રીતે કરવાથી તમો કહો કે, વિપત્તિના વાદળો દૂર જાય કે, પાસે ને પાસે જ રહે ? આવા યોગીને ગુરૂદેવ કહે છે કે, આ મુજબ વર્તન કરતા દુઃખરૂપી વાદળ દૂર ખસશે નહિ. અને જન્મ, જરા અને મરણની વિપત્તિઓ દૂર ભાગશે નહિ. જો તમે જન્મ, જરા અને મરણની વિપત્તિઓને ટાળવા માટે સાચો સંયમ ગ્રહણ કરો તો, ખરા, સાચા યોગી માનું. તમો "હા હા" કરો છો. પણ આત્મિક ધન લૂંટાય છે તેનો ખ્યાલ છે ? આત્મિક ધન લૂંટાય તો આ તમારી તપસ્યા તથા યોગીપણું વૃથા જાય. માટે વ્યસન, ક્રોધાદિકનો ત્યાગ કરી સાચા સંયમની

આરાધના કરવા તૈયાર થાઓ. હા હા કરતાં ઘણા વર્ષો વ્યતીત થયા. પણ સત્ય યોગીપણું આવ્યુ નહિ. માટે યોગીપણાને સફલ કરવા હવે ક્યારે તૈયાર થશો ! સદ્ગુરૂ કહે છે કે, હે ચેતન ચેતીને અન્તરમાં આત્માનું ગાણું ગાઓ. કે, જેથી અહંકાર, મમતાના વિચારો અને વિકારો દૂર ભાગે. અને જે વિકલ્પો થતા હોય તે શાંત થાય. આવી અનંતી કમાણી કરવાની મોસમ પુનઃ પુનઃ પ્રાપ્ત થવી દુઃશક્ય છે. માટે આત્મહિત સાધવા લક્ષ દેવાની જરૂર છે. દુન્યવી સુખની આશામાં બંધાએલ પ્રાણીઓને, આશારૂપી બેડીથી તેઓ બંધાએલ હોવાથી, સ્વપ્ને પણ સુખ મળતું નથી. છતાં તે સુખ મેળવવા દરરોજ મથી રહ્યા છે. પરંતુ તેઓ વિષય કષાયનો ત્યાગ કરવા પૂર્વક, આત્માના ગુણોને રીતસર ઓળખી, તેમાં લીનતા, સ્થિરતા ધારણ કરે તો સુખની આશા પુરી થાય. અને તેની દુઃખની બેડી તૂટે.

એક રાજાની પાસે, નદીમાં તણાતા પાકા બીજોરાને ગ્રહણ કરી, કોઈ માણસે ભેટ તરીકે મુક્યુ. રાજાએ તે બીજોરાનું રૂપ અને સુગંધ જાણી આનંદ પૂર્વક સભામાં ખાવા માંડયું. ઘણી મીઠાશ આવવાથી અને તેના રસમાં આસક્ત બનવાથી સભામાં રહેલ સભ્યોને કહ્યું કે, દરરોજ આવું પક્વ બીજોરૂ તમે લાવી આપો. સભામાંના એક શાણાએ કહ્યું કે, આવા બીજોરાની વાડી છે. તે, યક્ષ અધિષ્ઠિત હોવાથી, કોઈ લેવા જાય ત્યારે તે મરણ પામે છે. માટે તે લાવવામાં મરણનું પૂરેપૂરૂ જોખમ છે. માટે

બીજોરાની વાત મુકી દો, પ્રજાજનોને મરણના જોખમમાં નાંખી સ્વાદ લેવો તે નૃપતિનું કર્તવ્ય નથી. પણ સ્વાદમાં આસક્ત બનેલ તે રાજા શેનો માને? બસ, મારી આજ્ઞા માની નગરમાંથી એક જણ હંમેશા તે ફળ લેવા જાય અને બીજોરૂ નદીમાં નાંખે. પછી અમો મંગાવી લઈશું. રાજાનો અતિ કદાગ્રહ હોવાથી પ્રજાજનોએ ચીઠ્ઠીઓ લખી એક ભાજનમાં નાંખી. જેનું નામ આવે તે લેવા જાય. આ મુજબ પ્રજાજનોએ નિર્ણય કર્યા બાદ, એક માણસ કે જેના નામની ચીઠ્ઠી નીકળેલ છે તે લેવા જાય છે. વાડીમાંથી એક બીજોરૂ લઈ નદીમાં નાંખે છે. તેજ વેળાએ યક્ષ તેને મારી નાંખે છે. રાજા સેવક દ્વારા નદીમાંથી તેને મંગાવી, ખાઈને ખુશી થાય છે. "સત્તાધારી, નિર્દય, રાજા વિગેરેને ભાન હોતું નથી કે, પ્રજાના, માણસના ભોગે પેટ ભરવું તે પાપ છે. તેથી પુણ્યનો માર્ગ ક્યાંથી સુઝે? સુઝે નહિ. આ મુજબ એક માણસના ભોગે રાજા પાપી પેટ ભરી ખુશી થાય છે. આ મુજબ ચાલતાં એક વ્રતધારીની ચીઠ્ઠી નીકળી. તે જવા તૈયાર થયો. તેણે વ્રતોની આરાધના કરી આત્મવિકાસ સાધેલ હોવાથી નિર્ભય બની, પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવા પૂર્વક સર્વ જીવોને ખમાવી, મોટા સ્વરે નવકાર ગણતા ગણતા વાડીમાં પ્રવેશ કર્યો. યક્ષે તે નવકાર મંત્ર સાંભળી, વિચાર કરતાં પ્રથમ ભવની યાદિ આવી. તેથી તે પસ્તાવો કરવા લાગ્યો કે, પ્રથમ ભવમાં સંયમની રીતસર આરાધના કરી નહિ. મોહ મમતામાં મસ્તાન બન્યો. તેથી યક્ષનો ભવ

પામી, તેવા સંસ્કારના યોગે દરરોજ બીજોરૂ લેવા આવે તેને મારી નાંખું છુ. આ હત્યાઓ કરી હલકી ગતિનું ભાજન બનીશ. સારૂ થયું કે, આ પુણ્યશાલીને અત્રે આવી નવકાર મંત્ર ગણતાં મેં સાંભળ્યો. આવો મંત્ર ગણનાર અત્રે કોઈ આવ્યું નહિ. જે આવ્યા તે પરિતાપ, સંતાપ, વલોપાત કરતાં આવ્યા. તેથી મને ભાન રહ્યું નહિ. આ ભાગ્યશાલી નિર્ભય બનવા પૂર્વક આવી નવકાર મંત્ર ગણે છે. અને આ મંત્રથી મેં જે સર્વ પાપો કરેલ છે તે નાશ પામશે. માટે હું પણ આ મંત્ર ગણું. અને તેના અર્થની વિચારણા કરૂ. વિચાર કરતાં તો સમજાય છે કે, આ નવકાર મંત્ર કોઈ પક્ષનો છે નહિ. ગમે તે માણસ તેને ગણી શકે છે. વિશ્વવ્યાપક છે. આ મુજબ વિચાર કરતાં પુણ્યયોગે શ્રદ્ધાએ આવી નિવાસ કર્યો. જીનદાસ શ્રાવકને તે યક્ષ કહે છે કે, આજ તમે મારા ગુરૂ છો. વારે વારે આ મંત્ર ગણતાં મેં સાંભળ્યો. અને પહેલા ભવની યાદિ આવી. અને ખ્યાલ આવ્યો કે, સર્વ પાપોને હઠાવનાર જો કોઈ હોય તો, સમ્યગ્જ્ઞાન પૂર્વક ગણેલ નવકારમંત્ર છે. તેથી તેનો જાપ કરવાથી આત્મ-વિકાસ સધાય છે. અને સઘળી ઈચ્છાઓ અને આશાઓ પૂર્ણ થાય છે. તમોએ આત્મોન્નતિ કરી. તેથી હું ઘણો ખુશી થએલ છુ. માટે તમે જે કહો તે અર્પણ કરવા તૈયાર છું. જીનદાસે કહ્યું કે, નવકારમંત્રના જાપથી જે જોઈએ તે પ્રાપ્ત થયું છે. પણ માંગણી એટલી છે કે, જે માણસ બીજારૂ લેવા તારી વાડીમાં આવે છે તેને મારી નાંખવો

નહિ. રસાસ્વાદમાં રાજાને ભાન રહેલ નથી. તેથી એક એક માણસને હંમેશાં મોકલે છે. અને તું મારી નાંખે છે. દેવ થઇને તેવી હત્યા કરવી તે યોગ્ય નથી. તમારે તો તેના ઉપર કરૂણા કરવી. અને બીજોરૂ લેવા દેવું. આટલી જ માગણી છે. પુણ્યશાલી તમારા જેવા તો જે માગે તે આપીને ખુશી થાય છે. અને પરોપકાર કરવા પૂર્વક પુન્ય બાંધે છે. તમે પણ કાંઇક પુણ્યયોગે યક્ષદેવ થયા છો. આ મુજબ સાંભળી યક્ષદેવે કહ્યું કે, હવેથી કોઈ આ વાડીમાં આવશે તેને મારી નાંખીશ નહિ. સુખેથી ફલ લઇ જાય, પરંતુ તમો કોઈ વખત અત્રે આવજો. આનંદ પડશે. અને મને અધિક સમ્યગ્જ્ઞાનનો લ્હાવો મળશે. વધારે શું કહું? લો! આ બીજોરાં તમે વાપરજો. અને રાજાને આપજો. જીનદાસે તે ફલોને લઈને રાજાને અર્પણ કર્યાં. આશ્ચર્ય પામી નૃપે પુછયું કે, તમે કેવી રીતે જીવતા આવ્યા. આ ફલ લેવા જે જે ગયા તે તો મરણ પામ્યા છે. શ્રાવક, જીનદાસે કહ્યું કે, રાજન્? હું વ્રતધારી હોવાથી દરરોજ નવકાર મંત્રનો જાપ બે ઘડી પણ કર્યા સિવાય અન્યત્ર ગમન કરતો નથી. તેથી સમયાભાવે, આ મંત્ર રસ્તામાં ગણતો ગણતો વાડીમાં ગયો. યક્ષદેવે સાંભળ્યો. પ્રથમનું તેને સ્મરણ થયું. સંયમની આરાધના થઈ ન હોવાથી પસ્તાવો કરી મારી પાસેથી તે મંત્ર તેણે લીધો. અને વિચારણા કરી. કે, આ મંત્ર બધા પાપોનો નાશ કરનાર હોવાથી તે ઘણો ખુશી થયો. અને કહ્યું કે, આ મંત્ર તો વિશ્વવ્યાપક છે. જો કોઈ એનો જાપ શક્તિ મુજબ કરે

તો તેના દુરિતો દૂર જાય છે. આ મુજબ કહીને મને માગણી કરવાનું કહ્યું. મેં કહ્યું કે, જે કોઈ ફલ લેવા આવે તેને તારે મારી નાંખવો નહિ. આ જ માગણી છે. તેણે ખુશી થઇને માન્યું. અને કહ્યું કે, આજથી કોઇને મારીશ નહિ. આ પ્રમાણે કહી ગુરૂ તરીકે સ્વીકારી મને આ બીજોરા અર્પણ કર્યા. માટે મુખેથી તેના સ્વાદ લો. રાજા આ પ્રમાણે જીનદાસનું કહેવું સાંભળી વિચાર કરવા લાગ્યો. મારા લીધે જ માણસો મરણ પામ્યા છે; તેનું પાપ મને પણ અતિશય લાગ્યું છે. માટે આ પાપને નિવારવા હું નવકારમંત્ર ગણી નિર્મલ થાઉં. મંત્રનો જાપ નિરન્તર જપી, રાજા નિર્મલ થયો. જીનદાસને ઘણો લ્હાવો મળ્યો. તે લ્હાવો એવો કે ભવોભવની ભાવટ ભાગે એવો. માટે દુન્યવી વસ્તુઓની આસક્તિનો ત્યાગ કરી તથા ટેં ટેં ટેંનો ત્યાગ કરી તથા હેં હેં હેં કરવા પૂર્વક હસવાનું મુક્ત કરી, આત્માના ગુણોનું ગાન, સ્મરણ નિદિધ્યાસન કરો. જેથી ભવોભવ આત્મહિત સધાય. અને અનંત ભવોમાં ભટકવાનું, ટીચાવાનું બંધ થાય. તમારા જેવા, ગણી શકાય નહિ તેવા જોત-જોતામાં જોડીઆ હતા તે પણ ચાલ્યા ગયા. તેનો પત્તો પણ નથી. આ મુજબ સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવતાં ૨૦ મા પદના કાવ્ય દ્વારા શીખામણ આપે છે.

( ચેતે તો ચેતાવું તને રે પામર પ્રાણી. એ-રાગ )

**જોતાં જોતાં ચાલ્યા ગયા રે જોડીયા તારા,**

રમણિક રઢીયાળા, રંગે રૂડા રૂપાળા,
મરી ગયા બહુ વ્હાલા રે. જોડીયા તારા ॥૧॥
ખમાખમા જેની થાતી, જગ આણ વર્તાતી,
ચાલ્યા પરભવ વાટે રે. જોડીયા તારા ॥૨॥
જુતાં બૂટ પહેરી ચાલ્યા, વ્યભિચારી થઈ મહાલ્યા,
ઘોરમાંહી ગોંદી ઘાલ્યા રે. જોડીયા તારા ॥૩॥
પાઘડી માથાએ ઘાલી, ફર્યા દેશોદેશ મ્હાલી,
મસાણે તે ગયા ખાલી રે. જોડીયા તારા ॥૪॥
નાતને જાતને નડે, વૈરને ઝેરથી લડે,
પોક તેની જોને પડે રે. જોડીયા તારા ॥૫॥
ચેતી લ્યોને નરનારી, હિત શીખામણ સારી,
બુદ્ધિસાગર સુખકારી રે. જોડીયા તારા ॥૬॥

હવે સંસારમાં આત્મભાન ભૂલીને જે મ્હાલી રહ્યા છે. તેઓને શિખામણ આપતાં સદ્ગુરૂ કહે છે કે, અરે મનુષ્યો ? સંધ્યાના રંગ જેવા અને દરિયાના ચપલ તરંગો જેવા વિલાસોમાં ક્યાં મહાલી રહ્યા છો ! તમારા જેવા, તમારા જોડીયા, તમારા દેખતાં દેખતાં, હાય હાય કરતાં, વ્યાધિને લઈ પોકારો પાડતાં ચાલ્યા ગયા. ક્યાં ! પરલોકે. કોઈ પણ સગું વહાલું તેની સાથે ગયું નહિ. જે સ્વજનવર્ગ કહેતાં કે, અમો તમારા દુઃખમાં ભાગીદાર બની દુઃખને ઓછું કરીશું. તે તો આ જગતમાં પડી રહ્યા. અને તમારે એકલું જવું પડયું. એકલા જવાની

ઇચ્છા તો નહોતી. પણ કોઈ સાથે આવ્યું નહિ. એટલે અનિચ્છાએ, ઉપાયના અભાવે વીલા મુખે ગયા. તે તો તમોએ સાક્ષાત્ દેખ્યું છે. છતાં વિલાસોનો ત્યાગ કરી, આત્મકલ્યાણ સધાય તેવા સાધનોને મેળવતા નથી. અને ફાવે તેમ મહાલ્યા કરો છો. સમયે સમયે આયુષ્યની સાથે પુણ્ય ખતમ થતું જાય છે. તેનું તમોને ભાન નથી. ખ્યાલ કરો કે, પુણ્યની સાથે આયુષ્ય ક્ષીણ થયા પછી શી અવસ્થા થશે ! તેનો વિચાર કરો. તમોને ખબર હશે કે, સંસારની મુસાફરીમાં ભાતુ ખતમ થયા પછી. તથા તેને પુનઃ પ્રાપ્ત કરવા પૈસા ટકા ન હોય ત્યારે ભુખે મરવાનો વખત આવી લાગે છે. તે મુજબ પુણ્ય ધન ખતમ થયા પછી, અને તેને મેળવવાના સાધનોનો સ્વીકાર કર્યો નહિ તો શી વલે થશે ! યાતના, વિપત્તિ, વલોપાતાદિ થાય નહિ. તે માટે આમ મહાલવાનું મુકી દઇ, આત્મહિતના સાધનો તથા સંયોગોનો સ્વીકાર કરી, તેમાં મ્હાલો. રમણતા કરો. કે, જેથી પુણ્ય ક્ષીણ થયા પછી પણ પુણ્ય ધનની પ્રાપ્તિ થાય. જુઓને ! ખ્યાલ રાખોને ? જે તમારા મિત્રો અગર સગાં વહાલાં, સાધન સંપન્ન હતા. વિલાસો કરવાની સામગ્રી હાજર હતી. સગાંઓ મનોહર હતાં. બનવા જોગ છે કે, સ્વજનવર્ગ ગમે તેવો હોય તો પણ વહાલો લાગે છે. પછી શ્યામ હોય કે, કદરૂપો હોય, તો પણ તે રૂપાળો લાગે છે. પરંતુ આ તો પુણ્યોદયે અતિ રૂપાળા હતા. તેમજ બધાને રમણિક લાગતા. તેઓ પણ

આઘાતો લાગતાં અગર આયુષ્ય પૂર્ણ થતાં પરલોક ગયા. શું તમારે નહિ જવું પડે ? જરૂર સર્વ વૈભવનો ત્યાગ કરી, અનિચ્છાએ પણ જવું પડશે જ. કોઈ અમરપટો લઈને આવેલ નથી. માટે પરલોકમાં સારા સાધનો તથા સંયોગો પ્રાપ્ત થાય તે માટે આ ભવમાં ચેતીને તૈયારી કરો. બહાર તીર્થયાત્રાએ જવા પહેલાં તેના સાધનો મેળવવા પ્રયાસ કરવા પડે છે ને ? ભાતુ, પૈસા અને બીજા સાધન સિવાય તમે ગમન કરતા નથી. તે મુજબ પરલોકની યાત્રા માટે અહિં જ સાધનો મેળવી તૈયાર થવું પડશે. જો નહિ મેળવો તો સંસારની આંટીઘૂટીમાં જરૂર અથડાવાનું થશે. તમારા મિત્રો અગર સંબંધીઓ કેવા પ્રકારે ગયા. તે તમોએ જોયું અગર ન જોયું હોય તો પણ તેની ચિન્તા, ફીકર કરવાની નથી. પરંતુ તમારે પરલોકે કેવી રીતે યાત્રા કરવા જવું છે. તેની ચિન્તા કરવાપૂર્વક અનુકુલતા રીતસર રહે, તે માટે કષ્ટ સહન કરવાપૂર્વક તૈયાર થવાની જરૂર છે. હવે તમો કયારે તૈયાર થશો આયુષ્યનો વિશ્વાસ નથી. તમારી ઈચ્છા તો સો, બસો વર્ષો યાવત્ જીવું એવી છે. પણ ઓચિંતુ મરણ આવીને ઉપસ્થિત થશે ત્યારે તમારી ઇચ્છા મનમાં અને મનમાં રહી જશે. અને અફસોસનો પાર રહેશે નહિ. માટે ચેતો ? જેઓ રૂપાળા તથા બુદ્ધિમાન્ હતા. તેઓ તો મનોહર રમણીઓમાં રાચીમાચી રહ્યા, અને શરીરની તાકાત ગુમાવી. તથા પોતાના આત્માની પરવા કર્યા

વિના ગમે તેવા વિલાસો કર્યા. છતાં તે વિલાસોથી સંતોષ થયો નહિ. અને અસંતુષ્ટ બની પરલોકે પધાર્યા. તૃપ્તિ, અને સંતોષ કયા આધારે થાય તેનું ભાન રહ્યું નહિ. તેથી જ અંતે તેઓનો વિયોગ થતાં વલોપાત કરતા ગએલ છે; અને જે ભાગ્યશાલીઓએ રમણીઓના રૂપમાં ન મુંઝાતા વ્યવહારિક કાર્યો કરવા પૂર્વક વ્રતધારી બની શરીરની તથા આત્માની શક્તિની સાર્થકતા કરેલી છે. તેઓએ તો અંતે સાધન સામગ્રીનો વિયોગ થતાં પણ, ધર્મની આરાધનાના યોગે સંતુષ્ટ બની, સમાધિમરણે પરલોકે પધારી આનંદમાં જીવન ગુજારે છે.

જીનપાલ અને જીનરક્ષિત, આ બે બંધુઓએ અગ્યાર વાર સમુદ્ર માર્ગે ધન કમાવા માટે મુસાફરી કરીને ઘણું ધન મેળવ્યું. અને સાધન સામગ્રીથી સંપન્ન બન્યા. જીનપાલ ધર્મનો અર્થી હોવાથી વિચાર કરવા લાગ્યો કે, ધન તો બહુ મેળવ્યું. પણ ધર્મની આરાધના કરીને શારીરિક, આત્મિક શક્તિને મેળવી નહિ. તો આ મેળવેલ ધન સંસારમાં પરિભ્રમણ કરાવશે, આધિ, વ્યાધિ અને ઉપાધિઓ ઉપસ્થિત કરશે. માટે આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય નહિ, તે માટે સદ્ગુરૂ પાસે જઈને બાર વ્રતધારી શ્રાવક બનું. આમ ધારણા રાખી તે તો વ્રતધારી બન્યો. અને સંતોષ લાવી વ્રતોની આરાધના કરવા લાગ્યો. પરંતુ જીન-રક્ષિતને ધનનો ઘણો લોભ હોવાથી વ્રતધારી બનવાની ઇચ્છા પણ થઈ નહિ. “ **ધનાદિકનો લોભી વ્રતધારી**

બને તે દુષ્કર છે.” આ જીનરક્ષિતે, સ્વબંધુ જીનપાલને કહ્યું કે, બારમી વખત આપણે દરિયાની મુસાફરી કરીને ઘણું ધન કમાઇને આવ્યા પછી સંતોષ ધારણ કરવા પૂર્વક ધર્મની આરાધના કરીશું. માટે મારી સાથે ચાલ. જીનપાલે કહ્યું કે, હવે હું વ્રતધારી થએલ હોવાથી આટલા ધનથી મને સંતોષ છે. મારે તારી સાથે આવવું નથી. જે મળેલ છે તેનો સદુપયોગ થશે તો પણ સફલતા થશે. માટે હવે બારમી મુસાફરીને મુકી ધર્મની આરાધના કર. પણ આ લોભી શેનો માને ? ઘણો આગ્રહ કરી તેને સાથે લઇને દરિયામાર્ગે પાછી મુસાફરી કરવા માંડી. પણ તે વખતે વહાણ, ખરાબે ચઢી જવાથી ભાગીને ભૂક્કા થયું. જેટલો માલ ભર્યો હતો તે પરિતાપ કરાવતો સમુદ્રના તળીએ જઈ પડયો. ભાગ્યયોગે બે પાટીઆં હાથમાં આવેલ હોવાથી તેના આધારે બન્ને તરીને કીનારે આવ્યા. તેટલામાં એક દેવી તે બન્નેને પોતાના ભુવનમાં લઈ ગઇ. વિષય વિલાસ માટે તેમની પાસે પ્રાર્થના કરવા લાગી. જીનપાલ, વ્રતધારી હોવાથી ડગ્યો નહિ. પણ જીનરક્ષિત તેના હાવભાવમાં મુગ્ધ બની વિલાસ કરવા લાગ્યો. એવામાં ઇન્દ્ર મહારાજની આજ્ઞા થવાથી આ દેવીએ બહાર જતાં પહેલાં તેઓને કહ્યું કે, અમારા નાયક, ઇન્દ્રમહારાજાની આજ્ઞા હોવાથી મારે બહાર જવું પડે એમ છે. માટે તમો આ ભુવનમાં રહેજો. પરંતુ દક્ષિણ દિશા તરફ જશો નહિ. આમ કહીને તે દેવી ચાલી ગઈ. આ બે બંધુઓને તે

દિશા તરફ જવાની અધિક ઇચ્છા થઈ. શા માટે તેણીએ દક્ષિણ દિશા તરફ જવાની મનાઈ કરી હશે? આમ વિચારી તેઓ તે દિશા તરફ ગયા. અને કુવામાં પડેલા, અને પોકારો પાડતા એક માણસને દેખીને પુછયું. કેમ ભાઈ? આ કુવામાં પડી પોકારો પાડે છે. તે કુવામાં પડેલ ભાઇએ કહ્યું કે, તે દેવીએ સહજ અપરાધ થવાથી મને કુવામાં નાખી ત્રિશુલથી વિંધી નાંખ્યો છે. હું પણ તમારી માફક દરિયાની મુસાફરી કરતાં, નૌકા ખરાબે ચઢી જતાં, અહિં આવ્યો છું. સઘળો માલ દરિયામાં ગયો. એક પાટીયાના આધારે કીનારે આવ્યો. પેલી દેવીએ મને ભુવનમાં રાખ્યો. અને મારી સાથે વિલાસ કરવા લાગી. થોડી ભૂલ થતાં મારી આવી દશા કરી છે. માટે સાવધાની રાખજો. નહિતર મારા જેવી અવસ્થા થશે. આ મુજબ સાંભળી બે ભાઇઓને ઘણો ભય થયો. અને વિચાર કરવા લાગ્યા કે, તેણીની આજ્ઞાને ઓળંગી આપણે અહિં આવ્યા છીએ. જો તેને ખબર પડશે તો આપણી પણ આ દશા કરશે. આમ વિચારી કુવામાં પડેલાને પુછે છે કે, અહિંથી બચવાનો કોઈ ઉપાય છે! હા, ઉપાય છે. સાંભળો. ઇશાન ખુણામાં રહેલ યક્ષરાજ રવિવારે ઉદ્‌ઘોષણા કરે છે કે, કોઇને અત્રેથી બહાર, ઇષ્ટ ગામે જવું છે. તમો તમારા ઇષ્ટ ગામે જવા માટે તેને કહેશો તો તે વિલંબ કરશે નહિ. માટે તે જગ્યાએ જાઓ. તેઓ બન્ને ત્યાં જઈ યક્ષરાજને કહેવા લાગ્યા કે, અમોને ઇષ્ટ સ્થલે પહોંચાડો. યક્ષરાજે કહ્યું કે, એક શરતે તમોને લઈ જઉ. કે જ્યારે પેલી

દેવી આવીને તમોને પાછા લઈ જવા ખાતર આજીજીપૂર્વક કાલાવાલા કરે કે હાવભાવ દેખાડે. ત્યારે તેણીના સામું તમારે જોવું નહિ. અને માનસિક વૃત્તિને સ્થિર કરી નવકારમંત્ર ગણવો. તેના ચાળા ચટકામાં અને લટકા, મટકામાં મુગ્ધ બન્યા તો સમુદ્રમાં ફગાવી દઈશ. જ્યારે મારી પીઠ ઉપરથી દરિયામાં પડશો ત્યારે પેલી દેવી ત્રિશુલ દ્વારા તમોને વિંધી નાંખી મારી નાંખશે. તેઓએ કહ્યું કે, અમો તેણીના સન્મુખ પણ જોઇશું નહિ. અને મોહને ધારણ કરીશું નહિ. યક્ષરાજ પોતાની પીઠ પર તે બેને બેસાડી મધ્યદરિયે આવે છે. તેટલામાં તે દેવીને ખબર પડી કે અત્રેથી યક્ષરાજનો સહારો લઈ બન્ને ભાઇઓ નાઠા છે. તેથી મધ્યદરિયે આવી, તે બે બંધુઓની સન્મુખ આવી, કાલાવાલા કરવા પૂર્વક કરગરવા લાગી. અરે વહાલાઓ મને મુકી તમે શા માટે ચાલ્યા જાઓ છો ! મારા સામું તો જુઓ ? ઘણા દિવસની પ્રીતિ છે. તેનો નિષ્ઠુર બની કયાં ત્યાગ કરો છો. બસ ? ઇત્યાદિ આજીજી કરવા લાગી. તેવામાં જીનરક્ષિતે તેણીના સન્મુખ જોયું. અને લટકા, ચટકા અને મટકામાં મુગ્ધ બન્યો. ભવિષ્યમાં તે દેવી દશા કરશે તેનું ભાન ભૂલ્યો. મનોવૃત્તિને સ્થિર રાખી શકયો નહિ. તેથી યક્ષરાજે તેની તેવી ચેષ્ટાને જાણી પીઠ પરથી દરિયામાં ફગાવી દીધો. દરિયામાં પડતા તેને દુષ્ટ દેવીએ ત્રિશુલથી વિંધી મારી નાંખ્યો. અને જીનપાલે તેણીના સામું પણ જોયું નહિ. અને કાલાવાલા કરતી તેણીના વચનો ઉપર લક્ષ દીધું નહિ.

અને ભવિષ્યનો વિચાર, વિવેક કર્યો. તેથી તે દુષ્ટ દેવીનું તે નવકારમંત્ર ગણતો હોવાથી કાંઈ પણ ચાલ્યું નહિ. આવા વિચાર મનોવૃત્તિવાળા જીનદાસને તેના ઈષ્ટ સ્થલે પહોંચાડી યક્ષરાજ પોતાના સ્થલે આવ્યા. જીનપાલે પોતાના સ્વજનવર્ગને પોતાની સઘળી વીતક વાત કહી. દરિયામાં વહાણુ ખરાબે ચઢ્યું, પાટીઆના આધારે કીનારે આવ્યા. પછી એક દેવી અમોને પોતાના આવાસે લઈ ગઈ. તેણીએ ઇન્દ્રની આજ્ઞા મુજબ બહાર જતી વખતે અમોને કહ્યું કે, દક્ષિણ દિશા તરફ જશો નહિ. અમે તે દિશા તરફ ગયા. અને કુવામાં પડેલા એક માણસની બીના સાંભળી, ભયભીત બની યક્ષરાજનો સહારો લઈને મધ્યદરિયે આવ્યા. તેવામાં પેલી દેવી આવી. કાલાવાલા કરવા લાગી. જીનરક્ષિત મુગ્ધ બન્યો. તેથી યક્ષરાજે દરિયામાં ફગાવી દીધો. દુષ્ટ દેવીએ તેને મારી નાંખ્યો. હું સ્થિર રહ્યો. અને મોહઘેલો બન્યો નહિ. તેથી મને અત્રે પહોંચતો કર્યો. આ બીના સાંભળી સગાવહાલાંને અફસોસની સાથે આનંદ થયો. આ મુજબ કેટલાકને પર રમણીઓના બહારના દેખાવમાં મોહઘેલા બની, માનસિક વૃત્તિને સ્થિર રાખતા, ભવિષ્યમાં કેવી દશા થશે તેનું ભાન હોતું નથી. તેથી અંતે પરલોકે ગયા છે. ત્યાં પણ સુખશાતા ક્યાંથી રહે! આ પ્રમાણે તમારા વહાલા પરલોકે ગયા હોય તો, તમે ચેતીને ચાલજો. આ લોક અને પરલોક બગડે નહિ. આ મુજબ સદ્ગુરૂનો કહેવાનો આશય છે. તથા હે ભાગ્યશાલીઓ ? જેની,

જેઓની ખમાખમા થતી હતી. અને જગતમાં જેઓની આણુ વર્તાતી હતી. તેઓ પણ રંગરાગમાં મુગ્ધ બની વિષયવિલાસોમાં આસક્ત બની, આત્મધર્મની આરાધના કર્યા સિવાય તેમજ કામ, ક્રોધ, મદ, માનના વેગમાં તણાઇને પરલોકે ગયા છે. તમે એમ સમજતા હશો કે, આટલી બધી સાધનસામગ્રી હોતે છતે પણ તે રાજા, મહારાજા, પરલોકે પીડા પામશે નહિ. આ તમારી ભ્રમણા છે. પીડાઓને, વિપત્તિઓને ટાળનાર જો કોઈ હોય તો ધર્મની આરાધના જ છે. વિલાસો તો વલોપાતાદિકને હાજર કરે છે. તેથી તેમાં ન ફસાતાં આત્માનું કલ્યાણ જે રીતે થાય તે મુજબ વર્તન કરો. સર્વ સત્તા, બલ કરતા દુષ્ટ કર્મોની સત્તા બલીયાન્ છે. આવી દુષ્ટકર્મોની સત્તાને નાશ કરનાર જો કોઈ હોય તો તે ધર્મસત્તા જયવંતી છે. જે ધર્મની સત્તામાં રહેલા છે. તેને વિપત્તિઓ, વિડંબનાઓ નડતી નથી. કહો તમે કોની સત્તામાં છો ? ધર્મસત્તામાં કે દુષ્ટકર્મોની પરાધીનતાની બેડીમાં ? તેનો તમો વિચાર અને વિવેક કરશો. તથા જેઓ આઠ મદના ઘેનમાં ઘેરાઈ, રૂપ, રમા, રામાના તોરમાં અલંકરો પહેરી, જુતાં, બુટ વિગેરે ધારણ કરી પરનારીમાં આસક્ત બની તથા શારીરિક, માનસિક અને આત્મિક શક્તિને ગુમાવી તથા વ્યભિચારી બની મહાલ્યા કરે છે. તેઓને પણ ઘોરમાં ગોંદી ઘાલ્યા છે. તેઓના રૂપ, રમા, રામાઓ સાથે ગએલ નથી. જતાં પણ નથી. કદાચિત્ કોઈ એવી માન્યતા ધરાવતું હોય તો

તે તેની અજ્ઞાનતા છે. મરણ પછી કર્મોના આધારે જેણે જેવું આયુષ્ય બાંધ્યું હોય તે તેવી ગતિમાં જાય છે. કોઈ મનુષ્યભવ પામે. કોઈ પશુપંખીના અવતારને પામે. અને ધર્મની આરાધના જેણે કરી હોય તે સ્વર્ગે જાય. માટે એવી કરણી કરો કે, નીચ ગતિમાં પડવું પડે નહિ. રૂપ, રમા, અને રામામાં જે આસક્ત બન્યા છે. તેઓને સદ્‌ગતિ ક્યાંથી પ્રાપ્ત થાય ! એવા પણ કેટલાક ઘોરમાં દટાયા છે. જેઓના નામની કોઈ યાદિ પણ કરતું નથી. કદાચ કોઈના મુખે તેના નામો સાંભળવામાં આવે તો કંપારી ઉત્પન્ન થાય. તથા માથે પાઘડી ઘાલી, દેશોદેશ આશા, તૃષ્ણાના યોગે પરિભ્રમણ કરનારા પણ મસાણે ખાલી હાથે ગયા. જો સાથે લઈ ગયા હોય તો, અત્રે પડી રહેલ છે. તે પડી રહે નહિ. તથા પોતાની મોટી મહત્તા બતાવવા ખાતર, જેઓ નાતને તથા જાતને નડે છે. પીડાઓ ઉત્પન્ન કરે છે. તેઓને હેરાનપરેશાન કરે છે. તેઓની પણ પોક પડે છે. કોઈ સારૂં બોલતું નથી. તેઓના સંબંધીઓ કહે છે કે, સારૂં થયું. અહિંથી કાશ ટળી. વેપારમાં, વ્યવહારિક કાર્યોમાં, અનેક પ્રકારે વિઘ્નો ઉપસ્થિત કરી અમોને આગળ વધવા દીધા નહિ. પોતાની મોટાઈના તોરમાં પોતાની જાતનું પણ ભલું કર્યું નહિ. જેમ તેમ અન્યાય કરવા પૂર્વક પેટ પટારો ભર્યો. તેથી તેઓની પાછળ તેઓના સંબંધીઓ પણ પોક પાડે છે. માટે અરે ભાઈઓ ? સદ્‌ગુરૂ કહે છે કે, પુણ્યોદયે, રૂપ, રમા, રામા મળી છે. તેના યોગે પાપને

વધારો નહિ. પણ તેને સાધનો માની પવિત્ર બનો. અને ચેતીને વિચારો કે; આ સઘળા સાધનો અંતે પડ્યા રહેશે. અને જે પુણ્યપાપ કર્યાં હશે તે જ સાથે આવશે. અને તેના યોગે સુખ, દુઃખ હાજર થશે. દુઃખ તો વહાલું નથી. તો પછી સુખ માટે કેમ વિચાર અને વિવેક કરતા નથી ! પ્રાપ્ત થએલ સાધનોના નશામાં પરોપકાર કરવાનું, સહારો આપવાનું ભૂલી, નાત, જાતને નડો છો; વિવિધ વિઘ્નો ઉભા કરી શા માટે નુકશાનીમાં ઉતારો છો ! સુવા માટે ત્રણ, ચાર હાથની જમીન તમારા ખપમાં આવવાની છે. પેટ ભરવા માટે શેર, સવાશેર ભોજન છે; જો વધારે ખાશો તો વ્યાધિ હાજર થશે. વિલાસોમાં અધિક મહાલશો તો, શરીરની તાકાત પણ ઓછી થશે. માટે જાગ્રત થઈને અપકારીનું પણ ભલું કરો. હૈયામાં રોશ રાખો નહિ. શક્ય તેટલું સાત ક્ષેત્રોનું પોષણ કરવા પ્રયાસ કરો. પ્રાણીઓનું ભલું કર્યું હશે તો જ તમારૂ ભલું થશે. નહિતર તે ભેગા કરેલા સાધનો તમોને દુઃખજનક થશે.

એક ધનાઢ્યની સાફક—વિવિધ ધંધા કરીને એક ધનાઢયે ધન તો મેળવ્યું. પણ કોઈ તેની પાછળ સારૂં બોલતું નથી. કારણ કે ધનના જોરમાં બહારગામથી જે જે માલ આવે તે ખરીદી લઈને ભાવ વધારી, તે કમાણી કરતો હતો. બીજા વેપારીઓના હાથમાં તે માલ આવતો નહિ. તેથી રીતસર કમાણી નહિ થતી હોવાથી તેઓ કંટાળી ગયા. એટલામાં ધનાદિકના આધારે વિલાસો કરવાથી તથા રસ

આરંભમાં પડવાથી પોતાના શરીરનો પણ ખ્યાલ રહ્યો નહિ. વ્યાધિઓ હાજર થઇ. રૂપૈયાનો વ્યય કરી દવા તો ઘણી કરી. પણ વ્યાધિઓ ટળી નહિ. કયાંથી ટળે ? દવા કરે પણ વિષયવિલાસોનો ત્યાગ કરે નહિ, તો પછી દવાઓની અસર કયાંથી થાય ! વૈદ્યોએ કહ્યું કે, દવા ચાલે ત્યાં સુધી રસની લોલુપતાનો ત્યાગ કરશો ત્યારે જ, વ્યાધિઓ દૂર ખસશે. પરેજી પાલશો તો આરામ થશે. પણ આ શ્રીમાન્ શેનો માને ? અને કહેવા લાગ્યો કે, વિષયવિલાસો ભોગવાય અને વ્યાધિઓ દૂર જાય એવી દવા આપો. વૈદ્યોએ કહ્યું કે, એવી દવા અમારી પાસે નથી. અંતે ધનની બરબાદી સાથે શરીરની બરબાદી વ્યાધિઓએ કરી. હવે વિલાસો કરવાની પણ તાકાત રહી નહિ. શરીર નિરોગી હોય તો જ તેવા વિલાસો ભોગવાય છે. અન્યથા એવા વિલાસો, શારીરિક શક્તિનો નાશ કરે છે. તેથી ધર્મકરણી તો કયાંથી બને ? એટલે ચિન્તા, વલોપાત વિગેરે ખસે નહિ. જ્યારે શરીરની શક્તિ તદ્દન ઓછી થઈ. ત્યારે આ શ્રીમાન્ શેઠ ચેત્યા. અને પરિતાપ કરવા લાગ્યા કે, વદ્યોનું તથા મહાવૈદ્ય એવા ગુરૂદેવોનું વચન માન્યું નહિ. ધન મેળવવા ખાતર, કેટલાક વેપારીઓને નુકશાનીમાં નાંખ્યા. નાત, જાતને નડવામાં ખામી રાખી નહિ. ધન તો કપટ, પ્રપંચ વિગેરેને કરવા પુર્વક ભેગુ કર્યું. પણ શોક, સંતાપ, તથા વ્યાધિઓ દૂર ખસી નહિ. માટે હવે ગુરૂદેવનો ઉપદેશ માની વિલાસોનો ત્યાગ કરી ધનનો સાત ક્ષેત્રોમાં

સદુપયોગ કરૂં. આ મુજબ વિચારણા કરી ધનનો સદુપયોગ કરવાપૂર્વક રસ ગારવતાનો ત્યાગ કરી દવા લીધી ત્યારે રોગ, શોક, સંતાપાદિ દૂર ગયા. અને શરીર નિરોગી થવા સાથે ધર્મકરણી કરવાની પ્રવૃત્તિ પ્રાપ્ત થઈ. હવે તો આ શ્રીમાન્ છેવટે સમજ્યા. પણ, કયારે કે, રોગો હાજર થયા ત્યારે જ. ઠીક છે. પણ વ્યાધિઓ આવ્યા પહેલાં સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી, હૈયામાં ધારણ કરી, સમજ્યા હોત તો, પૈસાની બરબાદી સાથે પુણ્યની બરબાદી થાત નહિ. અને શારીરિક તાકાત પણ ઓર પ્રકારની હોત. સગાંવહાલાંમાં, નાતજાતમાં સંપ રહેત. તેઓને સહારો આપી શકાત. સારૂં થયું કે, અંતે પણ સમજ્યા. હવે સર્વે માણુસો તે શેઠના વખાણ કરે છે. પણ કેટલાક વિલાસીજનો એવા હોય કે, ધનથી સાથે તેઓનું પુણ્ય પણ ખતમ થાય, તથા તાકાત બીલકુલ રહે નહિ. તો પણ ચેતીને, સમજીને, સન્માર્ગે વળતા નથી. તેને સદ્ગુરૂ ફરમાવે છે કે, નાત, જાતને તથા વેપારીઓને નડી ધન ભેગુ કરશો નહિ. તો જ કાંઇક શાંતિ રહેશે. સંપથી, સંપત્તિ આવી હાજર થાય છે. માટે કાંઇક સમજો ? અને આત્માની નિર્મલતા કરવા ધર્મકરણી કરો. વિષય રસમાં મગ્ન બનેલા કેટલાયે મરણ પામ્યા. તેમજ પોતે પોકારો પાડતા અને બીજાઓને પોકારો પડાવતા, ઘોરમાં દટાયા. કેટલાક ચિન્તામાં અને ચિત્તાઓમાં બળી ખાખ થયા. માટે ચેતીને ચાલી સન્માર્ગે વળો.

હવે સદ્‌ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, સદ્‌ગુરૂનું શરણુ લીધા સિવાય તમે સુધરશો નહિ. તે માટે ૨૦ મા પદના કાવ્યની રચના કરતા કહે છે કે,

ભજન કરી લે, ભજન કરી લે, ભજન કરી લે ભાઇ રે.
દુનિયાદારી, દુઃખની કયારી,
જૂઠી જગની સગાઈ રે. ભજન કરી લે. ॥૧॥
કાયા સુકોમળ કેળ જેવી, બિગડતાં નહિ વાર રે;
ભલભલા પણ ચાલી ગયા તો, પામરનો શો ભાર રે.
ભજન૦ ॥૨॥
કાદવ કેરા કીચ્ચડ માંહિ, કીડા લાખ કરોડ રે,
કીટક જેવો માનવી તું, જાણી પ્રભુ મન જોડ રે.
ભજન કરી લે૦ ॥૩॥
વાડી ગાડી લાડી માંહી, ખરચે પૈસા લાખ રે,
એવા મરીને મસાણે ચાલીયા,
તેના શરીર થઇ ગયા રાખ રે. ભજન૦ ॥૪॥
બાજીગરની બાજી જેવી, જૂઠી જગત જંજાળ રે,
ઝાંઝવાના નીર જેવું, જૂઠું જગતનું વહાલ રે.
ભજન૦ ॥૫॥
કાળ પાછળ લાગીયો જેમ, તેતર ઉપર બાજ રે,
ઝડપી લેશે જીવડાને, કયું કરી રહેશે લાજ રે.
ભજન૦ ॥૬॥

**જરૂર જાવું એકલું ભાઇ, કોઇ ન આવે સાથ રે,**
**બુદ્ધિસાગર કરૂણાસાગર, ગુરૂનો ઝાલો હાથ રે.**
**ભજન૦ ॥૭॥**

સદ્ગુરૂ ફરમાવે છે કે, દુનિયાદારી દુઃખની ક્યારી છે. કરેલી કયારીમાં પાણી ભરવા પૂર્વક બીજ વાવવાથી વેલડીઓ ઉગે છે. જો તે ક્યારીમાં વિષના બીજ વાવશો તો મધુરાં ફલ મેળવી શકશો નહિ. વિષના બીજ વિષજ ઉત્પન્ન કરશે. તે ઉત્પન્ન થએલ વિષ ફલને મધુર માની આરોગશો તો, વિવિધ રોગો આવી તમોને ઘેરી લેશે. પછી તેઓને દૂર કરવાનો ઉપાર કરશો તો પણ તેને ખસેડવા દુષ્કર બનશે. અને અનેક પ્રકારની પીડા, વિપત્તિ આવી હાજર થશે. તેથી તે દુઃખની ક્યારીમાં વિષય કષાયના બીજ વાવતા નહિ. પણ પ્રભુ ભજનરૂપી બીજને વાવજો. કે, જેથી તે દુનિયાદારી દુઃખની ક્યારી બને નહિ. અન્યથા તેજ દુઃખની ક્યારી બને છે. પ્રભુ સાથે સગાઈ કરી નહિ. તેમના ગુણોમાં શ્રદ્ધા સહિત લીનતા લગાડી નહિ. અને દુનિયાના એક ભવના સગાંવહાલાં માટે કાવાદાવા કરી પ્રાણીઓને પીડા ઉપજાવી. અને અનેક પાપારંભો કર્યા. તો પણ તમોને જે સુખશાંતિની ઈચ્છા હશે તે મળવી ક્યાંથી શક્તિમાન્ બને ? નહિ જ. માટે પ્રથમ તો તમારી પાસે જે દુઃખો આવીને વળગ્યા છે. તેને દૂર કરવા કોશીશ કરવી જોઈએ. પ્રભુના ભજન, કીર્તન અને આજ્ઞાના પાલનમાં તે દુઃખ, વિપત્તિ

વિગેરે ભાગી જશે. અને માનસિક વૃત્તિ શાંત થતાં, આત્માના દુઃખ ટળવા માંડશે. જે દુનિયાદારી, દુઃખની ક્યારી છે. તે સુખની ક્યારી બનશે. જગતની સગાઈ જૂઠી છે. અસત્ય છે. જ્યાંસુધી જગતના કથન મુજબ વર્તન રાખશો, ત્યાં સુધી તમારા ઉપર તે પ્રેમ રાખશે અને પ્રશંસા કરવા પૂર્વક પ્રસિદ્ધિમાં લાવશે. પરંતુ જગતના કહ્યા પ્રમાણે વર્તન રાખશો નહિ ત્યારે જોઈ લેજો. નિન્દા, તિરસ્કાર, પાગલ કહેવામાં બાકી રાખે ? નહિ રાખે. કોઇ વૈરાગી, સંવેગી, આત્મશ્રદ્ધાવાળાને ત્યાગી થવું હોય તો, દુન્યવી જગત્ તેને પાગલ કહેશે. અગર અડધા ગાંડામાં કુટી મારશે. અરે ! એકલુ જગત નહિ પણ સ્વાર્થી સ્વજન વર્ગ પણ પોતાના સ્વાર્થમાં ખામી લાગતાં, જેમ ફાવે તેમ બોલવામાં બાકી રાખશે નહિ. આવા સ્વાર્થી જગતની ખાતર પોતાના આત્માને કોણ દુઃખની ક્યારી બનાવે ? જેઓને પીડા પ્રિયતમ લાગતી હોય, વલોપાત, સંતાપ, પરિતાપ, વહાલો લાગતો હોય, તેજ ભ્રમિત બની તેને પ્રિય બનાવે. અને વિવિધ વિઘ્નોમાં, વિપત્તિઓમાં ફસાવે છે. તમો તો સારી રીતે વિચાર તથા વિવેક કરી શકો છો. માટે ભ્રમિત બનવું નહિ. અને આત્મકલ્યાણકારી બનવા માટે દુઃખદાયી દુનિયામાં મુગ્ધ બનો નહિ. આસક્તિનો ત્યાગ કરી આત્મહિત સાધવા, જીનેશ્વરના ગુણોનું ગાન કરી તેવા ગુણો લાવવા માટે પ્રયાસ કરો. કોઈ કહેશે કે, આજના જમાનામાં અનાચારીની બોલબાલા છે. ચોરી, જારી, દગા, પ્રપંચ,

કરનાર લહેર કરે છે. અને પ્રભુના ગુણોનું ભજન, કીર્તન કરનાર ઘણો સીદાય છે. અત્યંત પીડાય છે. તેના જવાબમાં જ્ઞાનીઓ કહે છે કે, અરે ભાઈ? મનુષ્ય જેવો મનુષ્ય થઈ વિચાર અને વિવેક કરે તો બરોબર ખ્યાલ આવે કે, પ્રભુની આજ્ઞા મુજબ ભજન, કીર્તન કરનાર કદાપિ દુઃખી થતો નથી. કારણ કે તે ભાગ્યશાલીને તો સુખ અને દુઃખની પરવા હોતી નથી. સુખમાં મુગ્ધ બનતો નથી. અને દુઃખ સંકટ અને વિપત્તિ આવે ત્યારે ગભરાતો નથી. વલોપાત કરતો નથી. પરંતુ તે જાણે છે કે, જે દુઃખ વિગેરે આવે છે તે કરેલા દુષ્ટ કર્મોથી જ આવે છે. તે મહાભાગ? સમતાએ સહન કરે છે. અગર જે વિપત્તિ આવી સીદાવે છે. તે, આજ્ઞા મુજબ ભજન, કીર્તન, સેવાભક્તિ કરતા નથી. અને બાહ્યથી કરતા હોવાથી જ દુઃખી થાય છે અને જેઓ ભાવથી અને દ્રવ્યથી, એટલે અન્તરની અને બાહ્યથી જીનેશ્વરની આજ્ઞા મુજબ વર્તન કરનાર છે. તે કદાપિ દુઃખી થતા નથી. કારણ કે ભક્તિ, સેવા, ભજન, કીર્તન કરનાર સારી રીતે સમજે છે કે, આ સઘળી શુભ ક્રિયાઓ કર્મની મલીનતાને દૂર કરવા માટે જ કરૂ છું. માયા, મમતા, કામ, ક્રોધાદિક શત્રુઓને હઠાવવા માટે કરૂ છુ. તેથી તે સંકટ આવી લાગે તો પણ સહન કરીને હઠાવે છે. પણ રાગ, દ્વેષ, મોહાદિકમાં ફસાઈ પડતા નથી. અને જે દુરાચારી, લહેર કરે છે. અને બીજાને ધુતી પૈસા મેળવી મહાલતા ફરે છે તે પૂર્વભવમાં કરેલા પુણ્યના ઉદયથી જ જાણવું.

જે લહેર કરે છે તે ક્યાંસુધી? જ્યારે તે પુણ્ય ખતમ થાય ત્યાંસુધી જ. પાપોદયે તો લહેરમાં લ્હાય લાગવાની જ છે. માટે આ મુજબ સમજી શુભ ક્રિયામાં ઢીલા થવું નહિ. કદાચ વિપત્તિ આવી લાગે ત્યારે પણ સહન કરી પ્રભુની આજ્ઞા મુજબ ભજન, કીર્તનનો ત્યાગ કરવો નહિ.

એક ગામમાં એક ભક્ત, જીનેશ્વરની આજ્ઞા મુજબ શુભ ક્રિયામાં પ્રીતિવાળો હતો. અને બીજો દુરાચારી હતો. તે દુરાચારી ચોરી, જારી, દગા, પ્રપંચો કરવા પૂર્વક પેટ, પરિવારનું પોષણ કરતો. અને મોજમજાહમાં મહાલતો. તે એવો હુંશીયાર હતો કે, કોઇનાથી પકડાતો નહિ. જ્યારે પકડાય ત્યારે પકડનારને લાંચ આપી છૂટી જતો. તે લૂચ્ચા, લફંગાને પકડવા માટે અધિકારીએ નિસ્પૃહ સુભટોને નિમ્યા. આ સુભટો ઘણી સાવધાની પૂર્વક તપાસ કરે છે. ત્યારે પેલો ધર્માત્મા, પ્રભુની આજ્ઞા મુજબ સેવા ભક્તિ કરીને મન, વચન અને કાયાના દોષો દૂર કરવા સદ્ગુરૂની પાસે જઈને પ્રતિક્રમણ કરે છે. અને જે જે દોષોરૂપી શત્રુઓ છે. ચોટ્ટાઓ છે. તેની બરોબર તપાસ કરી દૂર હઠાવે છે. પેલો અનાચારી લહેર કરતો હોવાથી આ ધર્માત્મા વિચાર કરે છે કે, આ કેવું? પેલો દુરાચારી, અધર્મ, અન્યાય કરીને ફુલાતો ફરે છે. પકડાતો પણ નથી. અને હું તો દરેક બાબતમાં સીદાઉ છું આનું શું કારણ હશે! લાવ, સદ્ગુરૂ પાસે જઈને પુછું. બીજે દીવસે સદ્ગુરૂદેવને પુછ્યું. ગુરૂદેવે કહ્યું કે, આમાં કંઈક કારણ છે. તે સામાન્ય માણસો જાણતર

નથી. સાંભળ? પેલો દુરાચારી જે મહાલી રહ્યો છે. તે પૂર્વ ભવના પુણ્યના ઉદયે જ. પુણ્યનો નાશ થતા તેના કેવા હાલહવાલ થાય છે. તે તું જોજે. અને તું જે હાલમાં સીદાય છે. તે પહેલા ભવના કર્મોના ઉદયથી જ. હવે તે કર્મો હઠાવવા તું ધાર્મિક ક્રિયા કરે છે. તેથી જરૂર તે કર્મો દૂર ખસવાના. માટે ચિન્તા કર નહિ. અને સદાચારમાં, ધાર્મિક ક્રિયાઓમાં શંકાને દૂર કરીને દઢ સ્થિરતા ધારણ કર. પાપોદય ખસતાં સર્વે સંકટો દૂર જશે. સુખશાંતિ સ્વયમેવ હાજર થશે. આ મુજબ સાંભળી આનંદ પૂર્વક પોતાને સ્થલે જાય છે. તેવામાં પેલા નિસ્પૃહી અને પ્રવીણ સુભટોએ પેલા દુરાચારીને પકડયો. કરેલા ગુન્હાઓ સાબીત થયા. અને સખ્ત કેદની શિક્ષા થઈ. તે શિક્ષા એવી થઇ કે, જીવનપર્યંત ચોરી કરવાની ખોડ ભૂલી ગયો. આ અનાચારી, પ્રથમથી સદાચારી હોત તો, તેને આ, જે સખ્ત કેદની શિક્ષા થઈ તે કયાંથી થાત? થાત નહિ. પેલા ધર્માત્માને તો ધર્મક્રિયાના યોગે, શોક, સંતાપ વિગેરે ટળી ગયા. અને તેણે સુખશાતા પૂર્વક જીવન પસાર કર્યું. તે માટે સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે, અરે ભાગ્યશાલીઓ! દુઃખદાયી દુનિયાદારીને, સાચી માની તેમાં ફસાઇ પડવું નહિ. જે કાયા મળી છે તે સુકોમળ કેળ જેવી મળી છે. તેને બગડતા વાર લાગતી નથી. દુનિયાદારીમાં આસક્ત બનેલની કયારે કાયા બગડી જશે! કયારે વ્યાધિ, વિડંબનાઓ હાજર થશે? તે કહી શકાય નહિ સહજ ઠોકર

વાગતાં પણ ગબડી પડાય. જો અકસ્માત્ થાય તો પ્રાણો નષ્ટ થાય. તથા રોગો આવતાં ઘણી પીડાઓ ઉપજે. એટલે સુકોમળ કેળ જેવી કાયાને બગડતા, નાશ પામતા વિલંબ લાગતો નથી. માટે જ્યાંસુધી કાયા બગડે નહિ ત્યાંસુધી શુભ વ્યવહારના યોગે, આત્માનું હિત કલ્યાણ કરવા જીનેશ્વરની આજ્ઞાની રીતસર આરાધના કરી સેવાભક્તિ, ભજન, કીર્તન કરી લો, કે, જેથી સારા સંસ્કારોનો વાસ થાય. અને તેના યોગે સદ્બુદ્ધિ, સદ્વિચાર અને સદ્વિવેક પ્રાપ્ત થાય. આ મુજબ સદ્વિવેક આવતાં આત્મધન, આત્મિક ગુણોની ઓળખાણ થતાં, દુનિયાદારીમાં ફસાવાનું થશે નહિ. કાયા, માયા ઉપર મમતા રહેશે નહિ. સત્ય સમજણના યોગે બલ ફોરવવાથી અનુક્રમે અન્તરાત્મા બની પરમપદમાં સ્થાપન થવાશે.

એક હંસના બચ્ચાની માફક—બગલાના સમુહમાં એક હંસનું બચ્ચુ આવી ગએલ હોવાથી, ભ્રમિત બની, તે બગલાની માફક આચરણ કરવા લાગ્યું. પોતાની જાતનું અને પોતાના સ્થાનનું તેને ભાન રહ્યું નહિ. તેથી પોતાને બગલું માનવા લાગ્યું. એવામાં પરિભ્રમણ કરતો એક હંસ, બગલાની સાથે રહેલા પોતાની જાતના હંસને દેખી કહેવા લાગ્યો કે, અરે આ બગલાના ટોળામાં રહેલ હંસ? તારી જાતિ, સ્થાન અને આચરણ જુદા પ્રકારના હોવા જોઈએ. તેના બદલે બગલાની માફક વર્તન કરે છે. તેથી મને અચંબો થાય છે. તું ક્યાંથી આવીને આવા ટોળામાં ભરાઈ

પડ્યો છે. અને આચરણ પણ બગલાની માફક કરે છે. મારા સન્મુખ તો જો ? તને માલુમ પડશે કે, આ ટોળાથી મારી જાતિ, જ્ઞાતિ અને વર્તન જુદા છે ઘણીવાર કહેવાથી તેણે હંસ સામે જોયું. તેથી ભ્રાન્તિ દૂર થઈ ગઈ. અને સમજણ પડી કે, હું બગલો નથી. પણ હંસ છું. મારે આ ટોળામાં હવે રહેવું જોઇએ નહિ. બગલાઓએ ઘણી રીતે પોતાના સમુહમાં રાખવા ખાતર સમજાવ્યો. પણ સત્ય સમજણના યોગે, તેમાંથી ખસી, સત્ય હંસની સાથે લહેર કરવા લાગ્યો. અને મોતીનો ચારો ચરી પોતાના આત્માને પવિત્ર કર્યો. અરે ભાગ્યશાલીઓ ? બગલાના ટોળા જેવી દુનિયાદારી છે. અને હંસ જેવો તમારો પોતાનો આત્મા છે. પરંતુ તે આત્મા, અજ્ઞાનતાના યોગે દુનિયાદારીમાં ફસાઈ પડ્યો છે. તેમજ સુકોમળ કાયા મળી છે. સંતાપ, પરિતાપ, વલોપાતાદિકથી આ કાયા ક્યારે બગડી જશે તે કહી શકાય નહિ. માટે તે બગડી જાય નહિ તે પહેલાં, દુનિયાદારીની આસક્તિનો ત્યાગ કરી, પરમહંસ, પરમાત્માની વાણીને હૈયામાં ધારણ કરી, હંસ એવા આત્મામાં લગની લગાડો. હંસ એવા આત્માને ઓળખ્યા વિના સંસારની માયાજાળમાં ફસાઇ, ભલભલા, રાજા, મહારાજા, શ્રીમંતો, સત્તાધારીઓ, હાથ ઘસતા ચાલ્યા ગયા. તો પછી પામરનો શો ભાર છે કે, માયામમતાથી મુક્ત બની, આત્માને ઓળખી, સ્વકલ્યાણ સાધી શકે ? સાધી શકે જ નહિ. પામર કોને કહેવાય કે, જે દુનિયાદારીમાં ફસાઈ પડ્યા છે. અને જેણે પોતાનું

શ્રેયઃ સાધ્યું નથી તે. રાજા, મહારાજા વિગેરેને પણ પામર કહી શકાય. તેમાં બાધ જેવું નથી. કારણ કે, તે ભવિષ્યમાં પામર બનવાની કાર્યવાહી કરી રહેલ છે. સત્તાથી કે શ્રીમંતાઈથી પામરતા ખસતી નથી. આત્માને ઓળખી આસક્તિનો ત્યાગ કરવા પૂર્વક, દાન, શીયળ, તપ, ભાવના-રૂપ ધર્મની આરાધનાના યોગે જ પામરતા દૂર ખસે છે. તમે એમ માનતા નહિ કે, અમો શ્રીમંત છીએ. સત્તાધારી છીએ. તેથી પામરતા આવશે નહિ. અને ભવિષ્યમાં મોજ મજા માણીશું. પણ તમો દુનિયાદારીમાં આસક્ત બનેલ છો. કાયામાયાને આત્માથી ભિન્ન માની નથી. તેથી જ મોજમજાને માણવાનો વખત ક્યાંથી આવશે ? મોજમજા કોણ માણે ? જે કાયામાયાથી જુદા એવા આત્માને સમજી, સ્વપરના કલ્યાણ માટે પરાયણ હોય તે જ. કાદવ, કીચડમાં રહેલા કીડાઓ પણ, તેમાં આસક્ત બનેલ હોવાથી, શું મોજમજા માણી રહ્યા છે ! નહિ જ. વિવિધ ભય તો તેઓને પણ રહેલ છે. જ્યાં ભીતિ, ચિન્તા, અદેખાઈ, દ્વેષાદિક હોય, ત્યાં મોજ માણી રહ્યા છે તે કેમ માની શકાય ? માયા, મમતા, રાગ, દ્વેષ વિગેરે કાદવ–કીચડ સમાન છે. તેને જ્ઞાનીઓ દુનિયાદારી કહે છે. આવી દશામાં રહેલાને કીડા સમાન કહેવાય છે. તેમાં અને કીડામાં કાંઈ તફાવત નથી. કીડાઓને ચાર સંજ્ઞા વ્યક્ત અને અવ્યક્ત રહેલી છે. મનુષ્યોને પણ ચાર સંજ્ઞાઓ રહેલી છે. કીડાઓ પણ કોઈ રીતે જીવન પુરૂ કરે છે. મનુષ્યો જો ગમે તે

પ્રકારે જીવન પુરૂ કરે તો, કીડા સમાન કહેવાય. મનુષ્ય તરીકે જીવન જીવવું હોય તો, માણસાઈ લાવવા સાથે પ્રભુના ગુણોમાં દૃષ્ટિ લગાવો. તેમના ગુણોનું સદા સ્મરણ કરો. સંસારની આંટીઘુંટીથી અલગા રહો. તેથી જ કરેલો વ્યવહાર, સંસારની માયામમતા વિગેરેમાં શંખની માફક નિર્લેપ રાખશે. શંખ, પંચવર્ણી માટીના આધારે મ્હોટો થાય છે. છતાં નિર્લેપ રહી ઉજ્વલ બને છે. ત્યારે જ તેની મહત્તા, પ્રશંસા થાય છે. અને તેની ઉપમા અપાય છે. જેઓ દુનિયાદારીમાં ફસાઈ પડે છે. તેનો ભાવ કોઈ પુછતું નથી. જ્ઞાનીઓ તેઓને માણસાઈ વિનાના પણ માને છે. સંસારમાં સારા કહેવરાવવા ખાતર, તેમજ મહત્તા મેળવવા માટે વાડી, બાગ, બગીચામાં તથા ગાડી, લાડીમાં લાખો, કરોડો ખરચાય છે તેથી સાચી મહત્તા સમ્યગ્ જ્ઞાનીઓ માનતા નથી. આવી મહત્તાને, પાપોદયે ખસતા વાર લાગતી નથી. તે વેલાએ મહત્તાને, બદલે મોતના ભણકારા વાગે છે. ચારે બાજુએથી ભય આવીને ઉપસ્થિત થાય છે. કારણ કે જીનેશ્વરના ગુણોને ગાઈને માનસિક વૃત્તિને સ્થિર કરી નથી. સહન કરવાની શક્તિ મેળવી નથી. જો પ્રભુના ગુણોમાં ગુલ્તાન બની, ગુમાનનો ત્યાગ કરી પ્રાપ્ત કરેલ ધનનો સદુપયોગ કર્યો હોત તો, એવી અવસ્થામાં પણ આનંદ થાત. અધિક સ્વધર્મે, આત્મધર્મે સ્થિરતા થાત. "દુઃખદાયી અવસ્થામાં, વિપત્તિના વખતમાં, નિર્ભયતા અગર સહનતા ધારણ કરવી તે સાચી મહત્તા છે." આવી

મહત્તાની પ્રશંસા જ્ઞાનીઓ પણ ગાય છે. અને અન્તરના શત્રુઓનું જોર કમી થાય છે. અને આત્મિક વીર્ય અધિક ફોરવે તો, કામક્રોધાદિક મૂલમાંથી નાશ પામે છે. દુનિયાદારીમાં આસક્ત નહિ બનેલા પુણ્યશાળીઓ પાસે પણ વાડી, ગાડી, લાડીઓ હતી. અને તેના પોષણ ખાતર લાખો રૂપૈયા ખરચતા હતા પણ ખરા, તેમાં પરંતુ અનાસક્તિએ રહીને જીનેશ્વરના ગુણોને ભૂલતા નહિ. ગુણી અને ગુણાનુરાગી બનેલ તે મહાભાગ્યશાલીઓએ વિપત્તિની વેળાએ વલોપાત કર્યો નથી. પણ સહનતા રાખી સત્ય, મહત્તા મેળવી છે તેથી જ તેમની મહત્તાને જ્ઞાનીઓ વખાણે છે. જ્યાં સુધી પરમપદ પમાતું નથી. ત્યાં સુધ તો વિપત્તિઓ કોઈ કોઈ વેલાયે આવવાની જ. માટે એવી અવસ્થામાં સ્થિરતા રહે, તે જ સાચી મહત્તા. મહોટાઈ વિનાના લાખો કરોડોએ મરણ પામી, મસાણમાં બધી દુનિયાદારીના સગાંવહાલાં હોતે છતે પણ તેમના શરીરો બળીને ખાખ થયા. સંસારની મોટાઈ પણ સાથે સાથે મરણ પામી. કોઈપણ તેઓને યાદ કરતું નથી.

એક ધનાઢ્યની માફક, કોઈ એક શેઠે સંસારના સુખ ભોગવવા ખાતર, સોના મહોરો, ઝવેરાત વિગેરે ઘણું ભેગું કર્યું. પરંતુ સગાંવહાલાંના વિશ્વાસના અભાવે પોતાના સુવાના પલંગ નીચે ગુપ્ત રીતે મોટો ખાડો ખોદી તેમાં સોનામહોરોનો ચરૂ મૂક્યો. અને ઝવેરાતને પલંગની ઈસોમાં ભર્યું. આ સઘળુ કામ જ્યારે પુત્રપરિવાર

નિદ્રાવશ બને છે ત્યારે જ કરે છે. તેથી પુત્રપરિવાર વિગેરેને ખબર પડતી નથી. તથા ચરૂથી ભરેલ અને ખાડામાં ઉતારેલ સોનામહોરોની મમતાના યોગે, તેના ઉપર પલંગને સ્થાપન કરી સૂઈ જાય છે. અને મનમાં માને છે કે, જ્યારે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે તેની વ્યવસ્થા કરીશ. આ શેઠે તો વાડી, ગાડી વિગેરેમાં આબરૂ વધારવા લાખો ખરચ્યા હશે. તો પણ મરણ પાસે આવ્યું. તેથી આત્મકલ્યાણ સધાયું નહિ. પરોપકારાદિકમાં પૈસા ખરચાયા નહિ. અને ઓચિંતુ પરલોકે જવું પડયુ. કાયા બળીને ખાખ થઈ. આવા શ્રીમંતો, શુભ સંસ્કારો ક્યાંથી લઈ જાય? સાથે લઈ ગએલ અશુભ સંસ્કારોના યોગે, દુઃખ, વિપત્તિઓ ઉપસ્થિત થાય તેમાં દોષ કોનો? પોતાનો જ. આ દુનિયાદારી બાજીગરની બાજી જેવી છે. ભલભલા અજ્ઞાનતાના યોગે ભૂલા પડી સર્વસ્વ, સ્વહિત ગુમાવી, આ લોકમાં અને પરલોકમાં હેરાન, પરેશાન થાય છે. સમ્યગ્જ્ઞાની સદ્ગુરૂ કહે છે કે, બે ઘડી મનને સ્થિર કરવા પૂર્વક સર્વ આકાંક્ષાનો ત્યાગ કરી આત્માના ગુણોમાં લીનતા, એકતા કરો. ત્યારે આત્માનાં ગુણોમાં રમણતા વડે કેવો આનંદ આવશે તેનો ખ્યાલ આવશે. આ સિવાય વાડી, ગાડી અને લાડીમાં જે તમોને આનંદ આવે છે. તે વિકારી છે. અને વિકારી આનંદને ખસતા વિલંબ થતો નથી. જ્યારે તે આનંદ ખસી જશે. ત્યારે અફસોસનો પાર રહેશે નહિ. માટે જંજાલમાં ફસાવનારી દુનિયાદારીમાં આસક્ત બનો નહિ. જો બનશો તો તમારી આગળ રહેલા

ચઢવાના સાધનો બુડવાના બનશે. કારણ કે, આ જંજાલ જુઠી છે. અસત્ય છે. ફસાવનારી છે. આત્મિક ગુણોમાં રમણતા કરતાં વિવિધ વિઘ્નો ઉત્પન્ન કરનારી છે. માટે કહેવત છે કે, **"ઢેઢની છોકરી ઢાકળે રાજી"** આવી કથનીને સાર્થક કરો નહિ.

એક રાજાની પાસે અશ્વના વેપારીએ પંચકલ્યાણી અશ્વ, ઘોડો, ભેટ તરીકે મૂકયો. અને તેના વેગની તથા ગુણની પ્રશંસા કરી. રાજાએ લાખ રૂપૈયા આપી તે વેપારીને ખુશ કર્યો. હવે અશ્વનો વેગ જાણવા માટે તેના ઉપર આરૂઢ થઈ સહેલ માટે નીકળતા ભયંકર અટવીમાં આવ્યો. લગામને જેમ ખેંચે તેમ અધિક વેગમાં આવી તે ઘોડો દોડે છે. છેવટે કંટાળી રાજાએ લગામ મૂકી દીધી. અશ્વ ઉભો રહ્યો. પરંતુ સૂર્યના પ્રખર તાપથી રાજા તૃષાતુર બન્યો. પાણી ન મળવાથી મૂર્છાગત બની, આ જંગલમાં પૃથ્વી ઉપર ઢળી પડ્યો. એવામાં એક ઢેઢની છોકરી ત્યાં છાણાં વિણવા આવી છે. તેણીએ આવી દશાવાળા રાજાને દેખ્યો. અને પોતાની પાસે બતકમાંથી પાણી પાયું. અને મૂર્છા દૂર ગઈ. રાજાને ચેતન આવ્યું. ત્યારે છોકરીને કહ્યું કે, જો તેં પાણી પાયું ન હોત તો મારા પ્રાણો નાશ પામત. પાણી પાવાથી તું મારી પ્રાણદાતા બની. માટે ચાલ મારી સાથે. મારી પુત્રી તરીકે રાખી તને સુખી બનાવીશ. છાણાં, ઈંધણા વિણવાનું કષ્ટ રહેશે નહિ. તેણીએ કહ્યું કે, મારે આવવું નથી. છાણાં, ઈંધણા ત્યાં વિણાય નહિ. મને આ જંગલમાં

છાણા વિણવા દો. રાજાએ વિચાર કર્યો કે, રાજ મહેલમાં કેવો આનંદ છે તેની, આ અજ્ઞાની બાળાને શી ખબર પડે? "જરૂર આવી જંજાલમાં પ્રીતિવાળા પ્રાણીઓને રાજમહેલના આનંદનો ખ્યાલ આવતો નથી. તેથી કષ્ટમાં ને કષ્ટમાં જીવન વીતાવે છે." આ નૃપતિ અનિચ્છાએ તેણીને પોતાના રાજમહેલે લઈ ગયો." મહારાણીને ઉપકારની વાત કહી. તેથી રાણીએ દીકરી તરીકે રાખી. નવરાવી, સુંદર વસ્ત્રાભૂષણો પહેરાવવા પૂર્વક મનોહર મિષ્ટાન જમાડે છે. અને ઘણી સાર સંભાળ રાખે છે. પણ આ ઢેઢની છોકરીને અહિં પસંદ પડતું નથી. છેવટે ઢોકળા બનાવીને જમાડી ખુશી ખુશી કરી. ત્યારે તેણીને આનંદ પડવા લાગ્યો. રાજા રાણીને અફસોસ થાય છે કે, સુંદર ઉમદા ભોજનનો ત્યાગ કરી આ કુકશાના ઢોકળામાં રાજી થાય છે. કેવી અજ્ઞાનતા? આ મુજબ મનોહર અને સત્ય સુખને અર્પણ કરનાર પ્રભુ ભજનનો અને જ્ઞાનામૃતનો ત્યાગ કરી મોહઘેલા માનવીઓ તુચ્છ દુનિયાદારીમાં પ્રેમ રાખી ખુશી થાય છે. અને આવી સંસારની સ્થિતિ હોવાથી સત્ય સુખની અભિલાષા ક્યાંથી પ્રાપ્ત થાય! ઝાંઝવાના નીરમાં સત્યજલ ક્યાંથી મળે? ઝાંઝવાના નીરમાં સત્યજલ માનવું તે જ અસત્ય છે. ભ્રમણાના યોગે, મિથ્યાત્વના યોગે, આવી દુનિયાદારીમાં મનુષ્યો મુગ્ધ બને છે. પણ તેઓને માલુમ પડતી નથી કે, સાંસારિક સુખમાં મહાલતા અને પ્રીતિ રાખતાં કાળ પાછળ લાગી રહ્યો છે. તે ક્યારે ઝડપી લેશે! તેમજ

સર્વ ઈચ્છાઓ અને આશાઓ ક્યારે નષ્ટ કરશે. તેની પણ ખબર પડતી નથી. જો માલુમ પડતી હોય તો પોતાના આત્મધર્મમાં, આત્મસ્વરૂપને સાચવી વ્યવહારના કાર્યો કરતા ઘણી સાવધાની રાખે સાવધાન બનવા માટે તો, સુદેવ, સુગુરૂ અને સુધર્મને સેવવાની આવશ્યકતા રહેવાની. આ સિવાય મુગ્ધ માનવીઓ સ્વયમેવ સાવધાન બનતા નથી. ગુરૂદેવ ફરમાવે છે કે, સંસારમાં **"મરજીવા થઈને રહો"** તેથી તમારી ધારણા પૂર્ણ થશે. સત્યજીવનને જીવી શકશો. અન્યથા કાળ ઝડપી લેશે ત્યારે તમારી લાજ કેવી રીતે રહેશે!

એક પારેવાનું ટોળુ અનાજ ખાવા માટે ઉડી રહ્યું છે. તેમાં એક વૃદ્ધ અનુભવી કહે છે કે. અરે બચ્ચાઓ, અનાજ ખાતા પહેલાં વિચાર કરીને ખાજો. કેટલાક પાપી પારધિઓ જાળમાં અનાજ નાંખી તમોને પકડી મારી નાંખવાની યુક્તિઓ રચે છે. માટે તેવા ખોરાકમાં લંપટ બનતા નહિ. જો લંપટ બનશો તો યમ જેવા તેઓ, તમોને ઝડપી લઈ મારી નાંખશે. પછી તમારી લાજ શરમ તથા હુંશીઆરી ચાલશે નહિ. અને રહેશે પણ નહિ. આ સાંભળી, માન્યું, ન માન્યું કરીને તે ટોળું આગળ જાય છે. તેવામાં એક પારધિએ જાળમાં અનાજ નાંખેલ હોવાથી, તે ટોળું ખાવાની લાલચે તે જાળમાં ફસાઈ પડયું. પાંખો અને પગ તેમાં બંધાઈ ગયા. વૃદ્ધ પારેવો એક ઝાડના ઉપર બેઠેલો છે. ફસાઈ પડેલા પારેવાઓને હવે ખ્યાલ આવ્યો કે, મારી નાંખવા માટે આ જાળમાં અનાજ નાંખેલ છે.

હવે પેલો પારધિ જરૂર મારી નાંખશે. હવે શો ઉપાય ? વૃક્ષ ઉપર આરૂઢ થએલ અનુભવીએ ઠપકો આપ્યો. મારૂ કહ્યું માન્યું નહિ. હવે તમારે મરવાનો વખત આવી લાગ્યો. દૂર બેઠેલો પેલો પારધિ, તમોને હવે જીવતા રાખશે નહિ. આ મુજબ સાંભળી તે ટોળાએ આજીજી કરવા પૂર્વક વિનતિ કરી કે, હવે બચવાનો કોઇપણ ઉપાય છે ! તમે કહેશો તે મુજબ સાવધાની રાખી વર્તશું. હા ઉપાય છે. જો તમે સઘળા **મરજીવા** બનીને રહો તો બચાવ છે. બહાર દેખાવમાં મરણ પામેલાની માફક રહો, અન્તરમાં ચેતતા રહો. અને જ્યારે પેલો વાઘરી આવે, અને એક એકને મરેલા જાણી જાલના બંધનમાંથી મુક્ત કરી દૂર નાંખે, ત્યાં સુધી તમારે **મરજીવા** થઇને રહેવું. પાંખો પણ ફફડાવવી નહિ. જો ફફડાવશો તો તે તમોને સઘળાને મારી નાંખશે ! માટે જ્યારે તમો જાલમાંથી છૂટા થાઓ ત્યારે, એકી સાથે આકાશમાં ઉડી જવું. આ પ્રમાણે વર્તન કરશો તો જ તમારો બચાવ થશે. નહિતર મરી ગયા જાણજો. આ મુજબ સાંભળી સઘળા પારેવા **મરજીવા** થઇને એકી સાથે આનંદથી ઉડી ગયા. અને તે વૃદ્ધના કહેવા પ્રમાણે વર્તવા લાગ્યા. આ મુજબ અનુભવી સમ્યગ્-જ્ઞાની ફરમાવે છે કે, દુનિયાદારી એકદમ દૂર જશે નહિ. પણ વ્યાવહારિક કાર્યોમાં પારેવાના ટોળાની માફક **મરજીવા** થઇને રહેશો તો કાળનું જોર ચાલશે નહિ. થોડા ભવોમાં કાળનો પરાજય કરવાપૂર્વક, અનંત સુખ, સમૃદ્ધિનું સ્થાન

મળી રહેશે. દરેક પ્રાણીઓને આયુષ્ય પૂર્ણ થતા એકલા જવું પડે છે. કોઇ પણ સાથે આવતું નથી. આવેલ નથી. અને આવશે પણ નહિ. જ્યારે જશો ત્યારે એકલા જ જશો. સાથે **મરજીવા** થઇને જેટલો આત્મવિકાસ સાધ્યો હશે, તે સાથે આવશે. તેથી **મરજીવા** બનવા માટે શ્રીમદ્ બુદ્ધિસાગર એટલે કેવળજ્ઞાની તીર્થંકરનો, તથા આચાર્ય, સદ્ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરનો હાથ પકડો. એટલે તેમની આજ્ઞા મુજબ **મરજીવા** થઇને અપાર સંસારમાં તમારી શરીરનૌકાને ચલાવો. રાગ, દ્વેષ, મોહ, મમતા, અદેખાઈ વિગેરેનો ત્યાગ કરવાપૂર્વક, **મરજીવા** થઇને રહેશો તો જ કાળનો ઝપાટો લાગશે નહિ. અનુક્રમે દુનિયાદારીનાં જંજાલમાંથી અલગા થશો ત્યારે જીવનમાં અનહદ આનંદની લહેરીઓ આવતી રહેશે. અને **મરજીવા** થયા સિવાય રાગ, દ્વેષ, મોહના ઝપાટા લાગશે ત્યારે લહેરને બદલે લ્હાય, હાય, હૈયામાંથી ખસશે નહિ. જ્યારે સમ્યગ્-જ્ઞાનીઓ, **મરજીવા** થઇને રહ્યા ત્યારે જ રાગ, દ્વેષ, મોહાદિને હઠાવી અનુક્રમે પરમપદને પામી અનંત સુખ, સમૃદ્ધિના સ્વામી થએલ છે. સર્વ સંતાપ, પરિતાપાદિકથી મુક્ત થયા છે. સિદ્ધ, બુદ્ધ થયા છે. અને અનંત, અક્ષય સ્થિતિને પામ્યા છે. માટે અરે મનુષ્યો દુનિયાદારીમાં આસક્ત બનો નહિ.

આ પ્રમાણે એકવીસમા પદની રચના કરી હવે બાવીસમા પદની કાવ્ય દ્વારા રચના કરતા ઉપદેશ આપે

છે કે, તન, ધન, યૌવન પામીને તેની સફલતા, સાર્થકતા કરવા માટે ઘણા સાવધાન બનો. ચેતીને ચાલશો તો જ સુખાભાસ જેવું કાંઈક મળશે. અન્યથા ક્ષણે ક્ષણે ચિન્તા આવીને વળગશે. વ્યાધિ, વિડંબનાઓ ઉપસ્થિત થશે. સાંભળો :—

(ચેતાવું ચેતી લેજો રે, એ છે બાલપણાનો બેલી. એ–રાગ)

**ચેતાવું ચેતી લેજો રે, એક દીન જરૂર ઉડી જાવું,**
**ધૂળની માયા ધૂળમાં મળશે, ફોગટ મન પસ્તાવું.**
**ચેતાવું ॥૧॥**

**સ્વપનાની સુખલડી દેખી, ફોગટ મન લલચાવું,**
**તન ધન જોબન પામી સંતો, શું મનમાં હરખાવું.**
**ચેતાવું૦ ॥૨॥**

**આશા બેડીએ બંધાણો, પરધન ખાને ખાવું,**
**નીચાં કર્મ કરીને અંતે, નાહક નરકે જાવું.**
**ચેતાવું૦ ॥૩॥**

**ભૂલી આતમ જ્ઞાનકી બાજી, માયામાં લપટાવું,**
**ભ્રમણામાં ભૂલીને ભાઈ, બ્રહ્મસ્વરૂપ કેમ પાવું.**
**ચેતાવું૦ ॥૩॥**

**તારૂં તારી પાસે જાણી, મમતામાં દિલ લાવું,**
**અલખ નિરંજન આતમજ્યોતિ, બુદ્ધિસાગર ધ્યાવું.**
**ચેતાવું૦ ॥૫॥**

હે ભવ્યો ! તમારી સાચી વસ્તુઓ તમારી પાસે નજીકમાં નજીક છે. તે તમોએ પીછાની ! ઓળખીને આદર કર્યો ? જે, પોતાની પાસે રહેલ પદાર્થોને પીછાન્યા સિવાય, અન્ય પદાર્થોને ઓળખવા ખાતર, જીવનપર્યંત અથાગ પ્રયાસ કરી રહેલા છે. તે ભ્રમિત બની ભૂલ્યા છે. અને સમ્યગ્‌જ્ઞાનીના સમાજમાં હાંસીપાત્ર બન્યા છે. નાસિકાના અગ્રભાગે સમીપમાં રહેલ ચશ્માને ભૂલી, અન્યત્ર શોધવા લાગી જાય તેઓને કેવા માનવા ? મારા ચશ્મા કયાં ગયા ! કયાં ગયા ! આ મુજબ બોલવામાં હાંસીપાત્ર જ બનાયને ? સામે દેખનાર સજ્જને કહ્યું કે, તારી પાસે રહેલ નાશિકાના ઉપર જ છે ને ! કયાં બૂમો પાડયા કરે છે ! ચિત્તને ઠેકાણે રાખી, સ્થિર કરી જોતો ખરો ? આ મુજબ શોધવાથી અને પોકારો પાડવાથી હાંસીપાત્ર બન નહિ. આ મુજબ આત્મજ્ઞાન, ધ્યાનને ભૂલી ભ્રમણામાં બીજે કયાં પરિભ્રમણ કરો છો ? ચેતી જાઓ. તમારી સત્ય વસ્તુ જે સમીપમાં રહેલી છે. તેને બરોબર વિચાર અને વિવેક કરી તથા સ્થિરતા ધારણ કરીને ઓળખશો ત્યારે જ સઘળી દોડદોડી, ધમાલ કરવી પડશે નહિ. તથા વસ્તુઓ ખાતર બૂમો પાડવી પડશે નહિ. આત્મજ્ઞાન, ધ્યાનનો ત્યાગ કરીને અન્ય વસ્તુઓને પ્રાપ્ત કરી, સાચા સુખની આશા રાખશો તો, તે આશા ફલવતી બનશે નહિ. કારણ, તે પદાર્થોનો જે સંયોગ થએલ છે. તે વિયોગવાળો છે. જ્યારે તે ખસી જશે ત્યારે વલોપાત કરવા પડશે. માટે તેમાં સત્ય સુખની

આશા રાખવી તે વૃથા છે. ફોગટ છે. કારણુ કે, એક દિવસ એવો આવશે કે, તે મહામહેનત કરીને મેળવેલ અને ચિત્ત દઈને સંભાળી રાખેલ તન, ધન, ગાડી, વાડી અને લાડી વિગેરેને મૂકવાનો વખત આવી લાગશે અગર સર્વસંયોગે મળેલા સ્વજનવર્ગને પણ મૂકી, ઉઠીને પરલોકે પધારવું પડશે. તે વખતે આનંદ સાથે ગમન કરવા માટે પ્રથમ તૈયાર થાઓ. જો તેવી તૈયારી કરી હશે તો બાધ આવશે નહિ. વિઘ્નો પોતાની મેળે દૂર ટળશે. નહિતર જેમ બાળકો ધૂળના ઘર બનાવે છે. અને મનોવૃત્તિ કલ્પિત તે ઘરમાં જુદી જુદી ધૂળની વસ્તુઓ બનાવી ગોઠવે છે. તથા લાડુ બનાવી, દાળ શાક બનાવી ખાવા માટે બેસે છે. પણ તેમની ભૂખ ભાગતી નથી. અને માતપિતા બોલાવે ત્યારે, તે બનાવેલ ઘરને ધૂળ ભેગા કરીને ભોજન કરવા દોડે છે. જ્યારે સાચુ ભોજન કરે છે. ત્યારે કુદંકુદા કરે છે. આ મુજબ તમોએ પણ ધૂળ, રેતી, માટી, ચુના, સીમેંટના ઘર બનાવી, વિવિધ વસ્તુઓ, ફરનીચર વિગેરે ગોઠવ્યા. તે પણ વસ્તુતઃ માટીના અને ધૂળના છે. તે જ્યારે નષ્ટ થશે. ત્યારે પસ્તાવાનું થશે. માટે તેવા મકાનો બનાવી અને રાચ, રચીલો ગોઠવી મલકાવા જેવું નથી. આતો સ્વપ્નમાં સુખડી ખાવા જેવું છે. અને રાજ્ય મળવા જેવું છે. જાગ્રત થતાં જે નજરે દેખાતું નથી. શા માટે ! સાચા સુખનો અનુભવ કરવા પ્રમાદ કરો છો અને કલ્પેલા મકાનોમાં તથા કલ્પિત વસ્તુઓમાં અગર રાજ્ય,

રાણી વિગેરેમાં મમત્વ ધારણ કરી મહાલ્યા કરો છો, પણ તેઓનો વિશ્વાસ રાખવો તે આત્મવંચના છે.

ભર્તૃહરી મહારાજાને વૈરાગ્ય થયાં પહેલાં રાજ્યમાં, રાણી પિંગલામાં, તેમજ હાથી વિગેરેમાં ઘણી પ્રીતિ હતી. તે સંયોગે તેઓ, મહેલમાં એવી માન્યતા ધરાવતા કે, આ રાણી, મહાવત વિગેરે બેવફા થશે નહિ. અને મારા સુખમાં સહારો આપશે. આમ ધારી, તેમના પડતા વચનોને ઝીલી, તે મુજબ વર્તન રાખવામા ખામી રાખતા નહિ. પરંતુ પિંગલા રાણી તો મહાવતમાં આસક્ત બની. તેની સાથે પણ વિલાસ કરવા લાગી. મહાવત પણ બીન વફાદાર બની રાણીમાં રાગી બન્યો. ઘણો પૈસાદાર બનેલ હોવાથી પોતાની નારી અને પિંગલામાં સંતોષી ન બનતા, એક રૂપવતી વેશ્યામાં આસક્ત બન્યો. જે જે ઉમદા વસ્તુ મળે તે તે તેણીને ખુશ કરવા અર્પણ કરતો. પિંગલા રાણી પણ પોતાના પતિ તરફથી જે સુંદર વસ્તુ મળતી તે મહાવતને આપતી. ભર્તૃહરિ મહારાજાને માલુમ નથી કે, આ પ્રમાણે તેઓ વર્તી રહ્યા છે. વિષય વિલાસમાં મગ્ન બનેલને દુનિયામાં, રાજ્યમાં અને પોતાના મકાનમાં, શું કારસ્થાન બની રહેલ છે. તેની કયાંથી માલુમ પડે? મહારાજાને સંપૂર્ણ વિશ્વાસ છે. આ લોકો દગો દેશો નહિ. પરંતુ એવું બન્યું કે, એક મુકુંદ નામનો બ્રાહ્મણ પૈસે ટકે ઘણો દુઃખી હતો. તેથી પોતાના પેટનું પણ પોષણ કરવામાં અશક્ત હતો. તેથી તેણે વિચાર કર્યો કે, હરસિદ્ધિ માતાની

આરાધના કરું તો તે પ્રસન્ન થઇ મારૂ સંકટ કાપશે. આમ ધારણા રાખી તેણે માતાની અનન્યભાવે આરાધના કરવા માંડી. બે ત્રણ માસમાં માતા પ્રગટ થયા. અને કહ્યું કે, શા માટે મારી આરાધના તેં કરી છે? બ્રાહ્મણે કહ્યું કે, હું ઘણો દુઃખી છું. માટે મને યથેચ્છ લક્ષ્મી, ધન આપો. માતાએ કહ્યું કે, તેં પહેલાના ભવમાં પુણ્ય કર્યું નથી. તેથી તારા ભાગ્યમાં લક્ષ્મી, ધન છે જ નહિ. પણ તને અમૃત ફલ આપું છું. તેથી જો તું તે ફલને ખાઈશ તો નિરોગી અને બળવાન બનીશ. આ મુજબ કહી તથા અમૃત ફલ આપી માતા અન્તરધ્યાન થયા. બ્રાહ્મણે તે ફલને લઇ, સ્વઘરે આવીને વિચાર કર્યો કે, આ ફલને ખાઈને મારાથી અધિક લાભ, પરોપકારાદિ બનશે નહિ. માટે જો આ ફળ હું મહારાજાને અર્પણ કરીશ તો ખુશી થઇને મને ઘણું ધનાદિક આપશે. તે દ્વારા આજીવિકા ચલાવવામાં કષ્ટ પડશે નહિ. આમ વિચારી તેણે મહારાજાને તે વસ્તુ ભેટ તરીકે આપી. અને આ ફળ કેવા પ્રકારે પ્રાપ્ત થયું. તેની બીના કહી. તે સાંભળી રાજાએ મનમાન્યું ધન અર્પણ કરી તેને ખુશી કર્યો. મહારાજા ભર્તૃહરિ, અમૃત ફલ મળ્યા પછી વિચાર કરે છે કે, પ્રાણપ્રિયા પિંગલાને આ ફલ આપું અને તે ખાય તો, તે નિરોગી અને બલવતી બનશે. અને અધિક પ્રીતિ ધારણ કરશે. તેથી વિલાસોમાં વિઘ્ન આવશે નહિ. અને અમર જેવી બનશે. માટે તેણીને અર્પણ કરૂ. પિંગલાની પાસે આવી, અમૃત ફલનો મહિમા બતાવી, તેણીને અર્પણ કરી, મહારાજા

પ્રસન્ન થયા. હવે અમૃત ફલ મળ્યા પછી પિંગલા રાણી વિચાર કરે છે કે, મારા પ્રેમી મહાવતને અર્પણ કરૂ તો તેની સાથે વિષય–વિલાસ સારી રીતે ભોગવાય. તેથી પોતે ન ખાતા તેણીએ મહાવતને તે વસ્તુ આપી, તેનો પ્રભાવ કહ્યો. અને કહ્યું કે તું નિરોગી અને બલવાન્ હઈશ તો વિલાસમાં અધિકાનંદ આવશે. અમૃત ફલ મળ્યા પછી મહાવતે વિચાર કર્યો કે, મારા ઉપર પ્રીતિ રાખનારી વેશ્યાને આપું તો, તે ઘણી ખુશી થશે. અને અધિક માન સત્કાર કરશે. માટે તેણીને અર્પણ કરૂ. વેશ્યાના હાથમાં આ ફલ આવ્યા પછી તે વિચાર કરે છે કે, હું બલવતી બનીને તથા અમર જેવી બનીને અધિક પાપો બાંધીશ. આ ફળ ખાધા કરતાં મહારાજાને અર્પણ કરીશ તો તેઓ રીતસર પ્રજાપાલક બની, પરોપકાર વિગેરેમાં જીવન વીતાવશે. આવી શુભ ભાવનાના યોગે, વેશ્યાએ તે ફલ મહારાજાને આપ્યું. ભર્તૃહરિજી વિચારમાં પડ્યા. આ ફલ મુકુંદ બ્રાહ્મણે મને આપ્યું હતું. અને મેં મહારાણી પિંગલાને પ્રેમથી આપ્યું હતું. આ ફળ આ વેશ્યા પાસે ક્યાંથી આવ્યું હશે? આમાં કોઇક ભેદ લાગે છે. તેથી વેશ્યાને પુછ્યું. તું આ ફલ ક્યાંથી લાવી? અને કોના તરફથી મળ્યું. સત્ય બોલીશ તો નિર્દોષ ઠરાવીશ. અન્યથા દેહાંત દંડ થશે. ભીતિ પામેલ વેશ્યાએ કહ્યું. મને તમારા વહાલા મહાવતે આપ્યું છે. મહાવતને બોલાવી બરોબર ધમધમાવીને કહ્યું કે, આ અમૃતફલ તને કોણે આપ્યું? સાચુ બોલ. નહિતર અહિં જ પૂરો કરી નાંખીશ. મરણના ભયથી તેણે કહ્યું કે, મહા-

રાણી પિંગલાએ મને તે ફળ અર્પણ કર્યું છે. મહારાજાએ પિંગલાને કહ્યું કે, અમે તને જે અમૃતફલ આપેલ હતું તે ક્યાં છે ? તેણીએ કહ્યું તમારા કથન મુજબ મેં ખાધુ. હવે તે ક્યાંથી લાવું ? મહારાણી તમે તદ્દન અસત્ય બોલો છો. તમે ખાધુ નથી. પણ મ્હારા કરતા અધિક વહાલા પ્રિયતમને તમે આપેલ છે. તે સાચુ છે ? જો ખાધુ હોત તો આ ફલ મારી પાસે ક્યાંથી આવે ? સાક્ષાત્ આપેલ ફલને દેખી પિંગલા દિગ્મૂખ બની. ઉત્તર આપી શકી નહિ મૌન ધારણ કરવા પૂર્વક નીચે મુખ રાખી ભૂમિ તરફ જોવા લાગી. રાજા હવે સમજી ગયો કે, રાણીએ બેવફા થઇને દગો દીધો છે. સંસારના વિલાસો ક્યારે દગો દેશે, તે જાણી શકાય નહિ. વિલાસો પરિણામે વિનાશને નોતરે છે. આટલા દિવસો મારા વૃથા વ્યતીત થયા. આ મુજબ સંસારના સુખની સ્થિતિનો ખ્યાલ આવતા પ્રજ્ઞાવાન્ હોવાથી કાવ્ય વદે છે કે,

॥ यां चिन्तयामि सततं मयि सा विरक्ता,
साप्यन्यमिच्छति जनं सजनोऽन्य सक्तः ॥
अस्मत्कृते च परितप्यति काचिदन्या,
धिक् तां, च तञ्च मदनं च इमां च मां च ॥

જેની સારસંભાળ રાખવા નિરન્તર હું ચિન્તાઓ કરૂં છું. સદા નિરોગી રહે અને બલવતી બની રહે તે માટે ક્ષણે ક્ષણે ચિન્તાતુર બનું છું. તેજ મારા ઉપર વિરક્ત, રાગ વિનાની બની, અન્યજનને ચાહે છે અને તે નિરોગી,

બલવાન્ કેમ બને, તે માટે પ્રયત્ન કરી રહેલ છે. જેને માટે પ્રયાસ કરી રહેલ છું, તે માણુસ, અન્યમાં આસક્ત બને છે. તથા અમારા માટે કોઇ અન્ય નારી પરિતાપ, સંતાપાદિ કરે છે. આવી વિષયના વિલાસોની પરિસ્થિતિ છે. આવી સ્થિતિને સાક્ષાત્ નિરખી કોને વિરાગ થાય નહિ? આ મુજબ વૈરાગી બનેલ મહારાજા કહે છે કે, તેણીને ધિક્કાર થાઓ. અને તેને કહેતાં મહાવતને પણ ધિક્કાર થાઓ. કારણ કે, વેશ્યામાં આસક્ત બની, મહાવતે પોતાના જીવનનો વિચાર કર્યો નહિ. તથા તેઓની સાથે મદન કહેતાં કામને તથા પેલીને અને મને પણ ધિક્કાર છે. પ્રવીણ હોતે પણ હું પ્રેમ વિનાની નારીની દરરોજ ચિન્તા કરતો. આત્માની ચિન્તા કરતો નહિ. હવે બરોબર સમજણ આવી કે, વિષય–વિકારો તે વિનાશ કરનાર છે. સુખની ભ્રમણામાં ફસાવનાર છે. તેમાં ફસાએલ કદાપિ આત્મોન્નતિ કરી શકતો નથી. આ મુજબ સમજી, રાજપાટ, સ્વજનવર્ગ સર્વ સાધન સામગ્રીનો ત્યાગ કરી મહારાજાએ સંન્યાસ ધારણ કર્યો. જો તેમાં સાચું સુખ હોત તો તેનો ત્યાગ કરી શકત? નહિ. જ્યાંસુધિ સત્ય સુખની સમજણ પડતી નથી ત્યાંસુધિ ભલે રાજ્ય–વૈભવ હોય, ખમાખમા થતી હોય, પાણી માગતાં દુધ હાજર થતું હોય, તો પણ વિડંબના, વલોપાત ટળતા નથી. અને પસ્તાવાનો પાર રહેતો નથી. માટે સંસારના સુખના સાધનો મળ્યા હોય કે, મેળવેલા હોય, તેમાં હરખાવા જેવું નથી. તેનો ક્યારે વિયોગ થશે તે જાણી શકાશે નહિ.

આત્મોન્નતિના સાધનોને મેળવી હર્ષાતુર બનશો તો, તમારી પ્રવીણતા, પ્રમાણિકતા, વ્યાવહારિક જ્ઞાનની પ્રશંસા વિગેરે થશે. નહિતર, આશારૂપી ખાડાને પૂરવા જેમ જેમ પ્રયાસ કરશો, તેમ તેમ તે ખાડો ઉંડો જતો જશે. કદાપિ પૂર્ણતા પામશે નહિ. આશારૂપી બેડીથી જે બંધાએલ છે. તે પ્રાણીઓ ચારે ગતિઓમાં પુનઃ પુનઃ પરિભ્રમણ કરી અસહ્ય પીડા ભોગવે છે. આશા અવલચંડી છે. તેણીને બાંધી રાખીયે તો સારા જગતમાં દોડદોડ કરવામાં બાકી રાખે નહિ. અને કદાચ લાભ દેખાય તો જોઇ લો તેની ગમ્મત ? દરિયા કીનારે અગર નદી કિનારે, છીપલીયો દેખી, રૂપાની ભ્રમણાએ આશાબદ્ધ માણસો વિચાર કર્યા વિના દોટ મૂકે છે. આ દોટ, ધમાલ કોણ કરાવે છે ? અવલચંડી આશા. જ્યારે તેનો ત્યાગ કરીયે ત્યારે તે પરિભ્રમણ કરતી નથી. અને સ્થિરતાને ધારણ કરવા પૂર્વક આત્મગુણમાં લીન થાય છે. આવી તેની અવળી ગતિ છે. આની સવળી ચાલ કરવી હોય તો, તેણીને રજા આપો. બાંધી રાખો નહિ. બાંધેલી બહુ તોફાનો મચાવશે. મુક્ત થએલ તે આત્મસાધનો ઉપર પ્રીતિ ધારણ કરીને તેઓને મેળવશે. માટે સાંસારિક સુખની આશામાં મોહઘેલા બનો નહિ. તન, મન, ધનાદિકને પામીને આત્મકલ્યાણ ક્યારે કરશો ! તન, મન, અને ધન વિગેરેથી તમો સાધન સંપન્ન છો. તેનો સાચો લ્હાવો લેવા માટે ક્યારે પ્રયત્નશીલ બનશો ? આશાની બેડીમાં બંધાએલ તમો, જો તદ્દન નીચ કામ કરશો તો તદ્દન હલકી નરક-

ગતિમાં જઇ પડવું પડશે. આ કાંઇ ભય દર્શાવવા કહ્યું નથી. અનંતજ્ઞાનીઓ પોતાના કેવલજ્ઞાન દ્વારા ફરમાવે છે કે, મહાદુઃખદાયક સાત નરકાવાસો છે. તેમાં ફસાઈ પડેલાને એક ક્ષણ માત્ર પણ સુખશાંતિ નથી. પરમાધામીના તથા માંહોમાંહી લડાઈ કરવાથી ઉત્પન્ન થએલ વેદનાના કષ્ટો પારાવાર છે તથા જે કેટલીક ઉષ્ણ, શીતની પીડાઓ એવી છે કે, તેઓને અગ્નિથી સળગતી ચિતામાં તો, સુખશાતાનો કાંઇક અનુભવ આવે. તેમજ હિમાલયમાં કોઇ લઇ જાય તો નિરાંત વળે. આવા કષ્ટો જાણી તેઓને ટાળવા માટે, આત્મકલ્યાણના સાધનોમાં પ્રેમ ધારણ કરો. અને વિષય સુખની અંશાઓનો જ્ઞાનપૂર્વક ત્યાગ કરો. તેથી જ હવે પછી ભ્રમણામાં ભૂલા પડીને આત્મજ્ઞાનની બાજીને ભૂલશો મા. જો ભૂલ્યા તો આત્મજ્ઞાન વિનાનાં પંડિત બ્રાહ્મણની માફક હાંસીપાત્ર બનશો.

એક બ્રાહ્મણનો પુત્ર, યજ્ઞોપવીતને માતપિતા દ્વારા ધારણ કર્યા પછી, કાશીમાં ભણવા માટે ગયો. ત્યાં વ્યાકરણ, ન્યાય, છંદસ્, જ્યોતિષ અને પુરાણો ભણી પોતાના વતન તરફ આવવા નિકળ્યો, ગામની ભાગોળે આવ્યો. તેવામાં તેના મિત્રે, વ્યવહારમાં કેવો કુશળ છે. તે જાણવા ખાતર પ્રથમ સુખશાંતિના સમાચાર પુછ્યા. ભણીને આવેલ એવા તેણે પણ પોતાના સ્વજન વર્ગના સુખશાતાના સમાચાર પુછ્યા. મિત્રે કહ્યું કે, સઘળા સુખશાતામાં છે. પરંતુ તારી વહુ રાંડી છે. આ ભાઇને માલુમ નથી કે, હજી હું

પરણ્યો નથી. અને હું હયાત છું. તો પછી રાંડવાની વાત કેવી ? આ પંડિતને ભ્રમણા થઈ અને રડવા લાગ્યો. અરેરે મ્હારી વહુ રાંડી. આ મુજબ પોકારો પાડતો પોતને ઘેર આવીને રડવા લાગ્યો. માતપિતા વિગેરેએ પુછયું કે, ભાઇ તું શા માટે રડે છે! છાનો રહે. પછી તેણે રડવાનું મુકીને કહ્યું. મારી વહુ રાંડી. તો પછી કેમ રડું નહિ! માતપિતાએ હાંસી કરવાપૂર્વક કહ્યું કે, અદ્યાપિ તું પરણ્યો નથી. કદાચ તને પરણાવ્યો હોય તો, તું તો જીવતો છે. છતાં તારી વહુ રાંડે કયાંથી? ભણ્યો પણ ગણ્યો લાગતો નથી. તારૂં આ સાંભળી સઘળા સગાવહાલાં તારી હાંસી કરે છે, તું ભણ્યો ખરો, પણ પોતે પોતાને ભૂલી ગયો. આ મુજબ સાંભળી શરમીંદો બન્યો. આ પ્રમાણે માયા, મમતાએ તેમજ આશાએ, આત્મજ્ઞાનને ભૂલાવી ભ્રમણામાં નાંખ્યા છે. માટે સઘળી આશાઓનો ત્યાગ કરી તમે પોતે તમારા આત્માને તથા આત્માના ગુણોને બરોબર ઓળખવા માટે આત્મજ્ઞાનને મેળવો. સાંસારિક જ્ઞાન, વિજ્ઞાનને કષ્ટ સહન કરીને મેળવશો. તો પણ તેથી આત્મજ્ઞાન પ્રાપ્ત થવું અશકય છે. અને આત્મજ્ઞાન પૂર્વક આત્માને ઓળખ્યા સિવાય બ્રહ્મસ્વરૂપ, પરમપદ કયાંથી પ્રાપ્ત કરી શકશો ! માટે સદ્ગુરૂ કહે છે કે, અરે ભાગ્યશાલીઓ ? તમારૂં તમારી પાસે જ છે. તે બરોબર ઓળખી સ્વાધીન કરો.

અજ્ઞાનના યોગે માયા મમતા, રાગ, દ્વેષ, અદેખાઇ, વેર, વિરોધાદિકે તમારી સત્ય, અનંત સુખને આપનાર એવી

સત્તાને દબાવી રાખી છે. તેથી જ તમોને એક ઘડી પણ સુખશાતા મળી નથી મનની સ્થિરતા ઝામી નથી. માટે રાગ, દ્વેષ, મોહને, આત્મજ્ઞાન દ્વારા હઠાવી, સમત્વને ધારણ કરો. તેના યોગે જ, અચલનિરંજન આત્મજ્યોતિ, પરમપદ પામવા, અને કષ્ટોને હઠાવવા, શ્રી બુદ્ધિસાગર જીનેશ્વરનું ધ્યાન ધરો. આ મુજબ સદ્દગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી બાવીસમા પદમાં ફરમાવતાં કહે છે કે, અમો પણ પરમપદને પામવા અરિહંત જીનેશ્વરનું ધારણા રાખી ધ્યાન ધરીએ છીએ. તમો પણ પ્રમાદનો ત્યાગ કરી વીતરાગ, અરિહંતનુ ધ્યાન કરી આત્મોન્નતિ કરશો.

હવે સદ્દગુરૂદેવ, કર્મોએ દબાએલ ચેતનાને સ્વાધીન કરવા અને સ્વપર આત્માનો ઉદ્ધાર કરવા ૨૩મા પદના કાવ્યને કહે છે કે,

( અજપા જાપે સુરતા ચાલી. એ-રાગ )

સ્વપ્ના જેવી દુનિયાદારી, કદી ન તારી થનારી,
દૃષ્ટિ ખોલકર દેખો હંસા, મિથ્યા સબ જગકી યારી,
સ્વપ્ના૦ ॥૧॥

દર્પણમાં પ્રતિબિંબ નિહાળી,
શ્વાન ભ્રાંતિ બહુ ભસ્યો,
જુઠી માયા જુઠી કાયા, ચેતન તેમાં બહુ ધસ્યો.
સ્વપ્ના૦ ॥૨॥

નિજ છાયા કૂપ જલમાં દેખી, કૂદી કૂપે સિંહ પડ્યો,
પર પોતાનું માની ચેતન, ચાર ગતિમાં રડવડ્યો.
સ્વમા૦ ॥૩॥

છીપોમાં રૂપાની બુદ્ધિ, માની મૂરખ પસ્તાયો,
જડમાં સુખની બુદ્ધિ ધારી, જ્યાં ત્યાં ચેતન બહુ ધાયો,
સ્વમા૦ ॥૪॥

કુટુંબ કબીલો મારો માની, કીધાં કર્મો બહુ ભારી,
અંતે તારૂં થશે ન કોઈ, સમજ મન સંસારી,
સ્વમા૦ ॥૫॥

જન્મ્યા તે તો જરૂર જાશે, અહીંથી અંતે પરવારી,
સમજ સમજ ચેતન મન મેરા, બુદ્ધિસાગર નિર્ધારી,
સ્વમા૦ ॥૬॥

કરૂણાના સાગર, સદ્‌ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી, ભવ્યાત્માઓને ઉપદેશ આપે છે કે, તમો પોતાના અને પરિવારાદિકનું પોષણ કરવા ખાતર, પાપસ્થાનકો રૂપી અંતે મહાકષ્ટ દેનારી દુનિયાદારીમાં કયાં મુગ્ધ બન્યા છો! તે તો સ્વપ્ના જેવી છે. નિદ્રામાં આવેલ શુભ કે અશુભ સ્વપ્ના કાયમ રહેતા નથી. ક્ષણમાં ખસી જાય છે. માટે સ્વપરનું પોષણ કરતાં પાપ કેટલું કર્યું! પોતાથી હલકી સ્થિતિવાળાને કેટલા પીડ્યા! કેટલાને નુકશાન પહોંચાડ્યું!

તેની ગણત્રી કરી છે! તપાસ કરી છે? તમે તો માનતા હશો કે, પોષણ કરેલો પરિવાર સાથે આવશે. અને પરલોકમાં દુઃખદાયી વેલાયે સહાયો આપી દુઃખને ઓછુ કરશે. આમ ધારણા રાખશો તો તે વૃથા છે. તે તો તમારી કદાપિ થશે નહિ. અને પ્રતિકુલ થતાં ઉલ્ટો વૈરવિરોધાદિ કરીને દુઃખ, સંકટો વધારી મૂકશે. માટે દૃષ્ટિ ખોલકર અરે હંસા? દેખી લો. બરોબર નિરીક્ષણ કરી લો. કે, સંસારમાં રખડાવનાર રાગ દ્વેષ અને મોહની યારી, પ્રીતિ અસત્ય છે. ખરાબમાં ખરાબ છે. તેમાં ઘેલા બની આત્મહિત ચૂકશો નહિ. જો ભૂલ્યા તો જેમ અનંત કાલ વિડંબના, વિપત્તિમાં વ્યતીત કર્યો. અને તેથી પુનઃ એવો વખત આવી લાગશે કે, અનંતકાલ ભવિષ્યમાં યાતના, વિપત્તિમાં ફસાઈ પડવું પડશે. જેમ કુતરાઓ, અરિસામાં પડેલા પોતાના પ્રતિબિંબથી અજ્ઞાનતાયે સામા ઘણા કુતરાઓને દેખી બહુ ભસે છે. મારામારી કરવા સામા ધસે છે. તે તો પડછાયો હોવાથી તેઓને કાંઈ થતું નથી. પરંતુ તેથી તેઓ પોતે જ દુઃખી બને છે. તે મુજબ અનુકુલતા આવતા આસક્તિ ધારણ કરો છો. અને પ્રતિકુલતા થતાં બોલાબોલી કરવાપૂર્વક મારામારી કરવા પણ ધસો છો. તેના યોગે તમો જ પીડા પામો છો. માટે અરે ચેતન હંસા? તમારૂ સ્વરૂપ વિચારો? હંસો ક્ષીરનીર ભેગુ હોય તો પણ ક્ષીર, દુધ અને નીર, પાણીને જુદા કરે છે. તે મુજબ સંસારની પ્રીતિ અને આત્માના ગુણો ભેગા મળેલા છે. તેમાંથી

આત્મજ્ઞાન, ધ્યાનના યોગે તે પ્રેમને જુદો પાડી આત્માના સ્વરૂપને ઓળખી ચીકણા કર્મો બંધાય નહિ. તે મુજબ સંસારને જુદો ગણી, કાયા, માયા, વિષયમાં હે ચેતન? ઘણા ધસ્યા જાઓ નહિ. અન્યથા સુખશાંતિનો વારો આવશે નહિ. તમે કહેશો કે, આત્મા દેખાતો નથી. અને કાયા, માયા નજરે દેખાય છે. માટે નજરે દેખાતી વસ્તુની માયા, પ્રીતિ રાખીયે છીએ. તેના ઉત્તરમાં સમજવાનું કે, જે સઘળાં ખાવા પીવા વિગેરેના ભોગવિલાસો કરો છો. તે કોના આધારે! જો આત્મા ન હોય તો, એક પણ ક્રિયા બની શકે છે ખરી! તમોએ આત્મા રહિત મડદાને જોયું તો હશે જ! અને અનુભવ પણ કર્યો હશે જ! તે મડદાને પોકારો પાડી પાડીને બોલાવો તો પણ તે સાંભળે છે ખરૂં? ના. અગર વહાલ પૂર્વક તેને ખાન, પાન કરાવો તો પણ તે મૃતક ખાશે પીશે કે? નહિ જ. જ્યારે આત્મા વિદ્યમાન હોય છે ત્યારે જ, પ્રેમ સાથે બોલાવો તો સાંભળશે. ખાનપાન કરાવશો તો તે ક્રિયા કરશે. માટે આત્મા છે. પણ કાયા માયામાં મળેલ હોવાથી, તમારી નજરે તે દેખાતો નથી. પરંતુ કેવલજ્ઞાનીઓ તો સાક્ષાત્ નિહાળી રહેલ છે. માટે તે માયા વિગેરેને જુદા જાણી આત્માને ઓળખો. મૈત્રીભાવના, પ્રમોદ, અનુકંપા, મધ્યસ્થ ભાવનાનું જ્ઞાન કરી તેમાં વિચાર, વિવેકને સાથે રાખી, તેમના સાધનોનો સહારો લઈ, આત્માને ઓળખવા માટે સારી રીતે બલ ફોરવો. તો જરૂર આત્મા છે. તેમ માલુમ પડશે. અનાદિ-

કાલીન કર્મોને આધારે, આત્મા કર્મોનો બંધ કરે છે. બંધાનુસારે સંસારમાં સુખ દુઃખનો ભોગવટો કરે છે. સાંસારિક સુખ મળે છે ત્યારે મસ્તાનો બની મલકાય છે. અને મનમાં માને છે કે, અમારા જેવા સુખ કોઈ ભોગવતું નથી. અને જ્યારે વિપત્તિ, વિડંબના અગર વિઘ્નો આવી લાગે છે. ત્યારે માને છે કે, અમારા જેવા કોઈ દુઃખી નથી. આ મુજબ સુખ દુઃખને માનતા, એવા કર્મો કરે છે કે, ચારેય ગતિની પરિભ્રમણતા ઓછી થતી નથી. નવીન નવીન કર્મોના બંધના ભોગવટામાં ફસાઈ પડે છે. પરંતુ જ્યારે સદ્ગુરૂ દ્વારા, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો રીતસર લાભ મળે છે. ત્યારે પ્રથમ સંઘયણના યોગે, શુકલધ્યાનના જોરે, કર્મોને ખપાવી નિર્વાણ, મોક્ષપદને પામી, અનંતસુખના સ્વામી બને છે. ઈત્યાદિ આત્માનું લક્ષણ છે. આપણો આત્મા પણ આવો છે. માટે સંસારની રખડપટ્ટી જેમ ટળે તે મુજબ, સંસારની માયાનો ત્યાગ કરી આત્મિક ગુણોમાં રમણતા કરવા માટે પ્રયત્નશીલ બનો. અને અરે ચેતન? કર્મોથી આત્મા જુદો થશે તેમ નક્કી માનો. જો કર્મોને તમે જેમ જેમ ઓછા કરશો. તેમ તેમ આત્માનો અનુભવ આવતો રહેશે. તથા મોક્ષ જરૂર મળશે જ. આવી શ્રદ્ધા રાખો. કર્મો જ્યારે ઓછા થાય છે. અને સંકલ્પ, વિકલ્પો સ્વતઃ ટળે છે ત્યારે, આત્માની બરોબર ઓળખાણ થાય છે. પછી તેમાં આદર વધતાં, અનન્યવીર્ય પ્રગટ થાય છે. આમ સામર્થ્યના યોગે બલ વધતાં કર્મો

સ્વતઃ ખસવા માંડે છે, ત્યારે સત્ય, જ્ઞાન, આનંદનો ઉઘાડ થાય છે. તમોને અનુભવ પણ થતો હશે કે, જ્યારે તમો કોઈ પણ પ્રકારના વિચાર, વિકલ્પ, વિનાના ઘડી, બે ઘડી હશો ત્યારે આવતો હશે. તે તે અંશે તમો મોક્ષની પાસે જઈ રહેલા છો એમ જાણવું. જે જે અંશે નિરૂપાધિપણું, તે તે અંશે મોક્ષ. એટલે જે જે અંશે સંકલ્પ, વિકલ્પો ખસે તે તે અંશે પણ મોક્ષ થાય છે. મોક્ષ એટલે કર્મોનો સર્વથા અભાવ, અને અનંતજ્ઞાન, દર્શન, ચારિત્રનો આવિર્ભાવ. આમ અંશે અંશે પણ મોક્ષ થાય છે. તેનો અનુભવ તો તમોને છે જ. તો પછી સર્વથા કર્મોનો અભાવ થવાનો જ. એમ શ્રદ્ધા ધારણ કરી મોહ માયાથી અળગા બનો. સુખના પડછાયામાં મુગ્ધ બનો નહિ. તમે આમ ધારતા હશો કે, ક્રોધાદિ કરવાથી સામે આવતાં શત્રુઓ, ભયભીત બની નાસી જાય છે. પછી સુખશાતા, આવીને ભેટે છે. આવી ધારણામાં ભીંત જેટલી ભૂલ થાય છે. કારણ કે, ખરા શત્રુઓ તો આન્તરિક શત્રુઓ છે. તે જ્યારે જોરમાં આવે છે. અને તે જોરમાં આવતાં તમારી હાનિ થવાની.

એક સિંહ પોતાની હલકી સ્થિતિવાળા જાનવરોને મારી, પોતાનું પેટ ભરતો. તેથી ઘણા પશુઓ ઓછા થવા લાગ્યા. એક શીયાળે આ સિંહને મારી નાંખવાની યુક્તિ કરી. તે, સિંહની આગળ આવીને કહેવા લાગ્યો. અરે સિંહ રાજા ? વનમાં બીજો બલવાન્ સિંહ આવ્યો છે. અને તમારી સત્તા, સાહ્યબીને દૂર કરવા ઇચ્છી રહેલ છે. માટે

તેને હઠાવવા તૈયાર થાઓ. આ પ્રમાણે શીયાળની બીના સાંભળી, ગર્જના કરતો તે કહેવા લાગ્યો કે, બતાવ. તે ક્યાં છે? શીયાળે કહ્યું કે, તમોને દેખાડું. આમ કહીને આગળ જઇને કહ્યું કે, તમારો ભય લાગવાથી આ પાણીથી ભરેલા કુવામાં તે પડ્યો છે. માટે તેમાંથી બહાર કાઢીને નસાડી મૂકવો જોઇએ. નહિતર તેમાંથી નિકળી આપની સાથે યુદ્ધ કરશે. માટે પ્રથમથી ચેતીને તેને કુવામાંથી બહાર નિકાલો. આ મુજબ સાંભળી અજ્ઞાનતાથી ભ્રમણામાં ભૂલો પડી, પોતાના પડછાયાને જ આવેલ સિંહ માની, કોપાતુર બની, ગર્જના કરતાં તેણે કુવામાં ભૂસકો માર્યો. કે, તરત બહાર નીકળી શકાયું નહિ. અને તે કુવામાં પડી મરણ પામ્યો. આ પ્રમાણે મુગ્ધ માનવીઓ, પર વસ્તુઓને તથા પડછાયાને સત્ય માની, ચાર ગતિમાં વારંવાર ભટકી મહાદુઃખને પામે છે. શિયાળરૂપી માયાએ, સિંહ જેવા આત્માની બૂરી દશા કરેલી છે. શાથી? મિથ્યાત્વના યોગે, સત્યને ભૂલી અસત્યને સાચુ માની, તેમાં મોહઘેલા બનાવ્યા. તેથી, સદ્ગુરૂ પુનઃ પુનઃ ઉપદેશ આપે છે કે, અરે! માયાના પાસલામાં ફસાઈ, આત્મશક્તિને વૃથા ગુમાવી, જન્મમરણ અને જરાની વિડંબનાઓ શા માટે સહન કરો છો! કેટલાએ, રાગ, દ્વેષ, મોહ માયામાં મસ્તાન બની, આત્મ શક્તિને ગુમાવી, અનંતી પીડાઓ સહન કરી છે. તેની ગણત્રી નથી. અનંતી પીડાઓ, પરવશપણાએ સહી છે. વળી કેટલાક, સંસારના વિષય વિલાસો મનગમતા ભોગવાય, તે

ખાતર રૂપીયાની ખાણુ શોધવા માટે નિકળે છે. પણુ ખાણુ હસ્તગત થતી નથી. તેથી અફસોસ કરતા ચારે બાજુએ પરિભ્રમણુ કરે છે. તેવામાં દરિયાના કિનારે અગર શુષ્ક નદીમાં રહેલ છીપલીઓને રૂપુ માની, તેણીઓને ગ્રહણુ કરી પોતાના ઘેર આવે તો, તે છીપલીઓ રૂપાનું કાર્ય કરશે કે ? નહિ કરે. અને કરેલ મહેનત માથે પડવાની જ. તે પ્રમાણે જડ વસ્તુઓમાં સત્ય સુખના સાધનો માની, કપટ કલાઓ કેળવી, દગાપ્રપંચો કરી, તથા અથાગ પ્રયત્ન કરી, તે જડવસ્તુઓ મેળવે છે. પણુ તે વસ્તુઓ નિશ્ચિત કયાંથી બનાવે ? તે વસ્તુઓ, ચિન્તાઓ વધારી આત્મ તાકાતને ઓછી કરે છે. તેથી ચેતન, આત્માની શક્તિ કેટલી છે તેની ખબર પડતી નથી. અને તે વસ્તુઓ માટે કરેલી મહેનત ફોગટ થાય છે. એટલી મહેનત, પ્રયત્ન, આત્મિક ગુણોને નિરખવામાં અગર મેળવવા માટે કરવામાં આવે તો, કામ નીકળી જાય ? પણુ જડવસ્તુઓને મેળવવા ધાયો. તેથી પોતાની આત્મિક શક્તિ, ચેતના તરફ ખ્યાલ રાખ્યો નહિ. તેથી જ આધિ. વ્યાધિ અને ઉપાધિની ચિન્તાઓ થઈ. કયારે આ દુઃખો દૂર ખસશે તેનો વારે વારે વલોપાત થયા કર્યો છે. માટે જડ વસ્તુઓમાંથી પ્રેમને ઓછો કરી, આત્માની શક્તિને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. અરે માનવીઓ ? કુટુંબકબીલા પરિવારનું પોષણુ કરવા ખાતર અનેક પાપો કર્યાં. દીન, હીન તરફ દયા રાખી નહિ. તેઓને વિવિધ પ્રપંચ કરી દુઃખી કર્યાં.

તેઓના આંસુડાઓને લોહ્યા નહિ. કોઈ પ્રકારનો સહારો આપ્યો નહિ. તો પછી તમોને શાંતિ મળી રહેશે કે? તે કુટુંબ કબીલો, ખાઈ પીને મસ્તાન બની, તને પીડા ઉપજાવશે. જો પોષણ થયું નહિ તો જોઈ લો, તમારી હાલત. દશા. આવા કુટુંબ કબીલાના પોષણ ખાતર કયો મૂરખ પાપો કરે! સમજદાર તો કરે જ નહિ. શક્તિ હોતે છતે પણ તમારા દુઃખમાં ભાગ પડાવ્યો નહિ. તે અંતે તમારૂ શું લીલું વાળશે. ચિન્તાઓ દૂર કરશે! માટે અરે સંસારી! સંસારમાં જ રાચી માચી રહેલ? સમજ સમજ? કયાં ભૂલ થાપ ખાઈ બેસે છે. કદાચ તે પરિવાર તમારી અનુકુલતા મુજબ વર્તન રાખતા હશે તો પણ, તેઓનો ત્યાગ કરી એકલું પરલોકે જવું પડશે જ. માટે પાપો કરીને તેમને પોષો નહિ. અને આત્માની શક્તિ વધે તે માટે જરૂર ઉપયોગ રાખો. તેથી જરૂર આલોક, પરલોકમાં સુખી થશો. દુનિયામાં વ્યાવહારિક કાર્યો કરતાં પણ અન્તરમાં ન્યારા રહેવાની ભાવના ભાવી શકાય છે. જેમ કોઈ પ્રતિકુલ માનવી, સામે મળીને તમોને સુખશાતા પુછતો હોય. ત્યારે, ઉપર ઉપરથી મીઠાશના વચન બોલો છો. પણ મનમાં તો જુદા વિચાર હોય છે. તે મુજબ તમો ન્યારા રહી શકો છો. **"ધાવમાતા બાલકનું પાલનપોષણ કરે છે પરંતુ તે બાલકને પોતાના પુત્ર તરીકે માનતી નથી."** તથા તે બાલક મોટો થયા પછી સ્વમાતાને અને ધાવ માતાને બરોબર ઓળખ્યા પછી, જો કે, ધાવમાતાને, માતા

કહીને બોલાવે છે. પણ તેણીને પોતાની માતા તરીકે માનતો નથી. તથા વ્યવહારમાં વડીલ માતપિતા રહેલ હોય ત્યારે સ્વપિતાને બાલક, ભાઇ તરીકે તથા માતાને ભાભી અગર બેન તરીકે બોલાવે છે. અને કાઠીઆવાડ–સૌરાષ્ટ્રમાં તો માતાને વહુ કહીને બોલાવે છે. પણ તે બાલક મોટો થતાં મનમાં સત્ય પિતા અને સાચી માતાને જાણે છે. તે મુજબ વ્યવહારમાં વર્તો. છતાં અન્તરમાં તો અલગા રહીને ક્ષમા તથા વિવેકરૂપી સત્ય માતાપિતાને ધારણ કરી, માયામમતાનો ત્યાગ કરો. આ સિવાય સત્યાનંદને પ્રાપ્ત કરવાનો બીજો કોઇ ઉપાય નથી. માતપિતા પણ પુણ્યોદય હોય ત્યાંસુધી વહાલ રાખે છે. જ્યારે પાપોદય જાગે છે ત્યારે કોઈ પણ સ્વજન-વર્ગ સહારો આપવા સમર્થ બનતું નથી. આપણે નજરે નિહાળીયે છીએ કે, કેટલાક માતપિતા જન્મેલા બાળકને મારી નાંખે છે. અગર રખડતા મૂકે છે. તેની સારસંભાળ પણ લેતા નથી. અને પુણ્યોદય જાગતાં તે રખડતું બાળક, કોઇ બીજાના હાથમાં આવે છે. અને ત્યાં તેનું સારી રીતે પાલન પોષણ થાય છે. તેમ જ મોટો થતાં કેળવણી પામી સત્તાધારી, અધિકારી બને છે. તેને ઘણા માનવો પગે પડતા પણ આવે છે. તેમજ કેટલાક, ત્યાગ, સંયમનો સ્વીકાર કરી પોતાનું હિત, કલ્યાણ સાધવા સમર્થ બને છે. માટે અન્તરમાં નિર્લેપ રહીને રાગ, દ્વેષ, મોહાદિકની કારમી કતલથી અલગા રહો. અગર અલગા રહેશો તો બચી શકશો. નહિતર, એક ધોઘર બિલાડાએ ઉંદરોને મારી

નાંખ્યા, તેની માફક, આ જગતમાં આપણને મારી નાખનાર અન્તરના અને બહારના ઘણા શત્રુઓ છે.

એક જંગલી બિલાડાની માફક–એક જંગલી બિલાડો, પોતાને દેખવાથી ઉંદરો, ભયભીત બની નાસી જતા. તેથી, તે ભૂખે મરતો હોવાથી જંગલમાંથી ગામમાં આવ્યો. અને તેણે એક રંગારાના માટીના ભાજનમાં ખાવાની લાલચે મુખને તેમાં નાંખ્યું. ખાવાનું તો મળ્યું નહિ. પણ મુખ ઉપર રંગ લાગ્યો. ટીલા ટપકા થયા. રંગના ભાજનનું મુખ સાંકડું હોવાથી પરાણે મુખ તો અંદર નાંખ્યું. પણ તે મુખ બહાર નીકળતું ન હોવાથી, વધારે જોર કરતાં ભાજનનો કાંઠલો તૂટીને તેના ગળામાં વળગ્યો. ટીલા ટપકાવાળા, અને ગળામાં કાંઠલાવાળા બિલાડાને દેખી ગામના ઉંદરો તેની પાસે આવવા લાગ્યા. તેમની આગળ પુંછડી પટપટાવતો તે કહેવા લાગ્યો કે, અરે ભાઈઓ ? હું યાત્રા કરવા શ્રી કેદાર તીર્થે ગયો હતો. ત્યાં દેવદર્શન કરી આ કંકણ મેં પહેર્યું છે. અને હું ધર્માત્મા બન્યો છું. તેથી ઈચ્છા હોય તો મારો ઉપદેશ સાંભળો. તેથી જરૂર તમારૂ કલ્યાણ થશે. આ મુજબ કહીને તે કપટી બિલાડો ઉપદેશ આપવા લાગ્યો. ઉપદેશ સાંભળી ઉંદરો ખુબ ખુશી થયા. વખાણ કરવા લાગ્યા. હવે દરરોજ ઉંદરો ઉપદેશ સાંભળી ખુશી થઈને જાય છે. બિલાડાએ ચાર પાંચ દિવસ ઉપદેશ આપી તેઓને બરોબર વિશ્વાસ પમાડ્યો. જ્યારે ઉપદેશ સાંભળી પાછા જાય છે. ત્યારે પાછળ રહેલા ઉંદરને તે બિલાડો મારી ખાય છે. તે બીજા ઉંદરોને ખબર

પડતી નથી. પરંતુ જ્યારે પોતાની વસ્તી ઓછી થઇ ત્યારે, ખબર પડી કે, આ બિલાડો કપટ કરીને ઉપદેશના બાનાએ આપણા બાલકોને મારી ખાય છે. કારમી કતલ કરે છે. માટે તેની પાસે કોઇએ જવું નહિ. અને તેનો વિશ્વાસ રાખવો નહિ. આ મુજબ કહેવાથી સર્વે ઉંદરો સમજી ગયા. કોઈ પણ તે બિલાડા પાસે જતું નથી. આ બિલાડો કયો ? મોહ. તેણે ઉંદર જેવા માણસોને કપટ કરી મારી નાંખ્યા છે. અને કારમી કતલ ચલાવી છે. તે જેવી તેવી નહિ. અનંતકાલથી, અનંત વખત. માટે અરે ભાગ્યશાલી ? તે મોહના પડછાયે પણ જશો નહિ. આ મુજબ સદ્ગુરૂ મહારાજ હવે ૨૪ મા પદની રચના કરતા કાવ્ય દ્વારા ફરમાવે છે કે, અરે ભાગ્યશાલીઓ, મારા, તારાની મુંઝવણે મનુષ્યભવ શા માટે હારી બેસો છો ?

**મૂરખ મન મારૂ મારૂ શીદ કરે,**
**ફોગટ ભવ ભ્રમણા કરતો ફરે,**
**તારૂં ધાર્યું થાતું હોય તો, ઇચ્છા વિણ કેમ મરે ?**
**પાપની પોહો ભરીને પાપી, મરી નરક અવતરે.**
**ફોગટ૦ ॥૧॥**

**મરણકાલ જબ આવે પાસ તબ, હાય હાય ઉચરે,**
**હાથ ઘસંતા જાય પરભવ, ઠામ કદી નહિ ઠરે.**
**ફોગટ૦ ॥૨॥**

**માંહની ઋદ્ધિ તારી જાણી, ભ્રમણા ભાઇ પરિહરે;**
**બુદ્ધિસાગર આત્મધ્યાને, વંછિત કારજ સરે.**

ફોગટ૦ ॥૩॥

સદ્ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, સાંસારિક પદાર્થોને પોતાના માની, તેઓને પ્રાપ્ત કરવા જીવનપર્યંત જીવો પ્રયાસ કરી રહેલ છે. પણ તે પદાર્થ કદાપિ તમારા થવાના નથી. અને થશે પણ નહિ. તે વસ્તુઓ તો તમારી શુભ ભાવના હશે અને તેના યોગે, સદુપયોગ કરશો તો સહારો આપવા સમર્થ બનશે. અન્યથા ભ્રમણામાં ભૂલા પાડી, ચારે ગતિના ચક્રાવામા નાંખી દેશે, તમને સુખ વહાલુ લાગે છે. તો મારા તારાની માનસિક વૃત્તિઓનો ત્યાગ કરો. તે વસ્તુઓ તમારી હોય તો, વખત આવી લાગતાં કેમ ખસી જાય છે ! ઈચ્છા તો સદાય તમારી પાસે જ રહેલ છે. છતાં તે ઇચ્છા બર આવતી નથી. અને અફસોસ કરાવીને તે દૂર ખસે છે. અને અનિષ્ટ સંયોગો આવીને હાજર થાય છે. તો પછી તે ભેગી કરેલી, તેમજ એકત્ર કરવા માટે પ્રયાસ કરો છો. તે તમારી ક્યાંથી થશે ? નહિ જ થાય. તમને સુખ પસંદ છે. પણ સુખના જે જે ઉપાયો છે. તેનો આદર કરતા નથી. શરીરને નિરોગી રાખવા, શું તમોએ બ્રહ્મચર્યનું પાલન કર્યું છે? ખાનપાનમાં વિવેક લાવ્યા છો ? મહામહેનતે મેળવેલી ધનાદિક વસ્તુઓને સન્માર્ગે વાપરી છે ? તેમજ અભયદાન, સુપાત્રદાન, જ્ઞાનદાન, અનુકંપાદાનાદિક કર્યાં છે ? જો કર્યાં હોય તો સુખશાતાની અભિલાષા

રાખેલી હોય તો તે ઠીક ગણાય. નહિતર તેમાં અનિષ્ટ નિમિત્તો દુઃખદાયી બને. તેમાં આચારનો દોષ છે. માટે અરે માનસિક વૃત્તિઓના સ્વામીઓ? મનને તપાસી જુઓ. મન સાથે વાત કરો. મન તો તમારી પાસે જ છે. દૂર નથી. મન પરિભ્રમણ કરતુ હોય તો, કબજે કરવા પૂર્વક પુછો કે, તેં કેવા કેવા વિચારો કર્યા? કેવી કેવી અભિલાષાઓ રાખી! "સારી ભાવના સહિત સદાચારનું પાલન કર્યું હશે તો દુઃખ ઉપસ્થિત થશે નહિ. કદાચ ભૂલથી અજ્ઞાનતાના યોગે અનિષ્ટ સંયોગો દ્વારા કષ્ટ આવી લાગશે. તો પણ સહન કરી લેવાશે. કષ્ટ જેવું ભાસશે નહિ. તેમાંથી વિજયની ચાવીઓ, ઉપાયો હસ્તગત થશે. માટે દુન્યવી પદાર્થોને મારા મારા છે તેમ માનો નહિ. મમત્વના યોગે ચિન્તા, શોક, સંતાપ, વલોપાત વિગેરે આવી લાગે છે. માટે વિવેક કરી મનની તપાસ કરો. સદ્ગુરૂ કહે છે કે, તમારૂ શરીર તો દૂર નથી. છતાં તેની સંભાળ રાખવા દરરોજ પ્રયત્ન કરો છો. વ્યાધિ થતાં દવા કરી તે વ્યાધિને દૂર કરવા ચિન્તાપૂર્વક પ્રયાસ કરો છો. તેમજ સો વર્ષ જીવવાની આશા તો છે. છતાં તમારૂ ધાર્યું થતું નથી. એવા એવા નિમિત્તો આવી લાગતાં અણધાર્યો ઉચાળો ભરવો પડે છે. ઈચ્છા વિના પણ મરણને શરણ થવું પડે છે. તે વેલાએ તમારો કોણ બેલી થશે? તેનો વિચાર, વિવેક કરવાની પણ જરૂર છે. સદ્વિચારના આધારે વિવેક પણ આવશે. અને વિવેક આવતાં તમારી સાચી વસ્તુ શું છે તે માલુમ પડશે. અને તેથી તેનો આદર થશે.

કરોડાધિપતિ એક શ્રીમાને, સાત માળનો આલીશાન મહેલ, બંગલો લાખો રૂપિયાનો વ્યય કરીને બંધાવ્યો. ત્યારપછી તેના ઉપર રંગ રોગાન કરવા મુનીમને કહે છે કે, એવો રંગ રોગાન કરાવો કે, સાત પેઢી પર્યંત તે ઝાંખો પડે નહિ. અને ખતમ થાય નહિ. મારાપણાના યોગે આ ધનાઢ્યને ખબર નથી કે, કરાવેલ રંગ રોગાન ક્યાંસુધી સારો રહેશે! બહુ બહુ તો બે ત્રણ વર્ષ સુધી. પછી તો ઝાંખો પડશે. અને એવા એવા તથાપ્રકારના નિમિત્તો મળતાં નાશ પણ થશે. શરીરનો રંગ પણ કાયમ રહેતો નથી. યુવાવસ્થા વ્યતીત થયા પછી વૃદ્ધાવસ્થામાં, જુવાનીનો રંગ ક્યાં ઉડી ગયો તેની ખબર પડતી નથી. તો આ બંગલાનો રંગ ક્યાં સુધી રહેશે. આ મુજબ સમજણ હોત તો સાત પેઢી સુધી રંગ રહે, તે મુજબ બોલી શકત નહિ. ખરેખર મમત્વમાં જ આવા વચનો બોલાય છે. સમજણા મુનીમે પણ મનમાં હસીને "હા" પાડી, એ અરસામાં એક અતિશયવંત, જ્ઞાની મુનિરાજ ત્યાં થઈને જાય છે. તેમણે આ બીના સાંભળી અને તેઓ મનમાં હસ્યા. શ્રીમાન્ શેઠે હસવાનું કારણ પુછયું. મુનિવર્યે કહ્યું કે, ઉપાશ્રયમાં આવજો. હસવાનું કારણ ત્યાં કહીશું. આ મુજબ કહીને તે ચાલ્યા ગયા. આ શેઠને પોતાના પુત્ર ઉપર ઘણો પ્યાર હતો. બપોરે આ પુત્રને ખોળામાં બેસાડી જમી રહેલ છે. તે વખતે દીકરાએ પેશાબ કર્યો અને તે પેશાબ ભાણામાં પડયો. છતાં પણ તેને દૂર ન કરતાં ભોજનનો બગડેલો

ભાગ દૂર કરી જમવા બેઠા. તે વખતે પેલા મુનિવર્ય, વહોરવા આવેલા છે. તેમને આ બનાવ દેખી પુનઃ હસવું આવ્યું. હસવાનું કારણ પુછતાં, ઉપાશ્રયમાં આવવાનું કહીને વહોરી ઉપાશ્રયે ગયા. તથા પરોપકારાદિકને ભૂલી મમત્વ, મારાપણાના યોગે આ શેઠ પોતાની પેઢીમાં બેઠા છે. તે વેલાયે એક કસાઈ બોકડાને લઇને જઈ રહેલ છે. બોકડો પેઢી ઉપર બેઠેલા તે શેઠને દેખી તેની દુકાનમાં પેઠો. તે એવા વિચારથી પેઠો કે, આ શ્રીમાન્ શેઠ, મને કસાઈની પાસેથી મુક્ત કરાવશે. અને તેથી હું જીવતો રહીશ પરંતુ શેઠ તો તેને બહાર કાઢવા મહેનત કરવા લાગ્યા. એક ખૂણામાંથી કાઢે છે. ત્યારે બીજા ખૂણામાં આ બકરો પેસે છે. માર મારતા પણ નિકળતો નથી. કસાઇએ કહ્યું કે, આને જીવતો રાખવો હોય તો પાંચ રૂપિયા આપો. જીવિતદાન આપી, અભયદાન આપી, પુણ્ય કરો. શેઠ તો સાંભળતા નથી. અને બકરો પેઢીમાંથી નિકળતો નથી. ઘણો માર લાગવાથી બેં બેં કરતો બૂમો પાડે છે. તે અરસામાં પેલા મુનિરાજ ત્યાંથી નીકળ્યા અને સ્વજ્ઞાન દ્વારા તેની પ્રથમ ભવની પરિસ્થિતિ જાણી. અને આ શેઠની મુગ્ધતા પીછાની તેથી, તેમને ફરીથી હસવું આવ્યું. આથી શેઠને શંકા થઈ અને મુનિને ફરીથી પૃચ્છા કરી. મુનિવરે કહ્યું કે, અત્યારે અમો બહાર જઇએ છીએ. પુછવું હોય તો ઉપાશ્રયે આવવું. તમારા ત્રણેયે પ્રશ્નોનો જવાબ આપીશું. શેઠ ઉપાશ્રયે ગયા.

જ્ઞાની મુનિરાજે ઉત્તર આપ્યો કે, અરે શેઠ ? મારૂ મારૂ કરીને મહેલ બંધાવ્યો અને સાત પેઢી સુધી રંગ રોગાન રહે તે પ્રમાણે કરવાનું તમારા મુનિમને તમોએ કહ્યું. પણ તમારૂ આયુષ્ય હવે સાત દિવસનું છે. તમારે આલીશાન બંગલાનો ભોગવટો, આયુષ્ય પુરૂ થયા પછી, મરણ પામી, ઘણા પાપો બાંધી, તથા પાપી બનીને પરલોકમાં અનિચ્છાયે પણ જવું પડશે. તેથી કયારે કરશો ! પાછળ રહેનાર આ મહેલમાં નિવાસ કરશે. તેને માટે આટલી બધી મમતા કેવી ! તે પરિવારના ભાગ્યમાં ભોગવટો હશે તોજ તેઓ નિવાસ કરશે; અન્યથા અન્યની પાસે જશે. આમ સમજી અમોને સહજ હસવું આવ્યું. આ શ્રીમાન્ શેઠને, આ મુજબ સાંભળી પીડાનો પાર રહ્યો નહિ. અને વિચાર કરવા લાગ્યા કે, હું સો વર્ષો યાવત્ જીવન ગુજારીશ એવી આશા હતી. પરંતુ હવે તો ગુરૂના કહેવા મુજબ સાત દિવસનું આયુષ્ય છે. હવે પાપો કયારે નાશ પામે અને પરલોકમાં પણ અનુકુલતા શાથી રહે, તેનો શો ઉપાય ? આ પ્રમાણે ગુરૂદેવને શેઠે પુછયું ત્યારે ગુરૂદેવે કહ્યું કે, સાત દિવસોમાં ધારણા મુજબ ધર્મ, પરોપકારાદિ કરી શકાય છે. માટે વલોપાતનો ત્યાગ કરી ધર્મની, સંયમની આરાધના કરી લે. તેથી પાપો ઘટશે. અને પુણ્યબંધ થશે. તેથી પર-લોકમાં સુખી થઇશ. ભયભીત બન નહિ. મનુષ્ય, સમજણમાં આવ્યા પછી એક દિવસમાં સર્વ સંયોગોનો ત્યાગ કરીને આત્મકલ્યાણ સાધવા સમર્થ બને છે. આ પ્રમાણે સાંભળી

શેઠને આ બીના હૈયામાં પસંદ પડી. વળી શેઠે પુછયું કે, મહારાજ, બીજીવાર વહોરવા આવ્યા ત્યારે તમને કેમ હસવું આવ્યું ? ગુરૂએ કહ્યું તારી મમતાના યોગે ? તમો જ્યારે તમારા પુત્રના પેશાબથી બગડેલા, થોડા ભોજનનો ત્યાગ કરી, વધેલા, બાકી રહેલા આહારને ખાવા લાગ્યા. ત્યારે જ્ઞાનથી અમોએ જાણ્યું કે, આટલી મમતા, શેઠે આત્મિક ગુણોમાં રાખી હોત તો કલ્યાણ કલ્યાણ થાત. પરંતુ આ પુત્ર મોટો થતાં મારી મારી કરીને મેળવેલી મિલ્કત, મોજશોખ, વ્યસનમાં મહાલીને ખતમ કરશે. અને પરોપકારાદિક પણ કરશે નહિ. અને તમારી, મમતાના યોગે મેળવેલી મિલ્કત અંતે ફના થશે. અને પાપબંધ કરવા પૂર્વક પરલોકે તમારે જવું પડશે. આમ જાણી, અમોને હસવું આવ્યું. કારણ કે, મમત્વના યોગે મનુષ્યો અગર દેવો, પ્રાપ્ત થએલ ઋદ્ધિ, સમૃદ્ધિને સાચવવા ઘણો પ્રયાસ કરે છે. છતાં તે કાયમ ટકતો નથી. આયુષ્ય પુરૂ થતાં સર્વને મુકી જવું પડશે. આ મુજબ મુનિવર્યનું કહેવું સાંભળી પુનઃ મહાદુઃખ થયું. અને મમત્વના ત્યાગનો ઉપાય પુછયો. ગુરૂમહારાજે કહ્યું કે, આત્માના ગુણોને ઓળખી આદર કર. અને તેના સાધનો, જેવા કે, વ્રત, નિયમ, સંયમ વિગેરેમાં લગની લગાડ. સાત દિવસમાં કામ નીકળી જશે. મનુષ્યભવની સફલતા થશે. પરિવારમાંથી કોઇપણ તારી સાથે આવશે નહિ. માટે ચેતી જા. પ્રમાદનો ત્યાગ કર. આ મુજબ સાંભળવાથી શેઠના હૈયામાં વૈરાગ્ય,

સંવેગ અને શ્રદ્ધાએ નિવાસ કર્યો. ત્યાર પછી ત્રીજો પ્રશ્ન પુછ્યો. ગુરૂદેવે કહ્યું કે, જે બકરાને કસાઈ લઈ જતો હતો, તે બકરો, ગતભવનો તમારો પિતા હતો. તે ગમે તેમ વ્યાપારાદિ કરીને ધનાઢ્ય બન્યો. અને પેઢીને સ્થાપન કરી. આ પેઢી મેં સ્થાપન કરી છે. અને આ મારો પુત્ર મને કસાઈ પાસેથી છોડાવશે. અને જીવિતદાન અપાવશે આમ ધારી, તમારી પેઢીમાં પેઠો. પણ તમોએ તો એક ઘડી પણ ટકવા દીધો નહિ. અને મારી મારીને બહાર કાઢી મૂક્યો. તેથી તે બૂમો પાડતો ચાલ્યો ગયો. આ મુજબ ગુરૂદેવનું કથન સાંભળી શેઠ ઘણો પસ્તાવો કરવા લાગ્યા. ગુરૂદેવના આ પ્રમાણેના કથનને સાંભળી, આ શ્રીમાન્ શેઠને ખ્યાલ આવ્યો કે, મારા પિતાએ પાપારંભો કરવાપૂર્વક પેઢીને સ્થાપી. અને મારૂ મારૂ કરીને જીવન-પર્યંત ધનાદિકમાં આસક્ત બની સ્વકલ્યાણ સાધ્યું નહિ. તેથી તે પિતાને આવી ગતિ મળી. જો હું હવે નહિ ચેતું. જાગ્રત નહિ થાઉં. તો મારી આવી ગતિ થશે. આ મુજબ વિચાર કરી, સદ્ગુરૂદેવને વંદના કરી, વિનતિ કરી કે, હવે સાત દિવસમાં સદ્ગતિ મળે તેવો ઉપાય બતાવો. ગુરૂદેવે કહ્યું કે, તમારે કાંઈ ચિન્તા કરવા જેવું નથી. અનાસક્ત બનીને અહિંસા, સંયમ, અને તપાદિકની આરાધના ઉલ્લાસ સહિત કરો. તેથી સઘળા પાપો દૂર ખસશે અને પુણ્યબંધના યોગે સદ્ગતિ મળશે. આ મુજબ સાંભળી માયા, મમતાનો ત્યાગ કરી તે શેઠ આત્મ કલ્યાણ

સાધવા સમર્થ બન્યા. અરે ભાગ્યવાનો! તમો પણ મારા, તારાનો ત્યાગ કરી, આત્મહિત સધાય તેમ ઉલ્લાસ પૂર્વક ઉજમાળ બનો. ફક્ત મમત્વનો ત્યાગ કરવાની જરૂર છે. જો મમત્વ નહિ હોય તો અહંકારાદિની કારમી કતલ થશે નહિ. અને અનાસક્તિએ કાર્યો કરી સદ્ગતિના ભાજન બનશો. ધીમે ધીમે ત્યાગ કરતાં સર્વથા ત્યાગ કરવાની તાકાત મેળવી શકશો. "કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય, ઈંટે ઈંટે કિલ્લો રચાય, શ્લોકે શ્લોકે ગ્રન્થ તૈયાર થાય." તે મુજબ અલ્પાંશે અલ્પાંશે મમત્વનો ત્યાગ કરતાં અનુક્રમે સર્વથાનો ત્યાગ બની શકશે. પ્રથમ શરીરની મમતાનો ત્યાગ કરી, શરીરમાં રહેલ અનંત ગુણોના સ્વામી સ્વાત્મા ઉપર મમતા રાખો. તેની તાકાત વધે, તે મુજબ વર્તન રાખો. પછી ધન, દોલતની આસક્તિનો ત્યાગ કરી, સમત્વને ધારણ કરી, સત્ય ધન, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને આ મારી પોતાની સાચી વસ્તુઓ છે. અને તે વસ્તુઓ જ ભવોભવની ભાવટ ભાગી શકે એમ છે. આમ ધારણા રાખી તેમાં પ્રેમને લગાવો. તથા જો પુત્ર, પરિવાર હોય તો તેઓને પાપારંભો કરીને પોષો નહિ. પણ ન્યાય, નીતિ, પ્રમાણિકતાથી વ્યવહાર ચલાવો. તેથી અલ્પાંશે મમત્વ ખસવા માંડશે. ત્યાર પછી સ્વજનવર્ગ, સગાંવહાલાં, મિત્રાદિકના પ્રેમનો ત્યાગ કરો. સંક્ષેપમાં સ્થાવર, જંગમ, સિદ્ધિ, સચિત્ત, અચિત્ત અને મિશ્ર એવી જે વસ્તુઓ છે. તેની મમતાનો ત્યાગ કરવા

પ્રીતિને ધારણ કરો. જુઓ તો ખરા ? કેવો આનંદ આવે છે. સ્થિરતાના યોગે આત્મવિકાસ સધાશે. આ મુજબ વર્તન કરતા વિપત્તિઓ, વિડંબનાઓ, ચિન્તા, વલોપાતાદિને આવવાનો અવકાશ મળશે નહિ, પરંતુ કહેવું પડે છે કે, તમારે તો મમતા રાખી મહાલવું છે. અનાસક્તિએ જીવન ગુજારવું નથી. અને આનંદનો અનુભવ લેવો છે. તે તો બનવું અશક્ય જ છે. વિલાસને, વિનાશની સાથે અનાદિકાલનો સબંધ છે. પણ વિકાસને ઉલ્લાસ સાથે સગાઈ રહેલી છે. તે સમજો. આત્મિક વિકાસ સાધ્યા સિવાય, સાચો ઉલ્લાસ આવી શકતો નથી. તમો જેને વિકાસ અને ઉલ્લાસ માનો છો, તે પડછાયો છે. સત્ય નથી. સત્ય વિકાસ અને ઉલ્લાસ, મમત્વ અને અહંકારના ત્યાગમાં ગુપ્તપણે રહેલ છે. તેને ઓળખો. આ મુજબ વર્તન રાખશો નહિ તો, મરણકાલ જ્યારે આવશે ત્યારે માખીઓની માફક હાથ ઘસતાં પરભવમાં જવું પડશે. તે વેળાએ હાય હાય કરશો તેથી એક ઘડી પણ આયુષ્ય વધારી શકશો નહિ આર્ત્ત, રૌદ્ર ધ્યાનના યોગે કોઈ સારા સ્થાને ઠરી શકશો નહિ. એટલે પરાધીનતાની બેડીમાં પૂરેપૂરા સપડાઈ પડશો તે વખતે તે બેડીથી મૂક્ત કરનાર પણ મળશે નહિ. અત્યંત પીડાઓની સ્થિતિમાં રહેવું પડશે. માટે સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, શરીરમાં વ્યાપી રહેલ આત્મા ઉપર સાચી મમતાને, મારાપણાને ધારણ કરો. આત્મામાં અનંત, શક્તિ, સિદ્ધિ અને સમૃદ્ધિ કાયમી રહેલ છે. તે

તમારી દીનતા, હીનતા અને યાચનાને દેશવટો અપાવશે. અને સત્ય સ્વતંત્રતાના સ્વામી બનશો. અને મમત્વના મધુર મારને ખાવાનો અવસર આવશે નહિ. માટે તમોને જે મમત્વમાં, અહંકારમાં સુખની ભ્રમણા છે. તેનો ત્યાગ કરવા પૂર્વક સદ્ગુરૂદેવ અને જીનેશ્વર કહે છે તેમ, આત્માના ગુણોમાં રમણતા કરો. તેથી વાંછિત કાર્ય સરશે. પછી કોઇપણ કાર્ય કરવાનું બાકી રહેશે નહિ. સાચા કૃતાર્થ બનશો. એક ભ્રમિત બનેલ વ્યક્તિની એવી માન્યતા હતી કે, અહંકાર અને મમત્વ સિવાય આગળ વધાતુંજ નથી. તેથી ધનાદિકમાં આસક્ત બની, જે પોતાના સપાટામાં આવે તેની પાસેથી બુદ્ધિબલના યોગે, દગા પ્રપંચ કરી, મનગમતી વસ્તુ પડાવીને ભંડાર, તિજોરીને ભરતો. કોઈ બોલાવે ત્યારે બડાઈ દર્શાવી તેને તિરસ્કાર પૂર્વક હલકો ગણતો. બુદ્ધિ તલવાર જેવી ગણીએ તો બાધ જેવું કહી શકાય નહિ. તલવાર વડે પોતાનું અને પરનું રક્ષણ કરી શકાય. જો તે વાપરતા આવડે તો જ. નહિતર પોતાના મસ્તક અગર શરીર ઉપર ઘા પડે તો તે પ્રમાણે નુકશાન થાય. બુદ્ધિને સન્માર્ગે વાપરવામાં આવે તો સ્વપરનો ઉદ્ધાર કરવા સમર્થ બને. અન્યથા તદ્દન હલકી ગતિમાં નાંખી, અત્યંત સંકટમાં સપડાવે. આ માણસે બુદ્ધિનો સદુપયોગ કર્યો નહિ, બુદ્ધિને ઉન્માર્ગે વાપરવાથી પુણ્યોદયે પૈસો તો મળ્યો. પણ પાપનો પાર રહ્યો નહિ. દરેક વ્યાપારમાં નુકશાન થવા લાગ્યું. કોઇના પ્રત્યે સારો સંબંધ નહિ રાખવાથી સહકાર

કે સહાનુભૂતિ, આશ્વાસન પણ કોઈ આપી શકતું નથી. નુકશાની એટલી બધી થઈ કે, બધી સ્થાવર, જંગમ મિલ્કત વેચવી પડી. દરેકના તિરસ્કાર, ધિક્કારને પાત્ર બન્યો. અંતે હાથ ઘસતાં, હાય હાયના પોકારો પાડતાં, પરલોકે દેહાદિકનો ત્યાગ કરી જવું પડયું. ખરાબ સંસ્કારો પડયા તે, સાથે લઇને ગએલ હોવાથી જે ગતિમાં ગયો ત્યાં સુખશાતા કયાંથી રહે? માટે સદ્‌ગુરૂદેવ ફરમાવે છે કે, આન્તરિક ઋદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિને ઓળખી સાચી સુખશાંતિને મેળવો. આ ભવમાં, આત્મધર્મમાં સ્થિરતા ધારણ કરશો તો, તે જ પરલોકમાં પણ સાચી શુદ્ધિ, બુદ્ધિ હાજર કરશે. તેથી નિન્દા, તિરસ્કારને પાત્ર બનાશે નહિ. અન્યથા આત્મજ્ઞાન, ધ્યાનને ભૂલી, એટલે પોતાનું સત્ય સ્વરૂપ જે છે તેને ભૂલી, અન્યત્ર સુખશાંતિ ખાતર પરિભ્રમણ કરશો તો, કુતરાની માફક હડધૂત થશો. પેટ ભરીને માર ખાશો. તે વેલાયે કોઈ સહારો આપશે નહિ.

એક શેરીનો કુતરો, શેરીના માણસો ખાવાનું આપતા હોવાથી આનંદમાં રહેતો. બીજા શેરીના કુતરાઓ તેને મારી શકતા નહિ. અને હડધૂત પણ થતો નહિ. પરંતુ આને બીજી શેરીમાં જવાનું મન થયું. ત્યાં પોતાની શેરી કરતા અધિક આનંદ પડશે, આમ ધારી તે અન્ય શેરીમાં ગયો તો ખરો, પણ તે શેરીના કુતરાઓએ તેની બરોબર ખબર લીધી. બધા કુતરા ભેગા થઇને તેને કરડવા લાગ્યા. લોહીલુહાણ બન્યો. પોતાનો બચાવ કરવા એક ઘરમાં પેઠો.

ત્યાં પણ હડધૂત કરીને તેના માલીકે તેને નસાડી મૂક્યો. અંતે બરોબર માર ખાઇને પોતાની પૂર્વની શેરીમાં આવ્યો ત્યારે, ઘણા દીવસે સાજો થયો. તે મુજબ આત્મ શેરીનો ત્યાગ કરી, જો, માણસો સંસાર શેરીમાં જાય તો કુતરા જેવા કષાયો, ક્રોધ, માન, માયા, લોભાદિક, બરોબર તેઓની ખબર લઇને એવો મીઠો માર મારે છે કે, ન પુછો વાત ? માટે બુદ્ધિને સન્માર્ગે વાળી આત્મધર્મમાં સ્થિર થવું તે જ શ્રેયસ્કર છે. તેથી જ વાંછિત કાર્યો સરશે. મીઠો અગર કડવો માર ખાવો પડશે નહિ. અને ઉત્તરોત્તર સુખશાતાને પાત્ર બનશો. હવે જે અલખ દેશ છે. તે નજરે દેખાતો નથી. પણ તે દેશ અનુભવ ગમ્ય છે. તેમાં જો રમણતા થાય તો અદ્ભૂત સુખની પ્રાપ્તિ થાય. ત્રણેય કાલ ઇંદ્રમહારાજાઓની સાહ્યબી, વૈભવ, સુખ, તે અનુભવની આગળ તુચ્છ ભાસે. તે અપૂર્વ અને અદ્ભૂત સાહ્યબી, વૈભવની પ્રાપ્તિ કરવા માટે સદ્ગુરૂમહારાજ પોતાનો અનુભવ હોવાથી ૨૫મા પદના કાવ્યદ્વારા ઉપદેશ આપે છે કે :

**અલખ દેશમાં વાસ હમારા, માયાસેં હમ હૈ ન્યારા,**
**નિર્મલ જ્યોતિ નિરાકાર હમ, હરદમ હમ ધ્રુવકા તારા.**
**અલખ૦ ॥૧॥**

**સુરતાસંગે ક્ષણક્ષણ રહેના, દુનિયાદારી દૂર કરણી,**
**સોહં જાપકા ધ્યાન લગાના, મોક્ષ મહેલકી નિસ્સરણી.**
**અલખ૦ ॥૨॥**

પઢના ગણના સબહી જુઠા, જબ નહિ આતમ પીછાના,
વર વિના કયા જાન તમાસા, લુણબિન ભોજનકું ખાના.
અલખ૦ ॥૩॥

આત્મ જ્ઞાન વિના જન જાણો, જગમાં સર્વ અંધિયારા,
સદ્ગુરૂ સંગે આતમધ્યાને, ઘટભિતરમેં ઉજીયારા.
અલખ૦ ॥૪॥

સબસે ન્યારા સબ હમમાંહિ, જ્ઞાતા જ્ઞેયપણા ધારે,
બુદ્ધિસાગર ધનધન જગમેં, આપ તરે પરકું તારે.
અલખ૦ ॥૫॥

જ્યારે સદ્ગુરૂ આત્મસમાધિમાં સ્થિરતા કરીને રહેલ હતા ત્યારે, કોઈ પ્રભુનો લાલ, ભક્ત તેમની પાસે આવ્યો. વંદના કરીને સન્મુખ બેઠો. પણ સમાધિમાં રહેલ ગુરૂદેવને આત્મકલ્યાણ માટે પુછી શકવા સમર્થ બન્યો નહિ. ગુરૂદેવને પણ સમાધિમાં રહેલ હોવાથી કોણ આવીને બેઠો છે. તેની માલુમ કયાંથી પડે ? લગભગ બે ત્રણ કલાક પછી સમાધિ ઉતારી અને બહાર નજર કાઢી ત્યારે આવેલ ભકતે પ્રશ્ન કર્યો કે, હે ગુરૂદેવ ? આપે કયા દેશમાં નિવાસ કર્યો હતો. તે અમોને દર્શાવો. હું આપની પાસે આવ્યો. વંદના કરીને બેઠો. છતાં આપને ખબર પડી નહિ. તેથી તે હકીકત કૃપાળુ બનીને કહો. તમારા દેશમાં આવવાની મને અભિલાષા વર્તે છે. સદ્ગુરૂ યોગનિષ્ઠ આચાર્ય, બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ, પુછનારની લાયકાત જાણીને કહ્યું કે, અલખ

દેશમાં અમારો વાસ હતો. આ દેશ એવો છે કે સંસારના સુખની મીઠાશવાળાને માલુમ પડે જ નહિ. જ્યારે અનાસક્તિએ કાર્ય કરતા નિર્લેપ થાય અને આત્માના ગુણોમાં એકતાન લગાવે ત્યારે આત્મદેશની ખબર પડે. અને તેના તરફ પ્રેમ જાગે. સંસારના સુખની મીઠાશમાં મગ્ન બનેલને અલખની કયાંથી માલુમ પડે! એ તો જ્યારે દુનિયાની ખટપટ તથા કપટ પ્રપંચનો ત્યાગ કરી કર્મો સાથે કપટ, કાવાદાવા, બરોબર ઉપયોગ રાખી કરે, તેમજ ધ્યાન, સમાધિમાં એકતાન થાય ત્યારે જ, અલખનિરંજન આત્મ જ્યોતિનો અનુભવ સ્વયમેવ હાજર થાય. એવા આત્મ દેશમાં અમારો વાસ હતો. તે સમાધિ વેલાયે દુનિયાની સઘળી માયાથી અમો ન્યારા હતા. તે વખતે દુન્યવી એકેય વિચાર આવતો નહિ. સંસારની સમાધિ, સુખશાતા તે, સાચી સમાધિ નથી. તેને તો, ભ્રમણાના યોગે ભ્રમિત બનેલાઓ સમાધિ માની બેઠા છે. જો તે સત્ય સમાધિ હોય તો, એક પણ વિકલ્પ સંકલ્પ થવો જોઈએ નહિ. તેથી જ માયા મમતાનો ત્યાગ કરવા પૂર્વક, હરદમ શ્વાસોશ્વાસે નિર્મલ આત્મજ્યોતિમાં ધ્રુવના તારાની માફક, અમો સ્થિરતા ધારણ કરીએ છીએ. સ્ટીમર અગર વહાણમાં બેઠેલો સુકાની, ધ્રુવના તારાની સામે મીંટ માંડીને જોયા કરે છે. તેથી સ્ટીમર વિગેરે ખરાબે ચઢતી નથી. અગર દીવાદાંડીને લક્ષમાં રાખી હંકારે છે. તેથી ઇષ્ટ સ્થલે પહોંચી શકશે. અગર પહોંચશે. જો તે અન્ય વિચારોમાં અટવાય

તો તે ભાગીને દરિયા તલે જઈ બેસે. અગર ભાગીને ભૂક્કો થાય. માટે સાચી સમાધિદ્વારા આત્મદેશમાં જવું હોય તો, અમારી માફક દુન્યવી મીઠાશની મમતાનો પ્રથમ ત્યાગ કરવો જરૂરી છે. જ્યારે સંસારમાં જે સુરતા રહેલી છે. તે સુરતા, લક્ષ, આત્મિક જ્ઞાન, ધ્યાનમાં લાગશે ત્યારે, સંસાર તરફની સુરતા દૂર જશે. અને આત્મા તરફ તેને લક્ષ્ય થશે. પછી સંસારની મીઠાશમાં મુગ્ધ બનાશે નહિ. યોગશાસ્ત્રમાં, જ્ઞાનીઓ ફરમાવે છે કે, પ્રથમ આત્મા તરફ સુરતા રાખવા માટે, યમ, નિયમ. આસન, પ્રાણાયામ, ધારણા અને સમાધિનું જ્ઞાન સમ્યગજ્ઞાની સદ્ગુરૂ દ્વારા મેળવી, અનુક્રમે આગળ વધવું જોઈએ. એકદમ આત્મ દેશમાં જવાશે નહિ. તેને માટે વ્રત, તપ, જપાદિકની પણ આવશ્યકતા તો રહેલી છે જ. પચ્ચક્ખાણ કરશો ત્યારે માનસિક, વાચિક અને કાયિક વૃત્તિઓ કબ્જામાં આવશે. અને જ્ઞાનપૂર્વક તપાસ્યા કરતાં રસવૃત્તિ ઘટવા માંડશે. એટલે અહિંસા, સંયમ, અને તપની આરાધના સુખરૂપ બનશે. તેથી સાચી સમાધિનો પ્રગટ ભાવ થતો રહેશે. જેમ જેમ સ્વાદ અને સ્વાર્થનું આકર્ષણ, ઓછી માત્રાએ અગર અધિકતાયે ઘટતું જશે. તેમ તેમ આત્મ ગુણોનો આવિર્ભાવ થશે. પછી પરમેષ્ઠિના જાપમાં એક લગની લગાવવી. તે જાપ યોગે, સોડહંનો જાપ, તે રૂપી આત્મા, તે જ હું છું. અન્ય કોઈપણ વસ્તુ મારી નથી. આવું તાન જાગશે. એટલે સોહંના જાપ, એટલે આત્માની સુરતાયે

આત્મા ઓળખાશે. સ્વાદ અને સ્વાર્થ અગર માયા અને મમત્વ, સાધકમાં બાધક રૂપે રહેલ છે. તેનો ત્યાગ કરતાં વ્રત, નિયમ, પ્રત્યાખ્યાનાદિની સફલતાને ધારણ કરશો. અને આગળ વધતાં પ્રભુના જાપે આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને સમાધિમાં અનુક્રમે આગળ વધાશે. અધિક જ્ઞાન મેળવવું હોય તો, **સદ્‌ગુરૂ આચાર્ય–બુદ્ધિસાગર સૂરીશ્વરજી રચિત– "આત્મશક્તિ પ્રકાશ" ગ્રન્થને** ખ્યાલ રાખી વાંચો. મનન કરો. સુગમતાએ અને સરલતાએ, આત્મદેશમાં આરૂઢ થવાના ઉપાયો તે ગ્રંથમાં બતાવેલ છે. સંસારના સુખમાં મહાલવાપૂર્વક, સોહંનો જાપ કરવાથી, આત્મપ્રદેશમાં ગમન કરાતું નથી. તેમજ અનુભવ પણ આવતો નથી. માટે અહિંસા, સંયમ અને તપની રીતસર આરાધના કરીને જાપ જપો. આજ, મોક્ષ મહેલની નિસ્સરણી છે. એટલી શક્તિ મેળવી, પગથીઆ ઉપર ચઢતાં અનુક્રમે મોક્ષમાં આરૂઢ થશો. પ્રથમ તો અહિં ઘાતી કર્મોને દૂર કરવા આપણે નિર્લેપતાયે રહેવું. કોઈ પ્રકારની ઈચ્છા, આશા, અનંત છે તેનો ત્યાગ કરવો. તેથી અંશે અંશે મોક્ષનો આવિર્ભાવ થાય છે. અને જ્યારે આઠે કર્મો ખસે છે ત્યારે, સર્વદા, સર્વથા મોક્ષમાં આરૂઢ બની, અનંત સુખનો લહાવો, અનંતકાલ સુધી મળે છે. તેનો અંત, નાશ થતો નથી જ. મોક્ષ મહેલનો સાચો માર્ગ, નિસ્સરણી, સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ ચારિત્રમાં જ રહેલ છે. તેમાં અહિંસા, સંયમની, અને તપસ્યાની ખાસ અગત્યતા રહેલી છે. એટલે સાધકે, પ્રથમ વ્રત, નિયમ, જપાદિકની

સાધન કરવી. તે પણ રાગ, દ્વેષ અને મોહનો ત્યાગ કરીને કરવી. અન્યથા એકદમ ચઢવા જશો તો, વિવિધ વિઘ્નો આવશે. પડવાનું થશે.

એક સ્વાદી અને સ્વાર્થી માણસની માફક–એક માણસે સંસારના ઘણા પદાર્થો પ્રાપ્ત કર્યા. પણ તેથી તેને સંતોષ થયો નહિ. જેમ જેમ રસ ગારવમાં, રસની આસક્તિમાં આગળ વધે છે. તેમ તેમ પ્રથમ મીઠાશ આવે છે. પણ પરિણામે અજીર્ણ થતાં, અનેક વ્યાધિઓ ઉપજતી હોવાથી પીડાઓ પામે છે. અને લોભવૃત્તિ હોવાથી સ્વાર્થ સાધવા ઘણો પ્રયાસ કરે છે. પણ જ્યારે ખામી અગર હાની થાય છે ત્યારે, બીમાર પડયો હોય તેવી દશા આવી લાગે છે. તેથી કોઇકને પુછે કે, રસ સ્વાદનો અનુભવ કરતાં અજીર્ણ થાય નહિ અને આગળ રસ કાયમ રહે, પરંતુ ઓછો થાય નહિ, તેમજ સ્વાર્થ સાધતાં ખામી કે હાની થાય નહિ, તેવો ઉપાય બતાવો તો તમે ખરા ! આ મુજબ શ્રવણ કરીને તે શ્રવણ કરનારે કહ્યું કે, તું સમાધિ લગાવ. એટલે સર્વે આશાઓ પૂરી થશે. સમાધિ કેવી રીતે લગાવુ તે કહો ? કોઈ યોગી મહાત્મા પાસે જા. તને યોગના, સમાધિના ઉપાયો તે બતાવશે. આ ભાઈ સાહેબ ? સ્વાદ, અને સ્વાર્થને બરાબર સાધવા કોઈ એક યોગી પાસે ગિરનારની ગુફામાં ગયો. અને જલ્દી સમાધિ થાય તેના ઉપાયો પુછ્યા. યોગીબાવાએ કહ્યું કે, વ્રત, નિયમો કરતા, સમાધિનો ઉપાય ગાંજો પીવો તે છે. તેથી તેનો દમ લગાવવાથી મસ્તક ઉપર

પ્રાણો આરૂઢ થઇને સમાધિ જલ્દી થાય છે. આ યોગી અજ્ઞાની હોવાથી બીજો ઉપાય કયાંથી બતાવી શકે? **"ગાંજો પીવાથી કે ભાંગ પીવાથી, ધ્યાને આવવાનો અવકાશ સુગમતાથી આવી મળે છે."** આવેલ માણસે આ બાવાના કહેવા મુજબ ગાંજાને પીધો. તેની ગરમી મસ્તકે લાગવાથી પાગલ જેવો તે બન્યો. સમાધિ તો દૂર રહી. પણ, આધિ, વ્યાધિ આવીને વળગી. માટે તેવાઓની પાસે જવું નહિ. અને એવા કેફી પદાર્થો પીવા નહિ. સત્ય સમાધિ તો સમત્વમાં સમાએલ છે. સમસ્ત સંસારના પદાર્થો પરથી મમતા જ્યારે દૂર ખસે છે. અને સમ્યગ્-જ્ઞાનપૂર્વક મમત્વનો ત્યાગ થાય છે ત્યારે જ સત્ય સમાધિ હાજર થાય છે. મમત્વનો ત્યાગ થતાં સમત્વરૂપી સમાધિ સ્વયમેવ હાજર થાય છે. માટે પ્રથમ પાંચ ઈન્દ્રિયોને અને માનસિક વૃત્તિઓને વશ કરવા માટે, વ્રત, નિયમ વિગેરેની જરૂર છે. તેથી જ મન, વચન અને કાયાની અશુભ વૃત્તિ અને પ્રવૃત્તિઓના યોગે પડેલા ખરાબ સંસ્કાર અને વાસના દૂર ટળે છે. અને રાગ, દ્વેષ, અને મોહાદિક ખસતાં સાચી સમાધિનો અનુભવ આવ્યા કરે છે. માટે અરે ભાગ્યશાલી! આત્મદેશમાં જવું હોય તો, વ્રત, નિયમ, તપનો આદર કરીને, અનુક્રમે સમાધિના દશ સ્થાનોમાં પ્રેમ લગાવ! દશ સમાધિના સ્થાનો દ્વારા આત્માનો આવિર્ભાવ થતાં, તે દેશમાં ગમન કરવાનો માર્ગ સુગમતાથી પ્રાપ્ત થશે. પ્રથમ સાધ્ય તો, રાગાદિક દ્વારાજ, કર્મો અનાદિકાલથી ક્ષીરનીરની

માફક આત્મા સાથે લાગેલ છે. તે કર્મોને દૂર કરવા જ્ઞાન પૂર્વક શુભ ધાર્મિક ક્રિયાઓ કરવી. અને જે ક્રિયાઓ કરૂં છું. તેનાથી, કર્મો દૂર ખસો એવું સાધ્ય રાખવું. અને સાધન પણ, કર્મો દૂર ખસે એવા મેળવવા તેથી આત્માની ઓળખાણ થશે. અને તેના દેશમાં આનંદપૂર્વક જવાશે. તથા ભણીગણીને એવું વર્તન રાખવું કે, મિથ્યાત્વ, અવિરતિ કષાય, યોગ, અને પ્રમાદનો ત્યાગ થતો જાય. પંડિત બનીને વિષય કષાયનું જોર અલ્પ થાય નહિ તો, તેમની પ્રજ્ઞા, મતિ, બુદ્ધિ વૃથા છે. આત્મિક વિકાસને સાધવામાં તે પંડિત સમર્થ બનતો નથી. બલ્કે સંસારની રખડપટ્ટીને વધારી મૂકે છે. માટે પંડિત બનીને, ભણીગણીને જો આત્માને ઓળખ્યો નહિ. વિકાસ સાધ્યો નહિ. તો સદ્ગુરૂ કહે છે કે. " **ભણના ગણના સબહી જુઠા, જબ નહિ આતમ પીછાના, વર વિના કયા જાન તમાસા. લુણ વિણ ભોજનકું ખાના.** " જાન લઈને સગાંવહાલાં પુત્રને પરણાવવા પરગામ જાય છે. ધવલ મંગલ ગીતો ગાઈ મહાલે છે. પણ વરને આનંદમાં ભુલી જાય તો આ તમાસો જ કહેવાય ને? તેમ આત્મસાધ્યને ભૂલી સર્વે ક્રિયાઓ તમાસા, આડંબર રૂપ બને. જે જોઈએ તે લાભ કયાંથી મળે? લુણ વિના ભોજન નિરસ લાગે છે. તેમાં મીઠાશ આવતી નથી. તેની માફક, આત્મરસ વિના ક્રિયાઓમાં અગર ભણવા-ગણવામાં, ઉપદેશ આપવામાં, સત્ય રસ પડવો જોઈએ તે કયાંથી પડે! ઉપદેશ આપવામાં રસ આવે

છે પણ તે ટકી શકતો નથી. આત્મજ્ઞાન વિનાનો ઉપદેશ, અહંકારને ઉભો કરે છે. તે અહંકાર, ઉપદેશ આપનારને અંતે આર્તધ્યાનમાં અગર રૌદ્ર ધ્યાનમાં ફસાવી દુર્ગતિનું પાત્ર બનાવે છે. માટે ભણી, ગણીને પણ આત્માની ઓળખાણ કરીને ઘાતી કર્મોનો ત્યાગ કરવા ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. પંડિત બનીને નમ્રતા, સરલતા, ક્ષમા અને સમતા જો આવે નહિ તો, તે જ ભણતર, ભણેલાને અભિમાન, મમત્વમાં ફસાવી હાંસી પાત્ર બનાવે છે.

રોહગુપ્તે, તેમના ગુરૂદેવ પાસે આગમોનો અભ્યાસ કરેલ હતો. તે પ્રખર વિદ્વાન્ પણ કહેવાતો. સામાવાદીએ, એવી ઉદ્ઘોષણા કરી છે કે, જે કોઈ મને વાદમાં પરાજીત કરે તેને સાચો વિદ્વાન્ માનું. રોહગુપ્ત તેની સાથે વાદ કરવાનો સ્વીકાર કરી, પોતાના ગુરૂદેવ પાસે આવ્યો. વંદના કરી વાદી સાથે વાદ કરવાની બીના કહી. ગુરૂદેવે કહ્યું કે, તેં આ ઠીક કર્યું નહિ. કારણ કે તે પરિવ્રાજક વાદી, ઘણી વિદ્યાવાળો છે. વીંછી, સાપ, વિગેરે વિદ્યાદ્વારા તને તે વધારે હેરાન કરશે. કદાચ તે પરાજીત બનશે તો પણ, તેની પાસે ગર્દભી વિદ્યા છે. તેથી તું તેને જીતી શકશે નહિ. અને તું પોતે પરાજય પામે તો શાસનમાં અપભ્રાજના થાય. રોહગુપ્તે કહ્યું કે, ગુરૂદેવ ? જે થવાનું હોય તે થાય, પણ, તેની સાથે વાદ કરવાનો મેં સ્વીકાર કર્યો છે. તેથી હવે ખસી જવાય નહિ. તમારી પાસે તે વાદી કરતા વધારે એવી વિદ્યાઓ રહેલી છે. કે, જે વિદ્યાને તમે મને અર્પણ કરો તો, તે વાદીનો શો

બાર છે કે, મને હઠાવી શકે ! ગુરૂદેવે શિષ્યનો પરાજય થાય નહિ અને જૈનશાસન જયવંતુ રહે. તે માટે, તે વાદી પાસે જે જે વિદ્યાઓ હતી, તેણીઓને હઠાવનારી સામી વિદ્યાઓ પાઠ સહિત રોહગુપ્તને આપીને કહ્યું કે, છેવટે ગર્દભી વિદ્યા તારા ઉપર મૂકે તો, લે. આ રજોહરણ. તે તારા મસ્તક ઉપર ફેરવજે એટલે તે વિદ્યાનું બલ ચાલશે નહિ. અને તહારો જય થશે. આમ કહીને રજોહરણ પણ અર્પણ કર્યું. તે વિદ્યાઓ વિગેરે લઈને સામાવાદી સાથે વાદનો આરંભ કરીને રોહગુપ્તે કહ્યું કે, પહેલા તમારો પક્ષ સ્થાપન કરો. સામો વાદી પણ ઘણો કુશળ હતો. તેણે વિચાર કર્યો કે, જૈન સાધુઓ વાદમાં ઘણા પ્રવીણ હોય છે. જે જે પક્ષ હું સ્થાપન કરીશ તેને પોતાની પ્રવીણતાથી તે જરૂર હઠાવશે. માટે તેમના સિદ્ધાંતનો પક્ષ સ્થાપન કરૂં એટલે કયા પ્રકારે ખંડન કરી શકશે ! આમ વિચારી બે બે વસ્તુઓની રાશી સ્થાપન કરતાં જગતમાં જીવ અને અજીવની બે રાશી છે. આ પ્રમાણે સામ વાદીએ કહ્યું. આ પ્રમાણે રોહગુપ્તે સાંભળી તેને હઠાવવા, તેના પક્ષનું ખંડન કરવા ત્રણ–ત્રણ રાશીઓની સ્થાપના કરતાં જીવ–અજીવ–અને નોજીવની રાશીની સ્થાપના કરી. વાદીના પક્ષનું ખંડન કરી જય મેળવ્યો. પરંતુ પોતાના આગમના સિદ્ધાંતનું ખંડન થયું તેની તેને માલુમ પડી નહિ. છતાં પોતાનો જય થયો. આમ માનવા લાગ્યો. પરાજય પામેલા પરિવ્રાજક વાદીએ, જય પામેલા પ્રતિવાદીનો પરાજય કરવા, તેની પાસે વીંછી વિગેરેની જે વિદ્યાઓ હતી તે મૂકી ત્યારે પ્રતિવાદી રોહ-

ગુપ્તે, તે વિદ્યાઓને હઠાવનારી મયૂરી વિદ્યાઓ મૂકી. તેથી પુનઃ તેનો પરાજય કર્યો. પરાજય પામેલા વાદીએ, છેવટની ગર્દભી વિદ્યા મૂકી. તેણીને પણ ગુરૂદેવે અર્પણ કરેલ રજોહરણ વડે હઠાવી. તેથી તે વિદ્યા વાદીના મસ્તક ઉપર વિષ્ઠા કરી, અન્તરધ્યાન થઈ. તેથી વાદી ઘણો ખીસીઆણો બન્યો. અને હાંસીપાત્ર બની નાસી ગયો. રોહગુપ્તનો જયજયકાર થયો. સકલજન સુસમુદાય સાથે રોહગુપ્તે ગુરૂદેવ પાસે આવી, વાદીને નસાડી મૂકયાની બીના કહી. ગુરૂ મહારાજે કહ્યું કે, તેં વાદીનો પરાજય કર્યો તે તો ઠીક. પરંતુ તેં ત્રણ રાશીની જીવ, અજીવ અને નોજીવની સ્થાપના કરી તે સારૂ કર્યું નહિ. કારણ કે, આગમ, સિદ્ધાંતમાં કોઈએ પણ ત્રણ રાશી દર્શાવેલ છે જ નહિ. અને તેં ત્રણ રાશીની સ્થાપના કરી તે તો આગમ વિરૂદ્ધ સ્થાપના કરીને તું ઉત્સૂત્ર બોલ્યો. માટે સભામાં જઈને માફી માગી આવ. મિચ્છામિ દુક્કડં દઈને મારી પાસે આવે તો તેં જય મેળવ્યો તે સફલ થાય. અને બીજા આવું આગમ વિરૂદ્ધ બોલી, અનંત સંસારમાં પરિભ્રમણ કરે નહિ. આ મુજબ રોહગુપ્ત હતો તો વિદ્વાન્, પંડિત. પણ અભિમાનને ધારણ કરી પોતાના ગુરૂ સામે વાદવિવાદ કરવા લાગ્યો. અને ત્રણ રાશીની સ્થાપના કરવા ખાતર તે ગુરૂદેવને કહેવા લાગ્યો કે, ગુરૂદેવ! ત્રણ રાશીઓ પણ જગતમાં માલુમ પડે છે. ગુરૂદેવે કહ્યું કે, કાલ, સંધ્યા, વિગેરે ભલે ત્રણ કહેવાય, પણ, જીવ, અજીવ એવી બે જ રાશીઓ દુનિયામાં દેખાય છે. પણ

નોજીવની રાશી માલુમ પડતી નથી. ગુરૂમહારાજ કેમ માલુમ પડતી નથી? કપાએલ ગીરોલીની પુંછડી તરફડે છે. તે, નોજીવ કેમ ન કહેવાય? ગુરૂએ કહ્યું કે, તે કપાયેલ પુંછડી તરફડ્યા પછી અજીવ બને છે. જીવતી રહેતી નથી. તેથી માનવું જોઈએ કે બેરાશી જીવ અને અજીવ છે. આ મુજબ સાંભળી મદોન્મત્ત બની, મદઘેલો બની, ગુરૂમહારાજ સામે પડી વાદવિવાદ કરવા લાગ્યો. છ મહિના સુધી વાદ કરીને ભર સભામાં નૃપની સમક્ષ ગુરૂએ તે રોહગુપ્તનો પરાજય કર્યો. અને જૈન સિદ્ધાંતને સાચવી, તેને સંઘ બહાર કર્યો. આ પંડિતો ભલે વ્યાકરણ, ન્યાય વિગેરેનો સારી રીતે અભ્યાસ કરી, વિદ્વાન્ બને. પણ, આત્માના ગુણો જ્યાંસુધી આવે નહિ. ત્યાંસુધી ભલે તે નામના પંડિત કહેવાય. તેથી તેમાં વિનય, સરલતા પ્રથમ આવવી જોઇએ. તેમજ ભવ ભીરૂતા, પાપભીરૂતા પ્રથમ આવવી જોઈએ. તે આવે નહિ અને કદાગ્રહમાં, પોતાના જ સિદ્ધાંત વિરૂદ્ધ બોલી અભિમાન ધારણ કરી મલકાય. કોઈ સદ્ગુરૂ સમજાવે તો પણ સમજણો થાય નહિ. તો, તેઓનું ભણેલું, ગણેલું, જુઠું, અસત્ય છે. માટે ગુરૂદેવ કહે છે કે, રીતસર વ્યાકરણ, ન્યાયાદિકનો અભ્યાસ કરવાપૂર્વક આગમોનો પણ અભ્યાસ કરી, તમારા આત્માને ભૂલતા નહિ. જો ભૂલ્યા તો વર વિનાની જાનના તમાસાની માફક સમ્યગ્જ્ઞાનીઓની સમક્ષ હાંસીપાત્ર બનશો. એટલું જ નહિ બલ્કે વાદવિવાદમાં પતિત બની, અનંત સંસારમાં ભટકશો. ટીચાશો. માટે અભ્યાસ એવો કરવો કે,

જેથી આત્માની ઓળખાણ થાય, વિકાસ, ઉન્નતિ સધાય. અને ભવની ભાવટ ભાગે. અનુક્રમે અનંત સુખના સ્વામી બનાય ! આત્મજ્ઞાન, ધ્યાન વિના મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, પ્રમાદ, વિકથાઓ વિગેરે ટળતાં નથી. તેથી જે પ્રકાશની અગત્યતા છે, જરૂર છે. તે ક્યાંથી પ્રાપ્ત થાય? તેથી તો જગતમાં અંધકાર વધે છે. અને તે સર્વત્ર ફેલાય છે. આવા અંધકારને હઠાવવા, જ્ઞાનપ્રકાશને પ્રાપ્ત કરો ? આત્મજ્ઞાનનો પ્રકાશ સૂર્યના પ્રકાશથી અનંતગણો અધિક છે. રાત્રીમાં પણ ઝળહળી રહેલ હોય છે. બીજા પ્રકાશો સમય આવી લાગતા અસ્ત થાય છે. પરલોકમાં પણ પ્રાયઃ સાથે આવતા નથી. પણ આત્મજ્ઞાનનો પ્રકાશ કદાપિ અસ્ત થતો નથી. પરલોકમાં પણ સાથે ને સાથે આવી મોક્ષ-માર્ગે જવામાં સુગમતા, સરલતા કરી આપે છે. અને જ્યાંસુધી પરમપદ ન પામીએ ત્યાં સુધિ આવેલા વિઘ્નોને હઠાવી અનુકુલતા કરી આપે છે. વ્યાવહારિક કાર્યો તે પ્રકાશ દ્વારા આશંસા રહિત થાય છે. ભલે આખું જગત રૂઠે કે, પ્રશંસા કરે. તોપણ, શોક, સંતાપાદિક થતો નથી. અને હર્ષઘેલા બનાતું નથી. આગમો કહે છે કે, આત્મજ્ઞાનનો પ્રકાશ, પ્રભાવ કે મહિમા અવર્ણનીય છે. વૈખરી વાણી દ્વારા પણ કહી શકાય નહિ. આવા પ્રકાશ, પ્રભાવને કોણ ન ઇચ્છે ? કલ્પવૃક્ષ, કામધેનુ, પારસમણિ, કે ચિત્રાવેલી, પરલોકમાં સાથે આવતા નથી. આત્મપ્રકાશ તો સાથે ને સાથે આવે છે. અને અચિંત્ય સત્ય સુખને અર્પણ કરે છે. આવા

મહિમાવાળા આત્મજ્ઞાન વિના જગતમાં અંધકાર હોય તેમાં આશ્ચર્ય નથી. આત્મજ્ઞાનથી કૈવલ્યનો પ્રાદુર્ભાવ થાય છે. માટે સદ્દગુરૂની સંગમાં રહો. અને આત્મજ્ઞાનને પ્રાપ્ત કરીને અંધકારને, મિથ્યાત્વ વિગેરેનો ત્યાગ કરી હૈયામાં ઉજીયારૂ કહેતાં પ્રકાશ કરો. અને સંપૂર્ણ પ્રકાશરૂપ કૈવલ્યજ્ઞાન, બે ત્રણ ભવોમાં પ્રાપ્ત થાય છે. કેવલજ્ઞાનનો પ્રકાશ થતાં જગતમાં જે જે પદાર્થો છે તે તે સઘળાનો સાક્ષાત્કાર થાય છે. જ્ઞેયપણાએ જણાય છે. કારણ કે જ્ઞાતા, કેવલજ્ઞાનવાળા બન્યા છે. પછી રાગ, દ્વેષ અને મોહ, જે ભવરોગ છે. તે ટળી જાય છે. પુનઃ જન્મજરા મરણની વિડંબનાને આવવાનો અવકાશ કદાપિ મળતો નથી. આત્મજ્ઞાનથી, જેટલા જ્ઞાનના આવિર્ભાવો છે. તે સઘળા તેમાં સમાય છે. તેથી અન્ય જ્ઞાન, જાણવાનું રહેતું નથી.

એક ભાગ્યવાન, યુવાવસ્થા વીતી ગયા પછી, વૃદ્ધાવસ્થામાં પણ દીક્ષા ઉપર અધિક પ્રીતિ હોવાથી સંવેગી, વૈરાગી બનીને રીતસર સંયમી બન્યા. પણ, ક્રિયાકાંડ પૂરતું જે જ્ઞાન જોઇએ, તે પણ શીખી શકતા ન હોવાથી, ગુરૂદેવને કહે છે કે, ક્રિયા પુરતું પણ જ્ઞાન હું શીખી શકતો નથી. મુખે ચઢતું નથી. માટે એવો કોઈ ઉપાય બતાવો કે, સર્વ જ્ઞાન એમાં સમાય. આનંદે રહી શકું. સદ્દગુરૂએ કહ્યું કે, વ્યાવહારિક ક્રિયાકાંડનું જ્ઞાન શીખી શકાતું ન હોય તો, આટલું વાકય તો મુખે ચઢશે ને? શિષ્યે કહ્યું. કયું વાકય? 'મા રુષ્ય મા તુષ્ય' એટલે પ્રતિકુલતાના વખતે

કોઇના ઉપર રોષ કરવો નહિ અને કોઈ પ્રશંસા કરે તો પણ, હરખ પામવો નહિ. આ વાક્યને બરોબર ઉપયોગ રાખી હૈયામાં ધારણ કરવા પૂર્વક, તે મુજબ આચારમાં મુકવું. આ મુજબ આચરણ કરવાથી આત્મજ્ઞાન થતાં સર્વ જ્ઞાનનો આવિર્ભાવ થશે. છતાં આ મુનિને આ વાક્ય પણ આ મુજબ બોલતાં પણ આવડતું નથી. અને બોલે છે કે, **"માસતુસ, માસતુસ"** આ પ્રમાણે બોલતા હોવાથી સર્વ મુનિરાજો તેને માસતુસ એ નામે બોલાવવા લાગ્યા. અને ગમ્મત કરવા લાગ્યા. ક્રિયાઓમાં વારે વારે ભૂલો કરે છે ત્યારે, ઘણો ઠપકો આપે છે. તિરસ્કાર પણ કરે છે. છતાં માસતુસ મુનિ તો મનમાં વિચારે છે કે, ભૂલો થાય છે તેથી જ ઉપાલંભ વિગેરે આપે છે. તે તો મારા લાભ માટે જ છે. માટે રોષ કરવો નહિ. પણ સહન કરવું. આ સર્વ મુનિરાજો મારા હિતસ્વી છે. આવા વિચારોના આધારે આત્મજ્ઞાન પ્રગટયું. જ્યારે સહન કરી આત્મભાવના ભાવે છે ત્યારે, કેટલાક મુનિવર્યો તેમની પ્રશંસા કરે છે. કે, આ માસતુષ મુનિવર બાહર અને અન્તર કેવા શાંત બન્યા છે. આવી દશા અમારી ક્યારે થશે! ઇત્યાદિ વચનોથી પ્રશંસા કરે છે. છતાં તે મુનિ હર્ષાતુર બનતા નથી. मा, रूष्य मा, तुष्य નું વાક્ય પણ બરોબર બોલતા નથી. પણ તેનો ભાવાર્થ તેમણે હૈયામાં બરોબર પચાવ્યો છે. ધન્ય છે આ મુનિવર્યને કે. જેઓ દરેક બાબતમાં, ખાનપાનાદિકમાં તેમજ ધાર્મિક ક્રિયામાં, રાગ, દ્વેષાદિ કરતા

ન હોવાથી, સમત્વને ધારણ કરવાથી આત્મજ્ઞાનપૂર્વક કર્મોને ખપાવવા લાગ્યા. ગુણશ્રેણિએ આરૂઢ થઇ, ઘાતી કર્મોને ખપાવી, કેવલજ્ઞાનને પામ્યા. જગતના સચરાચર પદાર્થોને જ્ઞેયપણે જાણવા લાગ્યા. છતાં તેઓનાથી અલગા રહીને અઘાતી કર્મોને ખપાવવા તૈયાર થયા. એટલે આત્મજ્ઞાનના યોગે સર્વ કર્મો ખપાવી સિદ્ધ થયા. અરે ભાગ્યવાનો કહો, આ બધું શાથી થયું ? આત્મજ્ઞાનથી જ. માટે સદ્ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, તમો સુખેથી સર્વ પ્રકારનું દુન્યવી જ્ઞાન, વિજ્ઞાન લેજો. પરંતુ તેની સાથે આત્મજ્ઞાન પણ જરૂર લેવું જોઇશે જ. તે જ્ઞાનથી સર્વ દુઃખનો અંત આવશે. કોઈ તમને વખાણે કે વખોડે, તેમાં માનસિક વૃત્તિને ધારણ કરશો નહિ. રૂષ્ટમાન, તુષ્ટમાન બનશો નહિ. સમત્વને ધારણ કરી આત્મજ્ઞાનમાં રહેશો. એક, બે વાર પણ, અખતરો કરી જુઓ કે, તેથી કેવો લાભ થાય છે. તેથી સુખશાતાનો લ્હાવો મળશે. અંશે પણ સમત્વ હાજર થશે. અન્યથા દરેક બાબતમાં તમોને કળ પડશે નહિ. અને અકળામણ પણ આવશે. "**સુખનો સાચો ઉપાય, આત્મજ્ઞાને કરીને રાગ દ્વેષ, મોહનો ત્યાગ કરવો તે જ છે.**" પછી લીધેલું સાંસારિક જ્ઞાન, વિજ્ઞાન પણ, તમોને સહારો આપવા સમર્થ બનશે. નહિતર જ્યાં ત્યાં પરિભ્રમણ કરાવશે. માટે આત્મજ્ઞાનનો પ્રકાશ મેળવી, તમે તરો. અને અન્યજનોને તારો તો જ, તમો ધન્ય ધન્ય કહેવાશો.

"આત્મિક ગુણોની ઓળખાણ કરવા માટે મોહ-નિદ્રાનો ત્યાગ કરવા પૂર્વક દરરોજ ઉત્તમ ભાવનાને ભાવવી. તે ઉપર ૨૬ મા પદના કાવ્યની રચના કરતાં સદ્ગુરૂદેવ ફરમાવે છે કે,

( મનસા માલિનીએ જીવો ગોરખ—એ રાગ )

નિર્ભય દેશના રે વાસી આતમ, પડે શું માયા જાળમાં;
અસંખ્ય પ્રદેશી દેશ તારો, નિરાકાર ગુણવાનજી,
જરામરણ નહિ દેશમાં તે, નિશ્ચલ સુખનું ઠાણ.
નિર્ભય દેશના રે વાસી (૧)
રોગ, શોગ, વિયોગ નહિ જ્યાં, મમતાને અભિમાનજી,
પ્રતિપ્રદેશે સુખ અનંતુ, સમતા અમૃત પાન.
નિર્ભય૦ (૨)
જ્ઞાનગુણથી દેશમાં નિજ, ભાસે સર્વ પદાર્થજી,
નિત્ય અવિચલ દેશ તારો, શુદ્ધ એ પરમાર્થ.
નિર્ભય૦ (૩)
જ્યોતિમાંહી જ્યોત પ્રગટી, કરતાં દેશનું ધ્યાનજી,
અનુભવવાસી ઓળખ્યો તો, આવ્યું નિજપદ ભાન.
નિર્ભય૦ (૪)
ભમો શું માયા દેશમાં ભાઇ, નહિ જ્યાં સુખનો લેશજી,
બુદ્ધિસાગર ચેતી લ્યો ભાઈ, પામી અવસર બેશ.
નિર્ભય૦ (૫)

સદ્‌ગુરૂ આચાર્ય, બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, હે ભવ્યો, મનુષ્યો ? ચેતી લો. આ મનુષ્યભવનો ઉમદા અવસર મળેલ છે. પુનઃ પુનઃ નહિ ચેતો તો તે મળવો દુર્લભ છે. દુર્લભતાના દશ દૃષ્ટાંતો પૈકી, એક દૃષ્ટાંત તમારી આગળ કહેવામાં આવે છે. એક તદ્દન વૃદ્ધ ડોશી છે. તેની આગળ એક કૌતકી માણસે, ચોવીસ પ્રકારના ધાન્યનો ઢગલો ભેળસેળ છે. કરીને મૂકયો. જુદા જુદા પ્રકારના ધાન્ય, અનાજ, માંહો-માહિં ભેગા થએલા છે. તેમાંથી જુદા જુદા કરવા પૂર્વક, તે અનાજનું વર્ગીકરણ કરો. એટલે ભેગા થએલને જુદા જુદા પાડો. આ મુજબ કહેવાથી, તે ડોશી, વર્ગીકરણ કરવા તો બેઠા. પણ થાકી જવાથી તેમને કંટાળો આવ્યો. અને એક દિવસમાં જ થાકી ગયા. તો હજારો મણ ધાન્યનો ઢગલો મિશ્રણ થએલ હોવાથી તે અનાજને કયારે જુદા કરી શકે ? કદાપિ પૃથક્ કરી શકે નહિ. કદાચ કોઈ દેવની પ્રાર્થના કરવા પૂર્વક તે દેવને બોલાવે તો પણ, તે ઢગલાઓના ધાન્ય જુદા પાડી શકે તે પણ દુષ્કર છે. તેના કરતાં માયા, મમતા અહંકારમાં મિશ્રિત થએલ આત્માને, જુદો પાડી ઓળખવો તે તો અતીવ દુષ્કર છે. બીજી વાર મનુષ્ય ભવ પામવો દુર્લભ છે. માટે પુણ્યોદયે અરે ભાગ્યવાનો ! દેવ-દુર્લભ મનુભવ તમોને મળ્યો છે. તેમાં પ્રમાદનો ત્યાગ કરી, આત્મવિકાસ સધાય તે મુજબ ચેતી, વ્યાવહારિક કાર્યો કરતાં એવી ભાવના ભાવો કે, ઉપયોગ રાખી કર્મોને, રાગ, દ્વેષ, મોહાદિકને કયારે દૂર ખસેડું. અને કયારે નિર્ભયવાસી

બનું. નિર્ભયવાસી બનવું તે, મનુષ્યોનું અગત્યનું કાર્ય છે. તથા ક્યારે આધિ, વ્યાધિ અને ઉપાધિની વિડંબનાનો ત્યાગ કરીશું. આવી વિચારણાને દરરોજ ભાવશો તો તમારો આત્મા તમારી સમીપમાં જ છે. દૂર નથી. ફક્ત ઉમદા વિચાર, વિવેક અને ભાવનાઓને ભાવશો તો, જરૂર આત્માની ઓળખાણ થશે. જે જ્ઞાનાવરણીયાદિ કર્મોની પરાધીનતાની બેડીમાં ફસાયા છો તેનાથી મુક્ત થશો. અને સ્વાધીનતા સાથે સત્યાનંદમાં સદાય ઝીલશો. પરંતુ તમો તો મોહનીય કર્મે બીછાવેલ જંજાલમાં ફસાયા છો. અને તેમાં જ સુખશાંતિ માની બેઠા છો. તેના મધુર મારને સુખ માની બેઠા છો. તો પછી નિર્ભયદેશ, તમોને, કયાંથી પ્રાપ્ત થાય? તમારે દુન્યવી વેઠને સુખનું સાધન માનવું છે. અને નિર્ભય, નિશ્ચિત જીવનના લ્હાવા લેવા છે. એ કેવી રીતે બને? તમારે બે હાથે મ્હોટા મ્હોટા મોદક ભાગ્યા વિના આખાને આખા આરોગવા છે. તે કયાંથી બને? ભાગ્યા વિના ખવાતું નથી. માટે તે મોદકને ભિન્ન ભિન્ન કરશો તો જ ખવાશે. અને તેથી ક્ષુધા પણ મટશે. તે મુજબ માયા, મમતાના મોદકો ભાગ્યા વિના, જુદા કરશો નહિ તો, ભવોભવની ભૂખ ભાગશે નહિ. માટે તેઓને ભાગી નાંખો; એટલે માયા મમતાના મોદકોની મીઠાશમાં મગ્ન બનો નહિ. તો જ, સમ્યગ્જ્ઞાનીની સોબતે સમ્યગ્જ્ઞાન પામી સ્વયં વિવેક ધારણા કરી સુંદર ભાવનાઓ ભાવશો ત્યારે આત્માનો અનુભવ આવશે. મીઠા મારમાં

ક્યાં મલકાઓ છો !

એક દંપતીની માફક-એક જ્ઞાતિમાં એવો રીવાજ હતો કે, પરણીને પોતાના ઘેર આવ્યા પછી બન્ને વરવહુ અરસપરસ લુગડાનો કોયડો બનાવી, સાત વાર ફેરા ફરીને એકબીજાને મારે. આ રૂઢી પ્રમાણે દંપતી પરણીને ઘેર આવ્યા પછી સઘળા સ્વજન સમક્ષ વહુ બેઠી. ને વર, કોયડો બનાવી માર મારવા લાગ્યો. વહુ બરોબર માર ખાય છે. ને પાછી મલકાય છે. ખુશી ખુશી થાય છે. સાતવાર માર ખાધા પછી, વરરાજા માર ખાવા બેઠો. તેની વહુ પણ તેને કોયડાના માર મારવા લાગી. જોર કરીને લગાવે છે. શાને બાકી રાખે ? ભાઈ સાહેબ પણ કોયડાનો માર ખાય છે. પાછા ખુશી ખુશી થાય છે. કહો આ માર કોનો અને કેવો ? જ્ઞાનીઓ તો કહે છે કે, આ મોહનો માર છે. અને મોહ મમતાની મીઠાશ છે. આવી મીઠાશનો માર ઘણી વખત આવ્યો છે. છતાં મોહી મનુષ્યો તેનાથી ચેતી દૂર ખસ્યા નહી. અને સત્યાનંદની મીઠાશનો અનુભવ કદાપિ લીધો નહિ. આમ મીઠો માર ખાઈને ક્યાં સુધી ભવોમાં ભટકવું છે ! મીઠા મારમાં તો અંતે અત્યંત મહા કષ્ટ સમાએલ છે. આવા મારમાં કોણ રાચી માચી રહે ? જે સમજતો ન હોય તે જ. શાણા સજ્જનો તો, આધિ, વ્યાધિ, ઉપાધિ વિગેરે વારે વારે ઉપસ્થિત થાય એવી મીઠાશમાં પણ ફસાતા નથી. તેનાથી, એટલે મોહ મમતાની જંજાલથી અળગા રહીને, સ્વજીવન આનંદ પૂર્વક

વ્યતીત કરે છે. તેઓ અનુક્રમે પોતાના જ આત્માને નિરાકાર, અને અનંતગુણોનો સ્વામી પોતે જ બનાવે છે. જ્યારે નિરાકાર અને અનંત ગુણો વાળો પોતાનો આત્મા બને છે ત્યારે, અનંતસુખમાં નિત્ય ઝુલ્યા કરે છે. તેવા સ્થાનમાં રોગ, શોક, આધિ, અગર પુર્નજન્મની વિડંબના હોતી નથી. એવી સ્થિતિના સ્વામી તમો બનશો. માટે મોહજાળમાં કયાં પડો છો ! નિશ્ચિંત બનવું છે કે, ચિન્તા રૂપી ચિતામાં પુનઃ પુનઃ બળવું છે. તે તો કહો. નિશ્ચિંત બનવું હોય તો મોહના મીઠા મારમાં રાચી માચી રહો નહિ. સત્ય અને નિત્ય મીઠાશનું સ્થલ, નિર્મલ થતા અને થએલ આત્મામાં જ સમાએલ છે. તેને પ્રાપ્ત કરશો ત્યારે, અહંકાર, અભિમાન, મમતાની જે કારમી ભયંકરતા રહેલી છે. તે દૂર ભાગશે. અને સમ્યગ્જ્ઞાન યોગે આત્મા તરફ નજર રહેશે ત્યારે મંત્ર યંત્રાદિકની પણ જરૂર રહેશે નહિ. મંત્ર યંત્રાદિક પણ આત્માને સ્થિર કરવા માટે જ છે ને ? આત્મા, ચંચલતાનો ત્યાગ કરી સુંદર ભાવનાના યોગે સ્થિર થયો કે પછી, વિકાસમાર્ગે આરૂઢ થતા તેને વિલંબ થતો નથી. માટે પ્રતિપ્રદેશે અનંત ગુણોવાળા આત્મા તરફ નજર રાખી સમતામૃતનું પાન કરો. તેથી જ્યારે સંપૂર્ણ સમત્વ આવે છે, ત્યારે તિરોભાવે રહેલી આત્મસત્તાનો પ્રગટ ભાવ થાય છે. અને સકલ ભાવો હસ્તામલકવત્ ભાસે છે. હે ભાગ્યશાળીઓ ? તમારો આવો દેશ છે. એને કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરો. એટલે મહામહેનતે

પ્રાપ્ત કરેલ જ્ઞાન, વિજ્ઞાન, તે નિર્મલ થએલ આત્મામાં વિલય પામી સફલતાને ધારણ કરશે. નહિતર લીધેલો સઘળો પરિશ્રમ ફોગટ જશે. અને અહંકાર, મમતા, અદેખાઇમાં ફસાવી નાંખશે. માટે જ્ઞાન, વિજ્ઞાનને મેળવીને પણ તેને સમ્યગ્જ્ઞાનની જ્યોતિમાં મિશ્રિત કરો. તે જ્યોતિ, આત્મ જ્યોતિમાં ભળતાં પોતાના શાશ્વત, સ્થિર દેશમાં સ્થિર થશો. માટે તમારી સર્વ ચાલાકી, આવડત અને પ્રવીણતા વિગેરેને હવે ક્યાં વાપરશો ? જો જો ભૂલતા નહિ. નહિતર એક મોહમુગ્ધની માફક માર પડશે.

એક માણસ હતો તો પૈસાદાર. પરંતુ વિષયવાસનાના પાસમાં બરોબર ફસાએલ હોવાથી, જ્યારે તાકાત ઓછી થાય ત્યારે રસાયણ વિગેરે લઈ શક્તિમાન્ બનતો. તેના નસીબમાં આત્મધર્મના રસાયણરૂપી મૈત્રી, પ્રમોદ અનુકંપા, અને મધ્યસ્થતા ક્યાંથી હોય ? તેમજ દાન, શીયળ, તપ, ભાવનારૂપી દવા લેવાનું ક્યાંથી હોય ? વિષયમાં આસક્ત બનેલ તેણે, દુન્યવી રસાયણ લઈ તાકાત તો મેળવી. પણ ઘરમાં બાયડી માંદી પડી. અસાધ્ય વ્યાધિએ ઘેરો નાંખ્યો. તેની વ્યાધિને ટાળવા માટે ઘણા ઉપાયો કરી, ઘણા રૂપિયા ખર્ચ્યા. પણ તે સાજી થઈ નહિ. પતિને પડતો મૂકી તે પરલોકે ચાલી ગઈ. ભાઈ સાહેબ વિષયઘેલો હોવાથી તેને બહુ દુઃખ થયું. અને વિવિધ વિલાપો કરવા લાગ્યો. સ્વજન વર્ગે દિલાસો આપી શાંત કર્યો. અને કહ્યું કે, તું પૈસાદાર છે. એટલે બીજીને પરણી સુખ ભોગવીશ ત્યારે

દુઃખ રહેશે નહિ. માટે કોઈ શાંત, સદ્ગુણી અને ઉમ્મર લાયક કન્યા સાથે લગ્ન કર. આટલું જ શ્રવણ કરતાં આ ભાઈ હરખમાં આવ્યા. જાણે દુઃખ દુનિયામાં છેજ નહિ. બે ત્રણ મહિના વીત્યા પછી કન્યાની શોધમાં પડયા. પરંતુ બીજવરને કોઈ દીકરી દેતું નથી. રૂપિયાની લાલચ આપે છે. છતાં તેવી લાલચમાં કોણ પડે? કારણ કે, તેને ચાર પાંચ દીકરા દીકરીનો પરિવાર હતો. તેથી કોઈ કન્યા દેતું નહિ હોવાથી વનિતા આશ્રમમાં ગમન કરી તેના મેનેજર પાસે સુંદર કન્યાની માગણી કરી. મેનેજરે કહ્યું કે, બે હજાર રૂપિયા તેના નામથી સારી બેંકમાં કે પેઢીમાં મૂકો તો રૂપાળી, લટકા, ચટકા અને મટકાવાળી કન્યાને પરણાવું. તે કન્યાને દેખી આ ભાઈએ તો તેના ઉપર મોહઘેલા બની, બે હજાર રૂપિયા તે કન્યાના નામે બેંકમાં જમે કરાવ્યા. પરણીને ઘેર આવ્યા પછી, બાઈ સાહેબને જુનું ઘર ગમતું નથી. નવો આલીશાન મહેલ બંધાવવા દરરોજ ટકોર કર્યા કરે છે. નવીન બંગલો બંધાવવા એક લાખ તો જરૂર જોઈએ. પણ એટલી રકમ ખરચવાની શક્તિના અભાવે, બંધાવીશું. બંધાવીશું. આમ કહ્યા કરતો હોવાથી, આવેલી રૂપાળીએ રીસણું માંડયું. મરડાઈને કહેવા માંડયું કે, બંગલો ક્યારે બંધાવશો? આમ દરરોજ કહે છે. પણ આ પૈસદાર બંધાવી શકતો નથી. તેથી સ્ત્રીએ કલહ, કંકાસ કરવા માંડયો. અને કહેવા લાગી કે. હું રસોઈ કરવાની નથી. રસવતી કરનાર રસોઈયાને રાખો. હું પોતે મેલા થએલ વસ્ત્રને ધોઈ

શકતી નથી. મારા હાથ દુઃખવા આવે છે. માટે પાણી ભરનારીને પણ રાખો. પાણી લાવતા બહુ થાક લાગે છે. આ મુજબ સાંભળી ભાઈસાહેબ તો ઘણી ચિન્તા, વલોપાત, સંતાપ કરવા લાગ્યો કે, આ રૂપાળીને નવીન બંગલામાં લહેર કરવી છે. અને જાતમહેનત કરવી નથી. તેના કહેવા મુજબ સઘળુ કાર્ય કરવામાં આવે તો, ભીખારી જેવી દશા આવી લાગે ? ભલે ને બોલ્યા કરે બોલી, બબડીને પોતાની મેળે ચૂપ બેસશે. તેણીના બોલવા સામે જોવું નહિ. આમ વિચારી મૌન રાખે છે. પરંતુ આ લટકાળી લલનાને લહેર કરવી છે. તેથી તે બોલ્યા વિના કયાંથી રહે ? તેણીના કહેવા મુજબ બંગલો; નોકર વિગેરે રાખતા નહિ હોવાથી અને નવો બંગલો બનાવતા નહિ હોવાથી, કોપાતુર બની તે સ્ત્રી જેમ તેમ ગાળો દેવા લાગી. અને કહેવા લાગી કે. આના ફંદામાં ક્યાં ફસાઈ પડી ? ધારણા મુજબ થતું નથી. બળ્યું આ મકાન. આમ કહી વાઘણ માફક ઘુઘવાટો કરવા પૂર્વક ગાળો દેવામાં બાકી રાખતી નથી. ગાળો સાંભળી ભાઈસાહેબને ક્રોધ ચઢ્યો. તેથી, તેણીને મેથીપાક, ધોકાપાક આપવા, એટલે તેણીને મારવા માટે હાથમાં લાઠી લીધી. આ લાઠી દેખી બાઈ પણ ભય પામે એવી નહોતી. તેણીએ સાંબેલુ લીધું. ભાઈએ લાઠી લગાવી ત્યારે બાઈએ સાંબેલુ લગાવ્યું. તે એવું લગાવ્યું કે, બીજીવાર લાઠી લગાવવાની ખોડ ભૂલી જાય. માર ખાધા પછી ભાઈએ વિચાર કર્યો કે, બીજીવાર લાઠી મારીશ તો, આ રાંડ મને પૂરો કરી દેશે. પણ ચઢેલો ક્રોધ

ખસે એમ નહોતો. તેથી નજીકમાં રહેલ ગોદડા જેના ઉપર મૂકયા છે. એવા ડામચીયા ઉપર લાઠીઓ મારવા લાગ્યો. અને કહેવા લાગ્યો કે, કેવી લાઠીઓ લગાવું છું ! ચૂપ બનીશ ? નહિ તો વધારે લાઠી લગાવીશ. આ સાંભળી બાઈને હસવું આવ્યું. અને સાંબેલું મૂકી દીધું. તેણે તો ગોદડાને લાઠી લગાવી કોપ ઉતાર્યો. પરંતુ પાડોશીએ, ધબકારા સાંભળી કહ્યું કે, અલ્યા ? આ પ્રમાણે ઘરવાળી બાયડીને માર મરાય ? ખુમારીમાં આવી તે કહેવા લાગ્યો. શું કરીએ. તે માનતી ન હોવાથી લાઠીનો માર મારવો પડયો છે. મનમાં તો માને છે કે, મને પોતાને એવો માર પડયો છે. કે બીજીવાર સાંબેલાનો માર પડે તો ઉભો પણ થઈ શકું નહિ. પણ જાહેરમાં કહેવાય નહિ કે મને પણ એવો સાંબેલાનો માર પડયો છે. બીજીવાર લાઠી લગાવવા તાકાત રહી નહિ. જો કહે તો આબરૂ જાય. નામર્દ કહેવાય. કોઈ પ્રકારે પણ આબરૂ રાખવી જોઈએ ને ? આ મુજબ વિષય વિકારો ઘણો મીઠો માર ખવરાવે છે. છતાં મુગ્ધ માણસો તેની મીઠાશમાં સુખ માની ખુવાર થાય છે. આ મુજબ સદ્‌ગુરૂ મહારાજ કહે છે કે, આવી માયાનો મીઠો માર કયાંસુધી ખાશો ? સંસારના વિષય વિકારોમાં મોત, મરણ થાય એવી મીઠાશનો ત્યાગ કરી આત્મજ્ઞાન મેળવી આત્મ-જ્યોતિમાં લયલીન થવા માટે હૈયામાં લગની લગાડો. છતાં પછી જો માર પડે તો એવી મીઠાશમાંથી પ્રીતિ ટળવા માંડશે. અને તેના બદલે અનંત આનંદ, મીઠાશનો અનુભવ આવશે. કે

જેમાં માર પડે એવી મીઠાશ હશે નહિ. આ પ્રમાણે સાંભળી લઘુકર્મી, સમ્યક્ત્વ ધારી કોઈક મહાભાગ્યશાલીને, સાંસારિક વિષયોના વિકારોનો ત્યાગ કરવાની ભાવના થઈ. અને થયેલ ભાવના મુજબ પ્રથમ, વ્રત, નિયમોનું રીતસર પાલન કરવાપૂર્વક, આત્મધ્યાન, જ્યોતિને પ્રાપ્ત કરવા કટીબદ્ધ થએલ હોવાથી આત્મજ્ઞાનનો લ્હાવો લેવા લાગ્યો. અને તેથી અનુભવવાસી એવા આત્માને તેણે ઓળખ્યો. એટલે નિજપદ, પોતાનું સ્થલ જે છે તેનું ભાન થયું. અને માયાની મીઠાશ તથા વિષય-વિકારોની મીઠાશને વિષ સરખી માની તેના ઉપર નજર પણ પડતી નથી. આવા સમકિતી મહાભાગો વિષયના મારને ખાતા નથી. પણ કષાયના વિકારોને માર મારી અગર લડાઇ કરી મૂલમાંથી નષ્ટ કરવા સમર્થ બને છે. તેથી તેમનો જન્મ થયો તે પ્રમાણ છે. સાર્થક છે. ઘણાએ લઘુકર્મી ભાગ્યવાનો, વ્રત, નિયમાદિ ધારણ કરીને આત્માની જ્યોતિને બરોબર પીછાની, મોહનીય કર્મને માર મારી, મૂલમાંથી નષ્ટ કરવાપૂર્વક પોતાની સત્તાના સ્વામી બનવા સમર્થ થએલ છે. આત્મધ્યાન કરતાં, આત્મિક તેજ, નૂર, પ્રકાશ વધતો રહે છે. અને કર્મોને માર પડવાથી તે કર્મો ખસતા જાય છે. ત્યારે સાંસારિક વિષયોનું ધ્યાન કરવાથી, આસક્તિ રાખવાથી, મોહનીય વિગેરે કર્મોનું બળ વધે છે. તેથી પરા-ધિનતા ખસતી નથી. માટે અરે ભાગ્યશાલીઓ ? મોહમાયાની જંજાલમાં સુખ માની તેમાં ક્યાં ફસાઈ પડો છો ? તેમાં સત્ય સુખનો લેશ માત્ર પણ અંશ નથી. સુખાભાસને સત્ય

સુખ કહેવાય જ નહિ. માટે સદ્‌ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, મનુષ્યભવની મોસમ, અવસર મળેલ છે. તેને ફલવતી બનાવો. આવો અવસર મળવો દુર્લભ છે. આ મુજબ જણાવી, હવે દુનિયા, દુન્યવી સુખશાતામાં રાચીમાચી રહેલ હોવાથી, તુચ્છ વસ્તુઓ, મનુષ્યોને કેવી વિડંબના, વિપત્તિ, પીડા, સંકટ, સંતાપ વિગેરે આપી રહેલ છે. તે ૨૭ મા પદની કાવ્ય રચના કરતાં સદ્‌ગુરૂ આચાર્ય મહારાજ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, અરે દુનિયાના માણસો કાંઈક સમજો.

**પીપળાના ઝાડ પર બેઠાં પંખી દોય રે,**
**તેમાં ગુરૂ ચેલો એક, જ્ઞાનથી જોય રે.**
**જીજીજી૦ ॥૧॥**

**અગ્નિમાંથી જળ પ્રગટયું, નભ પહોંચ્યા પાણી રે,**
**ગાયની કુખેથી મોટી, સિંહણ વિઆણી રે.**
**જીજીજી૦ ॥૨॥**

**દોનારીને ખીલો દુવે, ભેંસ બેઠી રૂવે રે,**
**સતી તો વેશ્યાને ખાટે, જુગારીથી સુવે રે.**
**જીજીજી૦ ॥૩॥**

**રાજા તો પ્રજાથી બીવે, અંધારૂં તો દીવે રે,**
**અજવાળુ તે અંધ દેખે, સૈને સોય સીવે રે.**
**જીજીજી૦ ॥૪॥**

તિલો તો ઘાણીને પીલે, ઉલટી એ વાણી રે,
બુદ્ધિસાગર ત્યાં શું જાણે, દુનિયા દીવાની રે.
જીજીજી૦૦ ॥૫॥

પીપળાનું વૃક્ષ પવિત્ર કહેવાય છે. તે ઝાડ, રાત્રી અને દિવસ મનોહર અને સ્વચ્છ હવા અર્પણ કરે છે. તેની ઉપમા આપતાં. સદ્‌ગુરૂદેવ કહે છે કે, પીપળાના વૃક્ષ રૂપી યોગાસને બેઠેલા ગુરૂ અને ચેલો છે. તે કેવા છે! સૂત્રાર્થના પારગામી અને સંયમની આરાધનામાં પરાયણ છે. સંયમની આરાધનાના યોગે જેમણે માનસિક, વાચિક અને કાયિક વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને વશીભૂત કરેલી છે. તેથી જેમના સાંસારિક વિકલ્પો ટળી ગયા છે. એક જ આત્મજ્ઞાન, ધ્યાનમાં આરૂઢ થએલ એવા તેઓ સમ્યગ્‌જ્ઞાન દ્વારા દુન્યવી બનાવો જોઈ રહેલા છે. ગુરૂ અને શિષ્ય જ્ઞાને દેખતાં, ગુરૂ, ચેલાને કહે છે અને શિષ્ય ધ્યાન રાખીને સાંભળે છે. અરે ચેલા સારૂ થયું કે, જીનેશ્વરે કહેલા તત્ત્વોમાં સમ્યગ્ રીત્યા શ્રદ્ધા, રૂચિ જાગી છે. તે શ્રદ્ધાના યોગે વિષય કષાયના વિચારો અને વિકારો ખસતાં ગયાં. જગતના મનુષ્યો મમતા અને અહંકારાદિના યોગે, અર્થ અને અનર્થ દંડે દંડાઈ રહેલા છે. પરમાર્થે પ્રેમ લગાડતા નથી. તેથી તેઓ મન, વચન અને કાયાની તાકાત મળી છે. છતાં વલોપાત, સંતાપ, પરિતાપાદિથી દુઃખી થઈ રહેલા છે. અત એવ તેમના ઉપર અનુકંપા આવે છે. તેમજ ધાર્મિકો પીડા પામી રહેલા છે. આ મુજબ

નજરે નિહાળી વૈરાગ્ય ઉત્પન્ન થયો. **ધર્મીને ઘેર ધાડ અને કસાઇને ઘેર કુશળ દેખી, કયા સમ્યગ્જ્ઞાનીને વૈરાગ્ય આવે નહિ?** આવી સંસારની વિડંબના કોને પસંદ પડે? અને તેમાં આસક્તિ ધારણ કરે? સજ્જનો તો આવી વિડંબનાને દેખી, હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરવા પૂર્વક તેનાથી અલગા ખસે છે. અને અરે ચેલા? સારૂ થયું કે આપણુ બન્નેને આવા પ્રકારની સાંસારિક પરિસ્થિતિ જાણી વૈરાગ્ય પ્રાપ્ત થયો. અને તે વૈરાગ્યે, સંવેગ, જે મોક્ષમાર્ગ છે. તેને સુગમ અને સરસ કરી આપ્યો. તેથી જ કષાયોની કારમી ભયંકરતા અને કારમી કતલ સારી રીતે જાણી, તેનો ત્યાગ કરવા તત્પર થયા. તેથી ઉપશમ ભાવના લ્હાવા મળ્યા. અને ઉપશમ ભાવના યોગે વૈરવિરોધની, અટવીમાં ભૂલા પડયા નહિ. અદેખાઈ તો બીચારી ઉપશમતા દેખી ભાગી ગઈ. તેથી આપણને સમ્યગ્જ્ઞાનથી જોવાનું મળ્યું. અને જોઈએ છીએ કે, સાંસારિક પ્રાણીઓ, અગ્નિના સરખા વૈરવિરોધ અને સંતાપાદિકથી જે તપી રહેલા છે. પુનઃ પુનઃ દાહના યોગે વિવિધ વિલાપો, પોકારો પાડી રહેલા છે. તે અગ્નિનો ત્યાગ કરી આપણે જ્ઞાનાનલને ઉત્પન્ન કર્યો. તેથી દુન્યવી અગ્નિ બુઝાવા લાગ્યો. અને તેમાંથી સુખશાંતિનો પ્રવાહ અને તેનું પાણી નભે કહેતાં બ્રહ્માંડ, જે દશમું દ્વાર કહેવાય છે. તે પર પહોંચી ઉમદા મનોહર સમાધિ, સુખશાંતિને અર્પણ કરી કે, જેની ઉપમા આપી

શકાય નહિ. કોઈ કહે કે ઇન્દ્ર, ઉપેન્દ્ર, નરેન્દ્રના જેવી ? ના. તે તો ક્ષણભંગુર છે, ક્ષણવિનાશી હોવાથી તુચ્છ છે અને તુચ્છ ભાસે છે. પણ આવી સમાધિના યોગે જ આત્મધન, જ્ઞાન અને સ્થાન સમ્યગ્ રીતે પરખાય છે. આવું જ્ઞાનાદિ-ધન, દેવોને પણ દુર્લભ છે. આવી સુખશાતાને સમજણા સમકિતિ, પ્રાપ્ત કરવા સમર્થ બને છે. અને કાલલબ્ધિ પામી, પરમપદને પણ પામી, અનંતાનંદના ભોક્તા બને છે. આવી સમાધિ કે સુખશાન્તિ દિવાની દુનિયા શું જાણે ! તે તો બીચારી વિષયકષાયના વિચારો અને વિકારોમાં સપડાઈ ગએલ છે. ભલું થયું કે આપણને આ મોક્ષનો માર્ગ લાધ્યો. નહિતર તેમાં આસક્ત પ્રાણીઓની માફક સંતાપાદિકમાં પીલા-વાનું થાત. અરે શિષ્ય ? તું જીવ, જીવ, જીવ, જય પામ, જય પામીને અનુક્રમે પરમપદને મેળવ. તેં પણ સારૂ કર્યું કે, જીનેશ્વરે કહેલા તત્ત્વોમાં દૃઢ શ્રદ્ધા રાખી, સંવેગી માર્ગનો સ્વીકાર કર્યો. અને આગમોનો અભ્યાસ કરી આત્માને ઓળખ્યો. અને ઉપશમ ભાવને પામ્યો. અનંત-જ્ઞાનીએ કહ્યું છે કે, "**ઉપશમ-સાર ખલુ સામણ્યમ્**" સારી રીતે સંયમની આરાધના કરવાથી અને તેમાં નિરન્તર તલ્લીન બનવાથી કેવું બન્યું કે, "**ગાયની કુખેથી મોટી સિંહણ વીઆણી.**" એટલે જીનેશ્વર પ્રભુની વાણી રૂપી સિંહણ ઉત્પન્ન થઈ. તે મોટી, નાની, નહિ જ. તેણીએ મદ, મત્સર, માનાદિને હઠાવી, પોતાની સાર્થકતા કરી. ખરેખર ઉત્સર્ગ, અપવાદ વિગેરે જે અનંતજ્ઞાનીએ ઉપદિશ્યા

છે. તે મુજબ ચારિત્રનું પાલન કરનારા, સઘળા ક્રોધાદિ દોષોનો ત્યાગ કરવા શક્તિમાન્ બને છે. અને તેઓને ટાળતા આગળ વધતા જાય છે. પરંતુ જગતમાં એવું બની રહ્યું છે કે, "**દોનારીને ખીલો દુવે, ભેંસ બેઠી રૂવેરે**" જ્ઞાનામૃત, દુગ્ધામૃતને દોનારી, આત્મિક શક્તિને આપનારી એવી આગમરૂપી જે ભેંસ તેણીને કુબુદ્ધિ, કુસંગતિ, કુદેવાદિકરૂપી ખીલાઓ દુવે છે. એટલે સઘળું જ્ઞાનામૃત દોહી લે છે. અને તેનું પાન કરી, તાકાતને વધારી, ભોળા માણસોને ઉન્માર્ગે ચઢાવે છે. તેથી ભેંસ બેઠી, રૂદન કરે છે. અને ચિન્તા વલોપાત કરે છે. કે, ઉન્માર્ગે ગમન કરનારની કેવી અવદશા થાય છે? માટે સદ્ગુરૂ ફરમાવે છે કે, આગમવાણીનું દોહન કરી, જ્ઞાનામૃતને મેળવી, ઉન્માર્ગથી પાછા હઠી, આત્મશક્તિને પ્રાપ્ત કરો. જેથી આગમવાણીને સફલતા થાય. આ મુજબ શ્રવણ કરતાં, કેટલાક અજ્ઞાનીઓ, ભય પામી રૂદન કરવા બેસી જાય છે. તે બાળક જેવા જાણવા. ભલે પછી તેઓ જગતમાં પંડિત, વિદ્વાન્ તરીકે પ્રસિદ્ધિ પામેલ હોય. બાલકના આરોગ્ય ખાતર, માતા તેને નવરાવે છે ત્યારે તેને ન્હાવાનું ગમતું ન હોવાથી રૂદન કરવા મંડી પડે છે. જ્યાં સુધી નવરાવે ત્યાં સુધી રડવાનું બંધ રાખતો નથી. બાલકના રૂદનની અવગણના કરી, તેના રૂદનમાં માતા ધ્યાન રાખતી નથી. ત્યારે તે બાલક સ્વચ્છ બને છે. સ્વચ્છ બન્યા પછી આનંદમાં મહાલે છે. ડોકટર,

બાલકના શરીરની ગાંઠને કાપવા માટે તિક્ષણુ ચપ્પુ લાવે છે ત્યારે તે બાલક રડવા બેસે છે. તેના રૂદન ઉપર ધ્યાન રાખે તો, અને દયા લાવે તો, ડોકટર ગાંઠ કાપવા સમર્થ બને નહિ. તેથી તેના રૂદન ઉપર ખ્યાલ ન રાખતા, જ્યારે કાપે છે ત્યારે તે ગાંઠ દૂર જાય છે. અને અનુક્રમે આરોગ્ય પામે છે. તેની માફક, સદ્ગુરૂ પણ, અનાદિકાલની અજ્ઞાનતાના યોગે, આત્મામાં મોહમમતાની ગાંઠ રૂઢ થએલી છે. તેણીને કાપવા, દૂર કરવા પ્રયત્નશીલ બને છે ત્યારે ઉન્માર્ગે આરૂઢ થએલને કંઈ કંઈ થાય છે. ચિન્તા, વલોપાતાદિ કરવાપૂર્વક રડે છે છતાં, ઉન્માર્ગનો ઉપદેશ આપવા ચૂકતા નથી. અને કરૂણા લાવી ઉપદેશ આપે છે. કોઈ અદેખો મહાસતીને વેશ્યા તરીકે માને અને તે સતી જુગારી સાથે સુવે છે એમ કહે છતાં તેનું સતીત્વ જતું નથી. તે મુજબ કોઈ અજ્ઞાની, આગમવાણીને ઉન્માર્ગે લઈ જનારી કહે, લુંટનારી પણ કહે, તો પણ તેણીનો પ્રભાવ, મહિમા નષ્ટ થતો નથી. કોઈ ભાગ્યશાળી, આગમવાણીરૂપી પાણીનું પાન કરી, મરણ પામતો હોય તો જીવનને પુષ્ટ કરી, જીંદગાનીમાં આત્માનો તથા પરનો ઉપકાર કરવા પૂર્વક પવિત્ર બની, પુણ્યાનુબંધી પુણ્યને બાંધી, સ્વર્ગના અને સમય આવી લાગતા, પરમપદના, અનંતસુખના ભોક્તા બને છે. માટે સંયમી મહાસતીઓએ એવા એવાના વચનો સાંભળી ભય પામવો નહિ. આવા અજ્ઞાનીઓને સંયમ ક્યાંથી પસંદ પડે? ન પડે. આટલું

તો ખરૂં કે, ફક્ત વેશધારી હોય, અને સંયમની ખપી હોય નહિ, તે તો એવા એવા નિમિત્તો પ્રાપ્ત થતાં વેશ્યા જેવી બને, અને જુગારીની સોબત કરે, તેમાં નવાઈ શી ? કારણ કે તેણીને કોઈ રીતે વિષયના વિકારો પોષવા છે. તો પછી દેખનાર તેણીને તેવી કહે તેમાં આશ્ચર્ય નથી. માટે ઉપદેશને હૈયામાં પચાવી, સન્માર્ગે વળવું તે આત્મહિતકર છે. જગતના માણુસો જેવું દેખશે તેવું કહેશે. તેને કસોટી માની, પરીક્ષા જાણી, સન્માર્ગે ગમન કરો. તથા સદ્ગુરૂ ફરમાવે છે કે પીપળાના ઝાડ પર આરૂઢ થએલ ગુરૂદેવ, પોતાના શિષ્યને કહે છે કે, અરે ચેલા ? સાંભળ. નવાઈની બીના કહું. પોતે રાજા છે. છતાં પ્રજાથી ભય પામે છે. અને દીપક હોતે છતે પણ અંધારૂ હોય તે કેવી કેવી ગજબની વાત ? અનંતસત્તા સમૃદ્ધિનો સ્વામી, અને સત્તાએ અનંતગુણનો સાગર, એવો સમ્રાટ, રાજા હોતે છતે પણ તાબામાં કબ્જે કરવા લાયક એવી જન્મ, જરા અને મરણની જે પ્રવૃત્તિઓ થઈ રહેલ છે. તેનાથી ભીતિ પામી, આત્મતત્ત્વને ઓળખવા સમર્થ બનતો નથી. અને પ્રમાદમાં પડી, એવું કાર્ય કરી બેસે છે કે, જન્મ, જરા અને મરણનો પાર આવે જ નહિ. જો જીનેશ્વરનું શરણ સ્વીકારી, આત્મધર્મે લગની લગાડે તો, ભયભીત થવાની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવા સાથે નિર્ભય અને નિશ્ચિંત બને. પરંતુ તે પ્રવૃત્તિઓથી ભીતિ પામી, મનમાં માને છે કે, મારો જીવનનિર્વાહ થશે નહિ અને ભીખારીની

માફક ભટકવું પડશે. સુખને આપનાર અને સંકટોને હઠાવનાર મોહમમતા દ્વારા, જે પ્રવૃત્તિઓ હું કરી રહેલ છું. તે જ તેને માટે સમર્થ છે. આ મુજબ વિચારણા હોવાથી, ભયભીત બનતા છતાં પણ, તેણીઓને પસંદ પડે છે. પછી ભીતિ ટળે ક્યાંથી! માટે સદ્ગુરૂ કહે છે કે, આત્માને બરોબર પીછાની, તેમજ મોહ, રાગ, દ્વેષનો ત્યાગ કરીને, નિર્લેપ બનશો ત્યારે સત્ય સ્વરાજ્ય પામી, નિર્ભય બનશો. ભીખારી જેવી પરિસ્થિતિ ખસવા માંડશે. ભલે રાગ, દ્વેષ અને મોહના જોરે, તેમજ પુણ્યોદયે, પ્રાણીઓ તથા મનુષ્યો મનગમતા સુખમાં મહાલે છે. છતાં દીનતા, હીનતા અને ભીરૂતા ટળી છે? નથી ટળી. માટે વિવેક કરવાની અગત્યતા છે. હીનતા, દીનતા, યાચના તેમજ ભીરૂતાને હઠાવનાર જો કોઈ હોય તો, તે ધર્મસત્તા જયવંતી છે. તેથી રાજસત્તા, અગર કર્મસત્તાનું જોર ચાલતું નથી. ક્યાંથી ચાલે? રાજ્યસત્તા અગર કર્મસત્તાનું જોર ત્યારે જ ચાલે છે કે, જ્યારે વિષય કષાયના વિકારો અને વિચારોના યોગે વિવિધ અનેક અપરાધો કરવામાં આવે. જો દોષો સેવાય નહિ તો, તે સત્તા બિચારી શું કરી શકે? આતો એવું થયું કે, "**દીપક હોતે અંધકાર.**"

જ્યારે આત્મતત્ત્વનો વિચાર અને વિવેક હોતો નથી ત્યારે, મિથ્યાત્વ, અંધકારને આવવાનો લાગ મળે છે. આવા અંધકારના યોગે, આત્મધર્મને ભૂલી, કેટલાક

ધનાઢ્યો, સ્વપ્રસિદ્ધિ ખાટવા અનેક ઉપાયો કરે છે. કેટલાક વળી કપટકલા કેળવી, પૈસાદાર બનવા કોશીશ કરી રહેલા હોય છે. તેમજ અન્યજનોની નિન્દા કરવામાં તત્પર હોય છે. તથા કેટલાક શારીરિક વ્યાધિઓને દૂર કરવા, અભક્ષ્યનો આહાર કરવા મંડી પડે છે. છતાં ધાર્યા મુજબ સુખશાંતિ મળતી નથી. ઉલ્ટી વિવિધ વિટંબનાઓમાં અટવાઈ અનેક પીડાઓ પામે છે. આ સઘળું કયારે આવી લાગે છે કે, વિવેક દીપક હોતે છતે પણ તેને પ્રગટેલ ન હોવાથી, તથા અંધકારનો વેગ વધી જવાથી પ્રાણીઓ જગતમાં આથડે છે. અરે સદ્ગુરૂનું કહેવું સત્ય છે કે, **"દીપક હોતે પણ અંધારૂ."** પરંતુ જ્યારે રોગ, ભવરોગને આપનાર તથા વધારો કરનાર છે. તેથી કષાયની પ્રવૃત્તિ અને વૃત્તિનું રીતસર નિરીક્ષણ કરી, તેને હઠાવી, ચક્ષુઓને બંધ કરવાપૂર્વક, આત્મગુણોનું નિરીક્ષણ થાય છે ત્યારે **"અજવાળુ તો અંધ દેખે."** જગતની ધમાલને દેખતો નહિ હોવાથી, અંધ બનેલ આત્મજ્ઞાની, આત્મપ્રકાશના અનુભવને દેખે છે અંધ, કોને કહેવાય છે! તે બરોબર સમજો. કોઈ દ્વેષી બનેલ, આત્મધર્મમાં મગ્ન બનનારને, આતો પાગલ જેવો છે. અણગમતું ભુંકયા કરે છે. દુનિયાના વ્યવહારને જાણતો નથી. વેદીયો ઢોર છે. આવા આવા પ્રકારના વચનો સંભળાવે છે. છતાં તેના પર રીસ કરે નહિ. અદેખાઈને ધારણ કરે નહિ. અને મનમાં માને કે, આતો મિત્ર છે. આને જ બહારથી અંધ

કહેવાનો ભાવાર્થ છે અને તે તત્ત્વ વેદી, ભલેને અંધ કહે. પણ મારા હૈયામાં હું પ્રકાશને દેખી રહેલ છું. પછી ભલે દુન્યવી દીપકો અને લાઇટો હોય નહિ તો પણ, હું તો પ્રકાશને દેખી રહેલ છું. માટે દુન્યવી પ્રસિદ્ધિ અને પ્રશંસા, આબરૂની શી જરૂર છે! સત્યપ્રકાશમાં દુન્યવી પ્રકાશો તુચ્છ છે. ક્ષણભંગુર છે. પ્રશંસા કરનાર જ્યારે સ્વાર્થ સધાતો નથી ત્યારે દ્વેષી બને છે. અને દ્વેષી, જ્યારે સ્વાર્થ સધાય છે ત્યારે મિત્ર બની ભૂરિ ભૂરિ પ્રશંસા કરે છે. એટલે પ્રસિદ્ધિ કરવામાં ખામી રાખતા નથી. આ સઘળો સ્વાર્થનો પ્રપંચ છે. ધમાલ છે. માટે તેમાં લક્ષ દેવાની જરૂર નથી. આનંદામૃતનો આસ્વાદ આવતો હોય તો, વિષયવિષને મધુર માને. કોણ? આંખે અંધ બનેલ હોય તે જ. અને હૈયામાં અંધ થએલ હોય તે જ. મારે તો, હૈયામાં વિવેક દીપક હળહળી રહેલ છે. તેથી આત્મતત્ત્વને નિહાળી રહેલ છું. એટલે ભલેને એવાઓ બોલ્યા કરે કે, આત્મધર્મનો લાભ લેવા માટે કેટલાક મહાભાગ્યશાલીઓ, ધર્મક્રિયાના ઉપકરણો—જેવા કે, ચરવળો, કટાસણું, મુહપત્તિ વિગેરે લઈને સામાયિક કરવા અગર સમત્વભાવને પ્રાપ્ત કરવા, પોતાના ઘરમાં અગર ઉપાશ્રયે જતાં હોય ત્યારે, બોલવામાં બાકી રાખતા નથી. કે જુઓને? ચરવળા અને કટાસણાને ઘસી નાંખ્યા તો પણ, સમતાભાવ આવ્યો નહિ, ત્યારે શું જેમ તેમ ભટકવાથી કે, દુનિયામાં કાવાદાવા વિગેરે કરવાથી સમત્વ આવતું હશે કે? આવે

નહિ જ. પુનઃ પુનઃ સામાયિકનો અભ્યાસ કરતા, એવી બે ઘડી આવી મળે કે, સમતા હાજર થાય? માટે એવાના કડવા વચનો સાંભળીને પણ સમત્વ ભાવ લાવવા માટે અભ્યાસ કરવા તત્પર બનવું તે હિતકર છે જ. આ જગતમાં સોય એવું કામ કરે છે કે, તે ફાટેલા વસ્ત્રો પણ સાંધે છે. પરંતુ સમત્વ વિનાના, સોય જેવા માણસો તો, વસ્ત્રોને સાંધતા નથી પણ તેમાં કાણાં પાડે છે. એટલે સાંધનાર તેને લઈને, દરજીને કંટાળો આપે છે. એટલું જ નહિ. પરંતુ કાણાં પડવા પૂર્વક આંગળીમાં વાગે છે. આ મુજબ સોય જેવી અદેખાઈ, ઈર્ષ્યા, કલેશ, કંકાસ તથા પ્રમાદતાદિકમાં છે. આત્મધ્યાન કરનાર, સંધી કરનાર જે સઈ છે. તેને પુનઃ પુનઃ વિઘ્નો વિડંબના ઉપસ્થિત કરે છે. માટે સઈને સોય સીવે છે આમ કહેવાય છે. તેમજ તુચ્છ એવા તિલો, ઘાંણીને પીલે છે. આ કહેવું પણ બરોબર છે. કે, તદ્દન નીચ હલકા કર્મો છે તે કર્મોનો, ધ્યાનની ક્રિયાના યોગે ઘણા, નાશ કરે છે, તે જ ક્રિયાઓને આર્ત, રૌદ્રધ્યાને પીલી નાંખે છે. સત્યાનંદ, શુભ ભાવને પીડા ઉપજાવે છે. આ મુજબ અવળી ચાલે ચાલનારના વિષય વિકારો ક્યાંથી દૂર ખસે? તેથી સદ્ગુરૂ મહારાજ કહે છે કે, આવી અવળીવાણીને બરોબર સમજી, સમ્યગ્‌વાણીનું સ્મરણ કરી, સમજી, આત્મકલ્યાણ સાધવાનો સુઅવસર મળેલો છે. તેને વિકથાઓનો ત્યાગ કરી, આત્મસાધના માટે ટાઈમ કાઢી, તે ટાઈમને સફલ કરો. વિકથાની વાતોનો

પાર આવશે નહિ. રમતગમતમાં અનાદિકાલથી તે વળગેલી છે. તેથી આત્મશક્તિનો આવિર્ભાવ થયો નથી. તમો, શ્રીમંત હોય તેજ આત્મકલ્યાણ કરશે એમ માનશો નહિ. કારણ કે, તે શ્રીમાન્, લાખો સોનામ્હોરોનું દાન કરશે. લોકો તેની વાહવાહ કહેશે. પણ અન્તરમાં સંતાઈ રહેલી અદેખાઈનો ત્યાગ કરવા સમર્થ બનશે નહિ. તેથી વ્રત નિયમોને ધારણ કરવા અશક્ત બનશે. અગર તે શ્રીમાન્ કરતાં, અધિક દાન કરનારને, અહંકારના વેગથી ઉતારી પાડશે. અને પોતાની પ્રસિદ્ધિ, મહત્તા વધારવા ખાતર પ્રયાસ કરશે. આવી અવળી ચાલના યોગે, તમો કહો ? આત્મહિતની સાધના કરવા સમર્થ બનશે ? નહિ જ. આત્મહિત તો, દાન, શીયળ, તપ અને ભાવના સહિત વ્રતનિયમોનું બરોબર પાલન કરવામાં સમાએલ છે. અહંકાર, મમતા, અદેખાઇ વિગેરેનો ત્યાગ કરવાથી દાનાદિકની આરાધના, જરૂર આત્મોન્નતિમાં આગળ વધારે જ છે. ફક્ત દાન કરે. પણ જે, અન્તરના દોષોને ખસેડે નહિ. તે, દાનના પ્રભાવે આ જગતમાં નામના થાય છે. અને પરલોકે ખાવાપીવાનું મનોહર મળે છે. વસ્ત્રાભૂષણો મનગમતા પ્રાપ્ત થાય, એથી શું આત્મવિકાસ સધાય છે ? ‘ ના. ’ આત્મવિકાસની સાધના ઓર પ્રકારની છે. તે સાધનાને તમે જાણુતા નથી. અગર જાણુતા હો તો, તેમાં લક્ષ્ય દેતા નથી. સાવધાન બનતા નથી. સાવધાન કોણ અને તે કહો ? જે પુણ્યશાલી હોય તે. પુણ્યોદયે લક્ષ્મી

સત્તા, તથા આજ્ઞાનો સ્વીકાર કરનાર એવો અનુયાયી વર્ગ મળેલ છે. તેઓને દાન દેતાં કંટાળતો નથી. કોઈ અણગમતું કહે તેના ઉપર કોપ કરતો નથી. અને પાત્રને દાન દેતાં હર્ષાતુર બને છે. મત્સર કરતો નથી. સીદાતા, મંદ સાધર્મીભાઈઓની ભક્તિ કરવા તત્પર હોય છે. તે સિવાય દરેક પ્રાણીઓ પ્રત્યે, મૈત્રીભાવ રાખી શકય સહારો આપે છે. અનુકંપા ધારણ કરે છે. તેજ ભાગ્યશાલી સાવધાન બની, આત્મકલ્યાણ કરવામાં શક્તિમાન્ બને છે. અન્યથા તો તમો દેખો છો. કે પૂર્વભવના પુણ્યના પ્રભાવે, પશુપંખીઓને પણ, રહેવા માટે સુંદર આવાસો મળે છે. ખાવા પીવાનું મનપસંદ પ્રાપ્ત થાય છે. હાથીને, પૂર્વભવના પુણ્યયોગે નિવાસ કરવા મનોહર મકાન મળે છે. કોઈ નૃપતિને તે વધારે વહાલો હોય તો દરરોજ મણ મણના મોદકો પણ મળે છે. અને સોનારૂપાના આભુષણો પણ મળે છે. તથા મધુરવાણીને બોલનાર પોપટને, સોનાનું બનાવેલ પાંજરૂ પ્રાપ્ત થાય છે. અને ખાવા માટે મધુરા ફલાદિક મળે છે. આ સઘળું મળી જાય છે. પરંતુ જે આત્મોન્નતિ થવી જોઈએ તે થવી અશકય છે. કારણ કે, પશુપંખીનો ભવ મળેલ છે તે બેડી સમાન છે. માટે આ લોક, પરલોકના સંસારિક સુખશાતાનો ત્યાગ કરી, એવા પ્રકારનું દાનાદિક કરો કે, આત્મોન્નતિ સધાતી રહે. અને અનુક્રમે, થોડા ભવમાં અનંત શક્તિ, અનંતજ્ઞાનાદિકના સ્વામી થવાય. અનંત આધિ, વ્યાધિ અને ઉપાધિના સંતાપ જવાથી, સર્વ દુઃખોથી મુક્ત બની સિદ્ધ થવાય.

"કોઈ નગરમાં અબજોપતિ શ્રીમાન્, દરરોજ લાખ રૂપિયાનું દાન કરતો. અને દાન દીધા પછી પલંગ નીચેથી ઉતરતો. પરંતુ દાન શા માટે દેવું તેની તેને સત્ય સમજણ ન હોવાથી, અન્યદાન દેનાર પર, ત્રાંસી નજર કરવા પૂર્વક, તેઓને પોતાના કરતા હલકા ગણતો. તેમજ પોતેજ દાનેશ્વરી તરીકે મનમાં માન્યતા ધરાવી મલકાતો. અને કહેતો કે હું જ ખરેખરો દાતાર છું. આમ પોતે પોતાની પ્રસિદ્ધિ કરવા પ્રયાસ કરતો. આ શ્રીમાન્‌ના મકાનની પાસે એક આત્માનુભવી વૃદ્ધા, ડોશીનું મકાન છે. તે દરરોજ શક્ય સુપાત્રે દાન દેવા પૂર્વક સામાયિક વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરતી. સ્વઘરમાં પુત્રાદિકનો પરિવાર હતો. જ્યારે પરિવારમાં બોલા બોલી વિગેરે ખટપટ થતી, ત્યારે સમતા રાખીને આત્મજ્ઞાન, ધ્યાને રહી, કર્મની પ્રકૃતિનો વિચાર કરી, આત્મોન્નતિ કરતાં. પરંતુ બીલકુલ ખીજાતા નહિ. અને સામાયિકમાં દોષો ટાળવાનો ખપ કરતાં. એક દિવસે એવો અંતરાય, વિઘ્નો આવ્યો કે, શ્રીમાન્ શેઠ દાન આપી શક્યા નહિ. અને વૃદ્ધા ડોશીથી સુપાત્રે દાન દેવા પૂર્વક એક પણ સામાયિક બની શક્યું નહિ. તેથી શ્રીમાન્ અને વૃદ્ધા સંતાપ કરે છે. કે, આજનો દિવસ વૃથા ગયો. એકેય ધાર્મિક કાર્ય બન્યું નહિ. વૃદ્ધા ડોશી પસ્તાવો કરતાં હોવાથી, પેલા ધનાઢ્યે કહ્યું કે, અરે તમે શા માટે સંતાપ, પસ્તાવો કરો છો? એક દિવસ સમતા ભાવરૂપ સામાયિક થયું નહિ તેથી, તમારૂ ગયું શું? કટાસણું પાથરી, ચર-

વળો લઈ, લુગડાનો કકડો ઈધર તિધર, આમતેમ ફેરવ્યો તેમાં આટલો પસ્તાવો કરો છો. મને પસ્તાવો થાય છે કે, આજે દાન દેવાયું નહિ. તમારી માફક હું તો ઘણીવાર, આસન પાથરી સામાયિક કરૂં છું. વૃદ્ધાએ કહ્યું કે, તે સામાયિક કહેવાય નહિ. પરંતુ પુત્રપરિવારમાં જ્યારે કલહ, કંકાસાદિક થાય ત્યારે ઉપદેશ આપવાની સાથે સમત્વ રખાય તોજ કરેલી ક્રિયા સફલ થાય છે. શેઠજી! લાખોનું દાન દેવુ તે સહેલુ છે. પણ સમત્વ ધારણ કરવું તે દુષ્કર છે. તમે તો સહજ ખટપટ જાગી અગર પરિવાર વગેરે તરફ પ્રતિકુલતા થાય ત્યારે, ક્રોધાતુર બની આકુલ, વ્યાકુલ થવા પૂર્વક એવું બોલી નાંખો છો. કે, તે વખતે આયુષ્ય બંધ થાય તો, પશુપંખીનો અવતાર આવે. કારણ કે, તે વખતે તમોને ખ્યાલ રહેતો નથી. જેમતેમ ફેંકે રાખો છો. આ પ્રમાણે દરરોજ અગર કોઈ વેલાયે વૃદ્ધા તે શેઠને કહેતી કે, ગુસ્સો થાય ત્યારે પણ, રીસનો ત્યાગ કરી સમતામાં રહેતાં, "સામાયિક રીતસર કર્યું હોય તો, વ્યવહારિક કાર્યોમાં તેની અસર થાય છે. સમતા આવે છે. અધિક ચીકણાં કર્મોનો બંધ થતો નથી. ત્યારે ધનાઢ્ય શેઠ મનમાં બબડ્યા કરે છે કે, દાન તો લાખોનું દેતી નથી. અને 'સમતા રાખો સમતા રાખો' આમ કુટ્યા કરે છે. આવું દાન દેવામાં તો પાછી હઠે છે. આ મુજબના વિચારમાં પશુ બનવાનો કર્મબંધ થયો. આયુષ્યના અંતે તે શ્રીમાન શેઠ, કોઈ રાજાનો માનીતો હાથી થયો. રહેવા માટે સારૂ

મકાન મળ્યું. ખાવા માટે મોદકો વિગેરે મળ્યાં. પણ પરાધીનતાની કઠણ બેડી ગઈ નહિ. અનુભવી વૃદ્ધા, સમતાના યોગે, તે જ રાજાની પુત્રી થઈ. બાલ્યાવસ્થામાં ઘણી શાંત અને સમજણી થવા પૂર્વક ધાર્મિક બાબતોમાં ઘણો રસ પ્રેમ રાખવા લાગી. અનુક્રમે યુવાવસ્થામાં આવતાં દરરોજ ગુરૂદેવનો ઉપદેશ સાંભળે છે. વ્રત નિયમોને ધારવા પૂર્વક, પૂર્વભવના સંસ્કારોથી સામાયિક કરી સમત્વ ધારણ કરે છે. શ્રીમાન શેઠ, જે હાથી થએલ છે. તેને રાજમાર્ગે ગમન કરતાં, પોતે બંધાવેલ બંગલામાં નિવાસ કરીને રહેલ પરિવારને દેખી, વ્યતીત થએલ પૂર્વભવનું જાતિ સ્મરણજ્ઞાન થયું. અને તેથી ઘણો સંતાપ કરવા લાગ્યો, કે, વીતી ગએલ ભવમાં લાખોનું દાન દીધું. પણ આત્મજ્ઞાન મેળવી સમત્વ ધારણ કર્યું નહિ. તેથી આવો હાથીનો ભવ આવી લાગ્યો. વૃદ્ધાનો ઉપદેશ માની મમતાનો અને અહંકારનો ત્યાગ કર્યો હોત તો, આવી સ્થિતિ આવત નહિ. આમ વિચાર કરી, મુર્ચ્છિત બની, ભૂમિકામાં ઢળી પડ્યો. રાજાને માલુમ પડવાથી ઉપચારો તો ઘણા કર્યા. પણ તે ઉભો થયો નહિ. તેથી નૃપ ઘણી ચિન્તા કરવા લાગ્યો. તે રાજપુત્રી, દેવાલયમાં જીનેશ્વરના દર્શન કરવા રાજમાર્ગે થઈને જઇ રહેલ છે. તે વખતે, આ હાથીને દેખી, તેણીને પણ જાતિ સ્મરણ જ્ઞાન થયું. શેઠના પ્રથમના ભવની સઘળી બીના જાણી. તેથી તે રાજપુત્રી તેને ઉભો કરવા ઉપદેશ આપે છે. અરે શ્રીમાન શેઠ! તું ગયા ભવની ભ્રમણામાં પડચો. દાન દીધુ.

પણ આત્મદયા જાણી નહિ. વિષય કષાયના વિકારોનો ત્યાગ કર્યો નહિ. તેથી આવો અવતાર આવ્યો. હવે પરાધીનતાનો બરોબર વિચાર કરી પસ્તાવા પૂર્વક શાંત વ્રતધારી બન. અને નવકાર મંત્રનો જાપ કર. આ ભવમાં પણ અગ્યાર વ્રતોનું પાલન કરી શકાય છે. આ મુજબ શ્રદ્ધાપૂર્વક સાંભળી. ભાવથી વ્રતધારી બની, અંતે સમાધિ સહિત આઠમા સહસ્રાર નામના દેવલોકે દેવ બની, આનંદનો અનુભવ લેવા લાગ્યો. રાજપુત્રીએ બાર વ્રતોનો સ્વીકાર કરી, સદ્ગતિને પ્રાપ્ત કરી. આ પ્રમાણે પણ સ્વકલ્યાણ સાધવામાં તત્પર બને છે. તો પછી મોંઘેરો મનુષ્યભવ પામી, વ્રત નિયમની આરાધના કરી, શું સદ્ગતિ ન મેળવે ? જરૂર મેળવે ? માટે આવી અવળી વાણીને સંસારના રસિકો સાંભળી, આત્મજ્ઞાન, ધ્યાનમાં આસક્ત બને. તો, તે વાણીની ખુબી કેવી છે કે, તેની સમજણ તો પડે. પરંતુ તે રસિકો, ટાઈમ કાઢી, તેનો વિચાર કરે તો જ, ખ્યાલ આવે. નહિતર કલેશ, કંકાસમાં અટવાયા કરે. સંસાર જ એવો છે. કે જે ભલભલાને વિવિધ વિઘ્નો ઉપસ્થિત કરે છે. માટે સદ્ગુરૂ મહારાજા, જ્ઞાન સાથે ક્રિયા કરો જ્ઞાન વિનાની ક્રિયા ફ્લવતી બનતી નથી. આ મુજબ સમજુતી આપતાં ૨૮ મા પદના કાવ્યથી સમજાવે છે કે,

( માન માયાના કરનારારે—એ રાગ )

**જરા જુઓ અન્તરમાં તપાસી રે,**

જ્યાં શોભે છે આતમ પ્રકાશી,
જ્ઞાન રાજાને ક્રિયા છે દાસી રે,
એક અવિનાશી એક છે વિનાશી રે. જરા૦ ॥૧॥
જ્ઞાન યોદ્ધોને ક્રિયા છે કટારી,
જ્ઞાન શાશ્વત પદ વાસી,
જ્ઞાન દિવાકર ક્રિયા પતંગીયું,
દષ્ટાંત વિશ્વ વિલાસી રે. જરા૦ ॥૨॥
વિના આત્મજ્ઞાન ક્રિયાએ વ્હેલો
દેખી આવત હૈ હાંસી,
સમજણ બિન શું કરશે બિચારા,
ગળે દે છે પોતાને ફાંસી રે. જરા૦ ॥૩॥
જ્ઞાની ગીતારથ શાસન ધોરી,
જ્ઞાને સકળ સુખરાશી,
બુદ્ધિસાગર પદ જ્ઞાનીનાં સેવો,
હું તો જ્ઞાનીને દઉ છું શાબાશી રે. જરા૦ ॥૪॥

સમ્યગ્જ્ઞાની, સ્યાદ્વાદરંગી સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી, એકાંતવાદીઓને ઉપદેશ આપતાં કહે છે કે, અરે ભાગ્યશાલીઓ ? તમારે પરમપદ, મોક્ષ સુખની અભિલાષા તો છે. છતાં એકાંતે ક્રિયાવાદમાં માની, ક્રિયાઓ કરો છો. અને તે ક્રિયા પુરતું જ જ્ઞાન પ્રાપ્ત કરશો. પરંતુ આત્મજ્ઞાન, જે સમ્યગ્જ્ઞાન છે તે તરફ લક્ષ દેવાની પણ

જરૂર છે કે, જેથી કરેલી ક્રિયા પણ સાર્થક થાય. ત્યારે જ્ઞાનવાદમાં એકાંતે માન્યતા ધરાવનાર, જ્ઞાન, વિજ્ઞાનમાં તત્પર બનેલ છો. અને બનશો. અને તેથી તેમા જ સત્ય સુખ માનનારને કહે છે કે, એકાંતે ક્રિયા કર્યા સિવાય જ્ઞાન, ચીકણાં કર્મકારને દૂર કરી શકશે નહિ. મનોહર. સરસ રસવતી સન્મુખ હાજર છે. તે કેવો લાભ આપે છે! તેનું તમોને જ્ઞાન છે. પણ હાથમાં લઈ મુખમાં નાંખી ચાવ્યા વિના ચાલશે નહિ. આ ક્રિયા કર્યા સિવાય ક્ષુધા મટશે? માટે તમે પોતે જ ભૂખ મટાવવા જ્ઞાન સાથે ક્રિયાઓ કરો છો. તે કેમ ભૂલી જાઓ છો! એકલા હાથે તાળી પડતી નથી. બે હાથે પડે છે. એટલે કેવી રીતે તાળીઓ પાડવી, તેના જ્ઞાનની સાથે ક્રિયારૂપ તાળીઓ પાડો છો ને? એકલા હાથે ઈસારો થશે. પણ વન્સમોર કરવો હશે તો બે હાથે તાળીઓ પાડ્યા સિવાય ચાલશે નહિ. સુગમ અને સરલ માર્ગે ગમન કરવા માટે જ્ઞાન છે. પણ ચાલવાનુ કર્યા સિવાય એક પગલુ ભરી શકશો નહિ. આ સઘળુ તમો જાણો છો. છતાં ભ્રમણામાં ભૂલા પડી, એકાંતે જ્ઞાન અગર ક્રિયામાં માનો છો તે ઠીક નથી. અનેકાંતવાદના સ્વીકારથી દુન્યવી વ્યવહાર, કે ધાર્મિક વ્યવહાર, શોભાસ્પદ બનશે. અને તેવો વ્યવહાર સુખશાતા આપવા શક્તિમાન બનશે. અન્યથા પગલે પગલે ઠોક્કર વાગશે. વિવિધ વિષમવાદ ઉપસ્થિત થશે. એકાંતે જ્ઞાન વિનાની ક્રિયા તથા જ્ઞાન, ક્રિયા સિવાયની સંવર, નિર્જરા, મોક્ષ ક્યાંથી આપી શકે? તે

માટે સદ્ગુરૂ કહે છે કે, જ્ઞાન વિના ક્રિયાઓ સમ્યગ્જ્ઞાનીઓ કરતા નથી. ક્રિયાઓનો સહારો લીધા સિવાય સમ્યગ્જ્ઞાન કહેવાતુ પણ નથી. છતાં પણ સમ્યગ્જ્ઞાનીને જ્ઞાનની પ્રધાનતા હોય છે. અને ક્રિયાની અમુક ગુણસ્થાને આરૂઢ થતા ગૌણુતા હોય છે. તેનો નિષેધ કરતા નથી. કારણ કે, અપ્રમત્ત દશામાં આસનાદિનો તેઓ ખપ કરે છે. સુંક્ષ્મક્રિયા પણ સાથે હોય છે. ધર્મધ્યાન અગર ભાવના ભાવવી તે ક્રિયારૂપ હોય છે. પરંતુ બહાર દેખાતી ક્રિયાઓ ગૌણપણે હોય છે. તેથી ગૌણુતાયે રહેલી ક્રિયાને સમ્યગ્જ્ઞાનની દાસી કહે છે. અને સમ્યગ્જ્ઞાન તે રાજા કહે છે. **"એક છે અવિનાશી અને એક છે વિનાશી"** એટલે ચૌદમા ગુણસ્થાને આરૂઢ થએલને સમ્યગ્જ્ઞાન, કેવલજ્ઞાન મુખ્યતાયે હોય છે. એટલે અવિનાશી કહેવાય. અને ક્રિયા તો શૈલેશી કરણ કર્યા પછી નષ્ટ થાય છે. એટલે તે વિનાશી તરીકે કહેવાય છે. પરંતુ આટલી સ્થિતિએ આરૂઢ થયા પહેલાં, તો, ગૌણરૂપે પણ ક્રિયા હોય છે જ. માટે આપણે જ્ઞાનની સાથે બાહ્ય ક્રિયા તથા સૂક્ષ્મ ક્રિયાનો ત્યાગ કરવો નહિ. એમ ગુરૂદેવનો કહેવાનો આશય છે. જ્ઞાન યોદ્ધાને ક્રિયારૂપ કટારીની જરૂર તો છે જ. તેથી જ્ઞાનરૂપી યોદ્ધાને કટારી સિવાય ચાલતું જ નથી. કટારી વિગેરે શસ્ત્ર સિવાય ભલે પછી મહાન્, સહસ્રયોધી યોદ્ધો હોય. તોપણ, શત્રુઓને હઠાવી શકતો નથી. હઠાવી શકે પણ ક્યાંથી ! યુદ્ધ પણ ક્યાંથી કરી શકે ! એટલે

કટારીરૂપી ક્રિયાની પણ અગત્યતા તેમાં રહેલી છે. પણ જીત્યા પછી તેની જરૂર રહેતી નથી. તે પહેલાં તો તેની પણ જરૂર છે જ. ક્રિયાઓનો સહકાર લઈ રાગાદિ અરિઓને, શત્રુઓને ટાળી જ્યારે સિદ્ધ થવાય ત્યારે, આ જીવાત્મા. અને અન્તરાત્મા, સમ્યગ્‌જ્ઞાનના યોગે ક્રિયા દ્વારા સફલતાને પ્રાપ્ત કરતો, પરમપદ, મોક્ષસ્થાને આરૂઢ થાય છે. ત્યારે પણ જ્ઞાન અને દર્શન કાયમ રહેલ હોવાથી, શાશ્વતપદવાસી બને છે. પછી તેને જન્મ ધારણ કરવાનો હોતો જ નથી. તથા જન્મ થતો ન હોવાથી જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિની વિડંબના કયાંથી હોય ? માટે સદ્‌ગુરૂદેવ ફરમાવે છે કે ક્ષાયિક જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધિ સમ્યગ્‌જ્ઞાન સાથે ક્રિયાઓ કરતા રહેવું. કે જેથી, એક બે ભવોમાં અગર ત્રણ ભવોમાં, શાશ્વત પદ વાસી બનાય. ગુરૂ મહારાજ દૃષ્ટાંત દ્વારા કહે છે કે, જ્યારે જ્ઞાનદિવાકર, સૂર્યનો સંપૂર્ણ પ્રકાશ ઝળહળશે. અને ક્રિયા-રૂપી પતંગીયું તેમાં લયલીન થશે ત્યારે, વિશ્વવિલાસી એવા તે સમ્યગ્‌જ્ઞાની બનશે. સમગ્ર વિશ્વના દ્રવ્ય, ગુણ, પર્યાયોને એક સમયમાં તે જ્ઞાનવાન્ જ્ઞાની દેખી શકશે. જાણી શકશે. જ્ઞાન અને જ્ઞાની કાંઈ જુદા નથી. જ્યાં જ્ઞાન હોય ત્યાં જ્ઞાની હોય છે જ. કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી અન્ય જ્ઞાનની જરૂર રહેતી નથી. કારણ કે, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય જ્ઞાન, તેમાં એટલે કૈવલ્યજ્ઞાનમાં વિલય પામી જાય છે. જેમ સૂર્યના પ્રકાશમાં ગ્રહ, નક્ષત્ર

અને તારાઓનું તેજ વિલય પામે છે. તેવી રીતે. માટે કૈવલ્યજ્ઞાનને સાધ્ય રાખી, એવી કેળવણી લેવી જોઇએ કે જેથી, સમ્યગ્જ્ઞાન જે, આત્મજ્ઞાન છે. તેની યોગ-ક્ષેમતા થાય. અને કેવલજ્ઞાન સુધી, તે જ્ઞાનથી પતિત થવાય નહિ. અને ક્ષાયિક જ્ઞાનનો તેમજ યથાખ્યાત ચારિત્રનો સાચો લાભ, સ્વયમેવ આવી હાજર થાય. આત્મજ્ઞાન વિનાના, ફક્ત ક્રિયાઓમાં જ મગ્ન બનેલ એકાંત ક્રિયાવાદને માનનારાઓને દેખી, આત્મજ્ઞાનીઓ હાંસી કરે છે અને કહે છે કે, અરે ભાઇઓ ? કયાં ગળામાં ફાંસી દેવા માંડી છે ! એકાંતે ક્રિયા કરનારા ગળે ફાંસી દે, તેમાં શું કહીએ ? તેઓની એટલે સમ્યગ્જ્ઞાન સિવાય ક્રિયાઓ કરનારાઓની આલોક પરલોકના સાંસારિક સુખની અભિલાષા ટળતી નથી. તેથીજ તે આશંસાના યોગે મળેલ સાહ્યબી વખત આવે ત્યારે ફાંસીએ ચઢાવે છે. તે વેલાયે તેઓને આર્ત્તરૌદ્ર ધ્યાન થતાં હોવાથી દુર્ગતિમાં પટકાઈ પડે છે. બોલો. તે ફાંસી કહેવાયને ? ત્યારે સમ્યગ્-જ્ઞાની, આત્મજ્ઞાનીને ઘણી વિડંબના, વિપત્તિ આવી લાગે તોપણુ, ધર્મધ્યાનના યોગે તેઓ સમત્વને ગુમાવતા નથી. તેથી આવી વિપત્તિ કે વિડંબના, થોડીવાર પોતાના સ્વભાવને ભજવી ખસી જાય છે. અને સંપત્તિ આવીને ભેટે છે. વિવેકીઓ કહે છે કે, વિપત્તિ વેલાયે વલોપાત કરે નહિ, અને સહન કરવા પૂર્વક ધર્મ ધ્યાનમાં રહે તો, સંપત્તિ તેઓનાથી દૂર નથી. સમીપમાં જ છે. પરંતુ તે

વખતે મનોવૃત્તિને આત્મધ્યાનમાં જોડવી જોઇએ. તે વેલાયે, વિવેકીઓ કહે છે કે, વિપત્તિ કસોટી છે. તે મનુષ્યોને ખરોખર કષીને ઉજ્જવલ કરવા પૂર્વક, સંપત્તિ અર્પણ કરે છે. પરંતુ આત્મજ્ઞાન હોય તો જ. આત્મજ્ઞાન, એકદમ કે અકસ્માત્ થતું નથી. તે માટે દશ મનના, દશ વચના અને બાર કાયિક દોષોને નિવારવા, અતિશય વીર્યને, બલને ફોરવવું પડે છે. એમ અનંતજ્ઞાનીઓ પણ ફરમાવે છે. વિધિ પૂર્વક સામાયિક કરતાં, તે બત્રીશ દોષોને ટાળવાની શક્તિ જાગે છે. તે બત્રીશ દોષો, માનસિક વૃત્તિ વિગેરેને લક્ષ વશ રાખવાથી ખસતા જાય છે. અને સમત્વને આવવાનો અવકાશ મળે છે. અને સમત્વ આવે છે ત્યારે, ગમે તેવા રાગ, દ્વેષ અને મોહ વિગેરેના યોગે પ્રતિકુલ બનેલ માનવીઓ વિપત્તિમાં ફસાવે તો પણ, તે સમતા ધારી તેમાં બંધાતો નથી. આનંદ પૂર્વક તેના બલને પોતાના બલદ્વારા વિફલ કરે છે.

દીલ્હી શહેરમાં, પીરોજ બાદશાહ, પોતાના રાજ્યનું પાલન કરતો. પરંતુ તેને સાચી સહાય, સલાહ અને સૂચના આપનારની જરૂર હોવાથી, તપાસ કરતાં, તે શહેરના નિવાસી શાહ–મુંહણસિંહ શેઠને તેણે તેવા જાણ્યા બાદ તેઓને સન્માન, સત્કારપૂર્વક આમંત્રણ આપી, પોતાની પાસે રહેવાનું કહ્યું. જો કે, આ. શાહને, તેમની પાસે રહેવાની ઇચ્છા નહોતી. છતાં બાદશાહની આજ્ઞાના ભંગમાં ભયંકરતા અને જોખમ માની, પાસે રહેવા લાગ્યા.

મુંહણસિંહ, બહાદુર, શુરવીર તથા સમયના જાણકાર હોવાથી, બાદશાહને પસંદ પડયા. તેઓ શ્રાવક હોવાથી ગુરૂદેવનો ઉપદેશ રીતસર સાંભળી, બાર વ્રતધારી પણ થયા હતા. અને વિપત્તિ કે વિડંબનાની વેલાયે પણ, સ્વીકારેલા વ્રતોનું પાલન કરતાં. બાર વ્રતો પૈકી દરરોજ સામાયિક વિગેરે કરતા. કદાપિ સામાયિકને ભૂલતા નહિ. વ્યાવહારિક કાર્યોમાં, વ્રતોનું પાલન કરવું જો કે દુષ્કર છે. છતાં તેમાં, સત્યલાભ માની, દુષ્કરતાને ગણતા નહિ. તેથી જો વધારે વખત મલે તો ઘણીવાર સામાયિકની આરાધનામાં ઉદ્યમવાન્ બનતા. અને રાજયનું અને પોતાના ઘરનું પણ કામ કરવામાં તેમજ સમાજનું કાર્ય કરવામાં ખામી રાખતા નહિ. એક દિવસે, બાદશાહે, શ્રાવક શેઠ, મુંહણસિંહને કહ્યું કે, મારા તાબાનો સામંત રાજા, અભિમાનના તોરથી ખંડણી ભરતો નથી. માટે તેનો પરાજય કરવા ગમન કરવું પડે એમ છે. તમારે પણ સાથે જ આવવાનું છે. ત્યારપછી થોડા વખતમાં બાદશાહે લશ્કર સાથે પ્રયાણ કર્યું. આ શાહ પણ સાથે ચાલવા લાગ્યા. બાદશાહ બીજે ગામ ગયો ત્યારે શાહને નહિ દેખવાથી, એક શાણા સિપાઈને કહ્યું કે, શાહ પાછળ રહી ગયા છે. તેઓને સત્વર અત્રે લાવો. સિપાઈએ તપાસ કરતાં શાહને સામાયિકમાં બેઠેલા દેખ્યા. તે સીપાઈ શાણો હોવાથી, વિચાર કરવા લાગ્યો કે, અમે જેમ વખતસર નિમાજ પઢીએ છીએ તે મુજબ, આ પણ નીમાઝ પઢતા હશે. આમ વિચારી, સામાયિકની રીતસર

આરાધના કરી ઉઠ્યા બાદ, તેણે કહ્યું. બાદશાહે તમોને જલ્દી બોલાવવા માટે મને મોકલેલ છે. માટે જલ્દી ચાલો. શેઠ બાદશાહની પાસે હાજર થયા. તમે પાછળ પડી જાઓ છો તે ઠીક થતું નથી. કારણ કે કોઈ શત્રુ આવી તમોને હેરાન કરે. અગર શીકારી પ્રાણી, વાઘ વિગેરે ઉપદ્રવ કરે. માટે તમારે અમારી સાથે રહેવું. મુંહણુશીએ કહ્યું. તમે જેમ નીમાઝ પઢો છો. તેમ અમો અમારા ધર્મ પ્રમાણે સામાયિક કરીએ છીએ. એટલે પાછળ રહી જવું પડે છે. બાદશાહે એક હજાર સીપાઈઓને આજ્ઞા આપી કે, તમારે આ બહાદુર શેઠની પાસે રહેવું. જ્યારે ધર્મક્રિયા કરે ત્યારે પણ ખસી જવું નહિ. આ પ્રમાણે સામાયિકના પ્રભાવે બાદશાહના દીલમાં સારી રીતે અસર થઈ. અને પ્રીતિપૂર્વક પુનઃ પુનઃ સત્કાર સન્માનાદિ કરતાં. શેઠ પણ પ્રસંગોપાત ઉમદા સહારો અને સલાહ આપતા કે, નિરાપરાધીને મારવા નહિ. અપરાધીઓ ઉપર પણ જો તેઓ નમ્રતા ધારણ કરે તો રહેમ રાખવી. દયાભાવ ભૂલવો નહિ. તેથી રાજ્ય શોભા પામે છે. ઇત્યાદિ સૂચના, સલાહ વિગેરે મળવાથી, બાદશાહ કારમી ક્રૂરતાનો ત્યાગ કરી, આનંદમાં રહેતો. અનુક્રમે ખંડણી નહિ ભરનાર સામંત નૃપને જીતી લીધો. જ્યારે નમ્રતાપૂર્વક થઇ, તેણે ખંડણી ભરી ત્યારે પોતાની આજ્ઞાને પ્રવર્તાવી. દીલ્હી નગરમાં આવી રાજાએ સભ્યો સન્મુખ શેઠની ઘણી પ્રશંસા કરી ત્યારે કોઈ અદેખાએ, બાદશાહના કાન ભંભેર્યા. અને કહ્યું

કે, તમે શેઠની બહુ પ્રશંસા કરો છો. પણ તે શેઠ રાજ્યની ઉપજ વિગેરેથી પોતાનું ઘર ભરે છે. તેથીજ ધનાઢ્ય બનેલ છે. તે બડો દંભી છે. ઈત્યાદિ સાંભળી, કાચા કાનના બાદશાહે, તે શેઠને, હાથે પગે બેડીઓ નાંખી કેદખાનામાં નાંખ્યા. છતાં શાહને સંતાપ, વલોપાત થયો નહિ. તેઓ સમજતા હતા કે, આ વિડંબના આવી તેમાં મારા કર્મનો દોષ છે. ખોટી સૂચના, સલાહ આપનાર તેમજ બાદશાહ તો નિમિત્ત માત્ર છે. તેઓનો દોષ નથી. આ મુજબ સમ્યગ્ જ્ઞાન દ્વારા આત્મજ્ઞાનથી વલોપાત થયો નહિ. અને મનને શીખામણ આપવા લાગ્યા કે, જો સંતાપ, પરિતાપ કરીશ તો સામાયિક દ્વારા આત્મજ્ઞાન થએલ છે તે શોભાસ્પદ બનશે નહિ. અને નવાં કર્મોનો બંધ થશે. આમ મનને શીખામણ આપવાથી મનોવૃત્તિ સ્થિર થઈ. **"દરરોજ સામાયિક કરવું, પણ, દુન્યવી વ્યવહારના કાર્યો કરતાં, વિઘ્નો કે વિડંબના આવે તો પણ, સમત્વ, સમતા રાખવી તે સામાયિકની સાર્થકતા છે. એટલે અશુભોદય જે હાજર થાય છે તે વિફલ બને છે."** મુંહણશીને જ્યારે સામાયિકાદિ ક્રિયાઓ કરવાની ઈચ્છા હોય છે ત્યારે જેલરને સોનામહોર આપી, બે ઘડી બેડીઓ મુક્ત કરાવે છે. પણ ધર્મક્રિયા ભૂલતા નથી. આ મુજબ સામાયિક, પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરનાર ભાગ્યશાળીઓએ, વિપત્તિની વેલાયે ધૈર્ય ધારણ કરીને, ધર્મધ્યાનમાં રહેવું. કે જેથી, સમ્યગ્ જ્ઞાન

પૂર્વક કરેલી ક્રિયા, આત્મજ્ઞાનનો પ્રાદુર્ભાવ કરે છે. અને વિપત્તિનો વિલય થાય છે. વ્યાવહારિક કાર્યોમાં ઉકળી જવાય નહિ. અને શાંતિનો અનુભવ લાધે છે. હવે બાદશાહને, સદાચારી સજ્જનોએ, સુંદર સલાહ અને સૂચના કરી કે, તમે શેઠને હાથે પગે બેડીઓ નાંખી કેદખાનામાં ફસાવ્યા તે સારૂ કર્યું નથી. કારણ કે, શેઠે બાર વ્રતો લીધા છે. તેમાં તેમને પરિગ્રહ પરિમાણનું વ્રત છે. તેથી અન્યાય, અનીતિથી કાંઈ પણ ધન લેતા નથી. તો પછી રાજ્યની ઉપજનું ધન તેઓ કયાંથી લે ? કોઈ અદેખાએ, તમોને અસત્ય સલાહ આપી છે પણ તે સત્ય નથી. માટે આવા આત્મજ્ઞાની અને રાજ્યના 'વફાદારને કેદખાનામાં રાખવા જોઈએ નહિ. બાદશાહે સારી રીતે તપાસ કરી ત્યારે પેલા ઇર્ષ્યાળુએ કહેલી બીના ખોટી લાગી. અને શેઠને બેડીમાંથી મુક્ત કરવા પૂર્વક કેદમાંથી બહાર લાવી હાથી ઉપર બેસારી સત્કાર સન્માન પૂર્વક તેમના ઘેર મોકલ્યા. એક મહિને ઘેર આવ્યા પછી શેઠ સામાયિક કરતાં સમતાની આરાધનામાં અધિક તત્પર થયા. અદેખો ચૂપ થયો. તેને પણ શેઠની સમતાની અસર થઈ. ત્યારથી આરંભીને તે પણ શેઠનો મિત્ર બની સામાયિકની આરાધના કરવા લાગ્યો. અને થએલ દોષોની નિન્દા, ગર્હા કરી, આત્માની શુદ્ધિ કરી. જ્યારે સમ્યગ્‌જ્ઞાન, આત્મજ્ઞાનની સાથે ક્રિયાઓ કરવામાં આવે છે ત્યારે, મમત્વ અને અહંકારના યોગે બંધાએલ ચીકણા કર્મો ખસવા માંડે છે. અને સમતાના

યોગે આત્મ વિકાસ સધાય છે. ભલે પછી વિવિધ સંકટો આવે તો પણુ, ગભરામણુ, મુંઝવણુ થતી નથી. અને સમત્વનો સ્વાદ આવતો રહે છે. માટે સમ્યગ્જ્ઞાન સાથે ધાર્મિક અનુષ્ઠાનો કરો. તેમજ વ્યાવહારિક કાર્યોમાં પણુ ક્રિયાઘેલા, મુગ્ધ બનો નહિ. હવે સુખની રાશી, જેમાં સમાએલ છે એવી સમતા લાવવા માટે, સદ્ગુરૂ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી ફરમાવે છે કે, પ્રથમ ગીતાર્થ અને આત્મજ્ઞાનીની રીતસર ઉપાસના કરો. તેઓ તમને સમત્વનું સમ્યગ્જ્ઞાન અર્પણુ કરશે. પછી તમારી ક્રિયાઓ ફલવતી બનવાથી, ચીકણાં કર્મો બાંધશો નહિ ત્યારે તમોને શાબાશી આપીશ. પ્રશંસા કરીશ. કે, વ્યાવહારિક કાર્યોમાં પણુ ધૈર્ય ધારી, અહો ! કેવી સમતા રાખે છે. સંકટો આવે તો પણુ મુગ્ધ બનતા નથી. ધન્ય છે તેમને ? આવા ભાગ્યવંતો, આત્મજ્ઞાન મેળવી, કર્મોને ખસેડવા સમર્થ બને છે. આવા સમ્યગ્જ્ઞાની, આત્મજ્ઞાનના યોગે પોતાની શક્તિને ઓળખી, અનંત સુખના સ્વામી થાય છે. માટે વિષયોની આસક્તિનો ત્યાગ કરી, સત્ય વિષય જે, આત્મગુણો છે. તેઓને પ્રાપ્ત કરો. તેનો ઉપદેશ આપતા ૨૯ મા પદની કાવ્યરચના કરતાં ગુરૂદેવ કહે છે કે, અરે અનંત સુખના સ્વામી તમો હોતે છતે પણુ અન્યત્ર કયાં પરિભ્રમણુ કરો છો ?

( શામળીયાની પાઘડી—એ રાગ )

**તારૂં નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા,**
**તારી શક્તિ અનંત કહાય. અલખ૦ ॥૧॥**

જ્ઞાનાદિક તુજ સંપદા રે, કર્માચ્છાદિત થાય,
પરભાવરંગી ચેતના રે, કર્મ ગ્રહણકો ઉપાય.
અલખ૦ ॥૨॥

ધુમાડાના બાચક ભરે રે, હાથ કશું નહિ આય,
પર પોતાનું માનતાં રે, જન્મ મરણ દુઃખ પાય.
અલખ૦ ॥૩॥

દેખે તે તારૂં નહી રે. તાહરૂં તાહરી પાસ,
પોતાને રંક માનીને રે, ક્યાં કરે તું પર આશ ?
અલખ૦ ॥૪॥

કાલ અનંતો ઉંઘીયો રે, મિથ્યા રયણી મઝાર,
સદ્‌ગુરૂએ ઉઠાડીયો રે, સફલ થયો અવતાર.
અલખ૦ ॥૫॥

વિનય ભક્તિ કરૂણા ગ્રહી રે, ભાવ અપૂર્વ ગ્રહાય,
ચિદ્દ્યન સંગે ખેલતાં રે, કર્મ કલંક કટાય.
અલખ૦ ॥૬॥

શુદ્ધ સ્વરૂપી ચેતના રે, દો ભેદે વર્તાય,
દેહાતીત થઈ આતમા રે, જ્યોતિ જ્યોત મિલાય.
અલખ૦ ॥૭॥

શુદ્ધ સ્વરૂપે આતમા રે, સત્તાએ સહુ હોય,

બુદ્ધિસાગર ધ્યાવતાં રે, આપ સ્વરૂપે જોય.

અલખ૦ ॥૮॥

સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી, આત્માથી પર જે પદાર્થ રહેલા છે. તેઓને પ્રાપ્ત કરવા, માનવીઓ અથાગ પરિશ્રમ કરી રહેલા છે. તેઓને ફરમાવે છે કે, જે વસ્તુઓ ખાતર, તમો સત્યશાંતિ માટે દોડધામ કરી રહેલ છો તેના સ્વરૂપને ઓળખો ? જે વસ્તુઓને પ્રાપ્ત કરી તમો ખુશી થાઓ છો. પણ તે સંયોગે મળી છે. અને મળશે. પણ, સંયોગ સંબંધે, તેનો વિશ્વાસ રાખવા જેવો નથી. ક્યારે ખસી જશે તે કહી શકાય નહિ. માટે સદાય સમીપે રહેલ આત્માને ઓળખો. અને તેને ઓળખવા તેના જે જે સાધનો છે તેના તરફ શ્રદ્ધા રાખીને તે સાધનોને મેળવો. તે આત્મા કદાપિ ખસી જતો નથી. તમે ઘણા અવતાર ધારણ કરશો ત્યારે પણ, તે સાથે ને સાથે રહેશે. કર્મોને ખપાવીને સિદ્ધ બનશો ત્યારે, નિર્મલ બનેલ તે આત્મા, પોતાની સત્તાએ ઝગહળતો રહેવાનો. કદાપિ નષ્ટ થવાનો જ નહિ. તમારો આત્મા જ્યારે કર્માતીત, કર્મરહિત થાય છે. ત્યારે તેનું નામ, રૂપ હોતું નથી. શરીર, આયુષ્ય પણ હોતું નથી. તે તો ઈન્દ્રિયોને અગોચર એટલે ઈન્દ્રિયો દ્વારા ન દેખાય એવો અલખ પરમાત્મા બને છે. અધુના તમો, બાહ્યાત્મા હોવાથી દેખી શકશો જ નહિ. પરંતુ આત્મજ્ઞાન મેળવી અન્તરાત્મા બનશો અને જ્યારે જે બારમું ગુણસ્થાન છે.

તે ગુણસ્થાનકનો અનુભવ કરશો. તેમજ તેરમું ગુણસ્થાન હાથમાં આવશે. ત્યારે, સર્વત્ર, સર્વદા, ઘાતીયા કર્મોનો ઘાત થવાથી, નિર્મલ આત્માનો અનુભવ આવશે. માટે અન્તરાત્મા બનો. તેથી સર્વ આશાઓ ફલવતી બનશે. અને આનંદની લહેરીઓ ઉભરાશે. આવા આત્માને ઓળખી તેને નિર્મલ કરવા તમારો જન્મ થએલ છે. નહિ કે, વિયોગશાળી વસ્તુઓ મેળવવા માટે ? તમારી જ્ઞાનાદિક– સંપદા નાશ પામી નથી. પરંતુ કર્માચ્છાદિત થએલ છે. અને થાય છે. તેથી પરભાવરંગી ચેતના બની છે. અને બની રહેલ છે. પરભાવમાં રસિલો આ બાહ્યાત્મા, શું મેળવશે ! તે તમોને માલુમ હશે નહિ. કર્મોને ગ્રહણ કરવાનો ઉપાય કરતો હોવાથી, તે કર્મોને જ ગ્રહણ કરે છે. અને કરશે. તે ગ્રહણ કરેલા કર્મો, આત્માના ગુણોનો પ્રાદુર્ભાવ કરવામાં પુનઃ પુનઃ વિઘ્નો કરવાના જ. “ श्रेयांसि बहु विघ्नानि ” તે વાકય શાથી લખાયું ? તે કર્મો શ્રેયસ્કર એવા આત્મજ્ઞાન, ધ્યાનમાં લાગ જોઈને વિઘ્નો ઉપસ્થિત કરતા હોવાથી જ, માટે હિત-કર અને શ્રેયસ્કર કાર્યોમાં, વિવિધ ડખલ કરનાર એવા કર્મોને હઠાવવા માટે, તેમજ અન્તરાત્મા બનવા પૂર્વક, પરમાત્માના અનંત સુખનો લ્હાવો લેવા, સદાય જાગ્રત રહીને તેના સાધનો, એક શેઠની માફક ગ્રહણ કરવા માટે કાળજી રાખવાની ખાસ જરૂર છે.

એક શ્રાવકે, ભીલ્લ પલ્લીમાં આજીવિકા ખાતર દુકાન માંડી છે. આ પલ્લીમાં ઘણા ભીલ્લો તેની દુકાને માલ લેતા

હોવાથી, શ્રાવક દરેક વર્ષમાં ધનાઢ્ય બની વિચાર કરે છે કે, આજીવિકાનું દુઃખ ટળ્યું. પણ તેના યોગે, બંધાએલ કર્મોનું દુઃખ ગયું નહિ. માટે કર્મના દુઃખને દૂર કરવા ઉપાય કરવો તે પોતાના આત્માને માટે અને પારકાઓને માટે શ્રેયસ્કર છે. આમ વિવેક લાવી, જ્યારે વખત મળતો ત્યારે, દશ મનના, દશ વચનના અને બાર કાયાથી જે જે કર્મો બંધાયેલ હોય, બંધાતા હોય, તેઓને દૂર કરવા સામાયિક કરતો. એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓને કબજે કરી, સમત્વનો અનુભવ લેતો. આત્મધ્યાને રહી ધર્મધ્યાનના ચાર પાયાનું ધ્યાન ધરતા. જીનેશ્વર વીતરાગની આજ્ઞા કેવી છે! તેના ઉપર દૃઢ શ્રદ્ધા ધારણ કરવા પૂર્વક વિચાર કરી, આજ્ઞાનો અમલ શક્ય રીતે કેટલો કરૂં છું તેનો ઉપયોગ રાખતા, તથા જેટલા સંતાપ, પરિતાપ, વિપત્તિ, વલોપાત વિગેરે આવી હાજર થાય છે. તેનો વિચાર કરી મનમાં નિશ્ચય કરતા કે, મારા મન, વચન અને કાયાના જે દોષો થયા છે. તેથી જ આવા પ્રકારની વિડંબનાઓ ઉપસ્થિત થાય છે. માટે તેવા દોષોનો ત્યાગ કરવા શક્ય પ્રયાસ કરવો. તથા કરેલા અપરાધો, ભૂલો અને દોષોનું ફલ મારે પોતાને જ ભોગવવું પડે છે. અને પડશે. આમ વિવેક લાવી, થએલા અને થતા દોષોને નિવારવા ઘણો ઉપયોગ રાખી સાવધાન બનતા. તથા લોક સ્વરૂપના વિકાર અને વિચારોને હઠાવી, આત્મધ્યાને રહેવા લગની લગાવીને રહેતા. સવારમાં જો વખત મળે તો, અને ચિન્તાઓ

હોય નહિ તો, સવારમાં. અગર બપોરે સમતામાં રહેવા માટે એક, બે વાર સામાયિક કરીને આત્મિક લાભ લેવા, ટાઇમ મળે નહિ તો રાત્રીમાં એક પહોર વીતી ગયા પછી, બીજા પહોરે એક, બે સામાયિક કરીને પછી નિદ્રા લેતા. હવે આ પલ્લીમાં ચાર ભીલ્લ વિચાર કરે છે. કે, આ શેઠ અત્રે આવ્યા પછી ધનાઢ્ય બનેલ છે. માટે તેને લૂંટી લઈને સઘળું ધન લઈ જઈએ. આમ વિચારીને ચારે ભીલ્લો રાત્રીમાં ચોરી કરવા ખાતર શેઠના ઘરમાં પેઠા. તે અરસામાં શેઠ, સ્વપત્ની સાથે સામાયિકમાં બેસી, તથા ધર્મધ્યાનના ચાર પાયાનો વિચાર કરી, ઉંચે સ્વરે નવકાર મંત્ર ગણી રહેલ છે. ચોરોએ શેઠને નવકારમંત્ર ગણુતા સાંભળ્યા. શેઠને પણ ચોરો પેઠા તેનો ખ્યાલ આવ્યો. છતાં નિર્ભય બની, મંત્ર ગણુવા લાગ્યા. અને વિચાર કરે છે કે, મેળવેલ ધન, આ ભીલ્લો લઇ જશે તો પુનઃ પ્રાપ્ત કરી શકાશે. તેમજ સમત્વરૂપી જે, સત્ય ધન પ્રાપ્ત કરેલ છે. તે પણ ખસી જશે. એક વેલાયે જે ચૂકે છે તે ઘણી વેલાએ ભૂલચૂક કરી બહુ ગમાવે છે માટે હે ચેતન ? સ્થિરતા ધારણ કર. આ શેઠ નવકારમંત્ર ગણુતા હોવાથી તેના શબ્દો સાંભળી, તે ચોરોને ઉહાપોહ, વિચારણા થઈ કે, આવા શબ્દો અમોએ કોઈ એક ભવનાં, જન્મમાં સાંભળેલ છે. ઉહાપોહ કરતાં તેઓને પ્રથમ ભવોનું જાતિસ્મરણજ્ઞાન થયું તેથી થએલા દોષોની નિન્દા કરવા લાગ્યા. કે, અમોએ તે તે ભવોમાં ઘણું ગુમાવ્યું. અને આ ભવમાં શેઠનું ધન હરણ કરીને

દુર્ગતિનું ભાજન થઈશું. સત્યધન તો આપણે અહિંઆંજ પ્રાપ્ત કર્યું. ક્ષણભંગુર એવા આ ધનને લઈને આત્મહિત સધાશે નહિ. આમ વિચારણા કરતાં, ઉચ્ચભાવનાનો પ્રગટ ભાવ થયો. લઘુકર્મી હોવાથી, અપ્રમત્ત ગુણસ્થાનકે આરૂઢ થવા પૂર્વક, ક્ષાયિક શ્રેણીએ આરૂઢ થયા. અને ઘાતિયા કર્મોનો ઘાત કરી, આ ચારેય ચોરો કેવલજ્ઞાન પામ્યા. શાસનદેવીએ સાધુનો વેષ તેઓને આપ્યો. અને જગતના માનવીઓને પાવન કરવા વિચરવા લાગ્યા. આ મુજબ આ શ્રાવકવડે ગણાતા નવકારમંત્રને સાંભળી, સઘળા દોષોનો ત્યાગ કરી, ચારેય ભાગ્યશાલીઓએ આત્મશ્રેયઃ સાધી લીધુ. શેઠ પણ આત્મકલ્યાણ સાધવા માટે, દરરોજ તત્પર બન્યા. શ્રાવક ધર્મનું રીતસર પાલન કરી, અનુક્રમે કેવલજ્ઞાન પામી, પરમપદને પ્રાપ્ત કરશે. માટે સદ્દગુરૂ ઉપદિશે છે કે, તમારી જ્ઞાનાદિક સંપદાને, આત્મજ્ઞાન, ધ્યાન દ્વારા જાણીને પ્રાપ્ત કરો. આત્મ સિવાય, પરપદાર્થોમાં રંગી બનવાથી, કર્મોનો નિકાચિત બંધ પડશે તેથી જન્મ, જરા, મરણની વિડંબનાઓ ટળશે નહિ. પરસંગીનો રંગ લાગવાથી, અનંત જન્મો ધારણ કર્યા. છતાં, આધિ, વ્યાધિ અને ઉપાધિ ટળી નથી જ. હવે આ મોંઘેરા દેવદુર્લભ મનુષ્યભવને પામી તમારી કર્મો વડે ઢંકાએલ જ્ઞાનાદિક સંપદાઓને ઓળખી તેમાં ક્યારે લયલીન બનશો ? પર પદાર્થોને પોતાના માનવાથી, તેમાં રંગ, આસક્તિ થાય છે. તેથી તેઓમાં રંગી બનવાથી, આત્મજ્ઞાનાદિક સંપદાની ઓળખાણ કદાપિ થતી

નથી. અજ્ઞાન દશામાં, મોહઘેલા બની, કેવા કેવા દુઃખો ભોગવ્યા તેનું ભાન રહ્યું નહિ. જો આત્મજ્ઞાન થાય તો, સઘળા સંકટો, વિપત્તિઓનો ખ્યાલ આવે. માટે કાંઇક વિચાર, વિવેક કરો ? ક્યાં સુધી પર વસ્તુઓને પોતાની માની, અને પોતાના આત્માની સત્ય સંપદાઓને ભૂલી, સંસારમાં અટવાયા રહેતાં રખડપટ્ટી કર્યા કરશો ! બાળકો લકુટીઓ રમવામાં મજાહ માને છે. જ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ તે કરતા નથી. તથા સમજણા માનવીઓ પણ, લડકા, લડકીઓમાં રંગી બની, જે આત્મસાધન કરવાનું છે તે ભૂલે છે. તેમ તમો પણ સમજણા થઈને પર પદાર્થોમાં ક્યાં રમત રમી રહ્યા છો ! અને વિવેકને આગળ વધારી સત્ય સુખનો અનુભવ કરવા કેટલા વધારે આગળ વધ્યા ? સંસારના સંગીઓ કહો. કેટલું સ્વપરનું શ્રેયઃ સાધ્યું ? જ્યારે તેઓએ તેવા રંગમાં ભંગ કર્યો છે. ત્યારે સ્વપરનું હિત સાધવા ભાગ્યશાલી બન્યા છે. વિષયવાસના પૂર્ણ કરવા તથા ઈન્દ્રિયોને સંતોષ આપવા વિવિધ વિલાસો કરવામાં ખામી રાખી છે ? જરાય ખામી રાખી નથી. છતાં તે વાસના તથા ઈન્દ્રિયો તૃપ્તિ પામી નહિ. ધનાઢ્યો, નરેન્દ્રો અગર દેવો અઢળક વૈભવ, વિલાસોમાં મગ્ન બન્યા. પણ અસંતુષ્ટ બની, પરલોકે ગયા છે. તેથી વિષય વિલાસોમાં આસક્ત બનવું તે, ધુમાડામાં બાચકા ભરવા જેવું છે. તેથી સંતોષી બનાવે તેવી સત્ય વસ્તુ હસ્તગત થતી નથી. પરવસ્તુઓને પોતાની માનવાથી જ, જન્મ, જરા અને મરણની વિડંબનાના

દુઃખો પામ્યા છો. માટે તમારી સાચી વસ્તુઓને ઓળખી, સ્વીકાર કરવા પૂર્વક તેનો અનુભવ કરો. સદ્ગુરૂ કહે છે કે, જે જે પદાર્થો આંખે દેખાય છે, જે જે સંગીતો વિગેરે કાન દ્વારા સંભળાય છે, તેમજ સુગંધ. દુર્ગંધ નાસીકાએ સુંઘાય છે. તથા જીહ્વા વડે જે જે સ્વાદો અનુભવાય છે. અને સ્પર્શેન્દ્રિયથી જે જે વસ્તુઓ સ્પર્શાય છે. તે તે વસ્તુઓ ત્હારી નથી. શા માટે શુભ, અશુભ પ્રાપ્ત થતાં રાગ, દ્વેષાદિક કરીને આત્મવિકાસને દબાવે છે! તેઓના દબાણુથી જ આત્મિક શક્તિ, સત્તા, અને અનંતસુખ દબાણમાં આવ્યું છે. અને દબાતું રહેશે. ત્હારી વસ્તુ, ત્હારૂં સ્વરૂપ તો, ત્હારી પાસે છે. તેને ઓળખવા અને તેમાં તન્મય બનવા, જપ, તપાદિકમાં તત્પર બનો. અત્યાર સુધી તમોએ પોતાને રંક માની, ઘણો વલોપાત કર્યો. ઘણી આજીજી કરી. અને ઘણાઓને પગે પડ્યા. કહો? કઈ વસ્તુ પ્રાપ્ત કરી? કદાચ મળી હશે તો વિયોગવાળી મળી હશે. તેને સાચવવા ઘણો પ્રયાસ કર્યો હશે. અગર કરતા હશો. તો પણ તે જવાવાળી જ છે તેથી કયાંથી રહે? ઘણા લોકો વાયદાના વેપારમાં કમાય છે. અને ધનાઢ્ય બને છે. અને પુનઃ તેમાં લાગી રહે છે. એટલે તે વેપારમાં સર્વસ્વ ગુમાવી નિર્ધન બને છે. અધિક મેળવવા ખાતર, તેમજ મળેલનું બરોબર રક્ષણ કરવા સાવધાન બને છે. છતાં તે લક્ષ્મી અન્યત્ર જાય છે. અને અસહ્ય પીડા ઉપજાવે છે. આ મુજબ શરીર, યૌવન, પત્ની વિગેરે પરિવારને વધારવા,

રક્ષણ કરવા પ્રયાસો કરવામાં બાકી રાખતા નથી. છતાં તે શરીર વિગેરેનો, વખત આવી લાગતા, વિયોગ થતાં, વિલંબ થતો નથી. માટે તેઓની સંભાળ કરવાની અને રક્ષણ કરવાની આશામાં અને તૃષ્ણામાં, જીવનની સાર્થકતા કરવાની હોવા છતાં વૃથા કયાં ગુમાવો છો ! ઈચ્છામાં, આશામાં અને તૃષ્ણામાં અનંતકાળ ઉંઘમાં ગયો. મિથ્યાત્વ, અવિરતિ કષાય વિગેરેમાં રયણી, અંધકારમાં જે સાધવાનું હતું તે સાધ્યું નહિ. અને સાધી શકશો પણ નહિ. માટે સત્ય સ્વરૂપની પરીક્ષા કરી, સત્ય ધનાદિકનો સ્વીકાર કરો. જાગ્રત બનો. મોહમમતારૂપી નિદ્રાના નશામાં, કેફમાં કયાંસુધી પડયા રહેશો ! મદિરાના કેફ કરતાં, આ કેફ અનંત માર ખવરાવે છે. આ મુજબ કેટલાક વિચારવાળા તથા વિવેકીજનો સદ્‌ગુરૂ પાસે જઈ આત્મતત્ત્વને પૂછે છે કે, હે સદ્‌ગુરૂદેવ ? આત્મસ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત થાય ? સદ્‌-ગુરૂદેવે સમજણ આપી, ઘોર નિદ્રામાંથી જાગ્રત કર્યો. ઉઠાડયો. કેવા પ્રકારે તે સાંભળ ? વિનય, સરલતા, સંતોષ અને વિવેકપૂર્વક સાંસારિક વસ્તુઓને ત્હારી–તમારી માન નહિ. નહિ માનીશ ત્યારે વિનય, વિવેક, નિર્દંભતા, પ્રશમતા, વિગેરે સદ્‌ગુણોથી વાસિત બનીશ. પછી અહંકાર, મમત્વનું જોર ચાલશે નહિ. તે પ્રાપ્ત થએલ ગુણો જ અહંકારાદિકને તગેડી મૂકશે. એટલે નસાડી મૂકશે. પછી જીનેશ્વરના ગુણોમાં લગની લગાડવી. તે ગુણો દ્વારા દબાણમાં આવેલા, પોતાના સત્ય ગુણોનો આવિર્ભાવ થવા લાગશે. આ મુજબ કેટલાક

ભાગ્યશાળી, દર્શાવેલ મોક્ષ માર્ગે વળ્યા. સંસારના વિકટ અને વિષમ માર્ગેથી પાછા હઠ્યા. અને અપૂર્વભાવ આવવાથી આત્મતત્ત્વની ઓળખાણ થવા લાગી. તેમજ ચિદ્દઘન આત્માના સ્વરૂપમાં ખેલતા, રમણુતા કરતાં, મોહનીય વિગેરે કર્મોનું કટક નાસવા લાગ્યું. તેથી વિષયકષાયના સંસ્કારો અને વાસનાઓના જવાથી, કાંઇક સ્થિરતાના યોગે, જે આનંદની આશા હતી તે મળવા લાગી. દુન્યવીની આશાના પાસ તથા બેડીરૂપી પરાધીનતા તૂટવા લાગી. આવો સદ્‌ગુરૂનો ઉપદેશ પ્રાપ્ત થયો તે સારા ભાગ્યની નિશાની છે. સદ્દગુરૂ સિવાય આશાના પાસમાંથી કોણ મૂક્ત કરાવે? સગાંવહાલાં તો કહે છે કે, સંસારના સુખમાંથી સત્યશાંતિ મળી જશે. માટે પ્રથમ સાંસારિક સુખમાં મહાલ્યા કરો. તમારે સગાંવહાલાંને પુછવું કે, તમોએ સંસારની કાર્યવાહીઓ કરતાં, ચિન્તાઓ; વ્યાધિઓ વિગેરેને હઠાવ્યા છે! અને કેવા પ્રકારનું સુખ મેળવ્યું છે? તે કહો. તેઓ કહી શકશે નહિ. કારણ કે, વિષયોના વિચારો અને વિકારોમાં નિર્મળ સુખ હોય જ નહિ. એ તો જ્યારે સદ્દગુરૂગમ લઇને, આસક્તિનો ત્યાગ કરી, ધર્મધ્યાન, આત્મધ્યાનમાં આરૂઢ થાય. ત્યારે અંશે અંશે સાચા સુખની વાનગી મેળવવા ભાગ્યશાળી બને. માટે સંસારસંગી સ્વજન વર્ગના કથન પર વિશ્વાસ રાખવો તે બુદ્ધિમત્તા કહેવાય નહિ. માટે આશા, તૃષ્ણાના બંધનો તોડવા માટે, ચિદ્દઘન આત્માના ગુણોને પ્રાપ્ત કરવા કોશીશ કરવાની પણ અગત્યતા રહેલી છે. તેને માટે

તન, ધન અને મનને આત્માથી ન્યારા ભાવવા. તે આત્માના ગુણો નથી. પણ ઔદયિક ભાવે મલ્યા છે. જ્યારે તે જુદા મનાશે ત્યારે, અહંકાર, મમકારનું જોર ઓછું થશે. પછી ધર્મધ્યાન કરવાની પ્રીતિ થશે. અને પ્રેમ લાગતાં આત્મિક ગુણો તરફ આદરમાન વધશે. અને તન, ધન અને મનના વિચારો ઓછા થતા જશે. અને તેવા વિચારોના આધારે દુન્યવી કાર્યો કરતા છતાં પણ અનાસક્તપણાએ રહી શકશો, અન્યથા વિચારો, અને વિકારો કદાપિ ટળવાના નહિ અને આત્માના ગુણોની ઓળખાણ થવાની નહિ.

એક શેઠને સંતાન નહિ હોવાથી, બીજી પત્ની સાથે લગ્ન કર્યું. બે વર્ષે, તે બીજીને પુત્રની પ્રાપ્તિ થઈ. તેથી ઘણો આનંદ થયો. પરંતુ સાથે ચિન્તા વળગી કે, આ પુત્રનું પાલન, પોષણ કેવી રીતે કરવું ! આધેડ ઉમ્મરે પુત્ર થયો. તેની જરૂર સંભાળ રાખવી જોઇએ. તેમજ મોટો થતાં પરણાવવો પડશે. તેમજ તેના સુખ માટે અધિક સંપત્તિ મેળવવી પડશે. આવી આવી ચિન્તાઓથી ઘેરાએલ શેઠને શાંતિ ક્યાંથી પ્રાપ્ત થાય ? પુત્ર જન્મ્યો પણ ચિન્તા ગઈ નહિ. તે ચિન્તાથી શરીર પણ દિવસે દિવસે અશક્ત બનતું, તેથી દવાના ટેકાએ નીભાવી લેતા. પરંતુ સંપત્તિ, ધન પુરતા પ્રમાણમાં ન હોવાથી, કોઇ શહેરમાં જઇ, વ્યાપાર દ્વારા પૂરતા પ્રમાણમાં ધનને પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ. અને પોતે, બે સ્ત્રીઓ અને છ માસના પુત્રને લઇ, કોઈ શહેરમાં જઈ ધમધોકાર વેપાર કરવામાં બાકી રાખી

નહિ. ધન તો મળ્યું. પણ, તન, શરીર અધિક વ્યાધિ-ગ્રસ્ત બન્યું. ચિન્તાનો પાર રહ્યો નહિ. ઘણી દવાઓ કરી. પણ અસાધ્ય વ્યાધિ ખસ્યો નહિ. અને શેઠ મરણને શરણ થયા. કહો આ સુખ કેવું? દુઃખ ગર્ભિત જ કહેવાય ને? શેઠ મરણ પામ્યા પછી જુની સ્રીને મોટી ચિન્તા થઈ કે, નવી શોકયને પુત્ર હોવાથી સઘળી મિલ્કત તેને સ્વાધીન થશે. મારો કોઇ ભાવ પુછશે નહિ. નિર્માલ્ય પ્રાયઃ બનીશ. માટે નવીના પુત્રને મારો જ છે. આમ જાહેર કરી બથાવી પાડું તો ઠીક થાય. આ શહેરમાં કોઈને ખબર નથી કે, આ પુત્ર કોણીનો છે. આમ વિચાર કરી મમત્વના યોગે તે પુત્રને પોતાના પુત્ર તરીકે જાહેર કરવા પૂર્વક સઘળી મિલ્કત બથાવી પાડવાનો પ્રયાસ કરવા લાગી. નવી સ્રીએ કહ્યું કે આ પુત્ર મારો પોતાનો જ છે. તું શા માટે આ હકીકતને અસત્ય રીતે જાહેર કરી, સંપત્તિને સ્વાધીન કરવા કોશીષ કરે છે. તું તો મારી બેન સમાન છે. હું તને અલગી માનતી નથી. આપણે બે સંપીને રહીશું તો સુખશાંતિ રહેશે. પણ જુની, મમતાળુ હોવાથી માને શેની? અને કહેવા લાગી કે તું જ ખોટું બોલે છે. આ પુત્ર તો મહારો જ છે. આ મુજબ વિષમવાદના યોગે કોર્ટમાં ફરિયાદી થઈ. મારા, તારાનો નિકાલ, મહાજન પંચ લાવી શકયું નહિ. એટલે દિવાનના હાથમાં આ કેસ આવ્યો. જુની અને નવીની જુબાની સાંભળી. અધિકારી, ન્યાયાધીશ પણ મુંઝવણમાં પડયો. કોણીનો આ પુત્ર હશે! વિચાર કરતાં યુક્તિ દ્વારા

ન્યાયાધીશે તલવાર મંગાવીને કહ્યું કે આ તલવાર વડે આ પુત્રના બે ભાગ કરીએ તો તમો બન્નેની ચિન્તા ઓછી થાય માટે, બે ભાગ તમોને કરી આપીયે. આમ કહી તલવાર ઉગામે છે. તે વખતે જુનીના મનમાં આઘાત, ચિન્તા થઇ નહિ. અને મૌન રહી. પણ નવીના હૈયામાં આઘાત થયો, તેથી તેની આંખમાં આંસુ આવ્યા. તે વેળાએ નજરબાજ ન્યાયાધીશ બરોબર બે સ્ત્રી તરફ જોઇ રહેલ છે. જુનીને અફસોસ થતો ન હોવાથી. અને નવીને આઘાતપૂર્વક આંખમાં આસુંડા ઝરતા દેખી, ન્યાયાધીશે મનમાં નિર્ણય કર્યો કે આ પુત્ર નવી સ્ત્રીનો જ છે. આ પ્રમાણે દિવાન વિચાર કરે છે તેવામાં, નવી માતા આજીજી પૂર્વક કહેવા લાગી. મહેરબાન ? પુત્રના બે ભાગ કરવાની જરૂર નથી. આ પુત્ર જુનીનો છે. માટે મારશો નહિ. એની પાસે રહેશે તો પણ મારે વાંધો નથી. તેને દેખી મારૂ હૈયું આનંદમાં રહેશે. આ પ્રમાણે મારાપણાનો ત્યાગ કરી ન્યાયાધીશને કહ્યું પણ આ અધિકારી, નજરબાજ અને બુદ્ધિબાજ હોવાથી, તે પુત્ર નવીને જ સમર્પણ કરી તેણે બરોબર ન્યાય કર્યો. તેની પ્રશંસા થઈ. જુનીની ફજેઈ થઇ. તે નિરાશ બની પોતાના સ્થાને ગઈ. તેણીને નવીએ કહ્યું કે, તમે અફસોસ કરતા નહિ. તમે મોટા છો. તમારા ભાગ્યથી મને પુત્ર સાંપડયો છે. તેથી આપણે બન્ને જણા પુત્રને મોટો કરીશું. તમોને તે માતા તરીકે માનશે. એવા સંસ્કાર હું આપીશ. અને તમારા કથન મુજબ વર્તન રાખશું. હવે કહો. આવા ઉત્તમ

વચનો ક્યારે કહેવાય ? ધનની, શરીર વિગેરેની મમતા ઉતરે ત્યારે જ. આવા જીવાત્માઓ, સદ્‌ગુરૂનો યોગ મળતાં, આત્મજ્ઞાન અને ધ્યાનમાં આગળ વધતા રહે છે. ભલે પછી નર હોય કે નારી હોય, હલકી કોમનો હોય કે, ઉત્તમ કુલનો હોય, સર્વે માટે ઉદાર દીલ, નમ્રતા, સરલતા, સંતોષ અને પ્રશમતાની જરૂર છે. આ મુજબ જ્યારે આત્મિક ગુણો આવવા માંડશે ત્યારે જ, દેહાતીત, મનવચનાતીત, શુદ્ધાત્માનો અનુભવ અનુક્રમે અનુક્રમે આવતો રહેશે. સત્તાયે તો આત્મા અખંડ, અવિનાશી છે, તેથી તેનો અનુભવ આવતાં, સર્વ સંકટો, વિપત્તિઓ અને વિઘ્નો આપો આપ ટળી જાય છે. માટે સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, બુદ્ધિસાગર, અનંતજ્ઞાની એવા જીનેશ્વરને તથા આત્માને ધ્યાવતાં, આત્મા આપો આપ સ્વસ્વરૂપે થાય છે. અને જોવાય છે. અનુભવાય છે. માટે આત્માને ભૂલો નહિ. અને દેહ દેવળમાં રહેલા આત્માને સ્થિરતા ધારણ કરી ધ્યાવો. એટલે સ્વયમેવ સર્વ ચિન્તાઓ વિગેરે ખસી જશે. હવે કેટલાક વિચારક અને વિવેકીઓને આત્માને ઓળખવાની લગની લાગી. તેથી કોની સંગતિ કરી ઉપદેશ સાંભળવો. એ ભાવના જાગી. ત્યારે સદ્‌ગુરૂદેવ ૩૦મા પદના કાવ્ય દ્વારા ઉપદેશ આપે છે કે,

અરે આત્મિક ગુણોના અર્થીઓ આત્માને ઓળખવો હોય અને અનુભવ કરવો હોય તો સાંભળો.

( નિશાની કહા બતાવું—એ રાગ )

સુગુરાની સંગત કીજે રે, સંગતથી ગુણ થાય.
પાર્શ્વમણિના સંગથી રે, લોહ તે સોનું થાય,
ઇયળ ભમરી સંગથી રે, ભમરીનું પદ પાય.
સુગુરાની૦ ॥૧॥

સુસંગતથી ગુણ વધે રે, દોષો દૂરે જાય.
ભ્રાન્તિ ભ્રમણા સહુ ટળે રે, સત્ય રૂપ પ્રગટાય.
સુગુરાની૦ ॥૨॥

ભ્રમણામાં દુનિયા ફરે રે, માને દુઃખમાં સુખ.
સ્વપ્ન સુખલડી ભક્ષતાં રે, ક્યાંથી ભાગે ભુખ.
સુગુરાની૦ ॥૩॥

યથા મતિ રૂચિ થકી રે, જેવી સંગત થાય.
તન્મય વૃત્તિ ફેરથી રે, શુદ્ધ જ્ઞાન ન ગ્રહાય.
સુગુરાની૦ ॥૪॥

દુર્લભ દેવ આરાધના રે, દુર્લભ સદ્ગુરૂ સેવ,
સદ્ગુરૂ સેવન ભક્તિથી રે, પામો અમૃતમેવ.
સુગુરાની૦ ॥૫॥

જેની જેવી યોગ્યતા રે, તેવા આપે બોધ,
બુદ્ધિસાગર સેવીએ રે, સદ્ગુરૂની કરી શોધ.
સુગુરાની૦ ॥૫॥

આ મુજબ ત્રીશમા પદની રચના કરી, સદ્ગુરૂ કહે છે કે, પ્રથમ સદ્ગુરૂને જાણવાની જીજ્ઞાસા હોય તો, કંચન કામિનીના ત્યાગી અને પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય,વાયુકાય, વનસ્પતિકાય, તથા ત્રસકાયની રક્ષા કરનાર, જયણામાં પ્રેમ રાખનાર, એવા સદ્ગુરૂને શોધી, તેમની સંગત કરવાપૂર્વક, તેમના વચનામૃતનું પાન કરી, હૈયામાં પચાવો. કે જેથી, આત્માના ગુણોની ઓળખાણ થાય. કારણ કે, ઉપર દર્શાવેલ છ કાયમાં પણ આત્મા અવશ્ય રહેલો જ છે. છકાયની રક્ષણ કરનારની જ્યાં રીતસર ઓળખાણ થઈ કે, તુરત તેવા સદ્ગુરૂમાં આદર, માન, પ્રીતિ જાગ્રત થશે. અને તેમણે વર્ષાવેલ અમૃતરસ, શાંત રસને ઝીલી શકાશે. અને તેનું પાન કરતાં દુર્ગુણ, દોષો ટળતા જશે. તેથી સદ્ગુણોને આવવાનો અવકાશ મળશે. એટલે સદ્ગુણો સ્વયમેવ હાજર થશે. જે છકાયનું, પૃથ્વીકાય વિગેરેનું રક્ષણ કરવાની જેને ભાવના પણ નથી તેઓની સોબતમાં જો પડશો તો, આત્મા તથા તેના ગુણોની ઓળખાણ થશે નહિ. કારણ કે, જેઓએ જગતમાં રહેલા, સચરાચર પ્રાણીઓમાં રહેલા આત્માને જાણ્યો નહિ, અને જયણા રાખી નહિ, તેઓ આત્મજ્ઞાનની ઓળખાણ કેવી રીતે આપી શકશે? નહિ આપે. માટે સદ્ગુરૂ કહે છે કે, સુગુરૂ કોને કહેવાય તેની રીતસર ઓળખાણ કરી, તેમની સોબત કરો. અને તેમના વચનામૃતનું પાન કરો, છકાયમાં રહેલા આત્માને જાણનાર પોતાના આત્માને ઓળખવા સમર્થ બને છે. અને તે

સદ્‌ગુરૂ, સારી રીતે જાણે છે કે, જેમ આધિ વ્યાધિ, પીડા વિગેરે આપણને પસંદ નથી. તે પ્રમાણે પૃથ્વી વિગેરે સચરાચર પ્રાણીઓને પણ અપાતી પીડાઓ, ક્યાંથી પસંદ પડે? ન પડે. માટે સર્વ સંકટો, વિડંબનાઓથી મુક્ત થવું હોય તો, છકાયનું રક્ષણ પોતાના આત્માનું રક્ષણ કરો છો તેમ રક્ષણ કરો. જો તેમનું એટલે છકાયનું રક્ષણ કરશો તો, તે પ્રાણીઓ પણ, ભવાન્તરોમાં તમારૂ રક્ષણ કરશે. તથા સહારો આપશે. નહિતર જેવું વર્તન, તે પ્રાણીઓ ઉપર રાખશો. તેવું વર્તન તમારા ઉપર તેઓ રાખશે. માટે સદ્‌ગુરૂની વાણી સાંભળી, દયા, દાન અને દમાદિને ધારણ કરી અગર કામ, ક્રોધ, મદ, માયા, અદેખાઈનો ત્યાગ કરીને, દરેક પ્રાણીઓમાં ચેતના, આત્મા રહેલ છે. તે બરોબર જાણો. એટલે દોષોનો ત્યાગ થવાથી, જે પોતાના સહજગુણો છે. તેનો પ્રગટ ભાવ થશે. પાર્શ્વમણિના સંગથી, સ્પર્શથી શું લોહ સુવર્ણ નથી બનતું? જરૂર બને છે. પરંતુ નામથી હોય, પણ ગુણોથી હોય નહિ. ત્યાં સુવર્ણ ક્યાંથી બને. આ દાખલો એકદેશીય છે. તે પાર્શ્વમણિ, લોહને સોનું બનાવે છે. પણ પોતાના સમાન કરવા સમર્થ નથી. પણ સદ્‌ગુરૂ તો, સ્વસમાન બનાવે છે. એટલું જ નહિ પરંતુ પરમાત્મા સમાન બનાવી, અનંત શુદ્ધિના સ્વામી બનાવે છે. જડ જેવાને ચેતન, મૂર્તિમંત બનાવે છે. એટલે પાર્શ્વમણિ કરતાં સદ્‌ગુરૂનો મહિમા અપરંપાર છે.

એક વ્રતધારી શેઠને કમલ નામે દીકરો હતો. તે શેઠને

ઘણો પ્રિયતમ હોવાથી શેઠે તેને બહુ લાડવડે મોટો કર્યો. જે મનગમતું માગે તે તેને અર્પણ કરતા. આ પુત્ર યુવાન થયો. પણ, કુસંગી બનેલ હોવાથી, ધનને ઉન્માર્ગે વેડફી નાખીને, પાછો ખુશી થતો. ઉન્માર્ગે ચઢેલા પુત્રના આચરણ નિહાળી તેના માતપિતા અફસોસ કરવા લાગ્યા કે, જેમ જેમ માગ્યા મુજબ આપીયે છીએ. તેમ તેમ આ તો ઉલ્લંઠ બને છે. સદાચારની, પરોપકાર વિગેરેની વાત સાંભળતા જ નારાજ બનીને આઘો ખસી જાય છે. હવે આને કેવી રીતે સન્માર્ગે વાળવો. ! પંચમહાવ્રતધારી મુનિરાજોને દેખી, ભેંસની માફક ભડકે છે. કદાચ પરાણે લઈ જઈએ તો, તેમના ચેડા કાઢી હાંસી કરે છે. એક વખતે, પંચ મહાવ્રતધારી મુનિવર્યની પાસે તેને બલાત્કારથી લઇ જવામાં આવ્યો. મુનિરાજ પાસે બેઠો તો ખરો. અને ધર્મદેશના પણ સાંભળી. પછી મુનિરાજે કહ્યું કે, અરે તેં શું સાંભળ્યું ! તેણે કહ્યું કે, તમે કહ્યું તે સાંભળેલ નથી. પણ આ દરમાંથી નીકળતી કીડીઓને દેખી, તેની ગણત્રી કરી છે. પાંચસો નીકળી હશે. આમ કહી હસવા લાગ્યો. મુનિરાજે વિચાર કર્યો કે, ઉપદેશનો આ અધિકારી નથી. તેમ માની તેની ઉપેક્ષા કરી. ઘરમાં આવી તેના પિતાએ ઘણો ઠપકો આપ્યો કે, અરે મૂર્ખ ! તેમની હાંસી કરાય? તેણે કહ્યું કે, તેમનો ઉપદેશ મને પસંદ પડતો નથી. શેઠ ચિન્તાતુર બન્યા કે, હવે કેવી રીતે સુધરે ! અમારૂં કથન તો માનતો નથી. મુનિરાજની પાસે લઇ જઈએ ત્યારે, તેમની હાંસી, મશ્કરી કરે છે. ભલે,

આમ કરતાં કોઈ ઉપદેશ આપનાર આચાર્ય આવી મળશે. ત્યારે સુધરશે. ઉપાશ્રયમાં તો આવે છે ને ? પુનઃ એક બીજા મુનિરાજ સંયમના ધારક તે ગામમાં આવ્યા. તેમની પાસે તે પુત્રને લઈ ગયા. દેશના સાંભળી. પૃચ્છા કરી કે, તને ઉપદેશ રૂચિકર થયો ! ત્યારે તેણે કહ્યું કે, મેં ઉપદેશ સાંભળ્યો નથી. પણ તમારા ગળાને જોઈને, ગળાના જોરથી હાલતી કાકડી, કેટલીવાર ઉંચી નીચી થતી હતી તેની ગણત્રી કરી છે. આમ કહી, ઠેકડી કરવા લાગ્યો. આ મુજબ ઉપાશ્રયે આવીને પણ હાંસી કરતો. પરંતુ ગમ્મત પડવાથી દરરોજ ઉપાશ્રયમાં આવતો. એક વખતે, એક આચાર્ય, ઉપદેશ આપવામાં ઘણા કુશળ હતા. તેમની પાસે આ ભાઈસાહેબ આવ્યા. શેઠે આચાર્યને કહ્યું કે, આ મારો પુત્ર ઉદ્ધંઠ છે. કદાચ ઠેકડી કરે તો ઉપેક્ષા કરશો નહિ. આચાર્ય જાણી ગયા કે, કોઈ પણ રીતે પ્રથમ તેને મનગમતો ઉપદેશ આપીને સન્માર્ગે વાળવો. આચાર્ય મહારાજે સંસારમાં કેવા કેવા માણસો છે. અને કર્મોદયથી કેવો કેવો નાચ કરી રહેલ છે. તેનું વર્ણન કરતાં, નારીઓ ચાર પ્રકારની છે. પદ્મિની, હસ્તિની, ચિત્રણી અને શંખણી. તેમજ તેમના આચાર વિચાર વિગેરે કેવા હોય તેની વ્યાખ્યા કરી રહેલા છે. આ વ્યાખ્યા, આ ભાઈસાહેબને ઘણી પસંદ પડી. અને મનમાં આદરભાવ વધ્યો.. હવે આ પુત્ર દરરોજ વ્યાખ્યાન સાંભળવા સૌથી પ્રથમ હાજર થતો. આચાર્ય મહારાજ દરેક રસનું પોષણ કરતા હોવાથી, આ ભાઈ ઘણા ખુશી થતા. જ્યાંસુધી આચાર્ય અહિં

રહ્યા ત્યાંસુધી બરોબર ધ્યાન રાખીને તેમને તેણે સાંભળ્યા. વિહાર કરતી વેલાયે વળાવવા પણ આવ્યો. સમ્યગ્જ્ઞાની ગુરૂદેવે કહ્યું કે, અલ્યા કમલ ? તેં ઘણીવાર વ્યાખ્યાન શ્રવણ કર્યું. માટે કોઈ એક નિયમ લે, તો ઠીક થાય ? તને પસંદ પડે એવો ? આચાર્ય મહારાજ ? રાત્રી ભોજન, કંદમૂલ ન ખાવાનો નિયમ મારાથી પાળી શકાશે નહિ. માટે આ વાત મૂકી દો. ગુરૂદેવે પુનઃ કહ્યું કે, તારાથી પાળી શકાય એવો નિયમ લે ? તેમની પણ ગમ્મત કરતાં કહ્યું કે, આવો નિયમ આપો તો પાલી શકાય. અમારી પડોશમાં રામલો કુંભાર વસે છે. તેના માથાની ટાલ દેખીને ખાવું. આવો નિયમ આપો. આચાર્ય મહારાજે ભવિષ્યનો લાભ દેખી, તે નિયમ તેને આપ્યો અને કહ્યું કે, બરોબર આ નિયમ પણ પાલી શકાશે ને ? વાહ શા માટે નહિ ? જરૂર પાલન કરીશ. તેમજ તેની ટાલ દેખવા પૂર્વક ટપલી મારીને ખાઇશ. પછી કાંઈ ? ગુરૂમહારાજ મનમાં હસ્યા. મારા બેટાએ અહિંઆ પણ ગમ્મત કરી. ઠીક છે. તેમણે અન્યત્ર વિહાર કર્યો. આ ભાઈસાહેબને રામલા કુંભારની ટાલ દેખી, ટપલી મારવામાં મજા પડી. તેથી તેની ટાલને દેખ્યા વિના ખાતો નથી. આ પ્રમાણે બે ત્રણ મહિના લગભગ મજા પડી. પણ એક દિવસ એવો સુંદર આવ્યો કે, આ કુંભાર માટી લેવા વહેલો માટીખાણે ગએલ છે. અને આ ભાઇને ભૂખ લાગી છે. કુંભારના ઘેર જઇને તેની બાયડીને પુછયું કે, રામલો કયાં ગયો ! આજે દેખાતો

નથી. મારા નિયમ મુજબ તેની ટાલ દેખી ટપલી માર્યા વિના હું જમતો નથી. માટે કહે. કયાં ગયો છે ? તેણીએ કહ્યું કે, માટી લેવા માટી ખાણે ગએલ છે. હવે માટી ખોદતાં આ કુંભારે નિધાન દેખ્યું. તેમાં લાખો સોનામહોરો હોવાથી, તે નિધાન એકદમ કાઢી શકાતું નથી. તેથી પ્રયાસ કરી રહેલ છે. તેવામાં આ ભાઈ સાહેબ દોડતા આવ્યા. અને બહાર દેખાતી ટાલમાં ટપલી મારી કહેવા લાગ્યા કે, "**દેખી દેખી**" આમ બોલી ચાલવા માંડે છે. તેવામાં કુંભારે કહ્યું કે, અર્ધી તારી અને અડધી મારી. કોઈને પણ આ સોનામહોરોની વાત કહીશ નહિ. સોનામહોરોની વાત સાંભળી, ભાઈ ઉભા રહ્યા. અને તપાસ કરી તો, સોનામહોરો દેખી. રામલાએ અર્ધી આપી. તે લઈને મલકાતો સ્વઘેર આવ્યો. અને વિચાર કરવા લાગ્યો કે, ગુરૂમહારાજ પાસેથી એક ગમ્મત કરવા ખાતર આખી બાધા લીધી, તો સોનામહોરો મળી. તો પછી અધિક નિયમો તેમના કહ્યા મુજબ ગ્રહણ કરીશ તો ભવની ભૂખ ભાગવા પૂર્વક અનંત રીદ્ધિ, સિદ્ધિ વિગેરે જરૂર મળી રહેશે. આમ વિચારી પોતાના પિતાને સોનામહોરો દેખાડી. પ્રસન્ન થઈ પિતાએ કહ્યું કે, આવો સામાન્ય મનપસંદ નિયમ તેં લીધો તો લાભ થયો. અધિક નિયમબદ્ધ બનીશ તો વાણી અગોચર લાભ થાય, તેમાં શું આશ્ચર્ય ? તું પોતે સુખી થઈશ. અને અમોને તથા તારા વિચારો અને આચારોને દેખી ત્હારા પરિવારને પણ અસર થશે. તેથી તેઓ પણ

નિયમબદ્ધ બનશે. નિયમ વિનાના માનવીઓ તથા દેવો, ભલે પછી શ્રીમાન્ હોય, તો પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિકના યોગે, સદ્ગતિને પામતા નથી. વિવિધ વ્યાધિઓમાં ફસાઈ અતીવ દુઃખોના ભોકતા બને છે. માટે સંસાર સાગરમાંથી પાર ઉતારનાર, સર્વ સંકટોને હઠાવનાર, સદ્ગુરૂદેવ છે. માટે તેમના ઉપદેશ મુજબ નિયમોને લઈ સન્માર્ગે આરૂઢ થા. સામાન્ય નિયમથી લાભ થએલ જાણી, પિતાના વચનો પસંદ પડયા. અને તે નિયમદાતા સદ્ગુરૂને શોધી, તેમને પગે પડી, નમ્રતા પૂર્વક કહેવા લાગ્યો કે, હે ગુરૂદેવ ? તમે જે નિયમ આપ્યો હતો. તેથી ઘણો લાભ થએલ છે. માટે બીજા નિયમ આપી મને સુખી બનાવો. સદ્ગુરૂએ કહ્યું કે, તને જે ધન મળ્યું છે. તે સાથે આવશે નહિ. પરભવ જતાં તે અહિંઆં જ પડી રહેવાનું. અમો તને એવા નિયમો આપીએ કે જેના યોગે આ ભવમાં અને પરલોકમાં તે વસ્તુ સાથે આવે. જેથી અનંત રીદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિને અર્પણ કરનાર એવી વસ્તુની ઓળખાણ કરાવું. ઓળખાણ થયા પછી તેનો બરોબર આદર કરીશ તો, સર્વ સંકટો દૂર ભાગશે. અને અનંત સુખોનો ભોકતા થઈશ. ગુરૂ મહારાજ ? એવી અનંત વસ્તુની ઓળખાણ કરાવો, કે જેથી, તેની બરાબર આરાધના કરી સર્વદા સુખી થાઉં. સમ્યગ્જ્ઞાનીએ, તેનો ભાવ જાણી ઉપદેશ આપ્યો કે, અરે ભાગ્યશાળી ? પ્રથમ જીનેશ્વરે કહેલા જે તત્ત્વો છે તેઓના ઉપર શ્રદ્ધા રાખી

તથા તેનું સમ્યગ્જ્ઞાન મેળવી આત્માને ઓળખી તેમાં લયલીન થા. જેથી ભવોભવના દુઃખો ટળશે. અને અનુક્રમે અનંત સુખ સમૃદ્ધિ અને શુદ્ધિનો સ્વામી બનીશ. તેને માટે સમક્તિ સાથે વ્રતોને ધારણ કર. તે જ એના સુંદર સાધનો છે. આ મુજબ સાંભળી શ્રદ્ધાપૂર્વક જે બાર વ્રતો છે તેનો સ્વીકાર કર્યો. તેના યોગે સંયમની આરાધના કરી, અલ્પભવોમાં સર્વ દુઃખોથી મુક્ત બનશે. આ મુજબ સદ્ગુરૂની સંગતિ કયો લાભ આપતી નથી ? સર્વ પીડાનો ત્યાગ કરાવી, વિષય કષાયોના વિચારો અને વિકારોને હઠાવી, અનુક્રમે જન્મ, જરા અને મરણની વિપત્તિઓને દૂર કરાવે છે. માટે આત્મજ્ઞાની સદ્ગુરૂની સોબતનો ત્યાગ કરવો નહિ. તેમના ઉપદેશ મુજબ શક્ય આચરણ કરવામાં આળસ કરવી નહિ. **“ઇયળ ભમરીના સંગથી ભમરી-પદ પામે છે.”** તે મુજબ બાહ્યાત્મા, સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ પામી, હૈયામાં પચાવી, અન્તરાત્મા બને છે. અન્તરાત્માનો લાભ મળ્યા પછી પરમપદ પ્રાપ્ત કરવાની શક્તિ પ્રગટે છે. અને જે દોષો છે, તેઓને દૂર કરવા ભાવના જાગતા દૂર કરી શકાય છે. એટલે દોષો ટળવા માંડે છે. તેથી સુખની ભ્રમણાએ કરેલી દોડધામ, કરેલો પ્રયાસ, મહેનત, મંદ પડતાં સત્ય સુખની અભિલાષા હાજર થાય છે. અને તે અભિલાષા સાચી હોવાથી, આત્માના ગુણોની ઝાંખી થાય છે. તે ગુણોને મેળવવા માટે વિષય કષાયના વિચારો પણ વિષ જેવા લાગે છે. એટલે તે

વિકલ્પો ખસી જવાથી, જે દબાણ આવ્યું છે. તે રહેતું નથી. પછી સ્વયમેવ આત્મતત્વનો પ્રાદુર્ભાવ થતો રહે છે. માટે સુખના અર્થીઓ અને સંસારમાં રંગીલા બનેલ ભવ્યો ? સાન્ત એવા સંસારના સુખમાં મુગ્ધ બનો નહિ. અને બાહ્યાત્માને પણ સુખશાંતિ આપવા અન્તરાત્મા બનો. એટલે આત્માના ગુણ પર્યાયોને ઓળખી, બે ઘડી પણ સમતામાં રહેવા માટે વખત કાઢો તો, જરૂર સમત્વનો લાભ આવી મળશે. આ મુજબ સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે, અનંત ભવોમાં, અનંતી વાર સંસારના સુખ તેમજ દુઃખમાં કયાં કયાં સુધી અટવાયા કરશો ? સુખ ભોગવતાં દુઃખ આવી હાજર થવાનું જ. ભ્રમણાના યોગે સાચા સુખની તમોને કંઈ પડી જ નથી. અને તમે જે નિર્ભેળ, સત્ય સુખને ચાહો છો. જે આવેલું ખસે નહિ. ઓછું મળે નહિ. તે કેવી રીતે પ્રાપ્ત થશે. માટે વિયોગવાળા, વિષય સુખની ઇચ્છાની પ્રવૃત્તિ બંધ કરી, આત્માના ગુણોના અર્થીઓ બનો.

નંદીષેણના માતપિતા મરણ પામેલ છે. એકલો ટીચાય છે. અને અટવાય છે. તેના મામાએ રખડતો દેખી, પોતાને ઘેર લાવી, ઘરના કામકાજમાં જોડયો. કામકાજ એટલું બધું છે કે, સાંજરે થાકી લોથપોથ જેવો થાય છે. ત્યાંથી નાશી જવા માટે લાગ શોધે છે. તેના મામાને ખબર પડી. તેથી કહ્યું કે, તું નિરાશ બનીશ નહિ. તને એક કન્યા પરણાવીશ. અને ઘર માંડવા માટે

સાધનો આપીશ. પછી તું સુખી થઇશ. માટે હમણાં ઘરમાં રહીને સઘળા કામો કર. આવી લાલચ મળવાથી અવિરતપણે ઘરના કામો કરવા લાગ્યો. કન્યાના કોડમાં મહેનત કરી પોતાની કેડ ભાગી નાંખે છે. પણ નંદીષેણ કદરૂપો હોવાથી કોઈ પણ કન્યા તેને પસંદ કરતી નથી. ત્યારે તે નિરાશ બને છે. તેનો મામો ઉત્સાહ વધારી કહે છે કે, નિરાશ બનીશ નહિ. નિરાશ બનીને ચિન્તાતુર થા નહિ. કોઈ પણ કામમાં ઉતાવળ કરવાથી કામ સધાતું નથી. હું કન્યાઓને સમજાવીશ. આ મુજબ શ્રવણ કરી આશા પાસમાં બંધાએલ તે પુનઃ તનતોડ ઘરનું કામ કરવા લાગ્યો. વૈષયિક સુખના અભિલાષીઓ, તે સુખની ભ્રમણામાં એવી મહેનત કરે છે કે, શરીરની પણ તાકાત ગુમાવી બેસે છે. આ ભાઇએ પણ, પાછી કન્યાની આશામાં બે ત્રણ વર્ષો વીતાવી દીધા. પણ સ્વકાર્ય સાધ્ય થયું નહિ. તેથી ચિન્તાતુર બની વલોપાત કરે છે કે, આ મામો, પોતાના ઘરની વેઠ કરાવવા વારેવારે પ્રેરણા કરે છે. મહેનત કરી મરી જાઉં છું પણ, લેશમાત્ર સુખશાતા મળતી નથી. હું કોઈ પણ કન્યાને ઇષ્ટ નથી. માટે આના કરતાં પર્વતના ઉપર ચઢીને આત્મઘાત કરૂં. કે જેથી, આવા કષ્ટમાંથી મુક્ત બનું. આમ વિચારી છાનીરીતે તેના મામાના ઘેરથી નાસી પહાડ ઉપર ચઢ્યો. ત્યાંથી પડવાની તૈયારી કરે છે. તેવામાં, ત્યાં રહેલ આત્મજ્ઞાની મુનિરાજની નજર તેના ઉપર પડી અને તેમણે તેને કહ્યું કે, અરે ભાગ્યશાલી

શા માટે મરવા તૈયાર થએલ છે. મનુષ્યભવ વારે વારે મળવો દુર્લભ છે. મનુષ્ય ભવમાં જે સાધી શકાય છે. તે અન્યભવોમાં સાધી શકાતું નથી. મોહમુગ્ધ બની ભ્રમણામાં ક્યાં પડ્યો છે ! તારા મનમાં એવો વિચાર હતો કે, પર્વત ઉપરથી પડી, મરણ પામું તો, દુઃખથી મુક્ત બનું. અને સુખી થાઉં. પરંતુ આ વિચાર તારો અસત્ય છે. મરણ, આપઘાત કરવાથી કદાપિ કષ્ટો નષ્ટ થતા જ નથી. ઉલ્ટા અધિક પીડાઓ આપે છે. માટે આપઘાતનો વિચાર માંડીવાળી, સંયમની આરાધના કરીશ તો, વિપત્તિ, વેદના, વલોપાત વિગેરે ખસવા માંડશે. અને આ લોક, પરલોકમાં તને સુખશાતા આવી મળશે. નંદીષેણે આ મુજબ સાંભળી, સ્વ વિગત કહેવા માંડી. અરે ભગવન્ ? માતપિતા મરણ પામેલ હોવાથી, બાલપણાથી દુઃખને ભોગવતો. અથડાતો, મોટો થયો ત્યારે, મારા મામાએ મને પોતાના ઘરની મજુરી કરવા તેમને ત્યાં રાખ્યો. આ ઘરે ઢોરઢાંખર ઘણા હતા. પુત્ર પુત્રીનો પરિવાર બહોળા પ્રમાણમાં હતો. તેમની સારસંભાળ તથા ગાયોનું છાણ દૂર કરવામાં મને જોડવામાં આવ્યો. તેથી મને કાંઈ પણ વ્યાવહારિક જ્ઞાન આપ્યું નહિ. કન્યાની લાલચ આપી, લગભગ દશબાર વર્ષો મહેનત કરાવી. છેવટે કંટાળી, આપઘાત કરવો એવો વિચાર કર્યો. અને અત્રે આવ્યો. ભાગ્યયોગે તમારા જેવા ભગવાન્‌નો ભેટો થયો. નજરે ચઢ્યો. સદ્‌ગુરૂએ કહ્યું કે, મરવાની જરૂર નથી. તારૂં કલ્યાણ થાય તે માર્ગ દર્શાવું. ગુરૂમહારાજ

તમો કહેશો તે માર્ગનો સ્વીકાર કરીશ. કોઈ પણ પ્રકારે દુઃખો ટળે અને સુખશાતા પ્રાપ્ત થાય તેવો માર્ગ બતાવો. ત્યારે આત્મજ્ઞાની સદ્‌ગુરૂદેવે કહ્યું કે, મમત્વ અને અહંત્વનો ત્યાગ કરી, સંયમી બની, પંચમહાવ્રતની રીતસર આરાધના કરીશ તો, તારા દુઃખો ટળવા માંડશે. પુન્યબંધની સાથે આત્મવિકાસ થતો રહેશે. જો કે સંયમમાં પ્રથમ સંકટ જેવું લાગશે. પરંતુ ભવિષ્યમાં આત્મોન્નતિ સાથે અનુકુલતા આવી મળશે. દુન્યવી કષ્ટો તો ભવોભવ આત્માએ પરાધીનતાયે પુનઃ પુનઃ ભોગવ્યા. પણ કોઈ પ્રકારની સફલતા મળી નહિ. ઘૃતના કારણે જલ વલોવ્યું. પાણી વલોવવાથી પાપો ખસતા નથી. અને કરેલો પ્રયાસ વૃથા થાય છે.

એક જાંબુડાના ઝાડ ઉપર ભમરો બેઠો છે. તેને જાંબુ માની, પોપટ ખાવા માટે આવ્યો. પણ ભમરાએ એવો ડંખ દીધો કે ગળામાં ઘણી પીડા થવા લાગી. અને પોકારો કરવા લાગ્યો. આ પ્રમાણે અજ્ઞાનતાના યોગે ભૂલા પડેલા પુનઃ પુનઃ પીડાઓના ભોક્તા બને છે. અને આર્તધ્યાન, રૌદ્રધ્યાનના યોગે દુર્ગતિના મહેમાન બને છે. તેના કરતા સંયમીઓને સંયમમાં જો કે એટલું તો કષ્ટ નથી. છતાં તેમાં કષ્ટ માને તો પણ. સ્વાધીનતાયે સહન કરતા હોવાથી, જ્ઞાનની આરાધનાના યોગે, તપ, જપ, વૈયાવૃત્ય, ધર્મધ્યાનમાં સુખશાતા પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને છે. માટે સંયમી બની, સુંદર ભાવના રાખવાપૂર્વક મહાવ્રતોની

આરાધના કર. જેથી પરંપરાએ થોડા ભવમાં પરમપદ પ્રાપ્ત કરીશ. ત્યાં સર્વથા દુઃખોનું નામનિશાન પણ રહેશે નહિ. ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળી નંદીષેણ, સંયમી બની મહાવ્રતોની આરાધનામાં તત્પર થયા. તેમાં એવા તો પરાયણ થયા કે, સૌધર્મ સભામાં ઈન્દ્ર મહારાજે તેની પ્રશંસા કરી. કે, ભરતક્ષેત્રમાં નંદીષેણ મુનિ જેવા ક્ષમાના ધારક અને સંયમના પાલક વિરલ હશે. મુનિવર્યે સંયમ પાલી પરલોક સુધાર્યો. તમો કહો ? કે તે કોના યોગે ? આત્મજ્ઞાની ગુરૂમહારાજના યોગે. એટલે ગુરૂમહારાજની સંગતિ વિના સદ્ગતિ ક્યાંથી મળે ? માટે એવા એવાની સોબતનો ત્યાગ કરી, સદ્ગતિ પ્રાપ્ત કરવા સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી, આનંદમાં રહો. પર વસ્તુઓને પોતાની માની, તેમાં આસક્ત બનશો તો, જરૂર અંતે દુઃખ પામશો. અને પસ્તાવો થશે. જે અજ્ઞાનીઓ દુઃખમાં સુખ માની, આસક્ત બની રહ્યા છે. તેઓને કદાપિ સુખ મળતું નથી. અને દુઃખ દૂર જતું નથી. સ્વપ્નાની સુખલડી કદાપિ ભુખનું દુઃખ દૂર કરવા ક્યાંથી સમર્થ બને ? દુઃખ ભાગી શકે નહિ જ. જેવી જેઓને રૂચિ હોય અને જેવી સંગતિ હોય, તેવા સંસ્કારો પૂર્વક વાસના વળગે છે. અસ્ત થતી નથી. પરંતુ જ્યારે આત્મજ્ઞાની ધ્યાનીની સંગતિ થાય ત્યારે, જે ખરાબ વાસના પડેલી હોય તે, ખસવા માંડે છે. શુભ સંસ્કારો અને શુભ વાસનાઓને આવવાનો અવકાશ લાધે છે. માટે તમે સુગુરૂ હો તો ખરાબ સંસ્કાર, વાસના

પડે નહિ. તે માટે ખાસ ખ્યાલ રાખવાની આવશ્યકતા છે. આ મુજબ સાંભળી, તેમાં આસક્તને ઘણી વિડંબના થએલ હોવાથી, અને થતી હોવાથી, સદ્‌ગુરૂ પાસે જઈને વિનય પૂર્વક પુછે કે, ખરાબ સંસ્કારો અને વાસના, કેવા પ્રકારે ટળે છે! તે દર્શાવો. ગુરૂદેવે કહ્યું કે, અમો તો ઉપદેશ આપીયે. તે અનુસારે વર્તન રાખો તો તે જરૂર ખસવા માંડે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મોએ સદ્‌ગુરૂની ઓળખાણ કરવામાં તમારી આત્મિક તાકાતને દબાવી છે તે ઘાતિક કર્મો વિગેરેને સમ્યગ્‌જ્ઞાન મેળવી, દૂર હઠાવવા બરોબર બલ ફોરવવું પડશે જ. તે કર્મો કયા કારણોથી બંધાએલ છે. અને બંધાય છે. તે કૃપા કરીને કહો, આ મુજબ કર્મોના બંધના હેતુઓને શ્રવણ કરવાની અભિલાષા થઈ. તે પણ, ભાગ્યોદય સમજવો? હવે કર્મબંધના હેતુઓને શાંત ચિત્તે સાંભળ. જ્ઞાનાવરણીય કર્મબંધના કારણો, જ્ઞાન મેળવવાના સાધન તરીકે જે પુસ્તક વિગેરે છે તેનું રક્ષણ કરવું. જેમતેમ રખડતા મૂકવા નહિ. તથા જે સમ્યગ્‌જ્ઞાની છે તેનું બુરૂં ચિન્તવવું નહિ. તેમના ઉપર દ્વેષ રાખવો. તે જ્ઞાનદ્વેષ દ્વારા જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. તે આઠ પડવાળા પાટાને આંખે બાંધવા જેવું છે. માટે સમ્યગ્‌જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે પ્રતિકુલતા કદાપિ ધારણ કરવી નહિ. પણ તેમની સંભાળ રાખવા કાળજી રાખવી. તથા સમ્યગ્‌જ્ઞાનનું નિરૂપણ થતું હોય ત્યારે, પોતાના મનમાં તે તત્ત્વ તરફ, અને ઉપદેશ દાતા પ્રત્યે અને

જ્ઞાનના સાધનો પ્રત્યે, અરૂચિ ધારણ કરવી તે જ્ઞાનપ્રદ્વેષ કહેવાય. તથા કોઈ તત્ત્વજ્ઞાન પુછવા આવે, અગર તેના સાધનોની માગણી કરે ત્યારે, તે જ્ઞાનના સાધનો હોતે અને સમ્યગ્જ્ઞાન હોતે પણ કલુષિત ભાવે એમ કહેવું કે, હું જાણતો નથી. તેમજ મારી પાસે નથી. તે જ્ઞાનનિન્હવ કહેવાય. તથા જ્ઞાનમાત્સર્ય, તે પણ, બંધનું કારણ છે. તે કેવી રીતે! પોતાની પાસે જ્ઞાન હોવા છતાં, યોગ્ય ગ્રાહક લેવા આવ્યો હોય છતાં, નહિ આપવાની કલુષિત વૃત્તિ ધારણ કરવી, તે માત્સર્યે પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. તથા જ્ઞાન ભણુતા હોય તેમને વિઘ્ન કરવું. તે **જ્ઞાનાંતરાય** કહેવાય તથા બીજો કોઇ જ્ઞાન આપતો હોય ત્યારે, વાણીદ્વારા તેમજ હાથની ચેષ્ટાએ, નિષેધ કરવો તે "**જ્ઞાનાસાદન કહેવાય છે**" તથા સાચી વાતને પણ પોતાની બુદ્ધિમાં અયોગ્ય ભાસવાથી તેમાં દોષો ઉભા કરવા તે. તથા નિંદા, હીલના, અવર્ણવાદ બોલવો તે વિગેરેથી જ્ઞાનાવરણીય કર્મો બંધાય છે. તથા "**દર્શનાવરણીય કર્મ શાથી બંધાય તે કહેવામાં આવે છે,**" **ચક્ષુદર્શન, અચક્ષુદર્શન. અવધિ અને કેવલદર્શન.** આ ચાર, દર્શન તરીકે કહેવાય છે. તે દર્શનનાં સાધનોનો નાશ કરવો. અને જીનેશ્વર, સામાન્ય કેવલી અગર આચાર્ય વિગેરે સાધુઓની નિન્દા કરવાથી તથા અવર્ણવાદ અને હીલના કરવાથી બંધાય છે. "**વેદનીય કર્મ, બે ભેદે છે.**" "**શાતાવેદનીય અને અશાતા વેદનીય.**"

તેમાં, શાતાવેદનીયકર્મ બંધાય તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. પ્રાણી માત્ર ઉપર અનુકંપા, વ્રતધારી ઉપર ભક્તિભાવ, ધાર્મિક દ્રષ્ટિએ ક્રોધાદિકને શમાવવા, દેવપૂજા, ગુરૂ સેવા, ભક્તિ, સુપાત્રે દાન, ક્ષમા, સરલતા, નમ્રતા, સંતોષ વિગેરે દેશવિરતિ એટલે બારવ્રતોને ધારણ કરવા તથા અકામ નિર્જરા, અકામ તપ, માનસિક પવિત્રતા, બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી વિગેરેની સેવા, વૈયાવૃત્યથી શાતાવેદનીય કર્મ બંધાય. હવે " **અશાતા વેદનીય** " કયા કારણોથી બંધાય છે તે કહેવામાં આવે છે.

અશાતાવેદનીય કર્મ, બાહ્ય કે આન્તરિક નિમિત્ત કે સંયોગોથી, પીડા, દુઃખ, શોક, સંતાપ, આક્રંદ, વધ તથા સગાંસંબંધીનું મરણ થવાથી, કરૂણાજનક રૂદન કરવું. બીજા પ્રાણીઓને તાડના, તર્જના કરવી. સ્વયં, પોતે જ પોતાનું મસ્તક કુટવું. છાતી કુટવી, ગુરૂની આશાતના, અવજ્ઞા કરવી, જાનવરોને દુઃખી કરવા. વિગેરેથી અશાતાવેદનીય કર્મ બંધાય છે. હવે " **મોહનીય કર્મના બે પ્રકાર છે.** " " **દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય** " તે પૈકી, " **દર્શનાવરણીય કર્મ કયા કારણથી બંધાય તે કહેવાય છે.** " વીતરાગ, શ્રુત, સંઘ, ધર્મ અને સર્વ દેવોના સંબંધમાં અવર્ણવાદ બોલવા. તીવ્ર મિથ્યાપરિણામ, સર્વજ્ઞ, સિદ્ધ અને દેવો નથી એમ કહેવું. ધાર્મિકજનોને દુષણો આપવા. ઉન્માર્ગની પ્રરૂપણા કરવી. અનર્થનો આગ્રહ રાખવો. અસંયતની પૂજા કરવી. અને ગુર્વાદિકનું

અપમાન કરવું. વિગેરેથી દર્શનાવરણીય કર્મ બંધાય છે હવે **"ચારિત્રાવરણીય કર્મોના બંધ કહેવાય છે."** સાધુ, મુનિવર્યોની નિન્દા કરવી. ધર્મ કરનારાઓને વિઘ્નો કરવા. મદ્ય, માંસ, મદિરા, માખણ વિગેરેના વ્રત લીધાં હોય, તેમનું મન ચંચલ કરવું. શંકા ઉત્પન્ન થાય તે માટે વસ્તુઓના ગુણનું વર્ણન કરવું. સંસાર અવસ્થાના ગુણો કહેવા. ચારિત્રને દુષિત કહેવું. શાંત થએલ, કષાય, નોકષાયની ઉદીરણા કરવી. વિગેરે દ્વારા, ચારિત્રાવરણીય કર્મ બંધાય છે. **"હવે નોકષાય મોહનીય કર્મ શાથી બંધાય, તેનું નિરૂપણ કરાય છે."** આ કર્મ, હાસ્ય, ઠઠ્ઠા, મશ્કરી કરવાથી પણ બંધાય. તથા કંદર્પ, કામ ઉત્પન્ન થાય તેવી ચેષ્ટાઓ કરવાથી, મશ્કરી, અસહનશીલતા, બહુપ્રલાપ, દિનવચન, વિગેરે કરવાથી, હાસ્યમોહનીયકર્મ બંધાય છે. **"રતિમોહનીય કર્મ બંધાય તેના કારણો કહેવાય છે."** દેશ, નગર, નાટક, સીનેમા વિગેરે જોવાની ઉત્કંઠા, ઉત્સુકતા, ચિત્રો કાઢવાં, રમવું, ખેલવું, બીજાના મનને, પોતાને સ્વાધીન કરવા યુક્તિઓ કરવી. વ્રતનિયમ આદિ અંકુશોમાં અણગમો રાખવો. વિગેરેથી. **"રતિમોહનીય કર્મ બંધાય છે." "અરતિ નોકષાય કર્મ બંધાવાના કારણો કહેવાય છે."** ઇર્ષ્યા; પાપશીલતા, બીજાના સુખનો નાશ કરવો. અનાચારોમાં બીજાઓને જોડવા. અથવા પોતે અનાચાર સેવવો. નીચ, હલકાઓની સોબત કરવી. બીજાઓને બેચેની, ચિન્તા ઉત્પન્ન થાય તે મુજબ કહેવું. વિગેરેથી-અરતિમોહનીયકર્મ બંધાય છે.

**"ભય મોહનીયકર્મ બંધાય-તેના કારણો કહેવાય છે."** પોતે ભય ધારણ કરવો. બીજાઓને ભયભીત કરવા. ત્રાસ આપવો. નિર્દયતા રાખવી. આ કારણોથી ભય મોહનીયકર્મ બંધાય છે. **"શોકમોહનીય"** પોતે શોક કરવો. બીજાને શોક, સંતાપાદિ કરાવવો. રૂદન કરવું. વિગેરેથી શોક મોહનીય કર્મ બંધાય છે.

**"જુગુપ્સા કર્મના કારણો કહેવાય છે."** ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલવા. જુગુપ્સા કરવી. સદાચારની નિન્દા કરવી. કલ્યાણકારી ક્રિયાઓ અને કલ્યાણકારી. હિતકારી આચારોની ઘૃણા કરવી. વિગેરેથી જુગુપ્સા મોહનીયકર્મ બંધાય છે.

**"સ્ત્રીવેદના કારણો દર્શાવાય છે."** અદેખાઈ, વિષયોમાં આસક્તિ, અસત્ય બોલવું, વક્રતા અને પરનારીમાં લંપટતા. વિગેરેથી સ્ત્રીવેદ બંધાય છે. **"પુરૂષવેદના કારણો કહેવાય છે."** સ્વનારીમાં સંતોષ, ઈર્ષ્યારહિતતા, મંદ કષાયતા, સરળતા, શીયળનું પાલન કરવું, અને ગુણાનુરાગ, વિગેરેથી પુરૂષવેદ બંધાય છે.

**"નપુંસકવેદના કારણો."** સ્ત્રી, પુરૂષ સંબંધી અનંગ સેવા, કષાય, તીવ્ર વિષયાભિલાષ, સતી સ્ત્રીઓનાં શીયળ ભાંગવા. વિગેરેથી નપુંસક વેદ બંધાય છે **"આયુષ્ય કર્મ બંધના કારણો કહેવાય છે."** તે પૈકી, નારક ગતિ, પંચેન્દ્રિય પ્રાણીનો વધ કરવો; ઘણો આરંભ, ઘણો

પરિગ્રહ, નિર્દયતા, માંસ, મદિરાનું ભક્ષણ. લાંબોકાળ વૈર વિરોધ રાખવો, રૌદ્રધ્યાન, મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાય, કૃષ્ણ, નીલ, કાપોત, લેશ્યાના પરિણામો, અસત્ય બોલવું, ચોરી કરવી, પુનઃપુનઃ મૈથુન સેવન. અને ઇન્દ્રિયોની પરાધીનતાથી નરકગતિ બંધાય છે.

**"તિર્યંચગતિ"** ઉન્માર્ગનો ઉપદેશ દેવો, ધર્મ માર્ગનો નાશ કરવો. ચિત્ત, મનની મૂઢતા, આર્તધ્યાન, પાપો કરીને છુપાવવું, આરંભ, વ્રતમાં અતિચાર લગાડવા. અપ્રત્યાખ્યાનીય કષાય, નીલ, કાપોત લેશ્યાનો પરિણામ, માયા, છળ, પ્રપંચ વિગેરે કરવાથી તિર્યંચગતિનો બંધ પડે છે. માટે તેના કારણોનો ત્યાગ કરવો.

**"મનુષ્યગતિના બંધના કારણો કહેવાય છે."** અલ્પારંભ, અલ્પપરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા, સરળતા, ધર્મધ્યાનમાં પ્રીતિ, સંવિભાગ કરવાપણું, દેવગુરુનું પૂજન, સજ્જનોને સન્માન આપવું, પ્રિય, હિતકર વાતો કહેવી. સુંદર બુદ્ધિ, લોકના સમુદાયમાં મધ્યસ્થતા, પ્રત્યાખ્યાનીય કષાય, કાપોત, પીત, લેશ્યાનો પરિણામ વિગેરે કારણોથી મનુષ્યગતિનો બંધ પડે છે. **"દેવગતિનો બંધ કહેવાય છે."** સરાગસંયમ, દેશવિરતિ; અકામનિર્જરા, ઉત્તમ મનુષ્યોની સોબત, ધર્મશ્રવણ, સુપાત્ર દાન, તપસ્યા, શ્રદ્ધા, રત્નત્રયીની આરાધના, મરણ વેલાયે, પીત, પદ્મ, લેશ્યાનો પરિણામ, બાલતપ, શુભપરિણામથી અગ્નિમાં બળવું, ગળે ફાંસો કે પાણીમાં પડીને મરણ પામવું, અવ્યક્ત સામાયિક,

વિગેરેથી દેવગતિનો બંધ થાય છે. માટે આ સદ્ગતિ કહેવાય છે.

**" નામકર્મના બંધના કારણો કહેવાય છે. "** અશુભનામ કર્મ, મન, વચન અને કાયાનું વક્રપણું, બીજાઓને કળાઓ કરીને છેતરવા, માયા પ્રયોગ કરવો, મિથ્યાત્વ, પૈશુન્ય, ચલચિત્તતા, વેચવાની વસ્તુઓમાં ભેળસેળ કરવો, જુઠી સાક્ષી પૂરવી, બીજાઓના અંગોપાંગ કાપવા, યંત્રો વિગેરે બંધાવવા, કૂડા તોલ, કૂડા માપ બનાવવાં, બીજાઓની નિન્દા કરવી, પોતાની પ્રશંસા કરવી, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, આરંભ, પરિગ્રહ, વધારવો. કઠોર, અસત્ય વચનો બોલવાં. વાચાલતા, આક્રોશ, પરના સૌભાગ્યનો નાશ કરવો, કાર્મણ કરવા, કુતુહલ, પરની હાંસી, વિડંબના કરવી, વેશ્યા વિગેરે નીચ નારીઓનું પોષણ કરવું, વન, મકાનો સળગાવવાં. દેવ વિગેરેના બહાનાથી તેઓની વસ્તુઓનો પોતે ઉપભોગ કરવો. તીવ્રકષાય, ચૈત્યમાં આશ્રય કરવો, પ્રતિમાઓ વિગેરેનો નાશ કરવો. અંગારા પાડવા, અગર પડાવવા. વિગેરેથી અશુભ નામકર્મ બંધાય છે. હવે **" શુભનામ કર્મના બંધના કારણો કહેવાય છે "** અશુભ નામકર્મના કારણોથી ઉલટી રીતે વર્તવું, સંસારથી ભય પામવો, પ્રમાદ ઓછો કરવો. સદ્ભાવનો ત્યાગ કરવો નહિ. સદા સારી ભાવના ભાવવી. ક્ષમા, સરલતા, સંતોષાદિ સદ્ગુણોની વૃદ્ધિ કરવી. સજ્જન, મુનિવર્યોનું સ્વાગત, સન્માન કરવું.

વિગેરેથી શુભ નામકર્મોનો બંધ થાય છે. હવે **" તીર્થંકર નામકર્મના બંધના કારણો બતાવાય છે."** " અરિહંત, સિદ્ધ, ગુરૂ, સ્થવિર, બહુશ્રુત, ગણધર,, ગચ્છ, શ્રુતજ્ઞાન અને તપસ્વીઓની ભક્તિ કરવી. આવશ્યક કર્મ અને શિયળને વિષે પ્રમાદ કરવો નહિ. વિનીતપણું, જ્ઞાનાભ્યાસ, તપસ્યા, ત્યાગ, વારંવાર ધ્યાન, શાસનની પ્રભાવના, સંઘમાં શાંતિ કરવી, સાધુઓની વૈયાવૃત્ય. નવીન જ્ઞાનાભ્યાસ કરવો, વિશુદ્ધ સમ્યક્ત્વ. આ વીસ સ્થાનકોની મન, વચન, કાયાથી સેવના કરવી. તેથી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન થાય છે. **" હવે ગોત્રકર્મના બંધના કારણો બતાવાય છે "** નીચગોત્રના કારણો, બીજાઓની નિન્દા કરવી, અવજ્ઞા, ઉપહાસ, સદ્‌ગુણને લોપવાં, અસત્દોષ કથન, આત્મપ્રશંસા, સાચા, ખોટા સદ્‌ગુણ કહેવા. પોતાના દોષો છુપાવવા. જાતિ વિગેરે આઠનો મદ કરવો. વિગેરેથી નીચગોત્ર બંધાય છે. **" ઉચ્ચગોત્રના બંધના કારણો "** આત્મનિન્દા, ગર્હા કરવી. ગુણીજનોની પ્રશંસા, પોતાના દોષો પ્રગટ કરવા. ગુણોને ગુપ્ત રાખવા. પૂજ્યો પ્રત્યે નમ્રતા, મન, વચન અને કાયાથી વિનય, સેવાભક્તિ કરવી. તેમની આજ્ઞાનું શકય તેટલું પાલન કરવું. વિગેરેથી ઉચ્ચગોત્રનો બંધ થાય છે. **" હવે અંતરાયકર્મના બંધના કારણો બતાવાય છે "** તે આ મુજબ છે. કોઈને દાન દેતા રોકવા. ભોગવટામાં ઉપભોગમાં વિઘ્નો ઉભા કરી રોકવા. શક્તિ ફોરવવામાં રોકવા. છતી શક્તિએ દાન દેવું નહિ. ઈષ્ટ ધનાદિ વસ્તુઓની

પ્રાપ્તિમાં ન્યાય, નીતિ સાચવવી નહિ. ભોગોપભોગમાં અતિ આસક્તિ રાખવી. ધાર્મિક કાર્યોમાં બલ હોતે છતે પણ છુપાવવું. વિગેરેથી અંતરાયકર્મ બંધાય છે. માટે આવા આઠ કર્મોનો શક્ય તેટલો ત્યાગ કરવાથી આત્મશિયળ, સ્વભાવનો આવિર્ભાવ થતો રહે છે. આ મુજબ અઢાર પાપસ્થાનકો દ્વારા, આઠ કર્મો બંધાય છે. તેનો ત્યાગ કરવાની ટેવ પાડવી. જો આવી ઉમદા ટેવ પડી તો સમજી લેવું કે, આત્મોન્નતિ સમીપમાં જ છે. અને જો ત્યાગ કરશો નહિ તો, કર્મોના બંધનોથી બંધાવાનો વખત આવી વળગશે. માટે સદ્ગુરૂની સેવા ભક્તિ કરવાપૂર્વક કર્મોનો ત્યાગ થાય તે મુજબ વર્તો. જો કે, સુદેવની અને સુગુરૂની સેવાભક્તિ દુર્લભ છે છતાં તે ભાગ્યોદયે મળી આવે છે. સદ્ગુરૂની સેવા, ભક્તિ અને આજ્ઞા પાલનમાં અનુક્રમે અમૃતની પ્રાપ્તિ થાય છે. બીજે સ્થલે અમૃતને શોધવા પ્રયાસ કરશો તો, તે પ્રયાસ ફોગટ જશે. અથડાવું પડશે. માટે સદ્ગુરૂની શોધ કરી, તેમની પાસે રહેલ અમૃતને મેળવો. અમૃત પામ્યા પછી, ભવરોગ, માનસિક, વાચિક અને કાયિકરોગ, શોક, સંતાપ, વલોપાત વિગેરે ખસવા માંડશે. એટલે આધિ, વ્યાધિ, ઉપાધિ, જે પુનઃ પુનઃ પીડા ઉત્પન્ન કરે છે. તે અનુક્રમે ટળી જશે. આમ સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ભવ્યોને પ્રતિબોધે છે કે, સંસારના સંતાપમાં કયાં ઝુકી પડો છો? સહજ પ્રતિકુલતા થતાં, એવા કટુક વચનો બોલો છો કે, બીજાઓને આઘાત થાય.

આ મુજબ ફેંકે રાખવામાં અમૃત ક્યાંથી મળે? માટે પ્રથમ આઘાત અને પીડાજનક બને તેવા, વચનો બોલવામાં ખાસ ખ્યાલ રાખવાની જરૂર છે. હિતકર વચનો વદવામાં અમૃત આવીને વસે છે. સાથે સાથે મનમાં કોઈનું અહિત ચિન્તવવું નહિ. એટલે કાયિક પ્રવૃત્તિઓ શુભ બનશે. પછી સાત ભયના ભણકારા પણ ટળવા માંડશે. એટલે આલોક, પરલોકાદિનો ભય રહેશે નહિ. જેઓએ માનસિક, વાચિક અને કાયિક વૃત્તિઓ અને પ્રવૃત્તિદ્વારા સદાચારોની આરાધના કરી છે. તે મહાભાગ્યશાળીઓએ અમૃતરસનો આસ્વાદ લીધો છે. અનુભવેલ છે. તેઓને જન્મ, જરા, મરણનો ભય પણ રહેતો નથી. અતએવ આગળ વધતાં, યોગ્યતા પ્રમાણે આત્માના ગુણોની ઓળખાણ થશે. અને આદર થશે. આમ સદ્ગુરૂ ઉપદેશ આપીને, સન્માર્ગે ચઢાવે છે. માટે તેમની સંગતિ કરવામાં આળસ કરો નહિ. હવે એકત્રીશમાં પદમાં જે મનુષ્યો વારેવારે ચિન્તા કરવાથી સંતાપ, દુઃખ ભોગવી રહ્યા છે. તેઓને શીખામણ આપતાં આત્મજ્ઞાની સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી કાવ્યની રચના કરે છે કે,

(અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ)

**સુખ દુઃખ ભોગવવા જીવ પડે,**
**કર્યું દૈવ ક્ષણમાં આવીને અડે,**
**કનક કોટિ પ્રાપ્ત કરવા, કોઇક દ્વીપ સંચરે,**

વહાણમાંહી બેસી જાતાં, અર્ધ પંથમાં મરે.
॥ કર્યું દેવ૦ ૧ ॥
એક પિતાના પુત્ર બેને, જનની સાથે જણે,
એક નિરક્ષર મૂર્ખ રહેવે, જ્ઞાનીજગ એક ભણે.
॥ કર્યું૦ ૨ ॥
લુંબ આંબા કેરી લેવા, કોઇક ઝાડે ચડે,
આયુષ્ય અવધિ આવી હોય તો, પલકમાંહિ પડે.
॥ કર્યું૦ ૩ ॥
થનાર હોય તે થાય જીવડા, શીદને ચિન્તા કરે,
બુદ્ધિસાગર આત્મધ્યાને, વાંછિત કારજ સરે.
॥ કર્યું૦ ૪ ॥

સદ્ગુરૂ ફરમાવે છે કે, અરે ભાગ્યશાલિન્, પ્રથમ ચિન્તાઓ થવાના કારણો જરૂર તપાસવા જોઇએ. તે કારણોની ખબર હોય નહિ તો તને જણાવવામાં આવે છે. સંસારના સુખ ખાતર, એવા નીચ કાર્યો કર્યા કે, પુનઃ પુનઃ હૈયામાં આઘાત પહોંચાડે એવી ચિન્તાઓ થઈ. તેથી હલકા, નીચ કામો કદાપિ કરવા નહિ. તેથી હૈયાને બાળી નાંખનાર ચિન્તા થશે નહિ. શુભ કાર્યોમાં હૃદય દાહક ચિન્તાઓ હોતી નથી. પણ દાહને શાંત કરનાર વિચારો હોય છે. શુભ કાર્યો એટલે સદાચાર, જે પંચાચાર કહેવાય છે. તેની આરાધનામાં જોડાવું જોઇયે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચારની રીતસર આરાધના

કરવાથી હૈયામાં હિંમત આવે છે. અને વાચિક, કાયિક, પ્રવૃત્તિઓ શુભ બને છે. એટલે તેની આરાધના કરનારને દુષ્ટદૈવ કર્મ દૂર ભાગે છે. અને શુભકર્મ બંધાએલ હોવાથી, શુભ સંયોગો આવી મળે છે. માટે જે ખરાબ, દુઃખદાયક ચિન્તાઓ થાય છે. તેના કારણો દર્શાવ્યા. તેમજ સુખદાયીના કારણો જણાવ્યા. સુખદાયી સંસારનું પાલન કરીશ તો, શુભ કર્મો તને નડશે નહિ. કદાચ, પરભવના કર્મોદયથી, એવી ચિન્તાઓ તેમજ સંતાપાદિ થશે. પણ તે વિફલ બનશે. તેનું બલ ચાલશે નહિ. કારણ કે, સદાચારનો, પંચાચારનો એવો પ્રભાવ છે કે, તેને દેખી તે ભાગાભાગી કરે છે. માટે સદ્ગુરૂ કહે છે કે, અરે? શા માટે દુઃખદાયક કલ્પના, ચિન્તા કર્યા કરે છે. તેણીઓને હઠાવવા માટે સદાચારનું પાલન કર. તેથી હૈયામાં હિંમત આવશે. અને ઔર પ્રકારની શક્તિ સ્વયમેવ આવી હાજર થશે. કલ્પના, ચિન્તા કરવી તે, હૈયાની હિંમત હારવા બરોબર છે. શારીરિક શક્તિને પણ આઘાત પહોંચાડવા સમાન છે.

એક માણસ કુંવારો હતો ત્યારે તેને ઘણી ચિન્તા હતી. પણ તે કુંવારાને સંસાર સુખના રસિકોની સોબત થઈ. તેથી તે રસિકો કહેવા લાગ્યા કે, કુંવારાઓના જન્મ વૃથા જાય છે. વિષયસુખનો અનુભવ લેવાતો નથી તો પછી, આત્મિક સુખનો અનુભવ ક્યાંથી આવે! આવે જ નહિ. બીમારી આવતાં કોણ સહકાર આપશે? તેમજ શુભ કાર્યોમાં પણ કોણ સહારો આપશે! કોઈ આપશે નહિ માટે અલ્યા!

લગ્ન કરવું તે હિતકર છે. આ મુજબ સાંભળી, આ ભાઈ સાહેબને પરણવાની તાલાવેલી થઈ. અને કન્યાના રૂપ, રંગ, લટકા, ચટકાઓને જોવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. તે તે કન્યાઓમાં ગુણ કેવા છે. તેની તપાસ કરવાની ઈચ્છા પણ થઈ નહિ. બસ. રૂપાળી કન્યા જોઇએ. પૈસાપાત્ર તો હતો. પણ, માતપિતા નહોતાં. એક રૂપવતી કન્યા સાથે તેણે લગ્ન કર્યું. અને ભોગોપભોગ, વિલાસ કરવા લાગ્યો. રૂપવતી નારીના કહેવાથી એક મોટરગાડી રાખી. તેમજ ચલાવવા માટે ડ્રાઇવર રાખી તેમાં તથા પેટ્રોલમાં ધનવ્યય કરીને પોતે લહેર માણી રહેલ છે. પરંતુ મોટરને પંચર પડતા ચિન્તા થવા લાગી. ચિન્તાને દૂર કરવા મોટર રાખી. પણ તેણીએ ચિન્તા ઉભી કરી. તેમજ પુત્ર, પુત્રી વિગેરેનો પરિવાર વધતા તેના ભરણપોષણની પણ ચિન્તાએ આવી ઘેરો નાંખ્યો. ફક્ત ભરણપોષણની જ ચિન્તા નહોતી. પણ, જ્યારે તે પરિવારમાં કોઇ માંદુ પડે ત્યારે તેની પણ ચિંતા આવીને વળગી. સાથે પોતાના શરીરની તાકાત ઓછી થતાં વ્યાધિ ઉપસ્થિત થઇ. હવે તો ચિન્તાઓનો પાર રહ્યો નહિ. જાવક વધવા લાગી. આવક અલ્પ થઇ. તેમાં વળી સરકાર તરફથી મકાનનો ટેક્સ, તથા આવકનો તેમજ વારસાનો ટેક્સ ભરવાનો આવ્યો. આવક ઓછી થવાથી, ટેક્સો ભરવાની, અને ભરણપોષણ તથા વ્યાધિઓને હઠાવવાની ચિન્તામાં, હવે તે ભાઈ વિચાર કરવા લાગ્યો કે, લગ્ન કર્યું તેથી પરિવાર વધ્યો. પરિવાર વિગેરેએ તો

ચિન્તા, વ્યાધિ ઉભી કરી. શાંતિ માટે આ કામ કર્યાં. પણ સુખશાતા રહી નહિ. હવે શો ઉપાય કરવો ! કે, આ સઘળી વિડંબનાઓ ટળે ! લાવ ? સદ્ગુરૂ પાસે જઇને તેના ઉપાયને પુછું. ગુરૂદેવે કહ્યું કે, અરે મહાનુભાવ ? સંસારના વિલાસોમાં શાંતિ કયાંથી હોય ? સંસારમાં વિવિધ પ્રકારે ચિન્તાઓ, વિકલ્પ, સંકલ્પો થયા કરે છે. સંસાર એટલે કષાય, નોકષાયનું ઘર. એવા મકાનમાં નિવાસ કરીને રહેલા પ્રાણીઓને, સંતાપ, વિપત્તિ વિગેરે આવીને વળગવાની જ. માટે ચિન્તા, સંતાપ વિગેરેને ખસેડવા હોય તો, વ્રત, નિયમ, તપ, જપની આરાધના કરવા પૂર્વક આત્માના ગુણોને ઓળખી તેની આરાધના કર. જેથી વાંછિત વેળા આવશે. અને શાંતિ હાજર થશે. માટે તેમાં મુગ્ધ બનવું નહિ. જેવા જેવા કાર્યો કરાય છે. તેના યોગે તેવા તેવા કર્મો બંધાય છે. અને બંધાએલ કર્મ, વખત આવી મળતાં શુભ, અશુભ ફલ, વિપાક અર્પણ કરે છે. શુભોદયે પણ વ્રત નિયમોને તથા આત્માને ભૂલવાનો નથી જ. નહિતર એ શુભોદય, વિલાસના યોગે વિવિધ વલોપાત પણ કરાવે. જો તપ, જપ વિગેરેની આરાધના હશે તો, પુણ્યના પ્રભાવે, વલોપાતાદિક થશે નહિ. ચિન્તા, શોકાદિ, નામ, રૂપ અને વિલાસ દ્વારા, જરૂર ઉપસ્થિત થાય છે. કોઈ વ્યક્તિને રૂપ પસંદ પડતું. મનોહર રૂપ મળે તો ખુશી થાય છે. તથા કોઈ વ્યક્તિને મનગમતું નામ હોય તો જ આનંદ પડે છે. અન્યથા

ચિન્તા, સંતાપ કરીને હૈયાને બાળી, શારીરિક અને માનસિક તાકાતમાં હાનિ પહોંચાડે છે.

એક કુંવરબાઇ, લગ્ન થયા પછી સાસરે આવી. સાસુ, સસરા, દેરાણી, જેઠાણી, નણંદ વિગેરે તરફથી કોઇ પ્રકારની બાધા નહોતી. પણ પોતાના પતિનું નામ, ઠંઠણપાળ હતું. અને સઘળા તે નામે બોલાવતા. તેથી તેણીને ઘણી ચિન્તા થતી. અને શોક સંતાપ કરીને દુઃખી થતી. અને ચિન્તા કરતી કે, કોઈ નારીના પતિનું નામ જીનદાસ, તથા કોઇ નારીના વરનું નામ રમેશ, ઉરેશ, મહેન્દ્ર, વિગેરે હોય છે. તો પછી આવું ઠંઠણપાળ નામ કેમ પાડ્યું હશે ! સાસુ, સસરાદિકને શરમને લઈ કહી શકાતું નથી. અને હૃદયમાં બળ્યા કરે છે. શરીર સુકાતું દેખી તેના સસરાએ તેની સાસુને કહ્યું કે, પુત્રવધુ કેમ સુકાય છે ! તે ચિન્તાતુર હોય તેમ માલુમ પડે છે. કોઇ તિરસ્કાર, અપમાન વિગેરે કરતું નથી ને ? તેની સાસુએ કહ્યું કે, કોઈ પણ ઉંચા સ્વરે પણ બોલાવતું નથી. મધુરા વચને બોલાવતા પણ, કોણ જાણે કેમ સુકાય છે. અને ચિન્તાતુર બને છે. તેની માલુમ પડતી નથી. ચિન્તા, શોકનું કારણ પુત્રવધુ કહેતી નથી. કહ્યા સિવાય ઉપાય ક્યાંથી થઇ શકે ? આ મુજબ કહીને વહુને પુછે છે કે, તને શી ચિન્તા છે ! તે તો કહે ? પણ શરમથી તે ઉત્તર આપી શકતી નથી. એક દિવસ ઘરના ઓટલે બેસીને, એવા નામની ચિન્તા કરે છે. એવામાં જેનું નામ લક્ષ્મી

છે. તે લાખ વેચવા આવી અને કહ્યું કે, બેન? લાખ લેવી છે! આ સાંભળી નામમાં આસક્તિ ધરનારી કુંવરબાઇએ કહ્યું કે, તારૂ નામ તો લક્ષ્મી છે. છતાં લાખ કેમ વેચે છે! લક્ષ્મીએ કહ્યું કે, નામમાં મુંઝાવું નહિ. નામ સારા સારા હોય, પણ પવિત્રતાદિ સદ્ગુણો હોય નહિ તો, તે નામથી શું કામ સરે! ગુણોમાં પ્રેમ રાખવો ઉચિત છે. સાંભળ? મારૂ નામ લક્ષ્મી છે. છતાં પુણ્ય વિના લાખ વેચીને પેટ ભરવું પડે છે. મારામાં એવી પવિત્રતા પણ નથી કે, પ્રભુ ભજન, વ્રત, નિયમાદિ આચરી શકાય. વળી બેન સાંભળ? નામ હોય છે યોગીદાસ, વનિતાઓ બે રાખે પાસ, નામ હોય છે. સુરજી, જશુ. પણ, આંખે દેખે ન કશું. તથા નામે મીઠા સંગળ પેર, તે બોલી બોલે કડવાં ઝેર. માટે અણગમતું નામ હોય છતાં ચિન્તા, શોક કરવો નહિ. અને આનંદમાં રહેવું. આ મુજબ લક્ષ્મીનું કથન સાંભળી, ચાર આની ચિન્તા ચાલી ગઇ. બીજે દીવસે કુંવરબાઇ ઓટલે બેસી પાછી ચિન્તા કરી રહેલ છે. તેવામાં એક ધનપાલ નામે વણિકે આવીને બે રૂપૈયાની માગણી કરી. બે રૂપિયા આપીને કહ્યું કે, ભાઇ તારૂ નામ શું? ધનપાલ. અરેરે ધનપાલ નામ હોતે તું યાચના કરે છે! દીનતા, હીનતા દાખવે છે! બેન? નામ તો સુંદર છે. પરંતુ નામ મુજબ મારામાં ગુણ નથી. પૂર્વોપાર્જીત ધન, વિષય, વિલાસમાં વેડફી નાંખ્યું. ધન, ધર્મને મેળવવા ધ્યાન દીધું નથી.

તેથી યાચના કરવી પડે છે. આ મુજબ સાંભળી તેણી વિચાર કરવા લાગી કે, નામ તો સારૂ છે. પણ યાચના કરવી પડે છે. માટે નામ ગમે તેવું હોય, પરંતુ જો ગુણો હોય તો જીવન સફલ બને છે. હે ચેતન ? નામમાં આ મુંઝવણ શી ? ગુણો તો મારા પતિમાં છે ને ? આમ સમજી નામની ચિન્તા હતી તે, ઓછી થઈ. ચિન્તા, શોક હવે થતો ન હોવાથી, આનંદમાં દિવસો વ્યતીત થવા લાગ્યા. એ અરસામાં એંશી વર્ષના અમરચંદ, પુત્રપરિવારને મૂકી પરલોકે ગયા. તેથી તેના પરિવાર વિગેરે ઉંચા સ્વરે રડવા લાગ્યા. તે રૂદન સાંભળી કુંવરબાઈ સ્વસાસુને પુછે છે. કે, કોણ મરી ગયું ! તેની સાસુએ કહ્યું. અમરચંદ મરણ પામ્યા. હવે શુભ વિચારમાં આવી, વિચારે છે કે, નામ તો અમરચંદ છે. છતાં મરણ પામ્યા. એટલે નામમાં મોહ પામવા જેવું નથી. સદ્‌ગુણોને જ્ઞાનીઓ ચાહે છે. મેં આટલા દિવસો ચિન્તા કરી તેથી, મને જ પીડા, શોક, દુઃખ આવીને ઉપસ્થિત થયા. માટે ચિન્તા કરવાની જરૂર નથી. આ મુજબ સમજણના ઘરમાં આવવાથી ચિન્તાઓ ચાલી ગઈ. સદ્‌ગુરૂ કહે છે કે, કેટલાક, રૂપ, યૌવનની ચિન્તાઓમાં ફસાયેલા હોય છે. અને કેટલાક, નામમાં મોહ પામે છે. તેથી સમ્યગ્‌દર્શન, જ્ઞાન, વિગેરેથી વિમુખ બની બહુ સંતાપ વિગેરે કરે છે. છતાં તે ચિન્તાઓ ખસતી નથી. પણ તેમાં વધારો થાય છે. ચિન્તાઓને ટાળવી હોય તો, જીનેશ્વરના ગુણોમાં લગની લગાડી,

આત્મિક ગુણોને પ્રાપ્ત કરવા, આત્મભાવના ભાવો. તેથી જરૂર વિકલ્પ, સંકલ્પો પણ ખસવા માંડશે. જે જે કર્મો કર્યાં છે તે વખત આવી લાગતાં નડવાના તો ખરા, પરંતુ જો આત્મા બલીયાન્ બન્યો હશે તો, તે કર્મોનું બલ ચાલશે નહિ. કેટલાક ચિન્તાઓ અને પીડાઓને હઠાવવાનું સાધન, સોનું, રૂપું વિગેરે માનતા હોવાથી, તે ધનાદિકને મેળવવા ખાતર, સમુદ્રમાર્ગે વિવિધ વસ્તુઓ ભરી વહાણને ઝુકાવે છે. અને ગમતાં બંદર ઉપર આવતાં, અર્ધદરિયે તે વહાલું વહાણુ, બૂડે છે. તેથી તેમાં ભરેલી વસ્તુઓ નાશ પામે છે. તે વેળાએ જો તરવાનું સાધન મળે નહિ તો, ચિન્તા કરતાં મરણ પામે છે. ચિન્તા, શોક તેઓનું રક્ષણ કરી શકતા નથી. પણ જો શોક, ચિન્તાઓનો ત્યાગ કરી, તેવા સમયે અરિહંતાદિકનું શરણ સ્વીકારે તો, સદ્ગતિ પ્રાપ્ત કરે. અગર તરવાનું સાધન, મળી આવે. માટે, જ્યારે કર્મજન્ય વિપત્તિઓ આવે ત્યારે શોક, સંતાપાદિકનો ત્યાગ કરી, ધર્મધ્યાનમાં સ્થિર રહેવું તે હિતકર, કલ્યાણકર છે. જે ચિન્તાઓ, શોક, સંતાપ, વિપત્તિઓ આવે તે, કર્મજન્ય સમજી, એવા કર્મોને ટાળવા કોશીશ કરવી. વળી ચિન્તાદિક કરનારને, અન્યદૃષ્ટાંત દ્વારા શીખામણ આપે છે કે, અરે ભાગ્યશાલીઓ ? એક માતપિતાના બે પુત્રો હોય, તેમાં જે ભાગ્યશાલી હોય તે, સારી રીતે આત્મકલ્યાણકારી વિદ્યાઓને પ્રાપ્ત કરી, સત્ય ધનાદિકને મેળવી, આલોક અને પરલોકમાં સુખી થાય છે. અને સદ્ભાગ્યવિહીન એક

પુત્ર, નિરક્ષર, મૂર્ખ રહે છે. ઠોઠ રહે છે. તે પણ, જો પ્રભુનું શરણ સ્વીકારી, ધર્મધ્યાનમાં આરૂઢ થાય તો, ભાગ્યશાલી બને. અને સુખી થાય. પણ ભાગ્યશાલી ભાઇને દેખી, અદેખાઈ ધારણ કરી, ચિન્તા, શોક કરે તો, જીવન ફોગટ ગુમાવે. એમ સમ્યગ્જ્ઞાનીઓનું માનવું છે. સમ્યગ્જ્ઞાનીઓ તો પોકારી પોકારીને કહે છે કે, દુન્યવી ચિન્તાઓનો ત્યાગ કરી, આત્મા, કયા સાધનો, નિમિત્તો દ્વારા વિકાસ પામે, તેની ચિન્તાઓ કરો. કે જેથી, સાંસારિક શોક, સંતાપ વિગેરે પણ ખસવા માંડે. પણ તેઓની શીખામણ માનવી નથી. અને ઇષ્ટ વસ્તુઓ ન મળતાં વલોપાત કરવો છે. તો પછી શાંતિ કેવી રીતે મળે ? મળે નહિ. માનો કે, કોઈ, આંબાના ઉપર રહેલી કેરીઓની લુંબ લેવા ઝાડ ઉપર ચઢે. પણ આયુષ્યની અવધિ, મર્યાદા પૂરી થતાં, તેના ઉપરથી પડીને મરણ પામે. તે વેળાએ ચિન્તાઓ, શોક, કરવાથી શું વળે ? પરંતુ મરણ પહેલાં ચિંતાનો ત્યાગ કરી, નવકારમંત્રનું સ્મરણ કરે તો, સદ્ગતિ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને. માટે કર્મોના ઉદયે, જે થવાનું હોય છે તે થયા કરે છે. તેમાં હર્ષ શોક કરવો નહિ. સંકટ વેળાયે પ્રભુના ગુણોનું સ્મરણ કરવું. તેમજ વિડંબનાઓના વખતે, અરે જીવડાઓ ? શીદને સંતાપ કરો છો. કર્મોને હઠાવવા માટે વિચાર, વિવેક લાવી, આત્મિક ગુણોમાં અનંતસુખ સમાએલ આમ સમજી, રમણતા કરો તો સર્વે ઇચ્છાઓ, આશાઓ

અને તૃષ્ણાઓ વિલય પામશે. અને વાંછિત કાર્યો સરશે. સફલ થશે. આ મુજબ સદ્ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી, સંસારના સુખની ખાતર, ચિન્તા કરનારને ઉપદેશ આપે છે કે, આત્માના ગુણોને ભૂલો નહિ.

વિષય કષાયના વિચારો અને વિકારોમાં ભૂલા પડી ભટકતા મુગ્ધોને હવે બત્રીશમા પદની રચના કરતા ફરમાવે છે કે:—

(સોવે સોવે સારી રેન ગુમાઈ રાગ—પીલુ)

પરઘર ભટકત સુખ ન સ્વામી,
વિનતિ સમજ મુજ અન્તર્યામી,
કાલ અનાદિ ભટકયો વ્હાલમ,
સ્વપ્નામાં પણ સુખ ન દીઠું,
અશુદ્ધ પરિણતિકારજ એ સબ,
ભ્રાન્તિથી મન માને મીઠું. પર૦ ॥૧॥
ઢાળ અનાદિ પડ્યા નવિ છૂટે,
નિર્મલ નિજધન ચોરો લૂંટે,
આત્મિક સહજ સ્વભાવ જો પ્રગટે,
ચેતન શક્તિ સહજ વિખૂરે૦ ॥૨॥
ક્ષાયિક પંચક લબ્ધિ ભોગી,
યોગી પણ જે સહજ અયોગી,
સ્થિતિ સાદિ અનંત વિલાસી,
આવિર્ભાવે શુદ્ધ પ્રકાશી૦ ॥૩॥

ધ્યાતા નિર્મલ ધ્યાન પ્રભાવે,
નિજઘર સાહિબ ક્ષણમાં આવે,
બુદ્ધિસાગર અવસર પાકર,
ધ્યાનાનંદી પદ નિજ ગાવે. ॥૪॥

સદ્‌ગુરૂ, સૂરીશ્વરજી મહારાજ, ઉપદેશ આપે છે કે, તમો પરઘર ભટકો છો તેથી, શુદ્ધ શક્તિ, પરિણતિરૂપી ચેતના, મારી પાસે આવીને કહે છે કે, મારા સ્વામીને આપ મહેરબાની કરી સમજાવો કે, તમે પરઘર પરિભ્રમણ કરી રહેલ છો. તે ચેતનાને બીલકુલ પસંદ નથી. કારણ કે, **"પરઘર ભટકત સુખ ન સ્વામી"** પરઘર કહેતાં, ધર્મધ્યાનનો ત્યાગ કરી, આર્ત, રૌદ્ર ધ્યાનમાં ભટકો છો. પરને, સ્વાર્થ સાધવા ખાતર તેના દુઃખ, સંકટ, સંતાપ વિગેરે સામે જોતાં નથી. પાપારંભો કરી પાપી પેટ, પરિવાર અને પટારાને ભરો છો. તે, ભવિષ્યમાં કરેલા કર્મો, સત્યસુખમાં વારે વારે વિઘ્નો ઉપસ્થિત કરી, સુખને બદલે સંકટો હાજર કરે છે. તથા જે અનાચારોમાં પ્રીતિ છે તેથી, શુદ્ધ ચેતનાને ઘણું દુઃખ થાય છે. માટે પોતાના ઘરમાં, ધર્મ ધ્યાનમાં આવો. આ મુજબ, શુદ્ધચેતના, અમારી પાસે તમોને કહેવરાવે છે. માટે પરઘર ભટકવાનું મુકી દો. શુદ્ધ પરિણતિ, ચેતના ઉપર અમોને પ્રેમ છે. તેથી અમો કહીયે છીએ કે, તમો ચેતનાનું કથન માન્ય કરી, બહાર પરિભ્રમણ કરો નહિ. સ્વઘરને ઓળખવા

માટે આન્તર દ્રષ્ટિને ધારણ કરો. અનાદિકાલથી અરે? વ્હાલા આતમ? આર્તરૌદ્ર ધ્યાનના યોગે, વારે વારે અનંત વિડંબનાઓમાં ફસાઈ પડેલ છો. તેમાં સ્વપ્ને પણ સુખ દીઠું નહિ. કહો? આ મનુષ્યભવમાં પરઘર ભટકવાથી કેવું સુખ મેળવ્યું? ક્યાંસુધી ચેતનાને દુઃખનો અનુભવ કરાવવો છે! ચેતનાના આધારે જ, તમો જીવન ગુજારી શકો છો. જો ચેતના સુખી તો તમે સુખી. ભલે પછી પરઘરમાં મહાલ્યા કરો. પરંતુ અંતે સ્વઘરમાં આવ્યા સિવાય, સુખશાંતિ કદાપિ મળશે નહિ. માટે ચેતનાને શાંતિ આપવી હોય તો; પર પ્રાણીઓ ઉપર કરૂણા લાવી, શક્ય તેટલું રક્ષણ કરવા પ્રયત્નશીલ બનો. પરપ્રાણીઓને સ્વાર્થ ખાતર પીડા ઉત્પન્ન કરશો, અને સંતાપ, કલેશ, કંકાસ, આફતમાં નાંખશો તો, તમોને સુખશાતા પ્રાપ્ત થવી અશક્ય જ છે. અન્ય પ્રાણીઓ તમોને સહારો આપે છે. અને તે આધારે તમોને અનુકુલતા રહેલી છે. તેનું કારણ, તમોએ તેમના ઉપર કરૂણા લાવી રક્ષણ કરેલ છે. તેથી મનગમતી અનુકુલતા મળી છે. તો પછી દયા લાવીને રક્ષણ કરશો નહિ તો, દરેક પ્રસંગે વિઘ્નો હાજર થવાના. પરાધીનતાની બેડીમાં પીડાઓ પામવાના. માટે સુખનો અનુભવ કરવો હોય અને ચેતનાને પણ શાંતિ આપવી સોય તો, શુદ્ધ પરિણુતિ, ચેતનાની સંગતિ કરો.

એક અધિકારીને બે સ્ત્રીઓ હતી. એક છે સુબુદ્ધિ નામે. બીજી છે કુબુદ્ધિ નામે. બન્નેને પરસ્પર બનતું ન

હોવાથી, પુનઃપુનઃ કલહ થતો હોવાથી, તેના પતિએ તે બન્નેને જુદા જુદા ઘરમાં રાખી. જોઇએ તે પ્રમાણે વસ્તુઓ આપી છે. સુબુદ્ધિને વિવેક નામે પુત્ર છે. કુબુદ્ધિ, વંધ્યા છે વાંઝણી હોવાથી પુત્રની ઇચ્છા તો ઘણી છે. પણ ભાગ્ય વિના પુત્ર ક્યાંથી પ્રાપ્ત થાય ? જુદા મકાનમાં રહેલી કુબુદ્ધિ, સુબુદ્ધિ ઉપર ત્રાંસી નજર રાખે છે. સુબુદ્ધિ તેણીના ઉપર કરૂણાપૂર્વક સ્નેહ રાખે છે. હવે કુબુદ્ધિ, સ્વપતિને કબ્જામાં રાખવા માટે ઘણા ઘણા ઉપાયો કરે છે. તેણીના લટકા, ચટકા, મટકાને દેખી આ અધિકારી-પતિ, તેણીના રંગ, રાગ, ચેષ્ટાઓમાં વધારે રાજી થાય છે. સુબુદ્ધિને લટકા, ચટકા, વિગેરે ચેષ્ટાઓ કરવી પસંદ નથી. છતાં સ્વપતિ ઉપર સ્નેહ છે. સત્કાર, સન્માન પોતાને ઘેર આવે ત્યારે કરે છે. અને હિતશિખામણના વાક્યો પણ કહે છે. પરંતુ કુબુદ્ધિમાં રાગ હોવાથી, તે શિખામણો તેને પસંદ પડતી નથી. એકદા રાજા તરફથી એવી આજ્ઞા થઈ કે, તમારે રાજ્યના કામ માટે, અમુક સારા રાજા પાસે જઈને, અમે કહેલી વાટાઘાટ કરવી. આ મુજબ સાંભળી, આ, અધિકારી કુબુદ્ધિને પોતાના ઘરની સાર સંભાળ સોંપીને ગયો. કુબુદ્ધિને, બીલાડીના હાથમાં દુધ આવે તેની માફક આનંદ થયો. મોજમજામાં અને વિલાસમાં ઘરની મિલ્કત ફના કરવા લાગી. અન્ય વ્યભિચારી પુરૂષોને પોષી, વિચાર કરવા લાગી કે, જ્યારે તેઓ આવશે ત્યારે જેમ તેમ સમજાવીને ખુશી કરીશ. સુબુદ્ધિ આ

બધું સમજે છે. અને જાણે છે. પણ તેણીનું જોર ચાલતું નથી. અને હૈયામાં બળ્યા કરે છે. અધિકારીને પોતાને ઘેર આવતા વિલંબ થયો. તે અરસામાં તો, જેટલી સંપત્તિ હતી તેટલી ઉડાવી દીધી. અધિકારી, કાર્ય કરીને ભૂલથી, સુબુદ્ધિને ઘેર આવ્યો. તેણીએ સ્વાગતપૂર્વક સુંદર રસોઈ બનાવી. અને ભાણામાં પીરસી. છતાં તે સરસ રસોઈ પસંદ પડી નહિ. અને કહેવા લાગ્યો કે, આ મને પસંદ પડતી નથી. માટે કુબુદ્ધિની પાસે જઇ તેણીએ બનાવેલ ભોજન લઈ આવ. સુબુદ્ધિએ ત્યાં જઈને તેણીની પાસે માગણી કરી. કુબુદ્ધિએ કહ્યું કે, કાંઈ રાંધ્યું નથી. શું આપું ? સુબુદ્ધિએ જઇને વાત કહી. ત્યારે કુબુદ્ધિમાં આસક્ત બનેલ તેણે કહ્યું કે, જે સુકું અગર બીજુ જે કાંઇ હોય તે તેણી પાસેથી લઇ આવ. પુનઃ જઇને તેણીને કહ્યું કે કાંઇ નથી. છતાં પાડીના છાણમાં, મીઠું, મરચુ નાંખીને, આ શાક છે. આમ કહીને, સુબુદ્ધિને આપ્યું. તેણીએ આવીને પોતાના પતિને આપ્યું. પતિ, આવો ખરાબ ખોરાક છે. છતાં તેણીના ખોરાકના વખાણ કરવા લાગ્યો. આહા, આહા, કેવું અમૃત જેવું શાક તેણીએ આપ્યું. સુબુદ્ધિએ કહ્યું કે, આવા ખરાબ શાકને અમૃત સમાન માનો છો ! તમને વિચાર પણ આવતો નથી આ તો પાડીના છાણમાં મરચુ મીઠું નાંખીને તેણીએ આપેલ છે. ભલે તેવું હોય, પણ મને તો મનોહર ભાસે છે. આમ કહીને કુબુદ્ધિના ઘેર ગયો. ત્યાં તે બાઇ રીસાઇ બેઠી છે. અધિકારી તેને

મનાવે છે છતાં તે સામું જોતી નથી. અને છણકા કરીને કહેવા લાગી કે, પ્રથમ તમે સુબુદ્ધિના ઘેર કેમ ગયા ? મારે તમારી સાથે બોલવું નથી. આ સાંભળી પતિદેવ, અધિક કાલાવાલા કરવા લાગ્યો. પછી તે બોલવા લાગી. પણ અધિકારીને ઘરની મિલ્કત નાશ પામેલ દેખી, બહુ શોક, સંતાપ થયો. સુબુદ્ધિ આવી કહેવા લાગી કે, પર-ઘર, કુબુદ્ધિના ઘેર ભમતા તમો દુઃખ પામેલ છો. માટે મારે ઘેર પધારો. ત્યાં તમોને આનંદ પડશે. મનોહર રસવતી મળશે. માટે આગ્રહભરી વિનતિ કરૂ છુ કે, અરે અન્તર્યામી પતિદેવ ! પરઘરમાં ભટકવાનું મુકીને, આ પણ તમારૂ પોતાનું ઘર છે. તેમાં પધારશો તો સદા સુખ-શાતા રહેશે. અરે વ્હાલમ ? અનાદિકાલથી તે અશુદ્ધ પરિણતિ, કુબુદ્ધિની સંગતિથી અનંતી વાર, અનંત, અસહ્ય પીડાઓ ભોગવી. હવે કાંઈક સમજો. વિચાર કરો. મારો પુત્ર વિવેક, તમોને સારી રીતે સહકાર આપશે. તમોને અશુદ્ધ પરિણતિ, કુબુદ્ધિએ જે જે કાર્ય બતાવ્યું. અને જે જે કહ્યું તે તે પસંદ પડ્યું. અને મીઠું માન્યું. તેથી અનાદિની ટેવ, પડેલ છૂટતી નથી. અરે સ્વઘેર આવતા નથી. અરે અન્તર્યામી પતિદેવ ! તે ચોટ્ટીએ તમારી સંપત્તિની ખુવારી કરી છે. અને બાકી રહેલ સંપત્તિ, સત્તાની ખુવારી, ફના કરવા તેના સંગતિઓ, જે ચોરોને પેંધાડ્યા છે. તે ચોટ્ટા, વ્યભિચારીઓ, રહી સહી સંપત્તિને લૂંટી રહ્યા છે, તેની તપાસ તો કરો. આ

મુજબ શુભ પરિણતિ ચેતનારૂપી સુબુદ્ધિએ કહેવાથી, કાંઇક ભાન આવ્યું. અને ચેતના તરફ પ્રીતિ જાગી. સદ્દગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, અનાદિકાલથી અશુભ પરિણતિના યોગે, અનાદિકાલથી સ્વસંપત્તિ, શક્તિ અને જ્ઞાનને, આ બાહ્યાત્મા ગુમાવી બેઠેલ છે; તેથી દુઃખ, વિડંબનાઓ પામે તેમાં શી નવાઈ ? અને શાંતિ કયાંથી પ્રાપ્ત થાય ? જો તેજ, અન્તરાત્મા બની શુભ ભાવનાનો, શુભ પરિણતિનો આધાર લે તો, આત્મસ્વભાવ સહેજે પ્રગટ થાય. અને અશુભ પરિણતિનો ત્યાગ થાય. ત્યારે ક્ષાયિક પાંચ લબ્ધિનો ભોગી એવો યોગી, અનુક્રમે અયોગી બની, સાદિઅનંતભાગે અનંત સુખનો વિલાસી બની, શુદ્ધ પ્રકાશી થાય. નિર્મલ ધ્યાનનો ધ્યાતા થાય ત્યારપછી પોતાના ઘરમાંથી આત્મા ખસે નહિ. સદ્દગુરૂ કહે છે કે, આમ અવસર પામીને, ધ્યાનાનંદી, નિજપદને પામે. અને ગાવે. માટે સ્વઘરમાં આવવા કોશીશ કરવી જોઇએ.

સદ્દગુરૂ ફરમાવે છે કે; પરઘરનો ત્યાગ કરી, સ્વઘરમાં આત્મા આવે છે ત્યારે તેની કેવી સ્થિતિ થાય છે તે તેત્રીશમા પદ દ્વારા જણાવે છે કે,

(રાગ—આશાવરી)

**અવધૂત અનુભવ પથ કોઇ રાગી,**
**દ્રષ્ટિ અન્તર જસ જાગી,**
**અવધૂત અનુભવ પથ રાગી.**

જલપંકજવત્ અંતર ન્યારા, નિદ્રાસમ સંસારા;
હંસ ચંચુવત્ જડ ચેતનકુ, ભિન્ન ભન્ન કર ધાર્યા
અવ૦ ॥૧॥

પુદ્‌ગલ સુખમેં કબહુ ન રાચે, ઔદયિક ભાવે ભોગી;
ઉદાસીનતા પરિણામે તે, ભોગી નિજધન યોગી.
અવ૦ ॥૨॥

ક્ષાયોપશમિક ભાવે મતિશ્રુત, જ્ઞાને ધ્યાને લગાવે;
આપહિકર્તા આપઅકર્તા, સ્થિરતાયે સુખ પાવે.
અવ૦ ॥૩॥

કારક ષટઘટ અન્તર શોધે, પર પરિણતિકુ રોધે;
બુદ્ધિસાગર ચિન્મય ચેતન, પરમાતમ પદ બોધે.
અવ૦ ॥૪॥

સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, "અવધૂત અનુભવ પથ કોઈ રાગી" અવધૂત અનુભવ પથ, એટલે જે ભાગ્યશાલીએ રાગ, દ્વેષ અને મોહાદિકને શકયતાયે હઠાવ્યા છે. અને હઠાવ્યા પછી આત્મિકગુણોનો અનુભવ, આસ્વાદ જેને આવ્યો છે, એવા અન્તરાત્માનો માર્ગ છે એવા પથમાં કોઈક મહાભાગ હોય છે. તે ભાગ્યશાલીને બાહ્ય દ્રષ્ટિ ઓછી થએલ હોય છે. અતએવ આન્તર દ્રષ્ટિ જાગેલી છે તે, જીનેશ્વર કથિત સમ્યગ્‌જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ અવધૂત અનુભવપથમાં વિચરેલ

હોય છે. આ સિવાય બાહ્ય દ્રષ્ટિવાળા સંસારના માર્ગે કહેતાં, રાગ, દ્વેષ, ઇર્ષ્યા, અદેખાઇ, વેરવિરોધાદિક જેમાં રહેલ છે તેવા માર્ગે પરિભ્રમણ કરી રહેલ જાણવા. તેવા માર્ગે આન્તર જ્યોતિનો માર્ગ કયાંથી પ્રાપ્ત થાય ? આન્તર દ્રષ્ટિના પથમાં આરૂઢ થયા સિવાય આધિ, વ્યાધિ અને વિડંબના, વૈર વિરોધાદિક ખસવા અશકય છે. જો જન્મ-જન્ય આધિ, વ્યાધિ, વિગેરેને ટાળવી હોય તો, અન્તરાત્મા બનો. અન્તર દ્રષ્ટિવાળા બની, અવધૂત અનુભવપથનો અનુભવ કરો. આરોપિત સુખ અને દુઃખમાં આસક્ત બનો નહિ. બાહ્યાત્માઓ, બાહ્ય દ્રષ્ટિના યોગે ઇષ્ટ સંયોગો પ્રાપ્ત થતાં અને ઇષ્ટ સંયોગોનો વિયોગ થતાં તેમાં આસક્ત બનેલ હોવાથી કાંતો હર્ષઘેલા બને છે, કાંતો વલોપાતાદિ કરતા હોય છે. તેથી તેઓને અવધૂત અનુભવનો પથ, માર્ગ જડતો નથી. અને પુનઃપુનઃ પોકારો પાડતાં સંસારના માર્ગે ગમન કરે છે. જો કે તેઓને સુખની અભિલાષા તો હોય છે. પરંતુ ઉલ્ટો માર્ગ લીધેલ હોવાથી સત્ય સુખ-દાયક, સર્વ આધિ, વ્યાધિ વિગેરેને દૂર ટાળનાર એવો મોક્ષમાર્ગ કયાંથી પ્રાપ્ત થાય ? ન મળે. તેથી કરૂણા લાવી સદ્ગુરૂ ઉપદેશ આપે છે કે, અરે ! દુર્લભ મનુષ્ય ભવને પામી, અત્યંત કષ્ટદાયી, વિષયકષાયરૂપી સંસારના માર્ગનો ત્યાગ કરી, અવધૂત અનુભવના માર્ગે સંચરો. સંસારના માર્ગે સંચરતા તમોને કેટલી સ્થિરતા થઈ ! તે તો કહો ? તમે કહી શકશો નહિ. કારણ કે, કષાયના યોગે અતીવ

ચંચલતા વધેલી હોય છે. અને વલોપાત વિગેરે કરતા હશો. તો પછી, મનુષ્યભવની સફલતા, આન્તર દૃષ્ટિ સિવાય કેવી રીતે કરશો. માટે અન્તરાત્મા બનો. જેઓને સંસારના સુખનો બરોબર અનુભવ થએલ હોય છે. એટલે મીઠો માર ખાઇને ધરાયેલા હોય છે. અને પછી આવો આરોપિત, મધુરો માર ખાવો નથી આ મુજબ જેઓને હેય, ઉપાદેય અને જ્ઞેયનું સમ્યગ્જ્ઞાન હોય છે. તેઓ જ મોક્ષમાર્ગ, અનુભવના પંથનો સ્વીકાર કરે છે. અન્યથા તો આરોપિત સુખ દુઃખમાં તેઓ પીલાતા હોય છે. "કોઇ વ્યક્તિનું નામ મીઠાભાઈ પાડેલ છે. તે વ્યાપાર વિગેરેમાં ઘણો કુશલ છે. દરરોજ વ્યાપારધંધો કરી રાત્રીના અગ્યાર વાગે ઘેર આવે છે. તે વખતે માત, પિતા, પુત્ર, પત્ની વિગેરે નિદ્રામાં ઘેરાએલ હોય છે. આવા વખતે હોળીના દિવસો ચાલે છે. અને હોળીઆ બરોબર તોફાન કરી રહેલા છે. આ મીઠાભાઇ રાત્રીના અગીયાર વાગે દુકાન બંધ કરી સ્વઘેર આવે છે. પણ બારણા બંધ હોવાથી બૂમો પાડે છે કે, ખોલો! ઉંઘમાંથી જાગ્રત થઇ કોઈ એક કહે છે કે, કોણ? તે કહે છે કે, મીઠાભાઇ ખોલો. આ મુજબ વારેવારે બોલવાથી તોફાની હોળીયા તે જગ્યાએ આવી બોલવા લાગ્યા, કે, મીઠાભાઇ ખોલો. મીઠાભાઈ ખોલો. આ મુજબ સાંભળી આ ભાઇ ક્રોધાતુર બની તે તોફાનીઓને મારવા દોડયા. પણ તે હોળીઆ શાને ઉભા રહે? દૂર જઇને પાછા કહેવા લાગ્યા. મીઠાભાઈ ખોલો. આ મુજબ સાંભળી પાછા આ

ભાઈ તે તોફાની છોકરાઓ સામે પડ્યા. તેઓ દૂર નાશી જાય છે. અને બોલ્યા કરે છે. અને હાથમાં આવતા નથી. તથા ક્રોધ શમતો નથી. ઘણીવાર તેઓને પકડી શિક્ષા કરવા માટે અત્યંત પ્રયાસ કર્યો તે ફોગટ ગયો. ઉલ્ટા ક્રોધના આવેશથી તમ્મર આવી, બેભાન થઈ. ધરણી ઉપર ઢળી પડ્યા. કહો આમાં કોનો વાંક, દોષ ? તોફાની હોળી-આએ તો જેવું મીઠાભાઇ બોલ્યા તે મુજબ બોલવા માંડ્યું. પણ બોલોનો અર્થ પોતે ગધેડો માન્યો. પરંતુ તેનો અર્થ દ્વાર ઉઘાડવાનો કર્યો હોત તો આ કષ્ટ, પીડા થાત નહિ. તેથી બોલોનો અર્થ, ગધેડા ઉપર આરોપિત કર્યો. અને પોતાને ગધેડો માન્યો, તેથી આવું દુઃખ ભોગવવાનો વખત આવ્યો. આ મુજબ બાહ્યાત્માઓ બાહ્ય દૃષ્ટિના યોગે પોતે એવા હોતા નથી. છતાં અજ્ઞાનતાથી મનગમતા અર્થ કરીને દોડદોડ, ધમાલ કરીને પોતે જ દુઃખી થાય છે. અને ઘણું કષ્ટ સહન કરે છે. માટે બીજાઓએ આરોપિત નામ અને રૂપમાં મારો આત્મા એવો નથી પણ, નામરૂપથી ન્યારો છે. આ ભાવના ભૂલવા જેવી નથી જ. અહંકાર અને મમત્વના યોગે, સઘળું જગત વિવિધ વેદનાઓ ભોગવે છે. અહંકાર અને મમત્વદ્વારા પશુ, પંખી, માનવ, દાનવ અને દેવો કેવો કારમો કેર વર્તાવે છે. તે પ્રત્યક્ષ જોવાય છે. દરેક અનાચારો મમતાથી જ અને અહંકાર, અદેખાઈ, ઇર્ષ્યાથીજ ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થએલા દોષો શારીરિક અને માનસિક શક્તિઓનો નાશ કરે છે. એટલે આધિ. વ્યાધિ

વિડંબનાઓને આવવાનો અવકાશ મળે તેમાં નવાઈ શી? માર્ગે ગમન કરતાં પણ અથડાઈ, ટીચાઈ ભૂમિમાં પડી અત્યંત વેદના ભોગવે છે. માટે તાકાત પ્રાપ્ત કરવા, બાહ્ય દ્રષ્ટિનો ત્યાગ કરવા પૂર્વક, અહંત્વ, મમત્વને નિવારવા વિવેકદ્રષ્ટિ ધારણ કરવી. વિવેકદૃષ્ટિના યોગે જ, અહંત્વ અને મમત્વ, આત્માના સ્વરૂપમાં આવી નિવાસ કરે છે. એટલે મારો આત્મા તે હું છું. અને પદાર્થો અગર સંયોગો મારા નથી. પણ જુદા છે. જગતના પદાર્થો પર અહંત્વ અને મમત્વ રાખવાથી તો ચાર ગતિમાં રખડવાનું થયું. એ રખડવામાં જન્મ, જરા અને મરણના અસહ્ય કષ્ટો, વિડંબનાઓ, વિપત્તિઓ આવી પડી. કોઇ પણ પ્રકારે સ્થિરતાનો અનુભવ આવ્યો નહિ. આવા આવા વિચારો આવતા હોવાથી, આન્તર દૃષ્ટિના યોગે, મમતા વિગેરે આત્મા તરફ વળે છે. અને માનસિક વિચારો પણ આત્મ-તત્ત્વના આવ્યા કરે છે. તેમ જ માનસિક અને શારીરિક તાકાત ઓછી થતી નથી. તેમજ ઇન્દ્રિયોનો વિષય, તથા તેના વિકારો ઉપશમવા માંડે છે. તેથી જલપંકજવત્ ન્યારા રહેવાય, અને શંખની માફક ઉજ્જવલ થવાય. અને સાંસારિક સંયોગે, ભલે પછી ઇષ્ટ આવીને મળેલ હોય કે, તેઓનો વિયોગ થયો હોય તો પણ, હર્ષ, શોક, સંતાપ થતો નથી. સંસાર નિદ્રા સમાન ભાસે છે. અને આત્મા જાગ્રત થએલ છે, એમ ભાસે છે. તે, સત્ય, આન્તર દૃષ્ટિ-વાળા સંસારના વ્યાવહારિક કાર્યો કરે, છતાં તેમાં લેપાતા

નથી. પણ હંસની ચંચુની માફક વૈરાગ્ય, સંવેગ વિગેરે સાર, તત્ત્વ લઈને પુષ્ટ બને છે. અને જડ પદાર્થોમાંથી ચેતનતત્વ, ભિન્ન માની નિર્લેપતાએ, નિર્ભયતાએ સંસારમાં વિચરે છે. એટલે સંસારમાંથી સારી સારી, આત્માના ગુણોને ઉપયોગમાં આવે તેવી અને સહારો આપે તેવી, વસ્તુઓને ગ્રહણ કરે છે. તે પદાર્થોમાં જે ગુણો રહેલા છે, તે સહારો આપે એવા હોય તો જ, પ્રાપ્ત કરવા કોશીશ કરે. અન્યથા ઉપેક્ષાવૃત્તિ ધારણ કરતા હોવાથી, મોહમમતાનું અને અહંકારનું જોર ચાલતું નથી. તેથી પુદ્ગલના સુખમાં કદાપિ રાચીમાચી રહેતા નથી. પરંતુ ઔદયિક ભાવે ભોગી બન્યા છતાં, ન્યારા ન્યારા રહે છે. એટલે ઉદાસીનતાનો પરિણામ હોવાથી અપેક્ષાએ ભોગી કહેવાય. પણ તે નિજધન, આત્મતત્ત્વમાં તો યોગી હોય છે. મન, વચન અને કાયાની વૃત્તિ અને પ્રવૃત્તિઓ આત્મ સ્વરૂપમાં યોજતા હોય છે. સદ્ગુરૂ કહે છે કે, આવા અન્તરાત્માને, ક્ષયોપશમભાવે મતિજ્ઞાન, અને શ્રુતજ્ઞાન હોય, છતાં તે સમ્યગ્જ્ઞાન, ધ્યાનમાં જોડે છે. લગાવે છે. આમ કરતાં ધ્યાનના યોગે, કાળલબ્ધિ જ્યારે પ્રાપ્ત થાય છે. ત્યારે ક્ષાયિકજ્ઞાન પામી, સંસારની વિકારી જાલને ફગાવી દઈ, અહોનિશ ધ્યાનમાં રમણતા કરવા સમર્થ બને છે. માટે ક્ષયોપશમભાવે મળેલ, સમ્યગ્ જ્ઞાનથી પણ ધ્યાનમાં લગની લગાવવી જોઈએ. ભલે માનસિકવૃત્તિ ચંચલતા ધારણ કરીને, દુન્યવી પદાર્થો તથા સંયોગોમાં જાય, તો પણ, નાસીપાસ થવું નહિ. તે ધ્યાનમાં

એવી તાકાત રહેલી છે કે, ખસી ગએલ મનની વૃત્તિઓને પાછી ખેંચી લાવી, આત્માના ગુણો સાથે જોડે છે. માટે કંટાળવું નહિ. અને સિદ્ધચક્ર, નવપદની આરાધના અને ધ્યાન પરમ આલંબન છે. માટે તેનું ધ્યાન કરી, આત્માના ગુણો ઓળખી, તેમાં સ્થિરતા કરો. અને અન્તરાત્મા બનો. આમ ધ્યાન કરતાં, જ્યારે ક્ષાયિકભાવ પ્રગટ થશે ત્યારે એવા અધ્યવસાય થશે કે, હું કર્મોનો કર્તા નથી. પણ, ઔદયિક ભાવે આવેલી કર્મપ્રકૃતિ, સઘળું કરી રહેલ છે. એટલે પોતે પોતાને અકર્તા તરીકે માને છે. અને આત્મસ્વરૂપનો કર્તા બને છે. આ મુજબ અકર્તા અને કર્તાના અનુભવ લેતા લેતા, ક્ષાયિકજ્ઞાનના યોગે કેવલજ્ઞાન પામી, સર્વથા કર્મોની જે પ્રકૃતિઓ રહેલી છે. તેનો નાશ કરવા સમર્થ બને છે. માટે અરે ભાગ્યશાલીઓ બાહ્યદૃષ્ટિનો ત્યાગ કરી આન્તરદૃષ્ટિવાળા બનો. આન્તરદૃષ્ટિનો લાભ થયા પછી પણ, ઘણો ઉપયોગ રાખવાની અગત્યતા છે. કારણ કે આત્માની શ્રદ્ધાવાળા પણ વ્યવહારમાં તો રહેલા છે ને ? જો ઉપયોગ રાખે નહિ તો, બાહ્યદૃષ્ટિ પુનઃ હાજર થાય. માટે કાયિક પ્રવૃત્તિઓ, વિચાર કરવામાં અને બોલવામાં, બાહ્યદ્રષ્ટિમાં ભેગી ભળે નહિ અને તેનાથી ન્યારી રહે, તે મુજબ વર્તાય તો જ આન્તરદૃષ્ટિ સ્થિર થાય. એ સ્થિર સિદ્ધિ માટે એવી ભાવના રાખી વિચાર કરવો કે, કોઈ પ્રાણીનું અહિત ચિન્તવાય નહિ. શત્રુનું પણ હિત થાઓ. આમ ચિન્તવતા, મનની ચંચલતા અલ્પ થાય છે. તથા વચનો એવા બોલવા

કે. સામાને આઘાત, પીડા થાય નહિ. પરંતુ હિતકારક બોલવાથી શત્રુ તરફથી પણ ભય રહેતો નથી. તેથી વિકલ્પ, સંકલ્પ, શંકાઓને આવવાનો લાગ મળતો નથી. કાયિક પ્રવૃત્તિઓ પણ એવી રાખવી જોઈએ કે, કોઈ પણ પ્રાણી પીલાય નહિ. આ મુજબ વર્તન કરતા કોઈ પ્રકારનો ભય રહેશે નહિ. અને અન્તરાત્મા જે બનેલ છે. તે પરમાત્મપદનો અધિકારી થશે. પછી જે અનંતભવોમાં, જન્મ જરા અને મરણની પીડાઓ વેઠી છે. તે ખસવા માંડશે. એટલે અલ્પભવોમાં તે પીડાઓ ટળી જશે. મનુષ્યોએ, જન્મમરણની પીડા અનંતભવોમાં ભોગવી છે. તેના કારણો તમે સમજ્યા હશો. જો ભૂલી ગયા હો તો સાંભળો. માનસિક વાચિક અને કાયિકવૃત્તિ, પ્રવૃત્તિઓમાં ઉપયોગ રાખ્યો નથી. અને એવું વર્તન કર્યું કે, જન્મમરણની પરંપરા વધ્યાજ કરે. અન્ય પ્રાણીનું અહિત થાય તેવા વિચારો કર્યા. બીજાઓને પીડા થાય, આઘાત પહોંચે એવા વચનો બોલ્યા તથા કાયાની એવી પ્રવૃત્તિ કરી કે, બીજાઓ પીલાય. નાશ પામે અને વારેવારે સંતાપ, પરિતાપ વિગેરે કરે. તેથી જ જન્મ, જરા, મરણજન્ય પરંપરા ઘટી નહિ. પણ વધી. હવે તો સદ્ગુરુના સમાગમથી તમો સમ્યગ્દૃષ્ટિવાળા બનેલ છો. તેથી બાહ્યદૃષ્ટિ જે હતી તે, આત્મસ્વરૂપમાં અગર આત્મતત્ત્વના ઓળખાણ કરાવનાર નિમિત્તો તરફ વળી છે. માટે નિર્ભય બનો, ખેદ, દ્વેષાદિકને દેશવટો આપો. જે ભય, ખેદ અને દ્વેષાદિકનો ત્યાગ કરે છે. તે

સાચા અન્તરાત્મા કહેવાય. અને તેજ પરમાં આસક્તિ રાખતા નથી. એટલે પરપરિણતિ, અધ્યવસાય તથા વિચારોને રોકવામાં સમર્થ બને છે. તે અન્તરાત્મ, સમ્યગ્દૃષ્ટિવાળા ભાગ્યશાલીઓ સારી રીતે સમજે છે કે, બાહ્યાત્મા બનવાથી તો ભવોભવ કારમી કતલ કરી. અને ભીઠો માર ખાધો. હવે તેવા બનવું નહિ. બાહ્યાત્મા, બાહ્યદૃષ્ટિના યોગે કેવા હાંસીપાત્ર બને છે. અને અસહ્ય સંતાપ વિગેરે કરે છે. તે તેમની નજર બહાર હોતા નથી. દ્રષ્ટાંત તરીકે જાણવાની જરૂર છે.

એક નગરમાં જેના માતપિતા મરણ પામેલ છે એવા પુત્રની પાસે ઘણું ધન હતું. પણ રીતસર, સમજણ, વિવેક આપનાર સ્વજન વર્ગ હતો નહિ. નિકટનાં સગાં પણ તેના ઉપર ઈતરાજી ધારણ કરતાં. આ ભાઈનું લગ્ન થએલ છે. તેમજ પુત્રપુત્રીનો પરિવાર છે. તેથી ધન વિગેરેના નશાથી જોઈએ તેવો વિનય, વિવેક રાખતો ન હોવાથી, કોઈ સત્ય સમજણ આપતું નથી. આ ભાઈના મનમાં એવો ઘમંડ છે. એવી માન્યતા છે કે, કદાપિ ઇષ્ટનો વિયોગ થશે નહિ. મારે કોની પરવા છે. આમ વર્તી રહે છે. તે અરસામાં વ્યાધિ થવાથી તેની સ્ત્રી મરણ પામી. આ ભાઈને ઘણો સંતાપ થયો. આ નાના બાલકોનું કોણ રક્ષણ કરશે, સારવાર કોણ કરશે. આવી આવી ચિન્તામાં બળવા લાગ્યો. તેવામાં તેને ધનાઢ્ય દેખી કોઈએ રૂપાળી કન્યા પરણાવી. તે તો મોજમજામાં વિષયસુખમાં આસક્ત

અનેલ હોવાથી બાલકોની સાર સંભાળ કરતી નથી. તેથી વધારે વલોપાત કરવા લાગ્યો. તેની સાસુ પણ બડી ઠગારી મળી છે. કેવી રીતે જમાઇને વશ કરવો તેનો ઘાટ દરરોજ ઘડી રહી છે. પાસે આવીને કહે છે કે, ચિન્તા કરો નહિ. તમારા, દીકરા, દીકરીની સારસંભાળ હું રાખીશ. આ મુજબ કહી સ્વપુત્રી પાસે રહેવા લાગી. દરેક બાબતમાં તે પોતાના વશમાં આવે તેવી સુચના આપે છે. જમાઇરાજ હવે રાજી રાજી થાય છે. એક વર્ષ ગયા પછી પોતાની સ્ત્રીને સુવાવડ આવી. સંતાન જન્મ્યા પછી રોગ લાગુ પડયો. અને મરણ પામી. હવે ભાઇસાહેબ ત્રીજીને પરણવા પ્રયાસ કરવા લાગ્યા. તેની સાસુ હવે વિચાર કરે છે કે, જો ત્રીજીને પરણી લાવશે તો મારૂં જોર ચાલશે નહિ. અને વશમાં પણ રહેશે નહિ. માટે કોઇ પણ નાતમાંથી કન્યા દેવાની ઇચ્છા કરે નહિ. એવી વાત ફેલાવવી. આમ વિચારીને ખાનગીમાં એવી વાત ફેલાવી કે, અમારા જમાઇની પ્રથમની બાયડી મરણ પામી શીકોતરી થઇ છે. તેણીએ મારી પુત્રીને સુવાવડમાં મારી નાંખી. માટે કોઈ પણ કન્યા આપશે, તેણીને પેલી ભૂતડી, શીકોતરી મારી નાંખશે. માટે ભૂલેચૂકે કોઈ કન્યા આપશો નહિ. જ્ઞાતિવાળાએ ખરી વાત માની, કોશીશ કરતા કોઈ કન્યા દેતું નથી. હવે પાછા અધિક અફસોસ કરવા લાગ્યા. સાસુ તેને આશ્વાસન આપે છે. તમારા પુત્ર પુત્રીને મોટા કરીને પણ સારસંભાળ રાખવામાં ખામી રાખીશ નહિ. સુખેથી જીવન ગુજારો. સાસુએ

એવો વશવર્તી બનાવ્યો કે, તેણીના કહેવા મુજબ વર્તે છે. પરંતુ ભાઈની પરણવાની ઇચ્છા નાશ પામી નહિ. બીજે સ્થલે ઘણો પ્રયત્ન કર્યો પણ વિધુર રહ્યા. અને શોક સંતાપ ગયો નહિ. આ મુજબ બાહ્ય સુખના અભિલાષીઓને આત્મતત્ત્વના નિમિત્તો રહ્યા હોય તોપણ, તેમના તરફનો લાભ લેવા ક્યાંથી સુઝે ? ચાલુ જીવનમાં ડાહ્યા ગણાતા માણસો, સંસારને સુધારવા માટે વિવિધ કેળવણી લે છે. તેમજ જાહેરમાં પ્રસિદ્ધ થવા ખાતર શાસ્ત્રશ્રવણ પણ કરે છે. છતાં પણ વિષયાસક્તિનો ત્યાગ કરવા સમર્થ બનતા નથી. કારણ કે, શાસ્ત્રશ્રવણ કરીને બાહ્યદ્રષ્ટિનો ત્યાગ કરી આન્તરદ્રષ્ટિ પ્રાપ્ત થઈ નથી. જોકે જાહેરમાં પ્રસિદ્ધ થાય કે, આ ભાઈ ધર્મના અર્થી બન્યા છે. પણ અન્તરમાં તો વિષય વિલાસને વહાલો માનતા હોય છે. તો પછી તેમનું શાસ્ત્રશ્રવણ, અશુભ સંસ્કારોનો ત્યાગ કરવા માટે નથી. પણ જીવનમાં મુગ્ધ બની વિષયોના રસને અશુભ અને રસિલુ બનાવવા માટે છે. એમ કહી શકાય. સંસારની વિડંબનાઓનો જો બરોબર ખ્યાલ કરે તો, જરૂર તેવા સુખમાંથી આસક્તિ ઓછી થાય. અને પછી શાસ્ત્રશ્રવણ કરવામાં આવે તો, આન્તર દ્રષ્ટિ જાગે. અને વિવિધ વિપત્તિઓ સાથેની વિડંબના દૂર ભાગે. આન્તર દ્રષ્ટિ જો બરોબર જાગે તો, જરૂર બાહ્યદ્રષ્ટિરૂપ અંધકાર રહે નહિ. માટે સદ્ગુરૂ વારે વારે ઉપદેશ આપે છે કે, અન્તરાત્મા બનો. સત્ય સુખ

તમારી પાસે છે. તે આન્તર દ્રષ્ટિના પ્રભાવે, પ્રકાશથી માલુમ પડશે. પછી તમોને લીધેલી કેળવણી, અને શાસ્ત્ર-શ્રવણ વિગેરે, સત્ય, સત્તા, શક્તિ અને સમૃદ્ધિ અર્પણ કરશે. અને ભય, ખેદ, રાગ, દ્વેષાદિ દૂર ભાગશે. જાહેરમાં ડાહ્યા, કુશળ, પ્રવીણ ગણાઓ છો. તેવા અન્તરમાં પ્રવીણ બની, વિષય વિકારોને હઠાવી સાચા ડાહ્યા અને કુશળ બનો. મરણના અને જરાના દુઃખો તમો દેખી રહ્યા છો. અને જાણી રહ્યા છો. તે પ્રમાણે જન્મોના દુઃખને, પીડાને પણ જાણવા જોઇએ. કારણ કે, જન્મના દુઃખો સર્વ દુઃખ કરતાં અધિક શાસ્ત્રકારે કહ્યાં છે. તે તમોને માલુમ પડતી નથી. કારણ કે, માતાની કુક્ષિમાં તથા જન્મ ધારણ કરતાં પીડાઓને લઇને જીવાત્માઓ મૂર્ચ્છા પામેલ હોય છે. તેમ તમો પણ મૂર્ચ્છા પામેલ હતા. આવા અત્યંત દુઃખો તમે ક્યારે નિવારી શકો ! જો અન્તરાત્મા બનો તો જ. આન્તર-દ્રષ્ટિ બન્યા સિવાય, જન્મના દુઃખોને પણ નિવારવા સમર્થ બની શકાશે નહિ જે બાહ્યાત્મા, વિષય, વિચારો, વિકારો અને વાસનાની કારમી રમત રમી રહ્યા છે. તેઓ ક્યાંથી અન્તરાત્મા બને ? અને મોક્ષમાર્ગે ક્યાંથી સંચરે ? સંચરે નહિ અને સત્ય સુખની અભિલાષા કદાપિ પૂર્ણ થાય નહિ. સત્ય, ત્યાગ અને સંયમમાં જ, સમૃદ્ધિ અને શુદ્ધિ સમાએલ છે. તેથી તે માટે સઘળા પ્રયાસો કરો. સાથે સાથે સદ્ગુરૂની સોબત કરી, સાચા સુખની ચાવીઓ લેવામાં આળસ કરવી નહિ. એટલે દુનિયાના વ્યવહારો

દુઃખદાયક નિવડશે નહિ. પણ તે વ્યવહારમાં શું તત્ત્વ છે તેની ખબર પડશે. તત્ત્વની માલુમ પડયા પછી આત્મામાં ષટ્કારકો ગોઠવવાની સમજણ પડશે. જ્યારે તે ષટ્કારકોની બરોબર રીતસર સમજણ પડશે ત્યારે પરપરિણતિને રોકવા સમર્થ બનશો. તે માટે આચાર્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજી ગુરૂવર્ય ફરમાવે છે કે, આવા અન્તરાત્માઓ ? પરમપદ, અનંત સુખ શુદ્ધિના સ્થાનનો બોધ પામશો. અને તે માર્ગે સંચરવા પ્રયાસ કરશો.

હવે આત્મા જ્યારે કર્મોરહિત બને છે ત્યારે કેવો બને છે. અને તેનું સ્વરૂપ કેવું હોય છે. તે જણાવતાં સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ચોત્રીશમા પદની રચના કરતાં કહે છે—

(રાગ—આશાવરી સોરઠ)

**નહિ અલખ લખ્યા કણુ જાવે રે,**
**કોઈ અનુભવી મનમાં ભાવે.**
**મનવાણી કાયાથી ન્યારા, નિરાકાર નિર્ધારા;**
**જાતિલિંગ વચન નહિ જામે,**
**સોહિ સાહિબા દિલ પ્યારા રે. કોઈ ॥૧॥**
**સ્યાદ્વાદ સત્તાએ પૂરા, કોઇ ન વાતે અધૂરા;**
**કાયરસેં તે રહેવે દુરા,**
**પામે ચિદ્દઘન જન જે શૂરા રે. કોઈ ॥૨॥**

ભેદ જ્ઞાન રવિ અન્તર પ્રગટે,
મોહ તિમિર સહુ વિઘટે;
આત્મ તે પરમાત્મ રૂપે,
ઇયળ ભૃંગ જ્યું ચટકે રે. કોઈ ॥૪॥
સદ્‌ગુરૂ સંગે અમૃત પામી, રોગ શોક સહુ વામી;
બુદ્ધિસાગર નિર્ભય ખેલે,
ધ્યાને સદા નિર્નામી રે. કોઈ ॥૪॥

સૂરીશ્વરજી ફરમાવે છે કે આત્મા અલખ છે. ઇન્દ્રિયો દ્વારા તેમજ મન વડે જણાતો નથી. તેમજ પરખાતો નથી. તેનામાં જે દશ દ્રવ્ય પ્રાણો કહેવાય છે તે હોતા નથી. પણ ભાવ પ્રાણો, ક્ષાયિક ભાવે રહેલા છે. ભાવપ્રાણો એટલે સમ્યગ્‌જ્ઞાન, દર્શન, અને ચારિત્ર સર્વથા, સર્વદા વિદ્યમાન હોય છે. કદાપિ નષ્ટ થતાં નથી. તે ગુણો આત્માની સાથે દેહ પ્રમાણે વ્યાપક છે. અને વિશ્વવ્યાપક છે. કેવલજ્ઞાનદ્વારા જગતના, વિશ્વના સર્વ પદાર્થોને જાણતા, દેખતા હોવાથી, વિશ્વવ્યાપક પણ અપેક્ષાએ કહેવાય છે. તથા આત્માની ઉત્પત્તિ અને વિનાશ કદાપિ થતો નથી. પરંતુ આત્મા સિવાય જે વિશ્વના પદાર્થો વિદ્યમાનપણે વર્તી રહેલા છે. તેની ઉત્પત્તિ અને વિનાશ થયા કરે છે. અને દ્રવ્યરૂપે કાયમ રહે છે. અનાદિકાલથી લાગેલા કર્મો અલગ કરી શકાય છે. અને ભવ્યાત્માઓની તે કર્મોને દૂર કરવાની શક્તિ ગુપ્તપણે

રહેલી છે જ. જ્યારે સંયમની રીતસર આરાધના થાય, અને જ્ઞાનપૂર્વક તપસ્યા થાય, ત્યારે જ કર્મોની નિર્જરા-પૂર્વક સર્વસંવર થાય, ત્યારે આત્મશક્તિનો સંપૂર્ણપણે આવિર્ભાવ થાય છે. આ સિવાય પ્રાદુર્ભાવ થતો નથી. અત્યારે આપણો આત્મા આઠેય કર્મોથી લેપાયમાન છે. એટલે તે દ્રષ્ટિગોચર થતો નથી. અને તેના લેખો લખવા બેસીયે તો પણ સંપૂર્ણપણે લખી શકાતા નથી. તે તો અનુભવગમ્ય હોવાથી, ધ્યાનયોગે અનુભવીઓવડેજ જાણી શકાય છે. અને બીજાઓ મનમાં ભાવના રાખે. એટલે મનમાં ભાવે. જ્યારે તેજ ધ્યાનીઓના અહંકાર, મમકાર વિગેરેનો નાશ થાય છે. ત્યારે જ આત્મા અનુભવમાં આવે છે આ સિવાય આત્માનું ધ્યાન ધરે. પણ રાગ, દ્વેષ મોહાદિક ખસેડે નહિ તો આત્માનો અનુભવ પામવો અશક્ય જ બને. માટે સંયમની સાથે અહંકાર વિગેરેનો ત્યાગ કરવાની આવશ્યકતા છે.

સદ્ગુરૂ કહે છે કે; આત્માનો અનુભવ કરવા આકાંક્ષી, અભિલાષી, ભાગ્યશાલી સંયમી, એવી ભાવના ભાવે. કેવી ? આત્મા મન, વાણી અને કાયાથી ન્યારો છે; અને નિરાકાર છે. એવો નિર્ધાર કરે. તેમજ જાતિ, લિંગ, વાણી પણ તે આત્મામાં હોતી નથી. આવો નિર્મલ, અનંત ગુણોનો ભંડાર આત્મા, તે અનુભવીઓને હૈયામાં પ્યારો લાગે છે. તેને માટે તે લગની લગાડે છે. તેથી સંસારમાં રહેતા છતાં દુન્યવી પદાર્થો, વિષય વિલાસોની

આશંસા પણ રાખતા નથી. તથા કરેલા ઉપકારનો બદલો લેવાની પણ અભિલાષા રાખતા નથી. તે મહાભાગ્યશાલી વિવેક દ્વારા સારી રીતે સમજે છે કે, દુન્યવી પદાર્થોની તથા વિષયસુખની ઇચ્છા, આશા, તૃષ્ણા કદાપિ પુરી થતી નથી. અને થશે પણ નહિ. "નાહક સંસારમાં તેને માટે કુટાવાનું, ટીચાવું થશે. માટે કોણ આવો પ્રયાસ કરે ?" આમ સમજી આત્માના ગુણોની આશંસા રાખી તેઓને પ્રાપ્ત કરવા સર્વ તાકાતને વાપરવામાં આળસ કરતા નથી. તથા તે આત્મગુણોના અભિલાષી, મનમાં જ્ઞાન દ્વારા સમજે છે કે, કર્મોની સત્તા પણ મહતી છે. તેની આગળ રાજ્ય સત્તા, ઇન્દ્રની સાહ્યબી વિગેરે તુચ્છ છે. કારણ કે, તે તે સત્તાઓ કર્મોને આધીન છે. આવી કર્મોની સત્તાને હઠાવવા માટે આત્માની ઓળખાણ અને અનુભવ કરવા સંયમ, ધ્યાનની ખાસ જરૂર છે. અને સાથે રાગ, દ્વેષ અને મોહાદિક, કહેતાં, અહંકાર અને મમત્વને ટાળવા માટેની પણ અગત્યતા રહેલી છે. આમ સમજી દિલમાં વહાલા આત્માની ઓળખાણ કરવા તેમજ અનુભવ કરવા સર્વ શક્તિઓને વાપરે છે. તમારા જીવનના કાર્યો તમે ધારો છો તેના કરતાં કાંઇક ગુણાધિક કરવાના છે. તે કયા ? માનસિક વૃત્તિને શાસ્ત્રશ્રવણ કરીને પવિત્ર રાખવી. તે શુદ્ધ, પવિત્ર બન્યા પછી પંચાચારની આરાધના કરવા તત્પર બનવું. જ્યાંસુધી ઇન્દ્રિયોની ગુલામી છે. અને શારીરિકાદિક ઉપર મમતા છે. ત્યાંસુધી પવિત્રતા આવવી

અશક્ય પ્રાયઃ છે. ગુલામી ગમતી ન હોય તો વિષયોને કબજે કરી, આત્માના ગુણોનો પ્રાદુર્ભાવ કરવા જીનેશ્વરની પૂજા, ભક્તિ અને આજ્ઞા સાથે તેમના ગુણોનું ધ્યાન ધરો. એટલે જે પરાધીનતા છે તે ખસવા માંડશે. અને આત્મિક વિકાસમાં આગળ વધતા રહેશો એટલે કર્મોની સત્તા પ્રબલ છે તે, નિર્બલ થશે. પોતાની સ્વાધીનતા થશે. ગુલામી કોઇને પ્રિય હોતી નથી. પરંતુ તે ગુલામી, પરાધીનતા, ઓશીઆળીને હઠાવવાના ઉપાયો અજ્ઞાત હોવાથી સંસારમાં કરેલા ઉપાયો વૃથા થાય છે. માટે સદ્ગુરૂ કહે છે કે, આત્મધ્યાનના જે ઉપાયો બતાવેલ છે તે ખ્યાલમાં રાખી વર્તન રાખવું ઉચિત છે.

વ્યાધિઓને દુર કરવા, દવાઓ લેવી તે ઠીક છે. પરંતુ વ્યાધિઓ ઉત્પન્ન થાય નહિ તે માટે સાવધાની રાખવી તે અતિ હિતકર છે. અને કલ્યાણકર પણ છે. "શોક, સંતાપ, વલોપાત, કલેશ, કંકાસ, ઝગડાઓને બુદ્ધિ વાપરી દબાવવા અને દૂર કરવા તે પણ સારૂ કહેવાય. પરંતુ તેઓ ઉત્પન્ન થાય નહિ તે માટે સદ્ગુરૂગમને ગ્રહણ કરવાપૂર્વક સાવધાન બનવું તે અધિક બુદ્ધિમત્તા કહેવાય. સજ્જન, શાણા અને સમ્યક્ત્વધારી ભાગ્યશાલીઓનું આ પ્રથમનું કાર્ય છે. તેથી જીનેશ્વરની પૂજામાં તથા સદ્ગુરૂની પર્યુપાસનામાં તથા દરેક પ્રાણીઓમાં પ્રેમ રાખવામાં અને મોહાદિકની સત્તાને હઠાવવામાં તત્પર બનાય છે. અને માનસિક શુદ્ધિ પૂર્વક, આત્મિક શુદ્ધિ

થતી રહે છે. માટે આત્માની ઓળખાણ કરવાની ઇચ્છા હોય તો જે જે ઉપાયો દર્શાવેલ છે. તેમાં પ્રીતિ ધારણ કરી, તે તે ઉપાયો યોજવા જોઇએ. તથા કોઇની ભૂલો, અપરાધો દેખી હાંસી કરો નહિ. હાંસી, તિરસ્કાર કરવાથી પોતાની ભૂલો તરફ અને અપરાધો તરફ લક્ષ રહેશે નહિ. કારણ કે ભૂલો અને દોષોને દેખનાર કાંઈ સર્વજ્ઞ નથી. તેમાં પણ ભૂલો તથા દોષો રહેલા છે. માટે હાંસી, અણગમો ન કરતાં જો પ્રેમ હોય તો ઉચિત શીખામણ આપો. તેમજ ગુણાનુરાગી બનો. જ્યાં સુધી આત્મજ્ઞાનના યોગે આત્મિક વિકાસ સધાયો નથી. ત્યાં સુધી તો ભૂલો થવાની જ. અને અપરાધો થવાના જ. પરંતુ તે અપરાધીને જ્યારે કષ્ટ, સંકટ, વિપત્તિ આવી લાગે છે ત્યારેજ તે તે ભૂલોને દૂર કરવા તે તૈયાર થાય છે. અને ગુરૂમહારાજનો યોગ મળતાં સાવધાન બની, આત્મશુદ્ધિ કરવા પરાયણ, તત્પર થાય. લઘુકર્મી હોય તો સત્વના યોગે ગુણશ્રેણીએ આરૂઢ થઇને સર્વ દોષોનો ક્ષણવારમાં ક્ષય કરવા પૂર્વક કૈવલ્યજ્ઞાન પણ પ્રાપ્ત કરે છે.

એક નગરમાં પદમશી શેઠને આધેડ ઉમ્મરે કેશરી નામે પુત્ર હતો. યુવાવસ્થામાં ઉઠ્ઠંઠોની સંગતિ થઈ. અને ચોરી કરવા લાગ્યો. ઘરમાંથી ચોરી કરીને માતપિતાને પજવતો. તેમજ શહેરમાં જનસમુદાયના ઘરમાં ચોરી કરી લોકોને દુઃખી બનાવતો. તેથી જનસમુદાય ત્રાસી ગયો. બુદ્ધિ તો તે કેશરી ચોરને ઘણી હતી. પણ ઉન્માર્ગ

તરફ વાપરતો હોવાથી તેણીને વૃથા ગુમાવતો. નગરના માણસોએ રાજા પાસે ફરિયાદ કરી. તેને બોલાવવામાં આવ્યો. બોલવામાં ચાલાક જાણી તેને શીખામણ આપી કે, ઉત્તમ કુલ, જાતિવાળા તને ચોરી કરીને ચોર બનવું તે હિતકર નથી. અંતે મહા દુઃખી થઇશ. શેઠનો પુત્ર હોવાથી અને કુલવાન્ હોવાથી આ તારો ગુન્હો માફ કરવામાં આવે છે. પુનઃ ચોરી કરીશ તો દેહાન્ત દંડની શીક્ષા કરવામાં આવશે. આમ કહીને રાજાએ તેને મૂક્ત કર્યો. પણ આ ચોર તો અધિક ચોરી કરવા લાગ્યો. "પડેલું વ્યસન કેમેય કરી ખસતું નથી." પાછો ચોરી કરતો હોવાથી તેના માતપિતા વિગેરે પરિવારે ઘરમાંથી કાઢી મૂક્યો. હવે તે જંગલમાં ભમતો ફરે છે. તેવામાં એક વૃક્ષ ઉપર ચઢી દૂર જોતાં, પવનપાવડીઓ ઉપર ચઢી આકાશ માર્ગે આવતાં એક સિદ્ધયોગી પુરૂષને દેખ્યો. અને પછી વિચાર કરે છે કે, આ બે પવનપાવડીઓ હાથમાં આવે તો, આકાશ માર્ગે ગમન કરવા પૂર્વક નગરમાં ચોરી કરવાની સુગમતા પડે. આ મુજબ આ ચોર વિચાર કરે છે. તેવામાં પેલો સિદ્ધપુરૂષ, વૃક્ષની પાસે રહેલ સરોવરમાં પાવડીઓ કાંઠા પર મૂકી સ્નાન કરવા પેઠો. કેશરી ખુશી થયો. વૃક્ષથી નીચે ઉતરી, તે બે પાવડીઓ લઇ, તેમાં આરૂઢ થઇ, આકાશે માર્ગે જતો રહ્યો. સિદ્ધપુરૂષે સ્નાન કરી બહાર આવતાં તે પાવડીઓ દેખી નહિ. તેથી પસ્તાવો કરવા લાગ્યો. આ ચોર આનંદપૂર્વક પવનપાવડીઓનો યોગ થવાથી, આકાશમાર્ગે ગમન કરી નગરમાં ભારે ચોરી કરવા

લાગ્યો. તેથી પ્રજાના પોકારો સાંભળી, સુભટો સાથે સ્વયં પોતે રાજા, તેને પકડવા માટે નગર બહાર નિકળી તપાસ કરે છે. તેવામાં, ચંડિકા માતાના દેવાલયમાં ચંડિકાની સ્તુતિ કરતો તેને દેખ્યો. પવનપાવડીઓ દેવાલયની બહાર હોવાથી રાજાએ લઈ લીધી. સ્તુતિ કરીને બહાર આવ્યા પછી, રાજાને દેખી ભયભીત બની જીવ લઈને નાઠો. મનમાં વિચાર કરે છે, આજે, જે પાપો કરેલા છે. તેના ફલો ભોગવવાનો વખત આવ્યો. જરૂર ક્રોધાતુર થએલ રાજા મારી નખાવશે. અગર મારશે. માતપિતાનું કે રાજાનું કથન પ્રથમ માન્યું હોત તો, પ્રાણોનું જોખમ, નાશ પ્રાપ્ત થાત નહિ. આમ વિચાર કરતાં તે નાશી રહેલ છે. તેવામાં સત્તરભેદે સંયમધારી મુનિરાજને દેખ્યા. અને નમ્રતાપૂર્વક તેઓશ્રીને તેણે કહ્યું કે, સદ્‌ગુરૂ મહારાજ, યુવાનીમાં ઉલ્લંઠો એવા હલકા માણસોની સોબતથી મેં ચોરી ઘણી વખત કરી. અને રાજા અને પ્રજાને ઘણી પીડેલ છે. હવે રાજા પકડવાની તૈયારીમાં છે. રખેને મારી નાંખશે તો, મારી શી ગતિ થશે. માટે ઉદ્ધારનો માર્ગ દર્શાવો ? ગુરૂમહારાજે કહ્યું કે, પાપીનો ઉદ્ધાર, અંતઃકરણથી પશ્ચાત્તાપ કરવાપૂર્વક, અને જે દોષો સેવ્યા છે તેની નિન્દા, ગર્હા કરવાથી અલ્પ થાય છે. અને પાપભીરૂતા પૂર્વક આત્મધ્યાનને ધારણ કરતાં, સમતાના યોગે સ્વાત્માનો ઉદ્ધાર થઈ શકે છે. માટે દોષોની નિન્દા કરીને, આત્મધ્યાનમાં લાગી જા. આ મુજબ શ્રવણ કરી, મુનિરાજની

સન્મુખ સર્વ પાપોની નિન્દા, ગર્હા પૂર્વક, આત્માના ગુણોમાં લીનતા, રમણતા કરવા લાગ્યો. લઘુકર્મી હોવાથી સમત્વના યોગે ક્ષપકશ્રેણીએ આરૂઢ થઈ, ઘાતીયા કર્મોનો ઘાત કરી, કૈવલ્યજ્ઞાનને પામ્યો.. દેવતાએ સાધુનો વેશ આપી વંદના કરી. આત્મધ્યાનના યોગે જો સમત્વ આવે તો, બે ઘડીમાં કેવલજ્ઞાનનો આવિર્ભાવ થાય છે. પાછળ પડેલો રાજા ત્યાં આવી આશ્ચર્યમાં પડયો. આ શું? મહાન્ ચોટ્ટો કેવલજ્ઞાન પામેલ છે. કેવલજ્ઞાનીએ કહ્યું કે, અરે રાજા! ગમે તેવો દોષી હોય તો પણ સ્વદોષોની નિન્દા, ગર્હા કરી આત્માના ગુણોમાં લયલીન થાય. અને લઘુકર્મી હોય તો સમત્વના યોગે કેવલજ્ઞાન પામે છે. મને ઘણો પસ્તાવો થયો. અને મરણના ભયથી નાશી, આ ગુરૂમહારાજ પાસે આવી, તેમનો ઉપદેશ સાંભળી, આત્મધ્યાનમાં લીનતા કરી. સમત્વના યોગે કેવલજ્ઞાનનો પ્રાદુર્ભાવ થયો માટે હે રાજન્! રાજ્યવૈભવમાં આસક્ત બનવું તે દુર્ગતિને આમંત્રણ આપવા બરોબર છે. તમે પણ સર્વ સંયોગોનો ત્યાગ કરી આત્મધ્યાનમાં પરાયણ બનશો તો, તમે પણ કૈવલ્ય જ્ઞાનનો અનન્ય લાભ મેળવશો. આ મુજબ સાંભળી, ધર્મને પામી, નૃપ પોતાના રાજ્યમાં આવી, આત્મધ્યાનમાં તત્પર થયો. આ મુજબ સદ્ગુરૂદેવ, સમકિતી શ્રાવકોને ઉપદેશ આપી વળી કહે છે કે, કેવલજ્ઞાની, કોઇ બાબતે અધુરા નથી. સ્યાદ્વાદથી સંપૂર્ણ છે. આ કેવલજ્ઞાનીના માર્ગને જે શૂરા હોય તે આરાધી શકે. કાયર માણસો તે માર્ગથી દૂર ભાગે

છે. જો કે, સંસારમાં શૂરા તો ઘણા હોય છે. કોઈ દાનશૂરા, કોઈ યુદ્ધશૂરા વિગેરે હોય છે. પરંતુ તે જ્ઞાનીઓની દૃષ્ટિએ શૂરા કહેવાતા નથી. પણ માયામમતાનો ત્યાગ કરી. આત્મધ્યાનમાં રમણતા કરી, સમત્વનો પ્રગટભાવ કરે તેજ સત્યશૂરા કહેવાય. આત્મધ્યાનમાં એકદમ રમણતા થવી અશક્ય છે. પ્રથમ ભેદજ્ઞાનરૂપી રવિ–સૂર્યનો ઉદય થાય ત્યારે મોહતિમિર–અંધકાર દૂર ખસે છે. માટે પ્રથમ ભેદજ્ઞાનની જરૂર છે. ભેદજ્ઞાન-એટલે જડ ચેતનની વહેંચણ. જે જે વિષયવિલાસોની ક્રિયાઓ કરવામાં આવે છે તે સઘળી જડના ઘરની છે. કર્મના આધારે ક્રિયાઓ કરાય છે. અને કર્મ, જડ છે. તે જડ કર્મના સંગી અને રંગી બનવાથી, સત્તાએ રહેલ નિર્મલ આત્મા ઉપર અનાદિકાલથી આવરણો આવે છે. તેથી મોહમમતારૂપી અંધકાર છવાએલ છે. પરંતુ જ્યારે સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય છે. ત્યારે તે અંધકાર ઘટવા માંડે છે. તે સમ્યગ્જ્ઞાન આત્માનો ગુણ છે. આ મુજબ ભેદજ્ઞાન થાય ત્યારે જ આત્મગુણોમાં રમણતા કરવાનો ભાવ જાગે છે. માટે પ્રથમ ભેદજ્ઞાન પ્રાપ્ત કરી, જડ ચેતનની વહેંચણ કરો. તેને સમ્યગ્જ્ઞાનીઓ વિવેક ખ્યાતિ પણ પહે છે. પછી ભેદજ્ઞાનના યોગે આત્મિક ગુણોમાં અનન્ય પ્રેમ જાગશે. અન્ય પદાર્થોમાં આસક્તિ જે હશે તે પણ ટળવા માંડશે. "અમૃત આસ્વાદ્યા પછી વિષમાં પ્રેમ રહેતો નથી. આત્માનું ધ્યાન ધરવું તે અમૃત સમાન છે. અને તે સિવાય દુન્યવી પદાર્થોનું ધ્યાન ધરવું તે વિષ

બરોબર છે. વિષયના વિકારો જ્યારે વિષ જેવા લાગે છે ત્યારે આત્મગુણોમાં લીનતા થાય છે. ઈયળને જ્યારે ભમરી ચટકાવે છે. ત્યારે એકતાનો અનુભવ કરતાં તે ઈયળ ભમરી રૂપે થાય છે. તે મુજબ આત્મધ્યાનના યોગે જ, અન્તરાત્મા, પરમાત્મા બને છે. જીવ તે, શિવ સ્વરૂપે બને છે. અનંત-સુખના સ્વામી પરમાત્મા બનવું હોય તો, વિવેકખ્યાતિ ભેદજ્ઞાન પ્રાપ્ત કરો. જડ પદાર્થોમાંથી આસક્તિનો ત્યાગ કરી, ચેતનના ઘરમાં આવો. સંસારના પદાર્થોની આસક્તિએ ચાર ગતિમાં પરિભ્રમણ કરાવી, આત્મધન, દગો કરવા પૂર્વક લૂંટી લીધું છે. તેમ જ અસહ્ય પીડાઓ ઉપજાવી છે આવી આસક્તિનો ત્યાગ જરૂર કરવો જોઈએ જ. અરે કલ્યાણ-કામીજનો? જીવિત અલ્પ છે. કામ, ઇચ્છાઓ તમારી ધારણા મુજબ પૂર્ણ થવી અશક્ય છે. જીવન વધારી શકાતું નથી. તેમજ કામકામી મનુષ્યો, શોક, સંતાપ વિગેરે અગર મર્યાદા, સંયમ વ્રતાદિકનો લોપ કરે, છતાં તેઓની ઇચ્છાઓ અને ધારી રાખેલ આશા પૂરી થતી ન હોવાથી પોતાની કામાસક્તિ જન્ય રાગ, દ્વેષ, અદેખાઇ વિગેરેના કારણે ઘણા પીડાય છે. અને વલોપાત કરવામાં બાકી રાખતા ન હોવાથી સ્વશક્તિઓ વૃથા ગુમાવી બેસે છે. માટે હે ધીરપુરૂષો! તમારે કલ્યાણ કામી બનવું હોય તો, આશા તૃષ્ણા અને સ્વચ્છંદતાનો ત્યાગ કરો. આવા કારણો પામી સંસારમાં રખડવાનું બંધ થશે, જેઓએ ધર્મશાસ્ત્રોનો મર્મ જાણ્યો નથી. અને અહંકારી, લંપટી, લુબ્ધ છે. તથા

પાંચ ઇન્દ્રિયોના વિષયોનું પોષણજ કરવામાં સુખ માની બેઠા છે. તે ફાવે તેમ વર્તન રાખે. તે તમારે જોવાનું નથી. ભલે પછી કોઈ પંડિત હોઈ, ભાષા ઉપર કાબુ મેળવી, સભા ગજાવતો હોય તે પ્રજ્ઞાવાન્ કહેવાય નહિ. તે આત્મ-વિકાસ કરવામાં ક્યાંથી સમર્થ બને? પ્રજ્ઞાવાન્ સાચો ક્યારે કહેવાય કે, શુદ્ધ વ્યાવહારિક કાર્યો કરવા પૂર્વક આત્મતત્ત્વને રીતસર ઓળખે ત્યારેજ. માટે તેઓને દેખીને પણ રાગ, દ્વેષ, અદેખાઈ કરો નહિ. તેઓ પણ જ્યારે બુદ્ધિ, પ્રજ્ઞાનો જે મદ થએલ હોય તેનો ત્યાગ કરી આન્તર નિરીક્ષણ કરશે ત્યારે તેમની પંડિતાઈ સફલ બનશે વ્યવ-હારમાં ધર્મ કરનાર જોવામાં આવે છે. તે દાન, શીયળ, તપ, ભાવનારૂપ ધર્મમાં જો કીર્તિ, યશ, પ્રસિદ્ધિની આશા હોય તો, તે ધર્મ શુદ્ધ કહેવાતો નથી. આશંસા રહિત ધર્મ કરવામાં આવે તો જ આત્મવિકાસ સધાય છે. તેથી આરાધેલ ધર્મનું યથાર્થ ફલ મળે છે. એવા યથાર્થ ફલના કામીજનો અમૃતને પામે છે. અને રોગ, શોકાદિને નિવારી નિર્ભયતાયે આત્મધર્મમાં ખેલતા હોય છે. રમણતા કરતા હોય છે. આવા મહાભાગો, અનુક્રમે મોહમમતાનો ત્યાગ કરી, છેવટે નિર્નામી બને છે. અને અનંત રિદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિના સ્વામી થાય છે. આ મુજબ ઉપદેશ આપી. હવે સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી સમત્વ ભાવનો લાભ લવા માટે પાંત્રીશમા પદની રચના કરતાં ફરમાવે છે કે,

( રાગ–સોરઠ )

સાધુભાઇ સમય સુધારસ પીજે,
અન્તર આતમ હીરો પરખી,
સુખકર તેહ ગ્રહીજે, સાધુ૦ ॥૧॥

શુદ્ધ સ્વરૂપે રૂપારૂપી, નિત્યાનિત્ય વિલાસી,
પર પુદ્ગલથી ન્યારો વર્તે, લોકાલોક પ્રકાશી.
સાધુ૦ ॥૨॥

અન્તર અખય ખજાનો ભારી, વર્તે છે સુખકારી,
લક્ષ્ય લગાવી લેવો ભાઇ, સમજો નર ને નારી.
સાધુ૦ ॥૩॥

વેદક આતમ પણ નહિ વક્તા, અનુભવ અન્તર ધારો,
ખેલે આતમ આપ સ્વભાવે, તો હોવે ભવપારો.
સાધુ૦ ॥૪॥

જો સમજે તો સમજી લેને, મળીયું ઉત્તમ ટાણું,
જેવું ઉત્તમ ષડ્રસખાણું, તેવું શિવ વહુ આણું.
સાધુ૦ ॥૫॥

નિજપદવાસી તું અવિનાશી, છે તું ગુણગણરાશી,
બુદ્ધિસાગર આતમધ્યાને, ઝગમગ જ્યોત વિલાસી.
સાધુ૦ ॥૬॥

સદ્‌ગુરૂ ફરમાવે છે કે, સમતાના યોગે કોઈ પણ મનુષ્ય, કૈવલ્યજ્ઞાનને પામી અનંત શુદ્ધિના સ્વામી બને છે. આવું સમ્યગ્‌જ્ઞાન પામી તે મુજબ વર્તન રાખી માયા મમતાનો ત્યાગ કરે ત્યારે જ, અનંતજ્ઞાનાદિના ભોક્તા બને છે. એકદમ એવા શુદ્ધિ વિગેરેના સ્વામી બનતા નથી. માટે હે સાધુભાઈ? પ્રથમ વિષયરસને નિવારી, લાગણીપૂર્વક, સમય કહેતાં આગમ રસને પીઓ. સિદ્ધાંતના રહસ્યને જાણો. આગમરસનું પાન કરી હૈયામાં પચાવો. ત્યારપછી આત્મહીરો પરખાશે. અને સમૃદ્ધિદાયક સત્યસુખ છે. તેનું ગ્રહણ થશે. માટે સિદ્ધાંત રસને જાણી પચાવવાની જરૂર છે. આગમોને જાણશો તેથી આનંદ પણ આવશે. પણ તે રસને પચાવ્યા સિવાય અર્થાત્ તે મુજબ શક્ય વર્તન કર્યા સિવાય આત્મતત્ત્વરૂપ હીરો હસ્તગત થશે નહિ. તેનો અક્ષય પ્રકાશનો લાભ મળશે નહિ. રસને પચાવ્યા પછી વિષયકારોની મીઠાશ, વિષ સમાન લાગશે. અને આગમરસથી આત્મ કોહીનુર હીરો પરખાશે. અને ગ્રહણ કરી શકાશે. પછી જ અહંકાર, મમત્વના યોગે સમત્વને આવવાનો અવકાશ મળશે. તે પણ કેવલજ્ઞાની, જે સમત્વનો અનુભવ કરે છે તેવો તો નહિ. કારણ કે સમત્વને આવવા માટે માર્ગ ખુલ્લો થયો. સરલ અને સુગમ બન્યો. પરંતુ હજી તો રાગ, દ્વેષ–મોહાદિક પાતળા બન્યા છે. પણ મૂલમાંથી નાશ પામ્યા નથી. માટે સમતાને આવવાનો માર્ગ મળ્યા પછી ઘણો ઉપયોગ રાખવાની આવશ્યક્તા છે. રખેને

મોહાદિકનું ધાડું પડે નહિ. અને સમતાને લૂંટી લે નહિ. કારણ કે અગીયારમા ગુણસ્થાનકે આરૂઢ થએલ, ઉપશાંત વીતરાગી મુનિવર્યો પણ પ્રમાદના યોગે ત્યાંથી પડયા છે. માટે ઘણી સાવધાની રાખવાની જરૂર છે. આર્તધ્યાનમાં, રૌદ્રધ્યાનને અવકાશ ન મળે. તે માટે જરૂર ચોકીદાર બનો. અને બનતાં સુધી ચોકીદાર બનવાની આવશ્યક્તા છે. તેથી વિઘ્નો તથા વિપત્તિ ટળી જાય છે. અને સગાવહાલાને પણ ધર્મક્રિયાઓ કરવા પૂર્વક આત્મતત્ત્વમાં પ્રેમ જાગે છે.

**એક નગરમાં પ્રજાપાલ નામે નૃપતિ હતો.** તે ધર્મને તથા પુણ્યને માનતો નહિ. તે રાજાને તેનો સુમિત્ર નામે પ્રધાન હતો. તે સદાય ધર્મની વ્યાખ્યા કરી પ્રતિબોધ આપતો કે, અરે રાજન્! તમે નૃપતિ બની, રાજ્યસાહ્યબી સમૃદ્ધિ વૈભવાદિ ભોગવો છો. અને બીજાઓ તમારા અનુયાયી બની તમારી આજ્ઞા ઉઠાવી સેવા બજાવે છે. તેનું કારણ તો હોવું જોઈએ ને? ધર્મક્રિયાના યોગે જે પુણ્યોદય થએલ છે. તે દ્વારા તમો સઘળી સાહ્યબી, સંપત્તિના સ્વામી થએલ છે. એમ મારૂં સત્ય માનવું છે. આ મુજબ પ્રતિબોધ આપતા, રાજા કહે છે કે, સાક્ષાત્ ધર્મનો પ્રભાવ દેખવામાં આવે તો માનું. કારણ કે, સ્થાન, સ્થિતિને પામી જીવાત્માઓ, રાજાઓ, નોકર, ચાકર, બને છે. એક આરસપહાણના બે કકડાઓ છે. તેમાંથી એકની પ્રતિમા બને છે. અને તેનું પૂજન થાય છે. માણસો પાયે લાગી સ્તુતિ કરે છે. અને બીજાના સોપાન, પગથીઆ બને છે.

તે સ્થાન વિશેષને લઇને જ. આ મુજબ સાંભળી, પ્રધાને કહ્યું કે, તમો પણ ધર્મનો સાક્ષાત્ પ્રભાવ દેખશો ત્યારે માનશો ને ! "હા" જરૂર માનીશ. પ્રધાન વ્રતધારી હોવાથી દરરોજ સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુપૂજા, સદ્ગુરૂની ઉપાસના, પ્રાણીઓ પ્રત્યે અનુકંપા, ગુણાનુરાગ અને શાસ્ત્ર-શ્રવણ વિગેરે ધાર્મિક ક્રિયાઓમાં આળસ કરતો નહિ. એક દિવસે સામાયિક થએલ ન હોવાથી, રાત્રીમાં સામાયિક કરીને આત્મધ્યાનમાં રહેલા છે. ચોકીદાર બની પોતાના દોષોને દૂર કરી રહેલા છે તેવામાં પ્રજાપાલ રાજાએ. રાજ્ય સંબંધી મહાન્ કાર્ય આવેલ હોવાથી, એક સુભટને, પ્રધાનને બોલાવવા માટે મોકલ્યો. સુભટે પ્રધાનની પાસે આવીને કહ્યું. મહાન્ કાર્ય આવેલ હોવાથી મહારાજા તમોને જલ્દી આવવાનું કહે છે. માટે જલ્દી આવો. પ્રધાને કહ્યું કે, અત્યારે આત્મચિન્તવનમાં છું. માટે આવી શકીશ નહિ. સવારમાં જ આવવાનું બની શકશે. આ મુજબ સુભટે સાંભળી આવીને રાજાને કહ્યું. ક્રોધાતુર બની રાજાએ સુભટને કહ્યું કે, અત્યારે ન આવે તો કહેજે કે, પ્રધાનપદની મુદ્રિકા પાછી આપો અને પ્રધાનપદથી બરતરફ કરવામાં આવે છે. સુભટે પ્રધાનની પાસે આવી, રાજાએ કહેલી બીના કહી. પ્રધાને મુદ્રિકા પાછી સુભટને આપી. કારણ કે આત્મધ્યાનનો પ્રભાવ, મુદ્રિકા કરતાં અત્યંત માનતો હતો. હવે સુભટે મુદ્રિકા લીધી. અને ગમ્મત, કૌતુક કરવા પોતે પહેરીને બીજા સુભટો આગળ કહેવા લાગ્યો. અરે તમો દેખો ? હું પ્રધાન

છું. તમારે મારી આજ્ઞા માનવી. આ મુજબ બોલી રહ્યો છે તેવામાં શત્રુરાજાએ આ રાજાના, ધાર્મિક અને પ્રવીણ પ્રધાનને મારી નાંખવા મોકલેલા, શસ્ત્રધારી સુભટોએ તલવાર વડે કૌતુક કરવા બનેલ સુભટની કતલ કરી. કારણ કે, તે સુભટોએ તેને સાચો પ્રધાન માન્યો હતો. રાજાએ મુદ્રિકા લેવા મોકલેલ સુભટને પ્રધાને મારી નંખાવેલ માની, અત્યંત કોપાતુર બની પ્રધાનના ઘેર આવતાં, બીજા સુભટોએ મોકલેલા સુભટની બીના કહી. મહારાજા દેખો તો ખરા. આત્મધર્મનો, તેના ચિન્તવનનો કેવો પ્રભાવ છે. આપણો પ્રભાવ, તે પ્રધાન આગળ વૃથા ગયો. પ્રધાન પાસેથી લીધેલી મુદ્રિકા, મોકલેલ સુભટે પહેરી અને કહેવા લાગ્યો કે, હું પ્રધાન છુ. અમારી આજ્ઞા તમારે માનવી. આ મુજબ સાંભળી શત્રુરાજાના સુભટોએ તેને મારી નાંખ્યો. પ્રધાન બચી ગયો. રાજાને અચંબો થયો. ત્યારબાદ સવારમાં પ્રધાને રાજાને કહ્યું કે, આત્મધ્યાનમાં રહેવાથી જ મારૂં રક્ષણ થયું. અન્યથા માર્યો જાત. રાજાએ હવે ધર્મનું ફલ સાક્ષાત્ દેખી, બારવ્રતોની આરાધનાપૂર્વક આત્મધ્યાનમાં રહેવા માટે કાળજી રાખી. રાજા અને પ્રધાન ધર્મની આરાધના કરતા હોવાથી પ્રજા પણ ધર્મની આરાધના કરવા લાગી. એટલે વ્રત નિયમોને ધારણ કરવાપૂર્વક ધર્મધ્યાનમાં રહેવાની જરૂર છે. કારણ કે, તેના યોગે વિઘ્નો, વિપત્તિ વિગેરે દૂર ખસે છે. અને આત્મહીરો પરખાય છે. કેટલાક એમ કહેતા સંભળાય છે કે, "**બીજાઓને**

**મારીને મરવું.** " ભયપામી, અગર નાશી જઇને મરવું નહિ. પરંતુ બીજાઓ કોણ કોણ છે. તેઓને ખબર ન હોવાથી એમ માની બેઠેલા હોય છે કે, સામે આવેલા શત્રુઓને મારીને મરવું. તેમાં તો ઘણું જોખમ અને વૈર વિરોધાદિનો પાર નથી. કદાચ બહારના શત્રુઓને મારી જીવતો રહે. તો પણ મારનારને શાંતિ ક્યાંથી થાય? કારણ કે વૈરવિરોધની પરંપરાની ભયંકરતા નાશ પામી નથી. માટે આ તેમનું મન્તવ્ય અસત્ય છે. અને દુર્ગતિમાં ફસાવનાર છે. સત્ય તો અન્તરના શત્રુઓ, જેવા કે, રાગ, દ્વેષ, મોહજન્ય કર્મ બંધાય છે. અને તેના યોગે જે, ક્રોધ, માન, માયા, લોભ વિગેરે જ છે. તેઓને વ્રતાદિકની આરાધના કરવા પૂર્વક આત્મધ્યાન દ્વારા હઠાવવા. અને આત્મવિકાસમાં આગળ વધવું. તે ક્રોધાદિને મારીને મરવું. જેથી ઉત્તરોત્તર આત્મોન્નતિ સધાય. અને અનુક્રમે આત્મા, શુદ્ધ, પોતાના સ્વરૂપે આવી નિવાસ કરે. અને ભવોભવની પરંપરા ટળે. સદ્ગુરૂ કહે છે કે, જ્યારે આત્મા, રાગ, દ્વેષ અને મોહાદિકથી મુક્ત બને છે. ત્યારે શુદ્ધ સ્વરૂપી તથા નિત્યાનિત્યવિલાસી, અને પુદ્ગલોથી ન્યારો વર્તે છે. અને લોકાલોક પ્રકાશી બને છે, તથા અનંતસુખનો. અક્ષય ખજાનો હોવાથી સર્વથા, સર્વદા અને સર્વત્ર સત્ય સુખમાં ઝીલે છે. આવા આત્માને શુદ્ધ સ્વરૂપી કરવા માટે, અરે સાધુભાઇઓ તેમજ નરનારીઓ લક્ષ્યમાં રાખી વ્યવહારના કાર્યો કરો. અને આત્મધ્યાનના યોગે, અન્તરાત્મા બની,

પરમપદને પ્રાપ્ત કરો. અન્તરાત્મા બન્યા સિવાય તમોએ કરેલો વ્યવહાર વૃથા જશે. અને કર્મબંધનું કારણ બનશે. ભલે પછી જગતમાં કુશળ, પ્રવીણ ગણાતા હો. અને પ્રસિદ્ધિ પામેલ હો. તેથી અન્તરાત્મા બનાતુ નથી. અન્તરાત્મા જ્યારે આત્માનુભવ પામે છે. ત્યારે તે અનુભવ કેવો છે. તે મુખે કહી શકાતો નથી. કારણ કે, તે અરૂપી છે. રૂપરંગ વિનાનો છે. એ તો જે પામે, તે તેનો અનુભવ કરે. સંસારના વિકારી સુખનો અનુભવ કહી શકાતો નથી. તો પછી નિર્વિકારી અનુભવ સુખ ક્યાંથી મુખે કહી શકાય. માટે એવા નિર્વિકારી અનુભવને લક્ષ્યમાં ધારી રાખો. આ પ્રમાણે અન્તરાત્મા બની, આત્મ સ્વરૂપે જ્યારે ખેલવા માંડશે, રમણતા કરશે ત્યારે, ભવની પરંપરા મૂલમાંથી નાશ પામી, સંસાર સાગરની પાર જવાશે. આ મુજબ વર્ત્યા વિના આધિ, વ્યાધિ વિગેરેનો પાર આવતો નથી. ખાવાપીવાની તથા પરિવાર વિગેરેની ચિન્તા હોય નહિ તો પણ, અન્તરના રાગ, દ્વેષ, મોહ વિગેરે શત્રુઓ બેઠા છે. તે જપવા દેતા નથી. આધિ, વ્યાધિ કરવાના જ. માટે હે સમજુ શાણાઓ? મનુષ્યજન્મ પામીને આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાનું ટાણું, અવસર રૂડો મલ્યો છે. માટે પ્રમાદ કરશો નહિ. આવો અવસર વારે વારે મળતો નથી. અવસરે ખેતી પાકે છે. યુવાનીમાં આત્મકલ્યાણ, ધર્મક્રિયા સારી રીતે થાય છે. બાલકોને પ્રાયઃ ધર્મક્રિયામાં પ્રેમ હોતો નથી. વૃદ્ધાવસ્થામાં તાકાત ઓછી થતી જાય છે. માટે યુવા-

-નીમાં આત્મકલ્યાણ સાધવા તૈયાર રહેવું જોઈએ. ષડ્રસ-વાળા ભોજનમાં તથા વિવિધ સંગીતો સાંભળવામાં તેમજ મોજમજામાં જેવો પ્રેમરસ છે. તે મુજબ આત્મહિત સાધવામાં પ્રેમ રાખશો એટલે શિવવધુને વરવામાં પ્રીતિ રાખશો તો, સર્વ સંકટો, વિપત્તિ નાશ પામશે. અને અવિનાશીપણું પ્રાપ્ત કરશો. અવિનાશીપણુ તમારી સત્તામાં સમાએલ છે. જ્યારે તે પ્રાપ્ત કરશો ત્યારે ગુણગણના ભંડાર બનશો. તમારામાં સત્તાએ કૈવલ્યજ્ઞાન પણ રહેલુ છે. પરંતુ આત્મધ્યાનના યોગે સર્વથા, સર્વદા કર્મમલ નાશ પામશે ત્યારે જ તે, અવિનાશીપણું અને સાથે સાથે મળેલ કેવલજ્ઞાનના સ્વામી બનશો. તે માટે સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ફરમાવે છે કે, આત્માની રમણતાના યોગે, ઝગમગ જ્યોતિના વિલાસી બનશો. સ્વ-સ્વરૂપમાં નિરન્તર ઝીલ્યા કરશો. માટે સંસારની ભૂલભૂલા-મણીમાં ફસાશો નહિ. જો સંસારના ચક્રવ્યુહમાં સપડાયા તો, ક્રોધ, માન, માયા, લોભ, અદેખાઈ વિગેરે જે મોહ નૃપના યોદ્ધાઓ છે. તે તમોને આત્માની ઓળખાણ કરવા દેશે નહિ. અને વારંવાર વિઘ્નો ઉભા કરશો.

એક શેઠની માફક—એક ધનાઢ્ય શેઠને ચાર પુત્રો તથા પુત્રીઓ વિગેરેનો ઘણો પરિવાર હતો. તે સઘળો પરિવાર તે શેઠની મરજી મુજબ આજ્ઞાને ઉઠાવી સર્વ કામો કરવામાં ખામી રાખતો નથી. તેથી શેઠને ઘણો આનંદ પડતો. પરંતુ તે પરિવારમાંથી કોઈ માંદુ પડતું અગર

વ્યાધિગ્રસ્ત બનતું ત્યારે તેમને ઘણો કંટાળો આવતો. તથા વેપારમાં જ્યારે યથેચ્છ લાભ મળતો નહિ ત્યારે નિરાશ બની ચિન્તામાં બળતા. પણ તેમને એટલી માલુમ હતી નહિ કે, સંસારમાં સર્વથા અનુકુળતા ક્યાંથી રહે! ભલે પછી પોતે એમ માને કે, સંસાર સોનાની થાળી જેવો છે. પણ તેને લોઢાની મેખ લાગતા વિલંબ થતો નથી. આવા સંસારમાં પુત્રાદિ પરિવારના યોગે સુખ માનવામાં બુદ્ધિમત્તા માનવી તે, બાલિશતા કહેવાય. યુવાનીમાં તો વૈભવવિલાસના યોગે સુખ જેવું ભાસ્યું. પણ વૃદ્ધાવસ્થામાં તાકાત ઓછી થતાં અને પુત્રપરિવાર આનંદમાં મહાલતો હોવાથી તથા પોતાને વ્યાધિઓએ ઘેરી લીધેલ હોવાથી ઘણો ખેદ, વલોપાત કરવા લાગ્યા. કારણ કે ધાર્યા મુજબ ખવાતું નથી. ખાવા જાય તો અજીર્ણ થાય, તેમજ ઉલ્ટી થાય. આવી સ્થિતિમાં સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું બનતું હોવાથી શાંતિ ક્યાંથી હોય? પરંતુ જુવાનીમાં ધર્મક્રિયાના યોગે આત્માની વિચારણા કરી ધ્યાન કર્યું હોત તો, સર્વ દુઃખો સહન થાત. અને શુભ ભાવનાના યોગે ચિન્તા, ખેદ, દ્વેષાદિ રહેત નહિ. અને મમત્વ પણ ખસતું જાત. હવે તો શેઠને આખર સ્થિતિ આવી લાગી. પથારીમાંથી ઉભા થવાતું નથી. તેમજ બોલી શકાતું નથી. તેથી તેમના પુત્રો કહેવા લાગ્યા. બાપાજી! હવે મનમાં સારી ભાવના ભાવીને, રાગદ્વેષ મોહાદિકનો ત્યાગ કરો. અને તમારી ઈચ્છા હોય તો સાત ક્ષેત્રોમાં તમારી સમક્ષ દાન કરીયે.

અનુમોદનના યોગે તમોને પુણ્ય બંધાશે. આમ કહીને ચાર પાંચ હજાર રૂપિયાની થેલીઓ તેની આગળ મૂકી. શેઠે ઈસારો કર્યો કે. આ સઘળી થેલીઓ મારી છાતી ઉપર મૂકો. એટલે મને શાંતિ થાય. પુત્રોએ કહ્યું કે, જો છાતી ઉપર મૂકીશું તો તરત મરણ પામશો. ભલે મરણ પામીશ. પણ સાથે આવશે ને ! બાપાજી ! એક રૂપિયો પણ સાથે આવશે નહિ. અને એકત્ર કરેલ ધનમાં જો મમતા રહેશે તો સાપ થશો. અને અમોને પજવશો. માટે અમો દાન કરીએ. તમો અનુમોદના કરો. તેથી જે પુણ્યબંધ થએલ હશે તે જ સાથે આવશે. પણ યુવાનીમાં ધન કમાવામાં અત્યંત પ્રેમ હોવાથી, આખર સ્થિતિમાં અનુમોદના પણ ક્યાંથી થાય ? તે તો ઈસારો કરવા પૂર્વક બોલ્યા કે, મારી છાતી ઉપર જ મૂકો. મૂકો.આ મુજબ દેખી પુત્રો તથા પરિવાર હસવા લાગ્યો. સમ્યગ્જ્ઞાનીને ખેદ થયા વિના રહે કે ? માટે સદ્ગુરૂ કહે છે કે, યુવાનીમાં જ આત્મતત્ત્વને પ્રાપ્ત કરવા તત્પર બનવું. પરવસ્તુઓમાં રાચીમાચી રહેવાથી સત્યજ્ઞાન, ધ્યાનના લહાવા મળે ક્યાંથી ? હવે સદ્-ગુરૂ સૂરીશ્વરજી આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા છત્રીશમા પદની રચના કરવા પૂર્વક ઉપદેશ આપે છે કે, શુદ્ધિને પ્રાપ્ત કરવા જ્ઞાન મેળવો.

( મનસા માલિનીએ જીવો ગોરખ—એ રાગ )

**નિર્ભય બ્રહ્મરૂપી તું સદા છે, શોધતો કયાં અન્યમાં;**
**ઉપાદાન કારણ થકી નહિં, ભિન્ન તું કો કાલમાં;**

શુદ્ધ મારગ ઓળખીને, ઉલટ મારગ મા ચાલ.
નિર્ભય૦ ॥૧॥

ઝાંઝવાના પાણી જેવી, જુઠી માયા જાળજી;
ભ્રમણામાંહી ભૂલી વ્હાલમ, ધૂલી શિર મા ડાલ.
નિર્ભય૦ ॥૨॥

સૂરજ વાદળ વીંટીયો પણ, કદી નહી બદલાયજી;
ધ્યાન વાયુ યોગે તારૂ, શુદ્ધ રૂપ પ્રગટાય.
નિર્ભય૦ ॥૩॥

આપોઆપ વિચાર હંસા, સોઽહં સોઽહં ધ્યાનજી;
બુદ્ધિસાગર આતમા સો, સિદ્ધ બુદ્ધ ભગવાન્.
નિર્ભય૦ ॥૪॥

સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી, આત્મતત્ત્વને અન્યમાં શોધનારને ઉપદેશ આપે છે કે, અરે માનવ ? બહારના પદાર્થોમાં શોધ કરનારને આત્મતત્ત્વ કદાપિ અનુભવમાં આવશે નહિ. જે પોતાની પાસે રહેલ હોય તે અન્યત્ર શોધતાં ક્યાંથી મળશે ! તારો આત્મા સત્તાએ નિર્ભય અને બ્રહ્મરૂપી, જ્ઞાનમયી છે. તેને સદા શોધ ? એનો અનુભવ આવતાં તેને અન્યત્ર શોધવાનો રહેશે નહિ. ઉપાદાન કારણથી કોઈ પણ કાલમાં તું તેનાથી જુદો નથી. જ્ઞાન, દર્શનાદિ તારામાં સદાય રહેલું છે. માટે શુદ્ધ માર્ગે ગમન કરી તેઓને પ્રાપ્ત કર. હાલમાં જે માર્ગે તું ચાલી રહેલ છે,

તે ઉન્માર્ગ છે. તેનો ત્યાગ કરવાપૂર્વક ઉપાદાનના જે જે સાધનો છે. તે માર્ગે જરૂર ચાલ ? તેથી તું નિર્ભય બનીશ. ચિન્તા, શોક, સંતાપ રહેશે નહિ. નહિતર અન્યથા માર્ગે ગમન કરતાં અકથ્ય વિપત્તિઓમાં ફસાવું પડશે. માટે સમજી, સંકટો આવે નહિ તે મુજબ સાધનો મેળવવા માટે કોશીશ કરવી જોઇએ. આત્મતત્ત્વની પ્રાપ્તિ કરતાં ઘણા વિઘ્નો આવે તો પણ, પાછળ હઠવું નહિ જ. વિષયવિલાસની વાસના રહેલી હોવાથી, ધર્મની આરાધના કરવામાં આળસ આવશે. પણ તેણીને દૂર કરવી. આળસથી સાધનો હોતે છતે પણ સાધ્ય સધાતું નથી. આળસ, શત્રુ સમાન છે. તેણીને દૂર કરવા જેવી છે. પ્રમાદના યોગે, આળસના યોગે, ઘણા દોષો સેવાય છે. અને ખરાબ સોબતના યોગે, મદ્ય, માંસ, વિષય, કષાય અને વિકથાની વાતો પ્યારી લાગે છે, અભક્ષ્યમાં પ્રેમ જાગે છે. માટે આત્મધર્મને દોષિત કરનાર એવા પ્રમાદને દૂર કરી, આત્મતત્ત્વનો આવિર્ભાવ કરનાર ઉપદેશ આપનાર, સદ્ગુરૂ પાસે સદા જવું. તેમના ઉપદેશામૃતનું પાન કરવું. હૈયામાં પચાવવું, તેથી પ્રમાદ દૂર થશે. તેમજ આત્મધર્મને ઓળખવા માટે પ્રેમ જાગશે. પ્રેમ જાગ્યા પછી કોઇની ઇર્ષ્યા, અદેખાઈ કરતા નહિ. અદેખાઇ કરવાથી જે પ્રેમ જાગ્યો છે, તે દોષિત બનશે. અને તે પ્રેમ ખસવા માંડશે.

એક નગરમાંથી ચાર મિત્રો પરદેશની મુસાફરીએ નિકળ્યા છે. પણ માંહોમાંહે ઇર્ષ્યા ધારણ કરતા હોવાથી

કોઈને કોઈનો વિશ્વાસ નથી. બધાયને ધનાઢ્ય બની વૈભવમાં મહાલવું છે. પણ ધન વિના વૈભવવિલાસ મળે નહિ. તેથી સાથે સાથે નિકળ્યા. મુસાફરી કરતાં એક ગાઢ જંગલમાં આવીને થાકી ગએલ હોવાથી પીંપળાના વૃક્ષ નીચે આરામ લેવા બેઠા. ત્યાં વનના ફલોની પ્રાપ્તિ થએલ હોવાથી શ્રમ ઉતર્યો. અને રાત્રીમાં પણ તે જગ્યાએ રહ્યા. ચાર મિત્રો પૈકી એક ચોકી કરે છે. અને ત્રણ મિત્રો ઉંઘી ગયા. તેવામાં પીંપળાના ઝાડ ઉપર રહેલા દેવે તેઓની મિત્રાચારી કેવી છે. તેની પરીક્ષા કરવા એક સોનાનો પુરૂષ લટકાવ્યો. અને બોલવા માંડ્યું કે, પડુ! પડુ! આ મુજબ સાંભળીને ચોકી કરતા મિત્રે કહ્યું "પડ" સોનાનો પુરૂષ નીચે પડ્યો. તે દેખી તેનું મન લલચાયું. અને વિચાર કરવા લાગ્યો કે, જે ત્રણ મિત્રો નિદ્રાવશ બન્યા છે. તે જાગ્રત થયા પછી ભાગ માગશે. માટે બીજા સ્થલે આને દાટી દઉં. આમ વિચાર કરી ભૂમિમાં તેને દાટ્યો. એક પહોર વીત્યા પછી બીજો જાગ્રત થયો. પ્રથમનો મિત્ર ઉંઘી ગયો. ત્યારપછી પ્રથમની માફક સોનાનો બીજો પુરૂષ, બોલવાથી તેણે પણ કહ્યું કે, પડ. પડ. પડેલા પુરૂષનો પ્રથમનો મિત્ર તથા બીજા બે મિત્રો ભાગ માગશે. આમ વિચાર કરીને બીજાએ પણ અન્યત્ર તેને દાટ્યો. આ મુજબ વારાફરતી જાગીને ચારે મિત્રો સોનાના પુરૂષને દાટી આવ્યા. અને અન્યોઅન્ય ભાગ માગે નહિ તે માટે મારી નાંખવાનો વિચાર કરવા લાગ્યા. દેવે કહ્યું કે, તમો

માંહોમાંહે મારવા તૈયાર થયા છો. તો, તમારી મિત્રાચારી ક્યાં ગઈ ! નીકળ્યા છો કમાવા ખાતર, અને અરસપરસ સોનાના પુરૂષનો ભાગ માગશે ! આમ ધારી શા માટે મરવા તૈયાર થએલ છો. તમોને દરેકને સોનાનો પુરૂષ મળેલ છે. તેની તમોને માલુમ નથી. પરંતુ તમારી ઇર્ષ્યા, અદેખાઇથી તે પુરૂષો તમારા હાથમાં આવશે નહિ. ચાલ્યા જાઓ. આ મુજબ કેટલાક અજ્ઞાની મનુષ્યો, ધર્મની આરાધનામાં તત્પર બને છે. પણ, માત્સર્યનો ત્યાગ કરતા નથી. પ્રથમ પ્રમાદ તો હતો. તેમાં ઇર્ષ્યા, અદેખાઇના યોગે ધર્મક્રિયાઓને પણ તેથી દોષિત બનાવે છે. અને પાછા બબડે છે કે, ધર્મક્રિયા કરતા યથેચ્છ ફલ મળતું નથી. કહો ? આમાં કોનો દોષ ! કરનારનો કે ક્રિયાનો ? ધર્મક્રિયા કરનારનો જ કહેવાય. તથા આત્મધર્મની આરાધના કરનારાઓએ કદાગ્રહ રાખવો નહિ. અનેક દૃષ્ટિ દ્વારા તપાસ કરવી. તેથી ધર્મની આરાધના રૂડી રીતે થાય છે. અને ફલવતી બને છે. અન્યથા ઝગડા, બખેડા થાય, અને આરાધનામાંથી પાછળ હઠાય. કારણ કે, કદાગ્રહના યોગે ક્રોધ, માનાદિક ઉપસ્થિત થાય છે. તેથી કરેલી આરાધના ફલવતી બનતી નથી. વિપરીત બની ઉન્માર્ગે લઇ જાય છે. કદાગ્રહથી ઉત્પન્ન થએલ ક્રોધ, દાવાનલ જેવો કહેવાય છે. ધર્મક્રિયા સાથે શારીરિક, માનસિક શક્તિઓને પણ હણી નાંખે છે. પછી સંતાપ, પરિતાપનો પાર રહેતો નથી. ત્યારપછી દંભ, કપટ, પ્રપંચ કરીને પણ ધાર્મિક તરીકે પ્રસિદ્ધ

ચવાની અભિલાષા થાય. આ મુજબ વર્તન કરવાથી તો દુર્ગતિનો બંધ પડે. તેથી જે વિધિ દર્શાવેલ છે, તે મુજબ ધર્મની આરાધના કરવી. અવિધિનો ત્યાગ કરવો. તથા કુસંગતિ થાય તેનો ત્યાગ કરવો જરૂરનો છે. ખરાબ સોબતથી આત્મધર્મની આરાધનામાં શંકા, કાંક્ષા, વિગેરે ઉભા થશે. તેથી ધર્મને બદલે અધર્મમાં સપડાવું પડશે. તેથી પ્રમાદનું અધિક જોર વધશે. ન્યાય, પ્રમાણિકતા પણ રહેશે નહિ. માણસાઈના બદલે પશુતા હાજર થશે. માટે કુગુરૂની સંગતિનો ત્યાગ કરવો તે પણ અગત્યનો છે. કારણ, શુદ્ધ રીતિએ તેમની સોબત, ધર્મની આરાધના કરવામાં પુનઃ પુનઃ વિઘ્નો ઉભા કરે છે. આવા આવા દોષોને નિવારશો ત્યારે આત્મધર્મની આરાધના કરવા સમર્થ બનશો. માટે દોષોને દૂર કરવા કાળજી રાખવી. અને આત્મતત્ત્વના જે સાધનો છે તેમાં પ્રેમ રાખવો. મોહ-મમતાની જંજાલમાં આસક્ત બનવું નહિ. તે તો ઝાંઝવાના જલ જેવી છે. સત્ય નથી. તેથી અસત્ય માર્ગે જવું નહિ. ક્ષણ વિનાશી માયાની જાલમાં જે આસક્ત બન્યા છે, મુગ્ધ બન્યા છે. તેની કેવી દશા થઈ છે તેની બરોબર તપાસ કરો. સદ્ગુરૂ કહે છે કે, આવી ભ્રમણામાં ભુલા પડી માથામાં ધૂળી નાંખો નહિ. તમારો આત્મા કર્મકાદવથી દબાએલ છે. નાશ પામેલ જ નથી. તે કાદવને દૂર કરશો ત્યારે તે પોતાના સ્વરૂપે ઝળહળી ઉઠશે. વાદળાને લઈને સૂર્યનું તેજ દબાએલ હોય છે. તે વાદળા જ્યારે વાયુના યોગે

ખસી જાય છે ત્યારે સૂર્ય સત્યરૂપે પ્રકાશે છે. તે મુજબ આત્માનું સત્ય સ્વરૂપ પ્રકાશશે. સદ્ગુરૂ ફરમાવે છે કે, વાદળાના યોગે સૂર્ય ઢંકાઇ રહેલ છે, પણ કદાપિ બદલાતો નથી. માટે ધ્યાન વાયુદ્વારા વાદળાને ખસેડો. ધ્યાન, સદ્ગુરૂ કહે તે મુજબ કરો. કોઈ પણ વિષય સુખની ઇચ્છા રાખો નહિ. તેવી ઈચ્છા રાખવાથી વિકલ્પ, સંકલ્પો વધ્યા કરશે. સદ્ગુરૂની વાણી સાંભળશો ખરા, પણ તે મુજબ વર્તન કરવા સમર્થ બનશો નહિ. "સંસારની આંટીઘુંટીથી કંટાળેલ લજ્જા, સદ્ગુરૂ પાસે આવી નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો કે, સૂરીશ્વરજી ? એવો કીમીયો બતાવો કે, ચિન્તા, શોક, સંતાપાદિ દૂર ભાગે. સદ્ગુરૂજીએ કહ્યું કે, અરે મહાનુભાવ ? ચિન્તા, વલોપાતાદિને દૂર ખસેડવા હોય, અગર બીજીવાર થાય નહિ તે માટે પ્રથમ દેવ તથા મનુષ્ય સંબંધી જે વિષયસુખની આશંસા, અભિલાષાઓ છે. તેનો ત્યાગ કરો. પછી જીનેશ્વરની પૂજાપૂર્વક ગુણાનુરાગી બનો. ગુણાનુરાગી બનવાથી જીનેશ્વરના ગુણોને આવવાનો અવકાશ મળે છે. પછી તેમના ગુણો અને પોતાના ગુણોનો મુકાબલો કરવાથી ધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. જ્યારે બરોબર ધ્યાનમાં સ્થિરતા થાય છે ત્યારે જ, ચિન્તા, સંતાપ વિગેરે દૂર ભાગે છે. જો આશંસા રહી જાય તો ધ્યાનમાં બરોબર સ્થિરતા થતી નથી. માટે ધ્યાન કરવાની અભિલાષાવાળી કોઈપણ વ્યક્તિએ તેની ઇચ્છા, આશાનો જરૂર ત્યાગ કરવો જોઈએ જ. તે સિવાય ચિન્તા, વલોપા-

તાદિ ટળતા નથી. આ કીમીયો સુખશાંતિ પ્રાપ્ત કરવાનો છે. આ મુજબ સાંભળી તે ભક્તે કહ્યું કે, ઇચ્છા, આશા, આશંસા રાખીશ નહિ. માટે. મને ધ્યાન કરવાનું શિક્ષણ આપો. ગુરૂદેવે તેની પરીક્ષા લેવા કહ્યું કે, ધ્યાન કરીને કોની અભિલાષા રાખીશ? દેવ થવાની કે મનુષ્ય થવાની? તેણે કહ્યું કે દેવત્ત્વમાં તેમજ મનુષ્યપણામાં ઘણી સુખશાંતિ પ્રાપ્ત થાય છે. સદ્ગુરૂદેવે કહ્યું કે, તેં મનુષ્યપણાને પ્રાપ્ત કર્યું છે. તો તને સુખશાંતિ હોવી જોઇએ. “ નહિ, નહિ. ” ગુરૂમહારાજ! દુઃખનો પાર નથી. તે પ્રમાણે દેવલોકમાં પણ ચિન્તાઓ તો રહેવાની જ. આ મુજબ સાંભળી કહ્યું કે અદ્યાપિ તું ધ્યાનને લાયક બન્યો નથી. માટે સમ્યગ્-જ્ઞાનને પ્રાપ્ત કરી જ્યારે કોઇ પણ ભવની ઇચ્છા રાખીશ નહિ અને તે સંબંધી સુખશાતાને નિવારીશ ત્યારે વિકલ્પો અને સંકલ્પો થશે નહિ. પછી ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત થશે. માટે સમ્યગ્જ્ઞાન મેળવી, સઘળી ઇચ્છાઓનો ત્યાગ કરવાપૂર્વક અને મોક્ષમાર્ગની અભિલાષા રાખી મારી પાસે આવજે. તેમજ સમ્યગ્જ્ઞાન મેળવવા આગમ, શાસ્ત્રનું શ્રવણ કર-વાનું ભૂલતો નહિ. તથા વૈરાગ્ય, સંવેગનો રંગ બરોબર લાગે તેવા પુસ્તકો પણ વાંચજે. તેથી સંસારની અસારતાના યોગે વિષયસુખની જે મીઠાશ છે તે ખસી જશે. ત્યારપછી અનિત્ય, અશરણ વિગેરે બાર ભાવના છે. તે ભાવ્યા કરજે. આ મુજબ મોક્ષમાર્ગનો ખ્યાલ આવશે. આ સિવાય શોક, સંતાપ વિગેરેને દૂર કરવાનો ઉપાય નથી. તેમજ પુનઃ

સાંભળ? અન્તરાત્મા બન્યા સિવાય ઉપરોક્ત ઉપદેશ, કેટલાકને પસંદ પડતો નથી. માટે આપેલ ઉપદેશ હૈયામાં રીતસર ધારણ કરવાપૂર્વક અન્તરાત્મા બની આત્માના ગુણો તરફ દ્રષ્ટિ રાખવાની જરૂર છે. તથા જે અન્તરદષ્ટાઓની આત્મમુખ, અગર અન્તરમુખ બનવાની યા માનવતા, નૈતિકતા, પ્રમાણિકતાને વિકસાવી, વિશ્વમૈત્રી સાધવાની શીખામણ ભૂલી જઇએ તો, આજની આ વૈજ્ઞાનિક આવિષ્કારોની ઉદ્‌ભટ જ્વાલા, જગતને વાસ્તવિક વિકાસના માર્ગપરથી ખસેડી, પ્રચંડ ઐશ્વર્ય, સત્તામદ અને ઉદ્‌ભટ વિલાસના ઘોર અંધકારમાં ઘસડી જઇ, વિનાશની ભીષણ ખીણમાં પટકી દેવામાં ફાવી જાય. મતલબ એ છે કે, બહિર્વિકાસની પ્રવૃત્તિધારા, અન્તર વિકાસની મુખ્યતાએ ચાલવી જોઇએ. એટલે વિજ્ઞાન અને આત્મવિકાસધર્મ એ બે પરસ્પર મળેલા હોવા જોઇએ. આ બન્ને સુયોગ્ય રીતે સ્થાપિત થવા જોઇએ. તો જ અભ્યુદય અને નિ:શ્રેયસનો માર્ગ મળી રહે. માટે અન્તર દષ્ટિ રાખી વ્યવહારના કાર્યો કરતા પણ ખરાબ વિચારો ખસવા માંડે. અને પરોપકાર કરવાની ઉત્કટ ભાવના જાગે છે. મરણાન્તે પણ તે ભાવનાના યોગે પરોપકારને કરવા ચૂકતા નથી.

કોઇ નગરના નૃપને પરાજય કરી, તેનો રાજ્યવૈભવ તથા સાધન સામગ્રીને લૂંટી લેવા માટે, એક બલવાન્ રાજા, ઘણા સુભટોનું સૈન્ય લઇ યુદ્ધ કરવા આવ્યો. પ્રથમના નૃપે યુદ્ધમાં શૂરવીરતા દાખવી. છતાં ફાવી શક્યો

નહિ. તેથી સારી સારી વસ્તુઓ તથા પરિવારને લઇને નાસી ગયો. ચઢી આવેલ રાજાને ફાવટ આવી. અને સૈનિકોને કહ્યું કે, હવે નગરની પ્રજાને લૂંટી, સામે આવે તેને મારી નાંખો. અને જો પ્રજા મારી આજ્ઞા માને નહિ તો નગરને સળગાવી મૂકો. આ મુજબ સાંભળી સૈનિકો તૈયાર થાય છે. તે વેલાએ નાસી ગયેલ રાજાના મહાભાગે નામના પ્રધાને, પેલા રાજાને કહ્યું કે, આવી ક્રુરતા ભરેલી આજ્ઞા તમારે આપવી ન જોઇએ. આજ્ઞાનો અમલ સૈનિકો કરે તો પ્રજાની સાથે પશુપંખીઓ પણ નાશ પામે. તો પછી તમે કોના ઉપર રાજ્ય ચલાવશો. તેમજ દુન્યવી રાજ્યની ખાતર આવી ઘોર હિંસા કરવી તે તમારા જેવા રાજાને શોભાસ્પદ નથી. રાજ્યવૈભવ, મૈત્રીભાવના અને પ્રમોદ-ભાવના વિગેરે સુંદર ભાવના અને પ્રવૃત્તિ દ્વારા શોભે છે. તથા તમો હયાત હશો ત્યાંસુધી રહેવાના. ત્યારપછી અત્રે પડી રહેશે. અરે ! ચક્રવર્તી, બલદેવો, વાસુદેવો, ભારત-વર્ષના સ્વામી હતા. જેના સિંહનાદથી સઘળી ધરતી ધ્રુજતી હતી. તેઓ પણ સર્વસ્વ-વૈભવનો ત્યાગ કરી આયુષ્ય ખતમ થયે પરલોકે ગયા. સાથે જમીનનો ટુકડો પણ લઈ ગયા નહિ. તો તે સાહ્યબી વિગેરે તમારી સાથે આવશે ! કરૂણાભાવ લાવવાપૂર્વક, નગરને લૂંટવાની અને બાળવાની આજ્ઞા આપી છે. તેણીને બંધ કરાવો. આ મુજબ સાંભળીને, આ ક્રુર રાજાને કાંઇક સમજણ, સાન આવી. ને કહ્યું કે, દયાના દરિયા પ્રધાનજી ? તમો પરોપકારી

છે. તે ખબર પડી. તમારા કહ્યા પ્રમાણે સૈનિકોને આજ્ઞા આપું છું. પણ ક્યાંસુધી કે, આ ઉંડા સરોવરમાં પડીને તમે બહાર નીકળો નહિ ત્યાંસુધી કારમી કતલ ચલાવવા આજ્ઞા આપીશ નહિ. આટલું જ તમારૂ માન રાખીશ. પ્રધાને "હા" ભણીને ગંભીર ઉંડા સરોવરમાં ડુબકી મારી. પછી વિચાર કરે છે કે, જો બહાર નીકળીશ તો આ ક્રુર રાજા પ્રજાને હેરાન, પરેશાન કરશે. જેથી દરેક પ્રજા તથા પશુપ્રાણીઓ નાશ પામશે. તેના કરતાં ભલે મારા એકલાનું મરણ થાય, આમ વિચારી સરોવરમાં વચ્ચે થાંભલો હતો તેમાં પોતાના શરીર, દેહને વસ્ત્રવડે બાંધી રાખ્યો. મરણ થયું છતાં બહાર નીકળ્યો નહિ જ. ત્રણ દિવસ થયા પણ બહાર નિકળેલ ન હોવાથી તથા તપાસ કરતાં બંધાએલ હોવાથી આ રાજાને કરૂણા આવી ને વિચાર કરવા લાગ્યો કે, ધન્ય છે આ પ્રધાનને ? મરણ પામ્યા છતાં સરોવરમાંથી બહાર નીકળ્યો નહિ. જા મારે પણ બોલ્યા મુજબ પાલન કરવું. આ મીઠા માનવીએ મીઠાશ મરણાંતે પણ રાખી. મારે પણ દયા લાવી કારમી કતલ કરવી જોઈએ નહિ. તો જ માણસાઇ રહે. નહિતર પશુ કરતાં અધમ ગણાઇશ. આમ વિચારી કતલ કરી નહિ. અને પાછો ગયો. પ્રથમનો રાજા હાજર થયો. અને પ્રધાનના ગુણો ગાવા લાગ્યો. આ મુજબ વર્તન રાખવામાં આવે તો જ પ્રધાનની માફક અન્તરાત્મા બનાય છે. અને અન્તરાત્મા બન્યા પછી આત્માની ઓળખાણ થાય છે અને આદર વધે

છે. અને ધ્યાનમાં સ્થિરતા જામે છે. સદ્ગુરૂ બુદ્ધિસાગરજી કહે છે કે, અરે સંવેગી સુંદર ? વ્યાવહારિક કાર્યોમાં નિર્લેપ રહી આત્માને ભૂલતો નહિ. ધર્મધ્યાનના યોગે આત્મતત્ત્વ ઓળખાશે. માટે અરે હંસા ? આપોઆપ આત્માનો વિચાર કરવાપૂર્વક "સોऽહં—સોऽહં" કહેતાં આત્મા હું પોતે છું. અન્ય પર છે. એનો અનુભવ આવશે. પછી બુદ્ધિસાગર, જે આત્મા છે તે પરમાત્મા બનશે. માટે પ્રમાદનો ત્યાગ કરો.

હવે સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી, વળી ઉપદેશ આપતાં સાડત્રીશમા પદની રચના કરે છે કે, અરે ભાગ્યશાલીઓ ? વિકથાની વાતોનો ત્યાગ કરી આત્માના ગુણોની વાત કરશો તો પણ લહેર આવશે. તો પછી આત્માનો અનુભવ થતાં લહેર કેમ નહિ આવે. સાંભળો ? અનુભવ આત્માની વાત કરતાં, લહેરી સુખની આવશે.

(રાગ—મનસા માલિની)

**રોગી નહિ તું ભોગી નહી તું, જાડો નહી તલભારજી,**
**દેહમાં વસિયો માયા રસિયો, અનુપયોગે ધાર.**
**અનુભવ ॥૧॥**

**તુજથી સહુ શોધાય વ્હાલા, આદિ નહીં તુજ અંતજી,**
**માયામાં મસ્તાન થઈ તું, લાખ ચોરાશી ભમંત.**
**અનુ૦ ॥૨॥**

પરભાવે ભાન ભૂલી, ઠર્યો નહિ એક ઠામજી;
પાદ હેઠળ ઋદ્ધિ પરગટ, દેખે નહીં દુઃખ ધામ.
અનુ૦ ॥૩॥

દૈવ સાહિબ રીઝીને તને, આપી નરની દેહજી,
સાધ્ય સિદ્ધિ સાધી લે તું, માગ્યા વરસ્યા મેહ.
અનુ૦ ॥૪॥

સોઽહં સોઽહં ધ્યાન યોગે, જાગે આત્મ જ્યોતજી;
બુદ્ધિસાગર ભાનુ પ્રગટે, થાય ભુવન ઉદ્યોત.
અનુભવ૦ ॥૫॥

સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી ફરમાવે છે કે, અરે ભાગ્યશાલી ? દુનિયાની સુખ, દુઃખની વાતો કરવામાં તું ઘણો રસિયો બનેલ છે. તેની વાતો કરવામાં તને કેટલો લાભ મળ્યો ? તે તો કહે ? ગુરૂદેવ ? વાતો કરવામાં કાંઇપણ લાભ મળ્યો નથી જ. વાતો કરવાની ટેવ પડેલી હોવાથી ફોગટ વખત જાય છે. છતાં તે ટેવ મુકાતી નથી. એવો કોઈ ઉપાય બતાવો કે, તેવી બૂરી ટેવ ખસે. તેવી વાતો કરવાની ઇચ્છા થાય નહિ. ગુરૂદેવે કહ્યું કે, એવી વિકથાની વાતો કરવાની ટેવ ખસે તેનો ઉપાય બતાવું. પણ તું દરરોજ અમારી પાસે આવીને બેસે તો ઉપાય બતાવી શકાય ? કદાચિત્ ઘણો સંતાપ, વલોપાત થાય છે. ત્યારે જ આવે છે. અને વંદના કરે છે. એ તો ઠીક નહિ. દરરોજ અમારી પાસે આવી ઉપદેશ સાંભળવાની

જરૂર છે ઘણું સારૂ ગુરૂદેવ? દરરોજ આવીને સાંભળીશ. આજે તો ઉપદેશ આપો.

ગુરૂદેવ કહે છે કે; અરે મહાનુભાવ? તું દુનિયાની જે વાતો કરે છે. અને રંગીલો બનેલ છે તે કોના આધારે! તથા જે પચ્ચીશ ક્રિયાઓ કરે છે. તે પણ કોને લઇને! તે કહે. તું, એમ કહીશ કે શરીરના આધારે. ઠીક છે. પણ શરીર કોના આધારે ટકી રહેલ છે! તે બરોબર વિચાર. અને વિવેક કરીને કહે. ગુરૂદેવ? વિચાર અને વિવેક કરતાં તમારી કૃપાથી માલુમ પડે છે કે, આત્માના આધારે. બરોબર કહ્યું. તો પછી દરેક ક્રિયાનો આધાર આત્મા છે. તો તેની વાતો કરવી જોઇએ જ. આત્માએ અનાદિકાલથી રાગ, દ્વેષ, મોહાદિવડે અર્થદંડ, અનર્થદંડ કરવાપૂર્વક ઘણા દુઃખો વેઠ્યા છે. હવે ક્યાંસુધી તે દુઃખ વેઠવા છે! સંસારમાં લાભ વિનાની વાતો કરવી તે પણ અનર્થદંડ છે. ફોગટ અર્થ વિના દંડાવું પડે છે. આવી અનર્થદંડની વાતો કોણ કરે? જેણે સદ્ગુરૂનો ઉપદેશ સાંભળ્યો નથી તે. ચાલ? આત્માની વાતો કરીએ. જેથી આનંદની લહેર આવશે. લહેરના આધારે સર્વ ચિન્તાઓ અને શોક, સંતાપ ઘણો સતાવશે નહિ. તું કહેતાં, તારા દેહમાં નિવાસ કરીને રહેલ આત્મા, તે તો રોગી નથી. તથા ભોગી નથી. સુખી, દુઃખી પણ નથી. પરંતુ દુન્યવી ક્રિયાદ્વારા આઠેય કર્મો બંધાએલ હોવાથી, રોગી, ભોગી, સુખી, દુઃખી, બન્યો

છે. તે કર્મોને દૂર ખસેડવામાં આવે તો અજરામર બની અનંતશુદ્ધિ અને સુખનો સ્વામી થાય. તેમજ તે આત્મા જાડો, પાતળો, ટૂંકો, લાંબો પણ નથી. ખાતો પીતો પણ નથી. તે નિરાકાર અને અણાહારી છે. પણ ભ્રમણાના તથા મિથ્યાત્વાદિના યોગે, રાગી, ભોગી મનાયો છે; માટે ઉપદેશામૃતનું પાન કરી વિષસમાન. મિથ્યાત્વ વિગેરેનો ત્યાગ કર. અને આજ્ઞાનુસારે વર્તન કર. સંસારની ક્રિયાઓ ચારેય ગતિમાં પરિભ્રમણ કરાવે છે. અને આત્માની વાતો કરતાં તેવા વર્તન દ્વારા સંસાર સાગર પાર ઉતરાય છે. હાલમાં જે સંતાપ, પરિતાપાદિક થાય છે. તેનું કારણ મોહમાયા, મમતાના ફંદામાં ફસાવાથી જ, અમુલ્ય દેવદુર્લભ માનવદેહમાં વસિયો અને તેમાં રસિયો બન્યો. અને તેમાં રહેલા આત્માની સંભાળ રાખી નહિ. તેનું કારણ ! સત્યશાંતિ મેળવવા માટે ઉપયોગ રાખ્યો નહિ. અનુપયોગથી ટીચાવાનું થાય છે. અને હાથે કરેલા હૈયામાં વાગે છે. બરોબર ઉપયોગાભાવે મહાન્ સમ્રાટ્ હોય તે પણ મૂર્ખ ઠરે છે.

એક કોઈ બાદશાહ મહેલના ઝરૂખે ફરી રહેલ છે. તેવામાં પુત્રવધુને લેવા માટે તેના સાસરીયા આવે છે. અને માતપિતા–પરિવાર તેણીને વળાવે છે; કન્યા, પ્રિય માતા–પિતા અને સખીઓનો વિયોગ થતો હોવાથી રૂદન કરી રહેલ છે; તેણીને રડતી દેખી બાદશાહ ગુસ્સામાં આવતા પાસે રહેલ દીવાનને પુછે છે કે, આ છોકરી કેમ

રડે છે ! પ્રધાને કહ્યું કે, તેણીને લેઈ જવા માટે તેનો પતિ વિગેરે આવેલ છે. હવે આ, માતપિતાનો તથા ગોઠણોનો પ્રેમ મુકવો પડશે. આમ ધારી રડે છે. આ સાંભળી બીનઉપયોગથી એકદમ પ્રધાનને આજ્ઞા આપી કે, જમાઇઓ, કન્યાઓને બહુ રડાવે છે. માટે જેટલા જમાઈ હોય તેટલા બધાને ફાંસીયે ચઢાવો ? પ્રધાન ચતુર હતો. તે વખતે સામો જવાબ આપે તો બાદશાહ અધિક ગુસ્સે થાય. આમ વિચારી પ્રતિકાર કર્યા વિના નગરની બહાર, એક સોનાની, એક રૂપાની અને બીજી લાકડાની ફાંસીઓ તૈયાર કરી બાદશાહને તે જોવા માટે લઈ ગયો. બાદશાહે કહ્યું કે, આ સોનાની અને રૂપાની ફાંસી કોને માટે બનાવી છે! પ્રધાને કહ્યું કે, એક આપના માટે અને બીજી મારા માટે. આ સિવાયની પ્રજાને માટે. કારણ કે, તમો તથા હું પણ જમાઈ છીએ. અને બીજાઓ પણ જમાઈ હશે. હવે બાદશાહને ખ્યાલ આવ્યો કે, ઉપયોગ વિનાનું જેમ તેમ કૈં કે રાખવું તે મૂર્ખમાં ઠરવા જેવું બને. પ્રધાન ? આ સઘળી ફાંસીઓને દૂર કરો. મારે કોઈ જમાઇને મારવા નથી. આ મુજબ સંસારના રસિયાઓ એવું કરી બેસે, એવું બોલી બેસે કે, પોતાના ગળે પણ ફાંસી આવી લાગે. જો તું ઉપયોગ રાખીશ તો, જેની આદિ નથી તથા અંત નથી એવો આત્મા પરખાશે. માયામાં મસ્તાન થએલ હોવાથી, દેહ, ગેહ, પત્ની, પુત્રાદિક પરિગ્રહમાં આસક્ત બનવાથી જ અનંત સંસારમાં ભમવું પડેલ છે.

તથા આત્મસ્વરૂપને ભૂલી પરભાવે રમણુ કરતાં કદાપિ ઠામ ઠર્યો નથી. હવે જો સમજણુ આવી હોય તો, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રથી યુક્ત બની આત્માના સ્વરૂપને ઓળખીશ તો તારી પાસે જ, પદ હેઠળ રીદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિ રહેલી છે. તેથી દુઃખનું ધામ દેખીશ નહિ જ. કારણુ કે, સત્યશુદ્ધિ વિગેરે પ્રગટ થતાં કોઈ પ્રકારની ખામી રહેતી નથી. માટે ઉદ્યમવંત બન. દૈવસાહિબે, એટલે પુણ્યોદયે રીઝીને મનુષ્યદેહ આપ્યો છે. તથા અનુકુલતા પણુ આપી છે. માટે સાધ્ય સાધી લેવા ચૂકવું નહિ. કેટલાક સારા સાધનો પ્રાપ્ત થયા પછી, આત્મતત્ત્વની ઓળખાણુને ભૂલી, વિષય કષાયાદિને સાધ્ય માનતા હોવાથી દૈવ, ભાગ્ય રૂઠે છે. તેથી ચઢવાના, આગળ વધવાના જે સાધનો છે તે પડવાના બનાવે છે. એટલે સંસારના ચકાવામાં પડી, વિવિધ વ્યાધિઓના ભોક્તા બની, અસહ્ય પીડાઓમાં પીલાય છે. માટે વ્યાધિઓ, વિપત્તિઓ, વલોપાત વિગેરે પસંદ ન હોય તો, તારી પાસે જ રહેલ, સમૃદ્ધિનો પ્રાદુર્ભાવ કરવા પ્રયાસ કર. અનુક્રમે પુરૂષાર્થ યોગે તે બધું મળી રહેશે. દુઃખનું સ્થાન, સત્યસુખનું ધામ બનશે. તથા વ્યવહારના કાર્યો કરતાં પ્રતિકુલતા આવશે નહિ. કારણુ કે ધર્મની આરાધના કરતાં સદ્બુદ્ધિ જાગ્રત થાય છે. અને સદ્બુદ્ધિના યોગે અનુકુલતા દરેક બાબતમાં ભાસે છે.

કોઈ એક ગામમાં વૃદ્ધ સાસુ માંદી પડેલ હોવાથી, ઉઠી શકાતું નથી. અને કોઈ કામ કરી શકાતું નથી. તેથી

તેણીની પુત્રવધુ તિરસ્કાર કરવા પૂર્વક ચપણીઆમાં ખાવાનું આપે છે. તે પણ, જે ખાતા વધેલ હોય તે જ આપે છે. આ વધુને પોતાના પુત્રની મીઠીબાઈ કરીને વહુ છે. તે ઘણી આત્મલક્ષી અને બુદ્ધિમતી છે. તેણીને પોતાની સાસુ જે વડસાસુ પ્રત્યે વ્યવહાર ચલાવે છે. તે બીલકુલ પસંદ નથી. ઠપકો અપાય નહિ. તેથી તેણીએ બુદ્ધિના યોગે યુક્તિ શોધી કાઢી. જે ચપણીઆમાં ખાવાનું આપે છે. તે એક સ્થલે એકત્ર કરે છે. અને જ્યારે પોતાની સાસુ અન્ય ગોઠણો સાથે વાતો કરવા બેસે છે. તે દરમ્યાન, વૃદ્ધ સાસુને મનપસંદ ખાવા આપે છે. તેથી રાજી થઇને આશીર્વાદ આપે છે. આમ કરતાં એક દિવસે મીઠીબાઇની સાસુ, ઘરમાંથી કચરો કાઢતાં ભેગા કરેલા ચપણીયાને દેખી, કહેવા લાગી કે, અરે વહુ ? શા માટે આ બધા ભેગા કરેલ છે. ઠાવકું મુખ રાખીને તેણીએ કહ્યું કે, સાસુ સાહિબાન, તમારા માટે જ. તમે જ્યારે અતિવૃદ્ધ બની ઉઠી શકશો નહિ ત્યારે તમોને આ, રામપાત્રોમાં ખાવા આપીશું. કુંભારને ત્યાં જઇને લાવવા પડે નહિ, તેથી ભેગા કરેલ છે. સાસુએ કહ્યું કે, મને પણ આ પ્રમાણે ખાવા આપીશ ? તેણીએ કહ્યું કે, આપનો આચાર છે તે મુજબ વર્તન કરીશ. સાસુ સમજી ગઈ અને કહ્યું કે, તારી ઇચ્છા મુજબ મારી સાસુની સેવા ભક્તિ કર. ઠપકો આપીશ નહિ. મીઠીબાઈ ખુશ થયા. વડસાસુને આનંદ પડે તેમ સેવાભક્તિ કરે છે. તેણીએ આત્માને ઓળખ્યો

હોવાથી પ્રતિકુલતાને, અનુકુલતા બનાવી, વ્યવહાર મુજબ વર્તવા લાગી. આ મુજબ આત્મલક્ષી બનાય તો દુઃખ જેવું ભાસે નહિ. અને અરિહંતના ગુણો ગ્રહણ કરતાં, "સોઽહં સોઽહં" આત્માના ગુણોનો આવિર્ભાવ થાય. અને આત્મજ્યોતિ પ્રગટે. મિથ્યાંધકાર ટળી જાય. સદ્‌ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે કે, જેમ ભાનુ, સૂર્યના પ્રકાશથી અંધકારનો અધિકાર રહેતો નથી. અને ત્રણ ભુવનમાં ઉદ્યોત થાય છે. તે મુજબ નિર્લેપતાયે સંસારના કાર્યો કરતા આત્મલક્ષી બનવાથી મિથ્યાત્વનો, મોહમમતાનો અધિકાર નષ્ટ થાય છે. અને પોતાના દેહમંદિરમાં, મનોમંદિરમાં તથા ત્રણ ભુવનમાં ઉદ્યોત થાય છે. માટે કોઈ વખતે દુન્યવી વસ્તુઓ ભૂલી જવાય તો, ચિન્તા, શોક કરશો નહિ. પણ આત્મોદ્યોત કરવાના સાધનો ભૂલી જવાય તો શોક વિગેરેના બદલ પ્રયત્ન કરશો.

હવે સદ્‌ગુરૂ, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજી, ધ્યાન કેવી રીતે કરવું તેની શિક્ષા, સમજણ, આડત્રીશમા પદની રચના કરતાં ફરમાવે છે કે, અરે કલ્યાણ કામી ભવ્ય ! ધ્યાન કરવાની બરોબર અભિલાષા તને વર્તે છે. તો આ પ્રમાણે કર.

**એણી પેરે ધ્યાન ધરીજે, ઘટ અન્તર,**
**એણી પેરે ધ્યાન ધરીજે રે. હેજી;**

મનકર વશમેં ને તનકર કબજે,
આતમરૂપ સમરીજેરે. હેજી;
આસનવાળી આશા મારી, સમતા ભાવ વરીજે.
ઘટ૦ ॥૧॥

સ્થિર ઉપયોગ કરી ધ્યાવો નર માંહિલા,
ચિત્ત પરમાં નવી દીજે રે. હેજી;
અસંખ્ય પ્રદેશી પરમાતમ સો, પોતાના પર રીઝે.
ઘટ૦ ॥૨॥

જિન કેમ દીન થાય, ગ્રહે નિજપદ તબ,
ઝગમગ જ્યોતિ જગાવે રે. હેજી;
બુદ્ધિસાગર નિર્ભય દેશી, સમજે તે નર પાવે.
ઘટ૦ ॥૩॥

અરે ભાગ્યશાલી ! ધ્યાન કરવાની ભાવના તને થઈ છે. તે પ્રશંસનીય અને અનુમોદનીય છે. પ્રથમ સંસારના પદાર્થોનું સમ્યગ્જ્ઞાનપૂર્વક ત્યાગવા લાયક જે કુસંગતિ છે. તેનો ત્યાગ કરી. સદ્‌ગુરૂદેવની સંગતિ કરી, તેમના વચનામૃતનું પાન કર. વચનામૃતનું પાન કરવાથી સંસારમાં જે આસક્તિ રહેલી છે તે, ખસવા માંડશે. પછી આસક્તિ-જન્ય, જે કામ, ક્રોધ, મદ, લોભાદિકના વિકારો ને વિચારો

છે તે અલ્પ થતા જશે. તથા વ્રત, નિયમ, જપ, તપાદિકને ભૂલવું નહિ. કારણ કે, તે વ્રતાદિ ધ્યાન કરવામાં સારા પ્રમાણમાં સહકાર આપશે. બની શકે તો એકાસન કરવું. સાંજરે દુધ પણ પીવું નહિ. ચાહ તો ધ્યાન કરનારને પીવાયજ નહિ. તેમજ અભક્ષ્ય આહાર તેમજ તામસિક અને રાજસિક આહાર ખાવો જોઇએજ નહિ. કારણ કે, અન્ન હોય તેવું મન થાય. તેમજ આહાર મુજબ ઓડકાર, ઉદ્ગાર, વચન નીકળે છે.

સાત્વિક આહાર પણ જલ્દી પાચન થાય તેવો લેવો. ઘણી વિકથાની વાતોનો ત્યાગ કરવો. આત્મજ્ઞાન થાય તેવા પુસ્તકો વાંચવા. જેથી વિચારની નિર્મલતા રહે. તેમજ બ્રહ્મચર્યનો રીતસર ખપ કરવો. આત્મજ્ઞાનીના વચનો સાંભળવા. ઇત્યાદિ કરવાથી કાયા કબ્જામાં આવશે. વિષયના વિકારો ટળતા જશે. તથા સુખાસને, સિદ્ધાસને કે પદ્માસને બેસવાનો અભ્યાસ પાડવો. તે પણ ત્રણ કલાક લગભગ બેસી શકાય એવો. તેમજ દુન્યવી સુખની જેટલી ઇચ્છા, આશા છે તેનો સમ્યગ્જ્ઞાનપૂર્વક ત્યાગ કરવો. તેથી માનસિક વૃત્તિઓ વશીભૂત થશે. ત્યાગનો મહિમા અપરંપાર છે. આ મુજબ વર્તન કરતાં, ધ્યાન કરવાની યોગ્યતા આવી મળશે. ધ્યાન કરવામાં પદસ્થ કહેતા નવકાર મહામંત્રનો, જીભ હાલે નહિ તે મુજબ જાપ કરવો. અગર રૂપસ્થ ધ્યાન કહેતા, જીનેશ્વરની મૂર્તિ સામે રાખી **નાટક** કરવું. એટલે મીટ માંડીને મૂર્તિ

તરફ જોયા કરવું. બીજી વસ્તુઓ તરફ તાકીને જોવું નહિ. આ પ્રમાણે નવકારમહામંત્ર ગણતાં, પ્રભુની મૂર્તિના દર્શન થશે ત્યારે આનંદ આવતો રહેશે. પછી પિંડસ્થ ધ્યાન કરવાની લાયકાત આવશે. સંસારમાં જે અહંકાર, મમતા છે. તેનું જોર ચાલશે નહિ. સ્વાભાવિક ઉપશમ ભાવનો પ્રાદુર્ભાવ થશે. આ મુજબ આત્મધ્યાન કરવામાં પ્રથમ તત્પર થવાશે ત્યારે મોહનીય કર્મે દબાએલ જે સમતા છે. તેને આવવાનો અવકાશ મળશે. આ સિવાય રાજયોગ, જે મનોજય કહેવાય છે તે પ્રાપ્ત થશે નહિ. અને કાયિક અને માનસિક વૃત્તિઓ કબ્જામાં આવશે નહિ. દુન્યવી વાતાવરણમાં જો રસિયા થયા અને રંગીલા બન્યા તો, કદાપિ આત્મજ્ઞાન કે ધ્યાનનો લ્હાવો લઈ શકાશે નહિ. અને કરેલો પ્રયાસ વૃથા જવાનો. જેમ જેમ સંસારની વાતો કરશો. અગર સાંભળવામાં ચિત્તને ચોંટાડશો. તેમ તેમ તેના વિચારો, વિકલ્પ, સંકલ્પ આવ્યા કરશે ? તેથી જ કાયાની ચપલતા અને મનની ચંચલતા વધવાની જ. તેથી વ્યાવહારિક કાર્યોમાં પણ ઘણી ભૂલો તથા અપરાધો થશે. એટલે આત્માનું ભાન રહેશે નહિ. જે આત્મોન્નતિ કરવાની છે તે થશે નહિ. કેટલાએક સંસારના રસિકો, રંગીલા બની, આત્મભાન ભૂલી, ફાવે તેમ ફેંકે રાખે છે. પણ તેઓને માલુમ હોતી નથી કે, જે બોલેલ વચન છે તે પોતાને જ લાગુ પડે છે. એટલે પોતે પોતાના આત્માને ભૂલી જાય છે.

એક કુંભારની માફક—એક શેઠે કુંભારની પાસે રેતીની ગુણો મંગાવી. કુંભાર, રેતીની ગુણો ભરી ગધેડા ઉપર મુકી માર્ગમાં આવે છે. તેવામાં એક, બે ગધેડા આડા અવળા ચાલતા હોવાથી ગધેડાને ગાળો ભાંડે છે. **"અરે તારો ધણી મરે. અરે તારો ધણી મરે."** કહો હવે ગધેડાનો ધણી કોણ ? પોતે જ છે. છતાં પોતાને પોતાનું ભાન રહેલ ન હોવાથી આવું બોલી નાંખે છે. આ શું કહેવાય ? **"આપ કુમતિના યોગે આપકું ભૂલ્યો"** આ મુજબ બોલવાનું તે કુંભાર કયા કારણથી શીખ્યો ? કહેવું પડશે કે, બીજા કુંભારો જે બોલી રહ્યા હતા, તે સાંભળી સાંભળીને તારો ધણી મરે તે પ્રમાણે શીખ્યો. અને એવું વાતાવરણ લાગુ પડયું. આ મુજબ દરેક બાબતોમાંથી બુદ્ધિ વિનાના માણસો એવું શીખે છે કે, પોતાને દુઃખદાયક નીવડે. પછી અત્યંત પોકારો કરે. દીવાળીમાં એક માણસે હવાઈ સળગાવી. તે હવાઈ આકાશમાં ઉડીને પોતાના પોતીયામાં ભરાઈ. અને ભાઈસાહેબ દાઝયા. અને બૂમો પાડવા લાગ્યા; દારૂખાનાની દુકાનો તમોએ દેખી હશે. તેમાં જો પોતે ફટાકડો ફોડતા ભાન રાખે નહિ તો સઘળી દુકાનો સળગી ઉઠે. અને દીવાળીના બદલે હોળી થાય. અને તેમાં જ દારૂખાનાનો માલીક સપડાઈ જાય તો દાઝયા વિના રહે નહિ. અગર ઘણી નુકશાનીમાં આવવું પડે. આ શું કહેવાય ? કમાણી કરતાં પોતે પોતાને ભૂલ્યો. અને કમાણીના બદલે હાની

થઈ. આવી આવી અનેક બાબતોમાં મન, વચન અને કાયાને વશ કર્યા સિવાય માણસો આત્મજ્ઞાન, ધ્યાનને કરવા બેસે, તો પોતે જ પોતાને હાની પહોંચાડે છે. અને પીડાઓ પામે છે. માટે મન, વચન અને કાયાને વશ કરીને ધ્યાન કરવાની ભાવના રાખવી. જેથી લાયકાત આવતાં ઉપશમ ભાવ આવે. અને ધ્યાનમાં સ્થિરતા થાય. માટે સ્થિર ઉપયોગ રાખી, અરે મહાનુભાવ! નરદેહમાં રહેલા આત્માનું ધ્યાન કરો. ધ્યાવો. ચિત્તને કહેતાં આત્માને આત્માના ગુણો સિવાય પર વસ્તુઓમાં ચોંટાડો નહિ. જો ચોંટાડશો તો સ્થિર ઉપયોગ રહેશે નહિ. પુનઃ પુનઃ સ્ખલના થશે. સંસારના કામોમાં ચિત્ત ચોંટાડે નહિ તો તે કામો બગડી જાય છે. ઘેંસ બનાવવી હોય તો, ચિત્તને ચોંટાડીને કડછી દ્વારા વારે વારે હલાવે નહિ અને બીજાની સાથે વાત કરવા બેસી જાય તો, નાંખેલા આટાના, લોટના ગઠ્ઠા બની જાય છે. તથા દરજી વસ્ત્રને શીવતાં વાતો કરવા બેસે તો સોય પોતાની આંગળીમાં વાગે. અગર દોરામાં ગાંઠ પડે. કાપડનો વેપારી કાપડ વેચતા ધ્યાન રાખે નહિ તો, ગ્રાહક ગુંડા જેવો આવ્યો હોય તે છેતરીને કાપડને ઉપાડી જાય. વિદ્યાર્થી અભ્યાસ કરતા ચિત્તને ચોંટાડે નહિ અને વાતો કરે તો, ભણેલું ભૂલે. નવી ગાથાઓ, નવીન શ્લોકો મુખે ચઢે નહિ. આ મુજબ, વ્યાવહારિક બાબતોમાં લીધેલા કામો બગડે. નુકશાની પણ થાય. તો, આ તો આત્માનું ધ્યાન કરવું

છે. તો ચિત્તને સ્થિરતામાં ચોંટાડયા સિવાય, સ્થિર ઉપયોગ વિના ધ્યાન કયાંથી થાય ? થાય નહિ. એટલે સદ્ગુરૂ ફરમાવે છે કે, માનસિકવૃત્તિ જ્યારે સ્થિર કરશો ત્યારે અસંખ્યપ્રદેશી, અનંત ગુણોનો ભંડાર એવો આત્મા રીઝશે. અનંત રીદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ અર્પણ કરશે. માટે પર વસ્તુઓની આસક્તિનો ત્યાગ કરવાપૂર્વક ચિત્તને સ્થિર કરીને જ્ઞાન, ધ્યાનમાં રમણુતા કરો. અત્યાર-સુધી પરભાવમાં રમણુતા કરવાથીજ જન્મ, જરા, મરણુના અસહ્ય દુઃખો વેઠવા પડયા છે. તે, જો દુઃખ રૂપે લાગતા હોય તો, તેઓને ટાળવાનો ઉપાય, આત્માને ઓળખી તેને નિર્મલ કરવા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરવી જરૂરની છે. તેથી નિર્મલ બની આત્મા પોતાના સ્વભાવે ઝળહળશે જ. તેમાં શંકા લાવો નહિ. **“દીન તે જીન થશે”** દીનતા રહેશે નહિ. દીનતા, હીનતા અને યાચનાઓના ત્યાગનો જે માર્ગ બતાવ્યો છે. તે માર્ગે સંચરશો ત્યારે **“જીન”** થવાશે. અન્યથા તો **“જન”** છો જ. માટે સદ્ગુરૂ કહે છે કે, જે સમજે તેની આ વેલા છે. અને બરોબર સમજશે તે નિર્ભયપ્રદેશી બની અનંત સુખોનો સ્વામી બનશે.

અનંત સુખના સ્વામી બનવું હોય તો, દુનિયાના જે જે નિમિત્તો તથા સંયોગો ઇષ્ટ, અનિષ્ટ પ્રાપ્ત થએલ છે તેના કારણોને બરોબર તપાસી તેનો ત્યાગ કરવા ખ્યાલ રાખવો આવશ્યક છે. તેના કારણો તમે જાણો

છો. છતાં ભૂલી ગયા હો તો જણાવવામાં આવે છે. અઢાર પાપસ્થાનકો. જેવા કે, ક્રોધ, માન, માયા, લોભાદિક છે તે અત્યંત શોક, સંતાપ વિગેરે ઉત્પન્ન કરે છે. માટે તેઓનો ત્યાગ કરવા, દુન્યવી પદાર્થો ઉપરની મમતાનો ત્યાગ કરવો જ પડશે. લાભાલાભને દેખી બહાર, જાહેરમાં ત્યાગ કરશો તેથી ચાલશે નહિ. આન્તરિક જે ઘર ઘાલીને બેઠા છે. તેનો પણ ત્યાગ કરશો ત્યારે જ મમતાનો ત્યાગ થતાં સમતા હાજર થશે. અને સમતા જ્યારે બરોબર આવીને હાજર થશે ત્યારે અનંત સુખના સ્વામી થવાની યોગ્યતા પ્રાપ્ત થશે. બહારથી ધર્મીપણાનો આડંબર, ઘમંડ કરશો તેથી કષાયો તમારી હાંસી કરશે. “કોઈ એક વક્તા, જાહેરમાં ધર્મનું ભાષણ કરતો અને સભાને ગજાવી કહેતો કે, અરે સભ્યો ? ક્રોધ, માન, માયા, અને લોભનો ત્યાગ કરવો જ જરૂરી છે. કારણ કે, તેઓએ સઘળા હિતની હાનિ કરી છે ધર્મના મર્મને તે દુષ્ટો સમજવા દેતા નથી. અને ધર્મક્રિયાઓ કરતાં તેઓ પુનઃ પુનઃ વિઘ્નો ઉત્પન્ન કરવા પૂર્વક હાંસીપાત્ર બનાવે છે. તે તો રાક્ષસો કરતાં પણ ઘણા ખરાબ છે. રાક્ષસો કોઇક વેલાયે હેરાન, પરેશાન કરે છે. અને ક્રોધાદિક તો પાસે રહેલા હોવાથી વારે વારે દગો દઇને દરરોજ હેરાન, પરેશાન કરવામાં ખામી રાખતા નથી. અને બીજા ભવોની પરંપરમાં પણ હાજર થાય છે. તેવામાં, એક સભ્ય સાંભળી રહેલ છે તેણે કહ્યું કે, તમો ભાષણ કરતા

ખોંખારા કરવાપૂર્વક હાથના ચાળા કરો છો તે શોભાસ્પદ નથી. આટલું જ સાંભળતાં વક્તાનો બાર ખાંડી મીજાજ વધ્યો. અને ક્રોધાતુર બની પુછનારને ભરસભામાં ઉતારી પાડ્યો. અને કહ્યું કે, તમારે કાંઇપણ બોલવાનો અધિકાર નથી. હવે પછી ચેડા કાઢશો તો આ સભામાંથી બહાર કાઢવામાં આવશે. સાંભળનાર સભ્યે પણ કહ્યું કે, મને બહાર કાઢવાનો તમોને કોણે અધિકાર આપ્યો છે ? તમારો અધિકાર ફક્ત ભાષણ કરવાનો છે. અમને બહાર કાઢવાનો નથી. અને ખોંખરાની સાથે હાથની ચેષ્ટાઓ કરવી તે ઉચિત નથી. આતો મને ઠીક લાગ્યું નહિ તેથી કહેવું પડેલ છે. તમે પોતે જ ક્રોધ વિગેરેના ત્યાગનો ઉપદેશ આપો છો. અને તમને પ્રતિકુલતા ભાસતા બાર ખાંડી ક્રોધ કરો છો. તેથી તમો પોતે જ હાંસીપાત્ર બનો છો. જાહેરમાં ક્રોધનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવાની સાથે અન્તરમાં રહેલા કષાયોને દૂર કરવા તમારે ક્ષમાને ધારણ કરવી ઉચિત છે. ત્યારે આપેલો ઉપદેશ સફલ થાય છે. માટે ક્ષમાદિકને ધારણ કરશો ત્યારે આફત, શોક, વલોપાત વિગેરે થશે નહિ. અને મોક્ષમાર્ગ સરલ અને સુગમ બનશે ! તમો મોક્ષમાર્ગના અજાણ હો તો, આત્મજ્ઞાની સદ્ગુરૂ પાસે જાઓ. તે સદ્ગુરૂ કષાયોને દૂર કરવાનો ઉપાય બતાવશે. આ મુજબ સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજી ઓગણચાલીશમા પદની રચના કરતા કહે છે કે—

(રાગ—ધીરાનો)

જ્ઞાનીની સંગ સારી રે, સમજો મન નરનારી,
જંગમ કલ્પ વલ્લી રે, જ્ઞાનીની સંગ નિર્ધારી.
જ્ઞાની૦ ॥૧॥

પત્થર, પત્થર રત્ન ન હોવે, યુગે યુગે નહિ દેવ;
ઠામઠામ નહિ કલ્પવૃક્ષ જ્યું, ત્યું જ્ઞાની ગુરૂદેવ;
પાપ પલકમાં કાપે રે, દેખાડે શિવપુર બારી.
જ્ઞાની૦ ॥૨॥

ઘટમાં પરમાતમ દેખાડે, શાશ્વત સુખ ભંડાર,
અનુભવજ્ઞાને સ્થિરતા આપે, ભય ચંચલતા વાર;
વાસના વિષ વારી રે, આપે પદ અણાહારી.
જ્ઞાની૦ ॥૩॥

પાર્શ્વમણિથી બહુ ચઢીઆતા, જ્ઞાની સદ્ગુરૂ સંત,
અર્પે આતમરૂપ બરોબર, કરી મિથ્યાત્વનો અંત;
મિથ્યા ટેવ વારી રે, શુદ્ધ પદે ચિત્ત ઠારી.
જ્ઞાની૦ ॥૪॥

મહાતીર્થ, મહાદેવ, મહેશ્વર, કરો જ્ઞાનીનો સંગ,
આપોઆપ સ્વરૂપે વર્તો, પામી અનુભવ રંગ;
બુદ્ધિસાગર બોધે રે, અન્તર ઘટ ઉજીયારી.
જ્ઞાની૦ ॥૫॥

શ્રી સદ્દગુરૂ સૂરીશ્વરજી ફરમાવતા કહે છે કે, અરે ભાગ્યશાલીઓ ! પુણ્યના યોગે, માનવજીવન, આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, નિરોગી શરીર, પાંચેય ઈન્દ્રિયોની પટુતા, ધન, દોલત વિગેરે સામગ્રી પ્રાપ્ત કરી છે. બીજાઓએ માનવજીવન પ્રાપ્ત કરેલ છે. છતાં આર્યક્ષેત્ર, ઉત્તમ કુલાદિ પ્રાપ્ત કરેલ નથી. તેનું કારણ તમે સમજ્યા હશો ! કેટલાકને ખ્યાલ હોતો નથી. તે માટે સમ્યગ્જ્ઞાની કહે છે કે, અનુકુલ સામગ્રી પુણ્યોદયે પ્રાપ્ત થાય છે. અને પાપોદયે માનવજીવન મળ્યે પણ પ્રતિકુલ સાધનો મળે છે. એટલેજ પાપોદયવાળાને પુણ્યના કાર્યો કરવાની આવશ્યકતા છે. વલોપાત, શોક, ચિન્તા કરવાથી પુણ્ય બંધાતું નથી. અને બંધાશે પણ નહિ. દાન, પરોપકાર વિગેરે કરી શકો નહિ તે બનવા જોગ છે. કારણ કે નિરોગી શરીર નથી. તેમજ ઈન્દ્રિયોની અનુકુલતા નથી. પણ મનમાં સંતાપાદિ નિવારી, મૈત્રીભાવના, પ્રમોદભાવના વિગેરે સુંદર ભાવના ભાવો તો પુણ્યબંધ થાય. પછી દરેક બાબતોમાં જીવનપર્યંત અનુકુલતા રહેશે. પ્રતિકુલતાની બેડી દૂર ભાગશે. હવે સર્વસાધન સામગ્રી યોગે મળેલ, સાંસારિક સુખોનો કેવો ઉપયોગ કરશો ? જો સદુપયોગ કરશો તો તે પ્રાપ્ત થએલ સામગ્રી ફલવતી બની, સદ્દગતિ આપશે. અને દુરૂપયોગ કરશો તો તેજ સામગ્રી દુર્ગતિનું ભાજન બનાવશે. એટલું જ નહિ પણ આત્માની તાકાતને દબાવી દેશે. માટે તેનો દુરૂપયોગ, કદાપિ કરશો નહિ. સદુપયોગ કેવો કલ્યાણકર નિવડે છે. અને દુરૂપયોગ

કેવો અનર્થ ઉત્પન્ન કરે છે. તે બાબતમાં ઘણી સાવધની રાખવી જોઇએ. આપણાં જૈનશાસનમાં મળેલી સાધન સામગ્રીનો જો સદુપયોગ થાય તો તેને "ઉપકરણ" કહેવાય છે. અને દુરૂપયોગ થાય તેને "**અધિકરણ**" કહેવાય છે. આત્માને નિર્મલ કરનાર, આગળ વધારનાર ઉપકરણ છે. અને અધઃ પતન કરનાર, પાડનાર અધિકરણ છે. તેનો ખ્યાલ રાખવો જોઇએ. સાધનસામગ્રી મેળવ્યા પછી કયા માર્ગે હું વાપરૂં છું તેનો બરોબર વિચાર અને વિવેક કરવાની અગત્યતા છે. પુન્યયોગે મનુષ્યભવ મળ્યો. પણ માણસાઇ ટળી જાય તો એ માનવજીવન આત્મા માટે પાપરૂપ અધિકરણ બને અને જો માનવતાની તથા આત્મજ્ઞાનની જ્યોતિ ઝગમગે તો માનવજીવન પવિત્ર બનવાની સાથે પુણ્યરૂપે થાય. એટલે ઉપકરણ બને. આર્યત્વરૂપે ગણત્રીમાં આવ્યા બાદ જો અનાચાર, હિંસા, અસત્ય, ચોરી, જારી વિગેરે જે અનીતિ છે. તેની શ્રદ્ધાનો પણ અભાવ હોય તો તે આર્યત્વ પાપ-રૂપે બને. અને પાપાચારોનો ત્યાગ કરવાપૂર્વક વ્રત નિયમાદિનો આદર હોય તો તે આર્યત્વ, પુણ્યરૂપે બને. અને આત્મા નિર્મલતા ધારણ કરે. તથા ઉત્પન્ન થએલ આત્મા, ઉત્તરોત્તર આત્મજ્ઞાન પામી સંસારની આસક્તિનો ત્યાગ કરતો આગળ વધતો રહે છે. ઉત્તમકુલની પ્રાપ્તિ થતાં વ્રત નિયમ વિગેરેની રીતસર આરાધના હોય તો, સ્વકુલની સાર્થકતા કરવાની સાથે સ્વજીવનની પણ સફલતા કરવા સમર્થ બને. એટલે તે ઉત્તમકુલ, અધિકરણ, પાપરૂપે બને

નહિ. "નીરોગી શરીર પ્રાપ્ત થયા પછી કામભોગ, વિષયાસક્તિમાં આસક્ત બનાય તો, શારીરિક શક્તિની હાનિ અને આત્માનું જ્ઞાન અલ્પ થાય. તેથી તે તંદુરસ્ત અધિકરણ, પાપરૂપે બને. માટે ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે જ. નીરોગી શરીરદ્વારા પરોપકાર, ધર્મક્રિયા, અનાસક્તતા વિગેરેની આરાધના કરવામાં આવે તો, તે શરીર પુણ્યબંધનું કારણ બનતું હોવાથી ઉપકરણરૂપે થાય. પાંચ ઇન્દ્રિયો પૈકી, સ્પર્શ ઇન્દ્રિયોના આઠ વિષયોમાં મોહ-ઘેલા બનાય નહિ. તેમજ, રસના, જીભ ઇન્દ્રિયોની સ્વાદ-વૃત્તિને મર્યાદિત કરાય નહિ. એટલે જેવું તેવું ખવાય તો તે બે ઇન્દ્રિયો અધિકરણ પાપના બંધરૂપે થાય. તથા ઘ્રાણ, નાશિકા, ચક્ષુઓના તથા શ્રોત્ર કહેતાં કાનના વિષયોને વશ રાખવામાં આવે નહિ તો, તે સઘળી ઈન્દ્રિયો દ્વારા ભવની પરંપરાને વધારવા પૂર્વક અત્યંત કષ્ટને ભોગવવાની વેળા આવી લાગે. તેથી તે ઈન્દ્રિયો ઉપકરણ ન બનતાં, અધિકરણ બને. અને પરાધીનતામાં અધિકાધિક ફસાઇ જવાય. માટે તેણીઓને કબ્જામાં રાખવાની જરૂર છે.

પુણ્યોદયે ધન, વૈભવ પ્રાપ્ત થયા પછી સાત ક્ષેત્રોમાં વાપરવામાં આવે નહિ. અને તેનો સંગ્રહ કરવામાં આવે તો, તે ધન, વૈભવ પાપબંધનું કારણ બને. એટલે પાપા-ધિકરણ થાય. સંક્ષેપમાં કહીએ તો માનવભવ વિગેરે જે સાધન સામગ્રી પ્રાપ્ત થએલ છે. તે પુણ્યોદય માટે છે. તે સાધન સામગ્રીદ્વારા, આત્મવિકાસ થાય. તથા પરોપ-

કારાદિક ધર્મક્રિયા સધાય. તે મુજબ વર્તન રાખવું જોઈએ. દીવાળીના દિવસે "**ગૌતમ સ્વામીની લબ્ધિ હજો, ધન્નાશાલિભદ્રની માફક ઋદ્ધિ હજો. બાહુબલીજીનું બલ હજો, કયવન્ના શેઠની માફક સૌભાગ્ય હજો.** આ પ્રમાણે લખો છો. તે પુણ્યોદય વિના કેવી રીતે પ્રાપ્ત થશે. ગૌતમસ્વામિની લબ્ધિ મેળવીને શું કરશો? ગગન-વિહારી બની, અષ્ટાપદ તીર્થની યાત્રા કરશો! કે, યુરોપ વિગેરે દેશોની યાત્રા કરશો! કદાચ ધન્નાશાલીભદ્રની માફક તમોને ઋદ્ધિ મળે તો તેમાં આસક્ત બનશો! કે, તેનો ત્યાગ કરી સંયમની આરાધના કરશો! તથા બાહુબલીજીની માફક બલને પ્રાપ્ત કરશો ત્યારે, યુદ્ધ કરશો! કે, સર્વ સંપત્તિનો ત્યાગ કરવાપૂર્વક માન માયાનો ત્યાગ કરી સંયમની રીતસર આરાધના કરશો! તેમજ કયવન્ના શેઠનું સૌભાગ્ય માગીને ભોગવિલાસમાં રંગીલા બનશો! કે, તેનો ત્યાગ કરી આત્મવિકાસને સાધવા માટે પ્રયાસ કરશો! તે તો કહો? જો આ સઘળી વસ્તુ મળ્યા પછી દુન્યવી સાધનોને મેળવા ખાતર મહેનત કરશો તો પુણ્યનો ક્ષય થવા પૂર્વક સંસારમાં પરિભ્રમણ કરવાનો વખત આવશે. પરંતુ તેમની સાહ્યબી અધુના મળવી અશક્ય છે. છતાં કદાચ મળી જાય એમ માનો તો, વ્રતધારી બની, સર્વ સાધન સામગ્રીની મમતાનો ત્યાગ કરવાની અભિલાષા રાખશો તોજ આગળ એક પગલું પણ ભરી શકશો. પરંતુ તમારી અભિલાષા, લબ્ધિ, ઋદ્ધિ, બલ, બુદ્ધિ, સૌભાગ્યને પ્રાપ્ત

કરી સાચવવા માટે ઘણા આરંભો કરવાની હોય તો, તે લબ્ધિ વિગેરે રહિત બનવું તે હિતકર છે. અને સુખકારક છે. આ મુજબ આત્મજ્ઞાની સદ્ગુરૂ વિના કોણ તમોને સમજાવશે! સદ્ગુરૂની શીખામણ વિનાના માનવીઓ કેવા કેવા ધંધા અને ધમાલ કરે છે. તે તમો નિરીક્ષણ કરી રહેલા છો માટે આત્મોન્નતિ કરવી હોય તો આત્મજ્ઞાની ગીતાર્થ, દ્રવ્ય ક્ષેત્રાદિકના જ્ઞાતા એવા ગુરૂમહારાજની સંગતિ કરો. તે સંગતિ ઘણી સારી છે. એટલે સદ્ગુરૂની સંગતિ પાપકર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપીને, માનવજીવનને ઉજ્જવલ બનાવશે. કલ્પવેલડી, કલ્પવૃક્ષ અને પારસમણિ કરતાં સદ્ગુરૂનો મહિમા અપરંપાર છે. કલ્પવૃક્ષ વિગેરેની તમો માગણી કરશો અગર પાર્શ્વમણિનો લોહ સાથે સ્પર્શ કરાવશો ત્યારે જ, અનુક્રમે માગણી પૂર્વક માગશો તેટલું જ આપશે. અને લોહ જેટલું હશે તેટલુ સોનું બનાવશે. તે પ્રાપ્ત થએલ વસ્તુ પુણ્યોદય હશે તોજ ટકશે. નહિતર શોક, સંતાપ વિગેરે કરાવીને ખસી જશે. પરંતુ સદ્ગુરૂ તો ઉપદેશ દ્વારા અન્તરાત્મા બનાવી પરમાત્મપદની લાયકાતવાળા બનાવશે. એટલે આધિ, વ્યાધિની વિડંબનાઓ ટળી જવાની. સમકિતને ધારણ કરી, દ્રઢ શ્રદ્ધા, રાખી, સમ્યગ્જ્ઞાનીની સોબત કરો. અને તેમના ઉપદેશામૃતનું પાન કરો. ઉપદેશામૃતનું પાન કરવાથી તે વૃથા જશે નહિ. પણ સત્તામાં જે લબ્ધિ, ઋદ્ધિ, બલ, બુદ્ધિ, સૌભાગ્ય રહેલું છે. તે હસ્તગત કરવા માટે પ્રયાસ કરશો. તેની માગણી પણ કરવી પડશે નહિ.

અને કલ્પવૃક્ષ કે પાર્શ્વમણિ કે ચિન્તામણી શોધવા ખાતર અન્યત્ર પરિભ્રમણ કરવું પડશે નહિ. પોતાની પાસે જે હોય તેનો ત્યાગ કરી બીજે સ્થલે કોણ ભટકે? માટે અરે નર નારીઓ! સારી રીતે સમજી સદ્‌ગુરૂને શરણે જઈ તેમની ઉપદેશામૃત વાણીરૂપી પાણીનું પાન કરી નવજીવન પ્રાપ્ત કરો. તમારા આચાર, વિચાર અને ઉચ્ચાર એવા સુધરશે કે, સદાય સુખશાતામાં ઝીલશો અને દુષ્ટ આચાર, વિચાર અને ઉચ્ચારને હઠાવવાની તાકાત આવશે. અને સમર્થ બનશો. તથા જે વિકારોની પરાધીનતા, ઓશીયાળી રહેલી છે. તે ખસવા લાગશે. મહાન્ સદ્‌ગુરૂની વાણી વિફલ થતી નથી. તો પછી તેમના કથન મુજબ વર્તન, આચરણ વૃથા જશે? કદાપિ નિષ્ફલ થતું નથી. પરંતુ આવા સદ્‌-ગુરૂની ઓળખાણ બરોબર થાય ત્યારે જ ઉપરોક્ત લાભ મળી શકે. **વને વને ચંદનના વૃક્ષ હોતા નથી. દરેક ખાણોમાં રત્ન હોતા નથી.** તે મુજબ સમ્યગ્‌જ્ઞાની ગીતાર્થ સદ્‌ગુરૂ દરેક સ્થલે હોતા નથી. માટે તેમની શોધ કરી તેમના વચનામૃતનું પાન કરો. તમે કહેશો કે, તે કેવી રીતે પરખાય? જેઓને અહંકાર, મમત્ત્વનો ત્યાગ કરી આત્મતત્ત્વમાં પૂર્ણ પ્રેમ છે અને જીનેશ્વરની આજ્ઞાનું જેઓ શક્ય પાલન કરી રહેલા છે અને કંચન, કામિની, કુટુંબ, કંપનીનો જેઓએ ત્યાગ કર્યો છે. તે સદ્‌ગુરૂ કહે-વાય. તેમની પાસે જઈને આત્મોદ્ધારની વાતો પુછો. તેજ સદ્‌ગુરૂદેવ મોક્ષની બારી દેખાડશે. અને સુગમ, સરલ

રાજમાર્ગ પણ દર્શાવશે. અને થએલા કોટીભવના પાપોને પલકમાં કાપશે, તેથી શાશ્વત સત્યસુખનો ભંડાર એવા પરમાત્મપદની ઓળખાણ થતાં, તેમાં પ્રીતિ જાગશે.

સ્થુલીભદ્ર મહાસુનિવર્ય, કોશા વેશ્યાની ચિત્રશાલામાં ચાતુર્માસ રહેલા છે. તે પોતે યુવાનીમાં છે. વેશ્યા રાગવાળી છે. ષડ્રસનો આહાર કરી રહેલા છે. તથા ચોમાસાની ઋતુ છે. છતાં કોશા વેશ્યાના રૂપરંગમાં હાવભાવ, લટકા, અટકામાં આસક્ત બન્યા નહિ. અને કોશાને વૈરાગી, સંવેગી બનાવી આત્મધર્મની ઓળખાણ કરાવવા પૂર્વક તેણીની અભિલાષા મુજબ વ્રતો આપ્યા. આ ભવના અને પરભવના અનાચારના યોગે કોશા જે પાપો કરવા લાગી હતી તેઓને, પાપોને કાપ્યા. દૂર કરાવ્યા. અને આત્મધર્મની અધિકારી બનાવી, પોતાના સદ્ગુરૂ પાસે આવ્યા. સદ્ગુરૂએ દુષ્કરકારક, દુષ્કર-કારક કહીને પ્રશંસા કરી. જે આવા સદ્ગુરૂ હોય તે કરોડો ભવના પાપને કાપી મોક્ષમાર્ગે સ્થાપે છે. અને ભય, ખેદ, દ્વેષનો ત્યાગ કરાવી અનુભવજ્ઞાન આપે છે. અને ઉત્તરોત્તર અનુક્રમે અણાહારી પદના અધિકારી બનવામાં પુનઃ પુનઃ પ્રેરણા આપે છે. ખરેખર આત્મધર્મની આરાધનામાં વિષય-કષાયની જે જે વાસના, સંસ્કારો હોય છે તે ખસતા જાય છે. તેથી સદ્ગુરૂની સંગતિ દ્વારા જે સંસ્કારો અને વાસના રહેલી છે. તે ભલે પછી કરોડો ભવોની હોય, તો પણ તેને ટાળવાની શક્તિ જાગે છે. અને ટાળવા માટે સમર્થ બનાય છે. અમૃતનું પાન કરી ખારા પાણીને કોણ પીવે? કોઈ

પણ નહિ. સત્યસુખ અમૃત સમાન છે. અને વિષય વિચારો અને વિકારો ખારા પાણી જેવા છે. આ મુજબ ગુરૂગમ-દ્વારા, તેમજ પોતાના વિવેકદ્વારા ખરો ખ્યાલ આવવો જોઈએ. સાચી સમજણ સિવાય અમૃત સમાન સત્યસુખ સમજાશે નહિ. સંસારમાં જે જે વિષય વિકારોનું સુખ રહેલ છે. તે સુખ નથી. પરંતુ સુખાભાસ છે. સુખાભાસ, સત્યસુખ આપી શકે જ નહિ. સુખાભાસ તે પણ, આધિ, વ્યાધિ, વિડંબનાથી ભરેલું છે. મિશ્રિત છે. પુત્ર, પૈસા, પરિવાર વિગેરે પ્રાપ્ત થયા પછી તેઓને રક્ષણ કરવાની ચિન્તા આવીને વળગે છે. વ્યાધિ થાય અગર નુકશાન કે ઇષ્ટ પરિવારાદિકનો વિયોગ થાય ત્યારે વિડંબનાનો પાર રહેતો નથી. અને તેમાં અનિષ્ટ આવીને મળે તો જોઈ લો ? કેવા હાલ, હવાલ બને છે. આવા સુખાભાસમાં કોણ આસક્ત બને ? જેને સારાસારની સમજણ નથી તેજ. સમજણવાળા તો સદ્‌ગુરૂના વચનામૃતનું પાન કરી તેવા સુખમાં ફસાતા નથી. નિર્લેપ બની તેવા સંસ્કારો અને વાસનાઓને ખસેડવા પ્રયત્ન કરે છે. અને મિથ્યાત્વનો ત્યાગ કરવાપૂર્વક જાણવા લાયક આત્મિક ગુણોને જાણે છે. અને ત્યાગવા લાયક, અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરવા માટે કોશીશ કરે છે. આ સઘળું ક્યારે બને ? સદ્‌ગુરૂ ગીતાર્થનો ઉપદેશ, પ્રેમ રાખી સાંભળે ત્યારે જ. ઉપદેશ સાંભળ્યા પછી શક્ય બલ ફોરવે નહિ તો, તેઓની સંસ્કાર-વાસના જે વિષયાદિની અનાદિકાલથી ચોંટેલી છે. તે ટળવી

અશક્ય છે. અને આત્માની ઓળખાણુની રૂચિ થવી પણ અશક્ય છે. માટે મિથ્યાત્વનો ત્યાગ કરી, સમ્યગ્જ્ઞાન મેળવી, સચ્ચારિત્રદ્વારા શુદ્ધ આત્મપદે પોતાને સ્થાપન કરવો. તેની સમજણુ સદ્ગુરૂ સિવાય પડતી નથી. માટે તેમની સંગતિને મેળવવી જોઇએ. સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજી ફરમાવે છે કે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ અનુક્રમે ગુણસ્થાનકે આરૂઢ થયા વિના થશે નહિ. માટે પ્રથમ મિથ્યાત્વનો ત્યાગ કરવા પૂર્વક સમકિત દ્વારા સચ્ચારિત્રમાં આરૂઢ થશો ત્યારે આત્મતત્ત્વ હાજર થશે. પછી અનુભવ-રંગી બની આપોઆપ શુદ્ધ આત્મતત્ત્વમાં રમણુતા કરશો. માટે હાલમાં અર્થકામમાં આત્મા, રંગીલો બન્યો છે. તેની વાસનાને દુર કરી ઉજ્વલ બનાવો. આત્મા ઉજ્વલ બન્યા પછી આપોઆપ પ્રકાશશે. પછી કદાપિ અર્થ કામના સંસ્કારોમાં રંગીલો બનશે નહિ. અર્થ કામના સંસ્કારો અને વાસનાનો ત્યાગ કર્યા વિના આત્મા શુદ્ધ થતો નથી. અને સર્વથા શુદ્ધિ થયા સિવાય જન્મ, જરા અને મરણોના ચગડોળે પુનઃ પુનઃ ચઢવું પડે છે. ધર્મની આરાધના કરવી તે સાધન છે. અને આત્માને નિર્મલ બનાવવો તે સાધ્ય છે. માટે અર્થકામમાં આસક્ત બનો નહી. અર્થ અને કામના સંસ્કારો અને વાસના ધર્મની આરાધના કર્યા સિવાય અધિકરણુ એટલે પાપસ્થાનકોને વધારી મૂકે છે. તેથી વિપત્તિનો પાર આવતો નથી. અને ધર્મની આરાધનાનું સુંદર સાધન પ્રાપ્ત થવું દુષ્કર બને છે.

અને સાધ્ય પ્રાપ્ત થવું પણ અશકય બને છે. જડ વસ્તુઓની આસક્તિનું આકર્ષણ, અર્થકામના અભિલાષીઓને ઘણું હોવાથી તે આકર્ષણ, જડ વસ્તુઓમાં આસક્ત બનાવે છે. તેથી વિદ્યમાન ધર્મસાધન હોતે પણ તેમાં બરોબર રસ લાગતો નથી.

કોઇ એક નગરમાં વૃદ્ધ શ્રાવિકાની પાસે ઘણું ધન હતું. દીકરા પાંચ હતા. તે શ્રાવિકાને વિચાર થયો કે, દરરોજ જીનેશ્વરજીની પ્રતિમાની આગળ આંગીવાળી પૂજા, વંદના, સ્તુતિ વિગેરે કરીને જીવનને પવિત્ર બનાવું. આમ વિચારીને રત્નજડિત સોનાની આંગી બનાવી. પૂજારીને કહ્યું કે, દરરોજ પ્રતિમાને આ આંગીથી અલંકૃત કરવી. અને મારા આવ્યા પછી તેમજ ચૈત્યવંદન કર્યા પછી ઉતારવી. પૂજારી તે પ્રમાણે વૃદ્ધ શ્રાવિકા ચૈત્યવંદન વિગેરે કરીને ગયા પછી પખાળ, પૂજા કરે છે. એ અરસામાં એક શ્રાવકને અગત્યનું કામ હોવાથી સવારે વહેલા આવી પૂજારીને તેણે કહ્યું કે, મારે એવો નિયમ છે કે મારી જાતે પ્રતિમાજીનો પખાળ કરી અંગલુછણા કરવાપૂર્વક પૂજા, ચૈત્યવંદન કરીને ભોજન કરવું. માટે આંગીને ઉતારી પખાળ કરૂ છું. પૂજારીએ કહ્યું. વૃદ્ધ શ્રાવિકાના આવ્યા પછી આંગી દરરોજ ઉતારવામાં આવે છે. માટે ઉતારશો નહિ. પણ શેઠે માન્યું નહિ. આંગી ઉતારી, સ્વચ્છ થાળમાં મૂકી, પ્રતિમાજીનો પખાળ કરી, પૂજા, વંદના કરી ચાલતો થયો. પછી વૃદ્ધ શ્રાવિકા દેરાસરજી આવ્યા. આંગી ન દેખવાથી ઘણા ગુસ્સે થયા. પૂજારીને ધમધમાવીને

કહ્યું કે, મારા આવ્યા પહેલાં આંગી કોણે ઉતારી ! પૂજારીએ કહ્યું કે સવારમાં અમુક શેઠ અત્રે આવીને આંગી ઉતારીને પૂજા વિગેરે કરી ગયા. ડોશીએ કહ્યું કે, તેં ઉતારવા કેમ દીધી ! મારા આવ્યા પહેલાં કોઈ આંગીને ઉતારી શકે નહિ. તે ઉતારનાર કોણ ? આ મુજબ આક્રોશના વચનો બોલવાથી પૂજારીએ કહ્યું કે, તમે આંગીના દર્શન, પૂજા કરવા આવો છો ! કે, પ્રભુ જીનેશ્વરજીના ! જીનેશ્વરની દર્શન, પૂજા, સ્તુતિ કરવા આવતા હો તો આ સામે પ્રભુ બિરાજમાન છે. અને આંગીની પૂજા વિગેરે કરવા આવતા હો તો આ સુંદર થાળમાં મૂકેલી છે. તેના દર્શન વિગેરે કરો. શા માટે દેરાસરમાં આવીને આવું ક્રોધયુક્ત વચન બોલ્યા કરો છો ? અહિંઆ શાંત રહેવું જોઈએ. આ પ્રમાણે સાંભળી ડોશી શાંત બન્યા. અને પૂજારીએ આંગી ચઢાવ્યા પછી દેવાધિદેવના દર્શન વિગેરે કરીને પોતાને ઘેર ગયા. આ મુજબ સમજણ વિનાના માણસો પ્રભુના ગુણોને ભૂલી આંગીઓમાં જ પ્રેમ રાખે તો પ્રભુના ગુણોને ગ્રહણ કરી આત્મિક વિકાસ સાધી શકવા ક્યારે સમર્થ બને ! માટે ચેતનના અર્થી બનો ? શોભામાં મુગ્ધ બનો નહિ. આંગી હોય કે ન હોય, દેવાધિદેવ તો બિરાજમાન છે. આમ વિચારી પ્રભુજીના દર્શન વિગેરે કરનાર શ્રાવકો, પ્રીતિ, ભક્તિથી આત્મકલ્યાણ સાધી શકવા સમર્થ બને છે. માટે ગુણોના અર્થી બની આત્મોન્નતિ કરો. આ મુજબ સદ્ગુરૂ પ્રતિબોધે છે કે, શાશ્વતસંપત્તિ, સમૃદ્ધિ અને અનંતસુખ પ્રાપ્ત કરવાનો જે માર્ગ છે તે માર્ગે

જાઓ. તેથી ઘટમાં રહેલ આત્મા નિર્મલ બની ઉજ્વલ થશે. દેહ, ગેહ, વસ્ત્રાદિને નિર્મલ બનાવવાથી આત્મા નિર્મલ બનશે નહિ. ફક્ત પત્થરની નૌકાએ બેસી કોણ સાગરને તરી શકે છે? કોઇપણ નહિ. કદાચ તરી શકે તો શુદ્ધ નિર્મલ થએલ ચેતનાદ્વારા સંસારસાગર તરી શકાય. માટે દેવાધિદેવના ગુણોવડે આત્માને નિર્મલ બનાવો. આ મુજબ ઉપદેશ આપતાં ગુરૂદેવ ચાલીશમા કાવ્યમાં ફરમાવે છે કે—

( અવસર બેર બેર નહિં આવે. આ રાગ )

પ્રભુજી તુમ દર્શન સુખકારી,
તુમ દર્શનથી આનંદ પ્રગટે, જગ જન મંગળકારી.
પ્રભુજી૦ ॥૧॥

તપજપ કિરિયા સંયમ સર્વે, તુમ દર્શનને માટે,
દાનક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજ ઘર વાટે.
પ્રભુજી૦ ॥૨॥

અનુભવ વિણ કથની સહુ ફીકી, દર્શન અનુભવ યોગે,
ક્ષાયિક ભાવે શુદ્ધસ્વભાવે, વર્તે નિજગુણ ભોગે.
પ્રભુજી૦ ॥૩॥

દેશવિદેશે ઘરમાં વનમાં, દર્શન નહિં પામીજે,
દર્શન દીઠે દૂર ન મુક્તિ, નિશ્ચયથી સમજીજે.
પ્રભુજી૦ ॥૪॥

**ચેતન દર્શન સ્પર્શન યોગે, આનંદ અમૃત મેવા,**
**બુદ્ધિસાગર સાચો સાહિબ, કીજે ભાવે સેવા.**
**પ્રભુજી૦ ॥૫॥**

યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી, દેવાધિદેવ જીનેશ્વરના દર્શન તથા ભાવપૂજા, સ્તવન કરીને કહે છે કે, પ્રભુજી તમારૂ દર્શન પરમસુખકારક છે. તેમજ જગતના જન, પ્રાણીઓને પણ મંગળકારી હોવાથી, જે પ્રાણીઓ એકાગ્રતા પૂર્વક ભાવવડે દર્શન કરે છે. તેઓને આનંદ આવતા વિલંબ થતો નથી. એટલે દર્શન સાથે આનંદનો આવિર્ભાવ થાય છે. હૈયામાં રહેલ શોક, ચંચલતા, વિષમવાદ, ભય, ખેદ અને દ્વેષ વિગેરે દૂર ભાગે છે. અને કોઈ વખત નહીં આવેલ સત્યાનંદનો અનુભવ થાય છે. અરે પ્રભુજી ? બાર પ્રકારનો તપ, અનસન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ તથા રસનો ત્યાગ, સંલીનતા તથા પ્રાયશ્ચિત વિગેરે છે અને તેમાંથી જે જે તપસ્યા કરવામાં આવે છે તે તે સઘળી તમારા દર્શન માટે છે. તથા જે જે દાન, શીયળ, ભાવના વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે. તે સઘળી પણ તમારા દર્શન માટે છે. એવા તમારા દર્શન પામી જીવાત્મા અન્તરાત્મા બની, તમારા માર્ગે વળી પોતાનું કલ્યાણ સાધવા માટે સમર્થ બને છે. પરંતુ તે જીવાત્મા જો તમારૂં દર્શન પામે નહિ તો જે લાભ મળી શકે એમ છે તેનાથી તે વંચિત રહે છે. દર્શન એટલે હે પ્રભો ? આપના ગુણોની ઓળખાણ. તેવી ઓળખાણના યોગે જ દર્શન કરનાર

ગુણોનો સ્વામી બનવાપૂર્વક અધિક ગુણાનુરાગી બને છે. પછી જે જે તપસ્યા અગર સામાયિક, પ્રતિક્રમણ તથા પૌષધ આદિ ક્રિયાઓ કરે છે તે તે મંગળકારક બને છે. એટલે પાપોને ગાળી આત્માને શુદ્ધિ અર્પણ કરે છે. આવા સુવિશુદ્ધ દર્શનની કોણ ઇચ્છા ન કરે ? જેઓને આધિ, વ્યાધિ, વિડંબનાઓની પીડાઓ ભોગવવી હોય તે આવી અભિલાષા રાખે નહિ. આત્માર્થીઓ કષ્ટને સહન કરીને પણ સત્ય સુખદાતાર, પાપોને દૂર કરનાર, દર્શન કરી જરૂર દરરોજ શુદ્ધિને પ્રાપ્ત કરી આનંદમાં મહાલે છે. જેમ જેમ શુદ્ધિમાં આગળ વધે છે. તેમ તેમ સાચી રીદ્ધિ, સમૃદ્ધિ, સિદ્ધિને આવવાનો અવકાશ મળતો રહે છે. માટે અરે સુખના અર્થીઓ ? સાંસારિક વિષયોમાં તનતોડમાથાફોડ, કાવાદાવા વિગેરે કરવા પૂર્વક શાને દુઃખી બનો છો ! સંતાપ પરિતાપાદિક શા માટે કરો છો ? દર્શન કરવા માટે તમોને માનવજીવન, આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, ઈન્દ્રિયોની અનુકુલતા, નિરોગી શરીર, અને આજીવિકાના સાધનરૂપ ધન વિગેરે જોઈએ તે સાધનસામગ્રી પુણ્યોદયે પ્રાપ્ત થએલ છે. તો પછી શા માટે આળસ, પ્રમાદમાં અમૂલ્ય અવસરને ગુમાવો છો. મળેલો વખત પાછો આવવો અશક્ય છે. તમો માનતા હશો કે દેશ વિદેશમાં ગમન કરવા પૂર્વક મોટા ધંધા કરી ધન, દોલત મેળવીશું ત્યારે ઇચ્છા મુજબ સુખ મળશે. આ માન્યતા તમારી ભૂલભરેલી છે. મહાન્ ઉદ્યોગપતિઓએ વિવિધ ધંધા કર્યા. કારખાના કાઢીને અબ્જો, કરોડપતિઓ

બન્યા. પણ ચિન્તા વિનાનું સત્ય સુખ, તેઓ પ્રાપ્ત કરવા સમર્થ બન્યા નથી જ. હાય હાય કરતાં પરલોકે ગયા છે. તો તમોને ધનાદિક શું સત્ય સુખ આપશે ! ભલે આજી-વિકાની પીડા રહેશે નહિ. પણ કર્મોની પીડાઓ તો રહેવાનીજ. માટે ધનાદિની મમતાનો ત્યાગ કરી પ્રભુદર્શનમાં ચિત્તને ચોંટાડો. ગએલા, વીતી ગએલ ભવમાં પ્રભુના દર્શન યોગે પુણ્યોદય જાગ્યો. અને પાપો દૂર ગયા. તેમજ કાંઈક આત્મોન્નત બન્યો ત્યારે માનવજીવન વિગેરે સાધનસામગ્રી મળેલ છે. આ બધું સંસારમાં વિષયોની આસક્તિથી મળેલ નથી. તે નક્કી માનજો. વિષયોમાં આસક્ત બનેલ ભલે ધનાઢ્ય કરોડ-પતિઓ તેઓ હોય પણ અન્તે કેવા હેરાનપરેશાન બન્યા છે. તે તમોએ નજરે પણ દેખ્યા હશે. અને દેખી રહ્યા છો. માટે સદ્ગુરૂ કહે છે કે, વિષયો તે સુખનું વાસ્તવિક સાધન નથી. વાસ્તવિક સાધન જો કોઈ હોય તો, પ્રભુના દર્શન કરી તેમના ગુણોને ગ્રહણ કરવાપૂર્વક સંવેગી બનવું તેજ છે. માટે બહાર ક્યાં પરિભ્રમણ કરો છો. સદ્ગુણી બન્યા પછી પ્રાપ્ત કરેલી સંપત્તિનું રક્ષણ થાય છે. અને તેનો સદુપયોગ થતો જાય છે.

**દુર્ગંધા નારીની માફક**—કોઈ વેશ્યાએ એક દીકરીને જન્મ આપ્યો. પરંતુ પરભવના દુષ્કર્મના યોગે જન્મ પામ્યા પછી દુર્ગંધવાળી હોવાથી તેણીને રાજમાર્ગે રખડતી મૂકી. તેની દુર્ગંધથી કોણ તેની સન્મુખ જુવે ? કોઈ જોતું નથી. એ અરસામાં શ્રેણિક મહારાજા લશ્કર સાથે મહાપ્રભુ,

મહાવીર જીનેશ્વરના દર્શનાર્થે નિકળ્યા. વૈભારગિરિ તરફ ગમન કરી રહેલા છે. માર્ગે રહેલ દુર્ગંધાને દેખી આગળ આવેલ સૈનિકો નાક ઉપર કપડું ઢાંકી ચાલવા લાગ્યા. શ્રેણિકનૃપ, આ પુદ્‌ગલનો સ્વભાવ છે. આમ વિચારી સારો ભાવ લાવી આગળ ચાલ્યા અને વિચાર કરે છે કે, આ પણ કર્મોદય છે. અન્યથા તરત જન્મેલી બાલિકામાં દુર્ગંધ ક્યાંથી હોય ! કર્મ, બાલકોને પણ મુક્ત કરતું નથી. આમ વિચાર કરતા મહાવીર સ્વામીના વંદનાપૂર્વક દર્શન કરીને વચનામૃતનું પાન કરવા બેઠા. મહાવીરની અમૃતમયી દેશનાને સાંભળી રાજા પ્રભુને પુછે છે કે, સ્વામી ! રાજમાર્ગે રખડી રહેલી બાલિકા દુર્ગંધવાળી શાથી બની ! સ્વામીએ કહ્યું કે, પહેલા ભવમાં તે રાજાની પુત્રી હતી. સંયમી મુનિરાજને દેખી દુગંચ્છા કરતી. અને અરૂચિ ધારણ કરી સુપાત્રે દાન દેતી. તેવા કારણે દુર્ગંધવાળી વેશ્યાના પેટે અવતરી છે. હવે તેનો તે કર્મનો વિપાક પૂરો થયો છે. અને સુપાત્રે દાન દીધેલ હોવાથી હવે શરીરે દુર્ગંધ રહેલ નથી. અને પુણ્યોદયથી હે રાજન્ હવે તે તારી પત્ની થશે. અને અમારા દર્શનથી અને તારા કહેલ પૂર્વભવના વૃતાંતને સાંભળી વૈરાગ્યવતી, સંવેગવાળી બની, અમારી પાસે દીક્ષા ગ્રહણ કરી આત્મવિકાસ સાધી દેવલોકે જશે. રમતગમ્મતમાં હોડ કરવાથી તું જ્યારે હારી જઈશ ત્યારે તારી પીઠ પર બેસી તને ઘોડો બનાવશે. ત્યારે માનજે કે, પેલી દુર્ગંતા, દુર્ગંધવાળી આ સ્ત્રી છે. આ મુજબ સાંભળી કર્મનો સ્વભાવ અજબ છે.

આશ્ચર્યકારક છે. આમ વિચારી વંદના કરવાપૂર્વક મહારાજા મહેલે ગયા. હવે તેણીની દુર્ગંધનું જવાનું થયા પછી, હવે તે બાલિકા નિરોગી બનેલ હોવાથી તે માર્ગે થઈને ગમન કરતી સંતાન વિનાની રબારણ આને લઈ પોતાને ઘેર આવી. પોતાની પુત્રીની માફક સારસંભાળ રાખી મોટી કરી. નવ-જોબનમાં આવેલી દુર્ગંતા, પુણ્યયોગે ઉર્વશી, મેનકા જેવી રૂપમાં દેખાવા લાગી. હવે તો તેણીને દેખી યુવાનો મુગ્ધ બને છે. વિધુરો પરણવા ચાહના રાખે છે. એવામાં કૌમુદી મહોત્સવ હોવાથી સઘળો પ્રજાવર્ગ તથા શ્રેણિક નૃપ અને અભયકુમાર પણ ઉદ્યાનમાં વિનોદ ખાતર આવેલ છે. તથા પેલી રબારણ પણ દુર્ગંતાને સાથે લઈ આ ઉદ્યાનમાં ફરી રહેલી છે. યૌવનવાળી, ઉર્વશીના સમાન રૂપવતી દુર્ગંતાને દેખી મહારાજા મુગ્ધ થયા. અને તેની સાથે પરણવાની અભિલાષા હોવાથી તેણીની પાછળ આવી રાજાએ પોતાની લાખેણી રત્નવીંટીને નીચે લબડતા સાલ્લાના છેડા સાથે બાંધી. અને કહ્યું કે, મારી વીંટી ખોવાણી છે. માટે અરે અભયકુમાર ? વીંટીને શોધી લાવ ? અભયકુમાર મંત્રીએ સર્વ સ્થલે તપાસ કરી. આવેલ માણસોની તપાસ કરતાં દુર્ગંતાની પાસેથી તે વીંટી નીકળી. અને અભયકુમારે તેણીને કહ્યું કે, તેં મહારાજાની વીંટી કેમ લીધી છે! તેણીએ કહ્યું કે હું કાંઈ જાણતી નથી. કોણે મારા સાલ્લાના છેડાએ બાંધી હશે? આ મુજબ સાંભળી બુદ્ધિના ભંડાર અભયકુમારે વિચાર્યું કે મહારાજાએ તેણીના રૂપમાં મુગ્ધ બની, બાંધી હોવી જોઈએ.

આમ વિચારી, મહારાજાને તેણીની સાથે લગ્ન કરવાની અભિલાષા જાણી, તેણીના પિતાની પાસે માગણી કરવા પૂર્વક પોતાના પિતાની સાથે તેણીને પરણાવી પોતાની ફરજ બજાવી. હવે દુર્ગંતા પરણ્યા પછી મહારાણી બની. મહારાજા સાથે ભોગ, વિલાસ કરવા લાગી. એકદા એવી રમત માંડી કે, જેમાં જે હારે તે ઘોડો બને. અને જીતેલ તેના ઉપર બેસે. આ મુજબ હોડ કરીને રમત કરતાં શ્રેણિક નૃપ હારી ગયા. રાણીનો જય થયો. તેથી ઘોડા પ્રમાણે બનેલ રાજાના ઉપર બેસી તેને ખેલવવા લાગી. રાજાને દેવાધિદેવ મહાવીરસ્વામીએ કહેલ વચન યાદીમાં આવેલ હોવાથી પૂર્વાવસ્થાની દુર્ગંધાને ઓળખી. તેમજ મહારાણીને મહાલતી દેખી હસવું આવ્યું. હસવું જાણી રાણીએ નીચે ઉતરીને કહ્યું કે, તમે કેમ હસ્યા ! તે વાત કહો ? અતિ આગ્રહ કરવાથી મહારાજાએ તેણીની બાલ્યાવસ્થાને પ્રથમથી આરંભીને કહેવાથી તે વૈરાગી બની. અને વિચાર, વિવેકદ્વારા સમજાયું કે, કર્મોનો મહિમા પણ જેવો તેવો નથી. રાજાને રંક બનાવે છે. અને રંકને પુણ્યોદયે મહારાજા બનાવે છે. પાપોદયે મારી એવી અવસ્થા થઈ હશે. અને પુણ્યયોગે મહારાણી બની ભોગવિલાસ પૂર્વક મહારાજાને પ્રિયતમા બની છું. હવે ખરાબ દશા પ્રાપ્ત થાય નહિ અને ભવિષ્યમાં આત્મ-વિકાસ રીતસર સધાય, તે પ્રમાણે અધુના વર્તન રાખું. આ મુજબ ભાવના ભાવવા પૂર્વક ભોગવિલાસની આસક્તિ ઓછી કરી. દરરોજ શ્રીમહાવીર સ્વામીના દર્શન કરવાની

રૂપ લાગી. અને તેમના વચનામૃતનું પાન કરી પવિત્ર બની મહારાજાને નમ્રતા પૂર્વક કહ્યું કે, "જો તમારી આજ્ઞા હોય તો પ્રભુ, વિભુ મહાવીરસ્વામીની પાસે દીક્ષા અંગીકાર કરી આત્મકલ્યાણ સાધી મનુષ્ય જન્મની સફલતા કરૂં. જેથી કરીને ક્યારે પણ દુઃખી અવસ્થા આવી લાગે નહિ. પ્રથમની દશા સાંભળી અને પ્રભુના દર્શન તથા વચનામૃતનું પાન કરી વિષયના સુખ ભોગવવાની ઇચ્છા થતી નથી. માટે દીક્ષા લેવાની આજ્ઞા આપો તો, તમારી સંગતિથી મહારાણી બની. તેની સાર્થકતા થાય. મહારાજાએ આજ્ઞા આપી અને મહોત્સવ કરી મહાવીર સ્વામી પાસે દીક્ષા અપાવી. દીક્ષા લીધા પછી સુંદર ચારિત્રનું પાલન કરી સ્વાત્માનું કલ્યાણ સાધ્યું. આ મુજબ પ્રભુના દર્શન તથા વચનામૃતનું પાન કરનાર પોતાનું શ્રેયઃ સાધવા સમર્થ બને છે. માટે સદ્‌ગુરૂ કહે છે કે, અરે પ્રભો ? તમારૂ દર્શન મહામંગલકારી છે. આવા મંગલકારી દર્શન કરનારનું પોતાનું સત્ય ઘર તે છે કે, જે ઘરમાં આવ્યા પછી બીજા ઘરમાં ભટકવું પડતું નથી. તથા જન્મ, જરા અને મરણની વિડંબના સર્વથા હોતી નથી. તો પછી આધિ, વ્યાધિ ક્યાંથી હોય! એવા શાશ્વતા, સાચા ઘરની વાટે વળાય છે. સમ્યગ્‌દર્શનના યોગે સમ્યગ્‌જ્ઞાન અને ચારિત્રનો સત્ય અનુભવ મળી રહે છે. માટે દેશ વિદેશ વિગેરેમાં પરિભ્રમણનો ત્યાગ કરી તમારા સાચા દેશમાં રહેલા સત્ય-સુખદાયક ઘરને ઓળખી તેના માર્ગે વળવા માટે મનુષ્ય

જન્મ મળ્યો છે. આવો સત્ય ઘરની વાટે વળવાનો દેવલોકમાં પણ ઉપાય મળવો અશકય છે. કારણ કે ત્યાં સઘળા દેવોને સમ્યગ્‌દર્શનનો લાભ મળતો નથી. કેટલાક રંગ, રાગ, નૃત્યાદિમાં રસિલા બનેલ હોવાથી તીર્થંકરોના પાંચ કલ્યાણકોમાં સાચા ભાવથી આવી શકતા નથી. આવે છે ખરા. પણ મિત્રની પ્રેરણાથી કે કૌતુક જોવા ખાતર, સત્ય ભાવથી આવનાર દેવો ઓછા હોય છે. મનુષ્યભવમાં પણ સાચા ભાવથી દર્શન કરનાર કેટલા ? કેટલાક દેરાસરની શોભા, કારીગરી, શીલ્પાદિ જોવા ખાતર આવે છે. કેટલાક લાખેણી આંગી બનાવી હોય ત્યારે આવે છે. પરંતુ દર્શન કરવાપૂર્વક સ્વામીના ગુણોના રસિકો કેટલા ? જે ભાગ્યશાળી દર્શનનો લાભ મેળવી અનુભવને પામે છે. તે જ પોતાના સાચા ઘર તરફ વળે છે. સદ્‌ગુરૂ પ્રતિબોધે છે કે, જે મહા ભાગ્યશાલીઓ સત્ય, મંગળકારી સમ્યગ્‌-દર્શન પામે છે. તેઓનાથી મુક્તિ દૂર નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આવી મલતા ક્ષયોપશમસામાયિક, સમક્તિનો સહકાર પામી ક્ષાયિક ભાવનો અનુભવ આવી મળતાં, એક ભવમાં પણ શાશ્વત શુદ્ધિના યોગે અનંત સુખમાં નિરન્તર ઝીલ્યા કરે છે. પછી તેમને કર્મનો લેપ લાગતો નથી. અને અવતાર ધારણ કરવો પડતો નથી. માટે આવા અનંત સુખદાયક પોતાના ઘર તરફ વળો. વાટે વળતા વિઘ્નો પણ આવશે. અવળા ઘાટો ઓળંગવા પડશે. પણ તેથી ભયભીત બનશો નહિ. શૂરવીર બની

આગળ વધતા રહેજો. જો કાયર બની પાછા હઠશો તો પોતાના સત્ય ઘર તરફ વળી શકશો નહિ. સાંસારિક રીદ્ધિ અને સિદ્ધિ ખાતર તમે કાયર, આળસુ તથા ભયભીત બનતા નથી. તે મુજબ જેમાં અનંત સમૃદ્ધિ ભરપૂર રહેલી છે. એવા પોતાના ઘર તરફ સાહસ, પરાક્રમ તથા ધૈર્ય રાખીને વળવું જોઇએ. મુક્તિરૂપ પોતાના ઘરમાં આવી સત્યલહેર, મોજમજાને જરૂર મેળવશો. તેમાં શંકા કરશો નહિ. સંશયવાળાઓ કદાપિ યથેચ્છ લાભને પ્રાપ્ત કરી શકતા નથી. પાછા ને પાછા પડે છે.

એક ઝવેરીને ચિન્તામણિ પ્રાપ્ત કરવાની અભિલાષા થઈ. બીજે સ્થલે પરિભ્રમણ કરતાં કંટાળો આવ્યો. તેથી પાછો વળવા લાગ્યો અને શંકા કરવા લાગ્યો કે, શાસ્ત્રમાં કહ્યા મુજબ સદ્ગુરૂ કહે છે કે, ચિન્તામણિ હોય છે. અને મેળવી શકાય છે. પણ પરિભ્રમણ કરતાં મને મળ્યો નહિ. માટે હશે જ નહિ. હોય તો આટલો પરિશ્રમ કરતા કેમ ન મળે ? આ મુજબ વિચારણા કરીને પાછો વળે છે. તે અરસામાં એક જાણકાર મળ્યો. તેણે કહ્યું કે, આમ હતાશ બનવાથી ચિન્તામણિ કદાપિ પ્રાપ્ત થાય નહિ. પરાક્રમ, સાહસ કરીને માર્ગમાં જે વિઘ્નો આવતા હોય તેઓથી ભય પામ નહિ. અને અવળા ઘાટો આડા પડેલા છે તેઓને બલ, બુદ્ધિ વાપરી ઓળંગી જવાય તો પછી ચિન્તામણિ મળી રહેશે. તેના યોગે ચિન્તાઓ તથા શોક

સંતાપ વિગેરે ખસી જશે. આ મુજબ સાંભળી, ઝવેરી ઉત્સાહી બની, વિઘ્નોને હઠાવી, આડા આવી પડેલા અવળા ઘાટોને ઓળંગી આગળ વધ્યો. ત્યારે જળહળી રહેલ ચિન્તામણિ હાથમાં આવ્યો. અને સુખી થયો. તે મુજબ પોતાના સત્યઘર તરફ વળતાં વિઘ્નોને અને વિષયકષાયના અવળા પડેલા ઘાટોને ઓળંગશો ત્યારે ચિન્તામણિ કરતાં પણ અત્યંત શુદ્ધ સુખને અર્પણ કરનાર પોતાનું શાશ્વતઘર પામશો. પછી દુન્યવી ચિન્તામણિ કે પાર્શ્વમણિ કે કલ્પવૃક્ષને શોધવાની ઇચ્છા પણ થશે નહિ. વિના પ્રયાસે ચિન્તા વિગેરે મૂલમાંથી નાશ પામશે નહિ. અદ્યાપિ તમો પોતાના ઘર તરફ વળ્યા નથી. અને વળ્યા હો તો અડધે માર્ગે આવી કાંયર બન્યા છો. અગર વિઘ્નો ઉપસ્થિત થતાં કંટાળો આવેલ છે. તથા શંકાઓ કરવાથી શક્તિ હોતે છતે પણ આગળ વધ્યા નહિ. તેથી ચિન્તાઓ, વ્યાધિઓ, વિડંબનાઓ આવીને વળગી છે. આગળ વધશો ત્યારે જ તે આપોઆપ ટળી જશે. માટે મુંઝવણનો ત્યાગ કરવા પૂર્વક દુન્યવી પદાર્થોમાં જે મમત્વ છે તેનો ત્યાગ કરો. તેથી જરૂર સ્વઘરનો માર્ગ સરલ અને સુગમ થશે. માટે પ્રથમ પોતાના ઘર તરફ વળવા અને આગળ વધી સરલ અને સુગમ બનાવવા માટે મમત્વનો ત્યાગ કરવાની જરૂર છે. દુન્યવી પદાર્થોના સંયોગોની મમતાનો ત્યાગ કરવા દ્વારા પ્રભુના સર્વથા નિર્મલ થએલ ચેતન, ગુણોમાં પ્રીતિ થાય છે.

અને તેના યોગે ચેતનાનો આવિર્ભાવ થાય છે. એટલે દર્શનના ચોગે સ્પર્શન થાય અને સ્પર્શનના યોગે પ્રભુના ગુણોમાં એકાગ્રતા થાય છે. તે મીઠા મેવા છે. મીઠા મેવા સદાય મીઠાશ આપી શકે છે. તેની મીઠાશ કદાપિ ઓછી થતી નથી. ધારણા કરતાં અધિકાધિક મધુરતા અર્પણ કરે છે. સદ્ગુરૂ પ્રતિબોધે છે કે, સંસારમાં મીઠા મેવાની વૃત્તિ ખસી જશે. અને ખડ્ડાર બજારમાં જવું પડશે નહિ. પરંતુ વિષય કષાયના ભયંકર અને કારમા વિકારોમાં પડો નહિ ત્યારે જ તે વિચારો અને વિકારોથી દૂર ખસાશે કારણ કે, તે વિચારો અને વિકારો વાઘરીવાડો છે. તથા કસાઇખાનું છે. કહેવાય છે કે, ઘો, મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય તથા શિયાળ મરવાની થાય ત્યારે કસાઇના ઘેર જાય.

એક પાટલાઘો વગડામાં ભમી રહેલી છે. પણ તેને જોઇતી ખોરાકી ન મળવાથી ગામમાં રહેલ વાઘરીવાડે ગઈ. સારી રીતે ખાવાનું મળશે આમ ધારીને ગઈ તો ખરી. પણ, ખોરાકી તો મળી નહિ. પણ ખુવારી થઈ. વાઘરીએ તેણીને પકડી બાંધી રાખી. દરરોજ હેરાન કરવા લાગ્યો. તે એક વાર ખાવામાં ફાવી ગઈ હતી. તેથી લાલચ લાગી અને ત્યાં ઘણું જોખમ છે. તેનો ખ્યાલ રહ્યો નહિ. હવે તો ઘણી પીડા પામવા લાગી. તે મુજબ એક શિયાળ તે ઘણી લુચ્ચી અને ઠગારી છે. માંસની લાલચે તે કસાઈના ઘરમાં પેઠી. તે વેલાયે કસાઈ નિદ્રાવશ હતો. તેથી ફાવટ

આવી. પહેલા મજા પડેલ હોવાથી બીજી વાર રાત્રીમાં પેઠી. કસાઇને ખબર પડી છે કે, શિયાળ આવીને ખાઈ જાય છે. તેથી ભાજન ઉઘાડું રાખી છાનો સંતાઈ રહેલો છે. તેવામાં તે શિયાળ પેંધુ પડેલ હોવાથી તેના ઘરમાં પેઠી. ભાજન દેખીને ઘણી ખુશી થઇને ખાવા જાય છે તેવામાં તેને પકડી ડંગોરા વડે બરોબર ખોખરી કરી. પછી કસાઇના ઘરમાં પેસવાની ખોડ ભૂલી ગઈ. આ પ્રમાણે વિષય કષાયોના વિચારો અને વિકારોમાં એક વાર ફાવી જવાશે. પણ તે ફાવટ સારી માનશો નહિ. કારણ કે, તેમાં ભારોભાર જોખમ ભરેલું છે. અને ઘણી ખુવારી થવાનું મહાન્ કારણ છે. માટે એકવાર ફાવી ગયા તેથી માની લેવું નહિ કે, પુનઃ પુનઃ ફાવી જઇશું. તે વિકારો તમારી વાટ જોઈ રહેલા છે. કે, ક્યારે પુનઃ પુનઃ મૂઢ માણસો આપણા ફંદામાં ફસાય. અને જે તેમને ખુમારી આવી છે તેની ખુવારી કરીયે. અને ભયંકર અને કારમા જોખમમાં ઘસડી લઈ જઈએ. વિકારો તમને ફાવવા દે છે તેનું કારણ, તમો સમજ્યા નહિ હો તો, સમજણ સદ્ગુરૂ પાડે છે કે, તમોને ફસાવી ખુવારી કરવા માટે જ તે તૈયાર હોય છે. શાણા સમજે છે. બચી જાય છે. તેઓનાથી અલગા રહીને ચેતના ગુણથી યુક્ત આત્માને નિર્મલ કરી સ્વકલ્યાણ સાધવા સમર્થ બને છે. કેવલ-જ્ઞાની એવા પ્રભુના દર્શન, અને તેમનો સ્પર્શ કરવા માટે ગુરૂવર્ય ફરમાવે છે કે, બુદ્ધિસાગર બનવું હોય તો કેવલ-

જ્ઞાની પ્રભુની આજ્ઞામાં અર્પાઈ જાઓ. તેથી દર્શન, જ્ઞાન અને ચારિત્રદ્વારા ચિત્તની પ્રસન્નતા, સ્થિરતા થશે. પછી કોઈ પ્રકારની સુખમાં ખામી રહેશે નહિ. અરે ! અજરામરને પ્રાપ્ત કરવા શક્તિમાન બનશો.

હવે સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એકતાલીશમા પદની રચના કરતાં ફરમાવે છે કે, અરે ભાગ્યશાલી ! તારૂં કેવું સ્વરૂપ છે ! તેનું તને ભાન નથી. પરંતુ તારૂ સ્વરૂપ, સત્તાની અપેક્ષાએ સિદ્ધસમાન છે. આમ ફરમાવતાં કહે છે કે—

(રાગ—અજપા જાપે સુરતા ચાલી)

**અલખ અગોચર નિર્ભયદેશી, સિદ્ધસમોવડ તું ભારી,**
**અનુભવ અમૃત ભોગી હંસા, અકલગતિ વર્તે તારી.**
**અલખ૦ ॥૧॥**

**અસંખ્ય પ્રદેશે દ્રષ્ટિ દેકર, શ્વાસોશ્વાસે ઘટ જાગો,**
**સ્થિરતા સમતા લીનતા પામી, દૂરે પરપરિણતિ ત્યાગો.**
**અલખ૦ ॥૨॥**

**ભેદ જ્ઞાનથી ભાવો ભવિકા, આતમ રત્નત્રયી સ્વામી,**
**અભેદ દ્રષ્ટિ અન્તર લક્ષી, થાઓ શિવપદ સુખ રામી.**
**અલખ૦ ॥૩॥**

**ભાગ્યદશા પૂરણ જસ હોવે, આતમ ધ્યાને મન લાગે,**
**બુદ્ધિસાગર ધન્ય નરા જગ, પ્રણમો સંતો દિલરાગે.**
**અલખ૦ ॥૪॥**

અરે આત્મજ્ઞાનના અર્થી તું ચિન્તા કર નહિ કે, મારૂ સત્ય સ્વરૂપ કેવું હશે ! પરંતુ તારૂ ખરૂ સ્વરૂપ દેહ, વાણી, સાત ધાતુ તથા માનસિક વૃત્તિઓથી પર, નિરાળુ છે. એટલે અલખ છે. તેનાથી પરખાશે નહિ. અને પરખાતું નથી. અનુભવમાં આવતુ નથી. પરંતુ દેહ, ઇન્દ્રિયો તરફ અને માનસિક વૃત્તિઓ તરફ લક્ષ્ય ન દેતાં આત્મગુણોમાં ધ્યાન રાખતાં જેમ જેમ સ્થિરતા, લીનતા થશે તેમ તેમ આત્મતત્ત્વનો અનુભવ આવતો રહેશે દેહ, ઇન્દ્રિયો વિગેરે અધિકરણ બને છે. અને ઉપકરણ બની સહકાર આપે છે. પરંતુ ઉપકરણ બને નહિ તો અધિકરણ બનતા વિલંબ થતો નથી. તેથી સાત ભયો, ઉપસ્થિત થતાં ચંચલતા વધે છે. તેથી નિર્ભયદેશી, શુદ્ધસ્વરૂપી આત્માનો અનુભવ આવતો નથી. પરંતુ દેહાદિકનો સહારો લઇ, વૈરાગ્યપૂર્વક આત્મભાવના ભાવે તો, નિર્ભયદેશી બનાય. એવું તારૂ સ્વરૂપ છે. પરંતુ તારૂ સ્વરૂપ કયારે પરખાય કે, જયારે દાન, શીયળ, તપ અને ભાવનાના યોગે વ્રત, નિયમબદ્ધ બની તથા વીતરાગની પૂજા, આજ્ઞાની બરોબર આરાધના કરવા પૂર્વક તેમના ગુણોને ગ્રહણ કરી, આત્મિક ગુણો મેળવી, અનુભવ અમૃતના ભોગી બનો, ત્યારે જ આત્મતત્ત્વની પ્રીતિ જાગે. તેથી દુન્યવી પદાર્થો પર જે પ્રેમ છે તે શક્તિ મુજબ નષ્ટ થશે. એટલે હંસની માફક, સંસારમાં જે જે અસાર છે તેનો ત્યાગ કરવા પૂર્વક આત્મતત્ત્વનો સાર ગ્રહણ કરી સત્યહંસ બનશો.

પછી અરે હંસા ? તારી અકળગતિ વર્તશે. આ સિવાય અનુભવઅમૃતસરસ જે રસ છે તે મળશે નહિ. અને અકળગતિ પ્રાપ્ત થવી તે અશક્ય બનશે. તમારી અભિલાષા તો આત્મસ્વરૂપને મેળવવાની છે. માટે પ્રથમ દાન, શીયળ, તપસ્યા વિગેરેની આરાધના કરી જીનેશ્વરના ગુણોને ગ્રહણ કરી યોગ્યતા મેળવવાની આવશ્યકતા છે. દુન્યવી સંયોગોમાં તથા વિયોગોમાં અટવાયાથી અને સ્વાર્થ, સ્વાદ તથા કંચન, કામિની, કુટુંબ અને કાયામાં મુગ્ધ બનવાથી દાનાદિમાં તત્પર બનાશે નહિ. તેમજ વીતરાગના ગુણોમાં પ્રેમ જાગશે નહિ. તો પછી આત્મ-વિકાસ કેવી રીતે સધાશે ? માટે સંસારની અસારતા જાણી, તથા અનિત્યતા, અશરણતા વિગેરે રીતસર જાણી, દાનાદિ સાધનો છે તેમાં પરાયણ બનો. તેથી દેહ, ગેહ, કંચન વિગેરેની મમતા ટળશે. આવી મમતાથી અહંકાર, અદેખાઈ, હરિફાઈના કારમા જોખમમાં ફસાઈ પડવું પડે છે. તેથી આત્મતત્ત્વ રૂપ અમૃત જે પ્રાપ્ત કરવાનું છે તે ભૂલાઈ જવાય છે. પદાર્થોની મમતામાં મૂઢ બનવું અને આત્મઅનુભવરૂપી અમૃતનો આસ્વાદ લેવો તે કદાપિ બનતું નથી. માટે સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી, હૈયામાં ધારણ કરી, જીનેશ્વરે કહેલા માર્ગે ગમન કરો. પૂર્વ ભવોનાં પુણ્યયોગે તમને દરેક બાબતમાં અનુકુલતા આવી મળી છે. તેનો દુરૂપયોગ કરો નહિ. એટલે મમતા, અહંકારનો ત્યાગ કરી સદુપયોગ કરવા ઉપયોગ રાખો.

એટલે દાન, શીયળ, તપ, ભાવના ભાવી સ્વપરનું હિત, કલ્યાણ સધાય તે મુજબ આચરણ રાખો. જે અનુકુલતા મળી છે. તે અનુક્રમે આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાપૂર્વક અન્ય પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે જ મળી છે. વીતરાગના માર્ગે ગમન કર્યા સિવાય જે બુદ્ધિ, શક્તિ પ્રાપ્ત થએલ છે તેની સફલતા થશે નહિ. આજ, આત્મશુદ્ધિનો સરલ અને સુગમ માર્ગ છે. તમોને વિપત્તિ, શોક, સંતાપ વિગેરેથી પીડા થતી હોય, અને ભય લાગતો હોય તો, ઉપર કહેલા માર્ગે ગમન કરવા આળસ કરશો નહિ. સંસારમાં તો એવા એવા સંયોગો આવી મળશે કે, જેના આધારે મલીનતામાં વધારો થવાનો જ. કારણ કે નિમિત્તવાસી આત્મા છે. કદાચ ખરાબ, અનિષ્ટ, નિમિત્તો હાજર થાય, તે વખતે તમોને ખબર પડે કે, આત્મા મલીન થએલ છે. તે વેલાયે શુદ્ધિ કરવાનું ભૂલતા નહિ.

એક ધોબણની માફક–રાજગ્રહી નગરીમાં લુગડાં ધોનાર, ચોખ્ખા કરનાર એક ધોબી અને ધોબણ રહેતા હતા. તે વસ્ત્રો શુદ્ધ કરવામાં ઘણા હુંશીયાર હતા. તેથી શ્રેણિક રાજા અને તેમની રાણીઓ પોતાના વસ્ત્રોને ધોવા માટે તે ધોબી–ધોબણને આપતા. તેઓએ તે વસ્ત્રો, જે દિવસે સાફ કરીને રાખ્યા છે. તે દિવસે કૌમુદી મહોત્સવ હોવાથી સમગ્ર પ્રજા તથા રાજા ઉદ્યાનમાં ગયા. હવે એવું બન્યું કે, ધોબી, ધોબણને પણ ઉદ્યાનમાં મહાલવાની ઇચ્છા થએલ હોવાથી રાણીના વસ્ત્રો પહેરી ધોમણ સજજ થઈ. લુગડાં પહેરી ઘણી ખુશી થઈ.

અને મેળામાં મહાલવા લાગી. ઉદ્યાનની મજાહને લીધા પછી રાજાએ પણ મેળામાં ફરતાં, રાણીના વસ્ત્રોને પહેરીને મહાલતી ધોબણને દેખી. તેથી ક્રોધ તો થયો, પણ મેળામાં કાંઈ પણ બોલ્યા સિવાય જ્યારે વસ્ત્રો આપવા આવશે ત્યારે બરોબર શિક્ષા કરીશું. આમ વિચારી ગુપ્તતાએ તે વસ્ત્રો ઉપર તંબોળની નિશાની કરી. ત્યારપછી ધોબણને આ વાતની ખબર પડી. તેથી ભય પામી ફરવાનું મૂકી દઈ, જલ્દી પોતાના ઘેર આવી. રાજાએ જે નિશાની કરેલી હતી તે દેખાય નહિ તે મુજબ વસ્ત્રોની શુદ્ધિ કરી, બીજે દિવસે રાજાની પાસે તે વસ્ત્રો લાવી મૂકયા. રાજા નિશાની તપાસે છે. છતાં ન દેખવાથી શિક્ષા કરી શક્યો નહિ. રાજાએ કહ્યું કે, અમારા કપડા તથા રાણીના કપડા તમારાથી પહેરાય નહિ. છતાં તું રાણીના વસ્ત્રો પહેરી મેળામાં મહાલતી હતી, તે વેલાયે મેં તંબોળની નિશાની કરી હતી તે દેખાતી નથી. તેનું શું કારણ! ધોબણે કહ્યું કે, મુગ્ધ બની કપડા પહેર્યાં પછી તમારી બીતિને લઈને જલ્દી ઘેર આવી નિશાનીની શુદ્ધિ કરવા પૂર્વક પુનઃ સઘળા કપડાની શુદ્ધિ કરી છે. આ મુજબ સાંભળી નૃપતિ ખુશી થયો. અને કહ્યું કે, બીજીવાર હવેથી પહેરવા નહિ. હવે મુગ્ધ બની પહેરીશ નહિ. આ મુજબ કહી પ્રણામ કરીને ધોબણ ઘેર ગઈ. આ મુજબ તમોને સંસારની કાર્યવાહીમાં દુષ્ટકર્મોની બીતિ લાગતી હોય તો, જરૂર તરત કર્મોદ્વારા આત્મા મલીન થયો હોવાથી આત્માની

શુદ્ધિ કરવા આળસ કરવી જોઈએ નહિ. જો શુદ્ધિ નહિ કરો તો તે દુષ્ટકર્મોજન્ય વિપત્તિ, વલોપાત વિગેરેની પીડાઓ ભોગવવી પડશે. હવે શુદ્ધિ કેટલી કરવી! તે કહેવામાં આવે છે. તે ત્રણ પ્રકારની છે. યોગશુદ્ધિ, ક્રિયા-શુદ્ધિ, અને ધ્યાનશુદ્ધિ. યોગશુદ્ધિ એટલે મન, વચન અને કાયાદ્વારા જે દુષ્ટ વિચારો કર્યા હોય, તથા વચનના યોગે કોઈના પ્રત્યે સંતાપ, પરિતાપ વિગેરે પીડા ઉપજાવી હોય, તથા કાયાથી અનાચારો સેવ્યા હોય, દુષ્ટ પ્રવૃત્તિ કરી હોય, તેઓની આત્મસાક્ષીએ તથા ગુરૂદેવની સાક્ષીએ માફી માગવી. મિચ્છામિ દુક્કડં દેવો. અને બીજીવાર તેવી વૃત્તિમાંથી પાછું ખસવું, પુનઃ તેવું કરવું નહિ તે યોગશુદ્ધિ કહેવાય. આ મુજબ નિન્દા, ગર્હા કરવાથી "ક્રિયાશુદ્ધિ થાય છે. ત્યારપછી ધ્યાનશુદ્ધિ આવીને હાજર થાય છે. એટલે આવતાં પાપો રોકાય છે. પુણ્યબંધની સાથે સંવર થાય છે. અને ઉદયમાં આવેલા કર્મોની નિર્જરા થતી જાય છે. માટે આત્મોન્નતિના અર્થીઓએ પ્રથમ યોગશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ અને ધ્યાનશુદ્ધિ કરવામાં તત્પર બનવું. દાન, શીયળ, તપ, જપ વિગેરે ક્રિયામાં યોગ, ક્રિયા અને ધ્યાનશુદ્ધિની પણ જરૂર રહેવી જોઇએ, જરૂર રાખવી અગત્યની છે. તે સિવાય કરેલ દાનાદિધર્મ બરોબર ફલીભૂત બનતા નથી. સુપાત્રે દાન દેવામાં નિર્દોષ આહાર, પાણી, વસતી, વસ્ત્રો વિગેરેનો ઉપયોગ રાખવો. તેમજ સુપાત્રે દાન દેવામાં પાંચ દુષણનો ત્યાગ કરવો અને પાંચ ભૂષણનો આદર કરવો. પાંચ

દૂષણો જેવાં કે, અનાદર, વિલંબ, વૈમુખ્ય, વિપ્રિયવચન અને પશ્ચાત્તાપ. દાન દાતારના આ પાંચ દુષણ શાસ્ત્રકારે કહેલા છે. તથા આનંદના અશ્રુણિ, રોમાંચ, બહુમાન, પ્રિયવચન અને અનુમોદના આ પાંચ ભૂષણ કહ્યાં છે. આ મુજબ દાનશુદ્ધિ કરવા પૂર્વક દાતારની મમતા, અહંકાર વિગેરે ખસવા માંડે છે. તથા પુણ્યાનુબંધી પુણ્યબંધની સાથે નિર્જરા થાય છે. સુંદર સંસ્કાર પડે છે. તે પરલોકમાં સાથે આવતા હોવાથી ધર્મની આરાધનામાં સુગમતા થાય છે. તેથી મળેલ સાધનસામગ્રી દ્વારા સ્વપરનું હિત સધાય છે. શીયળ કહેતાં બ્રહ્મચર્યની શુદ્ધિમાં શારીરિક શક્તિ, માનસિક અને આત્મિકશક્તિમાં વધારો થતો રહે છે. અને જ્ઞાનના યોગે આત્મરમણતા થાય છે. બ્રહ્મચર્યના પાલન પછી જો આત્મરમણતા થાય નહિ તો, તે દ્રવ્યબ્રહ્મચર્ય કહેવાય. ભાવથી આત્મરમણતા પ્રાપ્ત છે. તે શીયળની શુદ્ધિથી વિષયના વિકારો દૂર ભાગતા જાય છે. તથા તપસ્યાની શુદ્ધિની પણ અગત્યતા છે જ. કારણ કે, તેના યોગે પાંચ ઇન્દ્રિયો કબ્જામાં આવે છે. અને તે ઇન્દ્રિયો કબ્જામાં આવ્યા પછી શીયળ, બ્રહ્મચર્યના પાલનમાં સુગમતા અને સરલતા બની રહે છે. પાંચ ઇન્દ્રિયોને વશ કર્યા સિવાય બ્રહ્મચર્યનું પાલન દુષ્કર છે. માટે તપની કર્તવ્યતા અવશ્ય રહેવી જોઇએ. તપસ્યા એવી હોવી જોઇએ કે, પાંચ ઇન્દ્રિયોની તાકાત ઘવાય નહિ અને આર્તધ્યાન, વલોપાતાદિ થાય નહિ. તેને જ્ઞાની મહારાજા તપશુદ્ધિ કહે છે. અને તે શુદ્ધિમાં આગળ વધવા

માટે ભાવનાની શુદ્ધિની પણ જરૂર છે. ભાવનાથી તે શુદ્ધિઓનું રક્ષણ થાય છે. અને ક્રિયાની સિદ્ધિમાં અને ધ્યાનની શુદ્ધિમાં આગળ વધાય છે. ત્યારપછી તે યોગશુદ્ધિ અને ક્રિયાના યોગે ધ્યાનશુદ્ધિમાં સ્થિરતા, લીનતા ઝામે છે. સાથે સાથે અસંખ્યપ્રદેશી આત્માનો અનુભવ આવે છે. માટે આ મુજબ વર્તન કરી આત્મામાં અનુક્રમે દ્રષ્ટિ લગાવ. અને શ્વાસોશ્વાસે ઘટમાં જાગ્રત રહે. પછી જીવોના પાંચસો ને ત્રેસઠ ભેદો પૈકી કોઈ પ્રાણી પ્રત્યે રાગ, દ્વેષ, અદેખાઈ વિગેરે થશે નહિ. અરે જો! યોગ, ક્રિયા અને ધ્યાન-શુદ્ધિને સાચવી ઇર્યાપથિકી ક્રિયા કરવામાં આવે તો, ઘણાં પાપોના વિપાકો નષ્ટ થાય છે. પુણ્યાનુબંધી પુણ્યની સાથે અતિમુક્ત મુનિની માફક ઘણી નિર્જરા કરવાથી કર્મો નાશ પામે છે. અને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ હાજર થાય છે.

અતિમુક્ત મુનિ, પોલાસપુરના વિજય રાજા અને શ્રીદેવી મહારાણીના પ્રિયપુત્ર હતા. છ વર્ષના એવા તેમણે શ્રીગૌતમસ્વામીને ગૌચરીએ સંચરતા દેખ્યા. મનમાં આનંદ પૂર્વક આગ્રહ ભરી વિનતિ કરી, પોતાના ઘેર લઈ ગયા. મનોહર ભાવનાની સાથે ગોચરી વહોરાવી. પછી તેમની સાથે ચાલ્યા. અને પ્રભુ મહાવીરની પાસે આવી ઉપદેશ શ્રવણ કરી પ્રતિબોધ પામી પોતાના માતપિતાને મધુર વાણીવડે કહેવા લાગ્યા કે, તમે મને દીક્ષા લેવાની અનુમતિ આપો. સંસારના સુખો મને પસંદ નથી. તેનાથી ઉદ્‌વિગ્ન બનેલ છું. કોઈ કહેશે કે, આ છ વર્ષના

બાળકને આવો વૈરાગ્ય અને સંવેગ આવે ક્યાંથી ? ગતભવોના સંસ્કારોના યોગે વૈરાગ્ય વિગેરે જાગ્રત થાય છે. સુંદર નિમિત્તો મળવા જોઇએ. ગૌતમસ્વામી અને શ્રીમહાવીર સ્વામીની દેશનાએ મનોહર નિમિત્ત પ્રાપ્ત થયું. તો પછી પવિત્ર બનેલ અતિમુક્તનો વૈરાગ જાગે તેમાં આશ્ચર્ય શું ? શુભ સંસ્કારોથી શુદ્ધિ થાય છે. અને શુદ્ધિના યોગે પવિત્ર બનાય છે. પુત્રની વાત સાંભળી માતપિતા, રાજા રાણી કહે છે કે, તું હજી નાનો છે. અને દીક્ષા લેવી સહેલી છે. પણ પાળવી કઠીણ છે. લોહના ચણા ચાવવા અને વેળુના કોળીયા ખાવા બરોબર છે. ટાઢ, તડકો વિગેરે તેં દેખ્યો નથી. તેમજ બાવીસ પરિસહો સહન કરવા પડશે. તથા તને શું એવું જ્ઞાન થયું છે કે, દીક્ષા લેવાની અનુમતિ માગે છે! અતિમુકતે કહ્યું કે, દેવ ગુરૂની કૃપાએ એટલું જ્ઞાન થયું છે કે, અરે પુજ્યો ? જે હું જાણું છું જ, તેજ હું જાણતો નથી. કેવી રીતે ? હે વહાલા પુત્ર કહે. હે પુત્ર કહે છે કે, માતાપિતા જે હું જાણું છું કે, જન્મ પામેલાને જરૂર મરવાનું હોય છે. પરંતુ મરણ પામ્યા પછી કયે સ્થલે, ક્યારે અને કેવી રીતે ઉત્પન્ન થવાય છે. તે જાણતો નથી. તો પછી મરણ પામ્યા પહેલાં સંસારના સુખની આસક્તિનો ત્યાગ કરવા પૂર્વક આત્મિક વિકાસ સાધવો અતિકલ્યાણકારક છે. ટાઢ, તડકો તથા બાવીસ પરિસહો તથા ઉપસર્ગોનો ભય રાખવાથી કાંઈ પણ સાધવા સમર્થ બનાતું નથી. અને

અનંત રીદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિ મળી શકતી નથી. પરિસહો વિગેરેને સહન કર્યા સિવાય કોણે દુઃખોને નિવાર્યાં છે. અને ઇષ્ટ લાભ, કોણે પ્રાપ્ત કર્યો છે ! તે તમે દર્શાવી શકશો ? બતાવી શકશો નહિ જ. માતપિતા ! તમારો રાગ જે છે તે મોહજન્ય છે. તેને નિવારી દીક્ષા લેવાની અનુમતિ આપો. દીક્ષા લીધા પછી એવું બલ ફોરવીશ કે પુનઃ જન્મ જરા મરણની વિડંબના મૂલમાંથી નાશ પામે. અને માતપિતાને પણ શોક સંતાપાદિ થાય છે તે થાય નહિ. અને મમતાના ઉદરે નવ માસ લગભગ ઉંધે મસ્તકે અંધારી કોટડીમાં રહેવું પડે નહિ. તથા આ જીવે માતપિતાને અસહ્ય પીડા ઉપજાવવા પૂર્વક અસંખ્યાતી. વાર જન્મ ધારણ કર્યો. તેમજ ઘણી વાર ખંભાતી તાળા દેવરાવી સ્વજનવર્ગે ઘણા સંકટમાં ફસાવ્યા છે. સંસારના સંબંધો ક્ષણવિનાશી હોઈ સ્થિર નથી. જ્ઞાનીઓ ફરમાવે છે કે, “ अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः, तस्मात् कर्त्तव्यो धर्मसंग्रहः ” માટે આધિ, વ્યાધિ, વિપત્તિ આવી લાગે નહિ તે પહેલાં, આત્મધર્મ સાધવા તત્પર થવું તે બુદ્ધિમત્તા છે. આ મુજબ પુત્રનું કથન સાંભળી, રાજા રાણી ઘણા ખુશી થયા. અને વિચાર કરવા લાગ્યા કે અમોને આટલી ઉમ્મરે વૈરાગ્ય આવ્યો નહિ, અને અમે વિષયસુખમાં ફસાઈ પડયા. ધન્ય છે આ પુત્રને કે જે છ વર્ષના બાલકને આવો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થયો. હવે તેને આત્મકલ્યાણ સાધવામાં વિઘ્નો ઉપસ્થિત કરવા

નહિ. વિઘ્નો ઉભા કરવા તે અમારૂં કામ નથી. આમ વિચારી શ્રદ્ધાવાન્ માતપિતાએ અનુમતિ આપી. મહોત્સવ કરવા પૂર્વક સાધર્મિક બંધુઓને અને અન્યજનોને ઉચિત દાન દઈ સાથે આવી શ્રીમહાવીરસ્વામીને વંદના કરી બે હાથ જોડી વિનતિ કરી કે, અમારા જ્ઞાનગર્ભિત પુત્રને દીક્ષા આપો. જેથી તેનું આત્મશ્રેયઃ સધાય, અને અમારી પણ પ્રભુ પંથે સંચરવાની અભિલાષા થાય. વીતરાગ, તીર્થંકર શ્રીમહાવીરસ્વામીએ દીક્ષા અર્પણ કરી. અને સ્થવિર મુનિવર્યોને યોગ, ક્રિયા અને ધ્યાન શુદ્ધિ માટે સોંપ્યા. રાજા રાણી આનંદ સાથે પોતાના મહેલમાં ગયા. અતિમુક્ત મુનિવર્યે ત્રણ વર્ષોમાં અગ્યાર અંગો, ઉપાંગો વિગેરેનો અભ્યાસ કર્યો. એક દિવસ, સ્થવિરોની સાથે સ્થંડિલે ગયા. માર્ગે નાના બાલકો, નાના તળાવડામાં નાની હોડીની રમત રમી રહ્યા છે. તે દેખીને બાલસ્વભાવના યોગે તેમને પણ રમવાની ઇચ્છા થઇ. નાના પાતરાને તલાવમાં નાંખી કહેવા લાગ્યા કે, "**મારી હોડી તરે મારી હોડી તરે.**" આ મુજબ બોલી રહ્યા છે. તે અરસામાં સ્થવિરો આવ્યા. ને ઠપકો આપવા લાગ્યા કે, અરે મહાનુભાવ ! તું આ શું કરે છે ! પાતરાને પાણીમાં નાંખી રમત કરે છે ! શું તમને ખબર નથી ! કે પાણીની વિરાધનામાં છજીવકાયની વિરાધના થાય છે ! અગ્યાર અંગોનો અભ્યાસ તો કર્યો છે ને ? અને ઉપયોગ રાખ્યો નહિ. આ મુજબ કહેતાં પ્રભુની પાસે આવ્યા અને કહ્યું

કે, આ મુનિવરે પાણીની વિરાધના કરી છે. માટે ઠપકો આપવા લાયક છે. પ્રભુએ કહ્યું કે, બાલસ્વભાવથી વિરાધના કરી છે તે બરોબર છે. છતાં આ મુનિની આશાતના કરો નહિ. હૈયામાં ઘણો પસ્તાવો કરવા પૂર્વક દેખો. કેવી ઇરિયાવહી ક્રિયા કરી રહેલ છે. ત્રણ શુદ્ધિ પૂર્વક ક્રિયા કરી રહેલ છે. હાલમાં જ તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થશે. આ મુજબ કહી રહેલ છે. તેવામાં જ્ઞાની અતિમુક્ત મુનિવર્યે "મટ્ટીમટ્ટીડા" વિગેરે બોલતા કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ ક્રિયા કેવી શુદ્ધિપૂર્વક કરી તે તમોએ જાણ્યું ! માટે સર્વે ક્રિયાઓ શુદ્ધિ પૂર્વક કરાય તો મોક્ષ દુર નથી. તમારી પાસે જ રહેલ છે. તમોને આત્માનો તે અનુભવ કયારે આવે કે, જ્યારે. યોગ, ક્રિયા અને ધ્યાન શુદ્ધિમાં તત્પર બનાય ત્યારે જ. માટે પરપદાર્થોની જે પરિણતિ છે, તેને દુર કરો. અને સ્થિરતા, લીનતા અને સમતાનો રીતસર આદર કરો. મમતા અને સમતાના ભાનના યોગે ભેદજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી મમતા ટળે છે. અને સમત્વ હાજર થાય છે. તે ભેદજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના દ્વારા થતું હોવાથી, રત્નત્રયીના સ્વામી બનવાની શક્તિ જાગે છે. માટે સદ્ગુરૂ કહે છે કે, રત્નત્રયીના સ્વામી બન્યા પછી અન્તરાત્મા બનશો. અને આત્માના ગુણોના લક્ષી બનશો. આ મુજબ સ્થિરતા, લીનતા તથા સ્થિરતાને પામી તથા રત્નત્રયીના સ્વામી બની, શિવપદ, અનંતસુખના સ્વામી, રામી બનો. સદ્ગુરૂ કહે છે કે, અનંત સુખના રામી

ક્યારે બનાય કે, જ્યારે ભાગ્યદશા પૂરેપૂરી જાગી હોય, એટલે પુણ્યાનુબંધી પુણ્યના યોગે પહેલું સંઘયણ, વજ્રઋષભનારાચ મળવા પૂર્વક રત્નત્રયીની આરાધના કરવા પૂર્વક, આત્મજ્ઞાન અને ધ્યાનમાં લગની લાગે ત્યારે જ, અનંત રીદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિ રૂપ સુખના રામી બનાય-સ્વામી થવાય. તેવા મહાભાગીઓને ધન્ય છે કે, જેઓએ સંસારના સંયોગો અને વિયોગોને તથા સંપત્તિ, વિપત્તિઓને સમગણી છે. સમત્વમાં સ્થિર થઈ, આત્માને ભાવ્યો છે. અને કૈવલ્ય પામી અનંત સુખના સ્વામી બન્યા છે. તેઓને સાચા દિલરાગથી તમે પ્રણામ કરો. અને તેમના ગુણોના રાગી બની, તેમના મોક્ષમાર્ગે સંચરો. એવા ભાગ્યશાલી ધન્યોને પણ પ્રણામ કરો. સદ્ગુરૂ કહે છે કે, અમો પણ પ્રણામ કરીએ છીએ કે, તેથી અનંતભવના ઉપાર્જન કરેલા ખરાબ સંસ્કાર અને વાસના ખસતી જાય છે. અને સાચા દિલના રાગે તે સંતોના માર્ગે ગમન કરાય છે. દુન્યવી માર્ગે ગમન કરતા સુખાભાસ ખાતર ઘણા શ્રીમંતોને પ્રણામ કર્યા, કાલાવાલા કર્યા. વારે વારે આજીજી કરી. છતાં સત્ય સુખનો અનુભવ પ્રાપ્ત થયો નહિ. ઉલ્ટા હાંસીપાત્ર બન્યા. તથા ચારે ગતિમાં ટીચાયા. અને કુટાયા. હવે સદ્ગુરૂના યોગે અનંત સત્યનો માર્ગ મળ્યો છે. તેથી આપણો મહાભાગ્યોદય જાગ્યો. અને તેથી આત્મિકગુણોની રીતસર ઓળખાણ થઈ.

બેંતાલીશમા પદમાં સદ્દગુરૂ મહારાજ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી એવા એવા નિમિત્તો અને સંયોગો પામી આત્મા પોતાનું તત્ત્વ ભૂલી જાય છે. તેની યાદિ, સ્મરણ કરાવવા માટે પુનઃ પુનઃ કાવ્યદ્વારા ફરમાવે છે.

( રાગ કલ્યાણ )

**તારો આતમરાય, મહાશય તારો આત્મરાય.**
**કાદવમાં મણિ ખરડાયો છે, સ્વચ્છ કરો ચિત્ત લાય. મ૦**
**આતમહીરો ઝળકે જ્યોતે, જો જ્યો ઘટની માંય.**
**મહાશય૦ ॥૧॥**
**સત્ય સનાતન સુખનો દાતા, આપોઆપ સુહાય;મહા૦**
**જેની શક્તિ પાર વિનાની, સાધનથી તે સધાય.**
**મહાશય૦ ॥૨॥**
**જગદીશ્વર જગનાથ જ્યો જગ, જ્ઞાન થકી પરખાય;મ૦**
**જેની સેવા અમૃતમેવા, જન્મ જરા દૂર જાય.**
**મહાશય૦ ॥૩॥**
**ગુણપર્યાયનો ધારક ભાજન, સમયે સમયે થાય; મહા૦**
**પરમાતમ તે નિશ્ચયનયથી, ધ્યાવે તો સુખ પાય,**
**મહાશય૦ ॥૪॥**
**વ્યવહારે શુદ્ધ વર્તે તદર્થે, ક્ષણ ક્ષણમાંહી સદાય; મહા૦**
**કારણે કાર્ય મહોદય સિદ્ધિ, બુદ્ધિસાગર ગુણ ગાય.**
**મહાશય૦ ॥૫॥**

"સદ્ગુરૂ મહારાજ કરૂણા લાવી ભવ્યજનોને ઉપદેશ આપે છે કે, હે મહાશય પુણ્યવંતો! તમારા આત્મરાજાને તારો. તારો. પુણ્યયોગે પ્રાપ્ત થએલ સંપત્તિ, શક્તિને દુન્યવી વિલાસોમાં તમો વિલાસી બનેલ હોવાથી તેમજ અન્ય શ્રીમંતો પ્રત્યે અદેખાઇ, ઇર્ષ્યા, વિરોધાદિક કરતા હોવાથી આત્મિકશક્તિ દબાતી રહી છે. અને રહેશે. તેથી જે સાધનસામગ્રી મળી છે તેની સાર્થકતા, સફલતા થશે નહિ. જે સામગ્રી પ્રાપ્ત થએલ છે તે, આત્માનો ઉદ્ધાર કરવા મળી છે. તેના ઉપર કર્મોનું અધિક દબાણ લાવવા માટે મળી નથી. માટે ભોગોપભોગના વિલાસોને નિયમિત બનાવો, તેથી આત્માની તાકાત ઉપર જે અધિક દબાણ આવે છે તે આવશે નહિ. અને માયા, મમતા, રાગદ્વેષ મોહાદિયોગે પ્રથમનું જે કર્મોનું આવરણ, કહેતાં દબાણ આવેલ છે તે વ્રત, નિયમાદિ વડે ઓછું થશે. તેથી આત્માને તારવા સમર્થ બનાશે. ભોગવિલાસો પણ કાદવ સમાન છે. તેમાં પડેલા મહામુલ્યવાન્ હીરાના ઉપર, તેના તેજ ઉપર, બહારથી આવરણ આવેલ છે. તેથી તે તેના સત્ય સ્વરૂપે જળહળતો નથી. તેની માફક આત્મા ઉપર ભવોભવના ભોગોપભોગના વિલાસોરૂપી કાદવનું આવરણ આવી રહેલ છે. અને આવી ગએલ છે. તેથી આત્માનું સત્ય સ્વરૂપ, તેજપ્રકાશિત નથી. તેથી જ વારેવારે વિઘ્નો, વિપત્તિ, વિડંબના વિગેરે આવીને વળગ્યા છે. અને વળગશે. તમારી ઈચ્છા તે વિઘ્નાદિકને દૂર કર-

વાની હશે, અને હોવી જોઈએ. પરંતુ માયા મમતાના યોગે ક્રોધ, માન, માયા, લોભ, અદેખાઈ વિગેરે દોષો થતા હોવાથી તે કદાપિ ટળશે નહિ. બલ્કે તેમાં વધારો થતો રહેશે. અને તેઓની પરંપરા વધતી રહેશે. અતએવ આત્માના ઉપર દબાણ વધવાથી તમારી અભિલાષા ફલીભૂત ક્યાંથી બનશે ? કદાપિ નહિ બને. માટે સ્વયં વિચાર, વિવેક લાવી અગર સદ્ગુરૂનો સહારો લઈ જે તમો કાદવમાં આસક્ત બનેલ છો. તેની આસક્તિનો ત્યાગ કરી, આવતા અને આવેલા આવરણને ચિત્તમાંથી સ્વચ્છ કરી, દૂર કરો. એટલે આત્મહીરાનું તેજ, શક્તિનો આવિર્ભાવ થશે. તે તેજશક્તિ દ્વારા વિપત્તિ, વિડંબનાદિકને આવવાનું જોર ચાલશે નહિ. અને આત્માનો ઉદ્ધર થશે. આમને આમ કયાં સુધી કાદવમાં ફસાતું રહેવું છે ! અને અસહ્ય વેદનાઓની પીડામાં દુઃખી જીવન ગુજારવું છે ! આ કાંઈ ઓછી પરાધીનતા, ઓશીયાળી નથી ? તમે કહેશો કે, અમારી પાસે સર્વ પ્રકારની સાધનસામગ્રી છે તેથી અમોને કોઈની પરાધીનતા તથા ઓશીયાળી નથી જ. ઠીક છે ! પણ તમારે ભોગોપભોગના વિલાસોમાં વ્યય થતી સાધનસામગ્રીનો ખાડો પૂરા કરવા ખાતર, તમારા કરતાં અધિક શ્રીમંતોની, અધિકારીઓની પરવા રાખવી પડશે. તેમના કથન મુજબ વર્તન રાખવું પડશે જ. અને પ્રણામ, સલામ, નમ્રતા વગેરે કરવા પડશે જ. અને મદને ધારણ કરી પ્રણામ વિગેરે કરશો નહિ તો પડેલો ખાડો કેવી રીતે

પૂરશો ? આ કોઈ પણ પ્રકારે ઓશીયાળી કહેવાય કે નહિ ? તે તમેજ કહો. વળી તમો હુંશીયારી બતાવવા કહેશો કે, અમો ઉદ્યોગ કરી ખાડો પુરીશું. તેમાં પણ પરાધીનતા તો રહેવાની જ. સાંભળો ! વેપાર, ઉદ્યોગ વિગેરે કરવા માટે મુડી હશે તો માલ ભરશો. તથાપ્રકારનો માલ ભરવા માટે મુડી નહિ હોય તો કરજ, દેવું કરવું પડશે. રૂપિયાને ધીરધાર, નમ્રતાદિ કર્યા સિવાય ક્યાંથી આપશે. આ ઓશીયાળી કે બીજું ? અરે ભાઈઓ ? સંસારમાં પરાધીનતા તથા સ્વચ્છંદતા ઘણી ભરેલી છે. તેમાં સ્વતંત્રતા હોય ક્યાંથી ! ભલે પછી સંસારને ગમેતેવી ઉપમા આપો. તેથી કાંઈ અનંતસુખ અને શુદ્ધિ મળશે નહિ. જ્યાં કામ, ક્રોધ, મદ, માન, માયા હોય, ત્યાં અનંતસુખ અને શુદ્ધિના બદલે અનંત દુઃખ, શોક સંતાપાદિ હોય છે જ. આવા સંસારને સુખદાયક કેમ કહેવાય ? છતાં તેમાં તમે રાચીમાચી રહેલ હોવાથી પ્રભુની પાસે અગર ગુરૂની પાસે સંસારના સુખની માગણી કરો છો. તે અજબની વાત છે.

જંગલમાં વસેલા એક ઋષિ, આત્મજ્ઞાન, ધ્યાન કરતા હતા. તેમની પાસે ઉંદર આવી નમન કરે છે. પૂર્વભવનો સંસ્કારી હોવાથી ધનમાં પણ આસક્ત બનેલ હતો. તેથી ઉંદર થયો. અને મહાત્માને દેખી સંસ્કાર જાગ્રત થતાં, તે મહાત્માની પાસે આવી, આનંદપૂર્વક નીચો નમી વંદના કરે છે. તેથી આ મહાત્માને ઘણો આનંદ થાય છે. એક દિવસ મહાત્મા પ્રસન્ન થઇ ઉંદરને કહે છે કે, અરે ઉંદર ? તારા

નમન, વંદનથી અમો પ્રસન્ન થયા છીએ. તું કહે તો, મનુષ્ય બનવાનો અને સ્વર્ગમાં દેવ થવાનો ઉપાય બતાવું. શ્રીમંત શેઠ બનવું છે કે સૂર્ય, ચંદ્ર કે ભુવનપતિદેવ બનવું છે. ત્યાં ઘણો આનંદ આવશે. જો મનુષ્ય બનીશ તો ધર્મની આરાધનાના ઘણા સાધનો મળી આવશે. આ મુજબ ઋષિ મહાત્માની વાણી સાંભળી ઉંદરે કહ્યું કે, મહાત્મા ? મારે શ્રીમંત, દેવ વિગેરે બનવું નથી. પણ એક ઉંદરડી રૂડી રૂપાળી મળે તેવી આશીષ આપો. જો તે મળે તો ઘણો આનંદ આવશે. અને મારો સંસાર સુખરૂપ બનશે. આ મુજબ સાંભળી મહાત્માએ કહ્યું કે, અલ્યા ઉંદર ? માગણી ઉંદરડીની કરી. તેમાં આનંદ પડશે નહિ. અન્ય માગણી કર. તેનો ઉપાય બતાવું. નહિ. નહિ. મારે તો રૂડીરૂપાળી ઉંદરડી જોઈએ. મહાત્મા સમજી ગયા કે, અજ્ઞાની જીવાત્માનો એવો સ્વભાવ હોય છે. વાસના મુજબ આશીર્વાદ માગે. આ મુજબ સદ્‌ગુરૂ બુદ્ધિસાગરસૂરિ કહે છે કે, ઉંદર જેવી વાસનાવાળા મનુષ્યો, રૂડી, રૂપાળી, લટકાળી લલનામાં તથા તેના વિલાસોમાં મગ્ન બનેલ હોવાથી તેમાં જ સુખ માની બેઠેલ હોય છે. અને પરિગ્રહ વધારી તેમાં જ રાચીમાચી રહી પોતાના આત્માને સંસાર સાગરમાંથી તારતા નથી. તેનાથી પાર ઉતારતા નથી. તેથી કહેવામાં આવે છે કે, અરે મહાશયો આતમરાયને તારો. જો રૂપાળી લલનામાં આસક્ત બન્યા તો પરિગ્રહની જરૂર રહેવાની જ. અને પુત્રાદિક જે ઉત્પન્ન કર્યા હશે તેની સાર સંભાળ

પણ કરવી પડશે. અને તેમને કેળવવા જીંદગાની વ્યતીત થવાની. આ મુજબ સાંસારિક વ્યવહાર હોવાથી ધર્મક્રિયાના યોગે આત્માને તારવાનો છે તે રહી જશે. માટે પત્ની, પુત્રાદિ પરિવારની મમતાનો ત્યાગ કરી, આત્મતત્ત્વનો અનુભવ કરવા ધર્મક્રિયામાં તત્પર બનો. તેથી પત્ની, પુત્રાદિકને પણ ધર્મક્રિયાઓ કરવાની રૂચિ જાગશે. અને મમતા, માયામાં ફસાઈ પડશે નહિ. અને પોતાના આત્માને તારવા માટે કોશીશ કરશે. એક દીપક અન્ય દીપકો પ્રગટાવે છે. તેથી મિથ્યાત્વાંધકારમાં અથડાવું પડતું નથી. અવિરતિનો ત્યાગ કરી વ્રત નિયમાદિકને આદરે છે. માટે તમો જ્ઞાનદીપકને હૈયામાં પ્રગટાવો. બીજાઓને તેની અસર થશે. સંસ્કાર પડશે. આ કાંઈ ઓછો લાભ નથી. પોતે તરે અને પરને તારે આ ઘણો અપૂર્વ લાભ છે. અને સંપત્તિ છે. માટે વિષયકષાયના વિકારોનો ત્યાગ કરી આત્માને તારવા માટે પ્રયાસ કરો. જેથી સત્ય સનાતન સુખનો દાતા, આત્મરાય પરખાય. અને સ્વયમેવ સુખનો અનુભવ, આસ્વાદ મળતો રહે. તે પણ મનપસંદ અને અલ્પ થાય એવો નહીં જ. પરંતુ જ્યારે બહારની પ્રવૃત્તિમાં, જે પાંચ ઇન્દ્રિયો તથા માનસિક વૃત્તિ દોડદોડ કરી રહેલ છે તેઓને અન્તર્મુખ બનાવો. ત્યારે જ આત્માનો અનુભવ આવે. અને શાશ્વતસુખનો લહાવો લેવાય. સર્વકાલના ઇન્દ્રાદિકના સુખ કરતાં અનંત ગુણો લાભ પ્રાપ્ત થાય. ઇન્દ્રાદિકના સુખો અને સાહ્યબી અન્તવાળી છે. અને અધુરી છે. માટે એવા સુખનો પણ અભિલાષ

જ્યારે તજાય, ત્યારે આત્મરમણુતાપૂર્વક અનુક્રમે લ્હાવો મળતો રહે. આત્મા, સત્તાની અપેક્ષાએ નિત્ય સનાતન છે. પણ પાંચ ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓની દોડદોડથી અનિત્ય જેવો બન્યો છે. હવે નિત્ય, શાશ્વત, સનાતન બનાવવો હોય તો, આત્મ નિરીક્ષણુ પૂર્વક અઢાર દોષોને ટાળી, આત્મરમણુતામાં લગની લગાવો. તેથી પેટ, પટારા અને પરિવારની ચિન્તા રહેશે નહિ અનંત મહાશયો સર્વ સંયોગોનો ત્યાગ કરી આત્મ રમણુતામાં લગની લગાવી અનંતસુખના સ્વામી બન્યા છે. તમારો પણુ અધિકાર છે. અને અનંતસુખના સ્વામી બનશો. જો કે આ પાંચમા-આરામાં અનંતસુખના ભોક્તા બનાશે નહિ. પણુ આ ભવમાં તેના સાધનો દ્વારા તૈયારી કરી શકાશે. આ ભવની તૈયારી કરી હશે તો શ્રી મહાવિદેહ ક્ષેત્રોમાં પરિપૂર્ણ સાધનાના યોગે મનોવાંછિત સાધ્ય સધાશે માટે માયા, મમતા અને હું, મારૂંનો ત્યાગ કરી પ્રાપ્ત શક્તિને ફોરવો. જો કે, આ ભવમાં જગદીશ્વર, જગન્નાથ ને ઓળખવામાં તેમની પ્રતિમા, આગમશાસ્ત્રો વિદ્યમાન છે. તેને અક્ષરદેહે માનશો અને જીનેશ્વરની પ્રતિમા જીનેશ્વર છે. એમ માની વિષય કષાયોનો ત્યાગ કરી તેને બરાબર સમજી અંતઃકરણથી લગની લગાવશો ત્યારે યથાશક્તિ લાભ મળતો રહેશે. અને ચિન્તા, રોગ, શોક, વલોપાત ટળતા જશે. અને બે ત્રણ ભવોમાં કેવલજ્ઞાન પામી, સર્વદુઃખનો ક્ષય કરી, સિદ્ધિ પદને મેળવી, અનંત સુખના સ્વામી બનશો. જે,

જગન્નાથની અનન્ય સેવા, ભક્તિ અને આજ્ઞા મુજબ વર્તન કરતા રહે છે તેના જન્મ, જરા અને મરણના પણ સંકટો ટળતા જાય છે. અને મીઠા મેવા મળે છે.

જે પરમાત્મા, ગુણપર્યાયોના ધારક છે. અને ભાજન છે. તેઓને સમયે સમયે તે ગુણો અનંત સુખ આપી રહેલ છે. એવા પરમાત્માને નિશ્ચયથી ધ્યાવો. તો જ અરે ભાગ્યશાલીઓ તમોને અનંતસુખનો લ્હાવો જરૂર પ્રાપ્ત થશે. વ્યવહારમાં જ્યાંસુધી રહેલા છો ત્યાંસુધી તેને અનુસારે કાર્યો કરવા પડે છે. કરવા જોઇએ જ એમ નહિ. અવશ્ય ત્યાગ કરવા લાયક માયા મમતાનો ત્યાગ કરી આત્મિક ગુણોનો આવિર્ભાવ કરવો તેજ ખરૂં સુખ છે. કારણ કે, રાગ, દ્વેષ, મોહ વિગેરે જે દુર્ગુણો છે. તેનો ત્યાગ કર્યા સિવાય આત્મિક વિકાસ પણ સધાતો નથી. અને વ્યાવહારિક કાર્યો કરતાં માયા, મમતા, રાગ, દ્વેષ, મોહાદિક થવાના. તેઓને સારા ગુણવાળા માનતા નહિ. જ્યારે સારા માનવામાં નહિ આવે ત્યારે વ્યાવહારિક કાર્યો શુભ, સારા બનશે. એવો શુભ બનેલ વ્યવહાર, આત્મજ્ઞાન, ધ્યાનમાં સારી રીતે સહકાર આપશે. અને રાગ, દ્વેષ અને મોહના બંધનો તુટવા માંડશે. સત્યરીત્યા સ્વાર્થ પણ ક્યારે સધાય કે, માયા સમતા, રાગ, દ્વેષ, મોહાદિ જ્યારે ખસવા માંડે છે ત્યારે સધાય છે. સ્વાર્થમાં વારે વારે વિઘ્નો ઉભા કરનાર, અને લાભની હાની કરનાર, જો કોઈ હોય તો કામ, ક્રોધ, મદ, માન,

મત્સરાદિક છે. તેથી ક્યાંથી સ્વાર્થ સધાય ! ઉલ્ટા તે દુર્ગુણો, મન, વચન, કાયાને ખરાબ કરવા પૂર્વક દુર્ગતિમાં સપડાવે છે. તેથી કરેલા કાર્યો સદ્‌ગતિમાં સહારો આપવા સમર્થ થતાં નથી ભલે માયા, મમતા રાખો. પણ તેમાં કષાયો થાય નહિ તે મુજબ સાવધાની, ઉપયોગ રાખવાની જરૂર છે. તેથી તે સાધેલો સ્વાર્થ, પરમાર્થને સાધવામાં સાનુકુલતા રીતસર કરી આપશે. અન્યથા તમે પરમાર્થ માટે ઘણી ઝંખના કરશો. દેરાસરમાં જઈ પ્રભુ પાસે વિનતિ કરશો તો પણ, પરમાર્થ કહેતાં આત્મોન્નતિ કરવી તે બનવી અશક્ય, દુષ્કર થશે. માટે વ્યવહારને પ્રભુના વચનાનુસારે શુદ્ધ બનાવો. એટલે પરમાર્થને સાધવાની યોગ્યતા આવે. માટે સદ્‌ગુરૂ ફરમાવે છે કે, વ્યાવહારિક કાર્યો પણ તદર્થે એટલે આત્માના વિકાસ માટે હોવા જોઇએ. તે પણ ક્ષણે ક્ષણે રાગ, દ્વેષ અને મોહાદિકના વિકારોનો ઝપાટો લાગે નહિ તે મુજબ સાવધાન બનવું. કે જેથી સ્વાર્થની સાથે સાથે પરમાર્થ સાધવાની શક્તિ જાગે. કારણ શુદ્ધ હોય તો કાર્યની શુદ્ધિ થાય. જીનેશ્વરના વચનાનુસારે વ્યવહાર રાખવો તે શુભ કારણ છે. અને તે મુજબ આત્મ સાધના કરી આત્મવિકાસ સાધવો તે કાર્ય છે. તે વ્યવહાર, નિશ્ચયમાં સુગમતાયે સ્થાપન કરે છે. આત્મિકગુણોમાં રમણતા કરનારને વ્યવહારના કાર્યો કરવા પડે છે જ. ખાવું, પીવું, કાર્ય પ્રસંગે બીજે સ્થલે જવું, પાસે આવનારને શક્ય સલાહ, ઉપદેશ આપવો.

વિગેરે કરવા પડે છે. તે વ્યવહાર કહેવાય. તેજ વ્યવહારે વિષય કષાયના વિકારો જો ઉત્પન્ન થાય નહિ તો, નિશ્ચયમાં આત્મિક વિકાસે આગળ વધાય છે નહિતર આત્મજ્ઞાની, ધ્યાનીને પટકી પાડી સંસારની ચારેય ગતિમાં વિવિધ પ્રકારે પરિભ્રમણ કરાવી મહાસંકટો, વિપત્તિઓમાં લાવી મુકે છે. પછી આત્માના સ્વરૂપની ઓળખાણ પ્રાયે અશક્ય બને. એમાં કાંઈ આશ્ચર્ય કહેવાય નહિ. કોઈ આત્મજ્ઞાની એવી સલાહ અને દેશના આપે છે કે, નવકાર મંત્રનો જાપ અગર તપ, નિયમ કરવાની જરૂર નથી. ફક્ત આત્મજ્ઞાન કરી આત્મધ્યાનમાં રહો. જાપ, તપાદિથી તો પુણ્ય વધે છે. તે સોનાની બેડીમાં બંધાવા જેવું છે. આ કથન તેમનું ઉચિત નથી. કારણ કે, અનાદિકાલથી રાગ, દ્વેષ અને મોહાદિકથી લિપ્ત બનેલ જીવાત્માને તેમજ સારી કેળવણી લઈ વિજ્ઞાનમાં આગળ વધેલને પણ તપ, જપાદિ ધાર્મિક ક્રિયા કર્યા સિવાય આત્મજ્ઞાન પ્રાપ્ત થવું જ અશક્ય છે. તો પછી આત્મધ્યાન થાય ક્યાંથી ? થાય નહિ. વ્રત, નિયમ, તપ, જપાદિ ક્રિયાઓ કરનાર પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. તેજ સત્ય સાધન છે અને તે આધારે આત્મધ્યાનમાં અનુક્રમે આગળ વધવા સમર્થ બને છે. આવું પુણ્ય તો વળાવા જેવું છે. ઇષ્ટનગર સુધી પહોંચાડીને વળાવો પાછો વળી જાય છે. તે મુજબ સ્વયં તે પુણ્ય સાથે આવે તો પણ બંધનકર્તા બનતું નથી. પરંતુ માર્ગે આવતા વિઘ્નો નિવારે છે. એટલે તપ,

જપ, વ્રત નિયમાદિ ક્રિયા કરવાથી જે પુણ્ય બંધાય છે. તે બેડીરૂપ બનતું નથી. પણ સાધક બની, બાધકને હઠાવી, સારી રીતે સહકાર આપે છે. પેટમાં અજીર્ણથી થએલ વ્યાધિને હઠાવવા જાણકાર સ્વયં દીવેલ પીએ છે. અગર વૈદ્ય કે ડોકટર પ્રથમ દીવેલનો ઉપયોગ કરવાનું બતાવે છે. તે દીવેલ પીધા પછી જામેલા મળની સાથે ને સાથે દિવેલ પણ પેટમાંથી નીકળી જાય છે. તે દીવેલ બાધ કરનાર બનતું નથી. પરંતુ મળને કાઢવામાં સહારો આપે છે. તે મુજબ મોહ, મમતાના મલીનતારૂપી જે ખરાબ વિચાર, ઉચ્ચાર અને આચારો છે તેને દૂર કરવા પૂર્વક તથા-પ્રકારની સુખશાતા આપે છે. અને સદ્વિચાર વિગેરેમાં સ્થાપન કરે છે. અને તેના યોગે અનુકુલતા મળવાથી આત્મજ્ઞાન પૂર્વક આત્મધ્યાનમાં આરૂઢ થવાય છે. આવી ધાર્મિક ક્રિયાઓને બેડીના બંધનરૂપ કેમ કહેવાય ? કહેવાય નહિ. પ્રથમ સંઘયણ પણ પુણ્યના આધારે મળે છે. તેજ આધારે વ્રતનિયમાદિકની સારી રીતે આરાધના કરતાં આત્મજ્ઞાન પૂર્વક આત્મધ્યાનમાં લીનતા, સ્થિરતા થાય છે. અને શુકલધ્યાનમાં આરૂઢ થતાં કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. કેવલજ્ઞાની પણ તપસ્યાનો ત્યાગ કરતા નથી. તે પણ શુભ પુણ્યાનુબંધી પુણ્યની પ્રકૃતિ એક સમયે બાંધે. અને બીજા સમયે શુભ વિપાકને ભોગવી, ત્રીજા સમયે ખેરવી નાંખે છે. માટે વ્રત, નિયમ, તપ, ક્રિયાનો ત્યાગ કરવો જોઈએ નહિ. અને તે પુણ્યને બેડી સમાન કથન

કરનાર ઉપર વિશ્વાસ રાખવો નહિ. તે મુખે બોલે છે ખરા. પણ પુણ્યાનુબંધી ક્રિયાઓ કરતા હોય છે. ઉપદેશ દેવો, બહારગામ—નગરમાં પરિભ્રમણ કરી પ્રચાર કરવો, તે પુણ્યના કારણો છે. તેથી પુણ્ય બંધાય છે. તે શું જાણતા નથી! છતાં પુણ્યની ક્રિયાઓ કરવી નહિ એમ કહેવું તે કેવું કહેવાય? માટે કારણ દ્વારા મહોદય, પરમપદની પ્રાપ્તિ થાય છે. આમ સદ્‌ગુરૂ બુદ્ધિસાગરજી ફરમાવે છે કે, તેવા કારણ યોગે મહોદય, પરમપદની પ્રાપ્તિ કરનારના ગુણગણુને હું સ્તવું છું. ગુણોને ગાઉં છું. માટે સાધનો, કારણોની ઉપેક્ષા કરો નહિ:—

હવે સદ્‌ગુરૂ આચાર્ય મહારાજ ભવ્યોના આત્માનો વિકાસ કરવા ત્રેતાલીશમા પદની રચનામાં ફરમાવે છે કે, અકામ નિર્જરા અને પુણ્યયોગે માનવભવાદિ સામગ્રી પામી વિષયકષાયના વિકારોમાં તેણીને વેડફી નાંખો નહિ. પણ સકામ નિર્જરા સાથે ધર્મની કરણી કરો. જેથી તે મળેલી સામગ્રી વૃથા ગુમાવાય નહિ. પરંતુ સફલ થાય. માટે અરે માનવી તહારૂં સ્વરૂપ વિચાર, આ ઉપર કાવ્ય રચે છે.

( રાગ મરાઠી સાખી )

**મૂરખ જીવડા કાંઇ ન સમજ્યો, પાપ કીધાં કંઇ ભારી;**
**તપ જપ દાન ક્રિયાદિક છોડી, કીધાં તેં ચોરી જારી;**

અબ ચેતો રે ચિત્તમાં ચતુર વિચારી,
છોડી આ દુનિયાદારી
અબ ચેતોરે૦ ॥૧॥

કોઈ કોઇની સાથ ન આવે, તન ધન જુઠ કહાવે;
નાહક મમતા તેમાં રાખી, નરક નિગોદે જાવે.
અબ૦ ॥૨॥

કીધાં વાર અનંતી સગપણ, લાખ ચોરાશી ભટકી,
તારૂં તેમાં વળ્યું શું ? ચેતન, લાલચમાંહિ લટકી.
અબ૦ ॥૩॥

માયાના વિષ વૃક્ષો વાવે, આવે ફળ તો નઠારાં,
પ્યાર કરંતાં જગમાં પરગટ; થયાં જનો દુઃખીયારાં.
અબ૦ ॥૪॥

આતમ તે પરમાતમ દેહે, છે પ્રીતિ તસ સાચી,
આત્મ સમોવડ કોઇ નથી જગ, રહેજો તેહશું રાચી.
અબ૦ ॥૫॥

અલખ પન્થમાં અજબ તમાસા, કોઇ ન કોઇકા દાસા,
બુદ્ધિસાગર અવસર પાકર, ધર આતમ વિશ્વાસા.
અબ૦ ॥૬॥

સદ્ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી, સંસારમાં પાપસ્થાનકોમાં રાચીમાચી રહેલ મનુષ્યને શીખામણ આપતાં કહે છે કે, તારા પોતાના આત્માના દોષોને દૂર કરવાનું ભૂલી,

દેખાદેખીએ તેમજ અજ્ઞાનતાના યોગે જ્યાં મહોટા પાપો રહેલા છે ત્યાં પ્રીતિ ધારણ કરી, મહાન્ અપરાધી બન્યો. અને તેના યોગે અત્યંત દુઃખનું ભાજન બન્યો. અને સુખ માટે સગાં વહાલાં આગળ પોકાર પાડવામાં બાકી રાખી નહિ. સ્વજનવર્ગ તને સુખ આપવા તથા દુઃખો દૂર કરવા કેવી રીતે સમર્થ બનશે! પાપકર્મોથી પાછું હઠવું નથી અને સુખની ઇચ્છા રાખવી તે ફોગટ છે. પાપોને, દુઃખ, વિપત્તિ વિગેરે સાથે ગાઢ મિત્રાચારી છે. સુખશાતા સાથે નથી જ. સુખશાતા મેળવવી હોય તો સદાચારી બનવું જોઈએ. તે સદાચાર તને સત્ય સુખ અર્પણ કરવા શક્તિમાન બનશે. તેં દાન, શીયળ, તપ અને શુભ ભાવનાઓ ભાવી છે! કે, સુખની અભિલાષા રાખ્યા કરે છે. પરંતુ તેં ધર્મના સાધનો તરફ નજર પણ કરી નથી. તો પછી સુખની આશા રાખવી તે કદાપિ ફલીભૂત થશે નહિ. જોને? ચોરી કરવામાં અને જારી, વ્યભિચારી બનવામાં કેટલા સંકટો વિટંબનાઓ વેઠી! તેની યાદિ કર. શરીરની તાકાત ગુમાવી. કેદખાનામાં ઘણું કષ્ટ સહન કરવું પડયું. કોઈ નો તારા ઉપર વિશ્વાસ રહ્યો નહિ. સગાંવહાલાં તથા મિત્રો પણ કરડી નજરે જોવા લાગ્યા. તેઓના ઘેર તું જાય તો પણ તેઓ તકેદારી, સાવધાની રાખવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, તું હવે પશુપંખી કરતાં નીચ બન્યો છે. અને બીજા પણ ઘણા મર્મભેદક મેણાં મારવા લાગ્યા. આ સઘળું ભૂલી ગયો લાગે છે. અદ્યાપિ આ સ્વચ્છંદતાનો ત્યાગ કરતો નથી તો પછી

સુખની અભિલાષા કયાંથી ફલવતી બનશે. હવે સુખની ઈચ્છા સફલ કરવી હોય તો આ બુરામાં બુરી કુટેવને દૂર કરી, સદ્‌ગુરૂ પાસે જઈને નમ્રતા વિનયપૂર્વક તેમની શીખામણ સાંભળી હૈયામાં ધારણ કરી મોક્ષગતિના સુપંથને માર્ગે ગમન કર. સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રની રીતસર આરાધના કરવી તે મોક્ષમાર્ગ જયવંતો છે. આ માર્ગે આવ્યા વિના કદાપિ વિડંબનાઓ ટળશે નહિ. તથા ટળતી પણ નથી. આ મોક્ષ માર્ગ જે અત્યંત સત્યસુખદાયક છે. તેનો ત્યાગ કરી, કુમાર્ગ જે અત્યંત કષ્ટ આપનાર છે તેવા માર્ગે વળ્યો. તેનાથી તો તને બહુ નુકશાન થયું. હેરાન, પરેશાન બન્યો. માટે અરે ચેતન ! ચેતી જા. અને મોક્ષપંથે વળ. વિચાર, વિવેક કરવાની બુદ્ધિ તો છે જ. તેનો સદુપયોગ કર. અત્યાર સુધી તેનો દુરૂપયોગ કર્યો, તેથી ઘણી ખુવારી થઈ છે. તેનો ખ્યાલ કર.

કોઈ એક શ્રીમંતની પાસે ઘણું ધન હતું પણ સદ્વિચાર અને સદ્વિવેક હતો નહિ. તેથી માદક પદાર્થોમાં મગ્ન બનવાથી, સ્વનારીનો વિશ્વાસઘાતી બની, પરનારીઓમાં લંપટ બન્યો. પરનારીઓ પૈસા, ઘરેણાં, આભૂષણોની માગણી કરતી તે લાવીને તેણીઓને અર્પણ કરતો. પોતીની પાસે જે દોલત હતી તે ખતમ થવા લાગી. ત્યારે ઘરઘરમાં ચોરી કરવા લાગ્યો. સગાંસંબંધી, મિત્રોને પણ છોડ્યા નહિ. તેથી તેઓએ કેદખાનામાં નખાવ્યો. મુદત પૂરી થતાં બહાર આવ્યો. પણ આ કુટેવનો ત્યાગ કર્યો નહિ. સગાંસંબંધી અને મિત્રો

તેને પોતાના ઘરમાં પેસવા દેતા નથી. કદાચ પ્રવેશ કરતો તો ધુત્કારી કાઢી મૂકે છે. એટલે ચોરી કરવાની ફાવટ આવતી ન હોવાથી પોતાની સ્ત્રીના ઘરેણાંને ચોરવા લાગી ગયો. તેથી તેની સ્ત્રીએ કંકાસ કરવા માંડ્યો. અને રડવા લાગી ત્યારે તેણીને માર મારી ઘરેણાને પુનઃ છીનવી લઈ નાઠો. થોડા બચેલા ઘરેણાને ગ્રહણ કરી સ્ત્રી પિયરમાં જવા માટે નીકળી. ત્યારે તેની પાછળ તે ઘરેણાને પણ છીનવી લેવા માટે નાઠો. માર્ગમાં પાણી લાવવાના બહાને તેણીને કુવામાં ધકેલીને પાડી. ભાગ્યયોગે કુવાના નીચે રહેલા કાંઠલા ઉપર તે પડી. તેથી બચી ગઇ. પાણીમાં પડી નહિ. ભાઈસાહેબ તેણીએ મુકેલા ઘરેણાને લઈ પોતાના ઘેર આવ્યો. તે પણ વ્યભિચારમાં ચેડફી નાખી, ભીખારી જેવો બન્યો. તેની સ્ત્રીને માર્ગે જતા કોઈએ કરૂણા લાવી બહાર કાઢી. અને સ્વપિતાના ઘેર ગઈ. પરંતુ ગંભીર અને શાણી હોવાથી સ્વપતિના દુરાચારની વાત કોઇને કહી નહી. અને પૂર્વ-કર્મનો દોષ દેતી શાંતિપૂર્વક રહેવા લાગી. હવે આ ભાઇની ભીખારી દશા થઈ. ભૂખે મરવા લાગ્યો. ત્યારે આંખો ઉઘડી. અને પુનઃ પુનઃ પસ્તાવો કરવા લાગ્યો. અને કાંઇક મદદ મળે તે ઇચ્છાયે સાસરે ગયો. ત્યાં સ્વપત્નીને દેખી ઘણો ભયભીત બન્યો. અને વિચાર કરવા લાગ્યો કે, મારા દુરાચારની બીના કહી હશે તો કાંઇ પણ મળશે નહિ. અને ધિક્કારીને તગડી મૂકશે. આવ્યો ન હોત તો ઠીક થાત. તેવામાં તેણીએ, તેની સ્ત્રીએ કહ્યું કે, તમો ગભરાશો

નહિ. તમારા અનાચારની વાત કોઇને પણ કહી નથી. આ સાંભળી નિર્ભય બની પોતાની દુ:ખી દશાની વાત સાસરાને કહી. સાસરાએ દયા આવવાથી શક્ય મદદ કરી. તેથી સ્રીને સમજાવી સાથે લઈને પોતાના ઘેર આવ્યો. અને કહેવા લાગ્યો કે, હવેથી દુરાચારનો ત્યાગ કરી સદાચાર પ્રાણાંતે પણ મૂકીશ નહિ. અને જાતમહેનત કરી આજીવિકાનું સાધન પ્રાપ્ત કરીશ. આ મુજબ શ્રવણ કરી તેની પત્ની ખુશી થઈ.

હવે આ ભાઈની, ભીખારીની જેવી દશાથી ઘણું દુઃખ પડવાથી, સમજણના ઘરમાં આવી સદાચારની આરાધના કરવાપૂર્વક જાતમહેનત કરવાથી દુ:ખદ અવસ્થા નષ્ટ થઈ. અને સુખી થયો. આ મુજબ દુરાચારનો ત્યાગ કરી સદાચારનું સેવન કરે ત્યારે દરેક માણસો સુખી બને છે. પૈસાવાળા દાન કરી શકે, પણ સાધારણ સ્થિતિવાળા દાન કરી શકે નહિ. તો પણ બ્રહ્મચર્ય, તપસ્યા અને ભાવનાના યોગે પુણ્ય બાંધી શકે. અને પુણ્યોદયે સારી રીતે અનુકુલતા આવી મળે. તેથી સદાચારને પાળવાની આવશ્યકતા છે. પરંતુ જે દુરાચારનો ત્યાગ કરતા નથી. તે આ ભવમાં અને પરભવમાં અરે ભવોભવ મહાન્ દુ:ખદ સ્થિતિમાં સપડાય છે. માટે સદાચારની આરાધના કરી સુખી થાઓ. આ પ્રમાણે સદ્ગુરૂ ફરમાવે છે કે, અરે ચેતન ચેતી જા. સદ્વિચાર અને વિવેક લાવી ચિત્તમાં સુખી થવાની લગની લગાડી પંચાચારનું પાલન

કર. બુદ્ધિ, શક્તિ વિગેરે ભાગ્યોદયે પ્રાપ્ત થએલ છે. તેને દુનિયાદારીમાં, એટલે ભોગવિલાસોમાં તેમજ ક્રોધ, માનાદિકમાં વેડફી નાંખ નહિ. તેઓનો ત્યાગ કરી આત્મકલ્યાણ સાધી લે. સગાંવહાલાંના ભરણ, પોષણ ખાતર પણ કાવાદાવા, દગા, પ્રપંચ વિગેરે દુરાચારને સેવતો નહિ. તે સ્વજન વર્ગ તને કહેતા નથી કે, કપટ, પ્રપંચાદિક કરી ધન દોલતાદિક લાવી અમારૂં ભરણપોષણ કરો. પરંતુ તને અજ્ઞાનતાના યોગે ભ્રમણા થઈ છે. અત્યારે તારી પરિસ્થિતિ એવી છે કે, પરિગ્રહમાં બદ્ધ બની સમગ્ર સંસારની સંપત્તિને એકઠી કરી ઘરમાં ભરૂં. પરંતુ તારૂં ધાર્યું થતુ હોય, ત્હારી મરજી મુજબ બનતું હોય તો, તું સર્વ પ્રાણીઓને હેરાનપરેશાન કરી સમૃદ્ધિ વાળો થાય. પણ માણસની ધારણા મુજબ બનતુ નથી. તે સારૂ થયું છે. કે, આરંભ, સમારંભ કરી પાપ ઓછું બાંધે છે. જ્યારે ત્હારી ધારણા મુજબ બનશે ત્યારે માયા, મમતા, કામ, ક્રોધાદિક અલ્પ થવાના યોગે સારા જગતની સમૃદ્ધિ એકઠી કરવાની ભાવના પણ જાગશે નહિ. અને આત્માની રીદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ અને શુદ્ધિને પ્રાપ્ત કરવાની તીવ્રેચ્છા થશે. જેટલે અંશે ખોટ રહેલી છે તેટલે અંશે ખોટ ખસવાથી દોષો થશે નહિ. અને અનુક્રમે બલને ફોરવવાથી રીદ્ધિ વિગેરે હાજર થશે. પછી પરિવારનું ભરણપોષણ કરવાનું પણ રહેશે નહિ. અને આત્માના ગુણોને પૂર્ણ કરવાની તીવ્રેચ્છા થશે. માટે સર્વ જંજાલનો ત્યાગ કરવાપૂર્વક

આત્મિક ગુણો એકઠા કરવાનું ભૂલ નહિ. વળી ત્હને કહેવામાં આવે છે કે, મમત્વ અને અહંકારના યોગે સગાંવહાલાંની ખાતર કપટકલા કેળવીને જે રીદ્ધિ, સમૃદ્ધિ મેળવી છે. તે તો તારા ખપમાં આવશે નહિ. અને પાપના ભાગી તારે પોતાને બનવું પડશે. તેથી અસહ્ય વેદનાઓને ભોગવવાની વેલા ઉપસ્થિત થશે ત્યારે તે સઘળો સ્વજનવર્ગ દુઃખમાં ભાગ પડાવશે નહિ. કારણ કે, પાપો કરીને તું દુર્ગતિમાં ગએલ હોવાથી ત્યાં કોઈ પણ આવી શકશે નહિ. માટે અરે સંસારી જીવડા! ચેતીને જે જે ખોડો, દોષો તું કરી રહેલ છે તેનો ત્યાગ કરી, બીજી વાર તેવી ખોડ, અપરાધાદિ થાય નહિ તે માટે ઉપયોગ રાખ. તન, ધનાદિ મિથ્યા નથી. પણ ક્ષણ વિનાશી અને સ્વયંભંગુર છે. તેથી તેમાં સાચા સુખની અભિલાષા રાખવી તે વૃથા છે. જ્યાં સુધી તન, મન, ધનાદિ વિદ્યમાન છે ત્યાંસુધી આત્મહિત, શ્રેયઃ સાધવાનું છે. તે સાધી લે ? શા માટે પાપનો પોટલો બાંધી અને સાથે લઈ નરક નિગોદાદિ દુર્ગતિમાં જવાની તૈયારી કરે છે આરંભ, સમારંભનો અને મોહમમતાનો અગર રાગ, દ્વેષાદિનો ત્યાગ કર્યા વિના મ્હોટા નરેન્દ્રો કે શ્રીમંતો હોય તોપણ, નરક નિગોદાદિમાં પડી અસહ્ય યાતનાઓને ભોગવે છે. માટે સમજ. સંસારના સુખની આસક્તિના યોગે પોતાના માટે અને પારકાની ખાતર વિવિધ પાપો કરી અનંતી વાર જન્મ ધારણ કર્યો, અને તેના યોગે જન્મ, જરા, મરણના

સંકટો, વિડંબના, અનંતવાર ભોગવી. તેમજ સ્વજન-વર્ગના સંબંધો પણ અનંતીવાર કર્યા. તેથી અરે ચેતન ? તને કેટલો લાભ થયો તે તો કહે ? લાલચમાં લટકાવાનું થયું પણ તેથી કાંઈ પણ વળ્યું નહિ. ચારે તરફ ગંદકીની ખાણો રહેલી છે. તેના કીનારે રમત, ગમ્મત કરતાં જો ઉપયોગ રાખીશ નહિ તો, તે ખાણોમાં પડતાં મલીનતાથી અને ગંદકીથી લેપાઈ જવાનો જ. તે વખતે મલીનતાને દૂર કરવાના સાધનો મળશે નહિ. અને મળવાની શકયતા પણ છે જ નહિ. એટલે પોતાને જ યાતના ભોગવવી પડશે. માટે મલીનતા દૂર કરવાના ઉમદા સાધનો આ મનુષ્ય ભવમાં મળેલ છે. તેનાથી આત્માની શુદ્ધિનો લ્હાવો લઈ લે. કે, જેથી પરમપદ પામે ત્યાં સુધી શુદ્ધિના સાધનો મળતા રહે. અને શુદ્ધિ કરવા પ્રયાસ થાય. અને કોઈ ભાગ્યશાલી મલીનતાને ટાળવા માટે પુનઃ પુનઃ પ્રેરણા આપનાર પ્રાપ્ત થાય. એક જ ભવમાં જે મલીનતા પ્રાપ્ત થએલી છે. તે તરત જલ્દી ટળી શકશે નહિ. અનેક ભવોમાં સારા સાધનો દ્વારા અને સદ્ગુરૂના ઉપદેશ દ્વારા ટળતી જશે. અને શુદ્ધિનો આવિર્ભાવ થતો રહેશે. માટે સંવેગ, વૈરાગ્ય ધારણ કરી મલીનતા દુર કરવા તૈયાર થા. આત્મક્ષેત્રમાં માયા, મમતાના વિષવૃક્ષો વાવવાથી મધુરા, જીવન શુદ્ધિના ફલો કદાપિ મળશે નહિ. તે તો કષ્ટદાયી નીવડશે. અને અનેક માણસોને નીવડયા છે. તેનો ખ્યાલ કરવો જોઇએ. એટલે આત્મક્ષેત્રમાં, ખરાબ, વિચાર,

આચારના વિષવૃક્ષો જે વાવ્યા છે, તેઓને મૂલમાંથી નાશ કરવા કટ્ટીબદ્ધ બનવું. અને મીઠાં મધુરાં વૃક્ષોને વાવી આનંદદાયક ફલો મેળવવા. તેથી સુખશાતા રહેશે. કષ્ટોને પણ આવવાનો લાગ ફાવશે નહિ. અને જે ઉગેલા હોય તેઓને દૂર કર્યા સિવાય જીવન પર્યંત સુખ શાંતિ થવી અશક્ય છે. ખરાબ વિચાર, ઉચ્ચાર અને આચારોના વિષ-વૃક્ષો એવા ફલોને આપે છે કે, આરંભે મીઠા લાગે છે. અને પરિણામે અત્યંત પરિતાપાદિ ઉત્પન્ન કરનાર થાય છે. માટે તેવા વૃષવૃક્ષોના ફલો મધુરા, રૂડા લાગે તો પણ, તેના સામું જોતા નહિ. તમારા આત્માને આરામ આપવો હોય તો, રામા અને રમા, જે પારકાની હોય તેણીના તરફ ખોટી નજરે જોશો નહિ. કામરાગથી જોશો તો વિષય વિષવૃક્ષના મૂલનો પ્રાદુર્ભાવ થશે. અને રાગ, આસક્તિરૂપી પાણીનું સિંચન કરવામાં આવે તો તે વિષ-વૃક્ષ વધતાં એવા ફલો આપશે કે, પ્રારંભે રૂડા, મધુરા લાગશે. પરંતુ કિંપાકના ફલની માફક ભાવપ્રાણો તથા દશ દ્રવ્યપ્રાણોની તાકાત હરી લેશે માટે પરધન અને પર-દારાને પથ્થર સમાન જાણવી. અગર તેને જોવામાં અંધ સમાન બનવું. ચક્ષુ કામી હોવાથી તેના બારણા બંધ કરવા કે, જેથી, ઉત્કટ રાગ જાગે નહિ. અને દોષોને આવવાનો અવકાશ મળે નહિ. તમો સારી રીતે જાણો છો કે, ઘરના દ્વારો બંધ કરવાથી કુતરા, કબૂતર, બીલાડા, બકરાદિને પેસવા માટે લાગ મળતો નથી. જો ઉઘાડા હોય

તો તેમને લાગ મળતાં અંદર પ્રવેશ કરીને ઘણું નુકશાન કરે છે. અને કરેલી રસોઈ વિગેરેની ખરાબી કરે છે. કારણ કે, તેનો માલિક અન્ય રામા, રમા, અને આરામાદિકમાં ભટકતો હોય છે. તેથી નુકશાન કરનાર, ખરાબી કરનાર તેઓને મજા પડે છે. તે પ્રમાણે ચક્ષુના તથા કાનના બારણાને ઉઘાડા રાખવામાં આવે તો વિષય-કષાયના વિકારોને આવવાનો લાગ ફાવે છે. તે વિકારો તો એવા છે કે, કુતરા, કબુતરાદિક કરતાં અધિક ખરાબી કરી જીવનને ભ્રષ્ટ કરી અનંતભવના જન્મ, જરા અને મરણના આધિ, વ્યાધિ અને વિડંબનામાં ફસાવી શારીરિક, માનસિક અને આત્મિક શક્તિને હરી લે છે. આ કાંઈ ઓછી ખરાબી કહેવાય નહિ. માટે રમા, રામાના આરામમાં આસક્ત બનશો તો દુઃખીયારા બનશો. સુખની આશાને બદલે નિરાશાનો પ્રગટ ભાવ થશે. અને પછી ઘણા મલિન બનવાથી વસ્ત્રોની માફક ધોકાનો માર ખાવો પડશે. તમોને અનુભવ છે કે, ચીકાશથી ઘણાં મેલાં થએલ વસ્ત્રો પાણી વડે સાફ થતાં નથી. તેને માટે ઉષ્ણ જલ, ખાર, અને માર પુનઃ પુનઃ પડે ત્યારે જ સાફ થાય છે. આ મુજબ ધોકાનો માર ખાવો પડે નહિ. તેથી સદ્ગુરૂની વાણીરૂપી પાણીથી શુદ્ધ બનવા માટે પ્રથમથી પ્રયાસ કરવાની જરૂર છે. જેથી આવો માર ખાવાનો અવસર પ્રાપ્ત થાય તે પહેલા ચેતવાની અગત્યતા છે. પ્રથમથી જે ભાગ્યશાલી ચેત્યા છે. તેઓને વિષયકષાયના વિકારોનો

માર ખાવો પડતો નથી. અને પ્રાયઃ પાપોના બારણા બંધ કરીને સ્વપર કલ્યાણ સાધવા સમર્થ બને છે. માટે અરે મહાનુભાવો! તમારા દેહદેવલમાં વસેલા આત્માને, પરમાત્મા બનાવો. જ્યારે આશ્રવના બારણા બંધ કરશો ત્યારે જ અન્તરાત્મા બનવાની યોગ્યતા પ્રાપ્ત થશે. અન્તરાત્મા બન્યા પછી પરમાત્માના પગથીએ ચઢતાં વાર લાગશે નહિ. આત્માને અન્તરાત્મા બનાવવા પૂર્વક, પરમાત્માસાં પ્રીતિ ધારણ કરવી તે સત્યપ્રેમ કહેવાય છે. તે સિવાયની પ્રીતિ, નશ્વર, ક્ષણભંગુર છે. માટે આત્મા જ, પરમાત્મા બનતો હોવાથી તેના સરખી ત્રણ જગતમાં કોઇપણ વસ્તુ છે જ નહિ. માટે તે આત્મિક ગુણોમાં રાચીમાચી રહો. અને અન્તરાત્મા બની પરમાત્મ સ્વરૂપને પામો. મોક્ષ માર્ગે ગમન કર્યા વિના આત્મા કદાપિ અન્તરાત્મા બનતો નથી. અને અન્તરાત્મા બન્યા પછી અનુક્રમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન અને કૈવલ્ય જ્ઞાનના અજબ આશ્ચર્ય ઉપજાવે તેવા તમાસા દેખવામાં આવે છે. કોઈ વેલાયે સત્યસ્વરૂપે ન દેખેલી વસ્તુઓ સાક્ષાત્ દેખવામાં અને જાણવામાં આવે છે. પછી દુન્યવી તમાસા, નાટક, ચેટક, સિનેમાદિ જોવાનું મન થતું નથી. કારણ કે, તેથી આત્મધર્મ દેખવાનો ને જાણવાનો છે. માટે અરે ભાગ્યશાળી! દુન્યવી પદાર્થોના તમાસા વિગેરેનો ત્યાગ કરી આત્મા ઉપર વિશ્વાસ ધારણ કરો. દુન્યવી તમાસા, નાટક, ચેટક વિગેરે ઘણા માનવીઓએ ભવોભવ પુનઃ પુનઃ દેખ્યા. પણ

તેઓનાથી આત્મા ભ્રમણામાં પડયો. અસહ્ય પીડાઓ વેઠવી પડી. તેથી અન્તરાત્માના લહાવાને લેવાનો સુઅવસર પ્રાપ્ત થયો નહિ. તેથી જ સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી કરૂણા લાવી કેહે છે કે, મનુષ્યભવનો સુઅવસર મળ્યો છે. માટે તે વખતને પામી દુન્યવી તમાસામાં મુગ્ધ બનતા નહિ. અને આત્મા ઉપર દૃઢ વિશ્વાસ રાખી તેને નિર્મલ કરવા માટે સઘળી શક્તિ, બુદ્ધિને વાપરો. જો જો ! દુનીયાદારીમાં ફસાતા નહિ. દુન્યવી પદાર્થોએ કયા માણુસોને સત્ય તમાસા દેખાડયા છે. તેતો કહો ! જે દેખાડયા છે. તેમાં રાગ, દ્વેષ, મોહના બંધનો વડે જે બંધાય તેવા જ દેખાડયા છે. કેટલાક તે તમાસાને દેખી હસે છે. કોઈ રડે છે. કોઇ પુનઃ પોકારો પાડે છે. આવા તમાસાઓને દેખવાથી તો સર્વસ્વને ગુમાવ્યું છે. માટે આત્મા ઉપર પ્રેમ ધારણ કરવા પૂર્વક દૃઢ વિશ્વાસ રાખો. તેથી સર્વસ્વનું રક્ષણ અને વર્ધન થશે. પછી તમાસાને જોવાની માનસિક વૃત્તિ જાગશે નહિ. આત્માના તમાસામાં તે વિલય પામશે. આ મુજબ ફરમાવી સદ્ગુરૂ સ્વયં અનુભવેલ, પોતાની વાત કહે છે. અને ૪૪મા પદના કાવ્યદ્વારા, જનસમુદાયને દર્શાવે છે.

( રાગ—મરાઠી—સાખી )

**જોઈ જોઇને જોઈ મેં લીધુ, મનડું નિશ્ચય કીધું,**
**દુનિયામાં સ્વારથનું સગપણ, કારજ કાંઈ ન સિધ્યું;**

મોરા આતમ રે, સત્ય તુંહી એકીલા,
તુંહિ ગુરૂ તુંહિ ચેલા.
મોરા આતમ રે૦ ॥૧॥

આ સંસારે જડમાં રાચી, વિષયારસમાં માચી,
ભૂલ્યો ભટકયો અટકયો લટકયો, ગણી માયાને સાચી.
મોરા૦ ॥૨॥

શોધી શોધીને સાર જ કાઢયો, સૂત્ર સિદ્ધાંત વિચારી;
સત્ય સ્વરૂપી "તત્ત્વમસિ" તું, નિરાકાર સુખકારી.
મોરા૦ ॥૩॥

મનવાણી કાયાસે ન્યારા, ગુણ અનંતાધારા;
પરમેશ્વર પરગટ પોતે તું, ટળતાં કર્મ વિકારા.
મોરા૦ ॥૪॥

અદ્ભુત યોગી નિજ ગુણ ભોગી, કેવલજ્ઞાન પ્રકાશી;
અન્તર ધનનો રાજા તું છે, તુજમાં મક્કા કાશી.
મોરા૦ ॥૫॥

સામગ્રી સહુ પામ્યો હંસા, જાવે અબ શું ? ભુલી;
બાજીગરની બાજી સમ જગ, અંતે ધુલકી ધુલી.
મોરા૦ ॥૬॥

ભરદરીયે તેં વહાણ હંકાર્યું, શિવપુર જાવા ધાર્યું;
ભુલ્યો તો ભટકીશ ભવમાં તું, નક્કી નશીબ પર વાર્યું.
મોરા૦ ॥૭॥

**આવ્યો અવસર ચુક ન ચેતન, આપોઆપ તરેંગા;**
**બુદ્ધિસાગર આત્મ ઉજાગર, ધ્યાને કાર્ય સરેંગા.**
**મોરા૦ ॥૮॥**

સદ્ગુરૂ યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી ગૃહસ્થપણાની પોતાની વીતી ગએલ બીના કહે છે કે, અરે માનવો ! તમે સાંભળો ? મેં તો જોઈ લીધું. તમો પણ જોઈ રહેલા છો. પરંતુ મેં તો નિશ્ચય કર્યો કે દુનિયાના સગપણ, સગાંવહાલાં સ્વાર્થનાં છે. સ્વાર્થ સાધવા માટે જ પ્રાયઃ સંબંધ રાખે છે. સ્વાર્થ સર્યા પછી તે જ સગાંવહાલાં જો પ્રતિકુલતા થાય તો વિરોધી બને છે. તેથી સગાંવહાલાંની મમતા રાખવાથી આત્મ પ્રગતિનું જે કાર્ય હતું તે સધાયું નહિ. અને પ્રાપ્ત થએલ સાધનો પાપબંધરૂપ થયા. કેવી રીતે ? તે તમો જાણો છો અને અનુભવ કરો છો. તમારા પુત્રાદિક પરિવારનું તમે ભરણપોષણ કર્યું. જે જે જોઈએ તે તે અર્પણ કર્યું. કોઈ વેલાયે તેઓને મનપસંદ આપ્યું નહિ તો તેઓએ જ પ્રતિકુલ બની વિરોધાદિક પણ કર્યો હશે. તે તો તમોને માલુમ હશે. પુત્રે ઘડીઆલ માગ્યું હોય અને જો તમે આપ્યું નહિ તો, કૃપણની પદવી આપશે. ઘડીઆળ તો શું ! બીજી કીંમતી વસ્તુઓને નહિ આપો તો નિંદા કરતો ઘરમાંથી નાશી જશે. અને અનેક ઉપાધિ ઉપસ્થિત કરશે. તે મુજબ દરેક સગાંવહાલાંની સ્થિતિ જાણવી અને જાણી પણ હશે. તો પછી આ

સ્વજનવર્ગ સ્વાર્થી ખરા કે નહિ ! અરે સ્ત્રીને મનપસંદ ઘરેણા ઘડાવો નહિ. અગર વસ્ત્રાદિક અર્પણ કરો નહિ તો તે કંકાસ કરશે. પ્રીતિ રાખશે નહિ. તમારી બહેન, ભાણેજને મનગમતું આપશો નહિ તો, કહેશે કે, આ ભાઈ કહેવાય, તથા ભાણેજ કહેશે કે આ મામો શેનો ?' તથા તમારા મુનીમ, ગુમાસ્તાને મનમાન્યો પગાર આપશો નહિ તો, કહેશે કે, આ શેઠ છે કે શઠ ? બરોબર નોકરી કરીયે છીએ છતાં તેમને કદર જ નથી. આમ કહીને બીજે સ્થલે જશે. તેમને ઉંચે દરજ્જે લાવવામાં આવ્યા હશે તે ભૂલી જશે. માટે તેમની મમતાનો ત્યાગ કરી આત્માના ગુણોનું પોષણ કરો. અનંતકાલથી આ પ્રમાણે મમતા રાખવાથી સ્વકાર્ય સાધવાનું હતું તે સાધ્ય બન્યું છે. માટે મારી માફક આત્માના વિકાસના જે માર્ગો રહેલા છે. તેનો સ્વીકાર કરો. અમોએ પણ ગૃહસ્થપણામાં જુદા જુદા પ્રકારે સગાંવહાલાંની સ્થિતિનો અનુભવ કરેલો છે. તેથી જ મોક્ષમાર્ગને પસંદ કર્યો. અને દરેક શાસ્ત્રોનો અભ્યાસ કરી અનુભવ મેળવ્યો કે અંતે આત્મા તે ગુરૂ અને ચેલો છે. ગુરૂમહારાજ વિગેરેનો ઉપદેશ સાંભળી આત્માની ઓળખાણ થાય નહિ, અને માયા મમતા ખસે નહિ, તો ગુરૂદેવનો ઉપદેશ, અને શાસ્ત્રાભ્યાસ, વ્યાખ્યાનાદિ યથાર્થ ફલવાન બને નહિ. ફક્ત પ્રસિદ્ધિ થાય. તેથી સ્વકાર્ય ક્યાંથી સરે ! આમ સમજી અમોને આત્માના ગુણો તરફ પ્રીતિ, ભક્તિ જાગી. તેથી અમો સંયમી

બન્યા. અને આત્માની ઓળખાણ થતાં અનુભવ આવ્યો કે, ગુરૂદેવ, અને શાસ્ત્રાભ્યાસાદિક આત્મ ધર્મમાં પ્રગતિ કરવાના સુસાધનો છે. તે સાધનો દ્વારા અંતે માલુમ પડયું કે, આત્મા તે જ ગુરૂ અને ચેલો છે. તેથી બન્ને એક રૂપ બન્યા. ચેલાને ગુરૂ બનતા ઘણો વખત જતો નથી. અને પરિશ્રમ કરવો પડતો નથી. ફક્ત માયા, મમતાનો ત્યાગ કરી ગુરૂ-આજ્ઞામાં અર્પાઈ જાય તો જ, તે બને. એટલે પાંચ ઇન્દ્રિયોની જે પ્રવત્તિઓ છે. અને માનસિક વૃત્તિઓ છે. તેને સ્થિર કરી ગુરૂદેવમાં જે ગુણો રહેલા છે તેમાં લીન થાય તો જ ચેલાજી, ગુરૂ બને. આ સિવાય ગુરૂ બનવું દુષ્કર છે. અને અશક્ય પણ છે. માટે સદ્ગુરૂ કહે છે કે, તમારે ગુરૂ બનવું હોય, અને સાચી મહત્તા, પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો, ગુરૂના ગુણોમાં અર્પાઈ જાઓ. સંસારમાં તો ટીચાવાનું, ભટકાવાનું અને લટકાવાનું છે. સંસારમાં રાચીમાચી રહેવાથી તમારા પોતાના માટે શો લાભ લીધો ? તેતો દર્શાવો ? વેઠ કરી ટીચાયા, ભટકાયા, પણ શેઠ બન્યા નહિ. અને આત્મકલ્યાણ સાધ્યું નહિ. માટે આસક્તિનો ત્યાગ કરવા પૂર્વક સંસારના સ્વરૂપને વિચારો. સંસારમાં તો શંકા પડતા સ્નેહીને પણ મારી નાંખવાના ઘાટ ઘડવા માટે ઘણા માણસો તૈયાર હોય છે. સાંભળો

ચંપા નગરીના નરેશને ધર્મઘોષ નામે મંત્રી હતો. રાજ્યની સઘળી સુવ્યવસ્થા કરી રાજા, પ્રજાને તે મંત્રી રાજી

રાખતો. રાજાની શંકાઓને દુર કરી નિઃશંસય બનાવી સ્થિર કરતો. પરંતુ પોતાની શંકાને દુર કરી માનસિક વૃત્તિને સ્થિર કરતો નહિ. આ મંત્રીને ઘણી સ્ત્રીઓ હતી. તે સ્ત્રીઓ તે નગરમાં રહેનારા સુજાત શેઠના રૂપને દેખી ઘણી ખુશી થતી. અને તેના સુંદર વેષને પહેરી હાવભાવ કરતી હોવાથી મંત્રીને શંકા થઈ. કે, આ સ્ત્રીઓ શેઠના રૂપ, રંગમાં મુગ્ધ બની છે. માટે શેઠને મારી નાંખવા ઉપાય કરૂં. ઉપાય તો ઘણા કર્યા પણ શેઠ વ્રતધારી હોવાથી લાગ ફાવ્યો નહિ. છેવટે થાકીને રાજાને ભ્રમણામાં નાંખવા કુડ, કપટ ભરેલો લેખ રાજાને બતાવ્યો. અને કહ્યું કે, આ ગુપ્ત લખેલો પત્ર મારા હાથમાં આવ્યો છે. અને લખનાર સુજાત શેઠ છે. તેમાં શ્રી ચંદ્રધ્વજ રાજા જે તમારો મિત્ર છે. તેના ઉપર લખે છે કે, તને ચંપાપુરીના રાજાને મારી રાજ્ય અપાવું. માટે લશ્કર લઈને જલ્દી અહિંઆ આવ. રાજ્ય લેવાનો હાલમાં સારો લાગ છે. આવું આવું ઘણું લખેલ છે. તમે તેને સારો પ્રમાણિક માનો છો. પણ તેના કારસ્થાન બરોબર જાણતા નથી. માટે ઉપાય નહિ કરો તો રાજ્ય ગુમાવવાનો અવસર આવશે. આથી રાજા ક્રોધાતુર બની શેઠને મારી નાંખવા સમર્થ ન હોવાથી પોતાનો બીજો મિત્ર જે ચંદ્રશેખર નામે રાજા છે. તેના ઉપર મારી નાંખવાનો કાગળ લખી, સુજાતશેઠને મોકલ્યા. આ રાજા ગુણાનુરાગી અને વિચાર વિવેકવાળા હતા. શેઠે ચંદ્રશેખર નૃપને પત્ર આપ્યો. તે વાંચી, વિચાર કરી, વાતચિત જાણી, તેને નિર્દોષ

આની, વિવેકપૂર્વક સમજ્યો કે, આ શેઠના કોઈ વિરોધીએ કપટ ભરેલો પત્ર લખી, રાજાને ભ્રમણામાં નાખી, તે ચંપેશદ્વારા મારી નંખાવવા ઘાટ ઘડેલો લાગે છે. માટે સારૂ થયું કે, વાતચિત કરવા પૂર્વક તલસ્પર્શી વિચાર કર્યો. નહિતર આ નિર્દોષ શેઠ માર્યા જાત. ગુણાનુરાગી રાજાએ ગુણવાન્ શેઠને પોતાની કન્યા પરણાવી મોટો મહેલ અર્પણ કરી પોતાના રાજ્યમાં રાખ્યા. આ મુજબ સંસારમાં ફક્ત શંકા આવતાં સત્તાના ઘેનમાં બીજાનું કાસળ કઢાવા વિલંબ થતો નથી. તમે સારી રીતે પ્રમાણિક બનશો તો પણ આવી આવી વિડંબના તો આવવાની જ. એક પ્રકારે કે, બીજા પ્રકારે. જ્યાં સુધી માયામમતા રહેલી છે. ત્યાં સુધી તો તે વળગવાની જ. પરંતુ તે પુણ્યયોગે નાશ પામશે. માટે પુણ્યાનુબંધી પુણ્યની જરૂર છે જ. કારણ કે અદ્યાપિ આત્માએ આઠમા ગુણસ્થાને આરૂઢ થઈને શ્રેણી માંડી નથી. માટે સારા અને અનુકુલ સાધનો મળ્યા હોય તો ધાર્મિક કાર્યો કરવામાં આળસ કરવી નહિ. સંસારના સંયોગોમાં અતિ આસક્તિ રાખવાથી જ શરીર પણ વ્યાધિ-ગ્રસ્ત બને છે. માટે સમ્યગ્જ્ઞાન મેળવી અનાસક્ત રહેવું. હવે સુજાતશેઠ રાજકન્યા પરણ્યા પછી તેમાં અત્યંત રાગી બન્યા. તેથી તેમના શરીરે વ્યાધિ હાજર થઈ. ત્યારે સમજણી રાજપુત્રીએ વિચાર કર્યો. કે મારા રાગથી અને વિષયા-સક્તિથી પતિદેવ વ્યાધિગ્રસ્ત બન્યા છે. જ્યાં સુધી તેમની પાસે રહીશ ત્યાંસુધી વિષયાશક્તિ ટળશે નહિ. અને તે દ્વારા

ઉત્પન્ન થયેલ વ્યાધિ પણ ખસશે નહિ. માટે હું દીક્ષા ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધી લઉં. આ મુજબ વિચાર કરી પતિની આજ્ઞા માગી દીક્ષા ગ્રહણ કરી. સારી રીતે ચારિત્ર, સંયમની આરાધના કરી દેવલોકે દેવી તરીકે ઉત્પન્ન થઈ. શેઠ પણ આમ તો ગુણી હતા. તેથી તે સ્ત્રીનો રાગ ખસવાથી અનુક્રમે નિરોગી બન્યા. અને વિચાર, વિવેક લાવી આત્મહિત કરવામાં તત્પર બન્યા. તેઓ પુનઃ પુનઃ ભાવના ભાવે છે કે, પુણ્યોદયે રક્ષણ થયું. ચંપેશ અને મંત્રીનું કાંઈ પણ ચાલ્યું નહિ. વળી રાજકન્યામાં ફસાવાનું થયું. શરીર વ્યાધિગ્રસ્ત બન્યું. સારૂ થયું કે, તેણીએ દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધ્યું. વ્યાધિથી મરણ પામેલ હોત તો સ્વહિત સાધી શકાત નહિ. માટે હું પણ દીક્ષા ગ્રહણ કરવાપૂર્વક સંયમની સારી રીતે આરાધના કરી, પ્રાપ્ત થએલ સાધન સામગ્રીની સફલતા કરૂં. અન્યથા પુનઃ બીજી વિડંબના આવી ઉપસ્થિત થશે. સંસારમાં જુદા જુદા પ્રકારે વિઘ્નો, વિડંબના, વિપત્તિને આવવાનો વિલંબ થતો નથી. પરંતુ ચંપેશ તથા ધર્મઘોષનું મારા ઉપર શંકા દ્વારા જે કલંક આવેલ છે. તે ખસે તો જલ્દી દીક્ષા લઈને સંયમની સારી રીતે આરાધના કરૂં. આ મુજબ ભાવના ભાવે છે. તેવામાં પોતાના પતિના રાગથી દેવી બનેલી રાજકન્યા શેઠ પાસે આવીને કહેવા લાગી કે, તમે આજ્ઞા આપી. મેં રૂડી રીતે સંયમની આરાધના કરી, દેવલોકે દેવી તરીકે થઈ છું. માટે હવે સર્વથા રાગનો ત્યાગ કરી સંયમની રૂડી રીતે આરા-

ધના કરો. શેઠે કહ્યું. ભાવના પૂરેપૂરી છે. પણ જે કલંક છે. તે ઉતર્યા પછી તરત દીક્ષા લઈ શકીશ. આ સુજબ સાંભળી દેવીએ શેઠને વિમાનમાં બેસારી ચંપાનગરીમાં તેના ઘેર લાવી મૂકયા. અને રાજાને સત્ય બીના જણાવી કલંક ઉતાર્યું. પસ્તાવો કરી રાજાએ માફી માગી. મંત્રીને દેશપાર કર્યો. શેઠે દેવીના ગયા પછી દીક્ષા લીધી. અને આત્મકલ્યાણ સાધ્યું. કહો હવે જો આત્મહિત સાધ્યુ ન હોત તો, અને સંસારમાં આળસથી પડી રહ્યા હોત તો, ભટકવાનું, ચીકણાં કર્મો બાંધી ભવોભવ ટીચાવાનું થાત. માટે સદ્ગુરૂ સમજાવે છે કે સંસારના સુખોમાં આસક્ત બનો નહિ. અને આત્મહિત સધાય તે માટે શકય તેટલી સંયમની આરાધના કરો. સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજી હવે પોતાના અનુભવની વાત કહે છે કે, સંયમની રીતસર આરાધના કરવા પૂર્વક શાસ્ત્રો ભણીને હૈયામાં વિચારી સાર કાઢ્યો કે, સર્વ ક્રિયાઓ આત્માને ઓળખી તેનો વિકાસ કરવા માટે જ છે. અને સર્વથા, સર્વદા અને સર્વત્ર ઘાતી અને અઘાતી કર્મોને દૂર કરી આજ આત્મા નિરાકારી બનેલ છે અને તેથી અનંત સુખકારી બને છે. એવો આત્મા તું પોતે જ છે. માટે એક ઘડી પણ પ્રમાદ કરવો નહિ. તમે પણ સંયમની રૂડી રીતે આરાધના કરવા પૂર્વક શાસ્ત્રોને સાંભળી તેનું રહસ્ય હૈયામાં ધારણ કરીને આત્માને ઓળખી તેનો વિકાસ સાધશો તો આત્માને નિરાકાર, અનંતસુખના સ્વામી બનાવશો. માટે પ્રમાદ કરો

નહિ. જ્યારે સર્વ કર્મો દૂર ખસે છે. ત્યારે જ આત્મા અનંતગુણોનો આધાર બને છે. તેજ સમયે આત્મા તેજ, પરમાત્મારૂપે પ્રગટ થાય છે. ત્યારે માનસિક વૃત્તિ, વાણી અને કાયાની પ્રવૃત્તિથી ન્યારો બને છે. માટે તમો મન, વાણી અને કાયાથી જુદા આત્માનો વિચાર કરો. અને પુનઃ પુનઃ ભાવનાથી ભાવિત કરો. આ મુજબ સમ્યગ્-જ્ઞાની બની તથા ક્રિયામાં લયલીન થઈ, શાંત, ઉપશાંત પૂર્વક સમત્વ યોગવાળો આત્માને તમો બનાવશો ત્યારે આત્મા સર્વથા નિર્મલતા ધારણ કરશે. પરમાત્માનો પ્રાદુ-ર્ભાવ થશે. એટલે ઘાતીયા કર્મોને ખસેડવાથી કૈવલ્યજ્ઞાનના સ્વામી બનશો. અને અદ્ભૂત યોગી, નિજગુણ ભોગી કહે-વાશો. પછી જ અઘાતિક કર્મોને ટાળવા માટે શક્તિને પ્રાપ્ત કરી પરમપદને પામશો. જેથી, જન્મ, જરા, મરણાદિ રહેશે નહિ. અને અન્તરનું સત્ય ધન પામી, કેવલી બની, મહાન્ સામ્રાજ્ય પામી અનન્ય રાજા કહેવાશો. માટે તમારે સત્ય સામ્રાજ્યને મેળવી સત્ય સમૃદ્ધિવાળા બનવું હોય તો, સંસારની મોહજાલને દૂર કરવા જાગ્રત થાઓ. તે મોહજાલે તમોને કામ, ક્રોધ, મદ, લોભાદિકે બરોબર ફસાવ્યા છે. તેની તપાસ કરી શક્તિને ફેરવી તેને દૂર હઠાવો. દુર કરવાની તમારામાં તાકાત તો છે જ. પરંતુ તમો જાગ્રત થયા નથી. તેથી અણગમતી ઇચ્છાઓને પણ હઠાવી શક્યા નથી, અતએવ કહેવું પડે છે કે, મોહાદિકના ઘેનમાં પડી રહેલા એવા તમે હવે ક્યારે જાગ્રત થશો ? જો

જાગ્રત થશો નહિ અને તેનાથી ઉત્પન્ન થએલ વિપત્તિ, વિડંબ-નાઓને ટાળી શકશો નહિ તો પુનઃ પુનઃ કહેવામાં આવે છે. જાગ્રત થાઓ. જાગ્રત થાઓ. અને રાગ, દ્વેષાદિકના જે બંધનો છે. તેઓને બલ વાપરી ફગાવી દો. સંસારમાં તમો જે, વિપત્તિ વિઘ્નો કરનાર અને નુકશાન કરનારાઓને ઓળખી તેઓને દૂર કરવા, સઘળી શક્તિને વાપરો છો ને! તે મુજબ કષાય, વિષયોના વિકારો વિગેરે વિઘ્ન કર-નાર છે. દરેક ભવમાં હાજર થાય છે. તેમ બરોબર જાણીને તેઓને ક્યારે હઠાવશો! તેમાં વળી મદ, માન, અહંકારે તો ઘણી હાની કરી છે. પ્રાપ્ત કરેલી સિદ્ધિ અને સમૃદ્ધિની ખુવારી કરી હલકી, નીચ સ્થિતિમાં સ્થાપન કર્યા છે.

એક સંન્યાસીની માફક—એક બ્રાહ્મણે વૈરાગ્યથી સંન્યાસી ધર્મ અંગીકાર કર્યો. ચાર વેદ અને અઢાર પુરાણોનો પણ અભ્યાસ કર્યો હતો. તેથી જનસમુદાય તેને મહાજ્ઞાની કહેતા. અને ભાગવતાદિ સાંભળવાથી ઘણા માણસો તેના ભક્ત બન્યા. એક ભકતે આવીને કહ્યું કે, મારે ઘેર શુભ પ્રસંગ છે માટે તમો પધારી અમોને લાભ આપો. સંન્યા-સીએ કહ્યું કે, બ્રાહ્મણે બનાવેલ રસોઈ દ્વારા ખાન, પાન કરૂ છું. બીજાના હાથની રસોઈ મારે કલ્પતી નથી. ભકતે કહ્યું, કે તે માટે અમો સારી રીતે સગવડ કરીશું. માટે જરૂર પધારી લાભ આપો. અન્ય બ્રાહ્મણો પણ જમવા આવવાના છે. એટલે બ્રાહ્મણીયા રસોઈ પણ બનશે. સંન્યાસીજી આનંદપૂર્વક તેને ઘેર ગયા. સારી રીતે લાભ આપ્યો.

ત્યારપછી કાશી જવા માટે નિકળ્યા. ઉનાળાના તાપથી અને માલ, મીઠાઇ ખાધેલી હોવાથી ઘણી તરસ લાગી. જે ભક્તો સાથે આવેલા હતા તેમની પાસે શુદ્ધ બ્રાહ્મણીયા પાણી માંગ્યું. તે માટે તપાસ કરી પણ તેવું પાણી મળ્યું નહિ. તેથી નિરાશ બની પાછા વળે છે. તેવામાં ચમાર, હરિજન માર્ગમાં મળ્યો. તેની પાસે પાણીથી ભરેલો ઘડો હતો. તેને હરિજન જાણી, તેની પાસેથી પાણી લઈને આવી, સંન્યાસીને પાણી પાયું. તરસ છીપ્યા પછી પુછ્યું કે, આ શીતળ પાણી કોની પાસેથી લાવ્યા! એક હરિજન પાસેથી. અરે ભલાભાઇ! હરિ કહેતાં કૃષ્ણ, તેનો ભક્ત ભંગીયો, ચમાર પણ હોય છે! શું તેની પાસેથી પાણી લાવ્યા! અરેરે આ મારી કાયા વટલાણી. હું જાતે બ્રાહ્મણ, તે ચમાર, ચંડાળનું પાણી કદાપિ પીઉં નહિ. આ મુજબ મદ કરવાથી નીચ ગોત્રનું કર્મ બંધાણું, ત્યાં જ આયુષ્યનો ક્ષય થવાની ચમારના ઘેર ઉત્પન્ન થયા. દેખો મદની હલકાઈ? પછી જ્યારે ચમારના ઘેર મોટા થયા ત્યારે સારા નિમિત્તો પામી પૂર્વજન્મ સ્મરણ થયું અને ઘણો પસ્તાવો કરવા લાગ્યા. સંન્યાસી બનીને મદ કરવો જોઈતો ન હતો છતાં મદ, અભિમાન, અહંકાર કર્યો તેથી નીચ જાતિમાં અવતરવાનું થયું. માટે હવે મદનો ત્યાગ કરવો જરૂરનો છે. આવી ભાવના ભાવવા લાગ્યા. જાતિ સ્મરણના યોગે જ્ઞાનનો પ્રકાશ થયો. અને વિચાર કરે છે કે, નગરની પ્રજાને પણ મદ, માન, કામ, ક્રોધ, લોભાદિકનો ત્યાગ કરવા માટે ઉપ-

દેશ આપુ. પરંતુ તેનો ઉપદેશ કોણ સાંભળે ? છતાં દરરોજ ઉપદેશ આપવાની ઇચ્છા હોવાથી ભાવના ભાવે છે. હવે ભાવના કેવી ફલીભૂત બને છે. તે સાવધાન થઇને સાંભળો. તે નગરનો રાજા, પ્રજાઓને જાગ્રત રાખવા પહોરે પહોરે ચમારો પાસે ઢોલ વગડાવે છે કે, તમે જાગતા રહો. નિન્દ્રા વશવર્તી બનો નહિ. આ મુજબ સંન્યાસીનો આત્મા, મદને લઇ ચમાર બન્યો છે તેના પિતાનો વારો આવ્યો. તે વેલાએ અગત્યનું કામ હોવાથી ઢોલ વગાડવાનું સ્વપુત્રને સોંપી તે બીજે સ્થલે ગયો. આ પુત્રને આનંદનો પાર રહ્યો નહિ. આજે રાત્રે એવો ઢોલ વગાડું કે, પ્રજા, દ્રવ્ય અને ભાવથી જાગ્રત થાય. રાત્રીના પ્રથમ પહોરે ઢોલ વગાડતાં કહેવા લાગ્યા કે, **“ आशायां बध्यते लोकः, कर्मणा परिबध्यते, आयुः क्षयं न जानाति, तस्माज्जागृहि जागृहि. ”** આ મુજબ બોલતા કેટલાક ધર્મીજનો જાગીને વિચાર કરવા લાગ્યા કે, આજે કોઈ જ્ઞાની પુરુષ આપણને ચેતવવા ઢોલ વગાડીને જગાડે છે. ધન્ય છે તેને આ મુજબ કહીને પાછા નિદ્રાવશ બન્યા. પરંતુ નગરના નૃપને ઘણો પસ્તાવો થયો. સાંસારિક સુખની આશામાં રાજ્ય, તન, ધનનું સારી રીતે ભરણપોષણ કર્યું. છતાં સુખની અભિલાષા પુરી ન થઇ. અધુરી જ રહી. ઉલ્ટું કર્મ વડે બંધાવાનું થયું. આમ વિચાર કરતાં એક પહોર વ્યતીત થયો. બીજા પહોરે તેણે ઢોલ વગાડીને કહ્યું કે, **“ जन्मदुःखं जरादुःखं, जायादुःखं पुनः पुनः । अन्तकाले महादुःखं, तस्माज्जागृहि जागृहि ’** આ મુજબ શ્લોકનો

વિચાર કરતાં રાજાને સંસારના સુખમાં અભિલાષા ઓછી થઇ. જે નિદ્રાવશવર્તી રહ્યા તેને આ શ્લોકનો અર્થ ક્યાંથી માલુમ પડે. અનાસક્ત એવા આ નૃપતિને ઘણો આનંદ આવ્યો. ઉપરોક્ત શ્લોકના વિચારમાં બીજો પહોર વીતી ગયો. જ્યારે આનંદ આવે છે. ત્યારે ચારે રાત્રી-પહોરોમાં નિદ્રાવશવર્તી બનાતું નથી. તે તમોને માલુમ હશે. રાત્રીમાં લગ્ન પ્રસંગે જાગતા રહેવાય છે ને? અગર ધન-સંપત્તિનો લાભ મળતો હોય છે ત્યારે નિદ્રા નાસી જાય છે ને ? આ મુજબ આત્મિક જ્ઞાનમાં રસ પડે તો નિદ્રા આવતી નથી. બીજો પહોર વિચારમાંને વિચારમાં રાજાએ ગાળ્યો. ત્રીજા પહોરે તેણે, ઢોલ બજાવનારે ત્રીજા શ્લોકમાં કહ્યું કે, **कामक्रोधौ, लोभमोहौ, गृहे तिष्ठंति तस्कराः, ज्ञान रत्नापहाराय-तस्माज्जागृहि जागृहि** " આ પ્રમાણે તેના વિચાર-યોગે ખરા ચોર કયા કયા છે. તેનો વિવેક જાગ્યો અને તેઓને દૂર કરવા હૈયામાં ભાવના જાગી. બીજાઓને ક્યાંથી વિચાર સરખો પણ આવે ? ત્રીજો પહોર ભાવનાને ભાવતાં રાજાએ વ્યતીત કર્યો. વળી ચોથા પહોરે શ્લોક સાંભળ્યો " **ऐश्वर्यं स्वप्न संकाशं, यौवनं तु कुसुमोपमम्, क्षणिकं चलमायुष्यम्, तस्माज्जागृहि जागृहि**. આ મુજબ ચારે શ્લોકોનો વિચાર, ભાવનાદિ ભાવતાં સૂર્યોદયે નૃપતિ જ્ઞાનને પામ્યા તે ચમારના ઘેર જઇને ઢોલ બજાવનાર તેના પુત્રને મલ્યા. નમ્રતા, સરલતા ધારણ કરી તેને પુછ્યું કે, આ ચમારના ઘેર અવતરી તમે આવું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કર્યું !

સંન્યાસીના જીવે કહ્યું કે, આ ઘરમાં જ્ઞાન કયાંથી મલે ! પણ પ્રથમ ભવમાં હું સંન્યાસી હતો. તે જ ભવમાં જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પણ જાતિ, કુલના મદ, અભિમાનથી આયુષ્ય પૂર્ણ થયા પછી ચમારનો પુત્ર બન્યો. અને નિમિત્ત પામી પ્રથમ ભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી વૈરાગ્ય યોગે તમોને તથા પ્રજાઓને જાગ્રત કરવા ઢોલ વગાડવા સાથે એક એક પહોરે આ મુજબ શ્લોકો બોલ્યો. તે અરસામાં તમો જાગ્રત રહ્યા. તેથી તેના અર્થના યોગે અનાસક્ત બની મને શોધતા મારી પાસે આવ્યા. અને વિવેકી બની સંસારમાં સાર નથી તે સમજ્યા. માટે સઘળી સામગ્રી પામી મદ, માનાદિનો ત્યાગ કરવાપૂર્વક આત્મજ્ઞાનમાં સદાય જાગ્રત રહેવું. પ્રમાદ કરવો નહિ. આ મુજબ ઉપદેશ આપી તે ચમારના પુત્રે સર્વ સંયોગોનો ત્યાગ કરી આત્મજ્ઞાન, ધ્યાને આરૂઢ બની આત્મહિત સાધ્યું. માટે અરે ભાગ્યશાલી હંસા ? સમગ્ર સાધનો પામી આત્મહિતને ભૂલતા નહિ. સંસારમાં કામ–ક્રોધાદિકથી સ્વાર્થ પણ સધાતો નથી. તો પછી પરમાર્થ, જે આત્મધ્યાન છે. તે કયાંથી સધાય ? સધાય નહિ. માટે મોહ, મમતા, અહંકારની જાલમાં પડીને આત્મજ્ઞાન, ધ્યાનને ભૂલતા નહિ. સંસારી માયા, આસક્તિ બાજીગરની બાજી જેવી છે. દેખાડે સાકર. અને હોય કાંકરો. દેખાડે ખાંડ. પણ હોય ધૂળ. તેથી તેવી મોહ બાજીગરની નજર-બંધીમાં ફસાતા નહિ. જાગ્રત રહી, સમ્યગ્જ્ઞાન, દર્શન

અને ચારિત્રનું શકય પાલન કરવા પૂર્વક આત્માને નિર્મલ કરો. કાયારૂપી નૌકા, ભરદરિયે તમે હંકારી છે. તે શા માટે ? તેની માલુમ તો હશે જ. શિવપુરીમાં અનંત સમૃદ્ધિને મેળવવા માટે. પણ, જો તે નૌકા ખરાબે ચઢી ગઈ તો, ભાગીને ભુક્કા થશે. અને સંસાર સાગરમાં પાટીઆ માટે ભટકવું પડશે. જો કોઈ પણ આલંબન પ્રાપ્ત નહિ થાય તો ભાગ્ય પરવાર્યું એમ સમજજો. અને સઘળો પ્રયાસ ધૂલમાં મળશે. માટે અવસર પામી કાયારૂપી નૌકા દ્વારા ખરાબે ન ચઢતા સારા સારા આલંબનો પામી શિવપુરીમાં જાઓ. સદ્ગુરૂ બુદ્ધિસાગરજી ફરમાવે છે કે, ઉમદા અવસર પામી આત્મજ્ઞાન, ધ્યાન કરવાનું ભૂલો નહિ. દેવ ગુરૂવર્યોનું આલંબન મેળવી તેને સફલ કરો. તેમના ગુણોને ગ્રહણ કરવાથી આપોઆપ તરશો. દેવ ગુરૂવર્યોનું આલંબન, સંસાર સાગરની પાર જવામાં મહાન્ નૌકા સમાન છે. પછી સાધ્ય તમારે પોતે મેળવવાનું છે. સાધનો, સહકાર આપવા સમર્થ છે. પછી તમારી શક્તિ હોય તે મુજબ ઇષ્ટ સ્થલે પહોંચાય. જો બરોબર બલ ફોરવાય નહિ તો ઇષ્ટ સ્થલે પહોંચતા વિલંબ થાય. તેમાં આશ્ચર્ય નથી. માટે ઇષ્ટ સ્થલે કહેતાં, કૈવલ્યજ્ઞાન પામી સિદ્ધ થવું હોય, અને સર્વદા, સર્વથા અનંત સુખનો અનુભવ લેવો હોય તો, દેવ, ગુરૂનું આલંબન મેળવી આળસ કરો નહિ. કેટલાક આલંબન ગ્રહણ કરીને પ્રમાદ, આળસ, વિતંડાવાદ કરે તો પાછા વળે. એટલે ઇષ્ટ સ્થલે

પહોંચી શકે નહિ. માટે અવસર પામી આળસ કરો નહિ. આત્માના ગુણોના યોગે આપોઆપ તરશો. અને આધિ, વ્યાધિ વિગેરેનું કષ્ટ સ્વયં દૂર ભાગશે.

હવે સદ્ગુરૂ આચાર્ય, બુદ્ધિસાગર સૂરીશ્વરજી કરૂણા લાવી, તૃપ્તિ કેવા પ્રકારે થાય તેનો ઉપાય પીસ્તાલીશમા પદની રચના કરતાં કહે છે કે,

(રાગ—આશાવરી)

ચેતન આપ સ્વભાવ વિચારો,
આપ સ્વભાવે ક્ષાયિક તૃપ્તિ;
આવે ભવોદધિ આરો, ચેતન આપ સ્વભાવ.
વિચારો ૦॥૧॥

જ્ઞાનામૃતનું પાન કરીને, પરપરિણતિકું નિવારી;
શુદ્ધ ચરણ ભોજનથી તૃપ્તિ, થાશે શિવ સુખકારી.
ચેતન૦ ॥૨॥

આત્મ ગુણોથી તૃપ્તિ સાચી, જ્ઞાનીજન એમ ભાખે;
આત્મધ્યાન કરે જે કોઈ, તે ઘટ અન્તર ચાખે.
ચેતન૦ ॥૩॥

પુદ્ગલથી પુદ્ગલને તૃપ્તિ, આતમ આપ સ્વભાવે;
અનુભવ યોગે સ્થિરતા સંગે, તૃપ્તિ જન કોઈ પાવે.
ચેતન૦ ॥૪॥

સ્વપ્નસરિખી મિથ્યા તૃપ્તિ, સંસારે જન જાણે;
ભ્રાન્તિ નિવારક જ્ઞાની ઘટમાં, તૃપ્તિ વાત પીછાનો.
ચેતન૦ ॥૫॥

મધુ સાકર ઘૃતથી જે તૃપ્તિ, જ્ઞાની મન તે ખોટી;
આતમ શુદ્ધ સ્વભાવે રમતાં, તૃપ્તિ છે જગ મોટી.
ચેતન૦ ॥૬॥

ઇન્દ્રાદિક પણ વિષય વિકારે, તૃપ્તિ કદીય ન પાવે;
આપ સ્વભાવે ધ્યાનદશામાં, તૃપ્તિ સહેજે થાવે.
ચેતન૦ ॥૭॥

આતમ ધ્યાની નિસ્પૃહ યોગી, મમતા સંગ નિવારી;
ભિક્ષુક સુખિયા જગમાં સાચા, તસ જાઉં બલિહારી.
ચેતન૦ ॥૮॥

નિર્ભય નિજ દેશે છે તૃપ્તિ, યું વદતિ જીનવાણી;
બુદ્ધિસાગર અવસર પાકર, તૃપ્તિ લહો ગુણખાણી.
ચેતન૦ ॥૯॥

સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ફરમાવે છે કે, સંસારના સુખની તૃપ્તિ ખાતર કેટલાક બાહ્યાત્માઓ મહાપ્રયાસ કરે છે. તેઓ એમ સમજે છે કે, ભોગ, વિષય-વિલાસોની ભૂખ, મનપસંદ ભોગોપભોગ, ભોગવવાથી શાંત થાય છે. માટે કોઈ બી રીતે તેના સાધનો કાવાદાવા,

દગા, પ્રપંચો કરીને પણ મેળવવા. તેથી તેની બીજી અભિલાષા થશે નહિ. પરંતુ તે બાહ્યાત્માઓને માલુમ પડતી નથી કે, ભૂખ ભાગશે નહિ. અને પુનઃ પુનઃ હાજર થઈને વધવાની. કદાપિ તૃપ્તિ થઈ નથી. અને થશે પણ નહિ. જો ભોગોપભોગ વિલાસોની ભૂખ, ભાગી હોત, અને તૃપ્તિ થઈ હોત તો, ચક્રવર્તી, જે છ ભરતખંડના સમ્રાટો પાસે નવનિધિઓ હતા. તથા ચૌદ રત્નોના સ્વામી હતા. છન્નુ કરોડ ગ્રામોના અધિપતિ તથા બત્રીશ મુગટ બદ્ધ રાજાઓ તેમની આજ્ઞા મુજબ વશવર્તી હતા. એક લાખને બાણું હજાર સ્ત્રીઓ હતી. તેમાં પટ્ટરાણીઓ તેમજ મનોહર મહારાણીઓ હતી. અને કલ્યાણભોજનનો ખોરાક હતો. વિગેરે ભોગોપભોગના વિલાસોનો પાર હતો નહિ. છતાં તેમને તૃપ્તિ થઈ નહિ. અસંતુષ્ટ બની પરલોકે ગયા. આઠ ચક્રવર્તીઓ જયારે તે વિલાસોનો લીંટ, વિષ્ઠાની માફક ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરવાપૂર્વક સંયમની સારી રીતે આરાધના કરી તથા આત્મિકજ્ઞાન, ધ્યાને આરૂઢ બન્યા ત્યારે જ તૃપ્તિ થઈ. પુનઃ ઈચ્છા, આશા થઈ ન હોવાથી કેવલજ્ઞાન પામી પરમપદના, સત્ય સામ્રાજ્યના સ્વામી, સાદિ અનંતભાગે બન્યા. જો કે ભરત ચક્રવર્તીએ દીક્ષા લીધી નથી. પણ વૈરાગ્ય, સંવેગ, આત્મજ્ઞાનાદિ યોગે આરીસા ભુવનમાં અનિત્યાદિ ભાવનાઓ ભાવતાં, સમત્વ દ્વારા કેવલજ્ઞાની થયા. અને બે ચક્રવર્તીઓ પણ વિષય વિલાસોનો ત્યાગ કરવા પૂર્વક દીક્ષા ગ્રહણ કરી રૂડી

રીતે આરાધના કરી દેવલોકે સિધાવ્યા. ત્યારે બે ચક્રવર્તીઓ ભોગવિલાસોમાં મગ્ન બનવાથી તેનો ત્યાગ કરવા સમર્થ બન્યા નહિ. તેથી નરકગતિમાં ગયા. માટે ભોગોપભોગના વિષયો મનપસંદ પ્રાપ્ત થશે. તો પણ સત્ય તૃપ્તિ કદાપિ થશે નહિ. તેથી સદ્ગુરૂ તમોને ભવોદધિ, સંસાર સાગરની પરિભ્રમણાનો ત્યાગ કરવા માટે જ કહે છે કે, ગીતાર્થ, આત્મજ્ઞાનીના ઉપદેશને અમલમાં મૂકી અગર આપોઆપ સદ્વિચાર અને સદ્વિવેક લાવી પોતાના મૂલ સ્વભાવને ઓળખો. ઓળખી તેમાં જ મગ્ન બનો. અગર ઓળખવાના સત્ય સાધનોને કષ્ટ સહન કરીને મેળવો. તે સાધનો મેળવી આત્મસ્વભાવ જે મૂલ તત્વ છે. તેમાં રમણતા કરશો ત્યારે સાચી તૃપ્તિ જરૂર થશે. પછી વિષયવિલાસોની મહા દુઃખદાયીની ભૂખ સ્વમેવ ભાગી જશે. અને સત્યાનંદની ઊર્મિઓ ઉભરાતી રહેશે. તે ક્ષાયિક તૃપ્તિના યોગે સંસારસાગરથી પાર ઉતરશો.

ભવોદધિથી પાર જવા માટે પ્રથમ જ્ઞાનામૃતનું પાન કરો. તે જ્ઞાનામૃતના યોગે જ સંસારસાગર જલ્દી તરવા શક્તિમાન્ બનશો. જ્ઞાનામૃતથી જ પુદ્ગલની જે પરિણતિ છે. વિચાર, અધ્યવસાય છે. તે નિવારી શકાય છે. અને જ્ઞાનામૃતના ભોજનથી પરમતૃપ્તિ જે સત્ય છે તે પોતાની મેળે હાજર થાય છે. આ સિવાયની જે તૃપ્તિ છે તે ક્ષણવિનાશી હોવાથી ઘડી બે ઘડીમાં નાશ પામે છે. પુનઃ પુનઃ તેની ભૂખ આવી વળગે છે. માટે સમ્યગ્જ્ઞાન જે અમૃત

સમાન છે તેનું પાન કરો. તેથી જ પરપરિણુતિને નિવારવા સમર્થ બનશો. સ્નેહરાગ, કામરાગ અને દૃષ્ટિરાગથી પર પદાર્થોમાં અનંતકાળથી રાચીમાચી રહ્યા. અતએવ સ્વતત્ત્વ ઉપર પ્રેમ જાગ્યો નહી. તે કેવી રીતે? તે કહેવાય છે. સાંભળો? માતપિતા પુત્રાદિક વિગેરેના સ્નેહરાગથી તેમજ પત્નીના કામરાગથી તેમજ એકાંતે અન્ય ધર્મના દૃષ્ટિ-રાગથી સમ્યગ્જ્ઞાનરૂપ અમૃતનું પાન કરી શકાયું નહિ. તેથી આત્માનો મૂલ સ્વભાવ કેવો છે તેના પ્રત્યે આદર-ભાવ જાગ્યો નહિ. તેથી આત્મધર્મ અને તેના સાધનો તરફ નજર પડી નહિ. અને એકાંતમાં જ ફસાઇ પડ્યા. માટે સમ્યગ્જ્ઞાનપૂર્વક શુદ્ધ આત્મરમણનું અમૃત સમાન જે ભોજન છે તેનાથી સત્ય તૃપ્તિ થવાની અને થશે. પરંતુ ક્ષણિક તૃપ્તિમાં આસક્ત બનશો નહિ ત્યારે, અને સમ્યગ્જ્ઞાનામૃતનું પાન કરશો ત્યારે જ અનુક્રમે તે આત્મ-રમણતા અનંતસુખને આપનાર બનશે. અને શિવસુખ જે સત્ય છે. તેને કરનાર બનશે. પરંતુ તમો તો પાપોદયે આવી પડેલી વિપત્તિઓ અને વિડંબનાઓ ટાળવા માટે મોટા પાપો કરો છો. તેમજ તેને કપટ, પ્રપંચાદિક કરીને હઠાવવા પ્રયત્ન કરો છો. તેથી તે વિપત્તિ વિગેરે ખસતી નથી. ઉલ્ટી વધે છે. પણ તે વેળાએ બરોબર સમજી તેણીઓ, કયા કારણે આવી. તેનું રીતસર નિરીક્ષણ કરી તે તે કારણોને દૂર કરશો ત્યારે તે ખસવાની જ. અને આત્મ-જ્ઞાન, ધ્યાન દ્વારા સાચા સુખને પ્રાપ્ત કરવાની તમન્ના,

શ્રદ્ધા થવાની. અને શ્રદ્ધાના યોગે આત્મજ્ઞાનાદિમાં પ્રેમ જાગવાનો. પ્રેમની દ્રઢતાથી જે તૃપ્તિ થશે તે સત્ય તૃપ્તિ છે. માટે આળપંપાલનો ત્યાગ કરી જ્ઞાનામૃત પીઓ. આ મુજબ સમ્યગ્જ્ઞાની અન્તરાત્મા, પુનઃ પુનઃ ભાખે છે, ઉપદેશ આપી પોતાની ફરજ બજાવે છે કે, જે કોઇ પરભાવ, વિભાવ દશાનો ત્યાગ કરી, દોષોને નિવારી આત્મધ્યાનમાં આસક્ત બને છે તે જ મહાભાગ્યશાલી ઘટ અન્તરમાં સાચા સુખને ચાખે છે. અને અનુપમ, અનન્ય તૃપ્તિનો અનુભવ કરે છે. પુદ્ગલોની તૃપ્તિથી આત્મતૃપ્તિ કદાપિ થતી નથી. પણ શરીરાદિકની થાય છે. આત્મધ્યાનાદિકથી આત્માને તૃપ્તિ થાય છે. માટે આત્મિક તૃપ્તિ માટે પણ પ્રયાસ કરવાની જરૂર છે જ. સ્વપ્ન સરખી સાંસારિક તૃપ્તિમાં મુઝાઓ નહિ. પરંતુ ભ્રાન્તિ નિવાર્યા સિવાય આત્મિક અનુભવની તૃપ્તિને ચાખશો નહિ. અને ભ્રમણામાં દુધ, સાકર, મધુ વિગેરેની મીઠાશમાં આસક્ત બનશો તો કદાપિ તૃપ્તિ થશે નહિ. કહો? અત્યાર સુધી મધુરા રસમાં આસક્ત બન્યા તેથી કેટલી તૃપ્તિ થઈ! કહેવું પડશે કે, તે તૃપ્તિ અધુરી જ રહી. હવે સાચી આશા, તૃષ્ણાને પ્રાપ્ત કરવી હોય તો, આ અવસર અત્યુત્તમ છે. તેની આશાએ અને તૃષ્ણાએ ગામોગામ પરિભ્રમણ કર્યું, ધન, દોલત વિગેરે સાધન સામગ્રી મેળવી. આવક વધારવા મોટી ચાલીયો, મકાનો બંધાવ્યા. કારખાના, મીલો તૈયાર કરાવી. તથા વિવિધ ધંધા કર્યા. અને તે દ્વારા

તૃષ્ણા શાંત થશે આમ વિચાર કરી મહાન્ શ્રીમંત તરીકે પ્રસિદ્ધ થયા. અને તૃષ્ણાને શાંત કરવા ઘણા વિલાસો કર્યા. છતાં પણ તૃષ્ણા અધુરી જ રહી. પૂર્ણ કરવાની આશા તો છે જ. પરંતુ દુન્યવી સાધન સામગ્ર વડે પુરી થશે નહિ. એ જરૂર માનજો.

એકદા ભોજરાજા રાત્રીના બાર વાગે જાગી ગએલ હોવાથી વિચાર કરવા લાગ્યો કે, મારા તાબામાં હાથી, ઘોડાઓ, ઝવેરાત, સોના વિગેરેના ભંડાર ભરપુર છે. તથા મનપસંદ વનિતાઓ છે. તેમજ સ્નેહી બાંધવો, નોકર ચાકર, વિગેરે પણ છે. છતાં સંકલ્પ, વિકલ્પો ટળતા નથી. વિદ્વતા પણ રીતસર છે. છતા સત્ય સંતોષ કેમ નથી આવતો. આમ વિચાર કરી રહેલ છે. તે વેળાયે એક બ્રાહ્મણ પંડિત દુઃખી હોવાથી છેવટે છૂપી રીતે રાજાના મહેલમાં પેઠો. અને ભોજ નૃપના કહેલા વચનો સાંભળી ઉપદેશ આપવાની ઇચ્છા રોકી શક્યો નહિ. અને કહ્યું કે, હે ભોજ નૃપતિ ? બે આંખો મીચાયા પછી કાંઇ પણ સાથે આવશે નહિ. તારૂ દુઃખ કાપનાર તથા સંકલ્પ, વિકલ્પોને હઠાવનાર, તથા પરલોકે આશા, તૃષ્ણાને પૂરી કરી સત્ય તૃપ્તિના દાતાર કોઇ છે જ નહિ. માટે ચેતી જા. જે સાધન સામગ્રી મળી છે. તે દ્વારા સમ્યગ્જ્ઞાનપૂર્વક આત્માને ઓળખવા પ્રયાસ કર. આ મુજબ વૈરાગી, બ્રાહ્મણ પંડિતનો ઉપદેશ સાંભળી તેને પોતાની પાસે બોલાવી, પૂછવા માંડ્યું કે, રાજાના, એટલે મારા મહેલમાં રાત્રીની વેળાએ પ્રવેશ

કરતા તમોને ભય લાગ્યો નહિ ? મહારાજા ! આજીવિકાની પીડાઓને દુર કરવા ઘણા ઉપાયો કર્યા. એક શેઠના ઘરમાં પેઠો તે વેલાએ, એક પૈસાની ભૂલ ખાતર પોતાના પુત્રને તેણે તમાચો લગાવ્યો. તે દેખી વિચાર કર્યો કે, રાત્રીના બાર વાગ્યા સુધી ચોપડાને તપાસતો, અને પૈસાની ભૂલ દેખી તમાચો મારવા પૂર્વક તેને અફસોસ કરતો જાણી, મને અનુકંપા થવાથી તમારા મહેલમાં પેઠો. આ મુજબ અનુકંપા, દયા આવવાથી કોઈના ઘરમાંથી ચોરી કરવા સમર્થ બન્યો નહિ. તેથી ભીતિને નિવારી, તમારી પાસે રહેલ ધન, દોલતની ચોરી કરવા તમારા મહેલમાં પેઠો. તેટલામાં તમારા વિચારો જાણ્યા. મને ઉપદેશ આપવાની ઇચ્છા થઇ કે, આટલી સમૃદ્ધિ હોતે છતે સાંસારિક વિકલ્પો અને વિચારો ખસ્યા નહિ. માટે ચેતાવું. આમ સમજી, તમોને ઉપદેશ દીધો. ભોજ નૃપ આમ તો સજ્જન હોવાથી તેના હૈયામાં તે ઉપદેશની અસર થઇ. અને દાનાદિ ધર્મ કરવાની ભાવના જાગ્રત થઈ. બ્રાહ્મણને યથેચ્છ દાન કરીને આત્મ નિરીક્ષણ કરવા પૂર્વક આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવા તૈયાર બન્યા. આ પ્રમાણે અરે મહાનુભાવો ? તમો પણ સત્તા, સંપત્તિ, સાહ્યબી વિગેરે મળી હશે. તથાપિ, તેના વિચારો કર્યા કરશો તો પણ સાચો સંતોષ પ્રાપ્ત થશે નહિ. અને આત્મજ્ઞાન, ધ્યાનાદિકથી વંચિત રહેશો. માટે સદ્‌ગુરૂના ઉમદા ઉપદેશને હૈયામાં ધારણ કરી, મમતાને નિવારી, સમતાને લાવવા પૂર્વક નિસ્પૃહ બનો. પછી આત્મજ્ઞાની, ધ્યાની

બનતા વિલંબ થશે નહિ, જગતમાં જે નિસ્પૃહી, આત્મ-જ્ઞાની તથા ધ્યાની ભીક્ષા માગી આનંદમાં રહે છે. તે જ સાચા સુખના ભોક્તા બને છે. નહી કે, ઈન્દ્ર, ઉપેંદ્ર, નરેન્દ્ર કે શ્રીમંતોને જ્યાં સુધી સ્પૃહા છે ત્યાં સુધી સંતોષ પ્રાપ્ત થતો નથી જ. અને નિર્ભય દેશે પહોંચાતું પણ નથી. જ્યાં જોઇએ ત્યાં પ્રાણીઓ ભયભીત થએલા માલુમ પડે છે. જ્યારે આશા, તૃષ્ણા અને તેના યોગે થતા વિચારોને સમ્યગ્જ્ઞાન પામી નિવારશો ત્યારે સત્ય તૃપ્તિ, સંતોષનો અનુભવ કરવા શક્તિમાન બનશો. માટે સદ્ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે આમ વર્તન કરીને સત્ય સંતોષ, તૃપ્તિને પ્રાપ્ત કરો. જીનેશ્વર ભગવાન્ પણ કરૂણા લાવી વદે છે કે, નિસ્પૃહી બનીને સતોષ મેળવો. તમારામાં સાચો સંતોષ મેળવવાની શક્તિ ગુપ્ત રહેલી છે તેને પ્રગટ કરી સદ્ગુણોની ખાણ, ખજાનાને મેળવો.

હવે સંતોષ જે સદ્ગુણોનો ખજાનો છે તે દષ્ટિ-ગોચર થતો નથી. પરંતુ અનુભવાય છે. આવો અનુભવ વિરલા, વિરક્ત મહાભાગ્યશાલીઓ પ્રાપ્ત કરે છે. તેના ઉપર સદ્ગુરૂ મહારાજ, છેંતાલીશમા પદની રચના કરતાં ફરમાવે છે કે—

( રાગ આશાવરી )

**જ્ઞાની વિરલા કોઈ જગતમાં, જ્ઞાની વિરલા કોઈ;**<br>**વંદુ વિચારી જોઇ. જગતમાં૦ ॥૧॥**

કોઇ ભાષાજ્ઞાનથી રે, ધરતા મન અહંકાર;
ભાષા કારણ જ્ઞાનનું રે, નાવે ભાષા પાર.
જગતમાં૦ ॥૨॥

વાદવિવાદે માનતા રે, કોઇક સાચું જ્ઞાન,
પરપરિણતિ પોષ્યા થકી રે, વાધે ઉલટું માન.
જગતમાં૦ ॥૩॥

રાગદ્વેષનો ક્ષય કરી રે, અર્પે આતમભાન,
પૂરણ શાન્તિ જેહથી રે, જાણો સત્ય તે જ્ઞાન.
જગતમાં૦ ॥૪॥

આતમ અનુભવ જ્ઞાનથી રે, નાસે ભવભય ફંદ,
બુદ્ધિસાગર પામતા રે, જ્ઞાની પૂર્ણાનન્દ.
જગતમાં૦ ॥૫॥

સદ્‌ગુરૂ આચાર્ય મહારાજ ફરમાવે છે કે જગતમાં સમ્યગ્‌જ્ઞાની વિરલા હોય છે. સમ્યગ્‌જ્ઞાની એટલે સ્યાદ્‌વાદ અનેકાંતવાદ, અપેક્ષાનો આધાર લઇને દુન્યવી વાદોનું સમન્વય કરનાર જ્ઞાની, વિરલા દેખાય છે. બુદ્ધના અનુયાયીઓ પોતાને જ્ઞાની કહેવરાવે છે. તેથી જગતના સર્વ પ્રાણીઓને અને આત્માને પણ એકાંતે ક્ષણિક માને છે. વેદાંતી આત્માને નિત્ય માની વાદવિવાદો કરે છે. તો પછી ધાર્મિક ક્રિયાઓ કરવાની જરૂર રહેતી નથી. એટલે તેઓ એકાંતવાદી હોવાથી, સમ્યગ્‌જ્ઞાની નથી. જૈનો, અનેકાંત માર્ગનો સ્વીકાર કરતા હોવાથી સ્યાદ્‌વાદી છે. જે, સ્યાદ્‌-

વાદનો સ્વીકાર કરવા પૂર્વક વાદ કરે છે. તે જૈનો કહેવાય છે. અતએવ વાદમાં તત્ત્વજ્ઞાન પામી તેઓ આત્મિક ગુણોમાં રમણતા કરવા સમર્થ બને છે. એટલે વિષમવાદ રહેતો નથી. આત્માને, દ્રવ્યની અપેક્ષાએ નિત્ય માનવાથી અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય માનવાથી દરેક વાદોનો સમન્વય કરતા હોવાથી વિષમવાદ થતો નથી. તેથી રાગ, દ્વેષ, અને મોહમમતાના વિકારો ખસતા, સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રીભાવનો સાચો લાભ મેળવવા ભાગ્યશાલી બને છે. અને અન્તરાત્મા બની, આત્માના ગુણોમાં રમણતા કરે છે. એવા અનેકાંતવાદ-સ્યાદ્વાદમાં પ્રેમ ધારણ કરીને શક્ય વર્તન કરનાર વિરલા હોય છે. આ સિવાય વાદ-વિવાદ કરનારા ઘણા પોતાને જ્ઞાની કહેવરાવનાર મળી આવશે. આ મુજબ સદ્ગુરૂ કહે છે કે, અમો તપાસ કરીને કહીએ છીએ કે, સમન્વય કરનાર જ્ઞાનીઓ વિરલા હોય છે. જો સ્યાદ્વાદનો આધાર લઇ દુન્યવી વાદોનો સમન્વય કરનાર જ્ઞાની હોય તો, ઝગડા, રગડા, કુસંપ વિગેરેને આવવાનો માર્ગ મળે નહિ. અનેકાંતવાદ તે સત્યવાદ છે. તે દ્વારા માનસિક મલીનતાનો ત્યાગ થવા પૂર્વક, આત્મા સ્થિરતા ધારણ કરે છે. અને જે સુખશાતાની ઇચ્છા હોય છે. અને આત્માની ઓળખાણ કરવાની અભિલાષા વર્તે છે તે અનુક્રમે પૂર્ણ થાય છે. પરંતુ કેટલાક, દુનિયાની ભાષાઓને ભણી પોતાને જ્ઞાની કહેવડાવે છે. અગર મગરૂર બને છે. કેટલાક, ન્યાય, વ્યાકરણ, છંદસ્,

જ્યોતિષનું જ્ઞાન પ્રાપ્ત કરી, પોતાને પ્રજ્ઞાવાન્ માને છે. અને બીજાઓને હઠાવવા અથાગ પ્રયાસ કરતા દેખાય છે. કેટલાક કુરાન શરીફ વિગેરે ભણી પોતાનો પાક, પવિત્ર માને છે અને બીજાઓને કાફર માની ફુલાય છે. આ મુજબ વિવિધ ભાષાઓ ભણવાપૂર્વક શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. છતાં તેઓનો અહંકાર, અભિમાન ટળતો નથી. ટળે પણ ક્યાંથી? એકાંતને પકડી, કયા જ્ઞાની પંડિતે અહંકારાદિને હઠાવ્યો છે! તે તો કહો? કોઈએ પણ નહિ. ઘણી કેળવણી તથા વિવિધ ભાષાઓ, તે તો કારણ છે. ભાષાઓનો પાર નથી. તે ભાષાઓ દ્વારા ધર્મનો મર્મ સમજાય, અને આત્મજ્ઞાન, ધ્યાનપૂર્વક પરપરિણતિનો ત્યાગ થાય, રાગ, દ્વેષ, મોહ, અદેખાઈ વિગેરે ખસતા જાય તો જ, તે ભાષાઓ અને શાસ્ત્રાદિક સત્ય સાધન તરીકે કહેવાય. અન્યથા અહંકાર–મમતાદિકને ઉત્પન્ન કરે. વિવાદો કરવાથી સત્ય તત્ત્વની ઓળખાણ થતી નથી. અને રાગ, દ્વેષ વિગેરે ઓછા થતા નથી. વાદવિવાદમાં સત્ય જ્ઞાન કોઈ માનતું હોય તો, તે મોટી ભીંત સરખી ભૂલ કરી બેસે છે. પરંતુ અપેક્ષા રાખી, સમન્વય પૂર્વક વાદ કરે તો, તે તત્ત્વ પ્રાપ્ત કરી શકે છે. નહિતર પરપરિણતિનું પોષણ થવાથી ઉલટું અભિમાન વધે છે. શાસ્ત્રકારો કહે છે કે, ભાષાઓ ભણીને તથા શાસ્ત્રોનો અભ્યાસ કરીને જો, માનસિક વિકાર અને દુષ્ટ વિચારો મટે નહિ તો, કરેલો પ્રયત્ન સાર્થકતા ધારણ કરે નહિ. કોઈ કાચને રત્ન

કહે તેથી, તે કાચ રત્ન બનતું નથી, અંતે, કાચ તે કાચ રહે છે. કારણ કે, રાગ, દ્વેષાદિકથી આત્મજ્ઞાન, ધ્યાન થાય નહિ અને સમાધિના દશ પ્રકારો છે તે પામે નહિ. માટે સદ્ગુરૂ કરૂણા લાવી પદ દ્વારા ઉપદેશ આપે છે કે, વિવિધ ભાષાઓ ભણી તથા શાસ્ત્રોનો શ્રદ્ધા સહિત અભ્યાસ, મનન, નિદિધ્યાસન કરવાપૂર્વક આત્મજ્ઞાન, ધ્યાનના લ્હાવા મળે એવું ભણો. અને અભ્યાસાદિ કરો. સત્ય ભણતર અને જ્ઞાન ક્યારે કહેવાય કે, જયારે, અહંકાર, મમતા, વિગેરે ટળતા જાય, વૈરવિરોધાદિ મટે ત્યારે, અને સત્ય શાંતિનો અનુભવ આવે ત્યારે જ આત્માના અનુભવથી અને અજ્ઞાનતા વિગેરે નાશ પામવાથી ભવોભવના ફેરા રહેતા નથી. એટલે આધિ, વ્યાધિ, ઉપાધિની વિટંબનાઓને ઉત્પન્ન કરનાર જન્મ, જરા, મરણના ફેરા દૂર ભાગે છે. અને આત્મા પોતાના સત્ય સ્થાને સ્થિર રહીને અનંતી મોજ માણે છે. નહિતર ચાર ગતિના ચકાવામાં સપડાઈ અનંત કષ્ટોને ભોગવે છે. માટે કષ્ટો અને યાતનાઓને દૂર કરવી હોય તો આત્મજ્ઞાન, ધ્યાન થાય એવું ભણો. નિન્હવોની માફક ભણો નહિ. જમાલી મુનિએ ચૌદ પૂર્વેનો અભ્યાસ કર્યો. તે અભ્યાસ વિવાદો કરવાથી સફલ થયો નહિ. અને સર્વજ્ઞ મહાવીર સ્વામીના કેવલજ્ઞાનમાં ભૂલ કાઢવા લાગ્યો. તેથી ઘણા જન્મ, જરા અને મરણના ફંદામાં ફસાઈ પડવાનું થયું. માટે જ્ઞાન એવું પ્રાપ્ત કરવું જોઈએ કે જે જ્ઞાન એકાંતવાદને દૂર કરે. એકાંતે જ્ઞાનવાદમાં માન્યતા

ધરાવનારને પણ, ક્રિયાઓ સ્થૂલ હોય કે સૂક્ષ્મ હોય, અગર બહાર દેખાતી હોય કે, અદેખાતી હોય તો પણ કરવી પડે છે જ. માટે એકાંતમાં માનનાર તત્ત્વને પામી શકતા નથી.

એક ગામમાં ચાર વેપારીઓએ વિચાર કર્યો કે, આ ગામમાં કમાણી થતી નથી. બહાર પરદેશમાં જઈએ. ત્યાં વ્યાપારના યોગે મનમાની કમાણી થશે. તેથી આજીવિકા માટે અને પરિવારના ભરણપોષણ માટે ચિંતા થશે નહિ. આમ વિચારી પરદેશ જવા માટે સાધન સામગ્રીને ગ્રહણ કરીને નિકળ્યા. તેવામાં એક લોઢાની ખાણ દેખી. તેમાંથી લોહને ગ્રહણ કરી પોતપોતાના ગાડામાં ભરી આગળ ચાલવા માંડ્યું. આગળ ચાલતા કેટલાક ગાઉ ગયા પછી રૂપાની ખાણ દેખી. તેમાંથી ત્રણ વેપારીએ લોહને કાઢી નાંખી ગાડામાં રૂપાને ભર્યું. પરંતુ ચોથાએ રૂપાને લીધું નહિ. ત્યારે ત્રણ વેપારીએ કહ્યું કે, અલ્યા ? ગાડામાંથી લોઢાને દૂર કરી રૂપાને ભર ? ત્યારે તે કહેવા લાગ્યો કે, ભલે રૂપાની કિંમત લોઢા કરતા અધિક હોય તો પણ, તે લોઢાને દુર કરીશ નહિ. જે પકડ્યું તે કેમ કાઢી નંખાય. તમારા જેવો હું શ્રદ્ધા વિહીન નથી. માટે કાઢી નાંખીશ નહિ. આ લોઢાની કિંમત, કોઈક વખતે રૂપાના કરતાં પણ વધારે ઉપજશે. તમે જાણો છો કે રૂપાને તથા સોનાને કાપનાર લોહું છે. તેથી તેની કિંમત ભવિષ્યમાં અધિક થવાની જ. તો ત્રણ વેપારીએ કહ્યું કે, ભલે રૂપાને અને સોનાને કાપનાર લોહ છે. તથાપિ તેની કિંમત થતી

હશે તેટલી જ થશે. રૂપા સોનાની સરખી તેની કિંમત થશે નહિ. માટે આ કદાગ્રહ, એકાંતનો ત્યાગ કરી ઘણા કિંમતી રૂપાને ભર. પણ આ કદાગ્રહી શેનો માને? તે માનતો ન હોવાથી તેને કહેવાનું મૂકી દઈને બધા આગળ ચાલ્યા. વળી સોનાની ખાણ દેખી. એટલે રૂપાનો ત્યાગ કરવાપૂર્વક સુવર્ણ ભર્યું. પેલા કદાગ્રહીને કહ્યું કે, આ સોનાની ખાણમાંથી લોઢાનો ત્યાગ કરીને સોનાથી ગાડાને ભરપુર કર. છતાં તેણે માન્યું નહિ. વળી આગળ વધતાં રત્નોની ખાણ આવી. તેથી સોનાને દૂર કરી રત્નો લીધા. પેલાએ તો જે પકડ્યું તે છોડાય કેમ! આમ એકાંતનો આશ્રય કરી રત્નો લીધા નહિ. અને લોહની કિંમત વધારે થશે આમ ધારણા રાખી ચારે વેપારી પોતાના વતનમાં આવ્યા. ત્રણ જણા તો રત્નોના આધારે સુખી થયા. પેલા કદાગ્રહીની ધારણા સફલ ન થવાથી જીવનપર્યંત દુઃખી થયો. આ મુજબ સંસારના વિષયોના વિલાસો ખાતર, વિવિધ ભાષાઓ ભણે તથા શાસ્ત્રોનો અભ્યાસ કરી પંડિત, જ્ઞાની તરીકે પ્રસિદ્ધ થાય તો પણ, સમ્યગ્જ્ઞાન પામે નહિ. વાદવિવાદ કરતા રાગ, દ્વેષ મોહાદિને વધારી દુર્ગતિના મહેમાન બને, તેમાં આશ્ચર્ય શું! માટે જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન મેળવી, આત્મજ્ઞાનને પણ પ્રાપ્ત કરવું જોઈએ. આમ ગુરૂમહારાજ ફરમાવે છે કે, આત્મજ્ઞાનના અનુભવથી સંસારથી પાર ઉતરાશે. ભવોભવની વિડંબના ટળી જશે. સમ્યગ્જ્ઞાનના યોગે વિષયકષાયના વિચારો અને વિકારો

નાશ પામતા, જ્ઞાની બની પૂર્ણાનંદનો અનુભવ સર્વથા, સર્વદા આવશે. સાચી શાંતિ માટે ભટકતા ભાગ્યશાલી ભવ્યોને, તે પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપવા સદ્ગુરૂ સુડતાલીશ ૪૭ મા પદની રચના કરે છે.

( રાગ ધન્યાશ્રી )

**શાન્તિ સદા સુખદાયી, જગતમાં શાન્તિ સદા સુખદાયી,**
**સેવો ચિત્તમાં ધ્યાયી.**
જગતમાં૦ ॥૧॥

ભવ જંજાળે ભટકતાં રે, શાન્તિ હોય ન લેશ,
મન ચંચળતા ત્યાં હુવે રે, ઉલટો વાધે કલેશ.
જગતમાં૦ ॥૨॥

સત્તા ધન વૃદ્ધિ થકીરે, હોય ઉપાધિ જોર,
ચિત્ત સ્થિરતા નહિ ભજેરે, પ્રગટે દિલમાં તોર.
જગતમાં ॥૩॥

દુનિયાની ખટપટથકી રે, ખટપટિયું મન થાય.
મનડું ભટકે બાહ્યમાં રે, બહિરાતમ પદ પાય
જગતમાં૦ ॥૪॥

લેશ વિકલ્પ ન ઉપજે રે, અન્તર વર્તે ધ્યાન,
ઉપાધિ અળગી હુવે રે, હોવે શાંતિ ભાન.
જગતમાં૦ ॥૫॥

ખારા જલના પાનથી રે, કદી ન તૃપ્તિ થાય,
મૂમાડા બાચક ભરે રે, હાથ કશું નહિ આય.
જગત્માં૦ ॥૬॥

માયા મમતા યોગથી રે, કદી ન શાન્તિ હોય,
શન્તિ વર્તે આત્મમાં રે, નિશ્ચયથી અવલોય.
જગત્માં૦ ॥૭॥

આતમ ધ્યાને આતમા રે, શાન્તિથી ભરપૂર,
બુદ્ધિસાગર શાન્તિમાં રે, રહેવું સદા મગરૂર.
જગત્માં૦ ॥૮॥

સદ્‌ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, અરે ભવ્યો! જગતમાં શાંતિ સદા સુખદાયક છે. તેને માટે હરરોજ ચિન્તાઓ કર્યા કરો છો કે, શાન્તિ ક્યારે પ્રાપ્ત થશે! તે પણ આવેલી ખસી જાય નહિ, થોડી, અલ્પ-કાળની નહિ. પણ સર્વદા સ્થાયી રહે એવી, આવી અભિ-લાષા તમારી છે. તો અમો ઉપાય દર્શાવીએ તે ચિત્તમાં ધારી રાખો. અને બરાબર ધ્યાન રાખો. અને જાણશો ત્યારે શાન્તિનો અનુભવ આવશે. અને ચિન્તાઓ દુર ભાગશે. સત્યશાંતિની ઇચ્છા તો છે જ. પણ ભવજંજાળમાં જ શાન્તિ મળશે, આસ આશા રાખી તેમાં જ પરિભ્રમણ કરો છો. પણ સંસારની જંજાળમાં કદાપિ શાંતિનો લાભ મળશે નહિ. કદાચિત્ મનગમતો લાભ મળશે તો પણ ક્ષણભર. તે અશાંતિ પણ, દુઃખ મિશ્રિત હોવાથી તેમો

જે સુખશાન્તિ ચાહો છો તેનો લેશ પણ લાભ મળશે નહિ. તેથી જ માનસિક ચંચળતા વધે છે. તેના યોગે ક્લેશનો વધારો થાય છે. માટે સંસારમાં સાચી શાન્તિની આશા રાખવી તે અજ્ઞાનતા, ભ્રમણા છે. તમો સત્તા, ધન, લક્ષ્મી-દ્વારા શાન્તિ મળી રહેશે, આમ ધારણા રાખો છો તે બરોબર છે નહિ. તેને મેળવશો તો પણ, સત્ય શાંતિનો અનુભવ આવશે જ નહિ. કારણ કે, સંયોગે મળેલ તે શાંતિ સ્વાભાવિક જડ છે. ચેતનરૂપે નથી. આવી સ્વભાવે મળેલ તે શાંતિ ક્યારે ખસી જશે તેની ખબર પડશે નહિ. તેણીને પુનઃ પુનઃ પ્રાપ્ત કરવા, અધિકાધિક પ્રયાસ કરવા પૂર્વક, શારીરિક શક્તિનો તથા માનસિક શક્તિનો વ્યય કરશો તો પણ, તે આવવી અશક્ય બનશે.

કોઈ એક ગામમાં ધનાઢ્ય અને સત્તાવાન્ અધિકારી છે. તે રાત્રીમાં ફરવા માટે સહેલગાહે નીકળેલ છે. માર્ગે ચાલતા તેને બીડી પીવાની તલપ થઈ. ખીસ્સામાંથી બીડી અને બાકસને કાઢતાં એક સોનામહોર નીચે પડી ગઈ. તે સ્થલે ઘણી ધૂળ હતી. તેની અંદર સોનામહોર પેસી ગએલ હોવાથી તેને તેણે શોધવા માંડી. શોધતાં, હાથમાં આવી નહિ ત્યારે, એક દીવાસળી વડે પ્રકાશ કર્યો તો પણ, હાથમાં આવી નહિ. ઘણી દીવાસળીઓ દ્વારા પ્રકાશ કરે છે. પણ તેણીઓનો પ્રકાશ ક્ષણ વિનાશી હોવાથી અંધકાર છવાય છે. ક્ષણવિનાશી પ્રકાશે સત્ય વસ્તુ ક્યાંથી પ્રાપ્ત થાય! છતાં મુગ્ધ માનવીઓ, ક્ષણવિનાશી પ્રકાશમાં,

ગુમાવેલ વસ્તુઓને શોધવા મહેનત કરી રહેલ હોય છે. આ પ્રમાણે તે ગુમાવેલ સોનામહોરને મેળવવા મહેનત કરી રહ્યો છે, મહેનત કરતાં દીવાસળીની આખી પેટી ખલાસ કરી. છતાં સોનામહોર જડી નહિ. ત્યારે તે અફસોસ કરે છે. તેવામાં એક સંબંધી મળ્યો. તેણે કહ્યું કે, શું શોધે છે! તેણે બનેલી સઘળી વાત તેને કહેવાથી તે પણ દીવાસળીનો પ્રકાશ કરી શોધવા લાગ્યો. પણ સોનામહોર તો હાથમાં આવી નહિ. પરંતુ પેટીમાંથી સરી પડેલી બે ચાર દીવાસળીઓ પ્રાપ્ત થઈ. છતાં તેણે પણ શોધવાનો પ્રયાસ કર્યો. છતાં મળી નહિ. ત્યારે છેવટે કંટાળી ચાલતો થયો. આ મુજબ જે જે સ્વજનો મળ્યા તેઓએ પણ ઘણો પ્રયાસ કર્યો. પણ તે સોનામહોર ન મળવાથી તેઓ ચાલ્યા ગયા. તે અરસામાં એક બુદ્ધિમાન્ સંબંધી મળ્યો. તેણે કહ્યું કે, આ મુજબ શોધતાં સઘળી જીંદગાની વ્યતીત થશે તો પણ, સોનામહોર મળવી અશક્ય જ છે. માટે સર્ચલાઇટને લાવી શોધ કરો. સર્ચલાઇટના પ્રકાશથી પડી ગએલ સોનામહોર હસ્તગત થઈ. આ મુજબ રાગ, દ્વેષ, મોહાદિક ધૂળીમાં દબાએલ એવું આત્મસ્વરૂપ ક્યારે પ્રકાશશે? કે જ્યારે સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થશે ત્યારે જ પ્રકાશશે. માટે ભવજંજાળમાં ભૂલી ગએલ અને દબાણમાં આવેલ આત્મતત્ત્વને સ્વાધીન કરવા સદ્ગુરૂગમદ્વારા-પ્રબળ શક્તિ ફેરવવાની જરૂર છે. સગાંવહાલાં તે શોધી આપશે નહિ જ. સ્વયમેવ પ્રયત્ન

કરવો પડશે. ભવજંજાળમાં પડવાથીજ સત્ય પ્રકાશ મળશે. આવી ધારણાથી તમોને સાચી સુખશાંતિ મળવી દુર્લભ છે. તમોએ સુખશાંતિ પ્રાપ્ત કરવા અતિ પ્રયાસ કર્યો. છતાં ઉલટો ક્લેશ થયો. તે તમો જાણો છો. અને કંટાળો પણ આવેલ હશે. અને મનની ચંચળતા પણ અધિક થઈ હશે. માનસિક ચંચલતા વધતાં, લેશ માત્ર પણ શાંતિ પ્રાપ્ત થાય નહિ. અને તેથી ક્લેશમાં વધારો થાય. મનની ચંચળતા વાંદરા જેવી છે. પછી કોઈ તેને મદિરાનું પાન કરાવે અને નિસ્સરણી ઉપર ચઢાવે તો, તે અધિકાધિક તોફાન મચાવે. તેવી પરિસ્થિતિ ભવજંજાળની છે. છતાં તે જંજાળમાંથી ખસવા માટે જીવો પ્રયાસ કરતા નથી. તમે ધારતા હશો કે, વૃદ્ધપણામાં આત્મતત્ત્વને ઓળખવા અને પ્રાપ્ત કરવા પ્રયાસ કરીશું. આ વિચાર પણ બરોબર નથી. કારણ કે, શક્તિ અને શાણપણ હોતે છતે પણ, યુવાનીમાં કાંઈ પણ પ્રયાસ કર્યો નહિ. તો પછી વૃદ્ધાવસ્થામાં તો શક્તિ ઓછી થઈ હશે જ. તેથી તે આત્મતત્ત્વ મેળવી શકશો નહિ. આશા અધુરી જ રહેશે. અને ક્લેશ, કંકાસ ટળશે નહિ. જેમ વાંદરો વૃદ્ધ થાય તો પણ, ગુલાંટો માર્યા કરે. અને પોતાની જાતે કષ્ટ ઉત્પન્ન કરે. તે મૂજબ ઘણી ગુલાંટો મારશો તો પણ, કષ્ટ થવાનું. માટે ચેતો. અને ભવજંજાળમાંથી ખસવા ઉપાય કરો. તમો જાણો છો કે, ધન અને ધર્મ, શક્તિશાલી યુવાનીમાં મેળવી શકાય છે. વૃદ્ધ બન્યા પછી ધન અને ધર્મ

મેળવવા દુષ્કર બને છે. આ મુજબ સમજતા છતાં પણ, સત્તા, ધન, સાહ્યબીમાં શાન્તિ મેળવવાની ઇચ્છા અને આશામાં રાચીમાચી રહેલ છે. તે જાણપણું કહેવાય નહિ. ધન, સાહ્યબીના વિદ્યમાનપણામાં પણ ચિન્તાઓ હોય છે. તેથી નિશ્ચિંત બનાતું જ નથી. તેની ખટપટમાં મનડું ખટપટિયું બને છે. એટલે તેની સારસંભાળમાં માનસિક વૃત્તિ સ્થિરતા ક્યાંથી ધારણ કરે ? તેથી ધર્મધ્યાનમાં મન લાગતું ન હોવાથી બાહ્યમાં ભટકે છે. તેથી આત્મા તરફ લક્ષ રહેતું નથી. બાહ્યાત્મા કોને કહેવાય ? જેની માનસિક વૃત્તિઓ નિરન્તર બાહ્ય, દુન્યવી પદાર્થોમાં ભ્રમણ કરે તે. અન્તરાત્માની મનોવૃત્તિ બાહ્યમાં હોય ખરી, પણ સદા ભટકે નહિ; નિર્લેપતા હોવાથી તેમાં ચોંટી રહે નહિ. તેથી બાહ્ય પદાર્થોનો ઉતારો લઈ, આત્મા તરણ તારણ કેમ બને તેની તેને લગની લાગેલી હોય છે. તેથી જે આત્મજ્ઞાનીઓ છે તેમને આત્માના ધ્યાનમાં લગની લાગેલ હોવાથી સાંસારિક સંકલ્પ વિકલ્પો વધતા નથી. સમી ગયા હોય છે. તેઓ સારી રીતે સમજે છે કે, આત્મિકજ્ઞાન, ધ્યાનમાં તે ધુમાડા જેવા છે. ધુમાડો આવવાથી સ્થિરતા ખસવા માંડે છે. તેમ દુન્યવી વિકલ્પો અને સંકલ્પો આત્મધ્યાનમાં સ્થિરતા કરવામાં વારે વારે વિઘ્નો ઉપસ્થિત કરતા હોવાથી, ધુમાડા જેવા તેમને જ્ઞાનીઓ કહે છે. આવા ધુમાડાના બાચકા ભરતાં, કાંઈ હાથમાં આવતું નથી. એટલે આત્મારૂપી હીરો હાથમાં

આવતો નથી. અને જે તાકાત હોય છે. તે ગુમાવાય છે. તેથી સદ્ગુરૂ કહે છે કે, માયા મમતાના યોગે, ઉત્પન્ન થતાં સંકલ્પ, વિકલ્પોનો ત્યાગ કરી સ્થિર થાઓ. સ્થિરતાના યોગથી, આત્મજ્ઞાનપૂર્વક આત્મધ્યાન થતાં, હીરો હસ્તગત થાય છે દુન્યવી હીરાને તો કોઈ ચોર પણ ચોરી જશે. બલવાન્ માણુસ તમાચો મારી લઈ જશે. અગર પ્રમાદથી ગુમાવી બેસશો. પરંતુ આત્મહીરાને કોઈ ચોરી જનાર તેમજ લઈ જનાર છે જ નહિ. પણ જો પ્રમાદ આવશે તો જ તે ગુમાવી બેસાશે. માટે આ સત્યહીરો હાથમાં આવ્યા પછી, તેનો અનુભવ આવ્યા પછી, પ્રમાદ કરવો જ નહિ. કે જેથી, ભવોભવની ભાવટ ભાગી જાય. સદ્ગુરૂ સિવાય કોઈની ઓશીયાળી, પરાધીનતા, રહે નહિ. કારણ કે, સદ્ગુરૂ આત્માનું રક્ષણ કરવા માટે વારે વારે પ્રેરણા આપતા હોવાથી. તેમની પ્રેરણાની તો જરૂર રહેવાની જ. તેથી આત્મહીરો ગુમાવી બેસાતો નથી. સંસારના સગાંવહાલાંની પ્રેરણામાં પ્રેમ રાખશો તો, પરાધીનતા અગર યાતના, દીનતા અને હીનતા કદાપિ ટળવાની નહિ જ. તે નક્કી માનજો. "માનો કે, એક ભાગ્યશાલીને, આત્મિકજ્ઞાન પૂર્વક આત્મધ્યાન કરીને રાગ, દ્વેષ, મોહાદિકે દબાવી રાખેલ આત્મહીરાને, સ્વાધીનતામાં લાવવાની ઇચ્છા થઈ છે. તેથી માયા, મમતા, અહંકારાદિને ખસેડવા પ્રયાસ કરી રહેલ છે. એટલે વ્રત નિયમોને ધારણ કરેલ છે. ત્યારે સ્વજનવર્ગ, તેને કહે છે કે, આ

વ્રત નિયમો તારા સુખમાં વિઘ્નો કરતા હોવાથી તેનો ત્યાગ કર. સુખ તો, સંસારના વિષયો ભોગવવામાં છે. માટે કષ્ટજનક વ્રત, નિયમોનો તું ત્યાગ કર, જ્યારે સંસારના સુખનો અનુભવ લેતાં ભોગાવળી કર્મો ખસી જશે ત્યારે જ, આત્માનો અનુભવ સ્વયં આવતો રહે છે. માટે હાજર રહેલી સાધન સામગ્રીનો શા માટે ત્યાગ કરે છે ! ત્યારે વ્રત નિયમોને ધારણ કરનાર તે મહાશય કહે છે કે, તમારૂ આ કથન બરોબર નથી. કારણ કે સમયે કર્મો ખસે છે ખરા, પણ નવીન દશગણા બંધાય, સો ગણા બંધાય, તે તે કર્મો શાથી નષ્ટ થાય! વિષય સુખો ભોગવતો જાય અને નવા દશ, સો, હજાર ગણા કર્મો બાંધતો જાય, તેનો અનંત કાલ વીતી જાય તો પણ પાર પમાતો નથી. પાર પમાતો હોય તો તે ફક્ત વ્રત નિયમો પૂર્વક, સંયમની રીતસર આરાધના કરવાથી. અને તેથી આત્મધ્યાન કરવાથી જ તે કર્મો ખસે છે. અને આત્માની ઓળખાણ થાય છે. માટે હે સગાંવહાલાંઓ ! તમારૂ કથન સંસારમાં પરિભ્રમણ કરાવનારૂ છે. માટે આ પ્રમાણે બોલો નહિ. તમને પણ તે અનંત સંસારમાં ટીચાવશે. આવા વિચારો જ સત્ય સ્વાધીનતાને પ્રાપ્ત કરવામાં દુશ્મનની ગરજ સારે છે. હવે કદાપિ આવી પ્રેરણા કરશો નહિ. આ ભાગ્યશાલી તો સમજણો હતો. તેથી તેમની પ્રેરણામાં પ્રેમ રાખ્યો નહિ. અને આત્મહીરાને સ્વાધીન કરવા મોહાદિકની સાથે યુદ્ધ કરવા લાગ્યો. પણ

જે સમ્યગ્જ્ઞાની હોય નહિ, તેની સગાંવહાલાં શી દશા કરે ! તે તો તમો સમજો. દુઃખમય, દુઃખજનક અને દુઃખની સંસાર પરંપરામાં ફસાવી નાંખે ને ? માટે આ કષ્ટદાયક સંસારના સંગી, સગાંવહાલાંના વચનો પર પ્રીતિ ધારણ કરતા નહિ. કોઈ પણ સંસાર સંગી એમ કહેશે નહિ કે, વિષય કષાયના વિચારો અને વિકારો દુઃખદાયક છે. એ તો આત્મજ્ઞાની, સંયમી હશે તે જ કહેશે. માટે સંસારના સ્વાર્થી, સગાંવહાલાંના હેત અને પ્રેમ આત્મ-જ્ઞાન, ધ્યાનમાં આડખીલી કરનાર હોઈને, તેને સાચા માનો નહિ. સ્વાર્થ વિનાના સગાંવહાલાં વિરલા હોય છે. તે તો આત્માની સાથે લાગેલા કર્મોને દૂર કરવા પુનઃ પુનઃ પ્રેરણા આપ્યા કરે છે. તે સગાં કોણ હોય ? સદ્ગુરૂ, આત્મજ્ઞાની સૂરીશ્વર હોય તે. માટે તેમનો ઉપદેશ માની, સંયમની આરાધના કરવામાં તત્પર થવું. સંયમની આરાધના કરતાં કોઈ પ્રકારની દુન્યવી ઇચ્છાઓ, આશાઓ રાખતા નહિ. ફક્ત આત્માને લાગેલા કર્મજન્ય સંસ્કારોને દૂર કરવાની ભાવના રાખશો. અતએવ તે સંસ્કારો ખસતાની સાથે વાસના પણ ખસવા માંડશે. પછી વિકલ્પ, સંકલ્પો જરૂર ટળી જવાના જ. તેથી સંસાર સુખની મીઠાશમાંથી સ્નેહ ઉતરી જશે. તે સુખો, ખારા, અને અસત્ય ભાસશે. પછી આત્મિક રમણતામાં નિશ્ચય, સત્ય સુખનો અનુભવ સ્વયમેવ હાજર થશે. સંસારના વ્યાવહારિક કાર્યો કરતાં પણ, જે આત્મિક અનુભવ આવેલ હશે તે કદાપિ ભૂલાશે

નહિ. વારે વારે સ્મરણના યોગે આત્મા તરફ દ્રષ્ટિ રહેશે. સંસારના કાર્યો પૈકી, પાણી ભરવાને ગએલી સરખી સરખી સાહેલીઓ, કુવામાં દોરડાનો ગાળો નાંખી ઘડાઓ કુવામાં નાંખે છે. છતાં દોરડાનો છેડો હાથમાં જ રાખે છે. અને નજર તો ઘડાઓ ઉપર રાખે છે. રખેને, માંહોમાંહી ટીચાઇને તે ઘડા ભાગી જાય નહિ. તેથી ભરેલા ઘડાઓને કુવામાંથી બહાર કાઢી, મસ્તક ઉપર સ્થાપન કરે છે. અને પોતાના ઘર તરફ ચાલતાં તથા વાતો કરવા પૂર્વક હસી હસીને તાલીઓ દેતાં પણ, તેઓની નજર તો ઘડા તરફ જ હોય છે. તે નજરના યોગે, અખંડ પાણીથી ભરેલો ઘડો, ઘરમાં લાવીને તેઓ આનંદને માણે છે. જો નજર ચૂકી જાય તો, કરેલી મહેનત વૃથા જાય ! આમ બરોબર જાણતા હોવાથી, દ્રષ્ટિનો વિપર્યાસ થતો નથી. તથા તમો સંસારમાં દેખો છો કે નટ, પોતાની આજીવિકા ખાતર, ચૌટામાં, ખુલ્લા મેદાનમાં, વાંસ ઉપર દોરડા બાંધી, તથા હાથમાં તલવાર ગ્રહણ કરવા પૂર્વક અને મસ્તકે ઉપરા ઉપરી બેડાં ચઢાવી, તે દોરડા ઉપર વિવિધ નૃત્ય કરે છે. ભેગા થએલ લોકો વાહવાહના વાક્યો બોલી શોરબકોર કરે છે. છતાં તેની નજર પોતાના પગ તરફ જ હોય છે. લોકોની વાહવાહ તરફ હોતી નથી. તેથી જનસમુદાયને ખુશ કરી પાછો નીચે ઉતરે છે. તે પ્રમાણે, વ્યવહારના કાર્યો કરતાં, આત્મજ્ઞાનીની દ્રષ્ટિ આત્મિક ગુણોમાં જ હોય છે. રાગ,

દ્વેષ, મોહાદિના ત્યાગ વડે સત્યશાંતિ પ્રાપ્ત કરી આનંદમાં ઝીલ્યા કરે છે. તેથી જ, ભલે, સંસાર દુઃખદાયક હોય તો પણ, તેને સુખદાયક, સુખજનક માની સુખની પરંપરાને વધારી, મુક્તિને મેળવે છે. તેથી સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, અરે ભાગ્યશાલીઓ ? આવી સાચી શાંતિને પ્રાપ્ત કરી મગરૂર બનો. હું પણ તેથી મગરૂર બનેલ છું. જો આત્મા તરફ નજર રાખશો નહિ તો, સંસારમાં વિઘ્નો, વિડંબનાઓનો ટોટો નથી. પુનઃ પુનઃ તેઓના યોગે સ્ખલના થશે. અરે ટીચાવાનું થશે. પછી આગળ વધી શકાશે નહિ. કોઈ પણ પ્રકારે મન, વચન અને કાયાના વિકારોને વશ કરી, સાચા સંયમની સારી રીતે આરાધના કરી, મોહાદિકના ફંદામાં વશ બનેલા આત્માને મુક્ત કરો. તે ભુક્તિ, મુક્તિ કરેલી સફલવતી બનશે. અને આનંદની ઉર્મીઓ ઉભરાશે. સુખ-શાંતિની અભિલાષા છે ને ? જો અભિલાષા હોય તો, દુન્યવી રંગરાગમાં જે પ્રેમ છે તેનો ત્યાગ કરી, તે પ્રેમને આત્માના ગુણોમાં બરોબર ધારણ કરો. તેથી કર્મોનું જોર ચાલશે નહિ. પોતાની મેળે તે કર્મો ખસવા માંડશે.

અડતાલીશમા પદની રચના કરતાં, સદ્ગુરૂ, યોગ-નિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી ફરમાવે છે કે, અરે ભાગ્યશાલીઓ ? તમો પ્રીતિને કયાં ધારણ કરશો ? સંસારના સ્વજન વર્ગમાં પ્રીતિને ધારણ કરશો તો, સત્ય-લાભ, સત્યશાંતિ પ્રાપ્ત થવી અશકય છે.

( ધન્યાશ્રી—રાગ )

કોઈ ન કરશો પ્રીત, ચતુર નર કોઈ ન કરશો પ્રીત;
પ્રીત વસે ત્યાં ભીત, ચતુર નર કોઈ ન કરશો પ્રીત.
ચતુર નર૦ ॥૧॥

પ્રીતિ ભવ દુઃખ મૂલ છે રે, પ્રીતિનું ફળ શોક,
પ્રીતિ કરતાં પ્રાણીને રે, વાધે રોગ વિયોગ.
ચતુર૦ ॥૨॥

સ્વારથમાં અંધા બની રે, પ્રીત કરે નરનાર,
પરપુદ્‌ગલની લાલચે રે, વૃદ્ધિ કરે સંસાર.
ચતુર૦ ॥૩॥

સ્વારથની જે પ્રીતડી રે, તેનો અંતે નાશ,
અનુભવીએ દાખવ્યું રે, ધર તેનો વિશ્વાસ.
ચતુર૦ ॥૪॥

મૂરખ સાથે પ્રીતડી રે, કરતાં નિશદિન દુઃખ,
પંડિત સાથે પ્રીતડી રે, કરતાં નિશદિન સુખ.
ચતુર૦ ॥૫॥

આતમ તે પરમાતમા રે, પ્રીતિ છે તસ સાચ,
મણિસમ આતમ પ્રીતડી રે, પરપ્રીતિ જ્યું કાચ,
ચતુર૦ ॥૬॥

ધર્મ સ્નેહને સાચવી રે, કરીએ સજ્જન સંગ
યોગ્યજનો લહી યોગ્યતા રે, પામે અનુભવરંગ.
ચતુર૦ ॥૭॥

અનુભવ રંગ મજીઠ જ્યું રે, આતમ માંહિ સુહાય,
બુદ્ધિસાગર હંસ જ્યું રે, ચંચુ વિરલા પાય.
ચતુર૦ ॥૮॥

સદ્ગુરૂ કહે છે કે, પ્રીતિ, સારી અને ખોટી પણ છે. સ્વાર્થી, અને ધર્મ વિનાની પ્રીતિ, જે સગાંવહાલાં કે મિત્રોની કરવામાં આવે છે. તેમજ રાખવામાં આવે છે. તે અસત્ય છે. અને નિસ્પૃહ, ધર્મી જનોની પ્રીતિ સત્ય, સાચી છે. માટે ધર્મ વિનાના સ્વાર્થીઓની સાથે પ્રીતિને ધારણ કરી હોય તો તેઓનો વિશ્વાસ રાખશો નહિ. કારણ કે, સ્વાર્થ ન સરતાં, તેઓ દગો દેતાં, વિચાર અને વિલંબ કરશે નહિ. તેઓનાથી અલગ રહેવા તમારી જેટલી બુદ્ધિ હોય તેને વાપરશો. કારણ કે, તમો ચતુર, સમજણા છો. ચતુર અને હુંશીયાર ગણાતા પણ, તેઓના બહારના દેખાવ અને રૂવાબે, તેઓની બોલવાની ચાલાકી દેખી જાણીને, પરિચય કર્યા સિવાય ફસાઈ પડાય છે. તે ઢોંગીઓ, તમો તેના સપાટામાં આવ્યા પછી જેટલો સ્વાર્થ સાધવો હશે તે સાધી લેશે. સ્વાર્થ સધાશે નહિ તો ધક્કો મારી કાઢી મૂકશે. તેથી ગુરૂ મહારાજ કહે છે કે, એવાની સાથે સોબત કરવી તે આત્મવંચના કરવા

સમાન છે. તેથી ચતુરતાની સાર્થકતા સધાતી નથી. અને હાંસીપાત્ર બનાય છે. તેથી ખુવારી થવી તે પણ શકય છે. ધર્મીજનોની પ્રીતિ કે સોબત કરવી તે સાધકતા છે. તે, સદ્બુદ્ધિને અર્પણ કરવા પૂર્વક, ભૂલોને સુધારી મોક્ષ માર્ગે ચઢાવે છે. કારણ કે તે નિસ્પૃહ છે. વસ્તુતઃ આત્મજ્ઞાની ગુરૂમહારાજ તથા સમ્યગ્જ્ઞાની ધર્મોના મર્મના જાણનાર સિવાય, અન્યજનો ઉપર અને સંયોગ સંબંધે પ્રાપ્ત થએલા પદાર્થો ઉપર, પ્રીતિ કરવી તે ભવની પરંપરાને વધારી મુકનાર છે. ભવની પરંપરાનું મૂલ જો કોઈ હોય તો, તે દુન્યવી વસ્તુઓમાં અત્યંત પ્રીતિને ધારણ કરવી તે છે. કારણ કે, જે જે વસ્તુઓ ઔદયિક ભાવે મળી છે. તેનો વિયોગ તેની સાથે જ રહેલો છે. અને તેઓનો વિયોગ થતાં તેના ઉપર ઘણી પ્રીતિ હોવાથી શોકાદિ થવાના જ. અને તેથી ધર્મનો પ્રેમ ઓછો થશે. માટે શોક, સંતાપ વિગેરેનું કારણ પણ પ્રેમ છે. શોક, સંતાપ તથા આધિ, વ્યાધિ અને વિડંબનાઓ, દુઃખદાયી લાગતી હોય તો, દુન્યવી સંયોગે મળેલી વસ્તુઓ ઉપરથી પ્રેમને અલ્પ કરી, આત્મિક વિકાસના સાધનોમાં પ્રીતિને ધારણ કરો. કે જેથી, તે શોક વિગેરે ઓછા થાય. અને ધાર્મિક ક્રિયામાં અલ્પાંશે મનોવૃત્તિ ધારણ કર્યા પછી, કાંઇક સુખ-શાતા થાય. પરંતુ સંસારમાં આપણે જોઇએ છીએ કે, સગાંસંબંધીઓમાં, કોઇક પ્રેમવાળાનો વિયોગ થતાં કે, મરણ પામતાં તે ઘરના માણસો હાયપીટ કરે છે. તથા

દેરાસર, ઉપાશ્રયે આવવું પણ બંધ કરે છે. તેમાં વળી મરણ પામનારની વહુ તો, ઘરના ખૂણામાં છ મહિના લગભગ ગોંધાઈ રહે છે. અને સવારે સાંજરે છેડો વાળી વિલાપો કર્યા કરે છે. અરે ! તેનાથી ઘરની બહાર પણ દિવસે તો નીકળાય જ નહિ. તેથી રાત્રીએ ઝાડે ફરવા નીકળે છે. જો શોક સંતાપને નિવારી દેરાસર, અગર ઉપાશ્રયે જાય તો સગાં તેની ટીકા, નિન્દા કરવામાં બાકી રાખે નહિ. અને કહે કે, દેખો તો ખરા. પહાડ જેવો તેણીનો પતિ મરણ પામ્યો, ફાટી પડયો છતાં આને બહાર ભટકવાનું પસંદ પડે છે. આવી આવી ટીકાઓ કરી અલ્પ થએલ શોકમાં વધારો કરી પાછા ફુલાય છે. અમે કેવા પ્રેમવાળા છીએ કે, ઉપાશ્રયે, વ્યાખ્યાન સાંભળવા પણ જતાં નથી. આ વહુને કાંઈ શોક સંતાપ છે ? તે બીચારીનો જીવ જાણતો હોય કે, ધાર્મિક સ્થળે જવાથી આ દુઃખમાંથી મુક્ત થવાનો સહારો મળે. અને વિપત્તિની વેદના ઓછી થાય. પણ સગાંવહાલાં તે દુઃખ અલ્પ થવા દેતા ન હોવાથી, તેણીને દુઃખનો પાર રહેતો નથી. આવા વિવિધ કારણો પ્રેમ ધારણ કરવાથી આવીને વળગે છે. માટે સદ્ગુરૂ કહે છે કે, સંસારિક સંયોગોમાં પ્રેમ ધારણ કરો નહિ. તેમાં જો આસક્ત બન્યા તો પરિણામે પરિતાપ અને પસ્તાવાનો અંત આવવો દુઃશક્ય બનશે. સ્વાર્થે અંધ બનેલ સગાંવહાલાં પણ અજ્ઞાનતાના યોગે, જ્યારે સ્વાર્થ સધાતો નથી ત્યારે, માનવતાનો ત્યાગ કરી, પ્રાયઃ દાનવતા ધારણ કરે છે. એટલે સાંસારિક વિષયોમાં

રક્ત બનેલ માનવી ધર્મને ભૂલી ધનાદિકને ચાહે છે. માન, સન્માનમાં અધિક પ્રેમ ધરાવતા હોવાથી, પ્રતિકુલ બનીને વૈરવિરોધ વિગેરે કરી બેસે છે. સંતો, આત્મજ્ઞાનીઓનો ત્યાગ કરવા પૂર્વક, સંપત્તિવાળાની સેવા સારી રીતે કરે છે. અને ધનાદિકને પ્રાપ્ત કરી વૈરાગ્યને ભૂલી, વિલાસોમાં મગ્ન બની મહાલતા ફરે છે. અને સમતાના બદલે મમતામાં મગ્ન બને તે, તમોને શો સહારો આપશે! તેનો વિચાર કરવાની જરૂર છે. ધર્મની આરાધનાના યોગે, પુણ્યનો બંધ થતાં ધનાદિક પાછળ પુરૂષાર્થ કરતાં તે આવી મળે છે. તેથી સત્કાર, સન્માનાદિકની પણ ઇચ્છા રહેતી નથી. આવી ધર્મની આરાધનાને ભૂલી, ધન માટે દોડદોડ કરનારા જ્યારે ઇચ્છા મુજબ ધન પ્રાપ્ત થાય નહી ત્યારે, વૈરવિરોધાદિક કરી, સ્વજન ઉપર પણ દ્વેષ કરી, સંબંધને ભૂલી કંકાસ, ઝગડો કરવા પૂર્વક કુસંપ કરી ભારે કર્મોને બાંધે છે. આવાઓને આત્મજ્ઞાની સંતોનો ઉપદેશ પણ ક્યાંથી પસંદ પડે! પડે નહિ. અને જ્યાં ત્યાં ભટક્યા કરે છે. છતાં યથેચ્છ ધનાદિની આશા અધુરી રહેલ હોવાથી, અધર્મ, અનાચારનો માર્ગ લે છે. તેના યોગે તન, મન, ધન, આબરૂને ગુમાવી, અંધ જેવા બની પોકારો કરવામાં બાકી રાખતા નથી. આવા પરિવારમાં કોણ પ્રેમ રાખે? આવા પરિવારની સાથે પુદ્ગલોની લાલચે પ્રેમને ધારણ કરનારા સંસારની વૃદ્ધિ કરનાર બને છે. એટલે રાગ, દ્વેષ, મોહને વધારી, મહાસંકટમાં સપડાય

છે. તે વખતે તેમને સહકાર આપનાર મળવો અશકય હોય છે. માટે પ્રથમ મુનિવર્યોનો ઉપદેશ સાંભળી, હૈયામાં ધારણ કરવાપૂર્વક પરિવારમાં અને પદાર્થોમાં પ્રેમને ધારણ કરતાં વિવેક કરવો. આમ અનુભવી સમ્યગ્જ્ઞાનીએ દાખવ્યું છે. ફરમાવેલ છે. વિચાર અને વિવેક વિનાના, અને અવસરને નહિ જાણનારા મૂર્ખ કહેવાય છે. કારણ કે, તેઓને પોતાના આત્માનું પણ ભાન હોતું નથી. તેથી કરીને સંસારમાં એવું કરી બેસે છે કે, પોતે પણ સંસાર સાગરમાં ડુબે અને તેના પર પ્રીતિને ધારણ કરનારાને પણ ડુબાડે. એવા જનો ઉપર પ્રેમ રાખવાથી પગલે પગલે દુઃખ અને વિડંબના આવી વળગે છે.

એક ગામમાં એક ખેડૂત, ખેતી કરીને પોતાની આજીવિકા ચલાવતો હોવાથી, તેની સ્થિતિ શ્રીમંતની અપેક્ષાએ સામાન્ય હતી. ઘરમાં તેની બાયડીને ઘરચોળા તથા રેશમી વસ્ત્રો પહેરવાનો અને સોનાના દાગીના પહેરવાનો શોખ હતો. તેથી તે કહેતી કે, મારા માટે ઘરચોળા, રેશમી વસ્ત્રો લાવો. આ વસ્ત્રો પહેરવા મને પસંદ નથી જ. જુઓને ? આપણી પાડોશમાં જ રહેલ શેઠાણી દરરોજ રેશમી વસ્ત્રો અને સોનાના દાગીના પહેરી લહેર કરે છે. શું મને તેણીના જેવી ઇચ્છા થતી નહિ હોય ? માટે હું કહું તે મુજબ પહેરવા માટે લાવો. તે સિવાય હું ઘરનું કંઈ પણ કામ કરવાની નથી. આ મુજબ સાંભળી તેણીનો પતિ કહેવા લાગ્યો. અરે તે તો શ્રીમંત અને સારી

આવકવાળા છે. તેથી તેમને પાલવે. આપણી પાસે ધન, અને આવક તેમના જેવી નથી. માટે સ્થિતિ હોય તે મુજબ વર્તન રાખવું જોઇએ. તો જ આનંદમાં જીવન ગુજારી શકાય. બીજાના બંગલા દેખી આપણું ઘર પાડી શકાય નહિ. સુતરાઉ, જાડાવસ્ત્રો પહેરવાથી આબરૂ જતી નથી. અને જશે પણ નહિ. માટે લહેર માણવાની ઇચ્છાનો ત્યાગ કરી, જે સ્થિતિ છે તે મુજબ સંતોષને ધારણ કરવા પૂર્વક, જાતમહેનત કરી ઘરના કામો કરવા જોઇએ. તેમાં આનંદ સમાએલ છે. આ મુજબ તેના પતિનું વચન સાંભળી, બાઇસાહેબ, રીસાઇને છણકા કરવા લાગી. રસોઈ પણ બરોબર કરતી નથી. અને દરરોજ કંકાસ કરીને કંટાળો આપે છે. આથી ખેડૂત પસ્તાવો કરે છે કે, આવું માણસ ક્યાં મારે પનારે પડ્યું, દરરોજ કંકાસ થતો હોવાથી તે કંટાળીને પોતાના મામાના ગામમાં ગયો. તેના ઘેર જઇને પોતાની આપ વીતિને કહેવા લાગ્યો કે, ઓ મામા ? ઘરમાં બાયડી, ઘરચોળા, સોનાના દાગીના પહેરવા માટે દરરોજ માગણી કર્યા કરે છે પણ તે હું ક્યાંથી લાવી આપું ! પેટનું ભરણપોષણ પણ પરાણે થાય છે. આ તો પેલી કહેવત જેવું બન્યું. કહેવત છે કે, “ **ધણી ધાગા પહેરે અને બાયડીને ઘરચોળાદિ જોઇએ** ” તેના મામાએ કહ્યું કે, અરે ભાણીયા ? સંસારમાં ઘણે ઠેકાણે આવું બન્યા કરે છે. આવું બનતું ન હોય તો પ્રભુનું ભજન, સ્તવન વિગેરે કોઈ કરે નહિ. જોને, મારા

ઘરમાં તારી બાયડીના જેવી નારી હતી. દરેક શેઠાણીઓના વસ્ત્રો, દાગીનાઓ દેખી મારી પાસે તે પણ તેવું પહેરવાની માગણી કરતી. જ્યારે લાવી આપતો નહિ ત્યારે, છણકા કરવા પૂર્વક કજીઓ કરી કંટાળો આપતી. તેથી હું પણ ત્હારી માફક પસ્તાવો કરતો. પરંતુ સારૂં થયું કે, તેણીને રોગ થવાથી મરણ પામી. અને આ બલામાંથી મુક્ત બન્યો. હવે પ્રભુભજન, સ્મરણ સારી રીતે થાય છે. અને ભક્તોના ટોળામાં જઈ રીતસર ભક્તિ કરૂં છું. હવે લોકો પણ મને ભક્ત કહે છે. અને જમવા માટે દરેક માણસો આમંત્રણ આપી, સારી રીતે સરભરા સહિત જમાડે છે. અને જેના ઘેર જમવા જાઉં છું તેના ઘરના પરિવારને પણ સારી રીતે પ્રતિબોધ આપું છું. તેથી કજીઓ કરતી બાયડી શાંત બને છે. અને કંકાસાદિ કરતી નથી. લોકો મારા ઉપર ઘણો પ્રેમ અને ભક્તિભાવ દર્શાવે છે. માટે તને પણ કોઈ ભક્તના ઘેર જમવા લઇ જઇશ. આ મુજબ તેના મામાનું કહેવું સાંભળી ભાણીઆએ કહ્યું કે, મામા ? ચાલોને મારા ઘેર. અને તેણીને પ્રતિબોધ આપી શાંત કરશો તો, મારા ઉપર ઘણો ઉપકાર કર્યો કહેવાશે. મામો ભાણીયાના ઘેર ગયો. અને તેણીને ઉપદેશ આપવા લાગ્યો. પરંતુ આ બાયડી ઘરેણાં ગાંઠાની શોખીન હતી. તેની માને ક્યાંથી? તેણી રૂપાળી હોવાથી આ ભગત, તેના વચનનો સ્વીકાર કરીને હાં હાં કરવા લાગ્યો. અને ભજનબજન ભૂલી પ્રભુ ભક્તિમાં ભંગ થએલ હોવાથી, તેણીને એકાંતે કહેવા લાગ્યો

કે, તારી ઇચ્છા અહિંયા પૂર્ણ થશે નહિ. અને હું તારી ઇચ્છા અને આશાઓ પૂર્ણ કરીશ. માટે મારી સાથે ચાલ. અને નાતરૂ કરી ઘર માંડ. આ વચનો પસંદ પડવાથી ભક્તની સાથે તે સ્ત્રી નાશી ગઈ. અને તેની સાથે નાતરૂ કરવા પૂર્વક ઘર માંડયું. અને ભાણીયાભાઇ મુખ ફાડીને બેસી રહ્યા. આવા ભક્તની સાથે પ્રીતિ કરનાર મૂર્ખ કહેવાય છે. આવો માણસ, સુખ ક્યાં સુધી મેળવી શકે? મામો પણ, સંસારીના જેવી વાસનામાં ફસાઈ પડી, પ્રભુભજન ભૂલી, વિષયભોગ, ઉપભોગ કરવા લાગ્યો. તેથી પોતાનું કર્તવ્ય જે ઉપદેશ આપવાનું હતું. તે બજાવ્યું નહિ. તેથી તે પણ મૂરખ જેવો કહેવાય ને! આ મુજબ, સંસારમાં સગાંવહાલાં ઉપર પ્રીતિ રાખનારને, જુદા જુદા પ્રકારે પણ વિઘ્નો, વિપત્તિ આવી લાગે છે. માટે આવા પ્રેમનો ત્યાગ કરી. આત્મિક ગુણોમાં પ્રેમને ધારણ કરીને શાણા બનો. તેથી કોઈ પ્રકારની ચિન્તા હશે તો તે ખસવા માંડશે. અને માનસિક વૃત્તિઓ સ્થિર થતાં સુખશાતાનો અનુભવ આવ્યા કરશે, પછી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં દૃઢતા થતાં, પરમાત્મા બનવાની યોગ્યતા પ્રાપ્ત થશે. આત્મા તે પરમાત્મા, એકદમ કે અકસ્માત્ બનતો નથી. પરમાત્મરૂપ બનવા માટે, પ્રથમ પુદ્ગલોનો પ્રેમ દૂર કરવાપૂર્વક સ્વાર્થના સગાંસંબંધી ઉપરથી પ્રીતિનો ત્યાગ કરવાની આવશ્યક્તા છે. તથા અહંકાર, મમતાથી ઉત્પન્ન થએલ, વિષયકષાયના વિલાસોનો જ્યારે ત્યાગ થશે

ત્યારે આત્માના ગુણોને આવવાનો અવકાશ મળશે. માટે આત્માને અનંતસુખ, સમૃદ્ધિના સ્વામી બનાવવો હોય તો, અને અનંત, આધિ, વ્યાધિ અને વિડંબનામાંથી મુક્ત કરવો હોય તો, પુદ્ગલોનો ત્યાગ કરવાપૂર્વક સગાંવહાલાના સ્નેહને નિવારી, તથા સંયમની રીતસર આરાધના કરીને, સાચા સુખના સ્વામી બનો. આત્મા તથા તેના ગુણોમાં પ્રેમ ધારણ કરવો તે સાચો પ્રેમ છે. અને આત્મગુણોની ઓળખાણ કરાવનાર ગુરૂવર્ય ઉપર પણ પ્રેમ ધારણ કરવો તે પણ સાચો પ્રેમ છે. આ ધારણ કરેલો પ્રેમ, મણિરત્નના સરખો હોવાથી અસત્ય બનશે નહિ. સદાય ઝળહળતો રહેશે. વિડંબના આવશે તો પણ ખસી જશે. અને પોતાની થએલ ભૂલોને સુધારવા માટે પ્રયાસ થશે. માટે ઈમીટેશન તથા કલચરના મણિ, મોતી જેવા સંબંધોને સત્ય નશો, અગર કદાચ તમો અજ્ઞાનતાના યોગે સાચા માનશો તો પણ તે કદાપિ સાચા થવાના જ નહિ. કાચ તે, કદાપિ મણિ, મોતી બનતા નથી. અને બનશે પણ નહિ. માટે સાચાની સોબત કરો. માટે સદ્ગુરૂ કહે છે કે, આત્મસ્નેહ સાચવી, આત્મજ્ઞાની સજ્જનનો સંગ કરો. તે સ્નેહ, સંસાર સાગરમાંથી સત્ય વસ્તુઓ દર્શાવી તેની ઓળખાણ કરાવશે. પછી મજીઠનો રંગ લાગશે. તે રંગના યોગે, દુનીયાદારીમાં કદાચ રહેશો. તો પણ, તે દ્રઢ થએલો રંગ કદાપિ ખસશે નહિ. પરલોકમાં પણ સાથે ને સાથે રહેશે. દુન્યવી રંગ તો સત્યાનંદમાં ભંગ પાડશે.

આ રંગ, પોતાની માફક પોતાની યોગ્યતા મુજબ રહેવાનો. માટે લાયકાત પ્રાપ્ત કરવા વિવેકને ધારણ કરવાની જરૂર છે. તે સિવાય રંગ બરોબર લાગશે નહિ. માટે સદ્‌ગુરૂ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કહે છે કે, હંસની ચંચુની માફક વિવેક કરો. પાણી અને દુધને જુદા પાડીને, દુધ સમાન આત્મિક ગુણોનું પાન કરો. તેથી સત્યશાંતિ, તુષ્ટિ અને પુષ્ટિને પ્રાપ્ત કરવા પૂર્વક આનંદમાં ઝીલ્યા કરશો. આમ ને આમ ચોરાશી લાખ યોનીઓના ચક્કરમાં ક્યાંસુધી પરિભ્રમણ કરશો ! સમજણા થશો ત્યારે ચક્કરમાં પડશો નહિ. અને અમરપદના કારણોની સમજણ પડશે. આ અમરપદને પ્રાપ્ત કરવા સદ્‌ગુરૂ યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી, ઓગણપચાસમા પદની રચના કરતાં ફરમાવે છે.

**અમરપદ પરખી લેજો રે, પરખ્યાથી સુખ થાય, અમર.**
**કોઇક રાચ્યા માનમાં રે, કોઇક રાચ્યા દામ,**
**પરભવ જાતાં પ્રાણીને રે, કોઈ ન આવે કામ.**
**અમર૦ ॥૧॥**

**ગાડી વાડી લાડીમાં રે, જીવો ભૂલ્યા ભાન,**
**વિષ્ટાના કીડા પરે રે, પર વસ્તુ ગુલતાન.**
**અમર૦ ॥૨॥**

**દુઃખ સંતતિ દાવાનલે રે, કદિ ન શાંતિ થાય,**
**નિજપદ જાણે જે નરારે, સાચી શાન્તિ તે પાય.**
**અમર૦ ॥૩॥**

મનવચ કાયા યોગની રે, નિવૃતિ જબ થાય,
અધ્યાતમ સુખ સંપજે રે, જન્મ મરણુ દુઃખ જાય.
અમર૦ ॥૪॥

સમતા સ્થિરતા સંપજે રે, અનુભવ જાગે જ્યોત,
વર્તે નિજપર ભિન્નતા રે, થાય ભવન ઉદ્યોત.
અમર૦ ॥૫॥

વિષયવાસના પરિહરી રે, કરતા આતમ ધ્યાન,
અજર અમરપદ ભોગવે રે, ચેતન ગુણની ખાણ.
અમર૦ ॥૬॥

જ્ઞાની સદ્દગુરૂ સંગતે રે, હોવે આત્મ પ્રકાશ,
બુદ્ધિસાગર કીજીએ રે, સંતની સંગત ખાસ.
અમર૦ ॥૭॥

સદ્દગુરૂ સૂરીશ્વરજી, ઉપદિશે છે કે, દેવદુર્લભ, દશ દષ્ટાંતે, મહામોંઘેરા મનુષ્યભવમાં, અમરપદ પ્રાપ્ત કરવા માટેના સાધનો તમે ધારો તો મળી શકે એમ છે. માટે રીતસર ખબર ન હોય તો સદ્દગુરૂ દ્વારા પરખી લેજો. અને નિરન્તર જીજ્ઞાસાપૂર્વક પુછશો કે, અમરપદ શાથી પ્રાપ્ત થાય ! પછી તેમના કથન મુજબ બલ વાપરી વર્તન રાખશો તો, સાચાસુખનો મેળાપ થશે. સુખાભાસમાં સુખની ભ્રમણાનો ત્યાગ કરશો ત્યારે જ, સત્યસુખનો મેળાપ થશે. આ સિવાય સત્યસુખનો મેળાપ થવો અશકય.

છે. કેટલાક સુખની ખાતર પાપારંભો કરવા પૂર્વક પૈસા-ઓને પ્રાપ્ત કરી અભિમાનમાં રાચીમાચી રહેલ હોય છે. પરંતુ તેઓનું અભિમાન ટકી શકતું નથી ત્યારે, દુઃખને ધારણ કરી કલ્પાંત કરે છે. આવા કલ્પાંતને હઠાવવા, પુનઃ દામ મેળવવામાં દોડદોડ કરી રહેલા હોય છે. તેઓ સ્વભાન ભૂલી આમ સમજે છે કે દમડા, પૈસાઓ હશે તો જ અભિમાન કાયમ રહેશે. જનસમુદાય, પગે પડતો આવશે. અને આજીજી કરીને તેઓ અનુયાયી કે મિત્રો બનશે. આમ ધારણા રાખી પાછા દમડાઓને મેળવી તેમાં આસક્ત બને છે. પરંતુ તેઓને ખબર નથી કે, અહંકાર, અભિમાનનો જ્યારે ત્યાગ થાય ત્યારે દમડા, લક્ષ્મી પુણ્યો-દયે રહી શકે છે. અને તેનો ભોગવટો કરી શકાય છે. અન્યથા, કૌરવો, દુર્યોધન, તથા પ્રતિવાસુદેવ—રાવણ મહા-રાજા વિગેરેએ, માન અને અભિમાન, અહંકારના યોગે, સગાંવહાલાં અને મિત્રોની સમજાવટ હોતે છતે પણ માન્યું નહિ. તેથી પોતે નાશ, મરણ પામવા પૂર્વક તેના પક્ષમાં રહેલા ભીષ્મ, દ્રોણાચાર્ય કર્ણ વિગેરેને પણ મરણના જોખમમાં ફસાવ્યા. અને સાથે સાથે ભાઈઓને પણ નાશ પમાડ્યા. રાવણે તો રાક્ષસ દેશમાં ઉત્પન્ન થએલ, વિદ્યા-ધરોનો પણ નાશ કરાવ્યો. અને પરલોકે ગમન કરતાં તે દમડા, રાજ્ય, સંપત્તિમાંથી સાથે કાંઈ આવ્યું નહિ. વળી કેટલાકોએ ગાડી, વાડી અને લાડીમાં ભાન ભૂલી તેમાં જ, જીંદગાની પર્યંત આસક્ત બની, વિષ્ટાના કીડાની માફક

ગુલતાન બની, અમરપદની અગર તેના સાધનો તરફ નજર પણ નાંખી નહિ. જે જે સુંદર પરપદાર્થો દેખ્યા તેઓને સ્વાધીન કરવા મોટા યુદ્ધો, કંકાસ, ઝગડાઓ કરવામાં ખામી રાખી નહિ. અને પાપસ્થાનકોને સેવી દુર્ગતિના ભાજન બન્યા. પણ, તે વસ્તુઓએ તો, સ્વાધીનતાના બદલે પરાધીનતાની કષ્ટદાયી બેડીમાં જ સપડાવ્યા. અત-એવ વિડંબના, વિપત્તિ, વેદના વિગેરેની સંતતિ, પરંપરા વધી. આવી, દુઃખદાયક પરંપરામાં સત્યશાંતિ ક્યાંથી પ્રાપ્ત થાય !

નંદ નૃપે, પ્રજાઓની પાસેથી બળજબરીથી અગર ફાવાદાવા, પ્રપંચ કરીને સોનાની નવ ડુંગરીઓ બનાવી. અને લાડી, વાડી, ગાડીમાં ગુલતાન બન્યા. પરંતુ સાથે કાંઈ પણ લઈ ગયા નહિ. સોનાની નવે ડુંગરીઓ ઉપર પાણી ફરી વળ્યું. અને પીળી માટી બની ગઈ. આ મુજબ સુખાભાસમાં ભૂલા પડી અમરપદને પ્રાપ્ત કરવાની સાધન સામગ્રી મેળવી શક્યા નહિ. તો અરે માનવગણ ? તે પદાર્થોમાં તથા અહંકાર, અભિમાનાદિમાં આસક્ત બનશો તો, અમરપદની જે અભિલાષા છે તે ફલવતી બનશે નહિ. ઉલ્ટી દુઃખની પરંપરામાં ફસાઈ પડવું પડશે. માટે તેઓને સાધન બનાવી, અનાસક્ત બનો. અને અમરપદને પ્રાપ્ત કરવાનો જે માર્ગ છે, તે તરફ સંચરો. તમોએ જે જે વસ્તુ મેળવી છે, તે તે ક્ષણિક દુઃખોનો પ્રતિકાર કરશે. પણ સર્વથા દુઃખ પરંપરાને ટાળવા સમર્થ બને એમ નથી જ. પુનઃ વિપત્તિ વિગેરે આવીને વળગશે. કારણ કે

તેઓના ઉપરનો રાગ, મીઠાશ ગએલ નથી. તેથી, તેઓને આવવાનો અવકાશ મળી રહે છે. ક્ષણિક પ્રતિકાર થાય અને પુનઃ આધિ, વ્યાધિ વિગેરે ઉપસ્થિત થાય, આવી આવી વસ્તુઓમાં તમો, જે સુખ માની બેઠા છો તે સુખ નથી. પણ દુઃખનું આમંત્રણ છે. સુખાભાસ છે. માટે તેમાં સુખની જે માન્યતા છે તેનો ત્યાગ કરશો. હવે સદ્‌ગુરૂ સૂરીશ્વરજી કહે છે કે, સાચા સુખોને મેળવવાનો ઉપાય તમોને દર્શાવાય છે. તે સાવધાન થઈને સાંભળો ? મન વચન અને કાયાના જે બત્રીશ દોષો છે તેઓનો ત્યાગ કરવા અને સમત્વને પ્રાપ્ત કરવા લગની લગાડવી. તે સિવાય અનાદિકાલના જે દોષો છે. તે ટળવા અશક્ય છે. એવી આ બત્રીશદોષોએ, માનસિક, વાચિક, અને આત્મિક શક્તિને દબાવી છે. તેથી તેઓને ટાળ્યા સિવાય સ્થિરતા અને સમતા આવી શકશે નહિ. માટે દુષ્ટ યોગોની જ્યારે નિવૃત્તિ થશે ત્યારે, આત્મતત્ત્વની ઓળખાણ જરૂર થશે. તે યોગો બે પ્રકારના છે. શુભ અને અશુભ. પ્રથમ અશુભ યોગોના આધારે, અશુભ સંકલ્પ, વિકલ્પો થાય છે. તેને સમ્યગ્‌જ્ઞાનવડે નિવારી શુભ વિચારો કરવા. અને શુભ વિચારોને પણ દૂર કર્યા વિના સમત્વનો લાભ મળતો નથી. તે શુભાશુભ યોગો, અનિત્ય, અશરણાદિ ભાવનાઓને ભાવવાથી સત્ય આત્મિક સુખ સંપજે છે. તેના રીતસર અભ્યાસના યોગે અનુક્રમે સમતા હાજર થાય છે ત્યારે, જન્મ, જરા અને મરણના દુઃખો દૂર ભાગે છે. તે

એવા ભાગે છે કે, પુનઃ આવતા જ નથી. જ્યારે સ્થિરતા, અને સમતા આવી વસે છે ત્યારે, અનુભવ યોગે આત્મ-જ્યોતનો પ્રકાશ જાગે છે. એટલે અનાદિકાલીન અજ્ઞાન, અંધકાર, મિથ્યાત્વાદિ રહી શકતા નથી. દેવલોકના સુખો તુચ્છ ભાસે છે. અર્થાત્ તેવા સુખને પણ મેળવવાની ઇચ્છા થતી નથી. દેવલોકના અગર મનુષ્યલોકના સુખો, ઔદયિક ભાવે મળેલા હોવાથી તેઓનો વિયોગ રહેલો છે જ. એવા વિયોગવાળા સુખને આત્માનો અનુભવ કરનાર કદાપિ ચાહતા નથી. તેથી તેમના દુન્યવી સુખના વિકલ્પોનો ત્યાગ થએલ હોવાથી, રાગ, દ્વેષ, મોહાદિકથી, જે બધી તાકાત દબાએલ છે. તેનો આવિર્ભાવ થાય છે. એટલે આત્મિકપ્રકાશ, અનુભવજ્યોત ઝળહળે છે. કારણ કે, તે પ્રકાશમાં આત્મિક ગુણોની તથા તેનાથી પર પુદ્ગલોની ભિન્નતા ભાસે છે. તેથી પરપુદ્ગલોમાં નિર્લેપ રહી, આત્મધર્મમાં ગુલતાન રહે છે. આત્મિક ગુણોમાં એવી તાકાત છે કે તે અનંત પુદ્ગલોની શક્તિને હઠાવે છે. અને આત્મામાં સ્થિરતા કરાવે છે. ખાય, પીવે, વિગેરે ક્રિયાઓ કરે તો પણ, તે સુખ પુદ્ગલજન્ય હોવાથી તેઓ વિષયસુખમાં લેપાતા નથી ત્યારે, આત્મ જ્યોતના પ્રકાશ કે અનુભવ વિના મનુષ્યો, ક્રિયાઓ તો કરે, તે ક્રિયાના યોગે, સાંસારિક વિષયો સારામાં સારા પ્રાપ્ત થાય, તેની ઇચ્છા રાખતા હોવાથી, તેમને આત્મપ્રકાશનો લાભ ક્યાંથી મળે ? તે લાભ મળતો ન હોવાથી સુખાભાસમાં

લિપ્ત બને છે. અને સુખાભાસમાં વિવિધ ભ્રમણાના યોગે, પ્રતિકુલતા જ્યારે ભાસે છે ત્યારે, માણસો અત્યંત ક્રોધાતુર બની જે અકર્તવ્ય હોય તે કરી બેસે છે. તથા કોઈ વખતે, સગાંવહાલાં તથા પોતાની સ્ત્રી ઉપર પણ કારમો કેર વર્તાવવા ચૂકતા નથી.

એક ભ્રમિત શંકાશીલ માણસની માફક—એક પુરૂષની સ્ત્રી માંદી, રોગગ્રસ્ત, હતી. વૈદે કહ્યું કે, મોસંબીનો રસ અને દુધ તેણીને આપો. પરંતુ તે ગામમાં મોસંબી મળતી ન હોવાથી, દુર, દશ, બાર ગાઉ ઉપર રહેલા, એક શહેરમાં જઈને, ચાર પાંચ ગણી કિંમત આપીને મોસંબી લાવી અને તેના પતિએ તેણીને આપી. પછી પોતે પોતાની દુકાને ગયો. તેવામાં તેનો પુત્ર છાની-માની બે મોસંબી લઈને નાસી ગયો. હાથમાં લઈને એક શેરીમાં ફરતા એવા તેના હાથમાંથી એક ગુંડા જેવા માણસે તે મોસંબીને પડાવી લઈને તે બજારમાં આવ્યો. તેવામાં મોસંબી લાવનાર પુરૂષે તેને પુછ્યું કે, અરે ? આ મોસંબી તું કયાંથી લાવ્યો ! તેણે કહ્યું કે, તારી સ્ત્રી ઉપર મને ઘણો પ્રેમ હતો. તેથી તેને હું સુખશાતા પુછવા ગયો ત્યારે તેણે આગ્રહ કરી પ્રીતિથી આ બે મોસંબી મને આપી. આ મુજબ કહીને તે ગયો. તેણીના પતિએ બરોબર તપાસ કરી નહિં અને ભ્રમિત બનવા પૂર્વક, શંકાશીલ બન્યો. અને કલ્પના કરી વિચાર કરવા લાગ્યો કે, મારી સ્ત્રી વ્યભિચારી બની લાગે છે. અન્યથા પેલાના હાથમાં

મોસંબીઓ આવે ક્યાંથી ? દશ બાર ગાઉ દૂર જઈને મોટી કિંમત આપીને લાવ્યો. છતાં પોતે વાપરી નહિ. અને પ્રેમીને આપી. આવા વિચારો કરવાથી ઘણો કોપાતુર બન્યો. અને પોતાના ઘેર આવી તપાસ કર્યા વિના પાસે પડેલા છરાવડે તેણી ઉપર ઘા કર્યો. ઘા વાગતાં જ, તે સ્ત્રી મરણ પામી. એ વેલાયે, તેનો દીકરો મોસંબીઓ લઈને નાસી ગયો હતો તે, રૂદન કરતો આવીને કહેવા લાગ્યો કે, બાપાજી ! પેલો માણસ મારી પાસેથી મોસંબીઓ પડાવી લઈ ચાલ્યો ગયો છે. આ મુજબ સાંભળતા તેણીના પતિને દુઃખનો પાર રહ્યો નહિ. મૂર્છિત બની, ધરણી પર ઢળી પડ્યો. મૂર્છા ઉતર્યા પછી વિલાપ કરવા લાગ્યો કે, તપાસ કર્યા વિના, તે ગુંડાના વચન ઉપર વિશ્વાસ રાખી તેણીને છરાનો ઘા મારી મેં મરણ પમાડી છે. ધિક્કાર થાઓ મને ? સગાંવહાલાંમાં હલકો પડ્યો. આ મુજબ સંસારે આવી વિવિધ અનેક ઘટનાઓ બનતી હોવાથી ખરી શાંતિ તેમાં ક્યાંથી મળે ? આવી ઘટના, ભ્રમણાના યોગે બનતી હોવાથી મન, વચન અને કાયાની પ્રવૃત્તિને તું વિચાર. વિવેક વડે તે પ્રવૃત્તિને વશ કરી અધ્યાત્મનું જ્ઞાન મેળવવું તે અગત્યનું છે. તેથી અજ્ઞાનતાનું જોર ચાલતું નથી. અને તેનું જોર ખસવા માંડે છે. અજ્ઞાનતા ખસતાં મોહ, મમતા, કામક્રોધાદિક પણ ભાગતા જાય છે. અને સાથે સાથે અધ્યાત્મ સુખનો અનુભવ આવતો રહે છે ત્યારે, ખરી શાંતિ પ્રાપ્ત થાય છે. આ સિવાય અનેક

નિમિત્તો પામી, દુઃખદાયી એવા કર્મો કરી બેસાય છે. માટે સત્ય સુખશાતાનો લ્હાવો મેળવવો હોય તો, વિષય વાસનાનો ત્યાગ કરવાપૂર્વક, માનસિક, વાચિક અને કાયિકની દુષ્ટવૃત્તિ અને પ્રવૃત્તિને કબજે કરી, આત્મગુણોમાં પ્રીતિ ધારણ કરો. તેથી જ અનુક્રમે આગળ વધતાં, ચેતનની જે શુદ્ધ ખાણ, ભંડાર છે એવા અજર અમરપદમાં સ્થિર થવાશે. તેમજ બીજીવાર, જન્મ, જરા અને મરણજન્ય આધિ, વ્યાધિ, ઉપાધિની વિડંબનાઓ મૂલમાંથી નાશ પામશે. આ મુજબ અજર-અમરપદનું જ્ઞાન, સદ્ગુરૂ પાસેજ મળશે. બીજે સ્થલે તે પ્રાપ્ત થવું અશક્ય છે. માટે ખાસ પ્રકાશની જરૂર છે. અને પ્રકાશ સદાય રહેવાવાળો, પણ વિવિધ વિપત્તિઓ અને વિડંબના-રૂપી વાયરાઓથી ન બુઝાય એવો જ્યારે પ્રાપ્ત થાય ત્યારે, સંસારસુખની મીઠાશ ટળતી જાય છે. અને આત્મતત્ત્વની પ્રાપ્તિ સ્વયં, પોતાની મેળે હાજર થાય છે. પછી દુઃખદાયી ચિન્તાઓ રહી શકતી નથી. માટે આત્મપ્રકાશ પ્રાપ્ત કરવા અહંકાર, મમતાનો ત્યાગ કરવો અગત્યનો છે. અનાદિકાલથી અહંકાર, મમતાના યોગે, આત્મા ગાફલ બન્યો હોવાથી, તેનો ઉપદેશ સદ્ગુરૂ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી પચાસમા પદની રચના કરતાં કહે છે કે,

(ચેતાવું ચેતી લેજે રે. એ—રાગ)

**ગાફલ ગર્વ કરીને રે, મનમાં મોટાઇથી ફૂલ્યો;**
**પ્રભુ ભજ્યા વિણ પાપકર્મથી, ભવસાગરમાં ડૂલ્યો**
**ગાફલ૦ ॥૧॥**

દગા પ્રપંચો પાપ કરીને, લક્ષ્મી ભેગી, કીધી,
પરભવનું પસ્તાનું થાતાં, ખાશે કોઇક ઋદ્ધિ.
ગાફલ૦ ॥૨॥

હું પંચાતી ડાહ્યો ડમરો, હું નૃપતિ અધિકારી;
હું હું કરતા શ્વાસ ખસ્યાથી, ગતિ પકડશો ન્યારી,
ગાફલ૦ ॥૩॥

હુંમાં માયા, હુંમાં જાયા, હુંના જગપડછાયા;
હુંને મારું મુકી દેતાં, સંતો સુખ બહુ પાયા.
ગાફલ૦ ॥૪॥

કોટી કલ્પના કરો માનવી, કોઈ ન આવે સાથે;
બુદ્ધિસાગર ચેત્યા તે નર, જેને સદ્દગુરૂ માથે.
ગાફલ૦ ॥૫॥

સદ્દગુરૂ મહારાજ, સંક્ષેપમાં આત્મપ્રકાશને પ્રાપ્ત કરવા ફરમાવે છે કે, "**ગાફલ ગર્વ કરીને મનમાં મોટાઇથી ફુલ્યો.**" ગાફલ કહેતાં વિષય, કષાયોના વિકારોમાં આસક્ત બનેલ. આવો બાહ્યાત્મા, પુણ્યોદયે, સારા સંયોગો અને શુભવિષયના વિકારો મળતાં મનમાં ફુલાય છે. અહો ? કેવી મજા આવે છે. હવે પછી કજા આવનાની જ નથી. તથા સારી સાધન સામગ્રી કદાપિ ખસવાની જ નથી. અને મોજમજામાં, ભોગવિલાસોમાં ખામી પડવાની જ નથી. માટે મોજમજા માણી લેવા દે. આવા આવા

વિચારો કરીને તું મનમાં ફુલાય છે. પરંતુ આ ગાફલ, મૂર્ખને માલુમ નથી કે, પાપોદય જાગતાં આ સર્વ વસ્તુને ક્ષણવારમાં ખસતાં વિલંબ થશે નહિ. માટે તેમાં આસક્ત બનવું અને ફુલાવું તે ફોગટ છે. તેથી તે બાહ્યાત્મા, મનગમતી વસ્તુઓ મળતાં મારા જેવો જગતમાં કોઈ નથી. આ મુજબ વિચારો કરી ભવની ભ્રમણામાં પડી પોતાનું ભાન ભૂલે છે. અને મળેલી મોટાઇને મહાલે છે. તેથી અહંકાર, અને મમતા ઘણા જોરમાં આવી ભવસાગરમાં પટકી પાડે છે. સંસારસાગરમાં પડયા પછી, પ્રભુભજન, તેમના ગુણોનું ગ્રહણાદિ ભૂલાય છે. અને પેટ, પરિવાર વિગેરે માટે પાપ કર્મોને કરવા પૂર્વક કષાયરૂપી સંસારસાગરથી પાર ઉતરાતું નથી. અને પાછા મોટાઇનો ફાંકો રાખે છે. કે, અમારા જેવા મહાન કોણ છે! એક બાજુ વિષય કષાયમાં લંપટ બની મહત્તાનો ફાંકો રાખે તે તો, ગાફલ જ કહેવાયને? સાચી મોટાઈ કેવા પ્રકારે મળે તેની સમજણ સદ્ગુરૂ સમજાવે છે કે, વિષય કષાયના વિચારો તથા વિકારોનો ત્યાગ કરી, પરમાત્માના ગુણોમાં બરોબર લગની લગાવો ત્યારે, મોટાઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા, આશા, હશે નહિ તો પણ, મહત્તા મળવાની જ. અને જે મહત્તા, મળેલી છે તે કદાપિ ખસવાની નહિ. માટે દગા પ્રપંચો કરો નહિ. તેથી દુનિયાએ તમોને મહાન્ માન્યા છે તે સ્થિતિ સદાય રહેશે નહિ. છતાં સંસારના બધા લોકો, કદાચ તમોને મહાન્ તરીકે માની,

પ્રશંસા કરશે તો પણ, અન્યાયથી ભેગી કરેલી લક્ષ્મી, પરભવમાં જતાં એટલે પરભવમાં પસ્તાનું થતાં પહેલાં જે ભાગ્યશાલી હશે તે જ ભાગ્યાનુસારે ભોગવશે. જો ભાગ્ય હશે નહિ તો પુત્ર, પત્ની પરિવારાદિક આંખો ચોળતા રહેશે. અને બીજાઓ તેનો ભોગવટો કરશે. માટે અજ્ઞાનતાનો ત્યાગ કરી, કષાયાદિકને નિવારો. કષાયના ત્યાગમાં દબાએલી મુક્તિનો પ્રાદુર્ભાવ છે. માટે ભાગ્યાનુસારે તમોને વૈભવ મળેલ છે. તેથી અમે ડાહ્યા, ડમરા, છીએ અને દુન્યવી પંચાતમાં પ્રવીણ છીએ. અને સંસારની આંટી-ઘુટી એક ક્ષણમાં કે એક ઘડીમાં ઉકેલવા સમર્થ છીએ. આમ માનવું તે અજ્ઞાનતા સાબીત કરે છે. પ્રવીણતા, આંટીઘુંટીની ઉકેલતા, જ્યાંસુધી આત્મજ્ઞાન, ધ્યાન કરવા પૂર્વક કષાયનો ત્યાગ કર્યો નથી. ત્યાં સુધી અણઉકેલ રહેવાની જ. ભલે પછી તમે માણસોને અથવા બીજા કારીગરોને બોલાવશો અને પોતે પણ સાથે ને સાથે તેણીને ઉકેલવા દિવસો, માસ, વર્ષો, સુધી મહેનત કરવા પૂર્વક બુદ્ધિ બલ વાપરશો તો પણ, તે ઉકેલાશે નહિ. માટે ડાહ્યા, ડમરા તો કહેવાવ છો. તેનો સદુપયોગ કરવા વિષય કષાયોના વિચારો અને વિકારોને હઠાવવા કટીબદ્ધ બનો. અન્યથા આ આંટીઘુટી એવી છે કે, બીજી હજારોને ઉપસ્થિત કરવા પૂર્વક ચારે નરકાદિ ગતિમાં રખડાવશે. અને અહંકાર, મમત્વના અગમ્ય ગર્તામાં પટકી પાડશે. તેના ખાડામાં પડ્યા પછી, અનંત કાલે પણ તેમાંથી બહાર નીકળવાનો

માર્ગ દુઃશક્ય બનશે. તેથી તમો જ્યારે સદ્ગુરૂના શરણને સ્વીકારશો ત્યારે જ નીકળવાનો માર્ગ, આત્મ-જ્ઞાન, ધ્યાન થતાં મળી આવશે. સદ્ગુરૂ ઉપદિશે છે કે, હું પણામાં ઉત્પન્ન થવાયું, કહેતા જન્મ ધારણ કરવો પડ્યો. તેથી સંસારની માયા, મમતા ખસી નહિ. અને તેના યોગે સુખના પડછાયામાં, તે સુખને પ્રાપ્ત કરવા જીવન પર્યંત બુદ્ધિ, બલાદિ વેડફી નાંખ્યું. છતાં, સુખની અભિલાષા અધુરી રહી. તેને પૂર્ણ કરવા જીવનભર પ્રયાસ કર્યો પણ, તેનો પાર પામ્યા નહિ. એટલે હું, હું, એમ શ્વાસોશ્વાસ ખસવાથી ન્યારી ગતિને પકડી. માટે દુર્ગતિમાં પડાય નહિ તે માટે, "**હું અને મારૂં**" જે સંયોગો મલ્યા છે. તેનો ત્યાગ કરશો ત્યારે, તમો સુખની ઈચ્છા પૂરી કરવા સમર્થ બનશો.

એક ધનાઢ્ય શ્રીમંત શેઠની પાસે ઘણો વૈભવ તથા પુત્રાદિક પરિવાર હતો. અને શરીર પણ નીરોગી હતું. તેથી શરીરને, હું પોતે જ છું. એમ માનતા આ મુજબ માન્યતાના યોગે તેની ખાવાપીવા વગેરેમાં બરાબર સાર સંભાળ રાખતા. દરરોજ વૈદ્યરાજની કે દાક્તરની પાસે જઈ, તેમની સૂચના મુજબ તપાસ કરાવવામાં ખામી રાખતા નથી. ધાર્મિક ક્રિયાઓ તો, શરીરની સાર સંભાળમાં ક્યાંથી સુઝે? પુત્રાદિ પરિવારને પણ મારા પોતાના જ છે. આમ માની આનંદમાં રહેતા. પરંતુ જ્યારે અણચિન્તવી જરા રાક્ષસી હાજર થઈ ત્યારે તેણીને દૂર કરવા શક્તિમાન્

થયા નહિ. ત્યારે ઘણો વલોપાત કરવા પૂર્વક, તે જરા, વૃદ્ધાવસ્થાને હઠાવવા અને ચાલી ગએલ યુવાની પુનઃ પ્રાપ્ત કરવા વારે વારે પ્રયાસ કરવામાં ખામી રાખી નહિ. છતાં વ્યતીત થએલ જુવાની, પાછી આવી નહિ ત્યારે, રસાયણ વિગેરેનો ઉપયોગ કરવાથી, ઘણી ગરમી થવાથી, અધિક પીડા થઈ. તો પણ, યુવાન બનવાની અભિલાષાનો ત્યાગ કરી શકતા નથી. "**લોહી અલ્પ હોય અને રસાયણાદિ વાપરે તો જરૂર ફુટી નીકળે તેમાં નવાઈ નથી.**" આ શ્રેમાનને યુવાની તો આવી નહિ. પરંતુ તે ગરમી, આંખે લાગતા અંધ બન્યા હોવાથી, અધિક શોક, સંતાપાદિ કરવા લાગ્યા. યુવાનીમાં ધન સાથે ધર્મની આરાધના કરી હોત તો, શોકાદિ કરવાનો વખત આવત નહિ. અને આત્મ સ્વરૂપની ઓળખાણના યોગે આન્તર ચક્ષુઓની પ્રાપ્તિ થાત. પણ બાહ્ય પદાર્થોમાં આસક્તને તે કયાંથી સુઝે? હવે તો પૂરેપૂરી પરાધીનતા, ઓશીયાળી આવી ઉપસ્થિત થઇ. અંધ બનેલ હોવાથી દરેક કામમાં, જવા આવવામાં, ખાન પાનાદિમાં, પુત્રાદિ પરિવારને આજીજી, કાલાવાલા કરવા પડે છે. તેઓ પણ દરેક બાબતોમાં પોકારો પાડતા હોવાથી, કંટાળી ગયા. સંભાળે ખરા. પણ ગણકારતા નથી. છતાં તેઓના ઉપરનો મોહ મુકાતો નથી. પુત્રો કહે છે કે, બાપાજી તમારી પાસે જે સોનામહોરો, હીરાઓ વિગેરે મિલ્કત છે જેને તમે છાની રાખી છે. તે અમોને દેખાડો તો જ,

તમારા કથન મુજબ અમે વર્તન રાખીશું. અને ત્યારપછી તમારે આજીજી, કાલાવાલા કરવા પડશે નહિ. તમારી મરજી મુજબ જે જોઇશે તે હાજર કરીશું. પણ આ અંધ બનેલ હોવા છતાં તે વસ્તુને દેખાડતો નથી. અને કહે છે કે, જો તમોને તે દેખાડું તો, તે મિલ્કતને સ્વાધીન કરી મારા સન્મુખ પણ તમે દેખો નહિ. અત્યારે, આજીજી કરતાં જે કામ કરો છો તે પણ કરશો નહિ. માટે હું દેખાડીશ નહિ. મારા મરણ પછી તમારૂં જ છેને ? શોધી લેજો. આ મુજબ કહેવાથી પુત્રો કહેવા લાગ્યા કે, અમે તેને સ્વાધીન કરીશું નહિ તેની ખાત્રી રાખો. અને તે સ્થાન અમોને જણાવો કે જેથી અમોને સંતોષ રહે. પણ અંધ બતાવે શેનો ? છેવટે પુત્રોએ તે જગ્યા શોધી કાઢી. અને મિલ્કત કબજે કરી. પણ પોતાના હાથે અપાઈ નહિ. આ કેવી મોહાંધતા ? આંખે અંધ. હૈયામાં પણ અંધ. પુત્રાદિને નહિ આપનાર એવા તેઓ સાત પુણ્ય ક્ષેત્રોમાં ક્યાંથી આપે ? છેવટે આસક્તિના યોગે દુર્ગતિમાં પડે. માટે સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી કરૂણા લાવીને જાગ્રત કરે છે કે, હું અને મારૂંનો ત્યાગ કરી, જે કલ્પના તમે કરો છો તે ભલે કરોડો કલ્પના કરશો તો પણ, તે કદાપિ સાથે આવશે નહિ. માટે જીવતા છો ત્યાંસુધીમાં પરોપકાર વિગેરેમાં તથા પુણ્યક્ષેત્રોમાં વાવો. તમારી ભાવના પ્રમાણે તેની સફળતા થશે. અન્યથા પાપબંધ થએલ છે તે સાથે આવશે. માટે ચેતી, માયા મમતાને

નિવારી આત્મતત્ત્વનો લ્હાવો લેવા તત્પર બનો. જેના માથે સદ્ગુરૂ રહેલા છે. તે ચેત્યા છે. અને ચેતશે. હવે સદ્ગુરૂ આચાર્ય મહારાજ બુદ્ધિસાગરસૂરીશ્વરજી, વિષ્ણુકૃષ્ણોપાસક ભક્તોને ઉદ્દેશી આત્મદર્શન કરાવવા માટે, આત્માને શ્રી કૃષ્ણની ઉપમા આપી, આત્મામાં લીનતા, સ્થિરતા કરવા માટે એકાવનમા પદની રચના કરતાં ફરમાવે છે કે,

( હવે મને હરિ નામશું નેહ લાગ્યો. એ—રાગ )

**રમજો રંગે કૃષ્ણજી, (ચેતનજી) રંગમાં રે રાચી,**
**સમજીને વાત આતો સાચી રે. રમજો૦ ॥૧॥**

**અસંખ્ય પ્રદેશી આર્ય ક્ષેત્રમાં,**
**સુમતિ યશોદાના જાયા,**
**વિવેકનંદના તનુજ સોહાયા,**
**સમતા વ્રજ દેશે આયા રે. રમજો૦ ॥૨॥**

**સ્થિરતા, રમણુતા રાધાને લક્ષ્મી,**
**તેહના પ્રેમમાં રંગાયા,**
**ધારણા દ્વારિકામાં વાસ કર્યો રૂડો,**
**ચરણ વસુદેવ રાયા રે. રમજો૦ ॥૩॥**

**ભાવ દયા દેવકીના રે છોરૂ, આકાશ ઉપમાથી કાળા,**
**અનુભવ દ્રષ્ટિ મોરલીના નાદે,**
**લય લાગી લટકાળા રે. રમજો૦ ॥૪॥**

સાત નયોના વાકયોની મટકી, વેચે મહિયારણ સારી,
ક્ષયોપશમ જ્ઞાનવૃત્તિ આહીરણ,
આત્મજ્ઞાન દધિ ધારી રે. રમજો૦ ॥૫॥

ભેદજ્ઞાન દ્રષ્ટિ લકુટીથી ભાગી,
તત્ત્વામૃત દહીં ચાખ્યું, ગીર્વાણીના ધારી ગિરધારી,
જ્ઞાનીએ ભાવથી એ ભાખ્યું રે. રમજો૦ ॥૬॥

આતમ ધ્યાનનો રાસ રમાડીને,
આનંદ વૃત્તિઓને આપે,
રાગ દ્વેષાદિક મોટા જે રાક્ષસ,
તેને મૂળમાંથી કાપે રે. રમજો૦ ॥૭॥

નિશ્ચય વિષ્ણુ વ્યવહારે કૃષ્ણ, અવતારી જીવ પોતે,
આતમ કૃષ્ણ ને આતમ વિષ્ણુ,
બીજે શીદને તું ગોતે રે. રમજો૦ ॥૮॥

અધ્યાતમથી કૃષ્ણ છે આતમ,
ઔદયિક જલધિ નિવાસી,
પરભાવ નાગરાજ જીતીને ઉપર,
પોઢયા છે વિષ્ણુ વિલાસી રે. રમજો૦ ॥૯॥

નિજગુણકર્ત્તા પરગુણહર્તા, આતમ કૃષ્ણ કહેવાયો,
સમજ્યા વિણ તાણાતાણ કરીને,
અન્તર ભેદ કો ન પાયો રે. રમજો૦ ॥૧૦॥

આતમ કૃષ્ણને ભાવોને ગાવો,
લેજો માનવ ભવ લ્હાવો,
બુદ્ધિસાગર હરિ આતમ રાયા,
અન્તર્ દ્રષ્ટિથી ધ્યાવો રે. રમજો૦ ॥૧૧॥

**"રમજો રંગે કૃષ્ણજી એટલે હે ચેતનજી? સાચા રંગમાં રે રાચી, સમજીને વાત આતો સાચી."** અરે ચેતનજી તું કૃષ્ણ છે એટલે રાગ, દ્વેષ, મોહ, મમતા, અદેખાઈ વિગેરે દુર્ગુણો છે તેઓને, દૂર કરવા તારામાં તાકાત છે. જ્યારે તે દુર્ગુણોનો તું ત્યાગ કરીશ ત્યારે, સત્ય કૃષ્ણ બનીશ. અરે ચેતન? નામ તો ઘણું સુંદર છે. તેની સફલતા કરવા માટે ઉપાય કર્યો છે. ભરતક્ષેત્રમાં ત્રણ ખંડના સ્વામી કૃષ્ણ મહારાજાએ, ગુણાનુરાગી બની, અઢાર હજાર મુનિરાજોને ભાવ પૂર્વક વંદના કરી, ક્ષાયિક સમકિત પૂર્વક તીર્થંકર નામ કર્મ બાંધી, ભવિષ્યમાં પરમપદ પામશે. તારૂ નામ પણ કૃષ્ણ તો છે. તો પછી તેં કયો ગુણ લીધો? તે કહે. દુન્યવી રંગમાં રાચીમાચી રહેવાથી કર્મની વર્ગણાઓનો બંધ થશે. અને સંસારમાં પરિભ્રમણનો પાર આવશે નહિ. ક્યાંસુધી રખડપટ્ટી કરવી છે! પરિભ્રમણ કરતાં અનંતકાલ વ્યતીત થયો. માટે હે આત્મન્, કૃષ્ણની માફક પ્રથમ ગુણોને ગ્રહણ કર. અને પોતાના આત્માને ગુણવાન્ બનાવ. શ્રીકૃષ્ણમાં પણ આત્મા રહેલો છે. તેથી આત્માની કૃષ્ણ તરીકે કલ્પના કરીને

સદ્ગુરૂએ ઉપદેશ આપ્યો છે. અરે આત્મન્ ? તારૂં ક્ષેત્ર, અસંખ્ય પ્રદેશ રૂપ આર્યક્ષેત્ર છે. તું અનાર્ય ક્ષેત્રમાં નથી. કારણ કે, તને પોતાને અસંખ્ય પ્રદેશોમાં રહેલા આત્માની ઓળખાણ કરવાની અભિલાષા વર્તે છે. માટે તે પ્રદેશોમાં રહેલ આત્મિક ગુણોમાં રાચીમાચી રહે. તેથી અનુક્રમે દુઃખ દાવાનલ શાંત થશે. અને પરમ સંતોષની પ્રાપ્તિ થશે. ભલે કૃષ્ણ મહારાજ ત્રણ ખંડના સ્વામી હોઈ, તેમણે તેની સારસંભાળ રાખી. અને ભક્તજનોની ભીડ ભાગી. પરંતુ તારે તો તારી પોતાની જુદી જુદી ભીડ ભાગવાની છે. માટે બીજે સ્થલે રાચીમાચી ન રહેતાં, આર્યક્ષેત્ર રૂપી આત્માના અસંખ્ય પ્રદેશોની સાર સંભાળ રાખવાની હોવાથી, અન્યત્ર આસક્ત બનવાનું તને પાલવે એમ નથી જ. જો સાર સંભાળ રાખીશ નહી તો, આન્તરિક શત્રુઓ, તારી અભિલાષાઓમાં ક્ષણે ક્ષણે, ઘડી એ ઘડીએ, વિઘ્નો ઉપસ્થિત કરશે. અને વિડંબનાઓમાં ફસાવી નાંખશે માટે દુનિયાદારીમાંથી વૃત્તિઓને દૂર કરી, આત્માના પ્રદેશોની સંભાળ રાખવી અગત્યની છે. દુનિયાદારીમાં પરિભ્રમણ કરતી વૃત્તિઓ, અનેક વિકારોને હાજર કરી, આત્મક્ષેત્રમાં રહેલી અનંત ઋદ્ધિ, સિદ્ધિને તથા શુદ્ધિને લૂંટી લેવા પૂર્વક તને પાગલ જેવો બનાવશે. માટે ક્ષણે ક્ષણે ઉપયોગ રાખી. આત્મનિરીક્ષણ કરવું જોઈએ. તું કાંઈ જેવો તેવો નથી. કલ્પવૃક્ષ, કામધેનુ, પાર્શ્વમણિ વિગેરે જે મહિમાવાળી વસ્તુઓ છે. તેનાથી તારો મહિમા અતિશય,

શક્તિ વિગેરેથી અધિક છે. તથા હે આત્મન્ તને સહકાર આપનાર અને સંભાળ રાખનાર સુમતિ રૂપી પાલક માતા છે. કૃષ્ણ મહારાજને તો યશોદા માતા પાલનાર હતા. પરંતુ તે માતા શત્રુઓને હઠાવનાર ન હતી. પરાજય કરનાર તો સુમતિમાતા હતી. અતએવ તેના આધારે તે વિરોધીઓને પરાસ્ત કરવા સમર્થ બન્યા. આવી સુમતિ માતા તારી પાસેથી દૂર નથી જ. પરંતુ જો તું એનો આદર કરે, સન્માન–સત્કાર કરે તો, તું શત્રુઓ, વિરોધીઓને પરાસ્ત કરે. અને સ્વસંપત્તિનું રક્ષણ કરવા સમર્થ બને. માટે તે સુમતિમાતા, તારી આધિ, વ્યાધિ અને ઉપાધિને પણ દૂર ખસેડશે. આવી માતા ભાગ્યશાલી હોય તેને મળે છે. માટે તે માતાનો અનાદર કરીશ નહિ. તેથી કર્મોજન્ય અહંકાર, આસક્તિ સ્વયમેવ ટળી જશે. અને સદ્વિચાર અને વિવેક-રૂપી નંદ, આનંદનો સુજાત કહેવાઇશ. શ્રીકૃષ્ણ તો નંદના પાલક પિતાના સુજાત, સુજાયા તરીકે પ્રસિદ્ધ થયા. પરંતુ નંદના સત્ય પુત્ર હતા નહિ. તેથી ગોકુલનો ત્યાગ કરી, મથુરામાં આવ્યા. અને સ્વપિતા અને દેવકી માતાને કંસ રાજાએ નજરકેદમાં રાખેલા હોવાથી આ પરાધીનતામાંથી મુક્ત કરાવ્યા. ખરેખર, સાચાપુત્ર તો, મોહ, રાગ, દ્વેષ રૂપી કંસ, કર્મ રાજાના બંધનમાં પરાધીન બનેલ એવા ક્ષમા, અને વિવેકરૂપી માત, પિતાને મુક્ત કરાવે છે. માટે હે ચેતનજી ? તારી માતા અને વિવેક જે મોહાદિકના બંધનમાં રહેલા છે. તેઓને આત્મજ્ઞાન, ધ્યાનના યોગે

સમત્વદ્વારા મુક્ત કરાવ. તો જ તારી બલીહારી. વિષય કષાયાદિનો ત્યાગ કરી, આત્મજ્ઞાન અને ધ્યાનના યોગે, સમતા રૂપી વ્રજ દેશમાં આવ. અન્યત્ર પરિભ્રમણ કરીશ નહિ. બીજે પરિભ્રમણ કરવાથી તો, માયા અને અહંકાર-રૂપી માત પિતાએ, ચારે ગતિમાં રખડપટ્ટી કરાવી. માટે સમતા રૂપી વ્રજ દેશમાં આવી, તારી તથા તારા માત પિતાની પરાધીનતાનો ત્યાગ કરાવ. આ, શક્તિ, તારામાં છે. આત્મજ્ઞાન, ધ્યાન કરીશ ત્યારે ખરેખરી ખબર પડશે. માટે કૃષ્ણની માફક, વ્રજ દેશમાં આત્મજ્ઞાનની વાંસળી બજાવ. એટલે તેથી સમતારૂપ વ્રજમાં સુખને પ્રાપ્ત કરીશ. ત્યારપછી સ્થિરતા અને રમણતા રૂપી રાધામાં અને લક્ષ્મીમાં પ્રેમ થશે. આ પ્રીતિ જેને વરેલી છે. તેનો વિયોગ થશે નહિ. અને સ્થિરતા અને રમણતાના યોગે સાચી શોભાના સ્વામી થવાશે. કૃષ્ણ મહારાજને જગતના માણસોએ શોભાસ્પદ બનાવ્યા. અને પૂજ્યા. છતાં તેમને યુદ્ધો કરવા પડ્યા છે. અરે ચેતન તારે દુન્યવી શત્રુઓને પરાજય કરવા ખાતર લડાઈઓ કરવી પડશે નહિ. અન્તરના શત્રુઓ સાથે તો યુદ્ધ કરવું પડશે જ. જ્યારે આન્તરિક શત્રુઓનો પરાજય કરવા તત્પર બનીશ ત્યારે માત પિતાને ઘણો આનંદ આવશે. અને તે સાચા માત-પિતા પણ આન્તરિક શત્રુઓને પરાજય કરવામાં ઘણો સહારો આપશે. તે સહકાર એવો હશે કે, સાંસારિક માતપિતા કે સંબંધીઓ કે મિત્રોએ નહિ આપ્યો હોય

એવો હશે. માટે ધારણા રૂપી દ્વારિકામાં નિવાસ કરવાની ખાસ આવશ્યકતા છે. ધારણા સિવાય દુન્યવી સંસ્કારોના યોગે વળગેલી વાસનાનો ત્યાગ થવો દુઃશક્ય બને. અને માનસિક વૃત્તિ એવા એવા નિમિત્તો પામી ચંચલતાને ધારણ કરે. માટે ધૈર્યને ધારણ કરવા પૂર્વક ધારણામાં અત્યંત પ્રીતિ યોજવી. તે દ્વારિકા નગરીમાં ધારણા રાખવાથી, કૃષ્ણ મહારાજ યાદવોને પૂજ્ય બન્યા. અને બલદેવ તો અત્યંત પ્રેમથી સાથે ને સાથે રહ્યા. તેથી તેમનામાં બલશક્તિ અતિશય તો હતી. તેમાં ઘણો વધારો થયો. અને પ્રતિવાસુદેવ જરાસંધને જીતી, પોતે વાસુદેવ થયા. સંપ, પ્રેમના યોગે પુણ્ય વધવાથી જરાસંઘનું ચક્ર કૃષ્ણ મહારાજની પાસે હાજર થયું. અને તે ચક્રવડે જરાસંઘનું મસ્તક કપાયું. માટે કૃષ્ણરૂપી આત્માએ ચરણ, ચારિત્રરૂપી સ્વપિતાની સાથે તથા મોટા બંધુ બલભદ્ર સાથે અત્યંત પ્રીતિને લગાવી મુર રાક્ષસ રૂપી મોહને મારવા કટ્ટીબદ્ધ બન્યા. આ સઘળો સ્વજનવર્ગ, તારા આત્મામાં સત્તાએ રહેલ છે. માટે હે આત્મન્! તારે નિર્ભય બની, શક્તિને ફોરવી, મિથ્યાત્વમોહનીય, અવિરતિ અને ક્રોધાદિ જે કષાયો છે તેને હઠાવવા માટે ઘણો પ્રયાસ કરવો પડશે નહિ. ફક્ત સાચા સ્વજનવર્ગને ઓળખી, તેના પ્રત્યે પ્રેમ ધારણ કરવો તે તારા હાથની વાત છે. શ્રદ્ધા ધારણ કરવાથી તે હાજર થવાના જ. તે હાજર થતાં ઉત્સાહ, આનંદ આપવા, તે સમર્થ હોવાથી પાછળ

હઠાવવાનો વખત આવશે જ નહિ. હવે વિલંબ કર નહિ. જેમ મોહ, સેતાન વિગેરેને મારવા અને મુર રાક્ષસને મારવા કૃષ્ણ મહારાજાએ આળસ કરી નહિ. તે મુજબ હે ચેતનજી ! તું પણ તારી સ્વશક્તિ, સંપત્તિને સ્વાધીન કરવા આળસ કર નહિ. ભાવદયા એટલે, આત્મા અનદિકાલથી રાગ, દ્વેષ, મોહાદિકની પરાધીનતામાં ફસાયો છે. આ ફસામણીમાં તેણે સ્વશક્તિને ગુમાવેલ છે. તેના યોગે જન્મ, જરા અને મરણજન્ય, આધિ, વ્યાધિ અને વિડંબનાઓના અસહ્ય સંકટમાં પડી અતિપીડા પામી રહેલો છે. તેને તે ફસામણીમાંથી મુક્ત કરાવવો તે ભાવદયા કહેવાય. પ્રાણીઓની દ્રવ્યદયાથી, ભાવદયા અનંતગુણી હિત કરનારી છે. એટલે દ્રવ્યદયા કરવા પૂર્વક ભાવદયામાં તત્પર થવું તે શ્રેયસ્કર હોઇને, આત્મા સ્વસ્વરૂપમાં રમણતા કરી, અનંતાનંદમાં ઝીલે. આવી ભાવદયાના હે ચેતનજી ! તમે છોરૂ, પુત્ર છો. કૃષ્ણ, દેવકીજીના સાચા પુત્ર હતા. તેની માફક સાચી માતા ભાવદયા છે. માટે તેણીને ભૂલતા નહિ અને ભૂલશો નહિ તો જ, તમો સ્વાધીન બનશો. અન્યથા સાચી માતા સિવાય, છોરૂ, છોકરો અરહોપરહો અથડાય છે. તેથી તેનું બરોબર પાલન પોષણ થઇ શકતું નથી. તેથી તે પ્રમાણે ચારેય ગતિમાં અથડાવાનું થશે કૃષ્ણ મહારાજ શ્યામ, કાળા હતા. તેની માફક તમે અધુના આકાશની માફક શ્યામ છો. એટલે ભાવદયા લાવી, વાદળાની શ્યામતાને દુર હઠાવી, ધર્મધ્યાનના યોગે શુકલ, ધોળા

બનો. આમ તો આકાશ વસ્તુતઃ નિર્મલ છે. પરંતુ કાળા વાદળાનો સંયોગ થવાથી શ્યામ દેખાય છે. પરંતુ જ્યારે તે વાદળાઓ ખસી જાય છે. ત્યારે તે આકાશ નિર્મલ બને છે. તેની માફક, અરે ચેતનજી! તમો પણ ઘાતિયા કર્મોના ખસવાથી નિર્મલ બનશો. આકાશ તો પુનઃ વાદળા આવવાથી પુનઃ શ્યામની માફક દેખાશે. પરંતુ તમો જ્યારે કર્મો રૂપી વાદળાંને ખસેડશો ત્યારે, તે વાદળા પુનઃ આવશે નહિ. અને નિર્મલતા, શ્યામ બનશે નહિ. પછી પરમપદ, સિદ્ધ-સ્થાનમાં સાદિ અનંત ભાગે સ્થિર થશો. માટે હાલમાં મમતા, માયાનો ત્યાગ કરવા પૂર્વક સમતાને ધારણ કરવા રૂપ અનુભવ મોરલી વગાડો. અનુભવ મોરલી વગાડવાની સત્તામાં તમારી તાકાત છે. જ્યારે સમત્વમાં આવશો ત્યારે, તે તાકાત પ્રગટ થશે. અને અનુભવ મોરલીમાં લીનતાને ધારણ કરી, નિર્મલ થવાની યોગ્યતા હાજર થશે. માટે નજરને આત્મા તરફ વાળો. પછી સત્ય, લટકાળા, અનુભવ મોરલીના તાનમાં લય લાગશે. ત્યાર-પછી સંસારની આળપંપાળમાં જે લગની છે. તે રહેશે નહિ. અને કૃષ્ણની માફક સાચા લટકાળા બનશો. સંસારની સમૃદ્ધિ દ્વારા લટકાળા બની લહેર કરવી તે સત્ય લહેર નથી. તેમજ તેથી વિલાસોમાં લટકી રહેવાનું થશે. અને વિકાસને પામશો નહિ. અને વિનાશને આમંત્રણ આપવા જેવું બનશે. માટે અનુભવ મોરલીમાં લય લગાડી સત્ય લટકાળા બનો.

જ્યારે આવા બનશો ત્યારે આત્મિક વિલાસોમાં સત્ય લહેરીનો અનુભવ આવશે. હવે અનુભવ લહેરીએ, મહીયારણ બનીને સાત નયોના વાક્યોરૂપી દહીથી ભરેલી મટકીને માથે લઈ દહી વેચ્યું. અને દહીનો સ્વાદ લગાડીને કહ્યું કે, નયાભાસને પકડી રાખો નહિ. પણ સાત નયો રૂપી અનેકાંતનો અનુભવ લો. એકાંતના આગ્રહી બનશો તો ઝગડાનો, કલેશ, કજીઆનો આરો આવશે નહિ. અને આત્મોન્નતિ સધાશે નહિ. સંસારમાં એકાંત જે, નયાભાસ છે તેને પકડી રાખનાર આત્મવિકાસ સાધી શકવા સમર્થ બનતા નથી. આવી ઉમદા મહીયારણનો આદર કરો. કે જેથી, વિષમતા રહે નહી. અને સમતાને આવવાનો અવકાશ મળે. આહીરણ કોણ ! તેને સદ્ગુરૂ સમજાવે છે કે, ક્ષયોપશમજન્ય જ્ઞાનવૃત્તિની લહેર કહો કે, અનુભવ. આ આહીરણ, આત્મજ્ઞાનરૂપ દુધને જમાવી દહીનો સ્વાદ ચખાડે છે. આ દહી ચેતનને થએલ ગર્વની ગરમીને દુર કરે છે. અને શાંતિ અર્પણ કરે છે. એટલે દુન્યવી વિષયના સ્વાદમાંથી મનોવૃત્તિ દૂર જાય છે. અને અનુભવની લહેરીમાં લગની લાગે છે. સંસારમાં રહેલી રબારણો ભલે દહી વેચે. અગર ઘાંચણો ભલે વેચે. પરંતુ તેથી ગર્વની ગરમી, ખુમારી ખસતી નથી. અને જઠરાગ્નિ બરોબર હોય તો, અધિક દહીને ખાશો તોપણ નિદ્રા, આળસ આવશે. તેમજ તેથી બાદીનો ઉપદ્રવ થવાનો પણ સંભવ છે. પણ સાત નયોદ્વારા મળેલ, અનુભવ રૂપી

દહી તો એવું છે કે, જેમ જેમ અધિકાધિક ખાશો તેમ તેમ નિદ્રા પણ ઓછી થશે. સઘળા ઉપદ્રવો નાશ પામશે. માટે દુન્યવી દહીમાંથી પ્રીતિને દુર કરી, આત્મજ્ઞાનરૂપી અનુભવમાં ચિત્તને ચોંટાડો. હવે અનુભવની લહેરી આવતાં આત્મજ્ઞાનીએ શું કર્યું ! તે દર્શાવતાં સદ્ગુરૂ ઉપદિશે છે કે, જડ, ચેતન તથા સંયોગ સંબંધે મળેલ સાધન સામગ્રીના અને સ્વરૂપ સંબંધે રહેલા આત્મિકગુણોની બરોબર સમજણના યોગે, ભેદદષ્ટિ, વિવેક રૂપી તૃતીય લોચન ઉત્પન્ન થયું. તે દ્વારા, તે રૂપી લાકડીવડે દહીની મટકીને તોડી. તેમાંથી તત્ત્વજ્ઞાનનો આસ્વાદ લેવા માંડ્યો. એટલે સંયોગ સંબંધે પ્રાપ્ત થએલ પદાર્થોમાંથી વૃત્તિઓને હઠાવી, આત્માના ગુણોમાં, તત્ત્વજ્ઞાનમાં લગની લગાડી લહેર કરવા લાગ્યા. આવી લહેરી કયારે આવી વસે કે, જ્યારે ગીર્વાણીના ગીરધારી બની, તેમાં પ્રેમ લગાડો ત્યારે જ. ગીર્વાણી એટલે પ્રાકૃત, સંસ્કૃતની ભાષાને રીતસર ભણી, આગમોનો અભ્યાસ સારી રીતે થાય છે ત્યારે, ગીર્વાણીના ધારી બનાય છે. આ મુજબ સમ્યગ્-જ્ઞાનીએ ભાખ્યું છે. કૃષ્ણ મહારાજા તો, મોટી કોટીશિલા ઉપાડી, ગિરિધારી બન્યા. અને ગાયોનું રક્ષણ કર્યું. તમે ધારશો તો ગીર્વાણીને ધારણ કરવા પૂર્વક, પાંચ ઇન્દ્રિયો કે જે, ક્રોધ કામાદિમાં સપડાઈ છે. તેઓને હઠાવી જીનેશ્વર-ભાષિત ગુણાનુરાગ, સદ્વર્તનમાં તેને જોડી રક્ષણ કરી શકશો. માટે સત્ય ગીર્વાણીના ધારક બની, આત્મધ્યાનનો

રાસ રમાડો. અને આત્મધ્યાનમાં પાંચ ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓને લયલીન કરશો ત્યારે, સત્ય આનંદની ખુમારી આવતી રહેશે. કૃષ્ણે તો ગોપીઓને રાસ રમાડી આનંદ માણ્યો. પણ તેનો તેવો આનંદ કાયમ રહ્યો નહિ. તેમજ રહેતો પણ નથી. કારણ કે, મુર રાક્ષસને તથા કંસને પરાસ્ત કરવા યુદ્ધ કરવા પડ્યા છે. તેમાં સત્ય આનંદ ક્યાંથી હોય ? પણ ગીર્વાણીના ધારક ? ચેતનજી ? તમે તો પાંચ ઇન્દ્રિયોના તેવીસ વિષયો અને તેના દ્વારા ઉત્પન્ન થએલ બસોને બાવન વિકારોને શુભાશુભ વૃત્તિઓને આત્મજ્ઞાન, ધ્યાનમાં લીનતા કરાવી, રાસ રમાડ્યો કે, તેનો રસ અને રંગ હઠ્યો નહિ. અને હઠશે પણ નહિ. માટે સત્યરાસના રસરંગમાં લયલીન બનો. એટલે મોટા રાક્ષસો, અહંકાર, મમકાર, મોહાદિક જે ઘાતિક કર્મો છે તેઓને પરાસ્ત કરવા સમર્થ બનશો. અને અનુક્રમે મૂલમાંથી તેઓને પરાસ્ત કરી, તમારી સ્વસંપત્તિ જે, શાશ્વતી રહેલી છે તેના સ્વામી બનશો. તેમાં અજાયબી નથી. પરંતુ જ્યારે તમો હે ચેતનજી ! આત્મધ્યાનમાં લીનતા કરશો ત્યારે, આન્તરિક રાક્ષસોને દૂર કરી શકશો. માટે કર્મોને કાઢનાર સાચા કૃષ્ણ બનો. કૃષ્ણ તે આત્મા છે. તેનું ધ્યાન કરો. તેમાં લગની લગાડો. સદ્ગુરૂ કહે છે કે, નિશ્ચયનયથી આત્મા વિષ્ણુ છે. અને વ્યવહારે કૃષ્ણ કહેવાય છે. કેવી રીતે ? સાંભળો ? આત્મા, મોહમદિરાના અને અહંકાર, મમતાના જે તોફાનો છે તેના અવિષ્કારોને હઠાવી, તે જન્ય ક્રિયાઓનો

ત્યાગ કરી, આત્મતત્ત્વમાં સ્થિરતા ધારણ કરે છે ત્યારે, કૈવલ્યજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. તે વેળાએ તેમનું જ્ઞાન, લોકાલોકમાં વ્યાપ્ત બને છે. અને દ્રવ્ય, ભાવથી સર્વ પદાર્થોને જાણે અને દેખે છે. જ્ઞાન અને ગુણીજ્ઞાનવાન, જુદા નથી. અભેદ ભાવે રહેલ છે. તે અપેક્ષાએ આત્મા વિષ્ણુ કહેવાય અને આઠેય કર્મોની વર્ગણાઓ જે અનંતી રહેલી છે. તેણીઓને કાપવા માંડેલ હોવાથી વ્યવહારે આત્માનું નિરીક્ષણ કરવા પૂર્વક, કર્મોનો પરાસ્ત કરવા તત્પર થવું તે અગત્યનું કર્તવ્ય છે. હે ચેતન ! તું અન્યત્ર ક્યાં આથડે છે ? બાવળીયામાં ક્યાં બાથ લગાવે છે ! ત્યાં તો કંટકો ભોંકાશે. કદાચ સાવધાની રાખીશ તો ફલ તરીકે તેના પઇડા મળશે. તે બાવળીયાના ફલ તરીકે પઇડા તો, બકરા, બકરીઓ ખાય. તે તો પશુ કહેવાય છે. શું તારે પશુ બનવું છે ? માટે આવા પુદ્ગલજન્ય પદાર્થોમાં આસક્તિનો ત્યાગ કરી, આત્મિક ગુણોનું અમૃત-પાન, ભોજન કરવું જોઇએ. આ પ્રમાણે આત્મા તે કૃષ્ણ છે. અને ઔદયિક ભાવ રૂપી જલધિમાં નિવાસી છતાં, પરભાવ રૂપી નાગરાજને દમન કરવા પૂર્વક, તેનો પરાજય કરીને ક્ષયોપશમ ભાવમાં પોઢ્યો છે. ત્યારપછી ક્ષાયિક ભાવમાં લીનતા ધારણ કરીને વિષ્ણુ રૂપે વિલાસી બને છે. અને ક્ષાયિક ભાવમાં વિલાસી બનશે. આ મુજબ બને છે ત્યારે, નિજગુણકર્તા અને પરગુણહર્તા બને છે. બનેલ છે. અને બનશે. તેથી આત્માને કૃષ્ણ તરીકે કહેલ છે. માટે

બીજે કૃષ્ણની શોધ ક્યાં કરશો ! તમો જાતે જ કૃષ્ણ છો. આત્માની ઓળખાણ થતાં, સત્ય કૃષ્ણની ઓળખાણ થાય છે. પછી તાણાતાણ રહેશે નહિ. બરોબર સમજણના અભાવે, અન્તરના ભેદને પામ્યા નહિ. અને પામશો પણ નહિ. કોઈ બ્રહ્માના ભક્તો, કહે છે કે જગતમાં બ્રહ્મા મહાન્ છે. તેમને પરમેશ્વર માની, તેમની વંદના, પૂજના કરો. ત્યારે કોઈ કહે છે કે, શંકરજી મહાન્ છે. માટે તેમને જ પ્રભુ તરીકે માની, વંદના, પૂજના અને ધ્યાનાદિક કરવું. કોઈ કહે છે કે, શ્રી કૃષ્ણ મહારાજ મહાન્ છે. આમ તાણાતાણમાં આન્તરિક ભેદ જાણવો જોઇએ તે જાણ્યો નથી. અને આત્માની ઓળખાણ થવી જોઇએ તેનાથી બેનશીબ રહ્યા. અને આવા પ્રકારની તાણાતાણ કરીને, આત્મિક ગુણોને પ્રાપ્ત કરવા શક્તિમાન્ બન્યા નહિ. માટે અરે કૃષ્ણના ભક્તો ? આત્મા તે કૃષ્ણ તથા વિષ્ણુ પણ છે. આવા આત્માનું ધ્યાન ધરો. અને તેનું ગાન કરો. જ્ઞાન, ધ્યાન અને ગાન કરવાથી માનવ જન્મનો સાચો લ્હાવો મળશે. બાહ્ય જગતમાં જે વૃત્તિઓ પરિભ્રમણ કરી રહેલ છે. તે વૃત્તિઓ અન્તરમાં સ્થિર કરો, બુદ્ધિસાગર આતમરાજ બનીને, કર્મોને હરિને, હરિ પોતે જાતે બનશો. કારણ કે સર્વશક્તિ આત્મામાં રહેલ છે. તેણીનો આવિર્ભાવ કરી સત્યાનંદનો લ્હાવો લો.

હવે એક ભકતે, સદ્‌ગુરૂ સમીપે આવી નમ્રતાપૂર્વક વિનતિ કરીકે, ગુરૂમહારાજ ? આ મારા આત્માનો ઉદ્ધાર

કરો. અને આત્મિક ગુણોમાં લયલીન થાઉ એવો ઉપાય બતાવો. આ સાંભળી સદ્ગુરૂ સૂરીશ્વરજી બાવનમા પદની રચના કરતાં ફરમાવે છે કે—

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો. એ—રાગ)

હવે હું સમજ્યો જિનવર નામ એક સાચું,
સાચુ જિન નામ બીજું કાચું રે, હવે,
માતપિતા ભાઇ દીકરાને દીકરી,
લલના કુટુંબ નહિ મારૂં,
મારૂં મારૂં કરી મમતાથી હાર્યો,
જાણ્યું હવે સહુ ન્યારૂં રે. હવે૦ ॥૧॥
જન્મીને જાણ્યું ન તત્ત્વ સ્વરૂપ મેં,
ફોગટ ફંદમાં હું ફૂલ્યો,
લક્ષ્મી સત્તાની ઘેને ઘેરાયો,
ભણતર ભણીને હું તો ભૂલ્યો રે. હવે૦ ॥૨॥
કાયા મન વાણીથી ન્યારો હું આતમ,
અલખ સ્વરૂપી સુહાયો,
ધ્યાન ધરીને જોયું સ્વરૂપ તો,
આનંદ અતિશય પાયો રે. હવે૦ ॥૩॥
ભેદુ ગુરૂએ મને ભેદ બતાવીને, વિષય વાસનાથી વાર્યો,
બુદ્ધિસાગર ધન્ય ધન્ય ગુરૂજી,
આપ તર્યા ને મને તાર્યો રે. હવે૦ ॥૪॥

સદ્ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સમીપે આવી આત્મિકગુણોની જે ભક્તને ઓળખાણ થઇ છે તે સ્તુતિ કરે છે કે, હે ગુરૂમહારાજ ! તમે જીનેશ્વરના ગુણો દર્શાવ્યા તેથી મારા જીવને સમજણ પડી કે, રાગ દ્વેષ, મોહાદિકને સર્વથા, સર્વદા અને સર્વત્ર જીતે તે જિન થાય. અને તે અઢાર દોષોને જીત્યા પછી, જિન થવાય. તેમાં પ્રથમ અહંકાર અને મમકારને મુકવો જોઇએ જ. ત્યારપછી તેઓ દ્વારા ઉત્પન્ન થએલ દોષો, દૂર ખસવા માંડે છે. આ મુજબ સમજણ આવવાથી જીનેશ્વરનું નામ સાચું છે એમ મેં માન્યું. કારણ કે જીનેશ્વરના નામ, ગુણોથી નિષ્પન્ન છે. કોઇ નામ પાડે તેથી જિન થવાતું નથી. "હા." ગુણો તેવા મેળવે તે હરકોઈ વ્યક્તિ જિન થાય. તેથી જીનેશ્વરમાં પ્રીતિ, ભક્તિ, શ્રદ્ધા દૃઢ થઈ. અને આ નામનો જાપ કરવાથી, થોડા પણ તેમના ગુણો ગ્રહણ કરવાથી મોહ મમતા ખસવા લાગી. તેના યોગે, ચિન્તાનો દાહ અને તેનો તાપ ખસવા લાગ્યો. અને શાંતિનો લાભ મળ્યો. તેથી તે નામ સત્ય માનીને તેના ઉપર પ્રેમ વધારવાથી તે નામને જપવા લાગ્યો. અતએવ જગતમાં સંયોગ સંબંધે જે પ્રાપ્ત થયું તેનું નામ. અને વિષયજન્ય સુખ કાચુ લાગ્યું. એટલે તેઓ પ્રતિ જે મમત્વ હતું તે ખસ્યું. અને આત્માથી ન્યારૂં ભાસ્યું. માત, પિતા, ભાઇ, દીકરા અને દીકરી તથા લલના વિગેરે જે પરિવારમાં મારાપણું માની મારૂં મારૂં કરતો હતો અને તેમના પોષણાદિક ખાતર પાપસ્થાનકો સેવતો

હતો. છતાં સત્ય સુખશાતા મળતી ન હોવાથી, આત્મધન, જ્ઞાનધ્યાન ધર્મને હારી બેઠો. તેથી વારે વારે વિઘ્નો આવી પડતાં ઠોકરો વાગવા માંડી. તેથી હે સદ્‌ગુરૂદેવ ? સમજણ-પૂર્વક તમારી પાસે આવીને મેં સુખશાતાનો ઉપાય પુછ્યો અને કરૂણા લાવી, આપે સત્યોપાય દર્શાવ્યો તેથી, જીનેશ્વરનું નામ સત્ય લાગ્યું. અને આ સિવાય બીજું કાચું, ક્ષણ વિનાશી લાગ્યું. જન્મીને જે જાણવાનું હતું તે જાણ્યું નહિ. અને દેખાદેખીએ પણ ફોગટ ફંદમાં ફુલ્યો. પણ સત્યફલ મળ્યું નહિ. છતાં પણ તેમાં ફસાઇ પડ્યો.

એક હાથીની માફક—એક હાથીને તરસ લાગવાથી જલ ભરેલા સરોવરની શોધ કરવા લાગ્યો. સરોવર તો મળ્યું નહિ. પણ, નાનું તળાવ નજરે દેખી તે ખુશી થયો. પણ આ તળાવમાં કેટલું પાણી છે અને કેટલો કાદળ, કચરો છે તેની તપાસ કર્યા વિના તૃષાને શાંત કરવા તેમાં ઝુકાવ્યું. આ તળાવમાં પાણી અલ્પ હતું. અને કાદવ, કચરો ઘણો હતો. તેથી થોડું પાણી પીધું. પણ તેવામાં તે કાદવમાં ફસાઇ પડ્યો. તૃષા બરોબર શાંત થઇ નહિ અને ફસામણીનું સંકટ આવી લાગ્યું. નીકળવા માટે ઘણો પ્રયાસ કરે છે. પણ નીકળી શકાતું નથી. સૂર્યના તાપથી પાણી સુકાતુ જાય છે. અને કાદવ ગાઢ, કઠણ થતો જાય છે. હવે બહાર નીકળાતું નથી તેમ જ પરિવારની મમતા મુકાતી નથી. બે ગણું સંકટ આવી લાગ્યું અને બહાર નીકળવાનો એકે માર્ગ રહ્યો નહિ. આ મુજબ વલોપાત કરતાં અને

મુંઝાતા, ઘણા માસો વીતી ગયા ત્યારે વરસાદ વર્ષ્યો, અને તળાવ જલથી ભરપુર થયું. અને કાદવ, કચરો તળીએ બેઠો ત્યારે, જોર કરવાથી બહાર નીકળી શકાયું. તે પ્રમાણે હે સદ્‌ગુરૂદેવ ! વખત વીતતા તમારા ઉપદેશનો વરસાદ આવવાથી હૈયાનો કાદવ પાતળો થયો. અને બહાર નીકળ્યો. તેથી કાંઇક શાંતિનો અનુભવ પ્રાપ્ત થયો. અને જે વિષકષાયના ફંદામાં ફસાઈ હું કુલ્યા કરતો હતો. તેનો પસ્તાવો કરવા લાગ્યો. તથા પૂર્વોપાર્જીતમાં અને મેં જાતે કાવાદાવા, કુડ, કપટ કરવા પૂર્વક પ્રાપ્ત કરેલી લક્ષ્મીના ઘેનમાં ઘેરાઇ, તથા તેની સંભાળમાં, રક્ષણ કરવામાં હું જે ભણ્યો તે ભૂલ્યો. જેની સંભાળ કરવાની હતી તેની યાદિ પણ કરી નહિ. તેથી આટલી ઉમ્મરમાં પણ આત્મિક ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો નહિ. હવે મારા ભાગ્યોદય યોગે તમારી વાણી શ્રવણ કરવાનો વખત મળ્યો. અને તે વાણી, ઉપદેશને હૈયામાં ધારણ કરવાપૂર્વક દુન્યવી સંબંધીઓનાં સંયોગોમાં તથા લક્ષ્મી સત્તામાં જે આસક્તિ હતી તેનો ત્યાગ કર્યો. અને નિરાસક્ત બનીને આત્મા તરફ લક્ષ દીધું. ધ્યાન, ધારણામાં ચિત્તને ચોંટાડયું. ત્યારેજ આત્મતત્ત્વ, સ્વરૂપનો કાંઈક અનુભવ આવ્યો. અને અનુભવનો સાચો અતિશય આનંદ પ્રાપ્ત કર્યો. તે પણ ભવોભવ ન ખસે એવો. સંસારનો જે આનંદ આવ્યો હતો તે, ઠગારો અને ક્ષણભંગુર ભાસ્યો. અને સત્યાસત્યની સમજણ પડી. આ સઘળો પ્રતાપ હે ગુરૂદેવ ! તમારો છે.

મારા ઉપર કરૂણા કરીને આપે મને જડ, ચેતનના ભેદનો સાચો ઉપદેશ દીધો તેથી, ભેદ પાડનાર તમે મને સાચો કલ્યાણકર ભેદ બતાવ્યો. તેથી વિષયના વિકારોમાં હું સુખ માની બેઠો હતો તેઓનાથી વાર્યો. અને સત્યસુખની સમજણ આપી. આ કાંઈ જેવો તેવો ઉપકાર નથી. હવે તેવી વિષય વાસનાને દુર કરવામાં આત્મજ્ઞાન, ધ્યાનના યોગે સમર્થ બનેલ છું. હવેથી તેવી વાસના પણ ખસવા લાગી છે. માતપિતાદિ સગાંવહાલાં આવો ઉપકાર કરવાને શક્તિવાળા નથી. સમજણ આપે તો, લક્ષ્મી, સત્તા વિગેરેની આપે. પણ આત્મિક, સત્યસત્તારૂપી લક્ષ્મીની સમજણ આપી શકતા નથી. તેથી હે સદ્ગુરૂદેવ ? તમે તર્યા. અને ભવસાગરમાંથી મને તાર્યો. સંસારની ચક્કીમાં પરિભ્રમણે ચગદાતો હતો તેમાંથી ઉદ્ધર્યો. તથા સંસારની સાઇડીમાં, કાટમાં પુનઃ પુનઃ સરાતો દેખી તે સાઇડીમાંથી ખેંચી કાઢ્યો. સંસારના ત્રિવિધ સંતાપે બળી રહ્યો હતો તેમાંથી બચાવ્યો. જન્મ, જરા અને મરણના ફેરાઓને અલ્પ કર્યા. તમારો આ ઓછો ઉપકાર નથી. માટે તમેજ સત્ય માતપિતા વિગેરે સત્ય સ્નેહી છો. તમારો ઉપકાર કદાપિ ભૂલીશ નહિ. વારેવારે સ્મરણ કરી તમારા ગુણોનું કીર્તન કરીશ. આ મુજબ સ્તુતિ કરીને નિરાસક્ત બની આત્મા તરફ તે ભાગ્યશાલી નજર રાખવા લાગ્યો. તે પ્રમાણે અરે ભાગ્યવાનો ! તમે પણ સંસારની સાઇડી, ચક્કી, સંતાપના ચગડોળે ચઢેલા હોવાથી અસહ્ય વેદના,

સંતાપ, વિડંબના, વિપત્તિને ભોગવી રહ્યા છે. તેમાંથી મુક્ત થવા માટે જગતની જૂઠી બાજીમાં રમણુતા કરો નહિ. અને પોતાનો અને પરનો ઉદ્ધાર કરવા વિચારણા અને વિવેક કરવા બેઘડી પણ વખતને કાઢો. આના ઉપર ઉપદેશ આપતાં સદ્ગુરૂ યોગનિષ્ઠ આચાર્ય મહારાજ ત્રેપનમા પદની રચના કરતાં ફરમાવે છે કે—

( રાગ—કાન્હરો )

કયાંથી આવ્યો કયાં જાઇશ ભાઇ,
જોને તપાસી તારી સગાઇ. કયાં૦ ॥૧॥
કાયા માયા કાચી કે સાચી,
રંગમાં રાચી રહ્યો શું માચી. કયાં૦ ॥૨॥
ફૂલી ફોગટ શું ફાંફાં મારો,
ફોગટ જન્મ શું માનવ હારો. કયાં૦ ॥૩॥
કંચન કામિની મારાં માની,
નાહક મુંઝે કરી નાદાની. કયાં૦ ॥૪॥
મરણ સમય તું ખાલી જાશે,
ત્યારે મૂરખ તું પસ્તાશે. કયાં૦ ॥૫॥
ચાલ્યા સહુ જન નિજ નિજ વાટે,
ચેત ચતુર તું ચેતન માટે. કયાં૦ ॥૬॥
મધુ બિંદુ સમ સુખ સંસારે,
તૃપ્તિ ન વળશે તેથી કયારે. કયાં૦ ॥૭॥

મોહ માયા જગની છે મોટી,
ક્ષણમાં વિનાશી દુઃખકર ખોટી. ક્યાં૦ ॥૮॥

લટપટ ખટપટ ઝટપટ ત્યાગી,
આત્મસ્વરૂપનો થા તું રાગી. ક્યાં૦ ॥૯॥

સત્ય શુદ્ધ પરમાત્મ સ્વરૂપ,
બુદ્ધિસાગર સુખ ચિદ્રૂપ. ક્યાં૦ ॥૧૦॥

સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી, ભવ્ય પ્રાણીઓને ફરમાવે છે કે, અરે ભાઈ સંસારના માર્ગે જાય છે. અને પાછો ઘરમાં આવ્યા કરે છે. પણ તું ક્યાંથી આવ્યો ! અને ક્યાં જઈશ ! તેની તપાસ કરી ! પહેલી ગતિમાંથી આવ્યો. ને બીજી ગતિમાં જવું પડશે. આ ગતિમાં અમરપટો લઈને આવ્યો નથી ભલે પછી જવા આવવાની દોડધામ કરે. પરંતુ જેવાં કર્મો કર્યાં હશે તે મુજબ, અન્યગતિના આયુષ્ય બંધના યોગે તે જ ગતિમાં ગમન કરવું પડશે. જો આયુષ્ય બંધ, નરકગતિનો અગર તિર્યંચગતિનો પડ્યો હશે તો, મનુષ્યગતિમાં મનુષ્ય તરીકે અને દેવ ગતિમાં દેવ તરીકે થવાશે નહિ. માટે તારી કાર્યવાહી તપાસ. તેં જે જે સંબંધો બાંધી સગાઈ કરી છે તેની પણ તપાસ કર. પ્રથમ સગાઈ સંબંધ કાયા સાથે છે. તે તારી થઈ છે ! ત્હારી થવા મુજબ તેની શક્તિ રહી છે ! તે તો નજરે દેખતાં નરમ પડી જાય છે. ચાલવામાં પણ લાકડીનો સહારો લેવા પૂર્વક ચાલે છે.

વ્યાધિ ઉત્પન્ન થતાં પથારીવશ બને છે. અજીર્ણ થતા તાવ, ઉલટી, ચુંક વિગેરેથી પીડા પામે છે. અને પમાડે છે. આવી કાચી કાયામાં તું માચી રહેલ છે. તે સાચી છે કે કાચી ! તેનો ઉત્તર આપ ? તું કહીશ કે, તે કાયા કાચકુંભ તથા કાચી માટીના ઘડા સમાન કાચી છે. ભૂલથી નાશ પામતા વિલંબ થતો નથી. તથા વીજળીના ચમકારાની માફક ચમત્કાર દેખાડી વિલય પામે છે. તથા સંધ્યારંગની માફક મનોહરતા દેખાડી તેનો રંગ બદલાઈ જાય છે. તો પછી અરે ભાઈ ? આવા ચમત્કારમાં અને ક્ષણભંગુર રંગમાં શું રાચી રહેલ છે ! કદાચ પુણ્યયોગે જેટલું આયુષ્ય હશે તે મુજબ ટકશે. પછી આયુષ્ય ખતમ થતાં ક્ષણવારમાં નાશ પામશે. આયુષ્ય દરમ્યાન, વિવિધ વિપત્તિઓ, વિઘ્નો અને વિડંબના પણ વળગવાની. માટે આવી કાયાની માયા ઉતારવા જેવી છે. છતાં રૂપવતી કાયામાં મમતા રાખી, તેની ઘણી સારવાર કરવા પૂર્વક, ફૂલીને ફોગટ ફરે છે અને માને છે કે, આ કાયાથી જ કલ્યાણ થશે. તેથી જન્મ, જરા, મરણના સંકટો આવશે નહિ. આમ ધારણા કરીને કાયાની સંભાળમાં ફાંફાં મારે છે. પણ જ્યારે, જે વેળાએ અને જે પ્રકારે, આ ગળડી પડશે ત્યારે, તને માલુમ પડશે નહિ. માટે આવા ફોગટ ફાંફા મારી, અમુલ્ય માનવ ભવને શા માટે વૃથા ગુમાવે છે ! અમુલ્ય, કામઘટ, કલ્પતરૂના કરતાં અતિશય લાભ આપનાર, આત્મજ્ઞાન, ધ્યાનમાં પ્રેમને લગાવ. ધર્મ-

ધ્યાનમાં ચિત્તવૃત્તિને ચોંટાડવાથી, સત્ય સુખને આવવાનો માર્ગ મળશે. અન્યથા તો આધિ, વ્યાધિ વિગેરે વિપત્તિઓમાં તે કાયા ફસાવી નાખશે. સનત્‌કુમાર ચક્રવર્તીને પણ વ્યાધિઓએ ઘેરી લેતાં વિલંબ કર્યો નહિ. તો પછી તારો શો હિસાબ ? માટે જાગ્રત થા. તેં ફક્ત કાયામાં જ માયા, મમતા ધારણ કરી નથી. પરંતુ કંચન, કામિની, કુટુંબ, કંપની વિગેરેમાં માયા, મમતાને, સર્વ સંકટોને, સર્વ વિપત્તિઓને હઠાવનાર માની, જીંદગાની પર્યંત વેઠ કરી. પણ સત્યસુખનો લેશ પણ પ્રાપ્ત થયો નહિ. તો પછી તે, આગળ સત્ય સુખ શાંતિ આપશે એવી આશા રાખવી નિરર્થક છે. માટે સદ્‌ગુરૂ બુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે કે, કંચન, કામિની, કુટુંબાદિને પોતાના માની, નાદાની કરવાપૂર્વક નાહક શાને મુંઝાય છે ! અને મારૂં મારૂં કરીને શા માટે વેઠ કરે છે ! તારૂં હોય તો તે તારી પાસે રહેવું જોઇએ. પણ તે સદાય અને પરભવમાં નિરન્તર સાથે રહેતું નથી. તેથી તારે માનવું જોઇએ કે, આ, સંયોગે મળેલ સર્વ સંબંધો અને સંયોગો વખત આવે ખસી જનાર છે. વિયોગવાળા છે. માટે અરે નાદાન ! મારૂં મારૂં કરીને નાદાની કર નહિ. અને મુંઝાય નહિ. જ્યારે તું મરણ પામશે ત્યારે સર્વેનો ત્યાગ કરી ખાલી હાથે પરભવે જવું પડશે. સાથે આવશે કરેલા શુભાશુભ કર્મોના સંસ્કારો અને વાસનાઓ. જ્યારે ખાલી હાથે જવાનું થશે ત્યારે, ઘણો પસ્તાવો થશે. કારણ કે, કંચન,

કામિની, અને કુટુંબના પોષણમાં આત્મસ્વરૂપનો ખ્યાલ રહ્યો નહિ. અને કરેલી મહામહેનત માથે પડી. ફલવતી બની નહી. માટે સદ્‌ગુરૂની શીખામણ માની, વ્યવહારિક કાર્યો કરતાં આત્મિકધર્મને ભૂલ નહિ. દરેક માનવ, દાનવ અને દેવો પણ કરેલા કર્મો મુજબ પોતપોતાની વાટે, માર્ગે અંતે ચાલ્યા ગયા છે. અને જશે. રાજા, રંક, શંકર કે કિંકર, શેઠ કે શઠ, જે કોઈ ઉત્પન્ન થયા છે. તે સર્વેને ખાલી હાથે ગમન કરવું પડે છે. માટે હે ચતુર ચેતન ? જલ્દી ચેતી જા. અને પુણ્યની કમાણી તથા તેના સંસ્કારો સાથે લેતો જા. એટલે વિપત્તિ વિગેરે આવશે નહિ. તારે પણ એક દિવસ એવો આવશે કે, જ્યારે જન્મ્યો નહોતો. માટે જે સુકૃત કરવું હોય તે કરી લે. અન્યથા પ્રાણો છૂટશે ત્યારે ઘણો પસ્તાવો થશે. પસ્તાવો થાય નહિ તે માટે, હે ચેતન ? પ્રથમથી જ ચેતીને ચાલ. મધુ બિન્દુ સરખા સાંસારિક વૈષયિક સુખમાં મસ્ત બનવું જોઇએ નહિ. તેથી જે સત્ય સુખ છે તે કદાપિ પ્રાપ્ત થશે નહિ. અપૂર્ણ જ રહેશે. સાંસારિક સુખમાં શાંતિ મળશે તે ભ્રમણા કદાપિ ટળશે નહિ. અને સગાંવહાલાંને પણ દગા, વિશ્વાસઘાત, છેતરપિંડી કરવાનો પણ વિચાર જાગશે.

**એક પિતા પુત્રની માફક**—એક બાપ દીકરો પૈસા કમાવવા ખાતર મુસાફરી કરી રહ્યા છે. તેવામાં રસ્તામાં એક આકડાનું વન આવ્યું. તે દેખી દીકરાએ કહ્યું કે, બાપા, આક,

આકડાના બદલે આક બોલેલ હોવાથી અને તેનો પિતા, વાઘ સમજેલ હોવાથી, તે ભયભીત બન્યો. અને હાય ! આ વાઘ મારી નાંખશે. માટે કાંઇક બચવાનો ઉપાય કરૂં. આમ વિચારી તેનો પિતા, પુત્રને કહે છે કે, અરે દીકરા ! તું પાછળ છે તો હવે આગળ થા. કારણ કે, આ વિકરાળ વાઘ માર્યા વિના રહેશે નહિ. તને મારશે તો પારકી દીકરી રાંડશે. વિધવા બનશે. અને મને મારે તો તારી મા રાંડે. માટે તું આગળ થા. આ પ્રમાણે સાંભળી તેનો પુત્ર હસવા લાગ્યો. અને મનમાં વિચાર કરે છે કે, મારા પિતાને સ્વપ્રાણો સાથે સંપત્તિ બચાવવા કેટલી તમન્ના છે ! કે પોતાના પિતા તરીકે થઇને મારા પ્રાણોને નષ્ટ કરવા માટે કેવો ઘાટ મારા પ્રત્યે ઘડ્યો. અરે હાય ! સંસારમાં સ્વાર્થ ખાતર કેવા ઘાટ ઘડાય છે. આ મુજબ વિચાર કરી રહેલ છે. તેવામાં, પેલો વાઘ પણ બીજે સ્થલે જતો રહ્યો. ત્યારે, તેના પિતાએ કહ્યું કે, અરે દીકરા ! હવે કાંઈ બાધ જેવું નથી. હું આગળ જાઉં છું. તું પાછળ આવ. આમ કહીને પિતાએ આગળ ચાલવા માંડ્યું. સદ્‌ગુરૂ દેવ કહે છે કે, અરે નાદાન ! શરીર માટે તેમજ માયા મમતામાં મગ્ન બની નાદાની કર નહિ. અને આત્મ-હિતકર જે જે હોય તે સાધી લે. વિષયસુખો પણ મધુ બિન્દુના સરખા છે. હાથીથી ભયભીત બનેલા મુસાફરે પ્રાણો બચાવવા ખાતર ગોઝારા કૂવામાં પડતું મુક્યું. પરંતુ તે કુવામાં ઉગેલા વડની વડવાઈ તેના હાથમાં

આવી. તેને પકડીને અદ્ધર લટકી રહ્યો. પાછળ પડેલા હાથીએ કુવામાં ન પડતાં, વડના થડને સુંઢ ભરાવી હલાવવા માડયું. તેથી વડની ઉપર રહેલા મધપુડામાંથી મધના બિન્દુઓ તેના મુખમાં પડવા લાગ્યા. તે બિન્દુઓનાં મીઠાશમાં તે પથિક એવો મગ્ન બન્યો કે, નીચે રહેલા અજગરને દેખતો નથી. તથા વૃક્ષના મૂલને કાળો અને ધોળો બે ઉંદરો કાપી રહેલ છે. અને વિફરેલો હાથી આ વડને પાડી નાંખશે અને અજગરના મુખમાં પડી મરણ પામવું પડશે. તથા મધમાંખો તીક્ષ્ણ ચટકા મારે છે તેની તેને બિન્દુઓના સ્વાદમાં માલુમ પડતી નથી. આવી પરિસ્થિતિ આવી લાગી છે. તેવામાં એક વિદ્યાધરે કરૂણા લાવી કહ્યું કે, અરે મુગ્ધ ? આવી વિડંબના આવી લાગી છે છતાં તેઓની મીઠાશમાં કયાં મસ્તાન બનેલ છે ! આ મીઠાશમાં તો મધુરો માર ખાઈને અજગરના મુખમાં મરણ પામીશ ! જો તારી અભિલાષા હોય તો આવી પરિસ્થિતિમાંથી તને ઉચકી લઈ વિમાનમાં આરૂઢ કરૂ. આ મુજબ શ્રવણ કરી મુસાફર વિદ્યાધરને કહેવા લાગ્યો કે, તમારા વિમાનમાં આરૂઢ થવાની ભાવના તો વર્તે છે. પણ કયારે આવું કે, આ મધપુડો ખલાસ થાય ત્યારે આવું. માટે જ્યારે ખાલી થાય ત્યારે આવજો. અત્યારે તો આ મીઠાશ આવી રહેલી છે તેનો સ્વાદ ચાખી લેવા દો. આ પ્રમાણે સાંભળી, વિદ્યાધર તેની હાંસી કરતો ચાલ્યો ગયો. કહો અરે ચેતન ? આથી શી દશા થાય ? મરણ પામે

કે મીઠાશ દરરોજ માણે ? તને માલુમ પડી હશે કે હાથી રૂપી કાળ પાછળ પડેલ છે. આયુષ્યરૂપ વડની વડવાઈ છે. અને તે ઝાડના વિષયો રૂપી મધપુડામાંથી બિન્દુઓ પડી રહેલા છે. વડ કંપતો હોવાથી તેના મુખમાં મધની મીઠાશ આવે છે પણ બે ઉંદરો મૂલને કાપી રહેલા છે તેની તરફ નજર પણ કરતો નથી. અને માખીઓ ચટકા મારી રહેલ છે તે, વિષયવિકારોની મીઠાશમાં ભૂલી જાય છે. પરિવારમાં કોઈ સામું બોલે છે, મેણા મારે છે, અપમાનાદિ કરે છે. છતાં કંટાળો આવતો નથી. તે અચંબો કહેવાયને ? મૂલ-રૂપી આયુષ્ય ખતમ થતાં, કુવામાં પડી મરણ પામીને ચારે ગતિમાં ટીચાવાનું થશે. માટે હે ભવ્ય ચેતનજી ? જગતની એટલે વિષયકષાયના વિકારોની તને મોટી માયા લાગી છે. પણ અંતે તે ખોટી છે. દગો દઈ રખડાવશે. કારણ કે તે ક્ષણવિનાશી છે. તેમાં વિશ્વાસ રાખવા જેવો નથી. માટે જે લપ વળગી છે તેનો ત્યાગ કરવા પૂર્વક લટપટ, ખટપટને, ઝટપટ દુર કરી, તેનો ત્યાગી બની, આત્મસ્વરૂપનો પ્રાદુર્ભાવ થાય તે મુજબ આત્મિકગુણોનો રાગી થા. તેથી આત્મામાં અનાદિકાલથી સત્તામાં રહેલ અનંત શુદ્ધિની સાથે અનંત સુખ, સમૃદ્ધિના અનુભવમાં અનંતકાલ પર્યંત તું ઝીલશે. કદાપિ તેનો અંત આવશે નહિ. અતએવ સદ્ગુરૂ ઉપદિશે છે કે, આ પ્રમાણે વર્તન કરવાથી હે ચેતન ? તું અનુક્રમે સત્ય, શુદ્ધ, પરમાત્મ-સ્વરૂપ, બુદ્ધિસાગર જે કેવલજ્ઞાન પામી, સુખચિદ્રૂપ

બનીશ. ત્યાર પછી બીજીવાર જન્મમરણના અનંત દુઃખ રહેશે નહિ.

હવે સદ્‌ગુરૂ યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી ચોપનમા પદની રચના કરતાં, જૈન શ્રાવકને આત્મતત્ત્વની ઓળખાણ કરાવવા પ્રથમ કર્તવ્ય કરવાનો ઉપદેશ આપતાં કહે છે કે—

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ—રાગ )

શ્રદ્ધાળુ ગંભીર શ્રાવક સુજાણ છે,
જીવદયાળુ ઘટમાં સત્ય વિવેકજો,
નવતત્ત્વાદિક સમજે ગુરૂગમ જ્ઞાનથી,
જૈન ધર્મની સાચી મનમાં ટેકજો. શ્રદ્ધાળુ૦ ॥૧॥

જીનવર દેવ ગ્રહ્યાથી તેહ સનાથ છે,
અનાથ નહી કહેવાતો શ્રાવક પુત્રજો,
કરે કમાણી ન્યાયથકી સંસારમાં,
સંતોષે ચલવે છે ઘરનું સૂત્રજો. શ્રદ્ધાળુ૦ ॥૨॥

મુનિની પાસે વ્રત ઉચ્ચરતો ભાવથી,
લીધાં તેવાં વ્રત પાળે ગુણવાનજો,
સાધર્મીને દેખી મન હરખાય છે,
ભક્તિથી કરતો તેનું બહુ માનજો. શ્રદ્ધાળુ૦ ॥૩॥

સત્ય મનોરથ મુનિ વ્રતનો દીલમાં કરે,
કારાગ્રહ સમ જાણે આ સંસારજો,
જલપંકજવત્ ન્યારો અન્તરથી રહે,
સંકટ પડતાં ધરે ધીરજ નિર્ધારજો. શ્રદ્ધાળુ૦ ॥૪॥

સદ્ગુરૂ મુનિને ખમાસમણ દે ભાવથી,
ગુરૂ સાક્ષીએ કરતો પ્રત્યાખ્યાનજો,
પ્રતિક્રમણ સામાયિક સમજીને કરે,
ધર્મકર્મમાં નિશદિન રહે ગુલતાનજો. શ્રદ્ધાળુ૦ ॥૫॥

નિન્દા લવરી ચાડી ચુગલી નહિં કરે,
પ્રિય સાચથી બોલે રૂડા બોલજો,
ચોરી જારી પાપ કરે નહિં સ્વપ્નમાં,
જૈનધર્મનો વધતો તેથી તોલજો. શ્રદ્ધાળુ૦ ॥૬॥

જિન પ્રતિમાને પૂજે જે બહુમાનથી,
જિનની આણાએ સમજે જે ધર્મજો,
દાન દિયે મુનિવરને જે બહુમાનથી,
એવા શ્રાવક પામે શાશ્વત શર્મજો. શ્રદ્ધાળુ૦ ॥૭॥

તન મન ધનથી જૈન ધર્મ વૃદ્ધિ કરે,
ગુરૂ આણાએ ધર્મ કરે સુખકારજો,
બુદ્ધિસાગર શ્રાવક એવા પાકશે,
ત્યારે થાશે જૈન ધર્મ ઉદ્ધારજો. શ્રદ્ધાળુ૦ ॥૮॥

સદ્‌ગુરૂ આચાર્ય ભગવાન્ કહે છે કે, જૈન, શ્રાવક કેવા હોય ! જે વિચાર અને વિવેકપૂર્વક, વીતરાગ જીનેશ્વરજીના વચનોમાં પૂર્ણ શ્રદ્ધાવાન્ હોય, શ્રદ્ધાવાળા હોવાથી બાર વ્રતોની આરાધના કરવામાં શક્ય તત્પર હોય, તે શ્રદ્ધાવાન શ્રાવક કહેવાય. સંસારના વ્યાવહારિક કાર્યોમાં, સદ્વિચાર અને વિવેકી હોવાથી તે મોહમુગ્ધ બનતા નથી. તે કારણે તેમનામાં ગંભીરતા વસેલી હોવાથી ગંભીર હોય છે. કોઈના દોષો સાંભળી, જાહેરમાં મુકે નહિ. પણ દોષવાળાને ખાનગીમાં શીખામણ આપી સન્માર્ગે, મોક્ષમાર્ગે વાળે. તથા પોતાના જે જે ગુણો હોય, દાન, શીયળ, તપાદિક તેમજ પરોપકાર, સહકાર વિગેરે કર્યો હોય, તે તે જાહેરમાં પ્રસિદ્ધ કરે નહિ. કોઈ, પ્રતિકુલ બની અપમાનાદિક કરે તો પણ, સહન કરનાર હોય. તથા શ્રીમંતોની શોભા દેખી, સાહ્યબી, વૈભવને દેખી ખુશી થનાર હોય, તથા પુણ્ય ક્રિયાઓની પ્રશંસા, અનુમોદના વિગેરે કરનાર હોય. તે ગંભીર શ્રાવક કહેવાય. આવા શ્રાવક, જીનેશ્વર કથિત આગમ વિગેરેને ભાવથી સાંભળી સમ્યગ્‌જ્ઞાન, સુજાણ બનેલ હોય છે. તેથી તે શ્રાવક જીવદયાળુ હોય છે. કોઈ પણ પ્રાણીઓને દુઃખી કરવાની ભાવના તેમને હોતી નથી સર્વે પ્રાણીઓ પર મૈત્રીભાવના, કરૂણાભાવના ભાવીને તથા વૈરને વોસરાવી આત્માસાધનામાં પ્રેમવાન્ હોય છે. તેથી ઘટમાં સદ્વિચારના યોગે, જડ, ચેતનની વહેંચણી કરવા પૂર્વક, વૈષયિક સુખ-

વિલાસના વિલાસી ક્યાંથી બને ! કારણ કે, સદ્ગુરૂના શ્રીમુખદ્વારા તેમણે નવતત્ત્વાદિ સાંભળેલ હોય છે. અને સાંભળતા હોય છે. તેથી સુદેવ, સુગુરૂ, સુધર્મમાં સાચી ટેક, શ્રદ્ધા હોય છે. વિપત્તિ, વિઘ્નો, વિડંબનાદિ આવી વળગે તો પણ, જે ટેક છે તેનો ત્યાગ કરે નહિ. પણ ધૈર્ય ધારણ કરી, સહિષ્ણુ બને. ગભરામણ ધારણ કરી ટેકનો ત્યાગ કરે નહિ તે શ્રાવક કહેવાય. અને તે શ્રાવક પાંચમા ગુણસ્થાનકને ઉજ્જવલ કરવા પૂર્વક, આત્મવિકાસમાં આગળ વધવા યોગ્યતા મેળવે છે. આવા શ્રાવક, જીનેશ્વરને ભાવપૂર્વક ગ્રહણ કર્યા હોવાથી સનાથ બને છે. જેને માથે સત્ય જીનેશ્વરનાથ છે. તેને કોઈ પ્રકારની ખામી રહેતી નથી. નાથ કોને કહેવાય ! જે કદાપિ પ્રાપ્ત થએલ ન હોય તેને અર્પણ કરી નિશ્ચિંત બનાવે અને અર્પણ કરેલનું રક્ષણ કરી વિવિધ વિપત્તિઓની વેદના દૂર કરે તે નાથ કહેવાય. અર્થાત્ યોગ ક્ષેમ કરે તે નાથ. એવા જીનેશ્વરદેવને પામી જે સનાથ બનેલ છે તે સનાથ કહેવાય છે. જગતમાં સાંસારિક પદાર્થો, વસ્તુઓ જેની પાસે હોય નહી તેને આપનાર ઘણા મળી આવે. પણ આધિ, વ્યાધિ અને ઉપાધિને હઠાવનાર કોણ હોય છે? જીનેશ્વર સિવાય કોઈ હોતું નથી. કારણ કે, જીનેશ્વર પ્રભુની સેવા, ભક્તિ અને આજ્ઞાના પાલનથી એવી વસ્તુઓ મળી આવે કે, તેનો કદાપિ નાશ થાય નહિ એવી ઋદ્ધિ, સિદ્ધિ અને શુદ્ધિ હાજર થાય છે. માટે તેઓ સાચા

સનાથ છે. તેમની આજ્ઞાપાલનમાં દરેક વિશ્વના માનવાદિકને યોગક્ષેમતા સ્વયમેવ હાજર થાય છે. આ સિવાય સહારો આપનાર તો મળી આવશે. પણ તે રક્ષણ કરી શકવા સમર્થ બનશે નહિ.

એક શ્રીમંતની માફક—એક મનોહર નગરમાં ઘણો વેપાર ચાલતો હોવાથી, મારવાડી વાણીયો કમાણી કરવા આવ્યો. માલ ભર્યા વિના વ્યાપાર થાય નહિ તેથી, પોતાની મુડીવડે જુદા જુદા પ્રકારનો માલ ભર્યો. તથા વધારે લાભ થાય તે ખાતર ઉધાર લઇને માલ ભર્યો અને કહ્યું કે, એક મહિનામાં તેના નાણા ભરી આપીશ. તે પણ વ્યાજ સાથે. આ મુજબ બીજાને કહીશ તો પણ મને વધારે નાણું મળશે. આ પ્રમાણે વિચારીને કોઈ ધનાઢ્ય પાસેથી રૂપૈયા લાવીને પણ અતિ માલ ભર્યો તો ખરો. પરંતુ જે માલ ભર્યો છે તેના ભાવમાં મંદી આવી. ભાવ વધશે એ આશાએ એક મહિના સુધી માલ વેચી શક્યો નહિ એક મહિનો વ્યતીત થયા પછી લેણદારે રૂપૈયા માગ્યા. મારવાડી વાણીયાએ કહ્યું કે, હાલમાં મંદી છે તેથી માલ વેચી શક્યો નથી. માટે રાહત ખમો. તમારા નાણા વ્યાજ સાથે જરૂર પાછા આપીશ. પરંતુ આ પરદેશી વાણીયો હોવાથી તેનામાં લેણદારને વિશ્વાસ આવ્યો નહિ. ને તકાદો કર્યો. તેથી પોતાની આંટ રાખવા અન્ય પરોપકારી ધનાઢ્યની પાસે જઈ પોતાની વિગત કહેવા પૂર્વક બે લાખ રૂપૈયાની માગણી કરી, તેણે કહ્યું કે, કંઈ પણ ગીરે

મુકયા સિવાય અમે રૂપૈયા ધીરતા નથી. માટે તમારી પાસે જે હોય તે ગીરે મુકો. મારવાડીએ મુછનો એક વાળ તોડી આપ્યો. તેની પરીક્ષા કરવા ખાતર શેઠે કહ્યું કે, આતો વાંકો છે. તેણે કહ્યું કે, **વાંકો હે પણ માંકો હે.** શેઠને તેના વચન પર વિશ્વાસ બેસવાથી બે લાખ રૂપૈયા ગણી આપ્યા. તે લઈને ઉતાવળ કરનાર લેણુદારને વ્યાજ સહિત ચુકવી આપ્યા. પછી બે દિવસમાં, ભરેલા માલનો બે ત્રણ ગણો ભાવ વધ્યો. તેથી ચિન્તા ગઈ. અને તે શેઠને પણ વ્યાજ સાથે રૂપિયા ભરી દીધા. અને આ વેપારી પણ શ્રીમંત બન્યો. વેપાર અધિકાધિક કરવાથી મળેલા રૂપિયાનું રક્ષણ કરવાની ચિન્તા વધી. હવે આ મિલકત કયે સ્થલે મુકવી. આવી અનેક બાબતની ચિન્તા વધતાં શરીરે વ્યાધિ થઈ. દવા તો ઘણી કરી પણ, દરદ નાશ પામ્યું નહિ. તેથી અધિક વલોપાત કરવા લાગ્યો. પણ ચિંતા અને વ્યાધિ દૂર હઠે એવો કોઈએ ઉપાય બતાવ્યો નહિ. અંતે જૈનોપાશ્રયે જઈને ગુરૂદેવની પાસે આવીને પોતાનો વ્યાધિ જાય તેનો ઉપાય પુછ્યો. ગુરૂદેવે ઉપદેશ આપ્યો કે, અરે ભાગ્યશાલી! દુન્યવી સંયોગો અને નિમિત્તોથી મળતા નાણાઓથી તથા શ્રીમંતાઈ અગર સ્વજન વર્ગના સહકારથી ચિન્તા, વ્યાધિ વિગેરે જાય છે તે મ્હોટી ભૂલ છે. નાણા વિગેરે ચિન્તા, વ્યાધિઓને દૂર કરવા સમર્થ છે નહિ જ. તેમાં નિરન્તર સુખશાતાની આશા રાખવી તે વૃથા છે. માટે જીનેશ્વર-

દેવની આજ્ઞાપૂર્વક, સેવા, ભક્તિ, પૂજા, ભાવના કરીશ તેથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે. અને ચિન્તા, વ્યાધિ દુર થશે. અને આત્મજ્ઞાન, ધ્યાન કરવાથી બીજીવાર આવીને તે બહુ દુઃખ આપશે નહિ. વ્યાધિ આવશે ખરી પણ તેનું જોર ચાલશે નહિ. આ મુજબ સાંભળી જીનેશ્વરને પોતાના નાથ બનાવી, વ્યવહારના કાર્યો કરવાથી ચિન્તા અને વ્યાધિ ટળી ગઇ. અને ન્યાય, પ્રમાણિક્તા પૂર્વક વર્તન રાખવાથી સુખી થયો. આ મુજબ શ્રાવક, સંસારમાં ધંધો કરતાં નીતિનો ત્યાગ કરે નહિ. અને સંતોષે ઘરસૂત્ર ચલાવે તથા અણઘડ આત્માનો ઘાટ ઘડવા ગુરૂ પાસે જઇને વ્રત, નિયમ, પ્રત્યાખ્યાન કરી આત્માના ગુણોને અજવાળે. નિર્મલ કરે. આ મુજબ વર્તન કરવાથી મોહમસ્તકે કુઠાર પડે છે. તેથી તે મોહ ભાગતો જાય છે. લીધેલા વ્રતમાં, નિયમમાં વિઘ્નો આવે તો હિંમત હારે નહિ. પરંતુ આત્મબલથી હઠાવી તેનું રીતસર પાલન કરે. તથા સ્વપરનો ઉદ્ધાર કરવા માટે સાધર્મિક બંધુઓને શકય તેટલો સહકાર આપે. એટલે સીદાતાના સંકટમાં ભક્તિભાવથી તન, મન, ધન દ્વારા મદદ કરવા અહોનિશ પ્રવૃત્તિ કરે. તેથી તે શ્રાવક, સમાનધાર્મિક બંધુઓનો ધાર્મિક ક્રિયાઓમાં ઉલ્લાસ વધે. શુભ ક્રિયાઓ કરતા પાછા હઠે નહિ. આ ઘણો લ્હાવો છે. ધન આપવાની તાકાત હોય તો કાયા દ્વારા તેમનું જે કાર્ય હોય તે કરે. અગર આશ્વાસન આપી ધર્મમાં સ્થિર કરે. અને ધર્મની આરાધના કરનારની અનુમોદના કરવા પૂર્વક પ્રશંસા કરી

પ્રમોદમાં ઝીલે. આવા શ્રાવકો, પ્રભાવક કહેવાય. એટલે સ્વપરનો ઉદ્ધાર કરી જૈનશાસનનો પ્રભાવ સર્વત્ર ફેલાવે. તેથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. માટે સ્વપરનો ઉદ્ધાર કરવા પાછા હઠવું નહિ. તથા સમ્યગ્જ્ઞાનપૂર્વક વ્રતોનું પાલન કરતો તે પ્રભાવક શ્રાવક, મુનિ ધર્મને પાલવાની ઇચ્છા દરરોજ રાખે. ગૃહસ્થપણાને દુઃખમય, દુઃખજનક, અને દુઃખ પરંપરા રૂપ માનતો, તથા કારાગ્રહ તરીકે જાણતો, તેમાંથી કદા મુક્ત બનું! આ મુજબ વિચારણા કરવાપૂર્વક લાગ મળતાં તેમાંથી ખસી જાય. પછી સંયમની રીતસર આરાધના કરી આત્મતત્ત્વજ્ઞાની બને. તથા સાંસારિક સંબંધોમાં ફસાય નહિ. પાણીમાં પંકજની માફક નિર્લેપ રહે. પરિષહ, ઉપસર્ગો આવે ત્યારે ધીરજ રાખી તેને સહન કરી, આત્મધ્યાનમાં સ્થિરતા રાખે. પરંતુ ભયભીત બને નહિ. જીભ, છ રસનો સ્વાદ લે છે છતાં નિર્લેપ રહે છે. તે મુજબ વ્યવહારના કાર્યો કરતાં તેમાં લેપાયમાન થાય નહિ. ન્યાયસંપન્ન વિભવવાન્ બની, શિષ્ટાચારનું પાલન કરવા પૂર્વક, પાપભીરૂતા તથા ભવભીરૂતા દિલમાંથી દુર ખસેડે નહિ. તથા સદ્ગુરૂ પાસે જઈ ખમાસમણ દઇ તેમના ઉપદેશ વાણીરૂપી પાણીમાં સદા ઝીલી નિર્મલ બને. પાંચ ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓને કબ્જામાં કરી, આત્મતત્વનું નિરીક્ષણ કરે. તથા. દશ મનના, દશ વચનના, અને બાર કાયાના જે બત્રીશ દોષો છે. તેઓને તપાસવા દરરોજ સામાયિક કરે. અગર પ્રતિક્રમણ કરી થએલા

દોષોને, પાપોને દુર કરવા પ્રયાસ કરે. અગર ભાવના રાખે કે, ક્યારે આ પાપો દુર ટળશે. દરરોજ પ્રભુપૂજા કરી પ્રભુના ગુણોને ગ્રહણ કરી ગુણવાન્ બનતો રહે. અને દરેક પદાર્થોમાંથી ગુણોને ગ્રહણ કરવાનું ચૂકે નહિ. દરરોજ ધર્મક્રિયામાં ગુલતાન, મગ્ન રહે. પરંતુ ધાર્મિક ક્રિયાઓ કરી રહ્યા પછી નિન્દા, નિદ્રા, ચાડી, ચુગલી, લવરી કરે નહિ. કારણ કે, તેનાથી જે ધાર્મિક ક્રિયાઓ કરેલી હોય છે તે ફલવતી બનતી નથી. એટલે તેના ફલને નિન્દા, વિકથા વિગેરે નષ્ટ કરે છે. અને તેથી અપ્રામાણિક બની હાંસીપાત્ર બનાય. માટે સાવધાન બની કાર્યો કરવા. જેથી પુણ્યબંધ ટળે નહિ. સત્ય સુખશાતાને પ્રાપ્ત કરવા ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. તેમાં આશાતનાના કારણો મળી રહે તો સુખશાતા ક્યાંથી પ્રાપ્ત થાય? માટે પ્રિય હિતકર અને પથ્યવાણીને શ્રાવક વદે. કટુક વચનોની કડવાશ કેમેય કરીને ખસતી નથી. તેણીને, વાણીને બોલતા ઘણો વિચાર કરવો કે, જેને બોલવાથી વૈરવિરોધાદિ થાય નહિ. અને સંપ, સંપત્તિ, શક્તિનું રક્ષણ થાય. તથા નિન્દા તો અતિ ખરાબ છે. તેનાથી પાપ જ બંધાય છે. કરેલ પરોપકારાદિના બદલે અપકાર, કડવાશ થાય. એક કવિ કહે છે કે, **માતા નાના દીકરાનું મેલું ઠીબડા વડે દુર કરે** પણ નિન્દા કરનાર તો મોટા અને છોટાનું જીભ વડે દુર કરે છે. એટલે તેમની જીભ ખરાબ બની દુર્ગંધવાળી બને છે. સોપારી, પાન, તથા સ્વાદિષ્ટ ભોજન ખાવામાં આવે તો, પણ તે દુર્ગંધ

ટળે નહિ. માટે પરની નિન્દા કરો નહિ. નિન્દા કરવાની ટેવ ટળતી હોય નહિ તો પોતાના દોષોની નિન્દા કરો કે જેથી દોષો ધીમે ધીમે પણ ખસતા જાય. ચાડી, ચુગલી કરવાથી તો, માણસાઇ પણ નાશ પામે છે. અને ચાડીયા તરીકે જાહેર થવાય છે. તેમ જ ચોરી, જારીની ટેવ પડી હોય તેને જરૂર દુર કરવી. જેથી નિર્ભય તરીકે જીવન-પર્યંત માણસાઈ અને ધાર્મિકતા, ધાર્યો લાભ આપી શકે કાછડી છુટ્યાનો તેમ જ ચોરી કરનારનો કોઇ વિશ્વાસ રાખે નહિ. ભલે પછી શ્રીમંત, શાહુકાર તરીકે પ્રસિદ્ધિ પામેલ હોય. ચોરી, જારી કરનારને સ્વપ્નમાં પણ શાંતિ રહેતી નથી. માટે શ્રાવક પોતાના માનવભવને સફલ, સાર્થક કરવા માટે ઉપરોક્ત દોષોને દૂર કરવા પ્રબલ પુરૂષાર્થ કરે તો જ સ્વધર્મને જાળવી શકે. જેમતેમ વર્તન કરવાથી માનવતા પણ રહેતી નથી. માટે જૈન ધર્મનો પ્રભાવ, મહિમા, (તોલ) વધારવો હોય તો, નિન્દા, ચાડી, ચુગલી, ચોરી, જારી નિવારવી. આવા વિવિધ દોષોનો ત્યાગ કર-નાર શ્રાવક કહેવાય છે. અને પોતાના જીવનની પણ તે શુદ્ધિ કરે છે. શ્રાવક, પોતાના જીવને જીન બનાવવા તથા જીવને શિવ બનાવવા શ્રી જીનેશ્વરજીની દરરોજ પૂજા, સેવા, ભક્તિ, સ્તુતિ કરવા પૂર્વક તેમની આજ્ઞાનું પરિપા-લન કરવા સ્વપુરૂષાર્થને ફોરવે. અને જીનેશ્વરે કહેલ, દાન, શીયળ, તપ, ભાવનાઓને ભાવી, સ્વપરનો ઉદ્ધાર કરે. તેથી જૈન ધર્મનો મહિમા વધે. તથા મુનિવર્યોને,

સુપાત્રોને, દાન દઇ, યૌવનાવસ્થામાં નિયમોને ધારણ કરી, પોતાની સંપત્તિ અને શક્તિની સફલતા કરે. ભોગોપભોગમાં તથા અનર્થદંડમાં શક્તિને વેડફી નાંખે નહિ. આવા શ્રાવકો, સંયમની સારી રીતે આરાધના કરી, અનુક્રમે ગુણસ્થાને આરૂઢ થતાં કેવલજ્ઞાન પામી શાશ્વત સુખને પામે છે. જન્મ, જરા અને મરણના દુઃખો નિવારે છે. માટે તમારી પાસે જે સમૃદ્ધિ, બલ, બુદ્ધિ વિગેરે હોય તેનો ઉપયોગ શાશ્વત સુખાર્થે વાપરો. તેથી તન, મન અને ધન વૃથા જશે નહિ. અને જૈનધર્મની વૃદ્ધિ થશે. સમ્યગ્જ્ઞાની સદ્ગુરૂના ઉપદેશ દ્વારા આ મુજબ કરવામાં ભૂલો થશે નહિ. કષાયાદિકની ભયંકર થપ્પડો ખવાશે નહિ. આમ સદ્ગુરૂ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી કહે છે કે, આવા જૈનો, શ્રાવકો પાકશે. ઉત્પન્ન થશે ત્યારે, પોતાનો અને જૈનધર્મનો ફેલાવો થશે. જૈનધર્મનો વિશ્વમાં પ્રચાર ક્યારે થાય કે, મુડીવાદની મમતા મુકી, સમ્યગ્જ્ઞાનવાદ સહિત આત્મવાદમાં લગની લગાડો ત્યારે જ. **"સુદર્શન શેઠે તથા બલબુદ્ધિના નિધાન અભયકુમારે તથા અન્ય આત્માર્થી રાજાઓએ** જ્યારે મુડીવાદ વિગેરેની મમતા મુકીને સમત્વવાદ રૂપી સર્વોદયનો સ્વીકાર કર્યો ત્યારે, વિશ્વમાં જૈનધર્મનો ઘણો પ્રચાર થયો હતો. તે મુજબ તમો પણ થયા છો ! ન થયા હો તો તે મુજબ થવા શક્ય પ્રયત્ન કરશો. આવો પ્રયાસ કરવાથી સર્વ સંકટોથી મુક્ત થવાય છે. તમારામાં બુદ્ધિબલ હોય તો આત્મતત્ત્વની વિચારણા કરશો. શારી-

રિક શક્તિ સંપન્ન હો તો, વ્રત, નિયમાદિને ધારણ કરજો. અને વિદ્વતા હોય તો, વાણી દ્વારા હિત, મિત અને પથ્ય વચનો બોલી પ્રિય બનજો. અને પરોપકાર કરીને સીદાતા, નિરાધારનો ઉદ્ધાર કરી ધર્મમાં જોડશો. બંગલા મળ્યા છે તે મોજમજા, વિષયાદિ સુખ માટે મળ્યા નથી. પણ સ્વપરને સહારા આપવા માટે મલ્યા છે. બલ, બુદ્ધિ મલી છે. તે, અન્યોને પીડાઓ ઉત્પન્ન કરવા પ્રાપ્ત થઇ નથી. પણ સ્વપરનું રક્ષણ કરવા મળી છે. જે સંપત્તિ, સાહ્યબી વૈભવાદિક પ્રાપ્ત થએલ છે તેમાં આસક્ત બનવા ખાતર તે વસ્તુ મળી નથી. પરંતુ ધર્મની આરાધના કરવા માટે તે વસ્તુઓ આવી મલી છે. તથા પરોપકારનો લ્હાવો લેવા માટે મળી છે. સંક્ષેપમાં કહીએ તો તે સર્વ બાબતમાં અનુકુલતા મલી છે, તેના યોગે, અન્યોને અનુકુલતા કરી આપવામાં કટીબદ્ધ બનશો. **સુજ્ઞેષુ કિં બહુના.**

શ્રી ૧૦૮ ગ્રન્થ પ્રણેતા, વિશ્વ વિરલ દિવ્ય વિભૂતિ, સ્વ. યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાન દિવાકર, કર્મયોગી, શાસ્ત્રવિશારદ, પૂજ્યપાદ જૈનાચાર્ય સદ્‌ગુરૂદેવ શ્રીમદ્‌ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજનું પચાસ વર્ષ પર લખાએલું

# ભવિષ્યવાણી ક્રાન્તદર્શન

: લેખક :

**રામકુમાર યાજ્ઞિક હળવદકર**

આર્યાવર્તને આરે, પોતાની નવ નવોન્મેષ શાલિની પ્રતિભાને બળે સહસ્ત્ર કિરણી આભા ઉતારનાર, પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ એટલે. જૈન સમાજનું નહીં, પણ સમસ્ત ગુજરાતનું ગૌરવ ગણી શકાય. પુ. આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ એટલે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનની સાકાર પ્રતિમા અને ક્રાન્ત દર્શનનાં પ્રકાંડ પંડિત. કર્મયોગ જેવા અષ્ટોત્તરશત. (૧૦૮) ગ્રન્થ રત્નોનાં સબળ સર્જક. અષ્ટાંગ યોગનાં સાધક. અને પ્રભાવશાલી વક્તા. ઉપદેશક. આવું વિવિધલક્ષી પાંડિત્ય કદાચ ગુજરાતે જોયું હશે આટલી સર્જન શક્તિ એણે પ્રીછી હશે. પણ પુજ્યશ્રીનું સાહિત્યજ મહાન નહોતું. એમનું શ્રમણ જીવન તો એથીએ અધિક મહાન હતું.

જીવન તરફ જોવાની એમની, દ્રષ્ટિ, જૈનત્વનાં સાચા સંસ્કારોથી પરિમાર્જિત છતાં, એમની પોતાની જ કહેવાય એવી આગવી અને લાક્ષણિક હતી. જીવનનાં સમગ્ર પાસાઓનો વિચાર કરતી એમની શાસ્ત્રીય વિવિધ વિષયગામિની બુદ્ધિએ જીવનનું સમગ્ર સ્વસ્થ અને અશેષ દર્શન કરવાનો પ્રયત્ન કર્યો. જીવન મંગળતાના સાતત્ય માટે, આત્મસિદ્ધિના આદર્શનીય વારાણસીએ પહોંચવા માટે જ્ઞાન અને ક્રિયાના સમન્વયની અનિવાર્યતા (ज्ञान क्रियाभ्यां मोक्षः) એ પ્રજ્ઞ પુરૂષે પારખી, જ્ઞાન, અને ક્રિયાના, વિચાર, અને આચારનાં એ અદ્ભૂત મંગળ સામંજસ્યમાંથી એમને સાંપડી. સંખ્યાતાએ એકાદને પ્રાપ્ત થતી. "ક્રાન્ત દૃષ્ટિ" પછી તો પૂ. આચાર્યશ્રીની વાણીમાં જિનાગમની ઓજસ્વિતા આવી. પૂ. આચાર્યશ્રી એક યુગના ન રહ્યાં, એ તો ભૂતકાળ વર્તમાન અને ભવિષ્યનાં બન્યા, એમની જીવન સાધનાએ એમને ઉર્ધ્વપન્થ યાત્રિક બનાવ્યા. તેઓશ્રીને સામાન્ય માણસ ન સમજી શકે, ન કલ્પી શકે એવી શક્તિઓ (લબ્ધિ), વરી. અને કાયાના અભેદ્ય ગણાતા પડદા વીંધતી એમની દ્રષ્ટિ યુગોને પાર કરતી ભવિષ્યને જોવા શક્તિમંત બની પૂ. આચાર્યશ્રીની દીર્ઘ કાળની એક નિષ્ઠા પૂર્વકની ઉપાસનાનો એ જવલંત વિજય હતો.

તેઓશ્રીની ક્રાન્ત દર્શનની આ શક્તિની પિછાન એમની કેટલીએ રચનાઓમાં થાય છે પણ કોઇનેય સ્હેજે યાદ આવે, એ તો એમનું ભવિષ્યવાણી અંગેનું પેલું પદજ.

( ઉધ્ધૃત શ્રીમદ્ રચિત ભજન પદ સંગ્રહ ભાગ
૮ મો પૃષ્ઠ ૪૨૦ )

એક દિન એવો આવશે ? એક દિન એવો આવશે ?
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે ?
સ્વાતંત્ર્ય જગમાં થાવશે ? એક દિન ૧

સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં, શુભ દિવ્ય વાદ્યો વાગશે ?
બહુ જ્ઞાનવીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે ?
એક દિન ૨

અવતારી, વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે ?
અશ્રુલહુહી સૌ જીવનાં, શાંન્તિ ભલી પ્રસરાવશે ?
એક દિન ૩

સહુ દેશમાં, સૌવર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે ?
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરૂણા ઘણી મન લાવશે ?
એક દિન ૪

સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણીજ ચલાવશે ?
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્ભુત વાત જણાવશે ?
એક દિન ૫

રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે ?
હુન્નર કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે ?
એક દિન ૬

એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડિમાં આવશે ?
ઘરમાં રહ્યાં વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે ?
એક દિન ૭

એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે ?
બુધ્ધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્વો જગતમાં વ્યાપશે ?
એક દિન ૮

(પ્રગટ થયું સં. ૧૯૭૦ ના આસો સુદી ૧ ને રવીવાર.
લખાયું સં. ૧૯૬૭ માં)

પચાસ વર્ષ પછીના વણદીઠયા જમાનાનું આવતા યુગનું કેવળ એંધાણ જ નહિ પણ જે જાગતું શબ્દચિત્ર પૂ. આચાર્યશ્રી એ પદમાં આપે છે અને એ પણ જે વિરલ આત્મશ્રદ્ધાથી, અદ્દભૂત સ્પષ્ટતાથી, કશી જ સંદિગ્ધતા કે શંકા આશંકા વિના એ આજના બુદ્ધિવાદીનેય મોંમાં આંગળાં નખાવે તેવું છે.

આજથી પચાસ વર્ષ પહેલાં જગતના મોટા ભાગના દેશો ગુલામીના બંધનોમાં પરતંત્રતાથી પીડાતા હતા, એશિયા અને આફ્રિકા જેવા મોટા ખંડોના લગભગ બધાજ ભાગ પરાધીન મુક્કમિલ આઝાદીનું સ્વપ્નુંય એમાંના કેટલાક દેશોએ જોયું નથી. એ વખતે ગૂજરાતના ગામડામાં બેઠેલો એક નિજાત્મ ધ્યાનમસ્ત યોગી સંપૂર્ણ સ્વસ્થતાથી ઉચ્ચરે છે.

**સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં, શુભ દિવ્ય વાદ્યો વાગશે ?**

આજે એ શબ્દો કેટલા અક્ષરે અક્ષર સાચા પડ્યા છે. એશિયાનો ખૂણેખૂણો આઝાદીના આતશથી ઉજાતો છે. શું ભારત ? કે શું બર્મા ? શું પાકિસ્તાન ? કે શું સિલોન ? શું ઇન્ડોનેશિયા ? કે શું મલાયા. બધેજ સ્વાતંત્ર્યના સરોદ ઓછા વત્તા સંભળાય છે. ગઈ કાલ સુધી "આઝાદી કયા ચીજ હૈ ?" એ ન સમજનાર આફ્રિકા જેવા ખંડમાંય ઇજીપ્ત, ઇરાક, આઝાદીનો વાવટો ફરકાવી રહ્યા છે. બાકીના દેશોમાં સ્વાતંત્ર્ય માટે અસાધારણ આંદોલનો ઝડપથી ચાલી રહેલ છે અને એનો વિજય અવશ્ય ભાવિજ છે. પૂ. આચાર્યશ્રીની દ્રષ્ટિની ઝીણવટ તો જુઓ ?

**બહુ જ્ઞાનવીરો, કર્મવીરો, જાગી અન્ય જગાવશે ?**

પૂ. આચાર્યશ્રીનાં આગમ એંધાણ આપતી વાણીમાં પણ ભગવાન વીરનો દિવ્ય સંદેશ "જ્ઞાન અને કર્મ" એક રૂપિયાની બે બાજુ સમાન નગદવાણી એક દેશ સ્વતંત્ર થતાં અન્યને સ્વતંત્ર કરવા ઉદ્યુક્ત થશે. ભારત સ્વતંત્ર થતાં તુરત જ ઇન્ડોનેશિયાની વ્હારે ધાયું જ હતું ને ?

**અને એથીયે અધિક અદ્ભુત છે, એમની રાજનીતિ અંગેનું દર્શન.** વિશ્વરાજકારણનાં પાણી ડહોળાયેલાં હતાં, રાજકારણના ક્ષેત્રે ઋતુ ઋતુના રંગો પલટાતા થતા, એશિયા કે આફ્રિકાની તો વાત જ ક્યાં

કરવી, યુરોપ જેવા ખંડમાંય "લોકઅવાજ" જેવું બહુ ઝાઝું નહોતું "લોકશાહી" શબ્દને એનું આજનું ગૌરવ પણ નહોતું સાંપડયું. એનો દેહ હજુ ગર્ભાવસ્થામાં ઘડાતો હતો અને જ્યાં લોકશાહીનો જાણે અજાણ્યે પ્રયોગ થતો હતો. ત્યાં પણ એ ડચકા જ ખાતી હતી. ત્યારે અજબ એવી **આત્મશ્રદ્ધાથી** અને કોઈ **આર્યદ્રષ્ટાની અદાથી** પૂ. આચાર્યશ્રીના બોલ સરી પડે છે કેઃ—

**રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે ?**

આજે તો શું કાશ્મીરના, કે શું તીબેટના, કે શું સાયપ્રસના. બધાજ સવાલોમાં લોકમત એજ આખરી મનાય છે. ગૂજરાતના એક ગામડાનો યોગીજન આજુબાજુ આવેલ કાઠીઆવાડ (સૌરાષ્ટ્ર) અને રાજસ્થાનના કેટલાય રાજ રજવાડાંની સ્વાતંત્ર્ય વિરોધી હવા વચ્ચે રહેતા એ યોગીજનના શબ્દો, એને સહસ્ત્ર કોટિ પ્રણામ કરવા આજે આપણ સૌને પ્રેરે છે.

વિજ્ઞાનના વિજય ડંકાના પડઘા એ પ્રજ્ઞાપુરૂષ ઝીલે છે. આજથી પચાસ વર્ષ પહેલાં સામાન્ય માણસ જેને હજુ ગઈ કાલે પણ નહોતો કલ્પી શકતો એવી વિજ્ઞાનની સ્તબ્ધકારી પ્રગતિ અને રફતારને આચાર્યશ્રી ત્યારે પણ નજર સામે જ જોતા લાગે છે. અને મધ્યયુગીન કહેવાય એવા કાસદ અને ખેપીયાના જમાનામાં એ કર્મવીર એની ક્રાંતદ્રષ્ટિનાં પ્રતાપે ભાખે છે કેઃ—

**એક ખંડ બીજા ખંડની,–**
**–ખબરો ઘડીમાં આવશે !**
**ઘરમાં રહ્યા વાતો થશે,–**
**–પર ખંડ ઘર સમ થાવશે !**

એશિયા યુરોપ અને અમેરિકાને ત્રણ ફર્લાંગે એક દિવસમાં પહોંચવાનો કેટલો સ્પષ્ટ ખ્યાલ આ વાણીમાં ઉપસી આવે છે.

આવતા યુગમાં કોઇ એક વ્યક્તિનું, કોઇ એક રાષ્ટ્રનું સાર્વભૌમત્વ નહિ હોય, એનું સ્થાન વિજ્ઞાનની વિશ્વોપરિતા લેશે. એનો ઉલ્લેખ પૂ. આચાર્યશ્રી ઔચિત્ય પુરઃસર કરે છે. વિજ્ઞાનનું સામ્રાજ્ય આજે અસ્તિત્વ ધરાવે છે જ. આમાં દેશની શક્તિ અશક્તિનો આધાર એના Scientific and industrial develop ment પર જ છે. એનું સૂચન છે કેઃ—

**એક ન્યાય સર્વ ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે ?**

એ દર્શન પણ યુનોના સાર્વદેશિક નિયમો માટેના પ્રયત્નો અમલમાં આવતાં સાચું પડવાનું જ Inter national low

આજેય યુનોનાં અમુક કાયદાઓનાં પાલનમાં. એક ન્યાય પ્રવર્તે છે જ. આવી સંસિદ્ધિ શક્ય તો ખરી. પણ એની સંપ્રાપ્તિ ધારીએ તેટલી સહેલી નથી. પૂ. આચાર્યશ્રીનાં, આ ક્રાન્ત દર્શનની પાછળ એમની ભાવના હતી. ઉપાસના હતી. પુરૂષાર્થ હતો. માનસશાસ્ત્ર જેને intution નામે ઓળખે છે. એ આ સહજ

સ્ફુરણા શક્તિ તે જૈન પરિભાષામાં કહેવાતી એક લબ્ધિજ હતી. જ્ઞાન અને ક્રિયાનાં અશ્રુત પૂર્વ સામંજસ્યમાંથી જીવનનાં ચરમ માંગલ્યમાંથી એ શક્તિ જન્મી હતી. ગુજરાતે અનેક સંત મહંતો અને યોગીજનો દીઠા છે. પણ આવા દ્રષ્ટા તો વિરલ જ હોય છે. એ વિશ્વવંદ્ય વિરલ દિવ્ય વિભૂતિ અવધૂત યોગીરાજને શત શત પ્રણિપાત કરવાની સ્હેજે ભાવના પ્રગટે, એવી તેઓશ્રીની મેધા, પ્રજ્ઞા, અને પ્રતિભા હતી, ગૂજરાત અને જૈનસમાજ પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીના પરમ પુરૂષાર્થના પ્રતિકરૂપ સાહિત્ય અર્પણ માટે એમનું ઋણી છે અને રહેશે, એમના દિવ્ય જીવનને સમજવાનો, એમના આદેશને જીવનમાં ચરિતાર્થ કરવાનો આપણે યથાશક્તિ પ્રયત્ન કરીશું તો એ ઋણના ભારમાંથી કાંઇક મુક્ત થઇશું.

પૂ. આચાર્યશ્રીનું વૈદિક સંસ્કૃતિના પ્રધાન અંગસમું **"જૈનદ્રષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ"** ઉપરનું વક્તવ્ય વાંચનનો સુયોગ સાંપડ્યો, તે સમયથી જ તેઓશ્રીના ચરણ કમળમાં મારૂં મસ્તક ઢળી પડ્યું હતું. મારી મનોભાવના હતી કે પુ. આચાર્યશ્રીનાં રચિત કાવ્યો કે કોઈ પણ સાહિત્ય પર મારે અવલોકન લખી લેખિનીને કૃતાર્થ કરવી. એ ભાવના આજે સ્વલ્પાંશે ફલી છે, અને તે યશ પૂ. **મુનિરાજ પ્રવરશ્રી દુર્લભસાગરજી મહારાજને** ઘટે છે.

---

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રંથમાળામાં પ્રકટ થયેલા ૧૧૫--ગ્રંથો.

| | |
|---|---|
| ૧ અધ્યાત્મવ્યાખ્યાનમાળા. | ૦-૪-૦ |
| ૨ ભજનસંગ્રહ ભાગ ૨ જો. | ૦-૮-૦ |
| ૩ ભજનસંગ્રહ ભાગ ૩ જો. | ૦-૮-૦ |
| ૪ સમાધિશતકમ્ | ૦-૮-૦ |
| ૫ અનુભવપચ્ચીશી. | ૦-૮-૦ |
| ૬ આત્મપ્રદીપ. | ૦-૮-૦ |
| ૭ ભજનસંગ્રહ ભાગ ૪ થો | ૦-૮-૦ |
| ૮ પરમાત્મદર્શન. | ૦-૧૨-૦ |
| ૯ પરમાત્મજ્યોતિ ( આવૃત્તિ ૨ ) | ૧-૮-૦ |
| ૧૦ તત્ત્વબિંદુ. | ૦-૪-૦ |
| ૧૧ ગુણાનુરાગ ( આવૃત્તિ બીજી ) | ૦-૧-૦ |
| ૧૨-૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા | ૦-૬-૦ |
| ૧૪ તીર્થયાત્રાનું વિમાન ( આ. ત્રીજી ) | ૦-૮-૦ |
| ૧૫ અધ્યાત્મભજન સંગ્રહ. | ૦-૬-૦ |
| ૧૬ ગુરુબોધ ( આ. બીજી ) | ૦-૮-૦ |
| ૧૭ તત્ત્વજ્ઞાનદીપિકા ( આ. ૨ ) | ૦-૧૦-૦ |
| ૧૮ ગહુંલીસંગ્રહ ભા. ૧ ( આ. ૧ ) | ૦-૬-૦ |
| ૧૯-૨૦ શ્રાવકધર્મસ્વરૂપ ભા. ૧-૨ | ૦-૨-૦ |
| ૨૧ ભજનપદ સંગ્રહ ભાગ ૬ ઠ્ઠો. | ૦-૧૨-૦ |
| ૨૨ વચનામૃત. | ૦-૧૪-૦ |
| ૨૩ **યોગદીપક.** ( આ. ૨ ) પૃષ્ઠ ૫૩૬ | ૩-૦-૦ |
| ૨૪ જૈન ઐતિહાસિક રાસમાળા. | ૧-૦-૦ |
| ૨૫ **આનંદઘનપદ** ભાવાર્થ ( આ. ૩ ) પૃષ્ઠ ૬૭૬ | ૧૨-૮-૦ |
| ૨૬ **અધ્યાત્મશાંતિ** ( આ. ચોથી ) પૃષ્ઠ ૯૬ | ૦-૧૨-૦ |

| | |
|---|---|
| ૨૭ કાવ્યસંગ્રહ ભાગ ૭ મો. | ૦-૮-૦ |
| ૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ | ૦-૩-૦ |
| ૨૯ કુમારપાલ ( હિંદી ) | ૦-૬-૦ |
| ૩૦ થી ૩૪ સુખસાગર ગુરુગીતા ગ્રન્થ ૫. | ૦-૪-૦ |
| ૩૫ ષડ્દ્રવ્યવિચાર ( આવૃત્તિ ૩ ) | ૦-૪-૦ |
| ૩૬ વિજાપુર વૃત્તાંત ન્હાનું. | ૦-૪-૦ |
| ૩૭ સાભ્રમતી ગુણશિક્ષણ કાવ્ય | ૦-૬-૦ |
| ૩૮ પ્રતિજ્ઞાપાલન. | ૦-૫-૦ |
| ૩૯ થી ૪૧ જૈનગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ, જૈનગીતા | ૧-૦-૦ |
| ૪૧ **સંઘપ્રગતિ** આ. ૨ જી. પૃષ્ઠ ૧૧૨ | ૧-૦-૦ |
| ૪૨ જૈનધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧. | ૧-૦-૦ |
| ૪૩ મિત્રમૈત્રી. | ૦-૮-૦ |
| ૪૪ શિષ્યોપનિષદ્ | ૦-૨-૦ |
| ૪૫ જૈનોપનિષદ્ | ૦-૨-૦ |
| ૪૬-૪૭ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્રસદુપદેશ ભા. ૧ | ૩-૦-૦ |
| ૪૮ ભજનસંગ્રહ ભા. ૮ | ૩-૦-૦ |
| ૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧ ( આ. ૨ ) | ૨-૮-૦ |
| ૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧ ના ચાર કટકા જુદા પાકા બાંધેલા ૧-દેવચંદ્ર ચોવીસી રૂ. ০।।, ૨-નયચક્રસાર રૂ. ০।।, ૩-કર્મગ્રંથ રૂ. ০।।।=, ૪-વિચારરત્નસાર, રૂ. ૧ | |
| ૫૦ **કર્મયોગ.** ( આવૃત્તિ બીજી ) પૃષ્ઠ ૮૦૮ | ૧-૮-૦ |
| ૫૧ આત્મદર્શન. | ૦-૧૦-૦ |
| ૫૨ ભારતસહકારશિક્ષણ કાવ્ય. | ૦-૧૦-૦ |
| ૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૨, ( આ. ૨ ) | ૨-૮-૦ |
| ૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૨, ( આ. ૨ ) | ૦-૬-૦ |
| ૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૧-૨ ભેગા પાકા બાંધેલા | ૦-૧૨-૦ |
| ૫૫ કર્મપ્રકૃતિ ટીકા ભાષાંતર. | ૩-૦-૦ |

| | |
|---|---|
| ૫૬ ગુરુગીત ગહુંલી સંગ્રહ | ૦-૧૨-૦ |
| ૫૭-૫૮ આગમસાર અને અધ્યાત્મગીતા ( આ. ૨ ) | ૦-૬-૦ |
| ૫૯ દેવવંદન સ્તુતિ સ્તવન સંગ્રહ | ૦-૪-૦ |
| ૬૦ પૂજા સંગ્રહ ભા. ૧ લો. | ૧-૦-૦ |
| ૬૧ ભજનપદ સંગ્રહ ભાગ ૯ | ૧-૮-૦ |
| ૬૨ ભજનપદ સંગ્રહ ભાગ ૧૦ | ૧-૦-૦ |
| ૬૩ પત્રસદુપદેશ ભાગ ૨ | ૧-૮-૦ |
| ૬૪ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૨ | ૧-૦-૦ |
| ૬૫ જૈનદૃષ્ટિએ ઇશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ વિવેચન | ૧-૦-૦ |
| ૬૬ પૂજાસંગ્રહ ભાગ ૧-૨ | ૨-૦-૦ |
| ૬૭ સ્નાત્રપૂજા | ૦-૨-૦ |
| ૬૮ શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું જીવનચરિત્ર | ૦-૪-૦ |
| ૬૯ થી ૭૨ શુદ્ધોપયોગ વિ. સંસ્કૃત ગ્રંથ ૪ | ૦-૧૨-૦ |
| ૭૩ થી ૭૭ સંઘકર્તવ્ય વિ. સંસ્કૃત ગ્રંથ ૫ | ૦-૧૨- |
| ૭૮ લાલા લજપતરાય અને જૈનધર્મ | ૦-૪-૦ |
| ૭૯ ચિન્તામણિ | ૦-૪-૦ |
| ૮૦-૮૧ જૈનધર્મ અને ખ્રીસ્તિ ધર્મનો મુકાબલો તથા જૈન ખ્રીસ્તિ સંવાદ | ૧-૦-૦ |
| ૮૨ સત્યસ્વરૂપ. | ૦-૬-૦ |
| ૮૩ ધ્યાનવિચાર. | ૦-૮-૦ |
| ૮૪ **આત્મશક્તિપ્રકાશ** ( આ. ૨ ) પૃષ્ઠ ૧૧૨ | ૦-૧૪-૦ |
| ૮૫ **સાંવત્સરિક ક્ષમાપના** ( આ. ૩ ) પૃષ્ઠ ૭૬ | ૦-૮-૦ |
| ૮૬ આત્મદર્શન ( મણિચંદ્રજીકૃત સજ્ઝાયોનું વિવેચન ) | ૦-૪-૦ |
| ૮૭ જૈનધાર્મિક શંકાસમાધાન, | ૦-૪-૦ |
| ૮૮ કન્યાવિક્રયનિષેધ. | ૦-૬-૦ |
| ૮૯ આત્મશિક્ષા ભાવનાપ્રકાશ. | ૦-૭-૦ |
| ૯૦ **આત્મપ્રકાશ** ( ત્રીજી આવૃત્તિ ) પૃષ્ઠ ૫૧૦ | ૫-૦-૦ |
| ૯૧ શોકવિનાશક ગ્રંથ | ૦-૧-૦ |

| | | |
|---|---|---|
| ૯૨ | તત્વવિચાર. | ૦–૬–૦ |
| ૯૩ થી ૯૭ | અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ ૫ | ૧–૦–૦ |
| ૯૮ | જૈનસૂત્રમાં મૂર્તિપૂજા. | ૦–૩–૦ |
| ૯૯ | શ્રી યશોવિજયજી નિબંધ | ૦–૬–૦ |
| ૧૦૦ | ભજનપદ સંગ્રહ ભાગ ૧૧ | ૦-૧૨-૦ |
| ૧૦૧ | **ભજનપદ સંગ્રહ** ભાગ ૧, ૨ (આ. ૪ થી) પૃષ્ઠ ૪૧૬ | ૨–૮–૦ |
| ૧૦૨ | ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત. | ૧–૪–૦ |
| ૧૦૩–૪ | શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ | ૦-૧૨-૦ |
| ૧૦૫ | મુદ્રિતજૈન શ્વે. ગ્રન્થગાઈડ | ૧–૮–૦ |
| ૧૦૬ | કક્કાવલિ–સુબોધ. | ૧–૪–૦ |
| ૧૦૭ | સ્તવનસંગ્રહ ( દેવવંદન સહિત ) | ૦-૧૦-૦ |
| ૧૦૮ | પત્રસદુપદેશ ભાગ ૩ | ૦–૬–૦ |
| ૧૦૯ | શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર સ્મારક ગ્રંથ | ૦-૧૨-૦ |
| ૧૧૦ | પ્રેમગીતા–સંસ્કૃત. | ૦–૬–૦ |
| ૧૧૧ | **યોગનિષ્ઠ આચાર્ય**–શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું વિસ્તૃત જીવનચરિત્ર, પૃષ્ઠ ૮૦૦ | ૧૧–૦–૦ |
| ૧૧૨ | અધ્યાત્મસાર | ૦-૧૨-૦ |
| ૧૧૩ | **આંતરજ્યોતિ** ભાગ ૧ | ૫–૦–૦ |
| ૧૧૪ | આંતરજ્યોતિ ભાગ ૨ | ૫–૦–૦ |
| ૧૧૫ | ,, ભાગ ૩ | ૫–૦–૦ |

ગ્રંથો માટે પત્રવ્યવહારનું સ્થળ—

શ્રી વિજાપુર (ગુજરાત.) શ્રી **બુદ્ધિસાગરસૂરિજી**

**જ્ઞાનમંદિર** તથા

મંત્રીઓ **શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ—મુંબઈ**

C/o **મંગળદાસ લલ્લુભાઈ ઘડિયાળી**

ઠે. ૩૪૭, કાલબાદેવી રોડ,—**મુંબઈ ૨**

આ સૂચિપત્રમાં મોટા ટાઇપે છપાયલા નામવાળા ગ્રંથો છેલ્લાં ત્રણ વર્ષમાં નવી આવૃત્તિપૂર્વક ફરીથી છપાયલા છે.

# અધ્યાત્મ જ્ઞાનનો અખૂટ ખજાનો
— યાને —
# શાશ્વતાત્માનો અદ્‌ભૂત શણગાર ?

પૂજ્યપાદ યોગનિષ્ઠ વિશ્વવિરલ દિવ્ય વિભૂતિ અધ્યાત્મજ્ઞાન દિવાકર
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય **શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી** કૃત
અધ્યાત્મજ્ઞાન રસથી ભરપુર શ્રી કર્મયોગાદિ મહાન
એકસોને આઠ ગ્રન્થો

વાંચો ?... વંચાવો ?... વસાવો ?...

અને અવશ્ય લાભ મેળવો.

## શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

**૩૪૭–કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨**

**★ સહાયક સભ્યો થવાના પ્રકારો ★**

રૂ. ૨૦૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ પ્રથમ વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૧૦૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ બીજા વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૫૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ ત્રીજા વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૨૫૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો લાઈફ મેમ્બર ગણાશે. તેમજ ઓછી રકમ આપનાર સામાન્ય સભ્ય ગણાશે અને સગવડતાએ ખૂટતી રકમ આપવાથી લાઈફ મેમ્બર બની શકશે.

શ્રી મંડળી તરફથી તમામ પ્રગટ થતા નવા ગ્રંથો પ્રથમ તથા બીજા વર્ગના પેટ્રનોને ૨–૨ નકલો તેમજ ત્રીજા વર્ગના પેટ્રન તથા લાઈફ મેમ્બરને ૧–૧ નકલ ભેટ આપવામાં આવશે.

## “ બુદ્ધિપ્રભા ” વાંચવાનો આગ્રહ રાખો—

બુદ્ધિપ્રભાએ માત્ર ટૂંકા જ ગાળામાં અપ્રતિમ પ્રગતિ સાધી છે. ધીમે ધીમે પણ એક પછી એક ડગલું માંડતાં આજ એ મક્કમ પગલાં ભરી રહ્યું છે. માત્ર દોઢ જ વરસના અતિ અલ્પ ગાળામાં જૈનેતર સાહિત્યમાં પણ માગ મૂકાવે એવી વાચનસામગ્રી એ આપે છે.

**ચિંતન કણિકા...** (લે. મૃદુલ)

જૈન સમાજના બધા જ સામયિકોમાં એક નવી જ ભાત પાડતો આ વિભાગ છે. આકર્ષક ને જોશીલી, કાવ્ય પંક્તિઓ જેવી જ્ઞાનની, વિચારની, ચિંતનની, જીવનની સમજની એવી તેજ કણિકાઓ આ વિભાગમાં નિયમિત આવે છે. ઊઘડતા પાને જ એ વાંચો.

**ગંગાના ઓવારેથી...** (લે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી)

પૂજ્ય ગુરુદેવે એમના જીવનમાં અઢળક સાહિત્યની સર્જના કરી ચિંતનાત્મક ને અભ્યાસી સાહિત્યના અનેક અંગોને એમણે અજવાળ્યા છે. કર્મ, યોગ, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, પત્રો, ચરિત્ર, ગઝલો વ. અનેકવિધ સાહિત્યાંગોની એમણે સાધના કરી છે. એમની સર્જના એ ગંગાના નીર જેવી પવિત્ર, વહેતી ને નિર્મળ છે. દર અંકે ગુરુદેવના એ ગંગાજળનું આચમન કરો.

અને આ ઉપરાંત સુંદર વાર્તાઓ, જ્ઞાનસભર લેખો અને શાસન-સમાચાર નિયમિત આવે છે. છતાંય ‘બુદ્ધિપ્રભા’નું લવાજમ શું છે એ ખબર છે?

**:: લવાજમના દર ::**

| | |
|---|---|
| પાંચ વરસના ગ્રાહકના રૂ. ૧૩ | બે વરસના ગ્રાહકના રૂ. ૫=૫૦ |
| ત્રણ ,, ,, રૂ. ૮ | એક ,, ,, **માત્ર ત્રણ રૂપિયા** |

—: વધુ વિગત માટે લખો :—

## બુદ્ધિપ્રભા કાર્યાલય

**C/o શ્રી. જસવંતલાલ ગિરધરલાલ શાહ**

૩૦૯/૪, ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,

**અમદાવાદ.**

અમારૂં નવું પ્રકાશન

## શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન તથા ગૌતમસ્વામી, સિદ્ધચક્ર, વીશસ્થાનક, ઘંટાકર્ણ, માણિભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી તથા અંબિકાદેવીના પૂર્ણરંગી ચિત્રો સાથે. ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે કીંમત ૧-૮-૦ વધુ લેનારને યોગ્ય કમિશન આપવામાં આવશે.

## શ્રી જૈન કલા સાહિત્ય પ્રકાશન ગૃહના નવાં બે પ્રકાશનો

**શ્રીપાળ રાજાનો રાસ (સચિત્ર)** રૂા. ૭-૫૦

**ચિત્રમય શ્રીપાળ રાસ**

એકરંગી તથા રંગીન બસો ઉપરાંત ચિત્રો સાથે

સુંદર ત્રિરંગી જેકેટ તથા કલામય બોક્ષ સાથે મૂલ્ય રૂા. ૨૫-૦૦

વધુ નકલો લેનારને યોગ્ય કમિશન આપવામાં આવશે.

જૈન ધર્મના તમામ પ્રકારનાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી તેમજ અન્ય સંસ્થાના પ્રકાશનો તથા આગમોનાં ભાષાન્તર, ધર્મશાસ્ત્રો, ગદ્યપદ્યબંધ ચરિત્રો, તેમજ પાઠશાલા ઉપયોગી પ્રકાશનો મળશે. મોટું સૂચિપત્ર મંગાવો.

## જૈન પ્રકાશન મંદિર

### પ્રો. જસવંતલાલ ગિરધરલાલ શાહ

ઠે. ૩૦૯/૪ દોશીવાડાની પોળ-**અમદાવાદ**

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ-અમદાવાદ.

